ચોથી શ્રેણી

પુસ્તક–૮૩

તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧
ચૈત્ર ૧૦, ૧૯૪૩ શાકે
થી
તા.૧લી એપ્રિલ, ૨૦૨૧
ચૈત્ર ૧૧, ૧૯૪૩ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

### સત્તાવાર અહેવાલ
### ચૌદમી ગુજરાત વિધાનસભા
### આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૮૩ **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **તા. ૩૧મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૧૦, ૧૯૪૩ શાકે (પહેલી બેઠક)** | | |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય(અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારમાં આવતી બાબતો અંગે પો.ઓ.ઓ.ન ઉઠાવવા બાબત | ૧ | ૫ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૧ | ૬ | ૧૨ |
| ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૧ | ૧૩ | ૧૩ |
| ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧ | ૧૪ | ૨૩ |
| ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧ | ૨૪ | ૩૦ |
| ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૧ | ૩૧ | ૩૪ |
| **તા. ૩૧મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૧૦, ૧૯૪૩ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૫ | ૪૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૫ | ૧૨૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી અંગે) | ૧૨૨ | ૧૨૪ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક–૨૦૨૧ | ૧૨૪ | ૧૩૩ |
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત વિધેયક, ૨૦૨૧ | ૧૩૪ | ૧૩૮ |
| ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૨૧ | ૧૩૯ | ૧૪૫ |
| **તા. ૧લી એપ્રિલ ૨૦૨૧ ચૈત્ર ૧૧, ૧૯૪૩ શાકે (પહેલી બેઠક)** | | |
| ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧ | ૧૪૬ | ૧૭૪ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર(શ્રી ઈમરાન ખેડાવાલા દ્વારા વિધેયકની નકલ ફાડતાં ઠપકો આપવા બાબત) | ૧૭૫ | ૧૭૭ |
| **તા. ૧લી એપ્રિલ ૨૦૨૧ ચૈત્ર ૧૧, ૧૯૪૩ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૭૮ | ૧૮૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૮૭ | ૨૯૦ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (વલસાડ જિલ્લામાં બિલ્ડરના અપહરણ અંગે) | ૨૯૧ | ૨૯૪ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર( શ્રી ઈમરાન ખેડાવાલા દ્વારા દિલગીરી વ્યક્ત કરવા બાબત) | ૨૯૫ | ૨૯૫ |
| ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧(ક્રમશઃ) | ૨૯૬ | ૩૧૩ |
| ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧ | ૩૧૪ | ૩૨૦ |
| ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા | ૩૨૧ | ૩૨૪ |
| ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક, ૨૦૨૧ | ૩૨૫ | ૩૩૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭–ક) | ૩૩૨ | ૪૩૩ |
| સત્રાંતે આભારવિધિ | ૪૩૪ | ૪૩૫ |

# ગુજરાત વિધાનસભા
## બુધવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૨૧
## ચૈત્ર ૧૦, ૧૯૪૩ શાકે
## પહેલી બેઠક
## સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.
## માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

**અધ્યક્ષશ્રીનો નિર્ણય(**અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકાર હેઠળની બાબત અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ન ઉઠાવવા બાબત)

અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકાર હેઠળની બાબત અંગે પોઇન્ટ ઓફ ઓર્ડર ન ઉઠાવવા બાબત

અધ્યક્ષશ્રી : તારીખ ૨૫-૩-૨૦૨૧ના રોજ પ્રશ્નોત્તરી બાદ વિપક્ષના નેતા શ્રી પરેશભાઇ ધાનાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું હતું કે, સંસદીય લોકશાહીમાં પ્રશ્નોત્તરી કાળ ખૂબ જ અગત્યનો છે. આ કાળ દરમિયાન સભ્યો પ્રશ્નો પૂછીને રાજ્ય સરકારનું વિધાનસભા પ્રત્યેનું ઉત્તરદાયિત્વ હાંસલ કરે છે. પૂર્વ અધ્યક્ષોએ પણ આ કાળના સદુપયોગ માટે અનેક નિર્ણયો આપ્યા છે અને તેમાં સૌથી મહત્ત્વનો નિર્ણય આ કાળ દરમિયાન કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર પણ ઉઠાવી શકાય નહિ તે છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રશ્નોત્તરી કાળમાં સામાન્ય રીતે બારથી પંદર જેટલા પ્રશ્નોની ચર્ચા થતી હોય છે, પરંતુ તે દિવસે સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલના ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચામાં બારથી પંદર મિનિટ જેટલો સમય ગયો અને તેને કારણે તારાંકિત પ્રશ્નોત્તરી પૈકી માંડ ૬ જ પ્રશ્નોની ચર્ચા થઇ શકી હતી જેના કારણે પ્રશ્નોત્તરીમાં અગ્રતા મેળવનાર સભ્યોના પ્રશ્નો પૂછવાના અધિકારનું હનન થયું હોય એવું તેમને લાગી રહ્યું છે. તેમણે રજૂઆત કરી હતી કે જો સભ્યશ્રી કોટવાલનો ટૂંકી મુદતનો પ્રશ્ન પ્રશ્નોત્તરી કાળ પછી હાથ ધરાયો હોત તો અગ્રતા મેળવનાર સભ્યોને ન્યાય આપી શકાયો હોત.

ઉક્ત પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા માનનીય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ તેનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે ટૂંકી મુદતના પ્રશ્નનો સમાવેશ નિયમો અને પ્રસ્થાપિત થયેલ પ્રણાલી મુજબ પ્રશ્નોત્તરીના એક કલાકમાં જ આવી જાય છે. આથી પોઇન્ટ ઓફ ઓર્ડર સ્વીકારી શકાય નહિ. તત્સમયે આ બાબતે વિગતવાર ચુકાદો હું પછીથી આપીશ તેમ મેં જણાવ્યું હતું.

માનનીય વિપક્ષના નેતાશ્રીના પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધે તે દિવસની સભાગૃહની કાર્યવાહી, પ્રશ્નોની કાર્યરીતિ અંગેના ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૭૧થી ૯૦, લોકસભાની પ્રશ્નોની કાર્યરીતિ અને પ્રણાલીઓ તથા આ વિષય ઉપર મારા પુરોગામી અધ્યક્ષોએ આપેલા નિર્ણયોનો મેં ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. માનનીય વિપક્ષના નેતાશ્રીએ જણાવ્યું હતું તે મુજબ આ કાળ દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાતો નથી તેવા પૂર્વ અધ્યક્ષોએ નિર્ણયો આપ્યા છે તે હકીકત સત્ય છે. કારણ કે જો આ કાળ દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા દેવામાં આવે તો ગૃહની કાર્યવાહીનો સૌથી અગત્યનો એક કલાકનો સમય એમાં વેડફાઇ જાય.

માનનીય વિપક્ષના નેતાશ્રીએ ટૂંકી મુદતના પ્રશ્નમાં ગયેલ સમય અંગે મુદ્દો ઉપસ્થિત કરી રજૂઆત કરી હતી કે, આવો પ્રશ્ન પ્રશ્નોત્તરીના એક કલાક બાદ હાથ ધરાવો જોઇતો હતો. ત્યારે આ સંબંધે વિધાનસભાના નિયમોના નિયમ ૭૧ તરફ તેઓનું ધ્યાન દોરૂં છું કે, આ નિયમની જોગવાઇ મુજબ "અધ્યક્ષ અન્યથા આદેશ આપે તે સિવાય દરેક બેઠકનો પહેલો કલાક પ્રશ્ન પૂછવા અને જવાબ આપવા માટેનો રાખવામાં આવશે. ટૂંકી મુદતના પ્રશ્નો તથા મુલતવી રાખવામાં આવેલા પ્રશ્નોને બીજા પ્રશ્નો કરતાં અગ્રતા આપવામાં આવશે. " આમ, પ્રશ્ન કલાક દરમિયાન કયા પ્રકારના પ્રશ્નને અગ્રતા આપવી તે નિયમોમાં જ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે, આ ગૃહમાં રજૂ થતાં પ્રશ્નો ત્રણ પ્રકારના છે. તારાંકિત પ્રશ્ન, અતારાંકિત પ્રશ્ન અને ટૂંકી મુદતનો પ્રશ્ન. આ ત્રણેય પ્રકારના પ્રશ્નો પૈકી ટૂંકી મુદતના પ્રશ્નને અગ્રતા આપવાની નિયમ-૭૧માં સ્પષ્ટ જોગવાઇ છે ત્યારે ટૂંકી મુદતનો પ્રશ્ન પ્રથમ હાથ ધરવા સામે જે વાંધો લીધો છે તે ટકી શકતો નથી. આ સંબંધે સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓ પુસ્તકના પાના નંબર-૩૫૨ તથા કૌલ અને શકધરના પુસ્તકના પાના નંબર-૫૪૨ ઉપર સ્પષ્ટ રીતે નિર્દેશ કરવામાં આવ્યો છે કે, ટૂંકી મુદતના પ્રશ્નનો સમાવેશ પ્રશ્ન કલાકમાં જ થાય છે. આ પ્રમાણેની જ કાર્યવાહી ભારતની સંસદ તથા અન્ય રાજ્ય વિધાનસભાઓમાં પ્રવર્તમાન છે ત્યારે ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચામાં ગયેલા સમય જેટલો સમય તારાંકિત પ્રશ્નોત્તરીના કલાકમાં વધારવાની રજૂઆત સ્વીકારી શકાય તેમ નથી.

આ તબક્કે એક વાત વિપક્ષના નેતાશ્રીના ધ્યાન પર લાવવાની કે આ પ્રશ્ન તેમના પક્ષના દંડકશ્રીનો જ હતો અને વિષયની અગત્યતા જોતાં તે પ્રશ્ન ઉપર મેં ઘણા બધા પૂરક પ્રશ્ન પૂછવા દીધા એને કારણે આ સમય ગયો હતો. આપણે સૌ જાણીએ છીએ કે નિયમો અનુસાર તારાંકિત પ્રશ્ન પૂછવા માટે ૨૧ દિવસનો નોટિસ પિરિયડ જરૂરી છે. પરંતુ જ્યારે એવી કોઇ બાબત ઉપસ્થિત થાય કે જેમાં તારાંકિત પ્રશ્ન માટેનો પર્યાપ્ત નોટિસ પિરિયડ મળે તેમ ન હોય ત્યારે મંત્રીશ્રીની જવાબ આપવાની અનુકૂળતાને ધ્યાનમાં રાખીને ટૂંકી મુદતનો પ્રશ્ન દાખલ કરવામાં આવે છે. આ ટૂંકી મુદતના પ્રશ્નમાં ઉપસ્થિત

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

અધ્યક્ષશ્રીનો નિર્ણય(અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારમાં આવતી બાબતો અંગે પો.ઓ.ઓ.ન ઉઠાવવા બાબત

કરવામાં આવેલી બાબત તાજેતરની ઘટનાને સંબંધિત હતી અને ટૂંકી મુદતના પ્રશ્નથી રજૂ કરી શકાય તેવી હતી ત્યારે માનનીય વિપક્ષના નેતાશ્રીની ટૂંકી મુદતના પ્રશ્નને આપેલ અગ્રતા યોગ્ય ન હતી તેવી રજૂઆતને પણ હું સ્વીકારી શકતો નથી.

મારે આપ સૌના ધ્યાન પર લાવવાનું કે, રાજ્ય સરકારના વહીવટી કૃત્યો પર અસરકારક અંકુશ પ્રસ્થાપિત કરી શકાય તે હેતુને ધ્યાનમાં રાખીને અગત્યના પ્રશ્નોમાં પૂરક પ્રશ્નો પૂછવા માટે વધુ સમય ફાળવવો એ સંપૂર્ણપણે અધ્યક્ષના સ્વવિવેકને આધિન છે ત્યારે વિષયની અગત્યતા જોતાં તે પ્રમાણે અધ્યક્ષ તરફથી વધુ સમય ફાળવવામાં આવે તે સંબંધમાં કોઈપણ સભ્ય વાંધો લઈ શકે નહિ. આ મારો અબાધિત અધિકાર છે અને વિધાનસભાના નિયમોથી મને આ બાબતમાં સંપૂર્ણ સત્તા પ્રાપ્ત થાય છે ત્યારે ભવિષ્યમાં અધ્યક્ષના અધિકાર ક્ષેત્રની બાબતો અંગે ગૃહમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ન ઉઠાવવા તેમજ આ વિષય સંબંધે માનનીય વિપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો હું અસ્વીકાર કરું છું.

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**સરકાર દ્વારા સરકારી વિધેયકો મોડાં મળવા અંગે.**

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની અંદર નિયમોથી આધિન સૌ કોઇ જયારે બંધાયેલા છે ત્યારે આ વિધાનસભા ગૃહમાં સરકાર દ્વારા જે પણ સરકારી બિલો લાવવામાં આવે છે તે સરકારી બિલો ધારાસભ્યોના અભ્યાસ માટે ઓછામાં ઓછાં ત્રણ દિવસ પહેલાં તે ધારાસભ્યોને આપવામાં આવે છે. આજે વિધાનસભાની પહેલી અને બીજી બેઠકની અંદર બિલ નંબર–સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૯ સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયક, સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૮– સન ૨૦૨૧નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક અને બિલ નંબર–૨૦ આમ ટોટલ ત્રણ બિલ ગઈકાલ સાંજ સુધી જયારે વિધાનસભા ગૃહ બંધ થયુ ત્યાં સુધી પીજીયન બોક્સમાં કે કોઇ પણ ધારાસભ્યશ્રીના હાથમાં ત્રણમાંથી એક પણ બિલ આવ્યા નથી. પ્રણાલી એવી રહેલી છે કે ત્રણ દિવસ પહેલાં બિલો આપવા જોઇએ જેથી કરીને ધારાસભ્યો તેનો અભ્યાસ કરી શકે, તેની ઉપર હાઉસમાં ચર્ચા કરી શકીએ. આ ત્રણ બિલો આજ સવારે પીજીયન બોક્સમાં હતા એટલે વિધાનસભાના નિયમ મુજબ ત્રણ દિવસ પહેલાં અમને આ બિલ મળવા જોઇએ જે અમને મળ્યાં નથી એટલે અમારી માગણી છે કે, આ ત્રણેય બિલો ઉપર કોઇ પણ સંજોગોમાં ચર્ચા થઇ શકે નહીં.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે કહ્યું તે પ્રમાણે ૧૯,૧૨,૧૭ અને ૧૮ એ પૈકીમાં જયાં સુધી વિધેયક ક્રમાંક–૧૮ની વાત છે ત્યાં સુધી ૧૮ની અંગ્રેજી કોપી બે દિવસ પહેલાં જ મોકલી આપવામાં આવી હતી. તેની ગુજરાતી આવૃત્તિ, ગુજરાતી કોપીના સંદર્ભમાં થોડો વિલંબ થયો છે અને આપણું બજેટ પૂર્ણ થયા બાદ વિનિયોગ વિધેયક અને એકસેસ એકસ્પેન્ડીચરવાળું એક સામાન્ય આખા બારે બાર વિભાગની નાણાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એક સામાન્ય પ્રક્રિયાના ભાગ સ્વરૂપે હોય છે એમાં કોઇ નવી કલમ, નવી સેક્શન કે નવી કોઇ એવી વાત નથી કે જેના કારણે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ તે માગણી લઇ, તે ચર્ચા લઇ અને તેના સંદર્ભમાં વ્યાપક ચર્ચાની આવશ્યકતા હોય.

માનનીય અધ્યક્ષશ્રી, એ વાત ચોક્કસ છે કે, બિલો સમયસર જો મળે તો માનનીય ધારાસભ્યશ્રીઓને તે બાબતની અંદર પૂરેપૂરો તેનો અવકાશ મળે પરંતુ આ નાણાકીય જેટલા બિલો છે તે નાણાકીય બિલોના સંદર્ભમાં કોઇ નવી વાત ના હોવાથી એને થોડુંક ગઇકાલે જયારે બારે દિવસની ચર્ચાની માગણીના અંતે ગિલોટીન પૂર્ણ થયા બાદ જ તે પ્રિપેર થતું હોય છે. ગિલોટીન પૂર્ણ થયા બાદ તૈયાર થતું હોય છે. એના સંદર્ભમાં ગઇકાલે રજૂ કર્યું છે. આમ કોઇ વ્યાપક વિલંબ નથી અને નાણાકીય બિલોના સંદર્ભમાં એ સ્પષ્ટ છે પરંતુ અન્ય કોઈ પણ પ્રકારના બિલોમાં સરકાર દ્વારા નાનો મોટો વિલંબ થતો હોય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ જે તે વિષય મૂકી આપની અનુમતિ મેળવવામાં આવતી હોય છે. આપની અનુમતિ મળ્યે જ આ બિલ એ વિધાનસભાની કાર્યવાહીનો ભાગ બને છે. જેથી કરીને હું માનું છું કે, આમાં કોઈ મોટી સેક્શનવાળા અથવા ગુજરાતની પ્રજાને વ્યાપક અસર કરે એ પ્રકારના કોઈ બિલ ન હોવાથી મને લાગે છે કે આજની આ કાર્યવાહીનું કામ શરૂ કરવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, સંસદીય બાબતોના બંને મંત્રીશ્રીઓ, આપશ્રીના અધ્યક્ષ સ્થાને અમારા વિપક્ષના નેતા અને અમારી કમિટી દ્વારા નક્કી થયું હતું કે, આ બિલોની ચર્ચા ગૃહમાં ૩૧ અને પહેલી તારીખે કરવી. આપની અધ્યક્ષતામાં ચર્ચા થઈ હોય, સમયમર્યાદા નક્કી થઈ હોય, બિલો ક્યા સત્રમાં લાવવા એ નક્કી થયું હોય તેમ છતાં પણ માનનીય પ્રદીપસિંહભાઈ જે રીતે કહી રહ્યાં છે કે, આમાં કોઈ કલમો નથી કે મહત્ત્વનું નથી. વિનિયોગ ઉપર અમારા ક્યા ધારાસભ્યશ્રીઓ બોલવાના છે એ ધારાસભ્યશ્રીઓને અગાઉથી એની જાણ ન હોય તો વિધાનસભામાં ચર્ચા કેવી રીતે કરી શકે? એ સિવાયના જે બે બિલો છે તેમાં સરકારને એમ લાગતું હોય કે, સરકાર જ્યારે આટલાં બધાં બિલો વિધાનસભાગૃહમાં સત્ર જ્યારે પૂરૂં થવાના આરે છે ત્યારે કામકાજ સલાહકાર સમિતિની મિટિંગમાં બે વધારાની બેઠકોનું આયોજન કરે છે જેમાં વિપક્ષ તરીકે તમે જ્યારે સરકારી બિલો લાવો છો તો અમે તમારી સાથે એગ્રી છીએ. અમે જ્યારે હકારાત્મક જતાં હોઈએ ત્યારે સરકારના જે વિભાગો દ્વારા જે બિલ રજૂ કરવાનું હોય, જે બિલ ધારાસભ્યશ્રીઓને આપવાનું હોય એમાં શ્રી પ્રદિપસિંહભાઈની વાત ઉપરથી અને સરકાર પોતે પણ એવું ઈચ્છતી હોય એવું લાગે છે કે, આ બિલ બહુ મહત્ત્વનું નથી. જો બિલ મહત્ત્વના હોય તો વિધાનસભાગૃહ જ્યારે કાયદો ઘડતી હોય ત્યારે એ બિલોને કાયદાને આધીન અમને લોકોને ત્રણ દિવસ પહેલાં વિધાનસભાના નિયમોનુસાર બિલ મળવા જોઈએ. જો આ પ્રથા

તૂટશે તો આવનારા સમયમાં જ્યારે વિધાનસભા મળશે ત્યારે વિધાનસભાગૃહમાં સવારે ધારાસભ્યશ્રીઓને બિલો આપવામાં આવશે. વિધાનસભાગૃહની પ્રથા એવી રહેલી છે કે, ઓછામાં ઓછા ત્રણ–ચાર દિવસ પહેલાં બિલ મળવું જોઈએ. આથી વિધાનસભાના નિયમો અનુસાર વિધાનસભાના ભૂતકાળના અધ્યક્ષોએ આપેલા નિર્ણયો અનુસાર અમારી આપને વિનંતી છે કે, આજના ત્રણ બિલો કોઈ પણ સંજોગોમાં ચર્ચામાં ન લેવા જોઈએ અને જો ચર્ચામાં આવશે તો સરકાર તો ઈચ્છે જ છે કે હવે પછી જ્યારે વિધાનસભાનું સત્ર મળે અને બિલો લાવવાના હોય તો આગલા દિવસે સવારે ધારાસભ્યશ્રીઓને આપે. એમની વાતો પરથી ફલિત થાય છે કે, સરકાર જ્યારે પોતાના સરકારી બિલોમાં જો ગંભીર નથી અને ચર્ચામાં એ લોકોને રસ ન હોય એવું દેખાઈ રહ્યું છે ત્યારે હું ચોક્કસપણે એવું ઈચ્છું છું કે, આ બિલો કોઈ પણ સંજોગોમાં ચર્ચામાં આવવાં ન જોઈએ. જ્યારે માનનીય નીતિનભાઈએ અંદાજપત્ર રજૂ કર્યું ત્યારે જે પ્રકાશનોની અમારે જરૂર હોય, જે પ્રકાશનોને આધીન વિધાનસભામાં અમારા ધારાસભ્યશ્રીઓ ચર્ચા કરી શકે એ પ્રકાશનો પણ અમને લોકોને આપવામાં આવ્યા ન હતાં. આપનો આદેશ થયો અને આપે એમ કહ્યું કે, કોરોના મહામારીના કારણોસર પ્રકાશનો આવવામાં થોડો વિલંબ થયો છે. અમે આપના આદેશને માન્ય ગણ્યો. આ બિલો કામકાજ સલાહકાર સમિતિમાં સરકારે નક્કી કરેલા બિલો છે તેમ છતાં પણ સરકારે ધારાસભ્યશ્રીઓને આપ્યા નથી. આથી ભૂતકાળના અધ્યક્ષશ્રીઓના નિર્ણયોના અનુસંધાને આ ત્રણ બિલોની ચર્ચા થવી ન જોઈએ એવી મારી લાગણી છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એક મિનિટ મંત્રીશ્રી, આપના તરફથી પૂરુ થઇ જાય પછી આપને કંઇક કહેવું હોય તો પછી હું સાંભળીશ નહીં. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : (વિરોધપક્ષના નેતા) ખૂબ ખૂબ આભાર માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : ટૂંકમાં મુદ્દાસર કહેજો ને.

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે, એમાં આપનું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૦(૧) તરફ ધ્યાન દોરી રહ્યો છું. નિયમ ખૂબ સ્પષ્ટ છે, વિધેયક રજૂ કરવામાં આવે ત્યારે અથવા ત્યારપછી કોઇ પ્રસંગે પ્રભારી સભ્ય વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે, તેવો પ્રસ્તાવ રજૂ કરી શકશે. પરંતુ જે દિવસે પ્રસ્તાવ લાવવાનો હોય તેના ચાર કામકાજના દિવસો પહેલા વિધેયકની નકલ તેના અનુવાદ સહીત દરેક સભ્યને રવાના કરવામાં આવી ન હોય ત્યાં સુધી આવો પ્રસ્તાવ લાવી શકાશે નહી. સિવાય કે, અધ્યક્ષશ્રી તે વહેલું લાવવા માટે પરવાનગી આપે.

માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિની મિટિંગ આપશ્રીના અધ્યક્ષ સ્થાને મળી હતી. વિરોધપક્ષ તરીકે સરકારી કામકાજને પૂરો સમય આપી બે જ દિવસના ટૂંકાગાળામાં ૧૨ જેટલા બિલો સરકારે બે દિવસ પહેલાની કામકાજ સલાહકાર સમિતિની મિટિંગમાં પ્રસ્થાપિત કર્યા એમ છતાં અમે એને સકારાત્મક અભિગમ સાથે સ્વીકાર્યા હતા અને સંમતિ આપી હતી કે, કદાચ મોડી રાત સુધી પણ આ ગૃહનું કામકાજ ચલાવવું પડે તો સરકારી કામકાજ આપણે હાથ ઉપર લેશું અને પૂર્ણ થાય ત્યાં સુધી આ ગૃહમાં સમય ફાળવીને એક તંદુરસ્ત કાયદો ઘડાય એના માટે આપણે ચર્ચા કરશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ જે વાત કરી, ગઇકાલે પણ આ ગૃહમાં સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી, માનનીય પ્રદિપસિંહભાઇને આ બાબતમાં વિશેષમાં ધ્યાન દોર્યું હતું. કાલે વિધાનસભા પૂરી થઇ પછી હું ખુદ ધારાસભ્યોને જે પિજીયન બોક્સમાં આપણે વિધાનસભા કાર્યવાહીના ડોક્યુમેન્ટસ્ મુકીએ છીએ મેં ખુદ ખાતરી કરી ત્યાં સરકારી કામકાજના બિલ નંબર ૧૮,૧૯ અને ૨૦ રજૂ થઇ શક્યા ન હતા. મેં વ્યકિતગત વિધાનસભા સચિવાલયનું પણ ધ્યાન દોર્યું તો, ત્યાં સુધી સરકાર તરફથી વિધાનસભા સચિવાલયને આવા ડોક્યુમેન્ટસ નહીં મળ્યા હોવાના કારણે, આપવામાં આવ્યા નથી એવું મને જાણવા મળેલ હતું. આ વિધાનસભાનું કામ નીતિ ઘડવાનું છે, કાયદા ઘડવાનું છે અને જયારે સરકારી કાયદો ઘડાતો હોય ત્યારે એની સમગ્ર ગુજરાતના લાખો, કરોડો લોકો ઉપર ખૂબ બહોળી અસર થતી હોય છે, એના જીવનધોરણને અસર કરનારી વાતો, એને આપણે કાયદાની અંદર પરિવર્તિત કરવા વિધાનસભા ગૃહમાં સૌ ભેગા મળ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નિયમથી તો વિધાનસભાએ નકકી કર્યું છે. અમે સરકારને વિનંતી પણ કરી હતી અને કાયદો ઘડવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે અને એની માટે સરકારશ્રીને ખૂબ બહોળું વહીવટતંત્ર મદદ કરતું હોય છે. રોજમ રોજના બનાવોમાંથી જયારે કોઇ બાબતો ઉપસ્થિત થાય અને એને કાયદાનું રૂપ આપવાનું થાય તો, વિધાનસભાનું સત્ર મળવા માટેની સમય અવધિ પણ છ મહીનાની અંદર મેળવવી, એ જરૂરી છે. કાયદાથી જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે ગઇ કાલે સાંજ સુધી જે બિલો રજૂ ન થયા હોય તો એના ઉપર કાયદાકીય જે પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, માનનીય પરેશભાઇ, એક મિનિટ, સરકારે એ વાત સ્વીકારી કે મોડું આવ્યું છે, એ વાત સ્વીકારી. એના માટે દલીલ ન કરશો, એના માટે બીજા કોઇ કારણો હોય તો કહો.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, મારી કાયદાકીય જે દલીલ છે એ આ વિધાનસભા ગૃહમાં સરકારની જે પ્રસ્તાવના છે, જે કાયદો છે, એનો માનનીય સભ્યશ્રીઓ અભ્યાસ ન કરે તો એની લોકો ઉપર પડનારી અસરોનું મૂલ્યાંકન છે, એમાં કયાંય ને કયાંય નિર્દોષ ભાવે ગુજરાતના કરોડો લોકોના નુકસાન થવાની સંભાવનાઓ વધી જાય છે. બીજું, સરકાર જયારે કોઇ બિલ ગૃહ સમક્ષ લઇને આવતી હોય છે તો, એમાં કોઇ સુધારા વધારા કરવાના હોય તો આ ગૃહના દરેક સભ્યોને એવા બિલો ઉપર સુધારો

અધ્યક્ષશ્રીનો નિર્ણય(અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારમાં આવતી બાબતો અંગે પો.ઓ.ઓ.ન ઉઠાવવા બાબત

રજૂ કરવાની તક મળવી જોઇએ. આ બિલ રજૂ નહીં થવાના કારણે પક્ષ કે વિપક્ષ બધા જ સભ્યોને સુધારો કરવાની જે તક મળવી જોઇએ, એ તક પણ આમાં કયાંય ને કયાંય લુપ્ત થશે. બીજું આ પરંપરાથી આવતી કાલે જે કાયદાઓ ઘડાશે, એ કાયદાઓની અંદર એની દૂરોગામી અસરોને માપવામાં વિધાનસભાના બધા જ સભ્યો અસમર્થ નિવડશે. એટલે સભ્યશ્રી શૈલેષભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે તેને ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે સરકારશ્રીને ઠપકો અપાય, ટકોર કરાય અને સરકારી કામકાજ એ પૂર્વ નિર્ધારિત કામકાજ હોય છે ત્યારે આગલા દિવસ સાંજ સુધી જો સરકારી બિલ સભ્યોને નહીં મળે તો આવતા દિવસોમાં સરકારે ઘડેલા કાયદાઓ એનાથી કયાંય લોકોમાં રોષ પણ પેદા થવાની શકયતા છે, સરકારને નુકસાન થવાની શકયતા છે. ત્યારે આ ત્રણે ત્રણ બિલોને હાલ કામકાજમાં લેવામાં ન આવે અને મોકૂફ રાખવામાં આવે અને ભવિષ્યમાં સરકાર જયારે સરકારી બિલ લઇને આવે તો ઓછામાં ઓછા ચાર દિવસ પહેલાં વિધાનસભાના દરેક સભ્યશ્રીઓને નકલ મળે તો એના સુધારાનો અધિકાર જળવાઇ શકશે એના પર તંદુરસ્ત ચર્ચા અને અભ્યાસ માટેનો સમય મળશે, તો પુખ્ત કાયદાઓથી ગુજરાતની અંદર સુશાસન સ્થપાય એટલે આપની પાસે અપેક્ષા રાખું છું કે માનનીય અધ્યક્ષશ્રી આપનું માર્ગદર્શન મળે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી, માનનીય નીતિનભાઇ, આપને કંઇ કહેવાનું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક લીટી કહેવી છે. વિપક્ષના નેતા અને ઉપનેતાએ જે વાત કરી તેના સંદર્ભમાં માનનીય ઉપનેતાએ જે ઉલ્લેખ કર્યા કે આ બિલો અગત્યના નથી. મારું એવું કહેવું છે કે આ સભાગૃહની અંદર થતી તમામે તમામ ચર્ચા, એકો એક નિર્ણય અગત્યના જ હોય છે. મારું એવું નથી કહેવું કે આ અગત્યના નથી. પરંતુ મારું એવું કહેવું છે કે બાર દિવસની જુદા જુદા વિભાગોની ચર્ચા અને અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા એવી સોળ બેઠકોમાં નાણાં વિભાગની જુદી જુદી માગણીઓ અને છેલ્લા દિવસે એકલા નાણાં વિભાગની માગણીઓના સંદર્ભમાં ચર્ચા થયા બાદ જે એકસેસ એક્ષપેન્ડિચર અને વિનિયોગ વિધેયકની ચર્ચા હતી તેના સંદર્ભમાં એવી કોઇ વિશેષ જોગવાઇ કે વિશેષ વાત નહોતી, કે જે આગળના દિવસોમાં નથી આવી એટલે મારો કહેવાનો આશય માત્ર એટલો જ છે કે આ ત્રણેય નાણાકીય બિલોના સંદર્ભમાં મોડું ચોક્કસ થયું છે પણ તેના કારણે ધારાસભ્યનો કોઇ હક્ક કે અધિકાર એનાથી વંચિત રહેતો નથી. સી.આર.પી.સી. એમેન્ડમેન્ટવાળા બિલમાં મેં કહ્યું તેમ ઇંગ્લિશ કોપી અપાઇ ગઇ હતી, ગુજરાતી કોપી આપવામાં વાર થઇ છે. સામાન્ય રીતે કોઇ પણ કાયદામાં હું એ વાતનો સ્વીકાર કરું છું કે ચાર દિવસ પહેલાં જ આપણને મળવું જોઇએ, આજના એજન્ડામાં છે એ બાકીના બધા જ બિલો આપણને લગભગ નિયત સમયની અંદર મળી ગયાં છે. એટલે હું નેતા અને ઉપનેતાશ્રીને વિનંતી કરું છું કે સરકાર હંમેશાં પ્રણાલિકા, નિયમો, પરંપરા, ધારાસભ્યશ્રીઓના અધિકાર અને સંપૂર્ણપણે અભ્યાસ કરીને અહીંયાં પ્રજાના પ્રશ્નો રજૂ કરે તેના માટે અમારું મન સંપૂર્ણપણે ખુલ્લું છે. આના સંદર્ભમાં જે વાસ્તવિક હક્કીત છે, તે હું આપના ધ્યાન ઉપર મૂકું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દો માત્ર ટેકનિકલ મુદ્દો છે. માનનીય પ્રદિપસિંહે ખૂબ સરસ વિસ્તારથી સમજાવ્યું છે. કોઇ પણ સુધારાથી ફેરફાર શું છે, તેની વહીવટ અને પ્રજા પર કેવા પ્રકારની અસર છે, એ પણ વિચાર કરીને આપણે આખરી નિર્ણય પર આવવું જોઇએ એવું મારું માનવું છે અને સૂચન છે. બન્ને નેતા અને ઉપનેતાએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એમાં આ ત્રણ બિલોમાં એવી કોઇ બાબત નથી કે જે સુધારો કે ફેરફાર અને તેની અસર કોઇ વહીવટ પર કે કોઇ સામાન્ય પ્રજા ઉપર દૈનમદિન જે પ્રક્રિયા છે એના ઉપર કોઇ વ્યાપક અસર થાય, અસરની કોઇ વિપરીત અસર થાય, એવી કોઇ પણ બાબત આમાં નથી એટલા માટે સરકારને કોઇ ઠપકો આપવાની જરૂર નથી. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહે કહ્યું છે કે આ ટેકનિકલ છે અને ટેકનિકલ મુદ્દા માટે એ બિલ મુલતવી રાખવા એ યોગ્ય અને વાજબી નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહભાઇ તથા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહભાઇએ વાત કરી છે એ યોગ્ય જ કરી છે. મારે એટલું જ ઉમેરવું છે કે આજનું મારું નાણાં વિભાગનું વિનિયોગ વિધેયક છે એમાં કોંગ્રેસના, વિપક્ષના ૧૨ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ એમના મુદ્દા રજૂ કરીને અગાઉથી એમણે નોટિસ આપેલી જ છે એટલે તમારા બધાની જાણકારીમાં જ છે કે આ વિનિયોગ વિધેયક આવી રહ્યું છે. એમાં કોંગ્રેસના ૧૨ જેટલા સભ્યશ્રીઓએ તેમના મુદ્દા ઉભા કરીને ચર્ચામાં ભાગ લેવાની તૈયારી કરી જ છે એટલે એનો સીધો અર્થ એ છે કે વિનિયોગ વિધેયકની જાણકારી છે જ જેથી અગાઉથી મુદ્દા આપી રાખ્યા છે અને એ મુદ્દા સરકારના રેકર્ડ ઉપર તથા વિધાનસભાના રેકર્ડ ઉપર અત્યારે મૂકાયેલા જ છે એ આપ જોઇ શકો છો. એટલે નાણાકીય બાબતમાં વિલંબ થયો હોય તેવું હું માનતો નથી.

બીજું, અંગ્રેજી નકલ તો પહોંચી ગઇ છે. ગુજરાતી નકલ જે અનુવાદ કરીને કાયદાકીય રીતે એક એક શબ્દ વૈધાનિક રીતે ચકાસવો પડે એટલે એમાં વિલંબ થાય તેવું શકય બની શકે છે. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજીએ વાત કરી એ મુજબ કાયદામાં નિયમ ગમે તે હોય પણ માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી આવી એટલે વિધાનસભા એની ચર્ચા કરીને બિલ ઉપરની વિગતો છે એનો અભ્યાસ કરીને બિલ રજૂ કરી શકે છે, મંજૂર પણ કરી શકે છે એટલે માનનીય શૈલેષભાઇનો મુદ્દો છે એમાં ટેકનિકલ વાત વ્યવહારિક રીતે સાચી છે પરંતુ એના કારણે બિલો મુલતવી રાખીને એની ઉપર ચર્ચા મુલતવી રાખવાનું કોઇ કારણ ઉપસ્થિત થતું નથી. (અંતરાય)

## અધ્યક્ષશ્રીનો નિર્ણય(અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારમાં આવતી બાબતો અંગે પો.ઓ.ઓ.ન ઉઠાવવા બાબત

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, મેં પહેલા જ કહ્યું હતું કે તમે પહેલા જે કહેવું હોય તે કહી દો, હવે તમે રજૂઆત કરશો એટલે સામેથી પણ એનો જવાબ આપશે, એટલે મારે કયાં સુધી સાંભળવા? આપ બોલો એટલે આ બાજુથી ઉભા થાય જ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય પ્રદિપસિંહભાઇએ કહ્યું કે આ મહત્ત્વના અને અગત્યના બિલ છે, જયારે માનનીય ભૂપેન્દ્રસિંહભાઇએ કહ્યું કે આ બિલથી ખૂબ વ્યાપક અસર પડવાની શકયતાઓ નથી. હું એક વાત સાથે સંમત છું કે આ ગૃહમાં થનાર કામકાજની ગુજરાતની સવા છ કરોડની જનતા ઉપર અસર પડતી હોય છે. સવાલ વ્યવસ્થાનો છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ જે વાત કરો છો એ અગાઉ કહી જ ગયા છો, એટલે એ કહેવાની જરૂર નથી. બિનજરૂરી સમય વ્યતિત થઇ રહ્યો છે. આપે બીજું કંઇ કહેવું છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર જ આવું છું. સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૧નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક ૧૯૭૩ સુધારવા બાબતની કલમ ૧૪૪ જાહેરનામાને લઇને એની વ્યાપક અસરો ગુજરાતમાં પડનાર છે. એ જ રીતે બિલ નંબર–૨૦ જેનો આજે પણ મુસદ્દો મળ્યો નથી. હું જાણુ છું કે કામકાજ સલાહકાર સમિતિમાં મૌખિક ચર્ચા થઇ હતી એ મુજબ કલીનિકલ એસ્ટાબ્લીસમેન્ટ એકટ આખાય ગુજરાતના આરોગ્ય સાથે જોડાયેલો મુદ્દો છે એટલે મારી વિનંતી એ છે કે કાયદો ઘડવાની પ્રક્રિયા છે એ નિરંતર પ્રક્રિયા છે ત્યારે સરકારે આગોતરુ આયોજન કરવું જોઇએ. મારી આપને વિનંતી છે કે વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૦ મુજબ ચાર દિવસ પહેલા આવા ખૂબ મહત્ત્વના બિલો જો સભાગૃહની વિચારણા અર્થે મૂકવામાં ન આવ્યા હોય તો આવા બિલો પસાર થતા રાજયને બહોળા પ્રમાણમાં એની અસર થવાની છે. એનાથી નફા નુકસાન થવાની શકયતાઓ છે ત્યારે સરકાર આ બિલોમાં પૂર્વ તૈયારી કરે અને ફરીથી આ ગૃહ સમક્ષ લાવે ત્યાં સુધી આ બિલોની ચર્ચા મોકૂફ રાખવા આપનો આદેશ મળે તેવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : ગૃહમાં તા. ૩૧–૩–૨૧ અને તા. ૧–૪–૨૧ના રોજ વિચારણા માટે હાથ ઉપર લેવામાં આવનાર સરકારી વિધેયકો પૈકી ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક ક્રમાંક–૧૮, ગુજરાત વિનિયોગ વિધેયક ક્રમાંક–૧૯ તથા ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ રજિસ્ટ્રેશન અને નિયમન વિધેયકની નકલો સભ્યશ્રીઓને મળેલ નથી તેવો પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય વિપક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઇ પરમારે ઉપસ્થિત કરેલ છે. માનનીય શૈલેષભાઇની રજૂઆત છે કે આ બિલો ત્રણ દિવસ પહેલાં મળવા જોઇએ, પરંતુ તેમાં બે દિવસ પહેલાં જ આ મોકલી દેવામાં આવેલ છે અને વિલંબ થયો છે. બિલો વહેલા મળે તો વધુ અભ્યાસની તક મળે છે એવી પણ રજૂઆત છે. માનનીય શૈલેષભાઇએ કામકાજ સલાહકાર સમિતિમાં આ નક્કી થયું ત્યારે બિલોની ચર્ચા તા. ૩૧–૩–૨૧ અને તા. ૧–૪–૨૧ના રોજ કરવી એવું નક્કી થયું હતું. વિનિયોગમાં માગણી મંજૂર થયા પછી બિલ આવતું હોય છે એવું આપણે બધા જાણીએ છીએ. તેમાં વિલંબ હોય તો એ ક્ષમ્ય વિલંબ છે અને એ અધિકાર મારો પણ છે કે એવા નાણાકીય બિલને મારે પરવાનગી આપવી જોઇએ. ચર્ચામાં ન જ લેવું જોઇએ એવો આગ્રહ માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી અને શ્રી શૈલેષભાઇ પરમારનો છે. માનનીય પરેશભાઇએ વધુમાં જણાવ્યું છે અને મારું ધ્યાન દોર્યું છે કે નિયમોના નિયમ–૧૩૦ને ધ્યાનમાં લઇએ તો જ્યારે સરકારી કાયદો ઘડાતો હોય તો લોકો ઉપર તેની બહોળી અસર થતી હોય છે. આ વાત પણ એટલી જ સાચી છે એવું હું માનું છું. ધારાસભ્યોને અભ્યાસ કરવા માટે પૂરતો સમય પણ મળવો જોઇએ આ વાત સૌ સ્વીકારે છે. હું પણ સ્વીકારું છું. લોકશાહી પરંપરામાં પૂરતી તક મળવી જોઇએ એ વાત પણ સામાન્ય રીતે સૌએ સ્વીકારવી રહે. માનનીય પરેશભાઇએ મારી સમક્ષ એવી પણ માગણી કરી છે કે આ અંગે સરકારને ઠપકો આપવો જોઇએ. તેના જવાબમાં માનનીય પ્રદિપસિંહજીએ ખુલાસો કર્યો છે કે ધારાસભામાં આવતા બધા જ કામ અગત્યના હોય છે એટલે એ બાબતે ચર્ચા કરતો નથી. નાણાં ખાતામાં ૧૬ વિભાગો છે અને તેના કારણે વિનિયોગ વિધેયકોની ચર્ચા હતી તેમાં ઘણી બધી ચર્ચાઓ થયેલી છે અને આ સામાન્ય વિદિત છે કે નાણાકીય બિલોમાં મોડું થયું છે એ વાત તેમણે સ્વીકારી છે, પરંતુ ચર્ચા નથી થઇ એથી માનનીય ધારાસભ્યશ્રીઓ અધિકારથી વંચિત રહ્યા છે એવું માનવું જોઇએ નહીં. આ વાત સાથે હું પણ સંમત થાઉં છું કે ધારાસભ્યશ્રીઓનો ચર્ચા માટેનો અધિકાર છે, પરંતુ આ અંગે ઘણી ચર્ચા થયેલ છે એ વાતને ધ્યાનમાં રાખીને હું આ અંગે વિચારણા કરી રહ્યો છું. સી.આર.પી.સી.માં જે સુધારો છે, બિલ નં.૨૦ એ ત્રણ દિવસ પહેલાં અપાવવી જોઇતી હતી. ત્રણ દિવસ પહેલાં બિલ મળવું જોઇએ એવી માનનીય શૈલેષભાઇ પરમારની રજૂઆત હતી, પરંતુ સરકારે ખૂબ વિશાળ હૃદયથી સાચી વાતનું ધ્યાન દોર્યું છે કે ત્રણ દિવસ નહીં, પરંતુ ચાર દિવસ પહેલાં બિલની નકલ ધારાસભ્યોને મળવી જોઇતી હતી. સરકારે પણ કોઇ વાતને છૂપાવવાનો પ્રયાસ કર્યો નથી. વધુમાં માનનીય પ્રદિપસિંહજીએ ખૂબ ખુલ્લા મને સ્વીકારીને કહ્યું છે કે સરકારનું મન ચર્ચા માટે ખુલ્લું છે. વિપક્ષને તેમણે વિનંતી પણ કરી છે. આ અંગે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ પણ પોતાની રજૂઆતમાં કહ્યું છે કે આ ટેક્નિકલ મુદ્દો છે. વાત સાચી છે કે ઘણીવાર આ વાત ટેકનિકલી સાચી હોય છે, પરંતુ તે અગત્યની પણ છે એવું મારું માનવું છે. બિલ પર કેવા પ્રકારની અસર છે એ વ્યાપક અસર છે તો કેવા પ્રકારની અસર છે એ ધ્યાનમાં લેવાવું જોઇએ. નાણાકીય બિલોની બાબતમાં હું માનું છું કે જે નક્કી થઇ ગયું છે, ચર્ચાઓ થઇ ગઇ છે, બિલ મંજૂર થઇ ગયું છે, ત્યારપછી આવતું વિનિયોગનું આ બિલ એમાં એ બાબત ટેકનિકલ રહે છે એ આપણે જાણીએ છીએ. એટલે એ બિલો ઉપર કોઇ વ્યાપક અસર નથી એ વાત સાથે હું સંમત થાઉં છું. માનનીય ભૂપેન્દ્રસિંહની એ દલીલ સાથે હું સંમત થાઉં છું. સરકારને ઠપકો આપવો એ બાબત જરૂરી નથી એવી માનનીય મંત્રીશ્રીની રજૂઆત છે.

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

અધ્યક્ષશ્રીનો નિર્ણય(અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારમાં આવતી બાબતો અંગે પો.ઓ.ઓ.ન ઉઠાવવા બાબત

માનનીય મંત્રીશ્રી અને ઉપ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે કોંગ્રેસના ૧૨ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ આ વિનિયોગ વિધેયક બાબતમાં અગાઉથી મુદ્દા આપેલા છે અને ચર્ચામાં ભાગ લેવા માગણી પણ કરેલી છે. કાયદામાં ગમે તે હોય પરંતુ માનનીય અધ્યક્ષશ્રી પરવાનગી આપે તો બિલ રજૂ કરી શકાય. માનનીય નીતિનભાઇએ ખૂબ વિશાળ હૃદયથી માનનીય શૈલેષભાઇની એ વાત સ્વીકારી છે કે શ્રી શૈલેષભાઇની વાત વ્યવહારિક છે, કાયદાકીય મુદ્દો છે, પરંતુ બિલોને ચર્ચામાં રોકવા જોઇએ નહીં. આ બાબતમાં સાંભળ્યા પછી કોઇને તક નહીં અપાય તેમ મેં જણાવેલ હોવા છતાં વિપક્ષને સંતોષ થાય એટલે માનનીય પરેશભાઇને ફરીવાર એ બાબતે સાંભળ્યાં. આપશ્રીએ જણાવ્યું છે કે બિલ નં. ૧૮ એ ફોજદારી કાયદો છે. એની વ્યાપક અસર પડવાની છે એ વાત સાથે હું સંમત થાઉં છું અને માનનીય પ્રદિપસિંહજી પણ સંમત થયા છે. બિલ નં. ૨૦ પહોંચી ગયું છે પરંતુ આજે ચર્ચામાં નથી એટલે પૂર્વ તૈયારી માટે પૂરતો સમય મળતો નથી એવી રજૂઆત માનનીય પરેશભાઇની છે એથી બિલ મોકૂફ રાખવું જોઇએ એવી એમની માગણી છે. આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં મારું માનવું છે કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૦ મુજબ વિધેયક જે દિવસે વિચારણામાં લેવાનું હોય તેના ૩ નહીં પણ ૪ કામકાજના દિવસો પહેલાં માનનીય સભ્યશ્રીઓને તેની નકલો મળવી જ જોઇએ. પરંતુ આ કિસ્સામાં ઉક્ત નિયમનું ઉલ્લંઘન થયું છે અને તેના પરિણામે સભ્યોને પૂરતો અભ્યાસનો સમય મળ્યો નથી એ માની શકાય.

ભૂતકાળમાં પણ મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ આ બાબતે નિર્ણયો આપ્યા છે કે સભ્યોને નિયમની જોગવાઇ મુજબ વિધેયકની નકલો ૪ દિવસ પહેલાં મળવી જોઇએ. માનનીય વિપક્ષના ઉપનેતાશ્રીએ જણાવેલ વિધેયકો પૈકી વિનિયોગ વિધેયકની સૂચના અને અંદાજપત્રની માગણીઓ મંજૂર થયા બાદ આપવાની પ્રસ્થાપિત પદ્ધતિ છે. તેથી તેની નકલ મોડી મળે તે સ્વભાવિક છે. જ્યારે ફોજદારી કાર્યરીતિ અધિનિયમમાં પણ એક માત્ર નાનો સુધારો છે. તેની નકલ ગઇકાલે ગૃહની બેઠક પૂરી થયા બાદ મળતાં તે તરત જ સભ્યશ્રીઓના ખાનામાં મૂકી દેવાઇ છે. જ્યારે આજના એજન્ડામાં દર્શાવેલ બાકીના વિધેયકોની નકલો સભ્યોને અગાઉ મળી ગયેલ છે. તેથી મને લાગે છે કે આજના કામકાજના એજન્ડામાં દર્શાવેલ વિધેયકો પૈકી નકલો નહીં મળેલ વિધેયકોની ચર્ચા મોકૂફ રાખવાનું ઉચિત જણાતું નથી. આ ઉપરાંત આવતીકાલે હાથ ધરાનાર વિધેયકની નકલ પણ આજે સરકાર તરફથી મળેલ, જે સભ્યશ્રીઓના ખાનામાં મૂકી દીધેલ છે. તેથી કામકાજ સલાહકાર સમિતિએ વિચારણામાં લીધેલ તમામ વિધેયકોની ગૃહ દ્વારા વિચારણા કરીને પસાર કરવામાં કોઇ મુશ્કેલી રહેશે નહીં. માનનીય વિપક્ષના ઉપનેતાશ્રીએ ઉઠાવેલ પોઇન્ટ ઓફ ઓર્ડરના સ્વીકાર સાથે ભવિષ્યમાં સરકારના સંબંધિત વિભાગોને વિધેયકની નકલો નિયમાનુસાર, જોગવાઇ અનુસાર જે દિવસે વિધેયકો વિચારણામાં લેવાના હોય તેના કામકાજના ચાર દિવસ પહેલાં નહીં મોકલવા બદલ હું વિભાગને ઠપકો આપું છું અને ભવિષ્યમાં સંબંધિત વિભાગોને કાળજી રાખવા તાકીદ કરું છું અને બિલોને વિચારણામાં લેવા પરવાનગી આપું છું.

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯**

**ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૧**

**સન ૨૦૨૨ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, [**]રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૯, સન-૨૦૨૧ના ગુજરાત વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૧ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરાવાનું છે. ઉક્ત વિધેયકો પૈકી વિનયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૨ માનનીય સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. જ્યારે વિનયોગ વધારાના ખર્ચ વિધેયક ઉપર પ્રણાલી મુજબ મુદ્દા આપવામાં આવતા નથી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે આ વિધેયકો ઉપરની ચર્ચા સભાગૃહની આ બેઠક મુલત્વી રાખવાના ૧ કલાક પહેલા પૂરી કરવાની થાય છે. પરંતુ આજે અન્ય સરકારી વિધેયકો પણ હાથ ધરાવાના હોવાથી વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતા મને મળેલી સત્તાની રૂએ હું મુદ્દાઓ પરની ચર્ચા માટે દરેક સભ્યશ્રીને ૩ મિનિટનો સમય ફાળવું છું. આ મુદ્દાઓ ઉપરની ચર્ચાનો જવાબ માનનીય નાણાંમંત્રીશ્રીએ આપ્યા બાદ વિધેયકો તરત જ સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

[**]વિધેયક તારીખ ૩૦મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરના તમામ વોર્ડમાં ૨૪ કલાક પુરતા પ્રેશરથી પાણી આપવાની ખૂબ લાંબા સમયથી સરકારે જાહેરાત કરેલી છે પણ અમદાવાદ શહેરની ૭૦ લાખની વસ્તી ધરાવનારું શહેર જેની અંદર આ જાહેરાત માત્ર કાગળ ઉપર જ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ બીજી જાહેરાત કરી કે ''જલથી નલ સુધી'' અને આજે પણ અમદાવાદ શહેરમાં નાગરિકોને પુરતા પ્રેશરથી પાણી મળતું નથી. શહેરમાં ઠેર ઠેર ટેંકર રાજ આવી ગયું છે. લોકોને પીવાનું પાણી ખાનગી ટેંકરો મારફતે વેચાતું લેવું પડે છે અને હવે તો પાણીનો એટલો બધો વેપાર થઇ ગયો છે કે ઘેર ઘેર પાણી ના મળવાના કારણે પાણીના કેનો વેચાણથી લોકો મંગાવતા થયા છે અને પાણીનું વેચાણ અને વપરાશ પણ એટલો જ થયો છે. સાથે સાથે સરકાર અને આપણા સૌની જવાબદારી છે કે શહેરમાં કે રાજ્યમાં રહેતાં છેવાડાના નાગરિકને શુદ્ધ પીવાનું પાણી મળે અને પાણી આપવા માટે આપણે આવશ્યક સેવા મ્યુનિસિપલ એક્ટ દ્વારા પણ આપણે બંધાયેલા છીએ. પાણી એ જીવનની ખૂબજ જરૂરિયાતવાળી વસ્તુ છે કે લોકોને આપણે સવારે પાણી આપી શકીએ પણ આજે પણ શહેરોમાં અનેક વિસ્તારમાં પાણી મળતું નથી. ૨૪ કલાકની આપણે જાહેરાત કરી પણ એક માત્ર અડધો કલાક પણ એક ટીપું પાણી કે ડોલ પાણી પણ લોકોને મળતું નથી. સવારે સવારે આપણી મા–બહેન–દીકરીઓ જ્યારે એને પાણીની જરૂરિયાત પડે ત્યારે માટલું કે ડોલો લઇને પાણી માટે ફાં ફાં મારતી હોય, ટેંકરોની રાહ જોતાં હોય અને ક્યાંક ટેંકર આવી ગયું હોય તો ટેંકરોની લાઇનમાં એને કલાકો સુધી રહેવું પડતું હોય તો પણ એને પાણી મળતું નથી. અનેક જગ્યાઓ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ ઓફિસ, ઝોનલ ઓફિસ, મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીઓ ઉપર અનેક વખતે માટલા સાથે મ્યુનિસિપલ વહિવટી અધિકારીઓ સાથે પ્રજાના સંઘર્ષો અને ઘર્ષણો થતા હોય, પોલીસ સ્ટેશને મારામારી થતી હોય એવા પણ બનાવો પાણીના કારણે બનતા હોય છે ત્યારે પાણી માટે હું માનું છું કે અમદાવાદ કોર્પોરેશને શ્વેતપત્ર બહાર પાડવું જોઇએ અને સરવે કરવો જોઇએ કે, પાણી કેમ લોકો સુધી પહોંચતું નથી? એક જગ્યાની વારંવાર ફરિયાદ અને રજૂઆત આપણે કરીએ છીએ તો પણ એ ફરિયાદોનો નિકાલ આવતો નથી અને લોકોને આપણે પાણીથી વંચિત રાખી રહ્યાં છીએ અને આજે ટેંકર રાજની અંદર અમદાવાદ શહેર ધકેલાઇ રહ્યું છે. વસ્તી વધી રહી છે, વિસ્તાર વધી રહ્યાં છે, વોર્ડોની સંખ્યા આપણે વધારી રહ્યાં છીએ. પણ લોકોને જે સુવિધા મળવી જોઇએ એ સુવિધા આપણે આપી શકતા નથી અને એના કારણે પાણી વેચાતું લેવું પડે છે એનાથી લોકોને મુક્તિ મળે એ માટે સરકારે વિચારવું જોઇએ એવી મારી અપીલ છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણા સમયથી એટલે કે વર્ષ ૨૦૧૧થી અમદાવાદ શહેરની અંદર બી.પી.એલ. કાર્ડનો સરવે થયો નથી. બી.પી.એલ. કાર્ડનો સરવે ન થવાને કારણે અમદાવાદ શહેર અને ગુજરાતમાં ઘણી જગ્યાએ જે પ્રમાણે સરકારની જે યોજનાઓ છે તેનો લાભ અરજદારોને મળતો નથી. અમુક જગ્યાએ ફરજિયાત બી.પી.એલ. કાર્ડ હોય તેને જ સરકારનો લાભ મળતો હોય છે. દા.ત. આરોગ્યની સારવાર લેવી હોય ત્યાં પણ બી.પી.એલ. કાર્ડ જરૂરી હોય છે. તેવી જ રીતે વૃદ્ધ સહાય, અપંગ સહાય, માનવ ગરિમા યોજનાના ફોર્મ હોય, વિધવા સહાયના ફોર્મ હોય દરેક જગ્યાએ બી.પી.એલ. કાર્ડ હોય તો જ આ લોકો લાભ લઇ શકે છે પરંતુ છેલ્લા એક દાયકાથી અમદાવાદ શહેરની અંદર આ સરવે થયો નથી જેથી લોકોને લાભ મળતો નથી તેથી સરવે થવો જોઇએ. બીજી આપને વાત કહું કે જયારે જયારે સંકલન સમિતિની મિટિંગ હોય છે ત્યારે એમ.એલ.એ. એમ.પી.ની મિટિંગની અંદર આ મુદ્દો અવશ્ય ઉપાડે છે કે અમદાવાદ શહેરની અંદર જે પ્રમાણે આ સરવે નથી થતો તો સરવે થવો જોઇએ જેથી કરીને અમદાવાદ શહેરના લોકોને આનો લાભ મળી શકે અને જે ગરીબ લોકો છે ખરેખર જેને લાભ મળવો જોઇએ તેને આ લાભ મળતો નથી તો સરકારને હું કહેવા માગું છું કે વહેલામાં વહેલી તકે આ સરવે કરાવે અને ખાસ કરીને સરકારમાં જયારે બી.પી.એલ. કાર્ડની અંદર અનાજ નથી મળતું પણ ફૂડ સિકયોરીટી બીલના આધારે અનાજ મળતું હોય એની અંદર થોડા સુધારાવધારા કરવાની જરૂર છે જેથી કરીને લોકોને અનાજ મળી શકે. બીજું આપને કહું તો રેશન કાર્ડ માટે લોકો જાય છે તો ત્યાં એજન્ટો બહાર ઉભા હોય છે. ધારાસભ્ય તરીકે હું કોઇની ભલામણ લખું તો પણ એનું કામ ન થાય પરંતુ બહાર ઉભેલો એજન્ટ ૪૦૦૦ રૂપિયા લઇને રેશન કાર્ડ બનાવી આપે છે. એવી જ રીતે બીજું આપને કહું કે રેશન કાર્ડમાં નામ ઉમેરવાનું હોય તો ૧૫૦૦ રૂપિયા આપો તો નામ ઉમેરી આપે છે. ધારાસભ્ય તરીકેના લેટરની ત્યાં કોઇપણ જાતની વેલ્યૂ હોતી નથી એટલે જે એજન્ટો ઝોનલ ઓફિસની અંદર ઘૂસેલા છે એને તાત્કાલિક દૂર કરવા જોઇએ અને ખરેખર જે ગરીબ લોકોને સરકાર લાભ આપવા માંગે છે તે લાભ ડાયરેકટ મળવો જોઇએ. બી.પી.એલ. કાર્ડની સંખ્યાની અંદર જેવી રીતે પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના છે એનો ડાયરેકટ બી.પી.એલ. કાર્ડધારકને લાભ મળવો જોઇએ જેથી કરીને એનું એક અલગ ફોર્મેટ બને. જે ખરેખર બી.પી.એલ. કાર્ડધારક છે એને મુખ્યમંત્રી આવાસ યોજના કે વડાપ્રધાન આવાસ યોજનાનો લાભ મળે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સોશિયલ મીડિયાનો જે રીતના દૂરઉપયોગ થઇને ધાર્મિક ભાવનાઓને આહટ પહોંચાડવા, ધાર્મિક લાગણી દુભાવવાના જે કિસ્સાઓ છે એ છાશવારે બનતા હોય છે. જયારે સાઇબર ક્રાઇમ બાબતે ઘણા બધા નિર્ણયો આપણે અહીંથી લીધા પણ છે અને કડક કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ પણ આપી છે પરંતુ પોલીસ દ્વારા સાઇબર ક્રાઇમના ગુનાની અંદર જયારે ફરિયાદ આપવા જવાનું થાય જયારે એમને ફરિયાદ આપીએ છીએ ત્યારે એ કહે છે કે તમે કોર્ટમાં જાવ અમે તમારી ફરિયાદ લેવા માગતા નથી. તમારે ઉપર જવું પડે. એવી નિંદનીય ઘટનાઓ કે

જેનાથી બે સમાજોની વચ્ચે વૈમનસ્ય થાય, બે સમાજોની વચ્ચેની ધાર્મિક ભાવનાને આહટ થાય એવા કિસ્સાઓની અંદર પણ પોલીસ અગમચેતીના પગલાં લઇ ફરિયાદ દાખલ કરતી નથી. એક ઘટનામાં તો નામદાર હાઇકોર્ટે સૂચના આપી છે કે તમે એની સામે ફરિયાદ દાખલ કરો. હાઇકોર્ટની સૂચના છતાં વેજલપુર પોલીસ સ્ટેશનની અંદર હજુ સુધી આ લોકોની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી નથી એટલે આ બહુ ગંભીર બાબત કહેવાય. આ બાબતે મંત્રીશ્રી ખુલાસો કરે એવી મારી વિનંતી છે. ટફ્ફ હુસેન હિસ્સાલત ટ્રસ્ટ જે છે એ જયારે પણ કોઇ ધાર્મિક લાગણી દુભાય ત્યારે એની સામે ફરિયાદ કરતું હોય છે. જયારે પણ આવી ફરિયાદ કરવામાં આવે એ ફરિયાદનો નિકાલ થતો નથી. મેં પોતે પણ જયારે એક શૈતાન નસીમ રીઝવી દ્વારા કુરાનની આયાતોને ચેન્જ કરવા માટેની જે સુપ્રિમ કોર્ટની અંદર એણે યાચિકા દાખલ કરી. અને એ પછી હજુ યાચિકા ઉપર સુનાવણી થઇ નથી. આગળ નોટિસ નીકળી નથી, પરંતુ જે રીતે સોશિયલ મીડિયામાં મુસ્લિમ સમાજની લાગણીને દુભાવવાનો પ્રયત્ન કર્યો છે એની સામે મેં અને મારા સાથી ધારાસભ્યોશ્રી ઇમરાનભાઇ અને જાવેદ પીરઝાદા સાહેબે અમે ભેગા મળીને ડી.જી.પી. સાહેબને ઘણી બધી રજૂઆત કરી કે આની સામે ઘણી બધી ફરિયાદો ગુજરાતની અંદર નોંધાઇ છે. તો આ શેતાન નસીમ રીઝવી સામે ફરિયાદ દાખલ કરવી જોઇએ, પરંતુ દુઃખ સાથે કહેવું પડે હજુ સુધી પણ એની સામે કોઇપણ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી. અમારી માગણી છે. આવા ઘણા કિસ્સાઓ છે. મારી પાસે ૬–૭ કિસ્સાઓ છે, જે હું ગૃહમંત્રીશ્રીને મોકલવાનો છું. મારી પાસે ફાઇલ છે. લોકોએ ફરિયાદ આપી છે. પરંતુ ફરિયાદ દાખલ થઇ નથી. મારી વિનંતી છે કે બે સમાજની અંદર સૌહાર્દ જળવાયેલું રહે, ગુજરાત શાંત અને સલામત રહે અને કોઇની લાગણી ન દુભાય એટલી હદે જેને કહેવાય.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી સુખરામભાઇ.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિનિયોગ ઉપર મારા વિચારો રજૂ કરું છું. મારા વિસ્તારના ગરુ જંગલ રોડ અને એ રોડ ૧૬ કરોડમાં મંજૂર થયેલ હતો. એમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ અમારા વિસ્તારના લોકોની દયા ખાઇ ૧૦ કરોડ રૂપિયા વધારે મંજૂર કર્યા એ બદલ આભાર માનું છું. આ રોડ છે એ ૧૦ વર્ષ જૂનો છે અને રોડ બરાબર બન્યો નથી અને એના હિસાબે અમારા વિસ્તારના લોકોને ૧૦ વર્ષથી યાતનાઓ ભોગવવી પડી. અત્યારે આ રોડ મંજૂર થઇ ગયેલ છે. તો એના ટેન્ડર આવ્યા એ ૨૪ ટકા નીચે આવ્યા. એના હિસાબે એ કામ આ લોકો કોન્ટ્રાક્ટરો નબળું ન બનાવે, એના માટે સાહેબને વિનંતી કરું, થોડું ધ્યાન આપે. મારો વિચાર, મંતવ્ય છે કે ૧૦ ટકા, ૨૦ ટકા ઓછા ડાઉન લઇને ટેન્ડર નાખતા હોય તો ૧૦–૨૦ ટકા પહેલાં કામ કરાવી લેવું જોઇએ, જેથી કરીને આવા ટેન્ડરો નીચે નાખતા બંધ થઇ જાય. નહિતર એમ કહીએ કે ૨૪ ટકા કાપવાના તો એ કામ નબળું કરે. અને જે ૧ કરોડ, ૨ કરોડનું કામ કર્યું તો સરકારને એટલી રાહત મળે. બીજાને આપવું હોય તો વાંધો ન આવે. એવું વિચારો તેવી માગણી છે. અમારું ગરુ ફાટક છે એ ફાટક લગભગ વર્ષ ૨૦૧૫માં માગણી કરેલી. સાહેબે મંજૂરી આપેલી. જે કઇ ખર્ચ થશે એ અમે આપીશું એ હજુ ચાલુ થયું નથી, એના માટે શ્રી નીતિનભાઇ સાહેબ કંઇ મદદ કરો તો એ કામ આગળ વધે તેમ છે. મારા મત વિસ્તાર માંગરોળ અને ગરોદળનો રસ્તો છે, એમાં જે જમીન છે એ સંપાદન થઇ ગયેલ છે, એનું વળતર અમુક માણસોને આપી દીધેલ છે. અમુક માણસોએ વળતર લીધેલ નથી. મામલતદાર સાહેબમાં જમા થઇ ગયેલ છે. એ કામ વહેલી તકે કરવા નમ્ર વિનંતી છે. અમારા કામનાથ મંદિર એની હું ૪–૫ વર્ષથી માગણી કરું છું. એનો પુલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટે સતત ચિંતા અને ખેડૂતો માટેની રોજેરોજ વાતો આ ગૃહમાં થઇ રહી છે. વર્ષ ૨૦૨૨માં ખેડૂતોને તેમની આવક ડબલ કરવા માટેનો કેન્દ્ર સરકારનો નિર્ધાર થઇ ચૂક્યો છે. ત્યારે ખેડૂતો માટે કેન્દ્ર સરકારે યોજના દાખલ કરી હોય ૭ ટકા ટૂંકી મુદતનું ધિરાણ આપવું. તે પછી ૩ ટકા નાબાર્ડ તરફથી વ્યાજ રાહત આપવા માટેની જોગવાઇ કરવામાં આવી છે, પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે કે ખેડૂતોને રાજ્ય સરકાર તરફથી જે ૪ ટકા વ્યાજ રાહત આપવામાં આવે છે. તાજેતરમાં કૃષિની માગણી ઉપર બોલતો હતો ત્યારે રાજ્ય સરકારે સ્વીકાર્યું અને ચૂકવણી કરી અને ચૂકવણી થઇ ચૂકી છે.પરંતુ આ ચૂકવણી માત્ર સહકારી બેન્કો છે તેના ખેડૂતોને જ લાભો મળ્યા છે, કોમર્શીયલ બેન્કોમાંથી જે ખેડૂતોએ ધિરાણ લીધું છે એવા મોટા ભાગના ખેડૂતોને આ લાભ મળ્યો નથી. રાજય સરકાર આ ટૂંકી મુદતનું ધિરાણ કેન્દ્ર સરકારવતી આપતી હોય છે અને એની જે ૪ ટકાની વ્યાજ રાહત આપવાની છે એ એને મળી નથી કેમ કે મોટા ભાગનું ધિરાણ છે એ કોમર્શીયલ બેન્કોમાંથી લેવામાં આવતું હોય છે, મેં આંકડા પણ રજૂ કર્યા છે. ૫૦ ટકાથી વધારે ખેડૂતો કોમર્શીયલ બેન્કોમાંથી ધિરાણ મેળવે છે. રાજય હસ્તકની જે સહકારી બેન્કો છે એમનું ૪ ટકા વ્યાજ બે ત્રણ દિવસ પહેલા જમા થઇ ગયું છે પણ એક વર્ષ પછી જમા થયા છે. નાબાર્ડ તરફથી બે બે વર્ષથી આ ત્રણ ટકા વ્યાજ રાહતની જોગવાઇ કરવામાં આવી છે એ વ્યાજ રાહત મળી નથી. મુશ્કેલી એ ઉભી થાય છે કે, સેવા સહકારી મંડળી છે એ ખેડૂતો પાસેથી વસૂલ કરતી નથી પણ કોમર્શીયલ બેન્કો વસૂલ કરે છે. સરકારની જોગવાઇ છે કે આ ૭ ટકા વ્યાજ કોઇ ખેડૂતો પાસેથી લેવું નહીં. ૪ ટકા રાજ્ય સરકાર આપે અને ૩ ટકા નાબાર્ડ આપે છે એ પણ પ્રાથમિક સહકારી મંડળીઓ ભોગવે છે એમને નાબાર્ડ તરફથી રીફાઇનાન્સ મળે છે એમાં વ્યાજ વસૂલ લેવામાં આવે છે. મંડળીઓનો કચ્ચરઘાણ બોલી રહ્યો છે આ મંડળીઓને બચાવવી જોઇએ. એક વખત ગુજરાતની સહકારી પ્રવૃત્તિ નમૂના નંબર એક હતી એ સહકારી પ્રવૃત્તિઓ પર ભારે મોટી અસર થવાની છે. બે બે વર્ષથી ત્રણ ટકાની રાહત મળી નથી. ખેડૂતો પાસેથી વસૂલ લીધા નથી બેન્કોને ભરી દીધા. મંડળીઓ મુશ્કેલીમાં મૂકાઇ છે ત્યારે આ

મંડળીઓને તાત્કાલિક ત્રણ ટકા નાબાર્ડના જે છે એ વ્યાજની રાહત આપવામાં આવે. નાબાર્ડ બજેટ રજૂ કરતી હોય ત્યારે એના બજેટમાં જોગવાઇ થતી હોય છે અને કેન્દ્ર સરકારના બજેટમાં જોગવાઇ થયા પછી પણ બે બે વર્ષ સુધી ચૂકવાય નહીં? તો સરકાર ખેડૂતોની વાતો કરે છે ત્યારે ખેડૂત તો આજે માર્યો માર્યો ફરે છે. એ ખેડૂતોને ટૂંકી મુદતનું ધિરાણ વગર વ્યાજે આપવાનો સરકારનો અભિગમ છે એ અભિગમ પૂર્ણ કરવા માટે તાત્કાલિક અસરથી આ વ્યાજની ચૂકવણી કરવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના પાણીના પિયત માટેના પ્રશ્નની રજૂઆત કરવાનો મોકો મળ્યો છે ત્યારે મારો બાયડ અને માલપુર વિસ્તાર એકદમ પથરાળ વિસ્તાર છે અને જમીનમાં બ્લેક હાર્ડ રોક છે અને જમીનમાં પાણીના તળ ખૂબ નીચે ગયા છે. થોડાં ઘણાં પાણીથી શિયાળુ પાકના એકાદ બે પાણી મળે છે ત્યારે માનનીય નાણાં મંત્રીશ્રી અને સિંચાઇ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, મારા વિસ્તારમાં પાણીના તળ એટલા બધા નીચે ગયા છે કે ખેડૂતો પોતાનો પાક વિઘા બે વિઘાનો પકવવા માટે મહેનત કરતા હોય અને પાણીના અભાવે એમનું ખાતર, બિયારણનું નુકસાન ન થાય એટલે વારંવાર રજૂઆત કરી છે અને બોર કરીને જે એકાદ બે કેવીટીમાંથી પાણી થોડું ઘણું મળે એના ઉપર ખેતી કરે છે, અવકાશી ખેતી કરે છે. લોકો ચોમાસુ પાક પકવ્યા પછી અમદાવાદ અને કલોલની કેમિકલ્સ ફેક્ટરીઓમાં મજૂરી કરે છે એને લીધે એ લોકોને અનેક પ્રકારના રોગ થવાથી આયુષ્ય ખૂબ ઓછું થઇ જાય છે અને ૪૫–૫૦ની ઉંમર સુધીમાં એ અનેક રોગોમાં સપડાય જાય છે અને કામ કરી શકતા નથી ત્યારે આજીવિકાનું બીજું કોઇ સાધન નથી અને અમારે ત્યાં બીજો એકેય ઉદ્યોગ નથી ત્યારે અમારા વિસ્તારના લોકોને પિયત આધારિત ખેતી ઉપર જ જીવવાનું છે ત્યારે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને મારી ખાસ વિનંતી કે અમારે ત્યાં બાજુમાંથી જ સુજલામ સુફલામ કેનાલ પાંચ કિલોમીટર દૂરથી જાય છે એમાંથી એકાદ વિ–શાખા અમને મળે અથવા તળાવો ભરવા માટેની ખાસ યોજના બનાવવામાં આવે. કેમ કે એ તળાવો ભરવામાં આવે તો પથરાળ જમીનમાં પાણીના તળ ઉંચા આવે અને ખેડૂતો ખેતી કરી શકે, એમના જીવન નિર્વાહ ચાલે. સામાન્ય રીતે કુટુંબનું નિર્વાહ કરવા માટે પાણીની તાતી જરૂરિયાત છે અને આ બાબતે મેં વારંવાર આપના માધ્યમથી પણ રજૂઆત કરી છે કે, આ વિસ્તાર ખૂબ નબળો છે, આર્થિક રીતે પછાત છે અને એમની આજીવિકા માત્ર ખેતી આધારિત છે. પાણીના તળ ખૂબ નીચે ગયા છે ત્યારે ખાસ યોજના બનાવી દરેક બે બે ગામ વચ્ચે તળાવો તો છે કારણ કે અમારો હિલી એરિયા છે, પથરાળ વિસ્તાર છે અને પથરાળ વિસ્તારમાં પથ્થરો વચ્ચે થોડું જે પાણી ભરાયેલું હોય એજ મળે છે ત્યારે ખાસ યોજના બનાવી તળાવો ભરવામાં આવે અથવા તો સુજલામ સુફલામમાંથી એકાદ બે વિ–શાખાઓ આપવામાં આવે તો હું માનુ છું કે અમારા વિસ્તારમાં ખેડૂતોનો મોટામાં મોટો પ્રશ્ન પાણીનો છે એ હલ થશે. પાણીના તળ ઉંડા ગયા છે એના કારણે ખેડૂતો ખેતીમાંથી કંઇ પકવી શકતા નથી અને એને કારણે પોતાનું ઘર ગુજરાન ચલાવી શકતા નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં અને ગીર ફોરેસ્ટ વિસ્તારમાં, ખાસ કરીને અત્યારે કેસર કેરીના બગીચાઓમાં જ્યારે મોટા પ્રમાણમાં વાવેતર હોય ત્યારે આજની પરિસ્થિતિએ કેસર કેરીનું નામ લઇએ એટલે મોઢામાં પાણી આવતું હોય ત્યારે એ બગીચાઓ ધરાવનાર ખેડૂતોની હાલત એકદમ ખરાબ છે. કલાઇમેટ ચેઇન્જના કારણે, બગીચાઓમાં એક મધ્યા નામનો રોગ આવ્યો છે એને કારણે અને બગીચાઓમાં જે ફ્લાવરીંગ થયું હતું એને કારણે આજે એટલી હદે બગીચામાં નુકસાન થયું છે અને ફ્લાવરીંગ ખરી ગયું છે તે બગીચા ધરાવનાર ખેડૂત કદાચ આવનારા સમયની અંદર પોતાની રોજગારી પણ એમાંથી ન મેળવી શકે એવી હાલતમાં જ્યારે હોય ત્યારે મારી સરકારશ્રીને વિનંતી છે કે આ બગીચાઓ જે લોકો ધરાવે છે એમના માટે હું વારંવાર માગણી કરું છું કે બાગાયતી પાકનો વીમામાં સમાવેશ કરવો જોઇએ, માનનીય મંત્રીશ્રીએ મને કહ્યું છે કે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત ગઇ છે. મારી વિનંતી છે કે કેન્દ્રમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે વહેલી તકે બાગાયતી પાકને વીમામાં સમાવેશ કરવાની દરખાસ્ત જે ત્યાં ગઇ છે એની મંજૂરી તાત્કાલિક મળે એના માટેના પ્રયત્નો કરો અને ગીર વિસ્તારમાં જે કેસર કેરીના બગીચાઓના ખેડૂતો આ વખતે પાયમાલ થઇ ગયા છે એમને યોગ્ય વળતર મળે, એમનું યોગ્ય એક પેકેજ ડિકલેર કરો, કારણ કે ઘણી વખત વાવાઝોડું આવે ત્યારે કેસર કેરીનો પાક તૈયાર થઇ ગયો હોય એ પણ ફેઇલ જાય છે આ વખતે વાતાવરણને કારણે, એક રોગને કારણે, આ બધું થવાથી કેસર કેરીનો પાક આજે ૮૦ ટકા ફેઇલ થઇ ગયો છે ત્યારે મોટાભાગના ખેડૂતો એ બગીચાઓ આધારિત હોય છે ત્યારે મારી વિનંતી છે કે આની અંદર રાજ્ય સરકાર યોગ્ય પેકેજ ડિકલેર કરે અને આ ખેડૂતોને જે રાહત મળવી જોઇએ એ રાહત આપવામાં આવે. જે પેકેજ ડિકલેર થાય એમાં ખેડૂતોને રાહત મળે તે પ્રમાણેનું પેકેજ આપવામાં આવે એવી પણ વિનંતી કરું છુ અને બાગાયતી પાકનો વહેલામાં વહેલી તકે વીમામાં સમાવેશ થાય એ માટે સરકારશ્રી વિચારે. આ બગીચાઓમાં જે રોગ આવે છે એ રોગ કયા કારણોસર એની વૈજ્ઞાનિકો મારફતે તપાસ થાય અને ખેડૂતોને પૂરતું માર્ગદર્શન મળે, નિષ્ણાતોની ટીમ બોલાવવામાં આવે કે જેનાથી ખેડૂતોને રાહત થાય. અત્યાર સુધીમાં ખેડૂતોએ એટલી બધી દવાનો છંટકાવ કર્યો, એ દવા છંટકાવ કર્યા પછી પણ એની અંદર કન્ટ્રોલ આવતો નથી અને જે ખેડૂતોને પાંચ લાખનું ઉત્પાદન થવાનું હોય એ એક લાખ રૂપિયાની તો દવા છંટકાવ કરે છે ચાર લાખની કેરી હવે મળે તેમ નથી એટલે ત્યાંના ખેડૂતો વધારે નુકસાનીમાં ગયા છે દવા છંટકાવને કારણે તો એમાં સરકાર યોગ્ય વૈજ્ઞાનિકોને બોલાવીને એમનું સંશોધન કરે અને ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપે અને યોગ્ય પેકેજ પણ વહેલીતકે ખેડૂતો માટે

જાહેર થાય જેમ અગાઉના સમયમાં સરકારશ્રીએ વાવાઝોડા દરમિયાન ડિકલેર કર્યું હતું, બાગાયતી પાક અને ખાસ કરીને કેસર કેરીના બગીચાઓ ધરાવનાર ખેડૂતો માટે જાહેર કરેલ તેવું પેકેજ જાહેર કરવું જોઇએ.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે એ ભીલોડા અને મેઘરજ તાલુકાનો છે એમાં ભીલોડા તાલુકામાં હાથમતી નદી અને મેઘરજ તાલુકામાં માઝુમ નદી. ત્યાં ડીપ વરસો પહેલાં બનાવેલા હતા અને ભારે વરસાદને કારણે આ લગભગ ચાર વરસ પહેલાં તૂટી ગયેલા છે. એની રજૂઆત મેં વારંવાર કરી છે. માનનીય મંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે. મંત્રીશ્રીએ નોંધ પણ લખી હતી કે તાત્કાલિક એના પ્લાન એસ્ટીમેટ રજૂ કરવા એ બે વરસ પહેલાંની વાત છે. હું સેક્રેટરીશ્રીને પણ મળેલો અને તેમને પણ રજૂઆત કરેલી ત્યારે એમણે એમ કહેલું કે આટલા પાંચ કે સાડા પાંચ કરોડમાં આ કામ થઇ શકે તેમ નથી એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, જો ના થઇ શકે અત્યારના પ્લાન એસ્ટીમેટ બનાવી અને આ પુલો બન્ને જગ્યાએ બનાવવામાં આવે તે જરૂરી છે. પરિસ્થિતિ એ છે કે ચોમાસામાં એટલી બધી તકલીફ પડે છે કે પાંચ મહિના સુધી આ રસ્તો બંધ રહે છે. એના કારણે આ ગામથી બીજે ગામ જવું હોય, અમારી મુશ્કેલી એ છે કે એકબાજુ સ્ટેટ હાઇવે છે અને બીજી બાજુ એમ.ડી.આર.નો રસ્તો છે. આ બન્ને રસ્તાઓ વચ્ચે ચાર પાંચ કિલોમીટરનું અંતર છે આ અંતરમાં જવાતું ન હોવાના કારણે પંદર કિલોમીટર જેટલું ફરીને જવું પડે છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ટ્રાયેબલ વિસ્તાર માટે દર વખતે રસ્તાઓ માટે ૧૧૦૦ કરોડ રૂપિયા વાપરીએ છીએ અને આપણે કહીએ છીએ કે આદિવાસી વિસ્તારમાં ૯૭૦૦૦ કરોડ રૂપિયા આપણે અત્યારસુધી વાપર્યા છે તો અમારા આ આદિવાસી વિસ્તારમાં પુલની સુવિધાઓ બન્ને જગ્યાએ કંથાડિયા અને બોરુંદ્રા ખાતે થાય તેમજ મેઘરજમાં માઝુમ નદી એમાં મુશ્કેલી એ થાય છે કે રાજસ્થાનની ઉપરની સાઇડમાં ડેમ છે એટલે એ ડેમ હોવાના કારણે પાણી વધારે પણ આવે છે. અને વારંવાર તે લોકો પાણી છોડે છે ત્યારે ત્યાં આવેલ પાણી ભરાઇ રહે છે એટલે આ વિસ્તારમાં નીકળી શકાતું નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, આપે પહેલાં તેના એસ્ટીમેટ મંગાવેલા હતા પણ રજૂ થયા છે કે કેમ તેનો મને ખ્યાલ નથી પણ વહેલી તકે તેના પ્લાન એસ્ટીમેટ મંગાવી અને અમને આ પુલો બનાવી આપો એવી મારી વિનંતી છે, આભાર.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને એમણે આ જ વિધાનસભામાં પહેલાં અને બીજા સત્રમાં મારા મત વિસ્તાર તળાજામાં જી.આઇ.ડી.સી.આપવા માટેની ખાતરી આપી હતી અને તેના માટેની અમારા તળાજા પ્રાંતમાં તેમની ઓફિસ દ્વારા સૂચનાઓ પણ આપવામાં આવી હતી પરંતુ આજસુધી ત્રણ વર્ષ થયા છતાં એ બાબતે કશું જ કરવામાં આવ્યું નથી. મારા મત વિસ્તારમાં સાડા ચાર લાખ જેટલી વસતિ છે અને ૨૨ થી ૨૫ હજાર મજૂરોને બહારગામ મજૂરી કરવા માટે જવું પડે છે. એશિયાનું મોટામાં મોટું શીપ બ્રેકીંગ યાર્ડ તે મારા મત વિસ્તારમાં આવેલું છે ત્યારે તાત્કાલિક ધોરણે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરું છું કે તળાજાને તાત્કાલિક ધોરણે જી.આઇ.ડી.સી.આપવામાં આવે અને જે મજૂરોને બહારગામ મજૂરી માટે થઇને જવું પડે છે એ તેમને જવું ન પડે અને મારા વિસ્તારનો વિકાસ થાય તેના માટે આપના માધ્યમથી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં મેથળા બંધારા અને શેત્રુંજી લીંક્ડ ચેક ડેમનું કામ પણ ખૂબ ધીમી ગતિએ ચાલે છે ત્યારે હું વિનંતી કરું છું કે તાત્કાલિક ધોરણે આમાં પ્રગતિ કરવામાં આવે અને જી.આઇ.ડી.સી.ને આ જ વર્ષે મંજૂર કરવામાં આવે એવી હું આપના માધ્યમથી વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આમ, તો જે વિનિયોગ વિધેયક મંજૂરી માટે મેં અત્યારે રજૂ કર્યું છે તેની જે મૂળભૂત જરૂરિયાત છે કે આપણે આખા આ બજેટ સત્ર દરમિયાન રાજય સરકારે રજૂ કરેલુ, અમારા નાણાં વિભાગે રજૂ કરેલુ, અમારી સરકારનું આ બજેટ જે ૨ લાખ ૨૭ હજાર કરોડ રૂપિયા કરતાં વધુ છે તે બજેટને હવે આજે ૩૧ તારીખ થઇ નાણાકીય વર્ષ આપણું માર્ચ એન્ડમાં પૂરું થાય આવતીકાલથી સરકારના તમામ ખર્ચ કરવા હોય તો આ સન્માનનીય ગૃહની મંજૂરી જોઇએ. ભલે બજેટ ગમે તે વિભાગનું મંજૂર થયું બધી પ્રક્રિયા પૂર્ણ થઇ પણ આપણાં બંધારણમાં જે જોગવાઇ છે સંવિધાનના અનુચ્છેદ-૨૦૪(૧) મુજબ નક્કી કરવામાં આવ્યું છે, ઠરાવવામાં આવ્યું છે કે વિધાનસભાએ મંજૂર કરેલ અનુદાનો હોય એટલે જુદા જુદા વિભાગોના બજેટને એકત્રિત ફંડ ખાતેથી ઉધારીને વિધાનસભાની મંજૂરી લઇ અને ખર્ચ કરવો હોય, આવતીકાલે કોઇ પણ ખર્ચ કરવો હોય જો આજે મંજૂરી ના મળે તો ના થાય. એટલા માટે આ વિનિયોગ વિધેયકની મંજૂરી લેવામાં આવે છે અને તેમાં મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ બન્નેની મંજૂરી આજે આ સન્માનનીય ગૃહ આપે તો જ અમારો નાણાં વિભાગ બધા વિભાગોને ગ્રાન્ટ આપી શકે, કામો થઇ શકે કે જે માટે આપણે બજેટ મંજૂર કર્યું છે તે યોજનાઓનો લાભ ગુજરાતની જનતાને આપણે આપી શકીએ. એટલે એક આ વૈધાનિક પ્રકારની પ્રક્રિયા છે, તેની મંજૂરી જરૂરી છે અને દર વર્ષે પ્રણાલિકાગત રીતે આખા દેશમાં આ પ્રક્રિયા પ્રમાણે આ વિનિયોગ વિધેયક મંજૂર કરવામાં આવે છે. જે માનનીય સભ્યશ્રીઓએ તેમના જે સૂચનો રજૂ કર્યા છે તેમાં શ્રી હિંમતસિંહભાઇએ અમદાવાદ શહેરને પાણી અંગેનો પ્રશ્ન રજૂ કર્યો, તો શ્રી હિંમતસિંહ ભાઇ બેઠાં છે તો જ જવાબ આપું (અંતરાય) નથી તો નહીં કહું. શ્રી ઇમરાનભાઇએ જે પ્રશ્ન રજૂ કર્યો છે કે બીપીએલ કાર્ડની જરૂરિયાત હોય તેમને મળતાં નથી. અગાઉ ભારત સરકારે જુદી જુદી ફોર્મ્યુલા પ્રમાણેના નવા ગરીબો નક્કી કરવા માટે એક સરવે કરેલો છે અને એના આધારે એ સરવેમાં જે લોકો નોંધાઇ ચૂક્યા છે એ તમામને અત્યારે ગુજરાત સરકાર અને ભારત સરકારની બધી યોજનાઓનો લાભ મળે છે. આ પ્રક્રિયા ભારત સરકાર દ્વારા કરવાની હોય છે. ભારત સરકાર જ્યારે નવો નિર્ણય

કરે ત્યારે એનો સરવે થઈ શકે. એ સિવાય નવા સરવે થતાં નથી પણ આપણી ગુજરાત સરકાર માનવતાના ધારોણે 'મા' યોજના કે 'મા–વાત્સલ્ય' યોજના હોય, બી.પી.એલ. કાર્ડ કે રેશન કાર્ડમાં પરિવારનો ભાગ પડે તો બીજું કાર્ડ કાઢી આપવું આ પ્રમાણેનું નાગરિકોને જરૂરી હોય એ બધું આપણે કરીએ જ છીએ. શાળાઓથી કૉલેજ સુધી ગરીબ કે મધ્યમવર્ગના લોકોને રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે જ છે. બી.પી.એલ. કાર્ડ ન હોવાના કારણે કોઈ આરોગ્ય, શિક્ષણ કે અન્ય કોઈ જરૂરિયાતની સેવાથી વંચિત ન રહી જાય એ રાજ્ય સરકાર ધ્યાને રાખે જ છે.

આમ, બધી જ યોજનાઓનો બી.પી.એલ.થી ઉપરની મર્યાદાની આવક ધરાવતાં લોકોને પણ આપણે લાભ આપીએ જ છીએ. આ પ્રશ્ન અમારા ધ્યાનમાં જ છે છતાં ભારત સરકાર જ્યારે નવો આર્થિક સરવે કરે ત્યારે આ અંગેની વિચારણા આખા દેશમાં થઈ શકે. હું માનનીય બાબુભાઈ વાજાનો આભાર માનું છું કે, એમણે મારા કામને આવકાર્યું છે. મારું કામ છે કે, દરેક વિસ્તારમાં પ્રજાની જરૂરિયાતના કામો સમયસર પૂર્ણ થાય. એમણે જે રોડ મંજૂર કરાવ્યો છે એનું કામ ૨૪ ટકા નીચું ટેન્ડર આવ્યું છે પણ કામ સારું અને ગુણવત્તાવાળું થાય તેની ચોક્કસ અમે કાળજી રખાવીશું. બીજું એમણે ગળુ ફાટકનું લખાવ્યું છે, જમીન સંપાદન પ્રક્રિયા ઝડપી કરવાનું લખાવ્યું છે, કામનાથ મંદિરનો પુલ બનાવવાની રજૂઆત કરી છે એ અંગે જેટલું પણ વ્યાજબી અને જરૂરી હશે તે કરીશું. બે દિવસ પેહેલાં જ માનનીય બાબુભાઈ અને અમારા કેશોદ વિસ્તારના ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ સાથે આવ્યા હતાં. એમની વાત વ્યવહારિક હતી. બે તાલુકાને જોડતો અડધો રોડ થઈ ગયો છે. હવે શ્રી બાબુકાકાના વિસ્તારનો રોડ બાકી છે. મેં એમને કહ્યું કે, હા, કરી દઈશું. જેથી બે તાલુકાનો આખો રોડ સળંગ થઈ જાય. વ્યવહારિક રીતે પ્રજાને ઉપયોગી થાય એવું દરેક ધારાસભ્યનું એ કયા પક્ષના છે એ જોયા સિવાય કામ મંજૂર કરવાની મેં સૂચના આપી દીધી છે. આ રીતે અમે પ્રજાલક્ષી કામો કરીએ છીએ. માનનીય વિરજીભાઈએ જ જૂની જૂની બાબતોને વારંવાર મૂકવાનો પ્રયત્ન કરે છે. મારે ભૂતકાળની થોડી યાદ એટલા માટે કરાવવી છે કે, સારું કરે એને કોઈ જોતાં નથી. એક જમાનો હતો જ્યારે કૉંગ્રેસ પક્ષની સરકાર હતી ત્યારે ૧૮ ટકા વ્યાજે ખેડૂતોને બેંકોમાંથી પૈસા લેવા પડતા હતાં. અમે આવ્યા પછી અમારી ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજે રકમ આપીએ છીએ. હજારો–લાખો ખેડૂતોને લાભ મળે છે. એની તમે સારી રીતે કોઈ નોંધ લેતાં નથી. અમુક બાબત સરકારને પહેલાંથી ખબર ન હોય. જેમ કે, કેટલા ખેડૂતો કેટલી લોન લેશે, કઈ બેંકમાંથી લેશે? કોઈ રાષ્ટ્રીયકૃત બેંકમાંથી લે, કોઈ ડિસ્ટ્રીક્ટ બેંકમાંથી લે. સરકાર પેહેલાં ડિસ્ટ્રીક બેંકો અને સહકારી બેંકોને વ્યાજ ભરપાઈ કરવાનું પસંદ કરે છે. રાષ્ટ્રીયકૃત બેંકમાં તબક્કાવાર એનું વ્યાજ જમા થાય છે અને નાબાર્ડ તરફથી જે હિસ્સો અપાય એ નાબાર્ડ તરફથી ચૂકવવામાં આવે છે. ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજે રકમ તો મળી જાય છે. કદાચ થોડો ટાઈમ ખેડૂતને કે મંડળીને એ વ્યાજ ભરવું પડે તો સરકાર એને રીએમ્બર્સમેન્ટ કરી દે છે. એટલે બધું કરી આપવું, એક જ દિવસે કરી દેવું, તરત જ કરી દેવું, એવી કોઈ યોજના હોઈ શકે નહિ. દરેક યોજનાની દરેક પધ્ધતિ હોય અને પધ્ધતિ પ્રમાણે છેવટે ખેડૂતોને, પ્રજાને, નાગરિકોને, વિદ્યાર્થીઓને, વિધવાઓને, મહિલાઓને કે આદિવાસીઓને એનો લાભ મળે છે કે નહિ એ આપણે જોવાનું હોય. એ લાભ આપવાનું કામ અમારી ભા.જ.પ.ની શ્રી વિજયભાઈની સરકાર દ્વારા અમે કરીએ છીએ. કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકાર દ્વારા કરીએ છીએ અને હમણાં જ નાબાર્ડ સાથે મિટિંગ થઈ એમાં પણ આ પ્રશ્ન અમે ધ્યાન ઉપર મૂક્યો છે. લગભગ ૧૨,૦૦ કરોડ રૂપિયા ખેડૂતો વતી આપણે આ વ્યાજ ચૂકવીએ છીએ. વીજળી માટે લગભગ ૪.૫ થી ૫ હજાર કરોડ રૂપિયા ગુજરાતના ખેડૂતો વતી ગુજરાત સરકાર જી.ઇ.બી.ને સબસિડી ચૂકવે છે. બીજું, બધું ખેડૂતો માટે તો એકપણ યોજના એવી નથી કે ખેડૂતને એનો લાભ મળતો ન હોય એવું જયારે અમારી સરકાર કામ કરતી હોય ત્યારે ગુજરાતના ખેડૂતને કે કોઈપણ વર્ગને બધી જ રીતે મદદરૂપ થવું એ અમારું કામ છે અને અમે કરી રહ્યા છીએ. સાહેબ, શ્રી જશુભાઈ ઉપસ્થિત નથી એટલે એમની વાતનો પણ હું જવાબ નહીં આપું. શ્રી ભગાભાઈ બારડ ઉપસ્થિત છે એમણે માંગણી કરી છે કે, કેરીના કે બીજા કોઈપણ ફળ ફળાદિના પાકને, પાક વીમા યોજનામાં સામેલ કરવા જોઈએ. આ વિષય ભારત સરકારને લગતો છે. કારણ કે, ટેકાના ભાવે ખરીદી અથવા તો પાક વીમા યોજનાની બાબતમાં ઉમેરવું, એ રજૂઆત ગુજરાત સરકાર કરી શકે પણ અમે ભારત સરકારને રજૂઆત તો કરીએ છીએ, માંગણી પણ કરીએ છીએ અને ભારત સરકારને તો આખા દેશને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવાના હોય છે પણ શ્રી ભગાભાઈએ સ્વીકાર્યું એ એમનો આભાર માનું છું કે, થોડા વખત પહેલાં ભારે વાવાઝોડું આવ્યું અને કેરીના પાકને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બંને જગ્યાએ જે નુકસાન થયું એ વખતે ગુજરાત સરકારની કોઈ સીધી જવાબદારી નહીં હોવા છતાં અમારા કૃષિ મંત્રી ફળદુ સાહેબનો ખૂબ આગ્રહ હતો કે, આ ખેડૂતોને તમે મદદ કરો, બાગાયતી પાકને મદદ કરો એટલે અમે સ્પેશિયલ પેકેજ કરી અને એમને આપણે લાભ આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. અનિલ જોષિયારાજી અનેક વખત મને મળ્યા, એમની વાત સાચી છે એમના પુલ, ક્રોસ–વે એની બધી માહિતી મેં મંગાવી છે અને ડો.જોષિયારા સાહેબ, જેટલું શક્ય હશે એટલું આ વખતે જ આપણે બધા મંજૂર કરીશું પણ સાહેબ, બીજી મારે એક થોડી સ્પષ્ટતા કરવી છે કે જયારે પાણીની અછતનો પ્રશ્ન આવે ત્યારે એ બાજુના ધારાસભ્યો એમ કહે, આ શ્રી જશુભાઈ નીકળી ગયા, પાણી નથી, પથ્થર છે, પીવાના પાણી વગર, ખેતીના પાણી વગર અમે બાકી છીએ અને જયારે ક્રોસ–વે, રસ્તા, પુલો માંગવાના આવે ત્યારે એ બીજી બાજુ એવી રજૂઆત કરે કે અમારા ક્રોસ–વે ઉપર તો ચાર–છ મહીના પાણી જાય છે, અમે નીકળી શકતા નથી, અમારી જુદી જુદી નદીઓમાં, ડેમોમાં પાણી આવે છે એવી બે બાજુની રજૂઆત છે પણ એમની વાત પ્રજાલક્ષી છે, લોકોના અવર જવર માટે છે, વિદ્યાર્થી બધાને લાગુ પડે છે એટલે જેટલું વાજબી હશે

એટલું ચોક્કસ અમે કરીશું. માનનીય ગ્યાસુદ્દીનભાઇએ જે વાત કરી છે, એની માનનીય પ્રદિપસિંહજીએ નોંધ કરી હશે, એ મારો બહું વિષય નથી, તો શ્રી પ્રદિપસિંહજી એની યોગ્ય કાર્યવાહી કરશે, એવું મારું મંતવ્ય છે. આમ, આખા રાજ્યનું જે બજેટ આપણે અનેક ચર્ચાઓ કરી, દરેક વિભાગો ઉપર ચર્ચા કરી, મેં લિસ્ટ બનાવ્યું હતું લગભગ સવા સો જેટલા ધારાસભ્યોએ, મંત્રીઓ સિવાય લગભગ તમામ આવી જાય, એ બધાએ આ વિધાનસભાના બજેટ સત્રમાં કોઇ ને કોઇ વિભાગ ઉપર પોતાના પ્રવચનો, મંતવ્યો, સૂચન હોય, સરકારની ટીકા બધું જ કર્યું છે. એ બધું જ આપણી લોકશાહી પરંપરા પ્રમાણે આપશ્રીએ ખૂબ સારી રીતે સંચાલન કરી બધા જ ધારાસભ્યોને તક આપી છે ત્યારે આ વિનિયોગ વિધેયક પણ સર્વાનુમતે મંજૂર કરવા મારી સર્વેને વિનંતી છે. કોરોનાનો ખર્ચો પણ આમાં આવશે, કર્મચારીઓનું પેન્શન પણ આવશે, કર્મચારીઓનો પગાર પણ આવશે, ખેડૂતોની સબસિડી પણ આવશે, રોડ, રસ્તા, શિક્ષણ બધું આમાં આવી જવાનું છે, એટલે બધાને મંજૂર કરવા, સર્વાનુમતે મંજૂર કરવા ભાઇ શ્રી પરેશભાઇને અને શ્રી શૈલેષભાઇને મારી વિનંતી છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : મારો જી.આઇ.ડી.સી.નો પ્રશ્ન રહી ગયો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એક મિનિટ, માનનીય ડેર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કનુભાઇએ જી.આઇ.ડી.સી.ની જે માંગણી કરી છે, એ પ્રમાણે આમ તો અમે જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગ વિભાગમાં મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે કે, જ્યાં ઉત્પાદકો ઉદ્યોગ સ્થાપવા માંગતા હોય અને વાજબી સંખ્યામાં જી.આઇ.ડી.સી. બનાવી શકાય એવી રીતની માંગણી ઉદ્યોગકારો દ્વારા આવે કે અમારે તળાજામાં ૨૫, ૩૦, ૪૦ યુનિટ નાખવા છે, તો જી.આઇ.ડી.સી. કલેકટર દ્વારા સરકારી જમીન પસંદ કરે અથવા જે જમીન પ્રાપ્ત હોય ત્યાં જીઆઇડીસી બનાવવી. ઘણી વખત સાહેબ ભૂતકાળમાં એવું થયું છે કે બનેલી જીઆઇડીસી ઉતાવળે બનાવેલ જીઆઇડીસી આજે ખાલી પડી છે કારણ કે ઉદ્યોગકાર ત્યાં નથી. જીઆઇડીસી ત્યારે જ શ્રી કનુભાઇ ચાલે કે ત્યાં ઉદ્યોગકાર આવવા જ જોઇએ. તમે આવા ૨૫–૫૦ વધારે થાય તો સારું એવા ઉદ્યોગકારોની માગણી જીઆઇડીસી પાસે કરાવો કે અમે તળાજામાં આ ઉદ્યોગ સ્થાપવા માગીએ છીએ અમારે આટલી જમીન જોઇએ છીએ. તો જીઆઇડીસી એના અંગે કલેકટર મારફતે કાર્યવાહી કરશે.

બીજું સાહેબ, મને જણાવતાં આનંદ થાય છે કે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને અમે બધાએ નિર્ણય કર્યો કે જીઆઇડીસીને જે જમીનો અપાય તે એ પણ સરકાર હવે રાહત ભાવે આપશે, અમે રાહત ભાવે જીઆઇડીસીને આપીએ એટલે જીઆઇડીસી એ ફાયદો સીધો ઉદ્યોગકારને સીધી જમીનની કિંમતમાં પાસ કરી શકે એટલે ઉદ્યોગકારને જમીન સસ્તી પડે. આ બધું કરવાનું કામ બેરોજગારી ઘટાડી રોજગારી વધારવી અને ગુજરાતને ઔદ્યોગિક રીતે આગળ વધારવું નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગો વધારવા એ કામ પણ અમે કરીએ છીએ. તમે શ્રી કનુભાઇ ઉદ્યોગકારો પાસે જીઆઇડીસીના ચેરમેન અથવા એમ.ડી. સાથે મિટિંગ કરાવો અને માગણીઓ કરાવો તો ચોક્કસ એ અંગે વિચારણા થશે. મેં ગઇ વખતે પણ કહ્યું હતું કે એકલા તળાજા માટે આખા ગુજરાત રાજય માટે રાજય સરકારે આ નિર્ણય કર્યો છે. આપણે કહી દઇએ કે જીઆઇડીસી આપો ત્યાં કોઇ કારખાનું નાંખવા જ તૈયાર ન હોય તો જીઆઇડીસી બનાવાનો શું મતલબ. એટલે જયાં માગણી આવશે તો સાહેબ ત્યાં જીઆઇડીસી ચોક્કસ કાર્યવાહી કરશે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ભાભરથી સુઇ ગામ ૧૫ કિલોમીટર જેટલો રસ્તો પહોળો કરવાનો બાકી છે. જો આ રસ્તો થઇ જાય તો સૂઇગામથી કરીને પાલનપુર સુધી તમામ પહોળો રસ્તો બાકીનો રસ્તો સીઆરએફમાં અને બીજી ગ્રાન્ટોમાં થઇ ગયેલો છે. માત્ર આટલો જ બાકી છે. બીજું, એ તાલુકાથી તાલુકાને જોડતો રસ્તો છે. ભાભર અને સૂઇ ગામ એટલે ૪૦ થી ૪૫ ગામનો વેપારી જે કાંઇ વેપારી મથક કહેવા એ ભાભર છે એટલે આ રસ્તાને અગ્રતા આપીને મંજૂર કરે એવી વિનંતી છે. અને એક ભાભરથી વાવ એ પણ તાલુકાને તાલુકાથી જોડતો રસ્તો છે.

બીજી એક જનરલ આપના માધ્યમથી મંત્રી સાહેબને વિનંતી કરવા માગું છું કે કોઇ પણ રસ્તાના કામ મંજૂર કરવામાં આવે જિલ્લા પંચાયત હોય કે સ્ટેટના હોય તેના કંઇક એસ.ઓ.આર.ના ભાવ અલગ હોવાના કારણે વાંરવાર અમે અધિકારીઓને કહીએ કે ભાઇ સ્ટેટના કામો સારા થાય અને જિલ્લા પંચાયતના કામોની કવોલીટી સારી હોતી નથી. તો એના કારણો શું, તો એ લોકો વાંરવાર કહે છે કે એના એસ.ઓ.આર.ના ભાવ સરખા નથી હોતા. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી (અંતરાય) અડધી મિનિટ સર. કોઇ પણ કામ એક કરોડનું કામ હોય એ ૮૫ લાખ સુધી કરવા કોઇ એજન્સી તૈયાર થાય તો એની અંદર ગુણવત્તા હોય પણ એ ૭૦ કે ૬૫ લાખની અંદર જયારે એ તૈયાર થાય ત્યારે એ કામની અંદર કોઇ ગુણવત્તા હોતી નથી. એટલે એના જે કાંઇ નિયમો છે ઓન લાઇન ટેન્ડર છે. ઓન લાઇન ટેન્ડરની જે સિસ્ટમ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે તો ભાષણ ચાલુ કરી દીધું. પ્લીઝ, માનનીય પ્રતાપ દુધાત. આવી ગયું બધું આવી ગયું. આતો એક સવાલ કાંઇક જાણવાનો હોય. (અંતરાય) ના, હોય, ના હોય. તોયે ઘણું કહ્યું ઘણું કહેવા દીધું.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇએ વાત કરી કે ઉદ્યોગકારો પોતાનો ૪૦થી ૫૦ જણા માગણી મૂકે તો અમે જીઆઇડીસી આપવા તૈયાર છીએ. વર્ષ ૨૦૧૨ની અંદર આજના વડાપ્રધાન અને એ વખતના મુખ્યમંત્રીશ્રી (અંતરાય) ...

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૧

અધ્યક્ષશ્રી : જૂની વાત ન કરશો. નવો કોઇ પ્રશ્ન હોય તો કહો.

શ્રી પ્રતાપ દુધાત : સાહેબ, મારા વિસ્તારને જીઆઇડીસી ડિકલેર... (અંતરાય)

અધ્યક્ષશ્રી : નવો કોઇ પ્રશ્ન છે? આ રાજકીય અવલોકન થાય છે. (અંતરાય) માનનીય ગુલાબસિંહ.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મારા વિસ્તારમાં નર્મદા કેનાલ નિકળે છે સાહેબ, ૩૪-૩૫ ગામ એના કમાન્ડ એરિયામાં આવે છે. એના સિવાયના ૯૭ ગામ એ કમાન્ડ એરિયામાં નથી આવતા અને આજે પાણીના તળ ખૂબ ઉંડા જઇ રહ્યા છે ત્યારે જેમ તળાવ ભરવા જેમ શીપુ સુધી જેમ પાઇપ લાઇનના ત્રણ કિલોમીટરના આ આવી છે. એના સિવાય ઘણા બધા ગામ રહી જાય છે. કારણ કે આખા વિસ્તારમાં અસમાનતા છે એક બાજુ પાણી છે તો એક બાજુ પાણી નથી. તો કંઇક આયોજન કરીને તળાવ ભરીને ૯૭ ગામોને પ્રશ્ન છે સૂજલામ્ સૂફલામ્ કેનાલ છે મંત્રીશ્રી ત્યાં પણ બારેમાસ જો પાણી રહે તો લોકોના બોરના પાણીના તળ છે એ સચવાઇ રહે અને ૯૭ ગામની વિકટ પરિસ્થિતિ છે એનો ઉકેલ લાવવામાં આવે, એવી આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી એક વિનંતી એવી છે કે અમારા નવસારી જિલ્લામાં છેલ્લા કેટલાય વર્ષોથી કેરોસીન મળતું નથી. આ આદિવાસી વિસ્તાર છે અત્યારે ગેસની બોટલ ખૂબ મોંઘી થઇ ગઇ છે એ ખરીદી શકતા નથી. એટલે ઘણી વખત લોકો હાટવાડામાં, બજારમાં જઇને કોથળી લાવીને એનાથી ચૂલો સળગાવે છે એનાથી એમના સ્વાસ્થ્યને તકલીફ પડે છે તો વધુ નહિ પણ એક બે લિટર કેરોસીન મળતું હોય તો અમારા વિસ્તારના લોકોને આપવામાં આવે. એવી જ રીતે નવસારી જિલ્લામાં શિક્ષણમાં મધ્યાહન ભોજન યોજના ચાલે છે એ કોઇ એજન્સી ચલાવે છે એ પૂરતું ગુણવત્તાયુકત અથવા તંદુરસ્તીમાં સારામાં સારું જળવાય રહે તેવું મેનુ મુજબનું જમવાનું આપતા નથી. તો સારામાં સારું જમવાનું આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે અથવા સ્થાનિક મધ્યાહન ભોજનના કર્મચારીઓ છે એમની પાસે કરાવવામાં આવે તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગુલાબસિંહ, તમે મને એક ચિઠ્ઠી મોકલી હતી કે ગેલેરી નંબર-૩માં પ્રશ્નો મને પૂછવા દેતા નથી. મેં રિપોર્ટ કઢાવડાવ્યો આ ૧૯મો પ્રશ્ન પૂછી રહ્યા છો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨**

ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૧

**સન ૨૦૧૩ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

* વિધેયક તારીખ ૨૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૧નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૧ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૧ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૧ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન–૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૭**

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧

**ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૭, સન–૨૦૨૧ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૭, સન–૨૦૨૧ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં અને ગુજરાત રાજ્યમાં તા. ૧–૪–૧૯૭૬થી વ્યવસાય, વ્યાપાર, ધંધા, રોજગાર વેરા અધિનિયમ અમલમાં છે. જેને આપણે બધા પ્રોફેશનલ ટેક્સના નામે ઓળખીએ છીએ. આ પ્રોફેશનલ ટેક્સ નોકરી કરનાર ઉપર, વેપાર–ધંધા કરનાર ઉપર કે કોઇપણ રીતે રોજગારી મેળવનાર ઉપર નિશ્ચિત આવક મર્યાદા કરતા વધુ આવક મેળવતા હોય તેમના ઉપર પ્રોફેશનલ ટેક્સ વસૂલ કરવામાં આવે છે. ગુજરાત પૂરતી જો વાત કરું તો ગુજરાતમાં આ કાયદો વેટ ઉપર આધારિત હતો જે સમગ્ર દેશમાં હતો. જી.એસ.ટી. કાયદો અમલમાં નહોતો આવ્યો ત્યાં સુધી જે વેટનો કાયદો હતો એ વેટના કાયદા હેઠળ જેટલી પણ ચીજવસ્તુઓ જે વેપારીઓ કે નોંધણી કરાવનાર લોકો પાસેથી વેટના કાયદા અંતર્ગત પ્રોફેશનલ ટેક્સ લેવા પાત્ર થતો હોતો. પરંતુ આપણે બધા જાણીએ છીએ તે પ્રમાણે સમગ્ર દેશમાં વર્ષ ૨૦૧૭થી જી.એસ.ટી.નો કાયદો અમલમાં આવ્યો અને વેટનો કાયદો જે રાજ્યોના અધિકારમાં આવે છે એ કાયદા હેઠળ પેટ્રોલ, ડીઝલ, ગેસ આ પ્રમાણેની ચીજવસ્તુઓ ટેક્સેબલ થતી હતી. અને એનું રજિસ્ટ્રેશન વેટના કાયદા હેઠળ કરાવવાનું થતું હતું. બાકીની તમામ ચીજવસ્તુઓ, કોઇપણ ચીજવસ્તુનો વેપારી ધંધો કરતો હોય તો એનું રજિસ્ટ્રેશન ફરજિયાત જી.એસ.ટી.ના કાયદા હેઠળ નોંધાવવાનું થતું હતું. એટલે ભૂતકાળમાં વેટના કાયદા નીચે જે વેપારીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું એ આપોઆપ વેટના કાયદાના રજિસ્ટ્રેશનમાંથી બહાર આવી ગયા અને એ બધા જી.એસ.ટી.ના કાયદા અંતર્ગત આવી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આપણો જે વ્યવસાય વેરો છે એ વેટના રજિસ્ટ્રેશન ધારકો પાસે આપણે ટેક્સ વસૂલ કરી શકીએ એ પ્રમાણેની આપણને સત્તા પ્રાપ્ત હતી. જી.એસ.ટી. કાયદો આવ્યા પછી મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ અને એ સિવાય બીજા રાજ્યોએ પણ પોત પોતાના રાજ્યમાં કાયદાકીય સુધારો કરી વેટના અંતર્ગત જે રજિસ્ટર્ડ વેપારીઓ હતા જે જી.એસ.ટી.માં આવી ગયા એમની પાસેથી પણ વ્યવસાય વેરો વસૂલ કરી શકે એવી કાયદાકીય જોગવાઇ કરતો કાયદો પોત પોતાના રાજ્યમાં આ સરકારોએ મંજૂર કર્યો છે. એટલે આપણે પણ ગુજરાતમાં નાણાં વિભાગ દ્વારા આ કાયદાને જે વેટમાં રજિસ્ટર્ડ હતા અને જે લોકો જી.એસ.ટી.માં આવે છે એ તમામ પાસે આપણે અગાઉ જે રીતે વેટના કાયદા અંતર્ગત જે ટર્ન ઓવર

---

* વિધેયક તા. ૨૫મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ધરાવતા હોય, જે પગારદાર હોય, જેમની પાસેથી વ્યવસાય વેરો વસૂલ કરી શકતા હતા એ તમામ લોકો પાસે હવે જી.એસ.ટી.માં આવી ગયા છે એવા બધા પાસેથી પણ આ વ્યવસાય વેરો વસૂલ કરી શકાશે એવી કાયદાકીય જોગવાઇ કરતું આ બિલ સન્માનનીય ગૃહમાં મેં રજૂ કર્યું છે. હું સ્પષ્ટતા કરી દઉં કે કોઇપણ કરદાતા ઉપર આ સુધારાના કારણે કોઇપણ પ્રકારનો વધારાનો નાણાકીય બોજ થતો નથી. વેટના કાયદામાં જે પ્રમાણેનો વ્યવસાય વેરો ભરતા હતા એ જ પ્રમાણેનો એ જ પદ્ધત્તિથી, એ જ શરતો પ્રમાણે વ્યવસાય વેરો હવે જી.એસ.ટી.ના લોકોએ ભરવાનો થશે એ પ્રમાણેનો આ વર્ષ ૨૦૧૭નો કાયદો છે એમાં સુધારા બિલ તરીકે સન્માનનીય ગૃહમાં મેં રજૂ કર્યું છે. હું સન્માનનીય ગૃહને એ પ્રમાણે માહિતી આપવા માગું છું કે, આની અસર કેવી થશે? અગાઉ વેટમાં હતા એ આપોઆપ આમાં એ જ શરતો પ્રમાણે આવી જશે. વ્યવસાય વેરા કાયદા અંતર્ગત જે પગારદાર હોય એમાં જેમનો માસિક પગાર રૂપિયા ૬ હજારથી ઓછો હોય એમના ઉપર કોઇપણ પ્રકારનો વ્યવસાય વેરો લાગતો નથી. જે માસિક રૂપિયા ૬ હજારથી રૂપિયા ૯ હજાર સુધી પગાર મેળવતા હોય તેને ૮૦ રૂપિયા વેરો લાગશે. માસિક પગાર રૂપિયા ૯ હજારથી રૂપિયા ૧૨ હજાર વચ્ચે હોય તો ૧૫૦ રૂપિયા વ્યવસાય વેરો ભરવાનો થાય છે અને રૂપિયા ૧૨ હજારથી વધુ જેમનો પગાર છે એમણે ૨૦૦ રૂપિયા પ્રતિમાસ વ્યવસાય વેરો ભરવાનો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે, અગાઉ વ્યવસાય વેરાની તમામ આવક રાજ્ય સરકારની તિજોરીમાં જમા થતી હતી. પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદી જ્યારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે મોદી સાહેબે નગરપાલિકાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ, પંચાયતોને આર્થિક રીતે સક્ષમ કરવા માટે, સુદ્રઢ કરવા માટે એક અગત્યનો નિર્ણય કર્યો કે જે વિસ્તારમાં જે વ્યવસાય વેરો એ વેપારીઓ પાસેથી, પગારદાર પાસેથી વસૂલ કરવાનો થાય એનો અધિકાર સરકારે જે તે નગરપાલિકા, મહાનગરપાલિકા અને પંચાયતોને આપ્યો અને એની આવક થાય એ આવક પોતાના સ્વભંડોળમાં દા.ત. અમદાવાદ કોર્પોરેશન છે, તો અમદાવાદ કોર્પોરેશન એમના વિસ્તારમાં જે પ્રોફેશ્નલ ટેક્સ ઉઘરાવે તો એ એની આવક થઇ ગઇ. પહેલા સરકારની આવક હતી પણ સરકારે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને આપી દીધી. સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર કે જૂનાગઢ હોય કે રાજ્યની ૧૬૨ જેટલી એ વખતની નગરપાલિકાઓને કે જિલ્લા પંચાયતોને આ અધિકાર આપી દીધો. સાહેબ, બીજી આમાં જોગવાઇ છે કે જે સરકારી કર્મચારીઓ છે, જાહેર ક્ષેત્રની કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓ છે, એટલે રાજ્ય સરકારના કર્મચારીઓ, બેંકોના કર્મચારીઓ, રેલવે, ઓ.એન.જી.સી., મોટી સરકારી કંપનીઓ એ બધાનો જે પગાર હોય એના પ્રોફેશનલ ટેક્સની આવક એ રાજ્ય સરકારની તિજોરીમાં જમા થાય. એટલે બે ભાગ પાડી દીધા. પહેલા બધી જ આવક રાજ્ય સરકાર લેતી હતી પણ મોદી સાહેબે નગરપાલિકાઓને વધુ મજબૂત, આર્થિક રીતે સક્ષમ કરવા માટે નગરપાલિકાઓ પોતાના વિસ્તારમાં ટેક્સ ઉઘરાવે એ આવક એમની અને પગારદાર કર્મચારીઓ જે સરકારી કર્મચારીઓ કહેવાય. સરકારી કર્મચારીની વ્યાખ્યામાં આવે એવા કહેવાય એની આવક એ રાજ્ય સરકારની તિજોરીમાં જમા થાય. સાહેબ, થોડી માહિતી સન્માનનીય સભ્યોના ધ્યાન ઉપર જો હું મૂકુ તો વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન રાજ્ય સરકારને વ્યવસાય વેરા પેટે ૨૫૬ કરોડ રૂપિયાની આવક થઇ હતી. જે પગારદાર કર્મચારીઓ, સરકારી કર્મચારીઓના પગારમાંથી કપાયેલી રકમ હતી. રાજ્યની નગરપાલિકાઓને રૂપિયા ૭૫ કરોડથી વધુ આવક થઇ હતી અને જિલ્લા પંચાયતોને ૧૨૫ કરોડ રૂપિયાથી વધુ આવક થઇ હતી. અમદાવાદનો દાખલો આપું તો વર્ષ ૨૦૧૯-૨૦માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ૧૮૩ કરોડ રૂપિયા વ્યવસાય વેરાની આવક થયેલ હતી. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને ૧૪૮ કરોડ રૂપિયાની આવક થઇ હતી. વડોદરા કોર્પોરેશનને લગભગ રૂપિયા ૧૫૦ કરોડની આવક થઇ હતી. રાજકોટ કોર્પોરેશનને ૧૩૦ કરોડ રૂપિયાની આવક થઇ હતી. આમ, જે નગરપાલિકા, કોર્પોરેશન વધુ સક્ષમતાથી, વધુ કાર્યદક્ષતાથી વેપારીઓ પાસે, ધંધાર્થીઓ પાસે ટેક્સ ઉઘરાવે તો એટલી આવક એની વધે અને એના શહેરનું કામ કરવામાં એને નાણાકીય મદદ થાય. આ માહિતી એટલા માટે આપી કે હજુ ઘણા શહેરો, ઘણી નગરપાલિકાઓમાં આ વ્યવસાય વેરો વ્યવસ્થિત ઉઘરાવવાનું જો આયોજન કરવામાં આવે તો બહુ નાની, બહુ મહામૂલી રકમ છે. સાહેબ, હું બીજી સ્પષ્ટતા કરી દઉં. કોઇપણ કંપની હોય કે કોઇપણ વ્યક્તિ હોય વર્ષે વધુમાં વધુ ૨૫૦૦ રૂપિયાથી વધુ કોઇની પાસે વ્યવસાય વેરો લેવાનો રહેતો નથી. એટલે રૂપિયા ૨૫૦૦થી વધુ ભારણ તો કોઇને આવતું નથી. રૂપિયા ૨૫૦૦થી નીચે જ બધાને વધતી-ઓછી આવક પ્રમાણે, પગાર પ્રમાણે, ટર્ન ઓવર પ્રમાણે એ ભારણ આવે છે. એટલે વેટમાંથી જી.એસ.ટી.માં આપણાં બધા નોંધણીદારોને શિફ્ટ કર્યા છે. એટલે જી.એસ.ટી.ના કાયદામાં જે લોકો આવી જતા હોય એમની પાસે વ્યવસાય વેરો ઉઘરાવી શકાય એવો સુધારો કરતું બિલ આ ગૃહને મેં રજૂ કર્યું છે. હું આશા રાખું છું કે આખા રાજ્યની બધી સંસ્થાઓના ઉપયોગી અને લોકો ઉપર કોઇ મોટો બોજો ના આવે અને મેં અગાઉ કીધું એમ વર્ષ ૧૯૭૬થી બનેલો આ કાયદો છે તો આ સુધારો મંજૂર કરવા મારી વિનંતી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી ૨૦૨૧નું વિધેયક ક્રમાંક ૧૭ વેલ્યૂ એડેડ ટેક્સનું લઇને આવ્યા છે તેમાં મારા સૂચનો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગની ગઇકાલની પણ માગણીઓમાં આ બાબતની ચર્ચા થઇ ચૂકી છે. વેલ્યૂ એડેડ ટેક્સમાં વધારો કરવા માટેની જ્યારે જોગવાઇ લઇને આવ્યા છે ત્યારે નાણાંમંત્રીશ્રીએ પોતે પણ સ્વીકાર્યું છે. જી.એસ.ટી. કાઉન્સિલમાં પેટ્રોલ, ડિઝલ માટે કેન્દ્ર સરકાર કહે છે કે રાજ્ય સરકાર આ પ્રકારના (અંતરાય)

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે માનનીય બંને નેતાઓ ઉપસ્થિત નથી. આપે અગાઉ ગૃહને સૂચના આપેલી છે કે કોઇપણ બિલ ઉપર જે સુધારો રજૂ થાય તેના પૂરતા જ વિચારો વ્યકત કરવાનો અને આમાં વેલ્યૂએડેડ ટેકસ, પેટ્રોલ, ડીઝલ કોઇ ચીજવસ્તુ આવતી નથી. ફકત વેટમાંથી જી.એસ.ટી.માં ટ્રાન્સફર કરીએ છીએ એના વિશે જે તમારા સૂચનો હોય એ તમે કહી શકો. સુધારા ઉપર તો સાહેબ, આપના આદેશનો અમલ થાય એવી મારી વિનંતી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્દેશો અને કારણોમાં માનનીય મંત્રીશ્રીએ પોતે સ્વીકાર્યું છે કે ચીજવસ્તુ એટલે કે હાઇસ્પીડ ડીઝલ સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતા આપે સ્વીકાર્યું છે ત્યારે એ બાબતમાં હું વાત કરવા માટે ઉભો થયો છું કે જયારે આમાં ચર્ચામાં લેવાનું છે. ચર્ચામાં આવ્યું છે અને તમે કીધું છે કે ૬ ચીજવસ્તુ હાઇસ્પીડ ડીઝલ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતા), મોટર સ્પિરિટ, કાચું પેટ્રોલિયમ, એવિએશન ટર્બાઇન ફયુઅલ, કુદરતી વાયુ (નેચરલ ગેસ) અને માનવ વપરાશ માટેના આલ્કોહોલયુકત દારૂને લાગુ પડે છે. જયારે આપે પેટ્રોલ અને ડીઝલના ઉદ્દેશમાં સ્વીકાર્યું છે ત્યારે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, એક મિનિટ. આના ઉપર બહુ લંબાણપૂર્વક ચુકાદો આપણે પહેલા પણ આપેલો છે અને એ કોપી જોઇતી હોય તો તમને હમણા પણ આપું. અત્યારે સુધારા ઉપર બોલવાનું છે, એટલે તમે ઉદ્દેશો અને કારણોની જે વાત છે એ સમજાવવા માટેની વાત છે. અત્યારે વેટ ઉપર ખાલી સુધારો જે છે એટલા પૂરતું તમારે જે કહેવું હોય એ કહો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, વેટ ઉપરનો સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું એ બાબતમાં પ્રકાશ પાડવા માગું છું. સરકારશ્રીએ ગુજરાત માલ સેવા વેરા અધિનિયમ ૨૦૧૭ ની વ્યાખ્યા પ્રમાણે પુરવઠાદારો કે જેનું રાજયમાં ટર્નઓવર રૂપિયા ૨,૨૫,૦૦૦ થી વધતું ન હોય. અત્યારે તો સામાન્ય છે, રૂપિયાની વેલ્યૂ એટલી ઓછી થતી ગઇ છે કે તેના કારણે નાનો એવો વેપારી, શાકભાજી વેચતો વેપારી પણ સામાન્ય રીતે ૫૦૦–૬૦૦ રૂપિયા ટર્નઓવર કરતો હશે. ૬૦૦ રૂપિયા રોજનો વેપાર કરતો હોય તો ૩૦ દિવસનું એનું ૨૪૦૦૦ રૂપિયા જેવું ટર્નઓવર થયું અને ૧૨ મહિનાનું જયારે ટર્નઓવર થાય એટલે રૂપિયા ૨,૫૦,૦૦૦ થી એનું ટર્નઓવર વધવાનું છે. એ વેપારીઓની શું પરિસ્થિતિ થશે? પાનબીડીનો વેપાર કરતો હશે, એ જી.એસ.ટી. કાઉન્સિલ કે નાના મોટા વેટની ચૂકવણી જી.જી.એસ.ટી.ની ચૂકવણી થઇને આવેલા નાનામોટા તમાકુ કે બીડીનો વેપાર કરે છે. રોજનો ૬૦૦ રૂપિયાનો વેપાર એટલે કોઇપણ સામાન્ય માણસ કરતો હોય. આ ૬૦૦–૭૦૦ રૂપિયાનો વેપાર કરનાર માણસને પણ આપણે વેલ્યૂએડેડ ટેકસમાં ઉમેરવા માગીએ છીએ? ઇન્સ્પેકટર રાજમાંથી મુક્તિ આપવા માટે આ સરકારે ઉમદા કાર્ય કર્યું હતું અને અનેક વખત આ વિધાનસભા ગૃહમાં હું નહોતો ત્યારે પણ મેં સાંભળ્યું છે કે ઇન્સ્પેકટર રાજમાંથી વેપારીઓને છોડાવવા માટેનું આ સરકારનું આયોજન છે. જકાત માટે પણ આ બાબતમાં ચર્ચા થઇ છે એ સારું કાર્ય છે. હું એનો વિરોધ પણ નથી કરતો પરંતુ નાનું ટર્નઓવર છે. માત્ર અઢી લાખ રૂપિયા એટલે તો માનનીય નાણાંમંત્રીશ્રી, બહુ નાની બાબત છે. કોઇપણ નાનો વેપારી આમાં આવી જવાનો છે અને નાનો વેપારી આમાં આવી જવાનો છે ત્યારે આ સુધારો લઇને આવ્યા છે એ વેલ્યૂએડેડ ટેકસમાં આવવાનો છે. વેલ્યૂએડેડ ટેકસ પ્રોફેશનલ ટેકસ છે અને પ્રોફેશનલ ટેકસ છે કે જેમને રોજની રેગ્યુલર આવક મળે છે. દા.ત. હું ધારાસભ્ય છું. મને અહીંથી ધારાસભ્ય તરીકેના હકકો મળે છે. મને નાણાકીય ચૂકવણી થાય છે એમને ટેકસ બરાબર છે પણ જે લોકો પોતાની નોકરી નાની મોટી કરે છે અને જે પોતાનું ટર્નઓવર કરતો નાનો વેપારી છે એનું શું થવાનું છે એ માનનીય નાણાંમંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું. આપણે ઇન્સ્પેકટર રાજમાંથી વેપારીઓને છોડાવવા માટેનું ઉમદા કાર્ય કરવા માટેની આવી સરસ મઝાની જોગવાઇઓ કરી છે. જી.એસ.ટી. લાગુ કરવાની ભૂતકાળની યુ.પી.એની સરકાર હતી ત્યારે પણ જી.એસ.ટી. લાગુ થાય તેના માટેની સતત ચિંતાઓ થતી હતી ત્યારે વિરોધ થતા હતા, વિરોધાભાસ થતો હતો. સુધારા સાથે જી.એસ.ટી. દાખલ કરવામાં આવ્યો છે અને જી.એસ.ટી.ની કાઉન્સિલ પણ છે. તમામ રાજયના નાણાં મંત્રીઓને એમાં બોલાવવામાં આવતા હોય છે. એની ચર્ચાઓ થતી હોય છે. ચર્ચા કર્યા પછી લોકોને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તે જોવા માટેની રાજ્ય સરકારની ઘણી મોટી નૈતિક ફરજ બનતી હોય છે ત્યારે નાના વેપારી માટેની પરિસ્થિતિમાં પણ સરકાર શું કાર્યવાહી કરવા માગે છે? રૂપિયા અઢી લાખથી રૂપિયા પાંચ લાખનું જે ટર્નઓવર છે એવા જ રૂપિયા પાંચ લાખના ટર્નઓવરને મારી લાગણી એવી છે કે મુક્તિ આપવી જોઇએ. જે રૂપિયા પાંચ લાખથી રૂપિયા દસ લાખનું ટર્ન ઓવર કરે છે એ વેપારી થોડો મોટો હશે. એમને દાખલ કરવામાં આવે તો એનો વિરોધ ન હોઇ શકે. પરંતુ જે નાનો ધંધો કરે છે. શાકભાજી વેચે છે, ફેરિયા છે, પાણી પૂરીની લારી ચલાવે છે. પાણી પૂરીવાળા પણ અત્યારે હજાર, હજાર રૂપિયાનું ટર્નઓવર કરે છે. તેમને આ વેલ્યૂએડેડ ટેકસમાં દાખલ કરવામાં આવશે કે કેમ? અને જો દાખલ કરવામાં આવશે તો ચોપડા રાખવા માટેની ફરજ પડશે. ચોપડા નહિ રાખે એટલે વળી પાછા ઇન્સ્પેક્ટરો જશે કે ભાઇ, તું પાણીપૂરીની લારી ચલાવે છે, તારું ટર્નઓવર કેટલું છે? ત્યાં જઇને બેસીને એનો હિસાબ કરશે. આ તો ટેક્સમાં આવી જાય છે. એવા વેપારીઓને માનનીય નાણાંમંત્રીશ્રી શું કરવા માગે છે? એમને મુક્તિ આપવા માગીએ છીએ કે કેમ? તે પણ એક ગૃહના સભ્ય તરીકે જાણવા માટેનો મારો અધિકાર છે. પેટ્રોલ, ડીઝલની પણ આપે વાત કરી છે. પેટ્રોલ, ડીઝલ અત્યારે રોજ મોંઘા થઇ રહ્યા છે. અને જ્યારે આનો લાભ મળે છે, ત્યારે આનો લાભ આપણે લોકો સુધી પહોંચાડવો જોઇએ. પરંતુ આવા વેલ્યુ એડેડ ટેક્સના સુધારા કરીને

ભવિષ્યમાં એ લાભ આપવા માટેની રાજ્ય સરકારની ઇચ્છા હશે તો પણ નહિ આપી શકાય, એટલા માટે સરકારે ઘણી બધી ચિંતાઓ કરવાની જરૂર છે. અને નાના માણસોને મુશ્કેલીઓ ન પડે. કોરોના વાઇરસ જેવી મહામારી ફેલાઇ રહી છે અને રોજ વધતી જાય છે. આ ગૃહના ધારાસભ્યો પણ સંક્રમિત થયા છે. ભૂતકાળમાં બીજા ધારાસભ્યો પણ સંક્રમિત થઇ ચૂક્યા હતા. આ કોરોના જેવી મહામારી છે, ત્યારે આ કાયદો લાવીને પછી વેપારીઓને વધારે મુશ્કેલી તો ઊભી નહિ થાય ને? એ માટે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે તમે જે રૂપિયા ૨.૫ લાખનું ટર્નઓવર ગણવા માટેની આની વેલ્યુ એડેડ ટેક્સ, પ્રોફેશન ટેક્સ લેવા માટેની પ્રથા શરૂ કરવા માટેની જોગવાઇ લઇને આવ્યા છો, ત્યારે એમાં ફેરવિચારણા કરીને મોટું ટર્નઓવર કરતા હોય તેને બરાબર છે, પણ તમે રૂપિયા ૨૫૦૦થી વધારે લેતા નથી. મોટી રકમ કરવાની થતી નથી. એ હું સ્વીકારું છું. પરંતુ મોટી રકમ ન થતી હોવા છતા પણ રૂપિયા ૨.૫૦ લાખનું ટર્નઓવર કરે એને તો ચોપડા રાખવાની ફરજ ઊભી થવાની છે. ત્યારે આ ટેકસમાં કેવા પ્રકારની વેપારીઓને રાહત આપી શકાય તેમ છે તે પણ વિચારવાની જરૂરિયાત ઊભી થઇ છે. ૨૦૦૦ ના વ્યાખ્યાદિત પ્રમાણે રાજ્યનું ટર્નઓવર રૂપિયા ૨ લાખ કરતા પુરવઠાકારોને આવરી લેવાની જોગવાઇ કરી છે, ત્યારે આ બાબતમાં રાજ્ય સરકાર ખૂબ ગંભીર વિચારણા કરીને પછી એમાં જે વેટના કાયદામાં સુધારાઓ લઇને આવ્યા છે, તેમાં અમારાં સૂચનો સ્વીકારે તેવી રાજ્ય સરકારને હું વિનંતી કરું છું.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૦-૨૧ ગુજરાત વિધેયક ક્રમાંક-૧૭ ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા(સુધારા) વિધેયકને મારો ટેકો આપવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

ભારતીય બંધારણની કલમ-૨૭૬, અનુસૂચિ-૭ અન્વયે રાજ્ય સરકારને વ્યવસાય, વેપાર અને ધંધા અને રોજગાર ઉપર વેરો નાખવાની અને ઉઘરાવવાની સત્તા મળેલ છે. આ મુજબ રૂપિયા ૨૫૦૦સુધીની મહત્તમ મર્યાદામાં આ વેરો ઉઘરાવવાનો રહે છે. હમણાં શ્રી વિરજીભાઇ કહેતા હતા, એમને મારે કહેવું છે વેટમાંથી માત્ર જી.એસ.ટી. માં હેડ ચેઇન્જ થાય છે એમાં બીજો કોઇ વિષય ઉપસ્થિત થતો જ નથી. જે મુજબ રૂપિયા ૨૫૦૦ સુધીની મહત્તમ મર્યાદામાં વેરો ઉઘરાવવાનો રહે છે. આ માટે ગુજરાત રાજ્યમાં ગુજરાત રાજ્ય વ્યવસાય, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬ અમલમાં છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આવકના સ્ત્રોતો જળવાઇ રહે તે માટે તા.૧-૪-૨૦૦૮થી આ વેરો ઉઘરાવવા માટેની સત્તા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપવામાં આવેલી છે. તા. ૧-૪-૨૦૧૭થી જી.એસ.ટી.ના અમલીકરણ બાદ તેને અનુલક્ષીને વ્યવસાય વેરા કાયદામાં સુધારા વિધેયક રજૂ થયેલ છે. સુધારા વિધેયકની ઉમેરવામાં આવેલી નવી કલમ-૭(એ) વિષે હું કેટલીક મહત્ત્વની બાબતો હું આ ગૃહમાં મૂકવા માગુ છું. વ્યવસાય વેરા કાયદાની હાલની જોગવાઇ મુજબ અનુસૂચિ-૧ ની એન્ટ્રી નં. ૭ મુજબ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ વેટ કાયદા હેઠળના વેપારીઓને વ્યક્તિઓના વર્ગ એટલે કે ક્લાસ ઓફ પર્સનમાં સમાવેશ કરવામાં આવેલ છે. રાજ્યમાં તા.૧-૭-૨૦૧૭ થી ગુજરાત માલ અને સેવા અધિનિયમ ૨૦૧૭ જી.એસ.ટી. કાયદો અમલમાં આવેલ છે. અને વેટ કાયદો ફક્ત ૬ ચીજવસ્તુઓ માટે એટલે કે પેટ્રોલ, ડીઝલ, ક્રૂડ ઓઇલ, એ.ટી.એફ., નેચરલ ગેસ, આલ્કોહોલિક લિકર પૂરતો સીમિત છે. તા. ૧-૭-૨૦૧૭ બાદ ૬ ચીજવસ્તુઓ સિવાય અન્ય ચીજવસ્તુઓના ધંધા સાથે સંકળાયેલ કાયદા હેઠળના વેપારીઓ હવે જી.અસે.ટી.ના કાયદા હેઠળ વેરો ભરવા જવાબદાર થાય છે. જે બાબતે ધ્યાનમાં લેતા હાલની વ્યવસ્થા એ વેરા કાયદાની અનુસૂચિમાં આવા કરદાતાનો સમાવેશ કરવા માટે નવી એન્ટ્રી ૭(એ) દાખલ કરવાની થાય છે. વ્યવસાય વેરા કાયદાની હાલની જોગવાઇ મુજબ વેટ કાયદા હેઠળ વ્યાખ્યાદિત વેપારીઓ ઉપર ટર્નઓવર મુજબ અલગ અલગ પ્રકારનો વેરો વસૂલ કરવામાં આવે છે. જેનું રૂપિયા ૨.૫ લાખથી ટર્નઓવર નીચે હોય એને આમાંથી મુક્તિ આપવામાં આવે છે. જેનું ટર્નઓવર રૂપિયા ૨.૫૦ લાખથી રૂપિયા ૫ લાખ સુધીનું હોય એને માત્ર રૂપિયા ૨૫૦૦ની મહત્તમ મર્યાદામાં વેરો ઉઘરાવવાની સત્તા આપેલી છે. હવે આ જે આવક થાય છે એનો પ્રજાહિતને ધ્યાનમાં રાખીને ઉપયોગ કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને વ્યવસાય વેરાની કુલ આવકમાં ૭૫ ટકા આવક પગારદાર પાસેથી થાય છે માત્ર ૨૫ ટકા આવક વ્યવસાયોમાંથી મળે છે. આ આવકમાંથી લોકોની સુખાકારી માટે રસ્તા, લાઇટ, પાણી, ગટર, સ્વાસ્થ્ય જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે એટલે આ વિધેયકને મારો ટેકો છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણાંમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક-૨૦૨૧ લઇને આવ્યા છે એ વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં વારંવાર વેટની ચર્ચાઓ થાય છે. વન નેશન વન ટેક્સ, અમે પણ સરકારને સમર્થન કરીએ છીએ કે ટેક્સ એ જરૂરી છે. કોઇ પણ રાજય કે દેશનો વહીવટ ચલાવવા માટે ટેક્સ એ બહુ જરૂરી છે પરંતુ અત્યારે માનનીય નીતિનભાઇ તમે જી.એસ.ટી.ની વાતો કરો છો એ વર્ષ ૨૦૦૬-૦૭માં ફાઇનાન્સ મંત્રી તરીકે કેન્દ્રમાં પી.ચિદમ્બરમ હતા યુ.પી.એ.ની સરકારમાં ત્યારે એમણે સૌથી પહેલા જી.એસ.ટી. બાબતે સ્પીચ આપી હતી. (અંતરાય) જી.એસ.ટી.ની વાત છે, આ જી.એસ.ટી. તમે લઇને આવ્યા છો એની વાત કરું છું. વ્યવસાય વેરાની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧લી એપ્રિલ, ૨૦૧૦ના દિવસે માનનીય મનમોહનસિંહ વડાપ્રધાન હતા ત્યારે એમણે એમ્પાવર્ડ કમિટી બનાવેલી અને ૧લી જુલાઇ, ૨૦૧૭થી આ જી.એસ.ટી. ટેકસ અમલમાં આવ્યો. સામાન્ય રીતે કોઇ પણ ટેક્સ હોય એ પ્રોફેશનલ ટેક્સ હોય કે જી.એસ.ટી.

હોય પણ નિયમ એવો છે કે, જો ઓછી આવક હોય તો ઓછો ટેકસ હોવો જોઇએ અને વધુ આવક હોય તો વધુ ટેક્સ હોવો જોઇએ. જે ઓછું કમાઇ એ ઓછો ટેક્સ ભરે અને વધુ કમાઇ એ વધુ ટેક્સ ભરે. ઇન્કમટેક્સમાં પણ આપણે આ બધી જોગવાઇ કરેલી છે. માનનીય નીતિનભાઇએ પ્રોફેશનલ ટેક્સની વાત કરી એમણે પ્રોફેશનલ ટેક્સના રેટ પણ આપ્યા કે ગુજરાતમાં રૂપિયા ૬૦૦૦ થી રૂપિયા ૮૯૯૯ સુધી ૮૦ રૂપિયા પ્રોફેશનલ ટેક્સ છે, રૂપિયા ૯૦૦૦થી રૂપિયા ૧૧૯૯૯ સુધી ૧૫૦ રૂપિયા પ્રોફેશનલ ટેક્સ અને રૂપિયા ૧૨૦૦૦થી વધુ માટે ૨૦૦ રૂપિયા પ્રોફેશનલ ટેક્સ છે. પણ બીજા રાજયોની સરખામણી કરીએ અને આપણે જ્યારે ગુજરાતને વિકાસશીલ ગુજરાત કહીએ છીએ અને કર્મચારીઓની અને પ્રોફેશનલ ટેક્સની ચિંતા કરીએ છીએ ત્યારે મારે કહેવું છે કે, એમ.પી.માં રૂપિયા ૧૮૭૫૦ સુધી કોઇ પણ પ્રોફેશનલ ટેક્સ નથી, મહારાષ્ટ્રમાં રૂપિયા ૭૫૦૦ સુધી કોઇ ટેક્સ નથી, ઓરિસ્સામાં ૧૩૩૦૪ રૂપિયા સુધી કોઇ ટેક્સ નથી, પોન્ડીચેરીમાં ૧૬૬૬૬ રૂપિયા સુધી કોઇ ટેકસ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આટલી માસિક આવક સુધી કોઇ ટેક્સ નથી એમ કહો છો ને?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા, સિક્કીમમાં ૨૦૦૦૦ રૂપિયા સુધી કોઇ ટેકસ નથી, તેલંગાણામાં ૧૫૦૦૦ રૂપિયાની આવક સુધી કોઇ ટેકસ નથી અને પશ્ચિમ બંગાળમાં રૂપિયા ૧૦૦૦૦ ની આવક સુધી કોઇ ટેક્સ નથી. અત્યાર સુધી જે આ ટેક્સની વાત હતી એમાં નગરપાલિકામાં અને મ્યુનિસિપલ કોરપોરેશન બંનેના રેટ અલગ અલગ હતા. રૂપિયા ૨.૫૦ લાખ સુધી કોઇ પણ ટેક્સ હતો નહીં, રૂપિયા ૨.૫૦ થી રૂપિયા ૫ લાખ સુધી ૨૫૦ રૂપિયા ટેક્સ હતો, રૂપિયા ૫ લાખથી રૂપિયા ૧૦ લાખ રૂપિયા સુધી ૫૦૦ રૂપિયા ટેકસ હતો અને રૂપિયા ૧૦ લાખથી ઉપર હોય તો ૧૦૦૦ રૂપિયા ટેક્સ હતો. નવો સુધારો લઇને માનનીય નીતિનભાઇ આવ્યા છે અને આ બધા સ્લેબ રદ કરી અને માત્રને માત્ર કોઇ પણ પ્રકારે બધાનો ટેક્સ રૂપિયા ૨૫૦૦ કરી દીધો છે. એક બાજુ (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીની રજૂઆત છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોફેશનલ ટેક્સ ૨૫૦૦ રૂપિયા ટેક્સ કર્યો છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૨.૩૦ વાગે ફરી મળશે, માનનીય કિરીટભાઇ આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિ રા મ બપોરના ૧૨.૦૦ થી ૧૨.૩૦)**
**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, માનનીય કીરીટભાઇ,

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વ્યવસાય,વેપાર, ધંધા અને રોજગાર ઉપરના વેરાની જે વાત હતી એ અગાઉ મેં કહ્યું એમ રૂપિયા ૨.૫૦ લાખ સુધી નીલ હતી, રૂપિયા ૨.૫૦ લાખથી રૂપિયા ૫.૦૦ લાખ સુધી ૨૫૦ રૂપિયા હતા, રૂપિયા ૫.૦૦ લાખથી રૂપિયા ૧૦.૦૦ લાખ સુધી ૫૦૦ રૂપિયા હતા અને રૂપિયા ૧૦ લાખથી ઉપર ૧,૦૦૦ રૂપિયા હતા. આ તમામ જે દર હતા વ્યવસાય વેરાના–ટેક્સના એમાં ફેરફાર કરીને તમામના ૨,૫૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. એટલે આ જે ટેક્સ વધારવામાં આવ્યો છે એનાથી અમારા સાથી સભ્ય માનનીય શ્રી વિરજીભાઇએ કહ્યું એમ નાના વેપારીઓને નુકસાન થવાનું છે. આપણે જાણીએ છીએ તે રીતે મોટું શહેર હોય, મ્યુનિસિપલ કોરપોરેશન વિસ્તાર હોય કે નગરપાલિકા વિસ્તાર હોય એની અંદર જે ટર્નઓવર હોય છે એમાં ફેરફાર હોય છે, અમદાવાદની અંદર કોઇ વેપારી વરસે એક કરોડ રૂપિયાનું ટર્ન ઓવર કરતો હોય અને પાટણની અંદર એ વેપારી ૧૦ લાખ રૂપિયા સુધીનું જ ટર્ન ઓવર કરી શકે. મોટું સીટી હોય તો એમાં વેપાર વધુ હોય, નાનું સીટી હોય તો એમાં વેપાર ઓછો હોય. ગામડાની અંદર પણ વેપાર ઓછો હોય એટલે આ જે ૨,૫૦૦ રૂપિયા કર્યા છે એનાથી નાના વેપારીઓને નુકસાન થાય છે. એક કહેવત છે, આગળની વાત તો નહિ કહું પણ પાછળની વાત કરું તો "ટકે શેર ખાજા ટકે શેર ભાજી, " આવી પરિસ્થિતિ વેપારીઓની થઇ છે. ખરેખર જે વેપારી ઓછો વેપાર કરતો હોય એનો ટેક્સ ઓછો હોવો જોઇએ અને જે વેપારી વધુ વેપાર કરતો હોય એનો ટેક્સ વધુ હોવો જોઇએ. મારા પાટણની વાત કરું શ્રી નીતિનભાઇ, આ પ્રોફેશનલ ટેક્સની અંદર વધારો કર્યો તો મને સમજાતું નથી..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણું છું કે પાછળથી જવાબ આપવાની મને છૂટ છે પણ શ્રી કીરીટભાઇને બહુ મોટી ગેરસમજ છે કાં તો જાણીબુઝીને પોતે ગેરસમજ કરી રહ્યા છે અને કરાવી રહ્યા છે, કોઇ ૨,૫૦૦ રૂપિયા અમે કર્યા નથી, કોઇનો એક રૂપિયાનો ટેક્સ વધાર્યો નથી, તમે પ્રોફેસર જેવા વિદ્વાન હોવા છતાં, હાથે કરીને, જાતે કરી અને સન્માનનીય ગૃહને *(xxx) મારે ના કહેવું જોઇએ પણ પબ્લિસિટી મેળવવા *(xxx)..

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, આપે જે કહેવું હોય તે પછી કહેજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના, સાહેબ મેં વારંવાર કહ્યું કે,

અધ્યક્ષશ્રી : આમાં તો એમને ઘણું લાંબુ કહેવાનું છે..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારો અધિકાર છે,

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસો, પ્લીઝ, આપ બેસો,

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો તેમજ ટીકાત્મક જે શબ્દો છે તે અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોઇ ગેરસમજ કર્યે જાય તો મારે સાંભળ્યે જવાનું? કોઇ ગેરસમજ કર્યે જ જાય તો મારે સાંભળ્યે જ જવાનું?

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર છે?, આ આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, સાહેબ,પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : ના, પહેલાં નહોતો, હવે આપ કહો છો કે પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સોરી, હું હવે કહું છું કે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પહેલાં તો આપે એમ કહ્યું કે હું પાછળથી એનો જવાબ આપી શકું એમ છું. તેમ છતાં આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો  કહો ચાલો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, મારા વાચન વખતે મારા પ્રસ્તાવ એકમાં અને બેમાં બહુ સ્પષ્ટતા કરી છે કે એક રૂપિયાનો ટેક્સ વધારો કોઇના ઉપર થતો નથી, ફક્ત વેટમાંથી જી.એસ.ટી.માં આવે છે, ટર્ન ઓવર ઓછું હોય તો ૮૦ રૂપિયાથી માંડીને આખા ગુજરાતની મોટામાં મોટી કોઇ કોઇ કંપની હોય તો પણ એને વરસે ૨,૫૦૦ રૂપિયા, કોઇનો ૧.૨૫ લાખ રૂપિયા પગાર હોય મહિને તો પણ ૨,૫૦૦ રૂપિયા એનાથી વધુ કશું જ નહિ, રૂપિયા ૨૫૦૦ની સિલિંગ છે. આ બધું મેં કહ્યું છે, પણ તમે પ્રોફેસર છો છતાં ખોટી રીતે અર્થઘટન કરો છો તો તમે એ સુધારી લો.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, માનનીય મંત્રીશ્રી, આપનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ હું નામંજૂર કરું છું. શ્રી કીરીટભાઇ, આપ આગળ વાત કરો. (અંતરાય) હવે કોઇ વિનંતી નહિ, મેં પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો છે. હવે શું છે? માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું એ એમના કહેવા મુજબ સરકારનું સત્ય છે. વિપક્ષને ટીકા કરવાનો અધિકાર છે અને એ કરી રહ્યા છે. પ્લીઝ, હવે આપ બેસી જાઓ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે સભ્યશ્રી પ્રચાર કરવા માટે..

અધ્યક્ષશ્રી : હા, એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે. આગળ બોલેલા ટીકાત્મક શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ તમે કાચા ના થાવ, શાંતિ રાખો (અંતરાય) કોઇ Publicity લેવાની ટેવ નથી, શ્રી નીતિનભાઇ, ખોટી વાત ના કરો. આમાં Publicity લેવાની કયાં વાત છે ?

અધ્યક્ષશ્રી : આપ પહેલાં બેસી જાઓ, એક મિનિટ  માનનીય મંત્રીશ્રી, શાંતિ રાખીએ (અંતરાય) એ જતાં રહે તો કોઇ ઉપાયો નથી (અંતરાય) ભાઇ, નાસી ના જશો. ચાલો હવે કહો.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કદાચ અમારી ભૂલ થતી હોય તમે નાણાંમંત્રી છો તો મેં જે કહ્યું કે અત્યાર સુધી (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય કીરીટભાઇ, તમારે જે કહેવું હોય તે મને કહો પ્લીઝ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા અઢી લાખ સુધી ટેક્સ નીલ હતો, રૂપિયા બે લાખથી રૂપિયા પાંચ લાખ સુધી ૨૫૦ રૂપિયા હતો, રૂપિયા પાંચ લાખથી રૂપિયા દસ લાખ સુધી રૂપિયા ૫૦૦ હતો અને રૂપિયા ૧૦ લાખની ઉપર હજાર રૂપિયા હતો. આ બાબતમાં મને એવું લાગ્યું કે તમે આની અંદર સુધારો કરવા માગો છો એટલે મેં આ વાત કરી કદાચ મારી વાત ખોટી હોય તો તમે એવું કહો કે આ તમારી વાત ખોટી છે પણ તમે એવા આક્ષેપ કઇ રીતે કરો કે તમે Publicity કરવા માટે કરો છો. (અંતરાય) કોઇ ખોટી વાત નહીં કરવાની માનનીય નીતિનભાઇ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પાર્ટનરની વાત કરું તો આ જે નાના દુકાનદારોનો ટેક્સ વધારવામાં આવ્યો તેની અંદર મિનિમમ દસ હજાર જે નાના વેપાર અને ધંધો કરતા વેપારીઓ છે અત્યાર સુધી તે હજાર રૂપિયા સુધીનો ટેક્સ ભરતા હતા શ્રી નીતિનભાઇ, આ મારી સમજ છે કદાચ મારી ભૂલ થતી હોય તો તમે મને જવાબ આપજો.

અધ્યક્ષશ્રી : વાત આવી ગઇ, આગળ ચાલો.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ બાબતે મારે નાણાંમંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, જો તમે આ રીતે નાના વેપારીઓ ઉપર ટેક્સ નાંખવા માગતા હો તો એમાં અમારો વિરોધ છે અને જયારે અમારા શ્રી વિરજીભાઇએ કહ્યું કે કોરોનાના લીધે નાના વેપારીઓને નુકસાન થયું છે, નાના ઉદ્યોગ ધંધાને મોટું નુકસાન થયું છે એટલે અમારી નાણાંમંત્રીશ્રીને વિનંતી છે કે, આ નાના વેપારીઓનો જે તમે આ પ્રોફેશનલ ટેક્સ રૂપિયા ૨૫૦નો રૂપિયા ૨૫૦૦ કરવા માગતા હો તો એની સામે અમારો વિરોધ છે જયહિંદ, જયભારત.

શ્રી પરેશ ધાનાણી**(**અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી ગુજરાતનું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૧નું ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક–૨૦૨૧ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે બિલના ઉદ્દેશો અને કારણો છે તેમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ–૩માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ વાર્ષિક કુલ ટર્ન ઓવરના આધારે અધિનિયમ હેઠળ વેરો ચૂકવવા માટે જવાબદાર રહેશે અને તેથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમનો આરંભ થયો છે તે અનુસાર આ અધિનિયમની અનુસૂચિ–૧ સુધારવા ધાર્યું છે.

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રસ્તાવનામાં જે ગૃહ સમક્ષ વાત મૂકી વર્ષ ૧૯૭૬થી ગુજરાતમાં વ્યવસાય વેરો ચાલે છે. અમારા સભ્યશ્રી કીરીટભાઈ પટેલે કહ્યું તેમ આજપર્યંત એ વ્યવસાય વેરો રૂપિયા અઢીથી રૂપિયા પાંચ લાખ વચ્ચે ૨૫૦ રૂપિયા, રૂપિયા પાંચ લાખથી રૂપિયા દસ લાખ વચ્ચે ૫૦૦ રૂપિયા અને રૂપિયા દસ લાખથી વધુના ટર્ન ઓવર ઉપર ૧ હજાર રૂપિયા જેટલો વેરો વસૂલવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીએ એ વાત પણ સ્વીકારી કે આ વ્યવસાય વેરો આપણાં માનનીય પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સમૃદ્ધ કરવા, સુદ્રઢ કરવા, નાણાકીય રીતે સક્ષમ કરવા વર્ષ ૨૦૦૩માં જયારે વેટ નામનો કાયદો આવ્યો ત્યાર પછી આપણે આ વેરો સ્થાનિક સ્વરાજયોને તબદિલ કરી દીધો. માનનીય મંત્રીશ્રીએ ગૃહ સમક્ષ વાત પણ મૂકી કે, ગયા નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન વ્યવસાય વેરા પેટે રાજ્ય સરકારને રૂપિયા ૨૫૬ કરોડની આવક થઈ. નગરપાલિકાઓને રૂપિયા ૭૫ કરોડ, જિલ્લા પંચાયતોને રૂપિયા ૧૨૫ કરોડની અંદાજીત આવક થઈ. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અનુક્રમે રૂપિયા ૧૮૩ કરોડ, રૂપિયા ૧૪૮ કરોડ, રૂપિયા ૧૫૦ કરોડ અને રૂપિયા ૧૩૦ કરોડની આવક થઈ. હજુ ચાર મહાનગરો ચૂકાઈ ગયા. આજ એવરેજથી સરેરાશ સવા સો કરોડ રૂપિયા ગણીએ તો બીજા રૂપિયા ૫૦૦ કરોડ એટલે હું માનું છું કે, માનનીય નાણાંમંત્રીશ્રીએ ગૃહ સમક્ષ વાત મૂકી એ પ્રમાણે વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન ઓછામાં ઓછા રૂપિયા ૧૫૦૦ કરોડ કરતાં વધુની આવક વ્યવસાય વેરા પેટે થઈ હશે. આપણા તત્કાલીન મુખ્યમંત્રી આજે દેશના પ્રધાનમંત્રી છે અને વર્ષ ૨૦૧૭માં અડધી રાત્રે આ દેશની સંસદમાં એક દેશ એક ટેક્સનો કાયદો પસાર કરી આખા દેશમાં એક દેશ એક ટેક્સનો કાયદો લાગુ કર્યો. અમે કાયદાનો વિરોધ નથી કરતાં. આ કાયદાની જનક કોંગ્રેસ છે. કાયદામાં જે પ્રાવધાનો, જોગવાઇઓ અને માંગણીઓ હતી, વિવિધતાની વચ્ચે એકતામાં ઘડાયેલો દેશને જોડવા માટેનો પ્રયાસ હતો. અમે હંમેશા જી.એસ.ટી. લાગુ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકારે જે પ્રાવધાનો કર્યા એનો વિરોધ કર્યો છે. જી.એસ.ટી. લાગુ થયો ત્યાર પછી બાકીના તમામ પ્રકારના કરવેરાને નાબૂદ કરવાનો સંકલ્પ આ દેશની સંસદે લીધો હતો. આ બિલથી આ દેશની સંસદે જી.એસ.ટી. લાગુ થયા પછી તમામ કાયદાઓ નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો હતો એના મૂળભૂત હાર્દને છેદ આપવાનું કામ આજે ગુજરાત વિધાનસભામાં માનનીય નાણાંમંત્રીશ્રી કરી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. જેમ શ્રી કીરીટભાઈએ કહ્યું એમ વ્યવસાય વેરો અત્યાર સુધી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ઉઘરાવતી હતી. એનો હિસાબ કર્યો તો વર્ષ ૨૦૧૯–૨૦માં ૧૫૦૦ કરોડ રૂપિયા આવક થઈ. ૨૫૦ રૂપિયા, ૫૦૦ રૂપિયા અને હજાર રૂપિયાની સરેરાશ લેખે હિસાબ કરીએ તો સરેરાશ એક વ્યક્તિએ વાર્ષિક રૂપિયા ૫૦૦ વ્યવસાય વેરા પેટે ટેક્સ ભર્યો હોય તો પણ અંદાજીત ૩૦ લાખ કરતાં વધુ વ્યવસાય સાથે જોડાયેલા પરિવારો એ ૫૦૦ રૂપિયાનો સરેરાશ વેરો ભરે ત્યારે ૧૫૦૦ કરોડ રૂપિયાની આવક શક્ય બને. હવે આ ક્યા પરિવાર છે? એ પરિવાર જે શાકભાજી અને ફળો વેચીને જીવનનું ગુજરાન ચલાવે છે, ચાની કીટલી ચલાવીને પરિવારનું પોષણ કરે છે, કરિયાણા–ગંધિયાણા, પાનની દુકાન, ક્યાંય કેશકલા, માટીકામ, કાષ્ટ કલા, લોહ કલાના કારીગરો આ લોકો પાસેથી કર વસૂલવાની દરખાસ્ત આ બિલથી આવી છે. મેં હિસાબ કર્યો કે રૂપિયા અઢી લાખ કરતાં વધુની આવક એટલે દરરોજ ૬૮૫ રૂપિયા કરતાં વધુનો કોઈ વકરો કરે, નફો નહિ માત્ર ૬૮૫ રૂપિયા કરતાં વધુનો વકરો કોઈ વ્યકિત કરે એને વેરાના દાયરામાં લાવવા માટે આ બિલ ગૃહ સમક્ષ આવ્યું છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ રૂપિયા છ હજાર કરતાં વધુના પગારદાર લોકો આ ટેક્સના દાયરા નીચે આવવાના જ. આપણાથી નાનાં–નાનાં પછાત રાજ્યોમાં પણ આ કરના દાયરાની જે માસિક આવક મર્યાદા વધુ છે. માસિક આવકનો જે સ્લેબ છે એ વધારવાની જરૂર હતી. લોકોને કોરોનાકાળમાં વધુ મુક્તિ આપવાની જરૂર હતી. આ કાયદામાં કયાંય એવી જોગવાઈ કરવામાં આવી નથી. મને લાગે છે કે, શોપ એકટ નીચે નોંધાયેલા રાજયના તમામ લોકો આ દાયરામાં આવી જવાના. જે વ્યવસાય વેરો પછી વેટ આવ્યો, વેટમાં એને સમાવવા હતા, હવે જી.એસ.ટી. આવ્યો એટલે વેટમાં માત્ર પાંચ જેટલી પ્રોડક્ટો જ રહી છે. તો પાછલા બારણાથી આવા તમામ લોકો જેને જી.એસ.ટી.નું છત્ર મળ્યું હતું આ જ છત્ર છીનવી એવા લોકો પાસેથી કર વસૂલવા આ બિલ ગૃહ સમક્ષ આવ્યું છે. આની અસર શું થશે? અમે ખમણ ખાશું તો એની ઉપર વેરો આવશે, ગાંઠિયા ખાશું તો વેરો આવવાનો, પાણીપુરી વેચનારા ઉપર વેરો આવવાનો, ભેળ કે ભજીયા વેચનારા ઉપર વેરો આવવાનો, કોઇ ઇડલી ઢોંસા ખાશે, ચના ચોર ગરમ વેચનારો માણસ છે ને, એને પણ દરરોજના રૂપિયા ૬૮૫ કરતાં વધુનો વકરો થતો હશે, રૂપિયા ૬૮૫નો વકરો કરે તો સાંજે એની તાવડી ટેકો લઇ ગઇ હોય, બે ટાંણા રોટલો રાંધી શકતો નથી, આવા વર્ગને કરના દાયરામાં લાવવાની જોગવાઈ માનનીય નાણાંમંત્રીશ્રીએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, પેટ્રોલ પુરાવવાનો વેત નથી, સાઇકલ લઈને જાય અને પંચર પડે તો પંચર પાડવાવાળાને પણ આ ટેક્ષના દાયરામાં લાવવાની તમે જોગવાઈ કરવા માંગો છો? મારે આપના મારફત માનનીય નાણાંમંત્રીશ્રી પાસે જાણવું છે કે, આ બિલથી કેટલા લોકો પ્રભાવિત થવાના છે? વર્ષ ૧૯૭૬થી આજ વર્ષ ૨૦૧૯–૨૦ પર્યંત અલગ અલગ પ્રકારે કેટલા લોકો વ્યવસાય વેરાના દાયરા નીચે હતા? એ પૈકી કેટલા લોકોને કલોઝના દાયરા નીચે લાવવામાં આવ્યા? અને આ બિલ લાગુ થશે ત્યારે કુલ કેટલા લોકો કેટલા પ્રકારના વ્યવસાય કરનારા લોકો આ બિલના દાયરામાં આવશે? મેં હિસાબ કર્યો એક પરિવાર, અંદાજિત ૩૦ લાખ પરિવારો આ બિલથી પ્રભાવિત થવાના છે અને એક વ્યકિતએ વ્યવસાય વેરામાં સરેરાશ ૫૦૦ રૂપિયા ભર્યા, આ જ ૫૦૦ રૂપિયાનો જે કર હતો એ ૨૫૦૦ રૂપિયાના સ્લેબ, એટલે પાંચ ગણો

૫૦૦ ટકા કર વધારવામાં આવ્યો છે. એટલે મારું સ્પષ્ટ માનવું છે કે આ બિલ જો વિધાનસભાગૃહમાં પસાર થશે અને સરકાર આને લાગુ કરશે તો, આવતા દિવસોમાં આ ૧૫૦૦ કરોડ રૂપિયા વ્યવસાય વેરો ઉઘરાવવામાં આવતો હતો, એના બદલે ૭.૫ હજાર કરોડ રૂપિયા આ કોરોનાના કાળમાં મરવા પડેલા નાના, મધ્યમ, ગરીબ પરિવારના લોકો, વ્યવસાયકારો એના ખિસ્સામાંથી વસૂલવામાં આવશે આવા નાના પરિવારો ઉપર આ કપરા કાળમાં બોજો વધારવાનું કામ સરકારશ્રી દ્વારા થઇ રહ્યું છે. હું આપના દ્વારા નાણાંમંત્રીશ્રીને વિનંતી કરૂ છું, અમે લેખિતમાં પણ કીધું કે આ જ કલાકારો નવરા પડયા છે, નાના કારીગરો છે એ કામવિહોણા છે, આ કાયદાથી મજુર મિનિમમ વેજીસનો કાયદો ગણ્યો છે અને રૂપિયા ૬૦૦૦ની માસિક આવક થાય તો આ વેરાના દાયરામાં આવવાના છે, તો મજુર માણસના પરસેવાની કમાણી ઉપર પણ વેરો વસૂલવાનું હથિયાર કયાંય આ કાયદો ન બને એની સમગ્ર ગુજરાતને ચિંતા છે ત્યારે હું આપના મારફત માનનીય નાણાંમંત્રીશ્રીને વિનંતી કરૂ છું કે, આ કોરોનાની વૈશ્વિક મહામારીમાંથી ગુજરાત પસાર થઇ રહ્યું છે, દરેક ત્રીજો માણસ રોજગાર માટે દર દર ભટકી રહ્યો છે, ગ્રાહક શકિત તૂટી છે, નાના માણસને ઘર ચલાવવું મુશ્કેલ થયું છે, આવા સમયમાં સરકારે એને સ્થાનિક કરવેરાઓ, સરકારી કરવેરાઓની અંદર રાહત આપવા અમે વારંવાર માંગણી કરી છે. જે લોકોના રોજગાર છીનવાણા છે, એના ખિસ્સામાં પૈસા નાખો, નાણાંની તરળતા વધશે, ખરીદ શકિત વધશે તો, આ અર્થતંત્રની રગેરગમાં એ પૈસો લોહીની જેમ ચડશે અને ફરી પાછું અર્થતંત્ર ઉભું થશે. કમનસીબે, લોકોના ખિસ્સામાં પૈસા નાખવાના બદલે લોકોના ખિસ્સામાંથી પરસેવાની કમાણી સરકારી તિજોરીમાં ભરવા માટે આ બિલનો કાયદા તરીકે ઉપયોગ થશે તો ગુજરાતના લાખો પરિવારોને ભારે મોટું નુકસાન થવાનું છે ત્યારે આપના મારફત માનનીય નાણાંમંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ કોરોનાના કપરાકાળમાં તમે નિશાળની ફી માફ ન કરો તો વાંધો નહીં, લાઇટબિલ હાફ ન કરો તો વાંધો નહીં, આરોગ્યની સારવાર કોરોનાકાળમાં મફત આપવી જોઇએ, એ સુવિધા પણ આપણે આપી શકયા નથી. આવા કપરા કાળમાં લોકો પર મારા માનવા મુજબ સાડાસાત કરોડ રૂપિયાનું વધારાનું ભારણ લાદવાનો આ સરકારનો પ્રયાસ છે એ *(xxx) છે, માનનીય નાણાં મંત્રીશ્રી સમગ્ર ગૃહ વતી, સમગ્ર ગુજરાત વતી વિનંતી કરું છું કે કપરા કાળમાં આ બિલ લાવવું એ યોગ્ય નથી, માનનીય નાણાં મંત્રીશ્રી હાલ પર્યંત આ બિલ વિધાનસભા ગૃહ સમક્ષથી પરત ખેંચે અને કપરા કાળમાં નાનો માણસ જે સંઘર્ષ કરી રહ્યો છે એને સહકાર, સહાય અને કરવેરામાં રાહત આપવા માટે થઇને જોગવાઇ કરે તો અમે એને અભિનંદન આપશું પણ કમનસીબે દેવાને બદલે લેવાની વૃત્તિથી રાજ્ય સરકાર આ બિલ લઇને આવી છે તેનો હું વિરોધ કરું છું.

અધ્યક્ષશ્રી : *(xxx) છે એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે. માનનીય અમરીષભાઇ.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા સુધારા વિધેયક પર જે બાબત લઇને આવ્યા છે,એમાં આમ તો શ્રી પરેશભાઇ એ મારે જે વાત મૂકવી હતી એ એમણે રજૂ કરી છે. એટલે વધુ સમય ગૃહનો લેતો નથી.

આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જે રીતે આપને હું પ્રેમથી સાંભળતો હતો. રૂપિયા ૬ થી રૂપિયા ૯ હજારનો પગારનો સ્લેબ, રૂપિયા ૯ થી રૂપિયા ૧૨ હજારનો પગારનો સ્લેબ ત્યાર બાદ રૂપિયા ૧૨ હજારથી વધુ પગારનો સ્લેબ ઉપર જે વ્યવસાય વેરાની જે વાત છે તો હું વિનંતી કરું છું કે મંત્રીશ્રીને કે જે લોકો છૂટક મજૂરી, રોજગારી કરે છે દા.ત. હીરાઘસુઓ આની પહેલાંની ચર્ચામાં પણ એ વાત કરી હતી. હીરાઘસુ લોકો છે એમને કોઇ ફિકસ પગાર નથી હોતો, એ તો જેટલા હીરા ઘસીને આપે એના ઉપર એનો દર હોય છે તે આવા લોકો પાસેથી જે વ્યવસાય વેરાની જે વાત છે, તો આવા નાના અને મધ્યમ પરિવારોના કારીગરો છે એના ઉપરથી આ વ્યવસાય વેરો બાદ થશે તો ચોક્કસપણે નાના લોકોને આપણે મદદરૂપ થયા એવું કહેવાશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના આ સુધારા બિલ પર માનનીય સભ્યશ્રીઓ શ્રી વિરજીભાઇ, શ્રી કિરિટભાઇ, શ્રી પરેશભાઇ અને શ્રી અમરીષભાઇ ડેરે અને અમારા સાથી શ્રી જગદીશભાઇએ એમના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને ઘણીવાર નવાઇ લાગે છે, આશ્ચર્ય થાય છે અને દુઃખ પણ થાય છે. આ સન્માનનીય ગૃહમાં સરકાર કે વિપક્ષ તરફથી કોઇ વાત જયારે રજૂ થાય ત્યારે એને સમજવી એનું અર્થઘટન કરવું અને પછી એની પ્રતિક્રિયા આપવી. અહીં બેઠેલા આપણે બધા બેથી ત્રણ લાખ નાગરિકોના પ્રતિનિધિઓ છીએ. હું પોતે બીજા બધાની વાત કરતો નથી, હું વ્યકિતગત એવી અપેક્ષા રાખું છું કે અહીંયાં કોઇ પણ સભ્યશ્રી અમારા પક્ષના હોય કે વિપક્ષના હોય તેઓ જયારે કોઇ વાત રજૂ કરે, તો મારા સ્વભાવ અને પદ્ધતિ પ્રમાણે હું એને હંમેશાં ગંભીરતાથી લઉં છું, પરંતુ મને દુઃખ વારંવાર થયું છે કે સાચી વાત સાંભળવી સમજવી પણ પોતાની વાતને જુદી રીતે મૂકી અને હું શબ્દો નથી વાપરતો. અગાઉ વાપર્યા હતા. જે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર પણ આપે કાઢી નાંખ્યો, એટલે એની પણ વાત નહીં કરું પણ વિદ્વાન લોકો જે આપણે કહેવાઇએ (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : એવું કહીને વાત તો કહી જ દો છો. ચાલો આગળ.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ સોરી સાહેબ, એટલે મારો કહેવાનો મતલબ એ છે કે બેથી અઢી કે ત્રણ લાખ લોકોના પ્રતિનિધિઓ હોઇએ કોઇ ડોકટર હોય, કોઇ પ્રોફેસર હોય, કોઇ ઉદ્યોગપતિ હોય, કોઇ પ્રગતિશીલ ખેડૂત હોય કોઇ વિદ્વાન હોય આવા બધા વ્યકિતઓ જયારે સાહેબ આ સન્માનનીય ગૃહમાં એક એક મિનિટની જયારે આપણે કિંમત કરતા હોઇએ છીએ,

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧

એક એક મિનિટ જોઇને આપણે આપણે બધાને સમય ફાળવતા હોઇએ છીએ પણ પછી વાતને સમજી અથવા *(xxx) ફક્ત પોતે કાંઇક વિરોધ કર્યો, ફક્ત કોઇકને કાંઇક બચાવ કર્યો, ફક્ત પોતે જ સાચા સમજુ અને ગરીબોના, કારીગરોના, વેપારીઓના, ખેડૂતોના, આદિવાસીઓના કે કોઇ પણ વર્ગના હિતેચ્છુ છે. અને ખાલી બોલવા ખાતર બોલે છે. *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો હું કાઢી નાખું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાઢી નાખો, બધું કાઢી નાખવા જેવું છે. *(xxx)

અધ્યક્ષશ્રી : એ જશે ત્યારે જશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) એ વિસ્તારની જનતા ઉપર મને થાય છે કે કેવી રીતે આ બધું થાય છે પણ સમય સંજોગો પ્રમાણે બધુ થઇ જતું હોય છે.

અધ્યક્ષશ્રી : બધા માનનીય ધારાસભ્યો છે, એટલે આ શબ્દો કાઢી નાખ્યા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય તરીકે જ જવાબ આપું છું. પણ માનનીય પાસે હું માનનીય જેવા ભાષણની અપેક્ષા રાખવાનો મારો અધિકાર ખરો કે નહિ સાહેબ? માનનીય ગમે તેમ બોલે અને અમે આ માનનીયને સાંભળ્યા કરીએ. (અંતરાય) માનનીય નિરંજનભાઇ, તમે બોલશો નહિ. આ બધો ખર્ચો કયાંથી કાઢવો? ખાલી બોલશો નહિ. લોન્જની વાત મારે અહિંયા કરવી નથી એટલે ન બોલશો. તમારી વાત છે એટલે બોલવી નથી. * (xxx)મારે એમાં નથી પડવું. મને માનનીય પરેશભાઇની વાત ગમી કે એ બહું હોંશિયાર તો છે જ એમાં કોઇ પ્રશ્ન જ નથી એમણે પાણી પહેલા પાળ બાંધી દીધી કે અમારી કોંગ્રેસ સરકાર આ કાયદો લાવી હતી. વર્ષ ૧૯૭૬માં આવેલો કાયદો છે. કોંગ્રેસ સરકારનો સૂર્ય તપતો હતો એ વખતનો આ કાયદો છે. હું માનનીય કીરીટભાઇને પૂછીશ અને માનનીય વિરજીભાઇને પૂછીશ, માનનીય પરેશભાઇએ દાખલા આપ્યા કે વર્ષ ૧૯૭૬માં પાણી પુરીવાળા નહોતા, વર્ષ ૧૯૭૬માં ફળફળાદી વેચનારા નહોતા, વર્ષ ૧૯૭૬માં શાકભાજી વેચનારા નહોતા, એ વખતે તમારી કોંગ્રેસ સરકારે આ વર્ગોનો કેમ વિચાર ન કર્યો અને હવે વર્ષ ૨૦૨૧માં વર્ષ ૧૯૭૬ના કાયદાનો અમલ ૨૪ અને ૨૧ વર્ષ એમ સળંગ ચાલ્યો છે એના વિશે હવે તમને આત્મજ્ઞાન લાદયું આ કાયદો તો ફળફળાદીવાળાને, શાકભાજીવાળાને, પકોડીવાળાને, શ્રી પરેશભાઇ તો જમવાના શોખીન લાગ્યા, ઇડલી, ઢોંસા, સૌરાષ્ટ્રના ગાંઠિયા બધું એમણે ગણી લીધું. મેં પહેલા જ કહ્યું છે અને હજુ પણ કહું છું કે આ કાયદાના અર્થઘટનમાં વ્યાખ્યામાં એક શબ્દનો અલ્પ વિરામ કે પૂર્ણ વિરામ કોઇપણ પ્રકારનો ફેરફાર અમે નથી કર્યો. ફક્ત જી.એસ.ટી. કાયદો અમલમાં આવ્યો વેટના કાયદામાં જે નોંધાયેલા હતા એ જી.એસ.ટી.માં ટ્રાન્સફર થયા એ લોકો ઉપર આ વેરો લઇ શકાય એ માહિતી મેં આપી છે. મેં ચોખવટ પણ કરી છે કે એક પણ રૂપિયાનો કરબોજો કોઇ કરદાતાને વધવાનો નથી. હજી કહી દઉં કે એક રૂપિયો વધવાનો નથી. આ માનનીય કિરીટભાઇ કેવી રીતે સમજીને આવ્યા? હું નથી સમજી શકયો કે ૨૫૦૦ રૂપિયા, ૨૫૦૦ રૂપિયા એમણે વાત કરી સાહેબ ૨૫૦૦ રૂપિયા તો ભારત સરકારે કર્યા છે. એ પણ સાહેબ સમજવા જેવું છે કે વર્ષ ૧૯૭૬માં કાયદો બન્યો એ પછી વર્ષ ૧૯૮૮માં દિલ્હીમાં કોંગ્રેસની સરકાર હતી તે જ વખતે બંધારણીય સુધારો કરીને અત્યારે જે મહત્તમ મર્યાદા પહેલા ૨૫૦ રૂપિયા હતી એ અત્યારે રૂપિયા ૨૫૦૦ની છે એ કોંગ્રેસ સરકારે વર્ષ ૧૯૮૮માં બંધારણીય સુધારો કરીને ૨૫૦૦ રૂપિયા કરી છે. એ વખતે ભાજપ, જનસંઘ કે અમે કોઇ નહોતા. અમે તો કોલેજમાં ભણાતા હતા બહું બહું તો નગરપાલિકાના સભ્યો હતા. આ તમારા વખતમાં નિર્ણય થયેલો છે એની હું કોઇ ટીકા નથી કરતો પણ જૂની વાતને મૂળથી જોયા સિવાય હાલની વાતને તમે જે રીતે ટીકા કરો છો કે ૨૫૦૦ રૂપિયા કરી દીધા. એ વાત સાચી નથી. ૨૫૦૦ રૂપિયા તો મહત્તમ છે અને ભારત સરકારે વર્ષ ૧૯૮૮માં બંધારણીય સુધારો કર્યો છે. કોંગ્રેસની સરકારે સુધારો કર્યો છે. આખા દેશ માટે સુધારો કર્યો છે કે ૨૫૦૦ રૂપિયા સુધીનો ટેક્સ વ્યવસાય વેરાનો રાજ્ય સરકારો લઇ શકશે. હવે હું આપને કહું કે અત્યારે જે ચાલુ છે તેમાં ફેરફાર કર્યો નથી. ૨.૫ લાખ રૂપિયાથી ઓછું ટર્ન ઓવર હોય તેની પાસેથી કોઇ પણ પ્રકારનો ટેક્સ લેતા નથી. એટલે નાના વેપારીઓ ૬૦૦ રૂપિયા કમાય અને ૮૦૦ રૂપિયા કમાય એ તમે જે દાખલા આપ્યા એ ઓટોમેટિક નીકળી જાય છે. રૂપિયા ૨.૫ લાખથી ૫ લાખ રૂપિયા સુધીનું ટર્નઓવર હોય તેને મહત્તમ ૨૫૦૦ રૂપિયા લેવાની સરકારને સત્તા છે. અમારી ભારતીય જનતા પક્ષની સરકારે વર્ષ ૨૦૦૮માં જે દર નક્કી કર્યા એ ૨૫૦૦ રૂપિયા નહીં, ૫૦૦ રૂપિયા સુધી જ લઇ શકાય એવી અમે સત્તા આપી. એવી રીતે રૂપિયા ૫ લાખથી રૂપિયા ૧૦ લાખ સુધીનું ટર્નઓવર હોય તેમને વર્ષે ૧૨૫૦ રૂપિયા. આ માસિક નથી. એ પણ સમજી લેજો. વર્ષે ૧૨૫૦ રૂપિયા તેમની પાસેથી લઇ શકાય. ૧૦ લાખ રૂપિયાથી વધુ ટર્નઓવર હોય તેના ૨૫૦૦ રૂપિયા વધુમાં વધુ લઇ શકાય. તેને આપણે વધુમાં વધુ ૨૪૦૦ રૂપિયાની સત્તા આપી છે. આ સુધારો અમે એટલા માટે કર્યો, જે મેં અગાઉ કહ્યું કે કોંગ્રેસ સરકાર વખતે વર્ષ ૧૯૭૬થી કાયદો અમલમાં આવ્યો ત્યારથી જે પ્રોફેશનલ ટેક્સ ઉઘરાવાતો હતો તે કોંગ્રેસ સરકારની રાજ્યની તિજોરીમાં જમા કરતા હતા. અમે ભાજપની સરકારે એ રકમના બે ભાગ કર્યા. નાના વેપારીઓ કે વેપારીઓ ૦થી માંડીને ૨૪૦૦ રૂપિયા સુધી જે ટેક્સ ભરે એ નગરપાલિકાઓને આપ્યો. સારું કર્યું કે ન સારું કર્યું? કહો. તમારી પાટણ નગરપાલિકા જેટલો ટેક્સ ઉઘરાવે, વ્યવસાય વેરાનો એક રૂપિયો ગુજરાત સરકાર લેતી નથી. તમારા શહેરના વિકાસમાં વપરાય. અમરેલીમાં જે ટેક્સ ઉઘરાવે તો શ્રી પરેશભાઇના શહેરમાં વપરાય. પેટલાદ નગરપાલિકા ઉઘરાવે તો શ્રી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નિરંજનભાઇના શહેરમાં વપરાય. આ ઉપરથી શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદૃષ્ટિ જુઓ. સરકારની પોતાની આવક સરકારે જતી કરીને નગરપાલિકાઓને આપી તો પણ તમે બધા જે રીતે ટીકા–ટિપ્પણ કરો છો તેનાથી મને દુઃખ થાય છે કે આપ અભ્યાસ કર્યા વગર, સમજ્યા વગર એક જ તરફી વાત કરવાની. મારું પહેલું વાચન, બીજું વાચન એ રેકર્ડ કાઢીને જોઇ લેજો. આ બધી વાત મેં પહેલાં કરી દીધી છે કે આ ફક્ત આમાંથી મૂકીને આમાં લઇ જઇએ છીએ. વેટમાંથી જી.એસ.ટી.માં લઇ જઇએ છીએ. બીજી શ્રી પરેશભાઇએ જે વાત કરી કે જી.એસ.ટી.નો કાયદો વગેરે. એ પણ આખા દેશનો કાયદો છે. વન નેશન, વન ટેક્સ. તેમાં કેટલા કાયદા ગુજરાત સરકારે પણ નાબૂદ કરી દીધા છે. મનોરંજન ટેક્સ નાબૂદ કર્યો, બીજા ટેક્સ નાબૂદ કર્યા. પણ પ્રોફેશનલ ટેકસ વર્ષ ૧૯૭૬માં કોંગ્રેસ સરકારે બનાવેલ અલગ પ્રકારના બંધારણીય કાયદા વાળો ટેક્સ છે. એ જી.એસ.ટી. અંતર્ગત નથી આવતો. એટલે આપણે તેમાં મર્જ કર્યો નથી. આ બધી બાબતો બહુ સ્પષ્ટ છે. છતાં પણ નગરપાલિકાઓ પોતે, સાહેબ, વધુ ઉઘરાવી શકતા નથી. મને કોઇ એમ કહેશે કે પાણીપૂરીવાળા પાસે, શાકભાજી–ફળફળાદિવાળા પાસે નગરપાલિકા, ચીફ ઓફિસર, કમિશનર, ચૂંટાયેલી પાંખને એ સત્તા છે કે કોની પાસેથી ટેક્સ વસૂલ કરવો એ કરી શકે છે. તેમને ન કરવો હોય તો ન કરે પણ કોઇ જ્વેલર્સ હોય, કોઇ મોટો રેડીમેઇડનો શો રૂમ હોય, કોઇ મોટી ઝવેરાતની દુકાન હોય તેની પાસે વધુમાં વધુ ૨૪૦૦ રૂપિયા એટલે મહિને ૨૦૦ રૂપિયા આખા વર્ષમાં ૨૫–૫૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર કરે તો વર્ષે ૨૪૦૦ રૂપિયા પોતાના ગામની નગરપાલિકા કે મહાનગરપાલિકાને આપવાના છે. રાજ્ય સરકારને આમાં એક રૂપિયો લેવાનો નથી. જે સરકારી કર્મચારીઓ છે એનો પગાર છે એ આપણે જાણીએ છીએ કે છઠ્ઠુ અને સાતમું પગારપંચ એ પ્રમાણે નિયમિત રીતે મોંઘવારી ભથ્થું વગેરે વધ્યા કરે છે. છતાં પણ સરકારી કર્મચારીઓ માટે આપણે કોઇપણ પ્રકારનો વ્યવસાય વેરામાં વધારો કરતા નથી. આ બધું જ છે, ફક્ત ટેકનિકલી વેટ કાયદો પૂરો થઇ ગયો અને જી.એસ.ટી. કાયદો અમલમાં આવ્યો. એક બસ બગડી હોય, શ્રી પરેશભાઇ, ગીતામંદિરથી અમરેલી જતા હોય અને બસ બગડી હોય તો એના બદલે નવી બસ મૂકાય અને શ્રી પરેશભાઇને કહે કે આ બસમાં બેસી જાઓ. શ્રી પરેશભાઇ એ બસમાં બેસી જાય એમાં કોઇ રસ્તો બદલાતો નથી, ટિકિટના દર બદલાતા નથી, કોઇ સગવડ બદલાતી નથી. શ્રી કીરીટભાઇ પાટણ જતા હોય તો એમાં કોઇ ફેર પડતો નથી. છતાંપણ ફરી કહેવું પડે કે સમજવાની ટેવ, આ સન્માનનીય ગૃહમાં સવારે વાત કરતા હતા કે અમને અભ્યાસ કરવાની તક મળે વગેરે વગેરે. આ તક તો મળે જ છે પણ તકનો ઉપયોગ કરવો એ તમારા હાથની વાત છે. એ તકનો ઉપયોગ કરો અને ટીકા કરો તો અમે ચોક્કસ સ્વીકારીએ. મને પણ લાગે છે કે નાના વેપારી, રોજિંદું કમાતા વેપારી, રોજિંદું કમાઇને ઘર ચલાવતા વેપારી એમના ઉપર બોજો ન પડે એના માટે અમે ચોક્કસ યોગ્ય વિચારણા કરીશું. અમે ગરીબ પ્રજાના, મધ્યમવર્ગના, નાના વેપારીઓના હિતેચ્છુ છીએ, શુભેચ્છકો છીએ. એમના ઉપર કોઇ બોજો ન પડે એ માટે જે કરવાપાત્ર હશે એ મુખ્યમંત્રીશ્રી સાથે કેબિનેટમાં યોગ્ય પરામર્શ પણ ચોક્કસ કરીશું. પણ આ બધી ટીકાઓ જે કરી છે કે અમદાવાદમાં આટલા કરોડનું ટર્નઓવર થાય, પાટણમાં આટલું ટર્ન ઓવર થાય. પેલાને રૂપિયા ૧૦ લાખનું ટર્ન ઓવર એને પણ આ ટેક્સ અને અમદાવાદમાં વધુ ટર્ન ઓવર થાય તો એ ટેક્સ એ વાત યોગ્ય નથી, સાચી નથી. એટલા માટે સર્વાનુમતે આ સુધારા વિધેયકને મંજૂર કરવા મારી સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા ભાષણમાં પણ કહ્યું હતું. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગતો હતો કે નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ની સ્થિતિએ આપણા જે ચાર સ્લેબ છે રૂપિયા ૨.૫૦ લાખથી ઓછું, રૂપિયા ૨.૫ લાખથી રૂપિયા ૫ લાખ, રૂપિયા ૫ લાખથી રૂપિયા ૧૦ લાખ અને રૂપિયા ૧૦ લાખથી ઉપર આટલી કેટેગરીમાં કુલ કેટલા કરદાતાઓ નોંધાયેલા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓને સત્તા આપેલ છે. જે નગરપાલિકા સક્ષમ હોય, જાગૃત હોય તો વધુ સારી રીતે ટેક્સ કલેકશન કરી શકે અને કોઇ નગરપાલિકામાં ઓછો ટેક્સ કલેકશન કરવાની કામગીરી ચાલતી હોય તો ઓછો કરી શકે. એટલે દરેકને જાગૃતતાથી કામ કરવાની જરૂર છે.

અધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દોના પ્રયોગો ક્રમાંક– ૨૪૪, ૨૫૩ અને ૨૫૪ ને ધ્યાનમાં રાખી * (xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. * (xxx) એ શબ્દો પણ કાઢી નાખવામાં આવે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૧ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–ર, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૧ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૧ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે. **સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૮**

ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧

**ગુજરાત રાજયને લાગુ પડતો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૦–૨૧ના વિધેયક ક્રમાંક: ૧૮– સન ૨૦૨૧ ના ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી :**વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક: ૧૮ –સન ૨૦૨૧ના ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૧ હું સન્માનનીય સભાગૃહની સમક્ષ લઇને આવ્યો છું. એમાં બહુ જ નજીવા સુધારા કરવામાં આવ્યા છે અને એમાં હાલમાં સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ની પેટાકલમ(૧)માં ખંડ(ક)માં પેટાખંડ(૧)માં હાલની જોગવાઇ પ્રમાણે આઇ.પી.સી.ની કલમ ૧૭૨ થી ૧૮૮નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે પૈકી ૧૭૪(ક) તથા કલમ ૧૮૮માં જાહેરનામું પ્રસિદ્ધ કરનાર અધિકારી કે તેનાથી ઉપરના અધિકારી નામદાર કોર્ટમાં ફરિયાદ આપે તો જ કોર્ટનું ગુનાનું કોગ્નીઝન્સ લઇ શકે એવી જોગવાઇ છે. હવે આવી જોગવાઇના કારણે અનેક જાહેરનામાના ભંગ સામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવતું હતું. તે ગુનાઓનું કોગ્નીઝન્સ લેવામાં સમસ્યા ઊભી થતી હતી અને બેઝિકલી જે જાહેરનામું પ્રસિદ્ધ કરવા માટેનો જે આશય હતો તે આશય સિદ્ધ થતો ન હતો. આ સમસ્યાના સમાધાનરૂપે સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ની જોગવાઇમાં સુધારો કરી આઇ.પી.સી.ની કલમ ૧૭૨, ૧૭૩, ૧૭૪ તથા કલમ ૧૭૫ થી ૧૮૭ રાખી અને આઇ.પી.સી.ની કલમ ૧૭૪(ક) અને કલમ ૧૮૮, સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ની જોગવાઇમાંથી દૂર કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જેનાથી કોર્ટ આઇ.પી.સી.ની કલમ ૧૭૪(ક) અને કલમ ૧૮૮ના ગુના અંગે પોલીસનું ચાર્જશીટ સ્વીકારી શકશે એટલે કે ગુનાની કોગ્નીઝન્સ લઇ શકશે. માનનીય અધ્યક્ષશ્રી, સી.આર.પી.સી. કલમ ૮૨ હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવતા જાહેરનામા ભંગ બદલનો ગુનો આઇ.પી.સી. કલમ ૧૭૪(ક) હેઠળ તેમજ સી.આર.પી.સી.ની કલમ ૧૪૪ હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવતા જાહેરનામા ભંગનો ગુના આઇ.પી.સી.ની કલમ ૧૮૮ હેઠળ નોંધવામાં આવે છે. હાલમાં સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ની આદેશાત્મક જોગવાઇઓના કારણે આઇ.પી.સી.ની કલમ ૧૭૪ તથા કલમ ૧૮૮ હેઠળના ગુના માટે જ્યાં સુધી જાહેરનામું બહાર પાડનાર અધિકારી કે તેનાથી ઉપરી અધિકારી જ નામદાર હાઇકોર્ટ સમક્ષ ફરિયાદ દાખલ ના કરે ત્યાં સુધી નામદાર કોર્ટ ગુનાનું કોગ્નીઝન્સ લઇ શકતી નથી. હવે આ જે સન્માનનીય સભાગૃહ સમક્ષ હું સુધારો લઇને આવ્યો છું. આ સુધારો કરવાના કારણે પોલીસ આઇ.પી.સી.ની કલમ ૧૭૪(ક) અને કલમ–૧૮૮ના ગુનાનું ચાર્જશીટ દાખલ કરી શકશે. એ ચાર્જશીટ પર કોર્ટ ગુનાનું કોગ્નીઝન્સ લઇ શકશે. હવે સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ની જોગવાઇ મુજબ જાહેરનામું જે જાહેર સેવકે બહાર પાડેલ હોય એ જાહેર સેવક કે તેનાથી ઉપરી અધિકારીની ફરિયાદના આધારે કોર્ટ કોગ્નીઝન્સ લઇ શકે છે. જે આ પ્રસ્તુત કાયદાની વ્યવસ્થા છે પરંતુ આ સુધારા બાદ પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામાના ભંગ બદલના ગુના અંગે પોલીસ ચાર્જશીટ કરે તેનું નામદાર કોર્ટ ચાર્જશીટ સ્વીકારી શકશે કારણકે આપણે સી.આર.પી.સી.ની કલમ ૧૯૫માંથી આઇ.પી.સી.ની કલમ ૧૭૪(ક) અને ૧૮૮ દૂર કરીએ છીએ. આપણે સૌ જાણીએ છીએ કે રાજયની શાસન વ્યવસ્થા, કાયદો વ્યવસ્થા, જાહેર વ્યવસ્થાના જતન માટે વખતોવખત જાહેરનામાઓ સરકાર, પોલીસ કમિશનર, જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા હોય છે. આ જાહેરનામા એટલા માટે પ્રસિદ્ધ કરવામાં આવતા હોય છે કે જાહેરમાં સુલેહ, શાંતિનો ભંગ કયારેક વિકટ પરિસ્થિતિની અંદર પણ સભા સરઘસના પ્રતિબંધો પણ જાહેર કરવામાં આવતા હોય છે. હુલ્લડ અથવા બખેડો અટકાવવા માટે પણ જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આપણે જાણીએ છીએ કે અત્યારે કોરોનાની પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની પરિસ્થિતિમાં કોરોનાને કારણે સંક્રમિત થયેલો કોઇ દર્દી હોસ્પિટલમાંથી જો ભાગી જાય અને એ સંક્રમણનો વ્યાપ વધે અથવા વખતોવખત લોકડાઉન અંગેના, કરફયુ અંગેના જે જાહેરનામા પ્રસિદ્ધ થાય આ બધા પ્રસિદ્ધ જાહેરનામાઓ વખતોવખત કરવા માટેની આવશ્યકતા રહેશે. તેવા જાહેરનામાના ભંગ બદલ સરકારના હુકમના

* વિધેયક તા.૨૬મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઉલ્લંઘનના બનાવો અટકાવવા માટે ફરજમાં રોકાયેલા પોલીસ અધિકારીઓને આવા તત્વો વિરુદ્ધ કાયદેસરના પગલાં લેવાની જરૂરિયાત ઉભી થતી હોય છે. આવા અટકાયતી પગલાંમાં અગાઉ આઇ.પી.સી.ની કલમ– ૧૮૮ હેઠળ અટકાયતી પોલીસ કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવતી હતી પરંતુ આ સી.આર.પી.સી. કલમ–૧૯૫ની જોગવાઇના આધારે જેણે જાહેરનામુ બહાર પાડયું હોય તેવા કે તેનાથી ઉપરી અધિકારી જો કોર્ટને ફરિયાદ આપે તો જ કોર્ટ કોગ્નીઝમ લેતી હતી પરંતુ હવે આ સુધારો કરવાને કારણે એ સત્તા પોલીસને મળશે અને જેના કારણે કોર્ટ કોગ્નીઝમ્સ લઇ શકશે. મેં અગાઉ જે વિસ્તૃત વાત કરી છે એમાં મારે એટલું જ કહેવું છે કે આપણને એવું થશે કે સી.આર.પી.સી. અને આઇ.પી.સી.માં આવો અગત્યનો તાકીદે સુધારો કરવા માટેની કેમ આવશ્યકતા પડી? પણ કાયદો એ સ્થિર હોવો જોઇએ પણ ગતિહીન રહી શકે નહીં. જયારે જયારે આવશ્યકતા પડી ત્યારે કાયદામાં પણ સુધારા કરીને સમાજની, સરકારની, કાયદો વ્યવસ્થાની પ્રવર્તમાન પરિસ્થિતિના આધાર ઉપર અનેક વખત આપણે નાનામોટા સુધારા કર્યા છે અને કાયદામાં સ્થિરતા અને સમયની માંગને આધિન પરિવર્તનશીલ પણ હોવો જોઇએ. કાયદો અસ્થિર હોય અને વારંવાર બદલાયા જ કરે તો લોકો પણ પોતાના જીવન વ્યવહારની યોજના ઘડી શકે નહીં. સામાન્ય રીતે લોકો કાયદાને અગાઉથી સમજી, જાણી તે મુજબ વ્યવહાર કરતા હોય છે આથી કાયદો સ્થિર હોવો તે પણ આવશ્યક છે તેમજ કાયદો વર્તમાન સમયની માંગને સંતોષી શકે નહીં અને માત્ર ભૂતકાળના જ સિદ્ધાંતોને વળગી રહે તો તે કાયદો સમાજમાં લાંબો સમય સુધી સ્વીકૃત રહી શકતો નથી. આથી વર્તમાન સમયની આવશ્યકતા પ્રમાણે સન્માનનીય સભાગૃહની અંદર હું આ કાયદો લાવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર શાંતિ, જાહેર સુરક્ષા અને જાહેર વ્યવસ્થા, પબ્લીક પીસ, પબ્લીક સેફટી અને પબ્લીક ઓર્ડરની જાળવણી માટે એ મેન્ટેઇન કરવાની જવાબદારી એ રાજય સરકારની છે પરંતુ જયારે પણ કોઇ સામૂહિક હિતનો પ્રશ્ન આવે ત્યારે વ્યક્તિનો અંગત અધિકાર ગૌણ બની જાય છે. સામૂહિક હિતની રક્ષા કરવા માટે તંત્રને સત્તા આપવી એ આવશ્યક બની જાય છે. જાહેર શાંતિ જાળવવાના હેતુથી કોઇ અવરોધ, ત્રાસ કે હાનિ અટકાવવા માટે સી.આર.પી.સી.ની કલમ–૧૪૪ હેઠળ જે જાહેરનામા પ્રસિદ્ધ કરી અને પ્રોહીબીટરી આદેશ આપવામાં આવે છે કોઇ વ્યક્તિને થતો અવરોધ, ત્રાસ કે હાનિ અટકાવવા માનવ જિંદગી, તંદુરસ્તી, સલામતીને ઉભું થતું જોખમ નિવારવા માટે. જાહેર શાંતિ જાળવવા માટે તેમજ હુલ્લડ કે બખેડો અટકાવવા માટે તંત્રને આપવામાં આવેલી સત્તાનો અમલ કરવો એ વ્યાજબી બની જાય છે. ગુજરાતમાં પોલીસ કમિશનર વિસ્તારમાં પોલીસ કમિશનરો, જિલ્લાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટ, જાહેર સલામતી અને જાહેર સુરક્ષા માટે આવા વિવિધ જાહેરનામાઓ પ્રસિદ્ધ કરતા હોય છે. મેં અગાઉ કહ્યું તેમ આવા પ્રસિદ્ધ થતા જાહેરનામાનું કોર્ટ કોગ્નિઝન્સ લઇ શકતી નહોતી, પરંતુ આમાં એવું થતું કોઇ આરોપી કોર્ટ સમક્ષ હાજર થાય ત્યારે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૮૨ હેઠળની કાર્યવાહી કરી તેવા આરોપી જે કોર્ટ દ્વારા ભાગેડું જાહેર કરવા, ઢંઢેરો, ઘોષણાપત્ર બહાર પાડવામાં આવેલ હોય તેમ છતા આવા ભાગેડું આરોપી કોર્ટ સમક્ષ હાજર ન થઇ એનો ભંગ કરતા હોય તો તેના વિરુદ્ધ ૧૭૪(ક) હેઠળ ગુનો બનતો હોય છે. હાલમાં આઇ.પી.સી. ની કલમ–૧૭૪(ક) તથા ૧૮૮ નો ગુનો એ પોલીસ અધિકારનો ગુનો છે, પરંતુ સી.આર.પી.સી. ની કલમ–૧૯૫ની આદેશાત્મક જોગવાઇઓ મુજબ આઇ.પી.સી. ની કલમ–૧૮૮ ના ભંગ બદલ જાહેરનામું પ્રસિદ્ધ કરનાર અધિકારી કે તેના ઉપરી અધિકારી દ્વારા નામદાર કોર્ટમાં જ એની કમ્પ્લેઇન આપવાની રહે છે. પોલીસ દ્વારા આવા ગુના હેઠળ એફ.આઇ.આર. નોંધી કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવે ત્યારે કોર્ટ દ્વારા તેનું કોગ્નિઝન્સ લેવામાં આવતું નથી. આવા જાહેરનામાનું મહત્ત્વ રહેતું નથી. એટલે આ કાયદાની ધાર બૂઠ્ઠી ન થઇ જાય, એટલા માટે આ સુધારો લાવવામાં આવ્યો છે. આ સુધારાના કારણે જે જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવશે, એનું આપણે અસરકારકતાથી અમલીકરણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રસિદ્ધ થયેલા વિધેયકની અંદર પણ હાલની પ્રવર્તમાન જોગવાઇની સામે જે સૂચિત વધારાની જોગવાઇ આપી છે. એ સૂચિત જોગવાઇ સુધારાની વિગતો કલમ–૧૯૫ માં જાહેર નોકરના કાનૂની અધિકારનો તિરસ્કાર ન્યાય વિરુદ્ધના ગુના તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધિત ગુનાઓ માટે ફોજદારી કાર્યવાહી એ કોઇપણ અદાલતમાં ક(૧) ભારતીય દંડ સંહિતા ૧૮૬૦નો ૪૫–મો કલમ–૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૮૭ (બંને સહિત) હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની અથવા તેવા ગુનામાં મદદગારી કે તે કરવાની કોશિશ અથવા તેવો ગુનો કરવા માટેની કોઇ ગુનાઇત કાવતરાનો સંબંધિત રાજ્ય સેવકની અથવા તે વહીવટી હેતુઓ માટે જેની સત્તા નીચે હોય તે બીજાકોઇ રાજ્ય સેવકની લેખિત ફરિયાદ સિવાય. આ પ્રકારનો હું સન્માનનીય સભાગૃહ સમક્ષ સુધારો લઇને આવ્યો છું. આ સુધારાના કારણે મેં અગાઉ કહ્યું તેમ પોલીસ દ્વારા એફ.આઇ.આર.નોંધી તેના આધારે તપાસના અંતે નામદાર કોર્ટ જે ચાર્જશીટ કરવામાં આવે તેના આધારે કોગ્નિઝન્સ લઇ ગુણદોષ ઉપર કેસનો નિકાલ થશે. જાહેરનામાનો હેતુ ફળીભૂત થશે. આમ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ–૧૯૫ની જોગવાઇમાં સુધારો કરવાથી નામદાર કોર્ટ કોગ્નિજન્સ લઇ શકશે અને એનો સીધો ફાયદો એ રાજ્યની કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિને થશે. એટલે માત્રને માત્ર એક નાનકડો સુધારો આ આશયથી સન્માનનીય સભાગૃહ સમક્ષ આપણા ગુજરાતની કાયદા અને વ્યવસ્થા અને ઊભી થતી કોઇપણ પરિસ્થિતિ માટે વખતોવખત પ્રસિદ્ધ થતા જાહેરનામાનું યોગ્ય રીતે અમલીકરણ થાય તેવા અને નામદાર કોર્ટ એની કોગ્નિઝન્સ લઇ શકે તેવા એક આશયથી આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યો છું. સુધારો અત્યંત નાનો છે. હું સૌને વિનંતી કરું છું કે આ સુધારાનો સ્વીકાર કરે.

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપને અભિનંદન એટલા માટે આપું છું કે કામકાજ સલાહકાર સમિતિ વખતે જ બંને પક્ષોને આ માહિતી આપેલી કે અગાઉનો મારો ચુકાદો છે જ. જે મને વધારે બંધનકર્તા થાય. સુધારા વિધેયક ઉપરની ચર્ચા, વિધેયકથી કરવા ધારેલા સુધારા પૂરતી સીમિત રાખવી જોઇએ. આપ માનનીય મંત્રીશ્રી, સ્કોપની બહાર કશું જ બોલ્યા નથી અને માત્ર સુધારા ઉપર જ બોલ્યા છો એટલા માટે અભિનંદન આપું છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આપે માનનીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપ્યા, હું પણ આપું છું એટલા માટે કે, મારા મત વિસ્તારના એક ગામનો એક યુવાન ઉમરગામમાં રહેતો હતો પાંચ દિવસ પહેલા ૯ લોકોએ એનું અપહરણ કર્યું હતું એ બાબતની મેં માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજી બાપુને વાત કરી અને એમણે તાત્કાલિક જે પણ પોલીસ અધિકારી હતા એમને સૂચના આપી, ગઇ કાલે સાંજે જ એ યુવાન જીવતો સહીસલામત મહારાષ્ટ્રમાંથી મળી આવ્યો છે અને એમના માટે જે કામ કર્યું અને પોલીસે જે સરાહનીય કામ કર્યું છે એના માટે હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગુહમંત્રીશ્રી સી.આર.પી.સી.માં સુધારો લઇને આવ્યા છે, કોઇ પણ કાયદામાં સમયાંતરે સુધારો જરૂરી હોય છે પરંતુ હું માનનીય ગૃહમંત્રીશ્રીનું એક બાબત તરફ ધ્યાન દોરવા માગું છું કે, આ સેન્ટ્રલ એક્ટ છે અને રાજય સરકાર સેન્ટ્રલ એક્ટમાં સુધારો કરી શકે છે પરંતુ અગાઉ આજ સી.આર.પી.સી.ની કલમ ૧૬૭માં સુધારો કર્યો હતો એમાં આપ જાણો છો કે કોઇ પણ કેસનું ચાર્જશીટ કરવાની સત્તા કોર્ટને હતી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, કોર્ટને નહીં.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જો ૧૦ વર્ષની નીચેની સજાની જોગવાઇ કોઇ ગુનામાં હોય તો એની અંદર ૬૦ દિવસ અને ૧૦ વર્ષથી ઉપર હોય તો ૯૦ દિવસની જોગવાઇ હતી. આપણે આ ગૃહમાં એ કાયદામાં સુધારો કરીને ૯૦ દિવસના ૧૨૦ દિવસ કર્યા... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કીરીટભાઇ, તમે કલમ ૧૬૭ની જે વાત કરો છો, આ ૧૬૭ની વાત નથી એ તો સ્વીકારો છોને?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : હા, સ્વીકારું છું.

અધ્યક્ષશ્રી : તો આના ઉપર બોલોને.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગું છું કે, અગાઉ જે સુધારો કર્યો હતો એ નામદાર હાઇકોર્ટે રદ કર્યો હતો.

અધ્યક્ષશ્રી : એ જુદી વાત છે. માનનીય કીરીટભાઇ, અગાઉનો જે સુધારો હોય અને હાઇકોર્ટે રદ કર્યો હોય એ વિષયને આની સાથે કોઇ લાગેવળગે છે?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : ના, માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો આપણે કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : એટલે ચેતવો છો તમે સરકારને?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : હા, માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે, આવું ન થાય. આ સુધારો કરીએ છીએ એના માટેની જે પણ કાર્યવાહી કરવાની હોય એ કરવી જોઇએ નહીં તો આપણે સુધારો કરીએ અને કાલે ઉઠીને કોઇ હાઇકોર્ટમાં કે સુપ્રિમ કોર્ટમાં જાય.

અધ્યક્ષશ્રી : એવું થઇ શકે. ઘણી વાર એવું થઇ શકે, એ આપણા હાથમાં નથી એ જ્યુડિશિયરીના હાથમાં છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એના માટેની કાળજી રાખો. બીજી બાબત કે આ કલમ ૧૮૮માં જે અધિકારીએ જાહેરનામુ બહાર પાડ્યું હોય એજ અધિકારી ફરિયાદ કરી શકતા હતા અને આ આપણે જાણતા હતા છતાં પણ અત્યાર સુધી ઘણાં લોકોના વિરુધ્ધમાં ઘણાં બધા પોલીસ કેસ આંદોલનો દરમ્યાન થયા છે, કોરોનાના સમયમાં લોકડાઉનમાં પણ ઘણાં બધા લોકોની વિરુધ્ધમાં ૧૮૮ના કેસો કરવામાં આવ્યા છે, આપણને બધાને ખબર છે કે આ ૧૮૮ના કેસ ચાલવાના નથી એટલા માટે કે જે અધિકારીએ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું હોય એ જ ફરિયાદ કરી શકે. એટલે જાહેરનામુ કલેકટર અથવા ડેપ્યુટી કલેકટર કરતા હોય છે એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ ૧૮૮ના કેસ અત્યાર સુધી જે થયા છે એમાં લોકોને હેરાનગતિ ન થાય, છેવટે તો આ બધા કેસ રદ જ થવાના છે અથવા કોર્ટ એ સ્વીકારવાની નથી ત્યારે આ કોરોના દરમ્યાન જે પણ આવા ૧૮૮ના કેસો થયેલા છે એમાંથી બધાને મુક્તિ આપીએ જેથી કોર્ટનો અને લોકોનો સમય ન બગડે. માનનીય મંત્રીશ્રી મારું આ સૂચન સ્વીકારે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું. "જયહિન્દ"

અધ્યક્ષશ્રી : સારું સૂચન છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી, કલમ–૧૯૭૩ની વધુ સુધારવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારા સૂચનો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. આ દેશ જ્યારે સ્વતંત્ર થયો ત્યારે આઇ.પી.સી. એકટ જે છે એ અગાઉનો જે એકટ હતો તેને આપણે સ્વીકાર્યો છે અને તેમાં વખતોવખત સુધારા થતાં આવ્યા છે. આ વધારાનો સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મને લાગે છે કે, કોઇપણ વ્યક્તિ જ્યારે પોતાનો હક્ક રજૂ કરવા માટે સરકાર સમક્ષ દેખાવ કરવા માટે કોઇ કાર્યક્રમ આપે તો એની ઉપર વધારે પ્રતિબંધ લાદવા માટેનો આ સુધારો લઇને

આવ્યા હોય એવું લાગે છે. લોકશાહી દેશમાં અનેક કાયદાઓ થતાં હોય છે, અનેક કામગીરી થતી હોય છે, તેની સામે કોઇપણ વ્યક્તિને વિરોધ કરવાનો સ્વતંત્ર અધિકાર છે, બંધારણીય રીતે અધિકાર છે કે સરકાર સામે દેખાવો કરે..

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આ કાયદો તો હતો જ..

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હતો જ પણ એમાં સુધારો લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી :સુધારાથી કેવી રીતે પ્રતિબંધ થશે એ જરાક સમજાવજો, નહિ તો વાત સ્કોપ બહાર જતી રહેશે, એ હું કહું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રતિબંધ જે થશે એની જ હું વાત કરવા માગું છું. આ જ્યારે સુધારો લઇને આવ્યા છે ત્યારે કોઇપણ વ્યક્તિને પોતાનો અધિકાર રજૂ કરવા માટેની જે વાત છે એના ઉપર એક ડર, ભય પેદા થશે. અત્યારસુધી કોર્ટને અધિકાર હતો, હવે કમિશનર અને જે તે કલેકટરને અધિકાર આપવામાં આવ્યા છે, ૧૪૪ની કલમ વાતવાતમાં લાવવી પડે, કોઇપણ કાર્યક્રમ કરતા પહેલાં આંદોલનો થતાં હોય કે કોઇ નાના મોટાં, હમણાં જ માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એવી થઇ ગાંધીનગરમાં જ બનેલા બનાવની વાત કરું છું. મધ્યાહ્ન ભોજનના કર્મચારીઓ પોતાના હક્ક માટે લડત લડવા માટે આવ્યા. ૧૪૪ની કલમ નીચે એમને પકડી લેવામાં આવ્યા, પકડી લીધા એટલે એમને એમનો જે હક્ક રજૂ કરવો હતો, સરકાર સામે એમને દેખાવ કરવો હતો, સરકાર સામે એમની રજૂઆત મૂકવી હતી એ મૂકી ન શક્યા, હજી પણ જો વધારે કડક બનાવવામાં આવશે તો ભવિષ્યમાં કોઇપણ ગ્રુપને આ બાબતમાં નડતરરૂપ થતો કોઇ સુધારો આવશે ત્યારે એને દેખાવ કરવા માટેની જે ફરજ છે એ ફરજમાં ક્યાંકને ક્યાંક રૂકાવટ આવશે એક ડર પેદા થશે. કાયદા એવા હોવા જોઇએ કે આ દેશ સ્વતંત્ર થયો ત્યારથી દેશના નાગરિકોને બંધારણીય અધિકાર છે પોતાની વાત કરવા માટેનો એક અધિકાર આપ્યો છે કે કોઇપણ વ્યક્તિ, કોઇપણ દેશના વડાપ્રધાન હોય કે દેશના કોઇપણ જાહેર સેવક હોય એમણે કરેલી ભૂલ બાબતે જાહેરમાં એમની સામે બોલવા માટેનો એમને બંધારણીય અધિકાર મળ્યો છે. ત્યારે આ કલમમાં સુધારો કરીને, ઉલ્લંઘન કરનારા જે છે, એમાં લખ્યું છે કે અધિનિયમ, ૧૯૬૦ની કલમ–૧૮૮ હેઠળ ઉલ્લંઘન કરનારાઓ વિરુદ્ધ કાયદેસરના યોગ્ય પગલાંઓ લેવાની જરૂરિયાત રહે છે. જરૂરિયાત તો હોઇ શકે છે એના માટે મારો વિરોધ જ ના હોઇ શકે પરંતુ કોઇ ખેડૂતને આજે મુશ્કેલી પડી, કાયદાઓ કેન્દ્ર સરકારે ઘડ્યા છે, એ કેન્દ્ર સરકારના કાયદાઓ સામે ખેડૂતને અહીંયા પણ આંદોલન કરવા માટેની ફરજ પડી, હમણાં આંદોલન કરવા માટે બહારથી પણ લોકો આવે છે, એક પ્રેસ બોલાવાની હતી, માણસને જે વિરોધ જાહેર કરવા માટેનો જે અધિકાર છે એની ઉપર ક્યાંકને ક્યાંક તરાપ વધારે લાગશે એવું મને લાગી રહ્યું છે. એ તરાપ ન લાગે અને બંધારણીય અધિકાર આ દેશના નાગરિકોને મળ્યો છે, હિંદુસ્તાન દેશ એક એવો દેશ છે કે દુનિયાના દેશો કરતાં બંધારણીય અધિકાર વધારે અહીંયા છે. બંધારણ ઘડવાવાળા તે વખતના ઘડવૈયાઓને મારે અભિનંદન આપવા છે કે, વાણી સ્વાતંત્ર્યનો વધારેમાં વધારે હક્ક આ દેશમાં મળ્યો છે. અંગ્રેજો સામે પણ લડત થઇ અને આ દેશ સ્વતંત્ર થયો, મુળ જે લડત કરી ગાંધીજીએ અને આ દેશને સ્વતંત્રતા અપાવી છે ત્યારે કોઇપણ વ્યક્તિને આમાં મુશ્કેલી હોય ખેડૂતોને મુશ્કેલી થઇ, કોઇ મજૂરવર્ગને મુશ્કેલી થઇ, કોઇ નાના વેપારીને મુશ્કેલી થઇ, કોઇ વર્ગને મુશ્કેલી થઇ અને તેમને તેની સામે કંઇક આંદોલન કરવાની ફરજ પડશે તો સરકારને એમ લાગશે કે અમે કંઇક જે વાત કરી રહ્યા છે એનું લોકો સમક્ષ વધારે મોટું સ્વરૂપ પકડાવાનું છે એટલે ૧૪૪ની કલમ નાંખી દેવામાં આવશે અને એમણે જે બંધારણીય અધિકારો છે એની ઉપર વધારે તરાપ આવશે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ તો ગાંધી અને સરદારનું ગુજરાત છે.

અધ્યક્ષશ્રી :માનનીય વિરજીભાઇ, ફરીવાર કહું છું કે સ્કોપમાં જ રહો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સાહેબ, સ્કોપની બહાર ક્યાં જવું છે?

અધ્યક્ષશ્રી : તમને આમાં બોલવા માટે મનાઇ છે જ નહિ, સરઘસ કાઢવા પર પ્રતિબંધ છે જ નહિ. કાયદેસર જે કંઇ થાય તેવું બધું જ કરવા માટેની વાત માનનીય મંત્રીશ્રીએ બહુ સ્પષ્ટ કરી છે. એ સ્કોપની બહાર કશું નથી બોલ્યા, પણ તમે ગાંધીજી અને સરદારની વાત કરો છો. અંગ્રેજોની વાત કરો છો. આમાં ક્યાં એવું છે?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશે બંધારણ બનાવ્યું છે, બંધારણીય અધિકાર આપ્યો છે.

અધ્યક્ષશ્રી :આ કાયદો તો હતો જ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો હતો જ પણ વધારે કડક બનાવવામાં આવ્યો છે એટલે માણસ ઉપર ભય પેદા થશે.

અધ્યક્ષશ્રી : કડક નથી, કાયદો બિલકુલ કડક બનતો નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, વધારે ભય પેદા થશે. કોઇને દેખાવ કરવા હશે તો એ નહિ કરી શકે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, કાયદામાં કોગ્નીઝન્સ લેવાતું નહોતું એ ખામી હતી. એ ખામી સુધારવી જોઇએ કે કેમ ? આના ઉપર તમારે બોલવાનું છે એ તમે બોલો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગું છું કાયદો છે તેની ઉપર વધારેમાં વધારે કડક કરીશું ત્યારે લોકોમાં વધારે ભય ઉભો થશે.

અધ્યક્ષશ્રી : કયાં કડક કર્યો?

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, અને દેખાવો કરવાની ફરજ પડશે ત્યારે તે દેખાવો કરતા અટકશે. તેમનો અધિકાર છે કે કોઇ પણ સરકારની બાબતની વાત હોય અને તેને પોતાને ગૃપને નડતર હોય, કોઇ ખેડૂતોને નડતરરૂપ હોય, કોઇ નાના વેપારીઓને નડતરરૂપ હોય તો તેમને ૧૮૮મી કલમ હમણાં મારા પહેલાંના વકતા બોલતા હતા કે આવી કલમો ચાલે છે. અમે જાહેર જીવનના આગેવાનો છીએ કયારેક મારા ઉપર બદલો લેવાની ભાવના ઉભી થશે તો શ્રી વિરજીભાઇ તમે આ પ્રકારની કાર્યવાહી કરી હતી અનેક આવા અમારી ઉપર કેસો ચાલે છે. શાસક પક્ષના લોકો ગમે ત્યારે ૧૪૪મી કલમ ભંગ કરી કાર્યવાહી કરે, શાસક પક્ષ અમારો પણ હોઇ શકે તો એને રોકવામાં ના આવે અને જે વિરોધપક્ષ છે કે બીજા પક્ષ છે તેને રોકવા માટે વધારેમાં વધારે કડક કરવા માટેની કાર્યવાહી કરવા માટેની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે મારે કહેવુ છે કે આ એક આપણો બંધારણીય અધિકાર છે એ બંધારણીય અધિકાર ઉપર વધારે તરાપ લગાડવા માટેની જે કાર્યવાહી કરવામાં આવી છે એવી મંત્રીશ્રી આવી વધારાની જે કલમો લગાડવાની વાત કરવામાં આવી છે તેની સાથે રોક લગાડવામાં આવે તેવી મારી લાગણી વ્યકત કરું છું.

શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. માનનીય ગૃહમંત્રીશ્રી ગુજરાતનું સુધારા વિધેયક ક્રમાંક-૧૮ સન ૨૦૨૧નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં આખા બિલનો અભ્યાસ કર્યો અને આ બિલમાં માત્ર એક શબ્દને સુધારવાનું સરકારે ધાર્યું છે અને તેના દુરોગામી પરિણામોની અસર ખૂબ બૃહદ થવાની છે. ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૫-૧(ક)ની અંદર સંબંધિત રાજય સેવકની અથવા તે વહીવટી હેતુઓ માટે જેની સત્તા નીચે હોય તે બીજા કોઇ રાજય સેવકની લેખિત ફરિયાદ સિવાય આ સિવાયની જગ્યાએ અથવા શબ્દનું પ્રયોજન કરવા માટે આ સુધારા બિલ ગૃહ સમક્ષ આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્દેશો અને કારણોમાં પણ સરકારે વાતને સ્વીકારી કે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૭૩ની કલમ-૧૪૪ અંતર્ગત માત્ર પોલિસ કમિશનર અને જિલ્લા મેજિસ્ટ્રેટને જુદા જુદા પ્રસંગોએ જાહેર વ્યવસ્થા જાળવવા અથવા કોઇ વ્યકિતને થતી અડચણ, ત્રાસ, નુકસાન અથવા લોકોના જાન-માલ, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ નિવારવા અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ અથવા બખેડો અટકાવવા માટે કોઇ વ્યકિતને અમુક કામ ન કરવાનો અથવા અમુક વ્યવસ્થા જાળવવાનો આદેશ આપતા નિષેધાત્મક હુકમો બહાર પાડવાની સત્તા સોંપવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર પોલીસ કમિશનર અને માત્ર જિલ્લા મેજિસ્ટ્રેટ એમને કલમ-૧૪૪ અંતર્ગત જાહેરનામું બહાર પાડવાની સત્તા આપવામાં આવી હતી. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૯૫થી આવા હુકમો કરનાર જાહેર સેવક માટે ઉલ્લંઘન કરનારની સામે ફરિયાદી બનવાનું ફરજિયાત બને એટલે કે ૧૪૪નું જે જાહેરનામું બહાર પડે તે જાહેરનામાનો ભંગ થયો હોય તો એના માટે જાહેરનામું બહાર પાડનાર એટલે કે મેજિસ્ટ્રેટની કક્ષાથી નીચે નહીં એવી વ્યકિતને લેખિત ફરિયાદી બને તો જ આવા ગુના નોંધવા અને નામદાર કોર્ટે તેનુ સંજ્ઞાન લેવા માટેની કાયદાકીય જોગવાઇ કરવામાં આવી હતી. આ જાહેર જીવનના વિતેલાં મારા ૨૫ વર્ષમાં જે દિન-પ્રતિદિન અનુભવ થઇ રહ્યાં છે. ગતિશીલ ગુજરાત, પ્રગતિશીલ ગુજરાત. વર્ષના સરેરાશ ૩૦૦ દિવસ કોઈ પણ કારણસર ૧૪૪ની કલમનું રાજ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સી.પી.એ. કે જિલ્લા કલેક્ટરે ૧૪૪ની કલમ ક્યારે રાખવી? એ કાયદાનો ભાગ નથી. એ આખી અલગ વ્યવસ્થા છે. હું તો સન્માનનીય ગૃહ સમક્ષ એક પાવર્સ જે પ્રસિધ્ધ કરવાની જગ્યાએ આપવા આના સિવાય આની અંદર એક વધારાનો શબ્દ નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ, એક મિનિટ. માનનીય પરેશભાઈ હમણાં જે શબ્દો બોલ્યા એ રીપિટ કરું છું. હું ઘણી વાર લખતો જઉં છું. જાહેરનામાના ભંગના ગુના થાય. એમનું એવું કહેવું છે અને આપણે સમજવાનું છે. ગુનો થાય તો એ ગુનાની કોઈ કાર્યવાહી કરવી કે નહિ કરવી? આટલો પ્રશ્ન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીનું ધ્યાન આકર્ષિત કરવા માગતો હતો. સાહેબ, આપ પણ વિદ્વાન વકીલ છો. કાયદાને સુપેરે જાણો છો. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : મારી સામે પણ આ ગુનો લાગેલો. આ ૧૮૮માં એક આતંકવાદીને ફાંસી આપો, એવું સરઘસ કાઢેલું. પરવાનગી વગર કાઢેલું, અમે એવો ગુનો કરેલો એવા આક્ષેપ સાથે અમારી સામે કેસ થયો. એ કેસમાંથી હું એટલા માટે છૂટી ગયો, કારણ કે આ છટકબારી હતી. હવે છટકબારી સરકારે બંધ કરવી જોઈએ કે ગુનો કરવાનું ચાલુ રાખવું જોઈએ? આમાં એવો પ્રશ્ન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાયની જગ્યાએ અથવા શબ્દનો પ્રયોગ કરવાથી દૂરગામી શું અસરો થવાની છે એના તરફ આપના મારફતે ગૃહનું ધ્યાન દોરવા માગું છું. જે જાહેર સેવકે જાહેરનામું બહાર પાડ્યું છે એ જાહેરનામાનો કોઈ પણ વ્યક્તિ ભંગ કરે તો એની લેખિત ફરિયાદના આધારે આવા વ્યક્તિ ઉપર કાયદાકીય કાર્યવાહી થઈ શકતી હતી. આ સિવાયની જગ્યાએ અથવા શબ્દ લાગતાં જે ફેર પડવાનો છે એ મેજિસ્ટ્રેટનો પાવર છે. જાહેરનામું બહાર પાડનાર એ મેજિસ્ટ્રેટ છે. એ જાહેરનામાનો કોઈ ભંગ કરે તો એના ઉપર ગુનો નોંધવાનું અને સાબિત કરવાનું કામ પોલીસનું છે. એટલે આ કાયદા અંતર્ગત હું એવું માનું છું કે પોલીસનો રોલ એ વકીલનો હતો. આજે આ કાયદાથી મેજિસ્ટ્રેટના અધિકાર એ

વકીલને આપવાનું પ્રાવધાન થઇ રહ્યું છે. મને પણ અનુભવ છે. માનનીય પ્રદિપસિંહભાઈની સરકારે અમારા ઉપર ખૂબ પ્રયોગ કર્યા. ગમે ત્યારે પકડીને પૂરી દે. ૬૭, ૬૯ અને હવે ૧૮૮ જામીન આપવાના. મારી ઉપર તો એક કેસ ચાલ્યો, નિર્દોષ સાબિત થયો અને નામદાર જજ સાહેબે કહ્યું કે, હવે તમારે કાંઈ પોલીસ ઉપર કાર્યવાહી કરવી છે. અમને પોલીસ ઉપર દયા આવે કે, આ શ્રી પ્રદિપસિંહભાઈની સૂચનાથી પોલીસ અમારા ઉપર ૧૮૮ લગાડી દે, પછી અમે નિર્દોષ સાબિત થાય અને એની સજા બિચારા પોલીસવાળાને ભોગવવી પડે. અમે જતું કરીએ. લોકશાહીને બચાવવા માટે અમે લડી રહ્યાં છીએ. આનાથી થવાનું છે શું? અમારા માનનીય કીરીટભાઈએ અભિનંદન આપ્યાં. માનનીય ગૃહમંત્રીશ્રી અપહરણવાળાને બીજા રાજ્યમાંથી પકડીને લઈ આવ્યાં. આખું ગૃહ અને ગુજરાત તમને અભિનંદન આપે છે. મને લાગે છે કે આ સિવાયની જગ્યાએ અથવા થશે પછી રાજકીય હરીફોને ગુનેગાર ઠેરવવા માટે વકીલને મેજિસ્ટ્રેટનો અધિકાર આપવાનું પ્રાવધાન આ કાયદાથી થઈ રહ્યું છે. *(xxx) આ નવી પરંપરા છે. શાંત ગુજરાત, સલામત ગુજરાતમાં ક્યાંય સુલેહ–શાંતિના ભંગ માટે, હુલ્લડ, બખેડા, સલામતી માટે, લોકોના જાનમાલના રક્ષણ માટે *(xxx) અને એનાથી સામાન્ય માણસના અધિકાર ઉપર ક્યાં અસર ઊભી થવાની છે?

અધ્યક્ષશ્રી : આ *(xxx) આખેઆખા શબ્દો રીપિટેશન છે એટલે કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, કંઈ વાંધો નહી. આનાથી શું થવાનું ? જે અનુભવી રહ્યો છે ગુજરાતનો સામાન્ય માણસ અનુભવી રહ્યો છે. ૧૪૪ના જાહેરનામા તળે જે પાબંદીઓ લગાવવામાં આવી છે, એ પાબંદીઓના કારણે કોઇ નાના માણસને સરકારી કચેરીમાં રજૂઆત કરવા જવું હોય તો એ ચાર જણા ભેગા થઇ જઇ શકતા નથી. કોઇ આવેદન આપવા જવું હોય તો જઇ શકતા નથી. કોઇ ધરણાં કરવા હોય તો કરી શકતા નથી, રેલી કે સરઘસ કાઢી શકતા નથી. એકલા વ્યકિતને ઉપવાસ કરવા બેસવું હોય તો ઉપવાસ કરી શકતા નથી. સરકારી નિષ્ફળતાને ઉજાગર કરવા લોકશાહીમાં અસંમતિનો અધિકાર મળ્યો છે, સરકારનું ધ્યાન આકર્ષિત કરવા શાંતિપ્રિય રીતે અસંમતિ વ્યકત કરવાના અધિકારને ૧૪૪ની કલમ તળે જાહેરનામાથી કયાંય બેડીઓ લગાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. સામાન્ય માણસને પોતાની સમસ્યાઓ અંગે અવાજ ઉઠાવવાનો અધિકાર છે, આ જાહેરનામા તળે નાનો માણસ એની સમસ્યાનો અવાજ ઉઠાવવા જાય તો પણ કયાંય એને જેલના સળિયા પાછળ ધકેલવાનો ભય પેદા થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે, હમણાં જ શ્રી નીતિનભાઇ કહેતા હતા, પ્રેસના મિત્રોને યાદ કરતા હતા, ચાર દિવસ પહેલા આખાયે દેશના ખેડૂતોની સમસ્યા એને પ્રેસવાર્તા કરવા કોઇ એક વ્યકિત બેઠી હતી, રાકેશ ટિકૈતજી ચાર તારીખે આવી રહ્યા છે અને ગુજરાતની જનતાને જાણ કરવા નિયમોનું પાલન કરી અને પ્રેસ કોન્ફરન્સ ચાલી રહી હતી, પ્રેસ કોન્ફરન્સમાંથી પણ આ જાહેરનામાના ઓથ તળે કોઇને એની અભિવ્યકિતના અધિકારની ઉપર તરાપ મારવામાં આવી, એનો આખો દેશ સાક્ષી છે. મારે આપના મારફત સરકારને પૂછવું છે કે, આ લોકશાહીમાં પક્ષ અને વિપક્ષ, સરકારને બહુમતી સારા કામ કરવા આપી છે અને સારા કામને અમે વખાણશું, સારી નીતિઓમાં અમે ખભે ખભો મેળવશું પણ જે કાયદાથી લોકોમાં વિશ્વાસ પેદા થતો હતો, આજ કાયદાનો કયાંય હથિયાર તરીકે ઉપયોગ કરવાનું પ્રયોજન થશે તો, વિપક્ષ તરીકે અમે વિરોધ કરવાના છીએ. એક શબ્દ સિવાયની જગ્યાએ અથવા લગાડવાથી જે કેસ સાબિત કરવાની જવાબદારી જેની હતી એવા *(xxx) અને અમુક રાજકીય સૂચનાઓને સરન્ડર થનારા લોકો...

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, *(xxx). એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કયાંય અસંમતિના અધિકારને દબાવવા માટે આ કાયદાનો દુરુપયોગ કરશે અને આનાથી આવતા દિવસોમાં જે અસંમતિનો અધિકાર છે, એ લુપ્ત થઇ જશે. આ લોકશાહીની ધારને બુઠ્ઠી કરનારો કાયદો ગૃહમંત્રીશ્રી રોકે એવી આપના મારફત વિનંતી કરૂ છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કિરીટભાઇ, માનનીય વિરજીભાઇ અને માનનીય વિપક્ષના નેતા પરેશભાઇ ધાનાણી, આ કાયદો હું જે લાવ્યો છું, ફોજદારી કાર્યરીતિ ગુજરાત સુધારા વિધેયક ૨૦૨૦–૨૧ના સંદર્ભમાં પ્રથમ દષ્ટિએ મેં સમગ્ર કાયદાના વિધીન ધ સ્કોપમાં સંપૂર્ણપણે સન્માનનીય સભાગૃહ સમક્ષ મારી સમજણ અનુસાર મુકવા માટેનો પ્રયત્ન કર્યો. પરંતુ જે થોડી ગેરસમજો થઇ છે, એ ગેરસમજોમાં માનનીય કિરીટભાઇએ જે કાળજી રાખવાની વાત કરી, આ સભાગૃહની અંદર જે પણ કાયદા બનતા હોય છે એ કાયદા ગુજરાતના હીત માટે બનતા હોય છે અને કદાચ કોઇ કાયદામાં કયાંય ક્ષતિ હોય તો વખતો વખત નામદાર હાઇકોર્ટ સમક્ષ રજૂઆત થાય, પિટિશન થાય, એના સંદર્ભમાં આપણને ડાયરેકશન મળતા હોય છે. મને ગૌરવ થાય છે કે, અત્યાર સુધી ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની ઉત્તમ પરિસ્થિતિનું નિર્માણ કરી શકાય, એના માટેના જેટલા જેટલા કાયદા બનાવ્યા છે એ ગૌહત્યાનો કાયદો હોય, એ નશાબંધીનો કાયદો હોય, લેન્ડ ગ્રેબિંગ એકટ હોય, એ ગુંડા નાબૂદી ધારો હોય, એ ચેઇન સ્નેચિંગ હોય, ગુજ સી ટોક હોય આ બધા કાયદાઓ એક કરતા અનેક વખત હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટ સુધી ગયા છે. હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી ગયા છે. આ સન્માનનીય સભાગૃહની અંદર જે ડિબેટ થઇ હોય છે એ ડિબેટ નામદાર હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટની અંદર જાય છે. ગુજરાતની આ વિધાનસભાએ ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે કરેલા કાયદાઓને હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા થપ્પો મારવામાં આવ્યો છે. આ રાજય સરકાર એટલી ચિવટથી અને ગુજરાતની પ્રજાની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે આ કાયદાઓ બનાવતી હોય છે. આ કાયદા કોર્ટ કોગ્નિજન્સ લઇ શકે તે માટેની સરળતા ઉભી એટલા માટે કરવી છે. કોરોનાનો સમય છે, એક

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૧

તબક્કામાંથી ફરી આપણે બીજા સંક્રમણના તબક્કામાં આવીએ છીએ, એવું કહેવાયું કે પાવર નથી છતાં તમે જે રીતે એફ.આઇ.આર કરી હવે આગામી દિવસોમાં કોર્ટ ચાર્જશીટ નહીં લે. કોરોનાના આ સંક્રમણના કાળની અંદર પણ ગુજરાતની પ્રજાના જીવની રક્ષા કરવી એ રાજય સરકારનું કર્તવ્ય છે. આ કર્તવ્ય માટે આવશ્યકતા પડે ત્યાં લો એન્ફોર્સમેન્ટ એજન્સી અને જુદા જુદા કાયદાઓ જાહેરનામા આધારે આપણે એનો ઉપયોગ કરવો આવશ્કય છે. એટલા માટે મેં કહ્યું તેમ કાયદો બુઠ્ઠો ન બની જાય એની ધાર શાર્પ જ રહેવી જોઇએ આ શાર્પ અમારી સત્તાના સૂત્રો વધારે ગાઢ બને એટલા માટે નથી, પરંતુ ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા લોકોના આરોગ્ય જળવાઇ રહે, તંદુરસ્તી જળવાઇ રહે એના સ્વાસ્થ્યનું જતન થાય. એના માટેનો આ કાયદો છે. આ તમામ પ્રકારની માનનીય કીરીટભાઇ અમે કાળજી લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇએ પણ આશંકા વ્યકત કરી. આમાંથી કોઇના હક્ક, દેખાવ કરવાનો જે બાધિત અધિકાર છે એ અધિકાર પર તરાપ મારશે. અમે સંપૂર્ણપણે લોકશાહીની વ્યવસ્થામાં માનવાવાળા લોકો છીએ. અમે વિપક્ષમાં હતા ત્યારે અમે પ્રજાકીય પ્રશ્નોના લોકોની વચ્ચે જઇને અમે આંદોલનો કરતા હતા. એ આંદોલનો વખતે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે કોંગ્રેસની બેસુમાર લાઠીઓનો ભોગ ભારતીય જનતા પાર્ટીના અનેક કાર્યકર્તાઓ બન્યા છે. હજી તમને એ પ્રકારની કોઇ ટ્રિટમેન્ટ ગુજરાતની પોલીસે આપી નથી. હજી કોઇ ટ્રિટમેન્ટ, આમાં કોઇ જણ એવું નહીં બતાવી શકે કે શર્ટ ઉંચો કરીને કે તમે જૂઓ તમારી પોલીસે અમને આ રીતે માર્યા છે. એવો માર ખાઇ ખાઇને અમે અહીંયાં સુધી પહોંચ્યા છીએ. અમે ગુજરાતના પ્રશ્નો માટે લડતા આવ્યા છીએ. હમણાં (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હજી આપી નથી. એનો અર્થ અમારે શું ગણવાનો, એવું કહેશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :ના, ના, એવું નથી કહેતો. અધ્યક્ષશ્રી : એવું નથી કહેતાને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હું એવું નથી કહેતો. હું એવું કહું છું કે અમારી પોલીસ વિપક્ષના અધિકારો પ્રત્યે સોફ્ટ રહેલી છે. એના માટે કયારેય અમે અતિરેક નથી કર્યો. અમારી સહનશકિત છે. અમારી પોલીસની સહનશકિત છે. પરંતુ અમારી સહનશકિતને મર્યાદા ન સમજતા. મારે એ કહેવું છે કે હમણાં મહાત્મા ગાંધીજીના આપણા ૭૫મા વર્ષનો જે કાર્યક્રમ હતો દાંડીકૂચનો હવે એ કાર્યક્રમ માટે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાત આવે, ગાંધી આશ્રમ આવે અને દાંડીકૂચનો કાર્યક્રમ શરૂ કરે આખા દેશના ૭૫ સ્થાનો પર લોકો કનેકટ થાય અને એ જ વખતે અમારે પણ કાર્યક્રમ કરવો છે. દેશના પ્રધાનમંત્રી ભારતની મળેલી આઝાદીના દેશના લોકો સુધી જાય એવા ઉંચા મોટીવથી જાય, ત્યારે એવું કહે કે અમારે દાંડીકૂચ સાથે કાંઇ લેવા દેવા નહીં, અમારે તો કિસાન માટે આંદોલન કરવું છે. એના માટે દાંડીકૂચની પરવાનગી માગે, આ જાહેરનામાના આધારે પરવાનગી ન મળે, અમે એમને કહ્યું કે તમારે કાઢવી હોય તો તમે પ્રધાનમંત્રીએ કાઢયા પછીના દિવસોમાં કાઢો. ત્યાર પછી ૧૫ દિવસ ગયા માત્ર દેખાવ કર્યો, જો એમને ગાંધીજી માટે લાગણી હોત તો દાંડી માટે લાગણી હોત તો એમણે યાત્રા કાઢી હોત. આ માત્ર દેખાવ કરવા વાળા છે. ભૂતકાળમાં કોંગ્રેસ દ્વારા દાંડીયાત્રા કાઢીને છેક દાંડી સુધી પહોંચ્યા હતા, તમારે બીજા દિવસે કાઢીને દાંડી સુધી પહોંચવું હતું ને?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ઐતિહાસિક પ્રસંગો હોય એ દિવસે જ દાંડીયાત્રા કઢાય. અમે તો ૭૫ વર્ષથી કાઢીએ છીએ તમે તો પહેલીવાર કાઢી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારી પાસે રિપોર્ટ છે તમે છેલ્લા પાંચ વર્ષમાં બે વખત જ કાઢી છે. ત્રણ વખત નથી કાઢી એટલે એની કોંગ્રેસ પરંપરા ભૂલી ગઇ છે. અમે કોઇ રાજકીય હરીફો કે એના સામેનો હિસાબ કરવા માટેનો અમારું કોઇ એમેન્ડમેન્ટ નથી. અમારું આ એમેન્ડમેન્ટ પ્રજાને શાંતિ, સલામતિ અને સુરક્ષાનો હિસાબ માપવા માટેનું આ એમેન્ડમેન્ટ છે. ૧૪૪નો માનનીય પરેશભાઇએ ઉલ્લેખો કર્યા છે દરેકે દરેક જાહેરનામામાં ઉપસ્થિત થતી પરિસ્થિતિઓના જસ્ટિફિકેશન હોય છે. નામદાર હાઇકોર્ટમાં જે પિટિશન ચાલે છે અને એમાં અમે જસ્ટિફિકેશન આપ્યું છે કે કયા વખતે કયા પ્રકારના સંજોગો હતા જેના કારણે અમે જસ્ટિફિકેશન કર્યું છે આ એમેન્ડમેન્ટથી કોઇ ધરણા, કોઇ જાહેર સરઘસ, સભા ઉપર પ્રતિબંધ નથી પરંતુ જયારે કોઇ વિશિષ્ટ કાર્યક્રમો હોય અથવા વિશિષ્ટ પરિસ્થિતિ હોય અથવા કોરોના જેવો સમય હોય તો એવા સંજોગોની અંદર જ આ પ્રતિબંધ કરવામાં આવે છે. આંદોલન કરવો એ આપનો અધિકાર છે અને એ અધિકારનું જતન કરવુ એ સરકાર તરીકેની અમારી ફરજ છે. મેં કહ્યું તેમ એક નાનો સરખો સુધારો છે. કોંગ્રેસ, વિપક્ષના મિત્રોને આના સંદર્ભમાં કોઇ ગેરસમજ કરવા માટેની આવશ્યકતા નથી. માત્ર કોર્ટ કોગ્નીઝેબલ લે એના માટે આ કાયદો વધારે શાર્પ બને એ માત્ર આશય અને દ્રષ્ટિકોણથી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છે અને આની વિસ્તૃત જાણકારી મેં સૌને આપી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૧નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–ર, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૧નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૧નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૧

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૧ના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૧ના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા)વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જેમ અગાઉ નાણાં વિભાગ અને ગૃહ વિભાગમાં નાના નાના પણ વહીવટના અને વ્યાપક હિતના સુધારા આવ્યા એ જ પ્રમાણે હું પણ નાના પણ અતિ મહત્ત્વના સુધારા લઇને આવ્યો છું. આ અધિનિયમની કલમ-૨થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ-૨, ખંડ-નમાં આ મુજબના ફેરફાર કરવામાં આવે છે. તેમાં નાનકડો માત્ર નામનો સુધારો છે. માન્ય શાળા. ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકે જેને અધિકૃત કરેલા અધિકારીઓએ માન્ય કરેલી માધ્યમિક અથવા ઉચ્ચ માધ્યમિક શાળા અથવા કોઇ પણ યુનિવર્સિટીએ રજિસ્ટર્ડ કરેલી શાળા એને માન્ય શાળા તરીકે રેકગ્નાઇઝ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ય વિભાગો દ્વારા પણ શાળાઓ ચાલે છે. એ બધી શાળાઓની માન્યતા તો હોય છે જ, પણ આ જે માન્ય શાળાની વ્યાખ્યામાં અત્યાર સુધી નહોતી. માન્યતા ધરાવતી હોવા છતાં માન્ય શાળાની વ્યાખ્યામાં નહોતી, એટલો જ નાનકડો સુધારો. બીજો પેટા કલમ-૧ના ખંડ-ખ હેઠળ અધિકૃત અધિકારીએ કરેલા હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ અધિકૃત અધિકારીના નિર્ણયની તારીખથી ૩૦ દિવસની અંદર ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે. આ ટ્રિબ્યુનલ તેનું ફોમ થોડું મોટું કર્યું છે. હવે ૩૦ દિવસની અંદર ટ્રિબ્યુનલના બદલે ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ-૨૦૦૬ની કલમ-૩ હેઠળ રચાયેલી ગુજરાત શૈક્ષણિક સંસ્થા ટ્રિબ્યુનલને અપીલ કરી શકશે. હવે ટ્રિબ્યુનલને બદલે ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ-૨૦૦૬ની કલમ-૩ હેઠળ રચાયેલી ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે અતિ મહત્ત્વની વાત હું કહેવા જઇ રહ્યો છું. રાજ્યમાં લઘુમતી શાળાઓ આવેલી છે. અત્યાર સુધી લઘુમતી શાળાઓને શિક્ષણ અધિનિયમ-૭૨, કલમ-૪૦(ક) દ્વારા લઘુમતી સંચાલિત અનુદાનિત ખાનગી શાળાઓને અમુક છૂટછાટ આપવામાં આવી હતી. એ લાયકાતો, પસંદગીની પદ્ધતિ, નિમણૂક, બઢતી, સેવા સમાપ્તિ આ બધી બાબતોમાં એમને રાજ્ય સરકારના નિયમોમાંથી મુક્તિ હતી એટલો વિશેષાધિકાર લઘુમતી શાળાઓને હતો. રાજ્ય સરકાર ૫૦૦ કરોડ રૂપિયા આ લઘુમતી સંસ્થાઓને એક નાણાકીય વર્ષમાં મદદ કરે. એક રૂપિયો પણ આપે તો પણ જે તે સંસ્થાએ રાજ્ય સરકારના નીતિ-નિયમોનું પાલન કરવું જોઇએ. હવે રાજ્ય સરકાર નાણાકીય વર્ષમાં હું વર્ષ ૨૦૧૯-૨૦નો દાખલો આપું તો ૫૦૦ કરોડ રૂપિયા વત્તા નિભાવ ખર્ચ આપ્યો હોય અને જે સુધારો છે એ અમારા ગમા-અણગમા ઉપર નથી. પણ સુધારો છે એ લઘુમતી શાળાઓ એ ગુણવત્તાયુક્ત શિક્ષણ ભણાવે. રાજ્ય સરકારના નિયમોનું પાલન કરે, શિક્ષકો, બિન શૈક્ષણિક કર્મચારીઓનું હિત સચવાય એના માટે કલમ ૪૦(ક)ની હાલની જોગવાઇઓ, કલમ-૧૭ ના ખંડ-૨૬, કલમો-૩૪, ૩૫ અને કલમ-૩૬ની પેટા કલમ-૧ના ખંડ-(ખ) અને તેની પેટા કલમ-૨,૩,૪, અને ૫ માંનો કોઇપણ મજકૂર, ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઇ શિક્ષણ સંસ્થાને લાગુ પડશે નહીં. આ પ્રકારનું હતું. હું સરખામણી વાંચું છું. પહેલા રાજ્ય સરકારના નીતિ નિયમો છે અને પછી લઘુમતી સંસ્થાની શાળાઓ જે રીતે અત્યારે કાર્યરત છે. લાયકાતો જેવી કે માધ્યમિક વિભાગમાં સ્નાતક સાથે બી.એડ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં અનુસ્નાતક સાથે બી.એડ અને ટાટ પાસે કરેલા જ ઉમેદવારની પસંદગી કરવામાં આવે છે. જ્યારે સામે લાયકાતો જેવી કે માધ્યમિક વિભાગમાં સ્નાતક અને બી.એડ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અનુસ્નાતક સાથે બી.એડ કરેલ હોય પરંતુ ટાટની લાયકાત જરૂરી નથી. ટાટની લાયકાતનું આખા રાજ્યની ૫૧૯૧ શાળાઓમાં અત્યારે પાલન કરવામાં આવે છે અને શિક્ષકોની કેન્દ્રીય પદ્ધત્તિ પ્રમાણે પસંદગી પ્રક્રિયા છે એમાં આ ટાટ એ ફરજિયાત છે. પસંદગીની પદ્ધત્તિ પણ શૈક્ષણિક લાયકાત અને ઇન્ટરવ્યુ લઇને

* વિધેયક તા. ૨૪મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વ્યક્તિત્વનું ગુણાંકન કરવામાં આવે છે. અમે ગુણાંકન કેવી રીતે કરીએ છીએ? શૈક્ષણિક લાયકાતના ૩૦ ટકા ભારણ અને ટાટ પરીક્ષાના ૭૦ ટકા ભારણના આધારે મેરિટ યાદી બનાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની વાત કરું તો ઉમેદવારોની પસંદગી રાજ્ય કક્ષાએથી કેન્દ્રીય પદ્ધતિથી ઓનલાઇન પ્રક્રિયા દ્વારા પારદર્શક રીતે થાય છે. હાલમાં આ કામ ચાલી રહ્યું છે. મેરિટમાં નિમણૂકની એક ફરિયાદ નથી આવી. કારણ કે બધાને ખબર છે કે પોતાનું મેરિટ ક્યાં છે. લાયકાત પ્રમાણે મેરિટ નક્કી થાય છે એટલે કોઇને ફરિયાદ નથી. હવે ઉમેદવારોની પસંદગી લઘુમતી શાળાઓમાં સંચાલક મંડળ પોતાની કમિટિ બનાવીને ઉમેદવારને રૂબરૂમાં ઇન્ટરવ્યુ લઇને વ્યક્તિત્વના ગુણો મૂકીને કરે છે. આમાંથી આપણે બધા પસાર થયા છીએ. ભૂતકાળમાં આ બધા પ્રકારોના કારણે જે કાંઇ થતું હતું એ બધાથી આપણે જાણકાર છીએ. આ બધુ બંધ થાય, પારદર્શક થાય, માત્ર લાયકાત, માત્ર ગુણવત્તા એટલા માટે આ પદ્ધતિ કરી. હજુ ત્યાં આ પદ્ધતિ ચાલે છે. કલમ–૩૫ માં સુધારો કરીને ગુજરાત સ્ટેટ સ્કૂલ સર્વિસિસ કમિશન એક્ટ ઓફ ૨૦૧૩થી કેન્દ્રીયકૃત અને ઓનલાઇન અરજીઓ મંગાવીને પસંદ કરવામાં આવે છે. આ સરકારના નીતિ નિયમો છે. લઘુમતી ઉમેદવારોની પસંદગી માટે લભુમતી શાળામાં સંચાલક મંડળ પોતાની રીતે કમિટિ બનાવે છે. જેથી ટાટ વગરના જ ઉમેદવારો પસંદ કરવામાં આવે છે. શા માટે આપણે આગ્રહ રાખીએ છીએ? શ્રી પી.ડી., આપ તો સાક્ષી છો. પહેલા શિક્ષક બનવા માટેની લાયકાત ફાઇનલ, ધોરણ–૭ પાસ કર્યું હોય તો શિક્ષક તરીકે નોકરી કરી શકો. બધાને લાગ્યું કે આમાં ફેરફાર કરવાની જરૂર છે. પછી પી.ટી.સી. આવ્યું. શિક્ષકો ટ્રેઇન્ડ હોય અને ભણાવે તો વધારે સારું ભણાવે. ત્યાર પછી પણ શિક્ષણવિદોને અનુભવથી નિષ્ણાંતોને એમ લાગ્યું કે ફાઇનલ કરતાં પી.ટી.સી. વધારે સારું ભણાવી શકે છે. હજી પણ બી.એડ કરીએ તો? બી.એડ કર્યું. મારે ટૂંકમાં મારો અનુભવ કહેવો છે. વર્ષ ૧૯૭૦માં હું બી.એ. થયો. જે શાળામાં મેં અભ્યાસ કર્યો એ શાળામાં મને નોકરી મળી ગઇ. એટલે બે વર્ષ સુધી મેં બી.એડ વગર નોકરી કરી. વર્ષ ૧૯૭૨–૭૩માં બી.એડ કરી આવ્યો તો જે વિદ્યાર્થીને મેં ચોથા–પાંચમામાં ભણાવેલો એ વિદ્યાર્થીને બી.એડ કરીને આવ્યાં પછી ભણાવ્યો તો મારા સાથી શિક્ષકો કહે કે, બાપુ, આમાં તો ઘણું અંતર છે. મતલબ કે trained – untrained. In the interest of student, in the interest of education, in the interest of future. ભવિષ્ય માટે અને હજુય જેમ જેમ વૈશ્વિક હરીફાઇ વધતી જાય છે તો એમાં ઊભા તો રહેવું જ જોઇએ અને એ વૈશ્વિક હરીફાઇમાં આપણે ઊભા રહેવા માટે ફાઇનલ, પી.ટી.સી., બી.એડ અને ટાટ અને એમાં માત્ર ગુણવત્તાને જ ધ્યાનમાં લેવામાં આવે છે. આના સમર્થનમાં ૨૦૦૨માં સુપ્રીમકોર્ટે પણ ઓબ્ઝર્વેશન આપેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બધાના પ્રવચન પછી જરૂર પડશે તો વાંચીશ. એના આધારે ગુજરાત હાઇકોર્ટના ડબલ એ.જી.એ અમને પત્ર લખ્યો અને પત્રની સામે લઘુમતી સંસ્થા નામદાર હાઇકોર્ટમાં ગઇ તો જે સુપ્રીમ કોર્ટનું વર્ઝન હતું એ જ પ્રમાણે નામદાર હાઇકોર્ટે પણ ગુણવત્તા માટે રાજ્ય સરકાર જે ૫૦૦ કરોડ રૂપિયા આપે છે એ સરકારના તમારે બધા ધારા–ધોરણો અને નિયમોનું પાલન કરવું જ જોઇએ એના પછી લેઇટેસ્ટ હમણાં સિવિલ એપ્લીકેશન નંબર સો એન્ડ સો ૨૦૧૭માં તા.૬–૧–૨૦૨૦ના રોજ બરોબર એક વર્ષ પહેલા જજમેન્ટ પણ રાજ્ય સરકારના ધારા–ધોરણો અને ગુણવત્તા માટે ક્વોલીફિકેશન જરૂરી છે આટલો સુધારો લઇને હું આવ્યો છું. આ સુધારાની અંદર ગુણવત્તા એજ લક્ષ્ય છે. અમારે મન બહુમતી લોકો જે રીતે ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે છે એજ નજરે અમે લઘુમતી સંસ્થાઓને પણ જોઇએ છીએ એટલા માટે એ લઘુમતી સંસ્થા પણ ટ્રેઇન શિક્ષકો દ્વારા એમના બાળકો અભ્યાસ કરે અને એમનું પણ ભવિષ્ય ઉજવળ થાય એના માટેના પ્રયાસના ભાગરૂપે આ બિલ લઇને આવ્યો છું. હું સૌને વિનંતી કરું છું કે મારા બિલને સર્વ સંમતિથી મંજૂરી આપે.

અધ્યક્ષશ્રી : અભિનંદન. માનનીય ઋત્વિકભાઇ મકવાણા.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૪ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તે સંદર્ભે મારી કેટલીક વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે શરૂઆતના જે બે સુધારાઓ છે એ તા.૨–૧૧–૨૦૧૩ના ગેઝેટમાં પ્રસિદ્ધ થયા મુજબના માત્ર કેટલાક નામના સુધારાઓ અને જરૂરી કેટલાક સુધારા–વધારા કર્યા છે એની સાથે સાથે એમણે લઘુમતી સંસ્થાઓની અંદર લાયકાત સુનિશ્ચિત કરવા માટેના સુધારાઓની પણ વાત કરી છે. સામાન્ય રીતે જોઇએ તો સુધારા વિધેયક છે અને ગૃહમાં વારંવાર કહેવામાં આવ્યું છે કે માત્ર સુધારા પુરતી જ વાત કરવી. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે હાથીની વાત કરતા હોઇએ ત્યારે પૂરેપૂરા હાથી ઉપર ધ્યાન આપવું જોઇએ. માત્ર સુંદર કાનની વાત કરીએ અને પછી(અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય મકવાણાજી, આપ અધ્યક્ષના નિર્ણયની ટીકા કરી રહ્યાં છો. જે ના કરી શકાય. આ જે ચુકાદા છે, એ મારો ચુકાદો છે એવું નહીં. આ નિયમ છે. આ નિયમ ઉપરથી જ ચુકાદો આવ્યો છે કે જે સુધારો હોય એના પર જ વળગી રહેવું જોઇએ. એટલે મારી આપને વિનંતી અને આગ્રહ છે કે આપ સુધારા ઉપર જેટલું બોલવું હોય એટલું બોલો. હું નહીં અટકાવું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આભાર. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે એના સંદર્ભે વાત કરું તો શાળા લઘુમતી હોય કે સામાન્ય શાળા હોય. એના સંચાલનની જે વ્યવસ્થા છે એમાં ગ્રાન્ટ ઇન એઇડ જે શાળાઓ છે એ લઘુમતી હોય કે સામાન્ય શાળાઓ હોય એના સંચાલકોનો રોલ શું છે એ સારી રીતે સમજી લેવું જોઇએ. સંચાલક એટલે

સામાન્ય રીતે જોઇએ તો સારી રીતે ચાલે અને સારી રીતે ચાલતા શીખવે તે સંચાલક એટલે શાળાના ઉત્કૃષ્ટ નિર્ધારણ માટે શાળાનું સંચાલન એ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. રાજ્યની અંદર કુલ ૩૭૫૫૧ જેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે એની સામે માત્ર ૧૧૯૫૮ જેટલી જ માધ્યમિક શાળાઓ આવેલી છે. માધ્યમિક શાળાઓનું પ્રમાણ પ્રાથમિક શાળાઓના સંદર્ભે ખૂબ જ ઓછું છે. અંદાજે ૮૨ લાખ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ એનરોલ થાય છે. એની સામે માધ્યમિક શાળાઓમાં માત્ર ૨૮ લાખ એનરોલમેન્ટ થાય છે. આવા સંજોગોમાં કુલ ૧૧૯૫૮ માધ્યમિક શાળાઓ છે તે પૈકી માત્ર ૫૨૧૯ ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓ છે એટલે કે લગભગ ૫૦ ટકા માધ્યમિક શાળાઓનું સંચાલન ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે થઇ રહ્યું છે. આવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી જે સુધારાઓ લઇને આવ્યા છે લાયકાતના સંદર્ભે, એ સંદર્ભે સંચાલકોને પણ સ્થળ, સમય અને સંજોગો અનુસાર પસંદગીનો થોડોઘણો સ્કોપ રહેવો જોઇએ. માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે લાયકાત, પસંદગીની પદ્ધતિ, નિમણૂક, સેવા સમાપ્તિની કામગીરી આ દરેક જે વિશેષાધિકાર માત્ર લઘુમતીને મળે છે અત્યારે એ અત્યારના સંજોગો છે. ભૂતકાળમાં તમામ વિશેષાધિકારો તમામ સંચાલકોને મળતા હતા અને તબક્કાવાર એ અધિકારો ઘટતા ગયા. ક્યારેક એવું લાગે છે કે સરકારશ્રી પોતે જ કન્ફ્યુઝ છે પસંદગીની લાયકાત અને પદ્ધતિ બાબતે. ક્યારેક એવું લાગે કે સરકારને પોતાની જ શિક્ષણ વ્યવસ્થા ઉપર ભરોસો નથી. બારમા ધોરણનું પ્રમાણપત્ર કોણ આપે છે? સ્નાતક કક્ષાનું પ્રમાણપત્ર કોણ આપે છે? બી.એડ વ્યવસાયિક લાયકાત માટેનું પ્રમાણપત્ર કોણ આપે છે? માસ્ટર ડીગ્રીનું લાયકાતનું પ્રમાણપત્ર કોણ આપે છે? આ બધી લાયકાતના પ્રમાણપત્ર ઉપર આપણે માત્ર ૩૦ ટકા ભરોસો કરીએ છીએ અને સરકાર જે ત્રણ કલાકની પરીક્ષાનું આયોજન કરે છે એ પરીક્ષા ૭૦ ટકા ભરોસાલાયક? આવું કઇ રીતે હોઇ શકે? એક વિદ્યાર્થી પોતાની જિંદગીના ૨૦–૨૨ વર્ષ જે શિક્ષણની પ્રક્રિયામાંથી પસાર થાય છે એ સમગ્ર શિક્ષણ પ્રક્રિયાને આપણે મહત્ત્વમાંથી દૂર કરી દઇએ છીએ, એની લાયકાતને દૂર કરી દઇએ છીએ, એની પ્રક્રિયા જે આખી છે એ આખી પ્રક્રિયાને લાયકાતમાંથી દૂર કરીએ છીએ અને માત્ર ત્રણ કલાકની પરીક્ષાના ભરોસે એ શિક્ષણ બનવાને લાયક છે કે કેમ એ નકકી કરતા હોઇએ આપણે તો ક્યાંક એવું લાગે છે કે આપણે લાયકાતમાં કે નીતિ નિર્ધારણમાં ફેરફાર નથી કર્યો પરંતુ માત્ર ભ્રષ્ટાચારની પ્રક્રિયા જે એક જગ્યાએ થતી હતી એને સેન્ટ્રલાઇઝ કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. અહીંયા બિલની અંદર કહેવામાં આવ્યું છે કે ત્રણ પ્રકારની માધ્યમિક શાળાઓ, ઉત્તર બુનિયાદી શાળાઓ અને આશ્રમશાળાઓ જેનું સંચાલન શિક્ષણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિભાગ અને સમગ્ર શિક્ષા અભિયાન વિભાગ આ ચાર વિભાગો દ્વારા કરવામાં આવે છે. ચાર વિભાગો દ્વારા જયારે શાળાઓનું સંચાલન કરવામાં આવતું હોય ત્યારે દરેક વિભાગોની અને દરેક વિભાગો દ્વારા સંચાલિત શાળાઓની અવધારણા અલગ અલગ હોય છે અને એ અવધારણાના આધારે એની લાયકાત અને જરૂરિયાત પણ અલગ અલગ હોય છે. સામાન્ય શાળામાં જે પ્રકારનું શૈક્ષણિક વાતાવરણ હોય એ પ્રકારનું બુનિયાદી શાળાઓમાં હોતું નથી. સાયન્સની શાળાઓમાં જે પ્રકારના વાતારવણની અપેક્ષા હોય એ પ્રકારના વાતાવરણની અપેક્ષા આશ્રમશાળાઓમાં હોતી નથી. દરેક જગ્યાની લાયકાત એના ધારાધોરણ અનુસાર અલગ અલગ હોય છે. ત્યારે દરેક માટે આપણે એક પ્રકારની વ્યવસ્થા કરીએ એ મારી દ્રષ્ટીએ વ્યાજબી જણાતું નથી. શૈક્ષણિક સ્ટાફની સેવાની શરતો અને એના વિવાદો જે નક્કી કરવા માટે ટ્રિબ્યુનલની વાત થાય છે, પરંતુ એની સાથે સાથે આ પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય એના માટે પણ વિભાગે વિચારવું જોઇએ. અને આવનારા સમયની અંદર ભૂતકાળમાં પણ મેં કહ્યું છે કે અલગ અલગ વિભાગો દ્વારા શાળાઓનું સંચાલન થાય છે. એના કારણે પણ અનેક  પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. કેન્દ્રીયકૃત ભરતીઓના કારણે સંચાલકો સાથે સ્થળ, સમય અને પરિસ્થિતિ અનુસાર અનુકૂલન નહિ સાંધી શકવાના કારણે અનેક પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. એના બદલે સ્થળ અને સમય અનુસાર સંચાલકોને નવા નવા પ્રયોગો કરવા માટે અથવા શિક્ષણના સુધારાઓ કરવા માટે પૂરતી તક મળવી જોઇએ. એક તરફ આપણે પૂરતા પ્રમાણમાં સરકારી રાહે પૂરી માધ્યમિક શિક્ષણ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવી શકતા નથી, ત્યારે સંચાલકોને આપણે પ્રોત્સાહિત કરવા જોઇએ. સમગ્ર રાજ્યમાં માત્ર ૧૪૦૦ની આસપાસ જ સરકારી શાળાઓ છે. બાકીની તમામ માધ્યમિક શિક્ષણ વ્યવસ્થા સંચાલક મંડળોના સહારે ચાલી રહી છે. આપણે એના ઉપર dictatorshipના બદલે પ્રોત્સાહિત કઇ રીતે કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા ગોઠવવી જોઇએ. એટલે માનનીય મંત્રીશ્રી જે સુધારા લઇને આવ્યા છે. એક કે બે સુધારાને બાદ કરતા છેલ્લો સુધારો છે, તેની અંદર પુનઃવિચારણા કરી બાકીની શાળાઓને વિશેષાધિકાર સંચાલકોને મળે તે પ્રકારનો સુધારો લાવવા માટે નમ્ર વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય ઋત્વિકભાઇએ કહ્યું, પણ સરકાર કન્ફ્યુઝ નથી. પ્રવચનમાં આપ પોતે કન્ફ્યુઝ છો એવું લાગ્યું. અમે કન્ફ્યુઝન દૂર કરીએ. હું ગૃહનો આભાર માનું છું કે લગભગ બધા જ માનનીય સભ્યશ્રીઓ મારી વાત સાથે સંમત થયા છે. એનો આ પુરાવો છે. મેં કહ્યું હતું એટલા માટે એક જજમેન્ટ વાંચ્યું. સુપ્રીમ કોર્ટે PMA Foundation & Others V/s State of Karnataka – "The State or other controlling authority, however, can always prescribe the minimum qualification, experience and other conditions bearing on the merit of an individual for being appointed as Teacher or Principal of any educational institution...." આ રાજ્ય સરકાર તો ગુણવત્તામાં પહેલેથી માને છે, પરંતુ હમણાં શ્રી પ્રદિપસિંહે કહ્યું રાજ્ય સરકારના તમામ નિર્ણયો ઉપર હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના થપ્પા વાગે છે.  ".....regulations can be framed governing service conditions for teaching and other staff for whom aid is provided by the State, without interfering....." આમાં એ પણ લખ્યું છે તમે ગુણવત્તા માટે ફેરફાર કરી શકો છો. ધારાધોરણો નિયમોનું પાલન કરાવી શકો છો. એમાં લખ્યું છે જે બંધનકર્તા છે. અમે કબૂલ કરીએ છીએ. એમના દૈનમદીમ કામમાં અમે ઈન્ટરફિયર કરવા માગતા નથી. માનનીય ઋત્વિકભાઇએ કહ્યું તેના જવાબમાં માધ્યમિક શાળા બે વર્ષમાં ૧૨૭ નવી શાળાઓ શરૂ કરી છે.  હું ફરીવાર ગૃહનો આભાર માનું છું અને વિનંતી કરું છું કે મારું બિલ સર્વાનુમતે પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૪– સન ૨૦૨૧નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૧

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૧નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૧નું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સભાગૃહની આજની પ્રથમ બેઠકનો સમય પૂરો થાય છે આજની સભાગૃહની બીજી બેઠક માટે સભાગૃહ ૩.૩૦ વાગે ફરી મળશે. આજની પ્રથમ બેઠકનું બાકી રહેલ કામ બીજી બેઠકમાં ઓર્ડર ઓફ ડે માં બતાવ્યા મુજબ ક્રમ નંબર ૪ ઉપર હાથ ધરવામાં આવશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨.૨૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## બુધવાર, તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧
## ચૈત્ર ૧૦,૧૯૪૩ શાકે
## બીજી બેઠક
## સભાગૃહ બપોરના ૩–૩૦ વાગ્યે મળ્યું.
## માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને
## તારાંકિત પ્રશ્નો
### દાહોદ અને વડોદરા જિલ્લામાં ચીટફંડ કંપની સામે નોંધાયેલ ગુના

*૩૯૪૦૪ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા**(ગરબાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને વડોદરા જિલ્લામાં એચ.વી.એન. રિયલ્ટી એન્ડ એન્ટરપ્રાઈસીઝ ઈન્ડીયા લિ. નામની ચીટફંડ કંપની સામે કેટલા ગુના નોંધાયા છે, અને | (૧) ૦૧ (એક). |
| (૨) ઉક્ત નોંધાયેલ ગુનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શી કાર્યવાહી કરી ? | (૨) ૧૩ (તેર) આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વડોદરા અને દાહોદ જિલ્લામાં એચ.વી.એન. રિયલ્ટી એન્ડ એન્ટરપ્રાઈઝીસ ઈન્ડીયા લિમિટેડ નામની એક ચીટફંડ કંપની દ્વારા કુલ કેટલી રકમનું ચીટીંગ કરેલ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, ૧૩ વ્યક્તિઓ સામે ગુન્હો નોંધાયેલો છે તેમની પાસેથી ચીટફંડની કેટલી રકમ જપ્ત કરવામાં આવી છે? ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, રાજ્યમાં આવી જુદી જુદી ચીટફંડ કંપનીઓ ચાલે છે તેની તપાસ કરી એ કંપનીઓને બંધ કરવા અને કાયદેસરના પગલાં લેવા શું કાર્યવાહી કરેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્ય શ્રીમતી ચંદ્રિકાબેને જે પ્રશ્ન પૂછ્યો એ હું માનું છું કે આપણે બધા જ ધારાસભ્યો જ્યારે પ્રજાના પ્રશ્નો સાંભળતા હોઇએ છીએ ત્યારે અવારનવાર આપણા સૌની સમક્ષ આ પ્રકારની રજૂઆતો થતી હોય છે. લોકો એની મહેનત, ખૂન પસીનો રેડી અને આ પ્રકારે પૈસા એકત્રિત કરતા હોય છે અને આ એકત્રિત કરેલા પૈસા ક્યાંક લોભામણી જાહેરાતોના આધારે એકના ડબલ કરવા કે અન્ય રીતે જેને સાદી વ્યાખ્યામાં કેટલાક લોકો વીશી કહે છે અથવા તો કેટલાક લોકો એને ચીટફંડ કહે છે. રાજ્યની અંદર આ રીતે કોઇ મધ્યમ વર્ગ, ગરીબ વર્ગ કે જેણે પોતે એકત્રિત કરેલા રૂપિયા આવી ડિપોઝિટરી સ્કીમના માધ્યમથી એ કોઇ લૂંટી ના જાય એના માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ ઇન ફાઇનાન્સિયલ એસ્ટાબ્લીશમેન્ટ એકટ, ૨૦૦૩ જી.પી.આઇ.ડી.નો કાયદો બનાવ્યો. આ કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી મેળવી છે. બહેનશ્રીએ જે કહ્યું છે એનો થોડોક વિસ્તૃત જવાબ આપું કે આ કાયદાની જોગવાઇ અનુસાર કોઇ થાપણદારોએ થાપણ મૂકી હોય અને એ નાણાં પરત ન આપવા એના સંબંધમાં એનો પ્રમોટર, ભાગીદાર કે ડાયરેક્ટર એમાં જવાબદાર ગણાશે. આ કાયદો એટલો તેજ બનાવ્યો છે કે એમાં ૩થી ૬ વર્ષ સુધીની કેદની સજા અને ૧૦ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઇ કરેલી છે. આ ઉપરાંત એ કંપનીના માલિકે, ડાયરેક્ટરે કે પ્રમોટરે મધ્યમ વર્ગના ડિપોઝિટરોના નાણાં એકત્રિત કરી અને એ નાણાંના આધારમાંથી કોઇ મિલકત વસાવી હોય, તો આ કાયદાના આધાર પર આપણને એની મિલકત ટાંચમાં લેવાનો અધિકાર છે. એ ટાંચમાં લઇને એનો રિપોર્ટ કોર્ટને કરવામાં આવે છે અને કોર્ટ એમાં ઓર્ડર કરી જ્યારે નક્કી કરે ત્યારે એમાંથી એ રૂપિયા એ થાપણદારને પરત મળે એવી આ કાયદાની અંદર જોગવાઇ કરવામાં આવેલી છે. આના માટે રાજ્યની અંદર ચાર જિલ્લામાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં ખાસ કોર્ટની વ્યવસ્થા કરવામાં આવેલી છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેનલ અને આવી એકત્રિત કરેલી વસ્તુઓનું મૂલ્યાંકન કરવા માટે વેલ્યુઅર અને રાજ્યની સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચ આ તમામ ગુનાઓનું સંકલન કરે છે. કોર્ટે આની ૩૦ દિવસની અંદર કાર્યવાહી કરવાની રહે છે. હવે એમણે જે વાત કરી છે એચ.વી.એન. રિયલ્ટી એન્ડ એન્ટરપ્રાઇઝીસ ઇન્ડિયા લિમિટેડે જુદા જુદા લોકોની ડિપોઝિટ લઇને ૨૯૩ જેટલા રોકાણકારો પાસેથી રૂપિયા ૫,૯૧,૯૦,૮૩૯ની રકમ પાકતી મુદતે નાણાં પરત નહિ કરીને ગુનો કરેલ છે. જેની સામે ગુનો રજિસ્ટર કર્યો છે અને તેની સામે ૩ જગ્યાએ આવેલી જમીન, એક ફ્લેટ, પાંચ પ્લોટ, એક દુકાન અને ત્રણ ઓફિસ આમ, રૂપિયા ૫ કરોડ ૯૧ લાખની છેતરપિંડીની રકમ સામે રૂપિયા ૧૦ કરોડ જેટલી રકમની મિલકતો તે જી.પી.આઇ.ડી. એક્ટ હેઠળ ડેઝીગ્નેટેડ કોર્ટની પરવાનગી લઇ અને જયારે જયારે ત્યાંથી અનુમતિ મળશે ત્યાર બાદ તેની જાહેર હરાજી કરી અને તે જે પૈસા આવશે તે પૈસા આ ડિપોઝિટરોને પરત આપવાની કાર્યવાહી હાલ અમારું સ્ટેટ સી.આઇ.ડી.ક્રાઇમ બ્રાન્ચ કરી રહ્યું છે.

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે આ ચિટફંડવાળા વિષયમાં જી.પી.આઇ.ડી.એક્ટ બનાવ્યો છે તો એ એક્ટ હેઠળ જે ગુના નોંધાયા છે તેમાં કોઇ વિશેષ પ્રકારની સૂચના આપવામાં આવે છે કે કેમ ? અને આ કાયદા હેઠળ જો કોઇ નિયમો બનાવવામાં આવ્યા હોય તો તેની વિગત તેમજ રાજ્યમાં આવા કેટલા ગુના બન્યાં છે તેની માહિતી આપશો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ જી.પી.આઇ.ડી.એક્ટ એટલે એવો એક્ટ છે કે, જેમાં એકત્રિત થયેલા નાણાંમાંથી વિવિધ જગ્યાએ કરેલા રોકાણો અને તે રોકાણોનું એનાલીસીસ કરવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેનલ બનાવવામાં આવી છે અને અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં)ના અધ્યક્ષસ્થાને સ્ટેટ લેવલ કો-ઓર્ડિનેશન કમિટીની બેઠક મળશે અને આ બેઠકમાં આર.બી.આઇ. અને અન્ય બેન્કોના ઉચ્ચ અધિકારીઓ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટીવ સોસાયટી એ બધા નાણાકીય બાબતો અંગે ચર્ચા કરે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં આ વિવિધ પ્રકારની ગેરરીતિઓ અને આર્થિક ગુનાના પ્રમાણ સ્વભાવિક છે કે માણસ કમાતો હોય તો થોડીક બચત કરવા માટે જાય અને બચત કરવામાં લાલચમાં જાય એટલે આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધે છે એટલે આ જી.પી.આઇ.ડી. એક્ટને વધારે સઘન બનાવવા માટે પાંચ ઝોનમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેનલ બનાવવામાં આવી છે અને આ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેનલ ઉપરાંત વેલ્યુઅરની પણ પેનલ બનાવવામાં આવી છે, આ વેલ્યુઅર દ્વારા મિલકતની વેલ્યુ નક્કી કરી અને તપાસ અધિકારી અને નિષ્ણાત વ્યકિતની મદદ મળી રહે અને જેના કારણે આપણે કોર્ટની અંદર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને વેલ્યુઅર આ બધાના સંયુકત પ્રયત્નોથી આપણો કેસ ઈફેક્ટિવ રીતે રજૂ કરી શકાય તેના માટેનું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે કહ્યું છે હું સન્માનનીય સભાગૃહના સૌ સભ્યોને કહું છું કે, સામાન્ય રીતે આ પ્રકારના ગુના બનતાં હોય છે તો એ જે રોકાણકારો હોય છે તેમણે જયાં મૂડી રોકી હોય તેની ઓફિસે ચક્કર મારી મારીને થાકી જતાં હોય છે. ઘણી વખત એવું હોય છે કે, એ કંપનીના પ્રમોટર, ડાયરેક્ટર કે કંપનીના ચેરમેનો પોતે એ રોકાણ કરવા માટે નાના પગારદાર લોકોને રાખતા હોય છે. આ પગારદાર લોકો તેમની પાસેથી પૈસા એકત્રિત કરી અને આ કંપનીના ચેરમેનોને આપતા હોય છે પરંતુ જે પરત ન ચૂકવી શકાય એટલા વ્યાજનું જે કમીટમેન્ટ હોવાના કારણે એક યા બીજા દિવસે તે કંપનીઓ ઉઠી જતી હોય છે. એવા સંજોગોમાં આપણે તો જેને રોકાણ કર્યું હોય તેને ત્યાં ચક્કર મારતાં હોઇએ છીએ એટલે આપણાં પૈસાની કોઇ શ્યોરીટી રહેતી નથી એના કારણે સંઘર્ષ થતાં હોય છે, મારામારીના દ્રશ્યો થતાં હોય છે છતાં પણ રાજ્ય સરકારે આવી રાજ્યમાંથી જયાં જયાંથી ફરિયાદો આવી એમાં મારી પાસે જે વિગત છે તેમાં કુલ ૧૪૭ જેટલા ગુના, તેમાં ૧૦૩૬ જેટલા કુલ આરોપીઓ પૈકી ૬૨૮ લોકોની ધરપકડ થઇ, ૩૭૫ તેમાં ભાગેડું છે અને ૨૬નો હાઇકોર્ટનો સ્ટે છે એમ રાજ્ય સરકાર ગરીબોના નાણાં બચાવવા માટે, મધ્યમ વર્ગની બચત બચાવવા માટે આ પ્રમાણેનું આયોજન કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની તેને મળેલાં અધિકાર હેઠળ આ થાપણદારોની રક્ષા કરવી આપણી જવાબદારી છે પણ અત્યારે આપણે પશ્ચિમ બંગાળમાં જોઇએ છીએ તો શારદા ચિટફંડના માધ્યમથી રાજ સિંહાસન પર બેઠેલા લોકો પૈસા ગુમ કરી ગયા હતા આજે રાજ સિંહાસન પણ હાલક ડોલક થઇ ગયું છે. આવા પૈસા જો આપણે બચાવીએ તો આપણને જશ મળે નહિતર અપજશ મળે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત વાત કરી છે. ખાસ કરીને દાહોદ અને વડોદરા જિલ્લામાં એચ.વી એન. રીયલ્ટી એન્ટરપ્રાઈસીઝ ઈન્ડિયા લિમિટેડ નામની ચીટફંડ કંપની દ્વારા ૨૯૩ જેટલા લોકો સાથે અંદાજીત ૫.૯૧ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોય એવું નોંધવામાં આવેલું છે. માનનીય મંત્રીશ્રીએ એ પણ સ્વીકાર્યું કે, રાજ્યભરમાં આવા ૧૪૭ જેટલાં ગુનાઓ નોંધાયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના ગૃહનગરમાં હજુ આઠ-દશ દિવસ પહેલાં ૨૦૦ કરોડ રૂપિયાનું સામાન્ય પ્રજાની થાપણનું ચીટીંગ થયું હોય એવો ગુનો બહાર આવ્યો છે. મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જે સરકારી ધારાધોરણ મુજબ વ્યાજના નીચા દરના કારણે પોતાની બચતમાંથી વધુ વ્યાજ મેળવીને એના પરિવારનું ભરણપોષણ થાય એ આશામાં નાના માણસો આવી ચિટફંડ કંપની પાછળ દોડે છે અને છેતરાય છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, થાપણના દર અને વ્યાજની ચૂકવણીના દર બંને નક્કી થઈ શકે એવી કોઈ જોગવાઈ કરી શકીએ કે આનાથી વધુ વ્યાજ ચૂકવી શકાય નહિ. આવું વધુ વ્યાજ ચૂકવવાનું કોઈ પણ પ્રલોભન આપતું હોય તો રાજ્ય સરકાર એની સામે ઝુંબેશથી કાર્યક્રમ ચલાવીને આવા લોકો ઉપર કાયદાકીય પગલાં ભરે તો આ ચિટફંડ કંપનીથી નાના માણસને બચાવી શકાય.

અધ્યક્ષશ્રી : આવો કોઈ કાયદો લાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતા દ્વારા જે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે તેમાં અત્યારના કાયદાના ઓબ્જેક્ટસમાં એ પ્રકારનો સમાવેશ થતો નથી પરંતુ જો આ પ્રકારના ગુનાઓનો વ્યાપ વધારે હશે અથવા આ પ્રકારની ઘટનાઓ હશે તો મેં સવારે પણ કહ્યું હતું કે, પરિસ્થિતિના આધાર ઉપર અમે ઘણા નવા કાયદા લાવ્યા છીએ અને આવા ગરીબ અને મધ્યમવર્ગના લોકોના હિતોનું રક્ષણ કરવું હશે તો અમે અભ્યાસ કરીને ચોક્કસ એ દિશામાં હકારાત્મક સુધારા બાબતે વિચારીશું.

તારાંકિત પ્રશ્નો

**ગૃહ વિભાગ દ્વારા પ્રકાશિત ''સુવાસ સુરક્ષા અને સંવેદના''**

* ૩૯૩૦૪ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગૃહ વિભાગ દ્વારા પ્રકાશિત ગૃહ વિભાગની ગૌરવપૂર્ણ કામગીરી ''સુવાસ સુરક્ષા અને સંવેદનાની'' અમારા ખભે આપની સુરક્ષા નામના પુસ્તકની કેટલી નકલો છપાવવામાં આવી, | (૧) ૫૦૮૮ |
| (૨) ઉક્ત પુસ્તકો કઈ એજન્સી પાસે છપાવવામાં આવેલ, | (૨) ગુજરાત ઓફસેટ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ. |
| (૩) તે અન્વયે કઈ એજન્સીને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) કોઈ રકમ ચૂકવવામાં આવેલ નથી. |
| (૪) ઉક્ત પુસ્તકો ખાનગી એજન્સી પાસે છપાવવામાં આવેલ હોય તો તેના કારણો શા છે ? | (૪) સમય–મર્યાદામાં તૈયાર કરવાની હોવાથી. |

શ્રી જશુભાઈ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે, ખાનગી પ્રેસમાં છપાતાં પહેલાં સરકારી પ્રેસનું એન.ઓ.સી. લેવાનું હોય છે તે લેવામાં આવ્યું છે કે કેમ? ગુજરાત ઓફસેટ પ્રાઈવેટ લિમિટેડના પુસ્તકો છાપવાની કઈ પધ્ધતિથી છાપવામાં આવ્યું? અખબારમાં જાહેરાત આપવામાં આવી છે કે કેમ? અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા પોતાના દરેક વિભાગોની જે ઉત્તમ પ્રકારની કામગીરી હોય એ લોકો સુધી પહોંચે એના માટે અમારા ગૃહ વિભાગ દ્વારા સુવાસ, સુરક્ષા અને સંવેદનાની 'અમારા ખભે આપની સુરક્ષા' નામનું પુસ્તક પ્રસિધ્ધ કરવામાં આવ્યું. પ્રેસિડેન્ટ કલર એ આખા દેશમાં આપણને મળેલ પ્રેસિડેન્ટ કલર સાતમા ક્રમે છે. ગુજરાત અને ગુજરાતની પોલીસ માટે એ અત્યંત ગૌરવની ઘટના છે. એ ઘટના બાદ આપણો બીજો કાર્યક્રમ થયો જેમાં દેશના ગૃહમંત્રી આદરણીય અમિતભાઈ શાહના હસ્તે મહાત્મા મંદિરમાં રાજ્યના તમામ જિલ્લા સ્થાનો, છ યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને કનેક્ટ કરતો વિશ્વાસ પ્રોજેક્ટના લોકાર્પણ પ્રસંગે આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ બંને કાર્યક્રમની ઈવેન્ટ મેનેજમેન્ટની જવાબદારી આપણી પાસે જે લોએસ્ટ આવ્યું હતું એ મુવિંગ પિક્સેલને આપવામાં આવ્યું હતું અને આ મુવિંગ પિક્સેલના માધ્યમ પાસે બંને ઈવેન્ટની જવાબદારી હોવાથી આ પુસ્તક છાપવાનો કોન્ટ્રાક્ટ પણ એને આપવામાં આવ્યો હતો. ગુજરાત ઓફસેટના માધ્યમથી ૧૬ લાખ રૂપિયા જેટલું બિલ જનરેટ કરી રાજ્ય સરકારને મોકલ્યું છે. હજુ સુધી રાજ્ય સરકારે આનું કોઈ પેમેન્ટ કર્યું નથી. તેની ચકાસણી ચાલે છે. ફાઈનાન્સ દ્વારા ચકાસણી પૂર્ણ થયા બાદ એના પેમેન્ટ અંગેનો નિર્ણય લેવામાં આવશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૩ માનનીય કનુભાઇ.

**અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

*૩૯૬૯૨ **શ્રી કનુભાઈ પટેલ**(સાણંદ):**માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) કુલ–૦૨ |
| (૨) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ.૧૭૧.૩૫ લાખ. |

શ્રી કનુભાઈ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમદાવાદ જિલ્લાની અંદર કુલ બિનરહેણાક મકાનો બાંધવામાં આવે છે, તો કયા સ્થળે બાંધવામાં આવે છે? અને કયારે બાંધવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર સ્વાભાવિક છે કે પોલીસ ડિપાર્ટમેન્ટની અંદર પણ ભરતીનું અને નવા પોલીસ સ્ટેશનો અને નવી વ્યવસ્થાઓ સતત ચાલતી પ્રક્રિયા છે અને આ વખતના બજેટની અંદર પણ રાજ્યના નાણાં વિભાગ દ્વારા રાજ્યના ગૃહ વિભાગને પૂરું બજેટ ફાળવવામાં આવ્યું છે. માનનીય ધારાસભ્યશ્રી કનુભાઇએ પોતાના મત વિસ્તાર અંગેનો જે પ્રશ્ન પૂછયો છે, એમાં અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ બે બિન રહેણાકના મકાનો બંધાવવામાં આવ્યા છે. એમાં અગાઉ મારા પ્રશ્નમાં ઉલ્લેખ કર્યો એમ વિશ્વાસ નેટવર્ક કમાન્ડિંગ કંટ્રોલ સ્ટેશન એ રૂપિયા ૯૧.૨૫ લાખના ખર્ચે મકરબા ખાતે બનાવવામાં આવ્યું છે અને બીજું, ચાંગોદર, એ એક જમાનામાં આઉટ પોસ્ટ હતું અને આજે ચાંગોદર એ ત્યાં ઈન્ડસ્ટ્રીયલ હબ બની ગયું છે અને સ્વાભાવિક છે કે, મેઈન હાઈવેની કનેકટીવીટી હોય અને મોટા પ્રમાણમાં

ઉદ્યોગો હોય ત્યારે આ આઉટ પોસ્ટને આપણે પોલીસ સ્ટેશન બનાવવાથી ત્યાં સુવિધા અને નવા મકાનની આવશ્યકતા હતી, એટલા માટે રૂપિયા ૮૦ લાખના ખર્ચે ચાંગોદરમાં ગ્રામ્ય પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યું છે. આમ, એ પોલીસ સ્ટેશન અલગ બનવાના કારણે ત્યાં કામ કરતાં લોકો અને આવતા અરજદારોને વિશિષ્ટ પ્રકારની સવલતો મળશે.

અધ્યક્ષશ્રી : માનનીય કિશોરભાઇ,

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આજની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની અંદર રહેણાક અને બિન રહેણાકના અન્ય કોઇ મકાનોનું બાંધકામ ચાલે છે કે કેમ? અને હોય તો તેની વિગતો આપવી ? અને બીજો પ્રશ્ન છે કે, અમદાવાદ જિલ્લાની અંદર કુલ કેટલા પોલીસ સ્ટેશનો આવેલા છે? અને એમાંથી કેટલા ભાડાના મકાનમાં છે? અને કેટલા પોતાના મકાનમાં છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લો એટલે એકદમ ફાસ્ટ ડેવલપિંગ ડિસ્ટ્રીકટ તરીકે છે અને સ્વાભાવિક છે કે ઓટોમોબાઇલ હબથી માંડીને અનેક નવા પ્રકારના ઉદ્યોગોનું કેન્દ્ર સ્થાન હોય, સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન અને બેચરાજીવાળા આખા રોડની અંદર પણ વ્યાપક પ્રમાણની અંદર જયારે ઉદ્યોગ એસ્ટાબ્લીસ થતા હોય તો આમાં જે પોલીસ સ્ટેશનો છે એ કુલ – ૨૨ પોલીસ સ્ટેશન પૈકીના ૨૧ પોલીસ સ્ટેશન પોતાના મકાનમાં બેસે છે અને ૧ ખાલી વિરમગામ પોલીસ સ્ટેશન છે એ અત્યારે નગરપાલિકાના ભાડાના મકાનમાં બેસે છે અને વિવિધ તબક્કે માનનીય સભ્યશ્રીએ જે કહ્યું તેમ, રહેણાક અને બિનરહેણાકના કામો પ્રગતિ હેઠળ છે. જેમાં એસ.આર.પી. ઉપરાંત પોલીસ કર્મચારી/અધિકારીના રહેણાક માટે ધોળકા, હાથીજણ, કણભા, વિરમગામ એમ રૂપિયા ૯૭ કરોડના ખર્ચે અને બિન રહેણાકના એમાં અસલાલી, ધંધૂકા, ધોળકા, સાણંદ એસ.આર.પી. એમ રૂપિયા ૧૫ કરોડ ૬૧ લાખના ખર્ચે. આમ, રહેણાક અને બિનરહેણાક બંનેનો જો કુલ સરવાળો મારીએ તો એકલા અમદાવાદ જિલ્લામાં હાલમાં રૂપિયા ૧૧૩.૪૭ કરોડના ૫૦૮ રહેણાક અને બિન રહેણાકના મકાનોનું કામ પ્રગતિ હેઠળ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૪ માનનીય બાબુભાઇ.

**જૂનાગઢ જિલ્લામાં એમએસએમઇ એકમોને કેપીટલ સહાય યોજના હેઠળ અરજીઓ**

*૩૮૨૭૯ **શ્રી બાબુભાઈ બોખીરીયા**(પોરબંદર):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝસ) એકમોની કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૮ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૮૩ એકમોને રૂ.૭૭૦.૨૯ લાખની સહાય. |

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માઇક્રો, સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઇઝ શું છે? એની અંદર અત્યારે કંઇ કંઇ પ્રોત્સાહક યોજનાઓ છે? અને કેપિટલ સહાય યોજનાઓ શું છે ? અને એમાં કેટલી રકમ ચૂકવવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં હાલ નાના ઉદ્યોગો, મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે કે જે ઉદ્યોગો રાજયમાં સૌથી વધુ રોજગારી પ્રાપ્ત કરાવે છે એને મહત્ત્વ આપી પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તાજેતરમાં જ નવી ઔદ્યોગિક નીતિ નાના, મધ્યમ ઉદ્યોગોને સહાય માટે જાહેર કરવામાં આવી છે. અગાઉ પણ આ નીતિ ચાલુ હતી, પરંતુ એ નીતિમાં સહાયની જે જોગવાઇઓ હતી, જે શરતો હતી એને વધુ ઉદાર કરી અને વધુ નાના, મધ્યમ અને લઘુ ઉદ્યોગો સ્થપાય સ્થાનિક કક્ષાએ યુવાનો પોતે સ્વરોજગારી પ્રાપ્ત કરે, વધુ સ્થાનિક લોકોને ઘર આંગણે રોજગારી પ્રાપ્ત થાય, એ હેતુથી આ નીતિનો અમલ કરવામાં આવી રહ્યો છે. એમાં સભ્યશ્રી બાબુભાઇએ પ્રશ્ન પૂછ્યો કયા કયા પ્રકારની સહાય આપવામાં આવે છે, તો સૌથી પહેલાં તો સાહેબ એમાં આપણે કેપિટલ સબસિડી ઇન્વેસ્ટમેન્ટની સહાય આપીએ છીએ. કોઇ પણ સરકાર માન્ય આર.બી.આઇ બેન્ક માન્ય બેંકોમાંથી ઇન્ડસ્ટ્રીઝ બનાવવા માટે જે લોન લે એની લોન ઉપર વ્યાજ સહાય આપણે આપીએ છીએ. એવી રીતે કોઇને નવી ટેકનોલોજી જૂનું કારખાનું હોય, નવી મશીનરી આવી હોય સારી ગુણવત્તાવાળું ઉત્પાદન વધારવું હોય, જૂની મશીનરી બદલવી હોય તો ટેકનોલોજી અપગ્રેડેશન માટે પણ આપણે સહાય આપીએ છીએ. કોઇ પોતાની નવી પ્રોડકટ બનાવે અને એનું પેટન્ટ કરાવવું હોય તો જે અત્યારે ગુજરાતમાં ઘણા મોટા પ્રમાણમાં ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝ આવી નાના નાના દાગીના બનાવવા પણ પોતે બનાવ્યા અને તેનું પેટન્ટ કરવું હોય તો પેટન્ટ રજિસ્ટ્રેશન માટે પણ રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવે છે. સાહેબ, કોઇ એકમ માંદું પડી ગયું હોય હવે એને ફરીથી કાર્યરત થવું હોય તો માંદા એકમને પણ ફરીથી કાર્યરત કરવા માટેની યોજના છે. એની પણ સહાય આપવામાં આવે છે.

એવી જ રીતે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન–જાતિના ઉદ્યોગકારો પોતે કોઇ ઉદ્યોગ બનાવવા કે ચલાવવા માગે તો એમને પણ ડો.બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજનાના આધારે સહાય આપવામાં આવે છે. કોઇ ખાનગી ડેવલપરે જી.આઇ.ડી.સી.ની જેવું પણ ખાનગી ઔદ્યોગિક વિસ્તારની શરૂઆત કરી હોય અને ત્યાં નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગ હોય તો ખાનગી ઉદ્યોગકારને ત્યાં પણ ઉદ્યોગ સ્થાપનારને આવી સહાય આપવામાં આવે છે. અત્યારના સમયની જે ખાસ જરૂરિયાત છે, પર્યાવરણને બચાવવું તો પર્યાવરણને ફાયદો થાય એ પ્રમાણેની મશીનરી, એ પ્રમાણેનું બોઇલર, એ પ્રમાણેની પાણીને ફરી શુદ્ધ કરવાની પ્રક્રિયા, આવું બધું કોઇક કરે તો એમને પણ સહાય આપવામાં આવે છે. આમ નાના, લઘુ અને મધ્યમ ઉદ્યોગને જે ગુજરાતના ઉદ્યોગોનો મોટો ભાગ છે અને લાખો લોકોને રોજગારી આપે છે અને કરોડો રૂપિયાનું ટર્નઓવર જે ઉદ્યોગો ધરાવે છે, એમને અમારી સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી :પ્રશ્ન ક્રમાંક–૪, ૬ અને ૮ એક સરખા છે, એટલે નીતિ વિષય સિવાયનું કાંઇક પૂછજો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત માઇક્રો, સ્મોલ, મિડીયમ એન્ટરપ્રાઇઝીસ એમએસએમઇ એકમોની જે અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એમાં ૭૮ અરજીઓ મંજૂર કરેલ છે અને ૮૩ એકમોને રકમ ચૂકવામાં આવી છે તો પાંચ મંજૂરી વગરના એકમોને કેવી રીતે રકમ ચૂકવી અને આ એકમોના માલિક કોણ હતા એ હું પૂછવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ સતત ચાલતી પ્રક્રિયા છે, આગળના વર્ષે નોંધાયેલા અને બધી માન્યતા સબસિડી મેળવવા પાત્ર થયા હોય તો આગળના વર્ષ વાળાને પણ આ વર્ષે સબસિડી ચૂકવાઇ હોય. એટલે આપણે ૭૮ જે ચૂકવી એ આ વર્ષની ચૂકવી, ૮૩ ચૂકવી એ આગળના વર્ષની પ્રક્રિયા ચાલતી હોય અને એલીજેબલ સબસિડી મેળવવા પાત્ર થયા હોય તો એમને પણ સબસિડી ચૂકવવામાં આવે છે. એમ ૮૩ લોકોને સબસિડી ચૂકવામાં આવી છે.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ધ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. તાજેતરના વર્ષોમાં પણ આપણે જોઇએ તો એ એફ.ડી.આઇ છે, વિદેશી સીધું મૂડી રોકાણ એમાં પણ ગુજરાત નંબર વન છે. ગુજરાતમાં ઉદ્યોગો સતત વિકસતા રહે મૂડી રોકાણ થાય, રોજગારી મળે અને રાજ્યને આવક મળે એ માટે સતત પ્રયત્નો કરવાની પદ્ધતિ હતી એને ચાલુ રાખી છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી બે સવાલોના જવાબ મેળવવા છે. એક તો જૂનાગઢ જિલ્લામાં કેટલા એકમોને સહાય ચૂકવવામાં આવી અને નંબર–ર કેટલી રકમના કેટલા નાણાં ચૂકવવામાં આવ્યા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જણાવ્યા પ્રમાણે આ વર્ષે કુલ ૭૮ એકમોની અરજી આવી હતી એની ચકાસણી તાલુકાવાઇઝ કરવામાં આવી હતી, એમાં કુલ ૮૩ એકમોને રૂપિયા ૭૭૦.ર૯ લાખની સહાય ચૂકવવામાં આવી છે. બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં જુદા જુદા વર્ષમાં અમે બાયફરગેસન કર્યું છે. પ્રથમ ૨૦૧૯નું વર્ષ છે એમાં જૂનાગઢ જિલ્લામાં કુલ ૪૪ એકમોની અરજીઓ આવી હતી. જયારે વર્ષ ૨૦૨૦માં ૩૯ એકમોની અરજીઓ આવી હતી, એ પૈકી જેટલી માન્ય થઇ એમાં અત્યાર સુધીમાં ૪ર એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા એની ચકાસણી કરીને માન્યતા પ્રમાણે પૂર્તતા થઇ અને લાયક ઠરતા હોય એમનો સબસિડી કેસ માન્ય કરવામાં આવે છે.

### ધોલેરા સરમાં ઉદ્યોગકારો દ્વારા થયેલ એમ.ઓ.યુ.

* ૩૯૨૮૬ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૨૫–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૬૨૧ (અગ્રતા–૨૦૯) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોલેરા સરમાં ઉદ્યોગો સ્થાપવા માટે ૨૧ ઉદ્યોગોએ એમ.ઓ.યુ. કરેલ તે પૈકી તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યા ઔદ્યોગિક એકમોએ ઉત્પાદન શરૂ કર્યું, | (૧) M/s Torrent Power Limited દ્વારા પાવર સબ–સ્ટેશન બનાવવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે. ૬૬ કે.વી. સબસ્ટેશનની બાંધકામની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. ૪૦૦ કે.વી. સબસ્ટેશનનું બાંધકામ પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ક્યા ઔદ્યોગિક એકમની કામગીરી પ્રારંભિક તબક્કે છે અને તે કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે, અને | (૨) M/s Torrent Power Limited દ્વારા પાવર સબ–સ્ટેશન બનાવવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે. ૪૦૦ કે.વી. સબસ્ટેશનનું બાંધકામ ૩૧–૧૨–૨૦૨૧ પૂર્ણ થશે. M/s Tata Chemicals Limited ની ઈલેકટ્રોનિક વેહિકલની બેટરીના ઉત્પાદન માટે ઔદ્યોગિક એકમોની કાર્યવાહી પ્રારંભિક તબક્કે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ક્યા ઔદ્યોગિક એકમોએ ઉદ્યોગો સ્થાપવાનું પડતું મુક્યું ? | (૩) પ્રશ્ન ઉપસ્થતિ થતો નથી. |

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટૉરેન્ટ પાવર લિમિટેડ દ્વારા હાથ ધરાનાર ૪૦૦ કે.વી.સબસ્ટેશનનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે. બીજું, ટાટા કેમિકલ્સ લિમિટેડ દ્વારા ઇલેકટ્રોનિકસ વ્હિકલની બેટરીના ઉત્પાદન માટે કાર્યવાહી ચાલુ છે તો એ કેટલા સમયમાં પૂર્ણ થશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં વિગતો આપેલી જ છે. ધોલેરામાં સૌથી પહેલી શરૂઆત પાવર ઉત્પાદન માટે સબસ્ટેશન વીજ વિતરણ માટે જોઇએ એ માટે ટૉરેન્ટ પાવર લિમિટેડે ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવા માટે તથા ૪૦૦ કે.વી. સબસ્ટેશન બનાવવા માટે કંપની તરફથી જમીન ખરીદવામાં આવી છે. રાજ્ય સરકારની કંપનીએ જમીન વેચાણથી આપેલ છે. અત્યારે ૬૬ કે.વી. સબસ્ટેશનની કામગીરી પૂર્ણ થઇ છે. જયારે ૪૦૦ કે.વી. સબસ્ટેશનનું કામ ચાલુ છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો એમાં હું જણાવીશ કે અત્યારે ઇ–કારનો જમાનો આવ્યો છે એટલે ટેકનોલોજી બદલાઇ ગઇ છે. આપણને આનંદ છે કે ધોલેરામાં, ભારતની પ્રતિષ્ઠિત કંપની ટાટા કેમિકલ્સ દ્વારા ઇલેકટ્રોનિક વાહનોની બેટરીના ઉત્પાદન માટે ભારત સરકાર અને ગુજરાત સરકારની કંપની પાસેથી જમીન ખરીદી છે અને બેટરી બનાવવા માટેનો પ્લાન્ટ નાખવાની કાર્યવાહી કંપની દ્વારા હાથ ધરવામાં આવી છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે વિકાસશીલ સરકારના બંને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના રાજમાં ખૂબ જ સારો વિકાસ થયો છે. હજીરા સર ડેવલપ થયું છે, સાંતલપુર ડેવલપ થયું છે, આલીયાબેટ ડેવલપ થયું છે અને હાલોલ ડેવલપ થયું છે એવી રીતે ધોલેરા સર ડેવલપ થઇ રહ્યું છે, ઉદ્યોગો આવી રહ્યાં છે તો ધોલેરા વિસ્તારમાં માળખાગત સુવિધા માટે કેટલા ખર્ચે કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા છે એની શું પ્રગતિ છે અને એ સિવાય કયા કયા વિકાસના કામો કરવામાં આવી રહ્યા છે એ મંત્રીશ્રી જણાવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઇનો પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. કારણ કે આ સન્માનનીય ગૃહના સભ્યોના ધ્યાન ઉપર મૂકતા મને આનંદ થાય છે કે આખા દેશમાં ન હોય એટલું મોટું એક વિસ્તારમાં ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ આપણે ધોલેરા ખાતે કરી રહ્યા છીએ. સૌરાષ્ટ્ર અને અમદાવાદની આજુબાજુના ધારાસભ્ય મિત્રોને તો ખબર છે કે ધોલેરા એટલે ખારાપાટની જમીન. કોઇ ઉત્પાદન થાય નહીં, દરિયાનું પાણી ભરાઇ રહે અને ગરીબ વિસ્તાર ગણાય એવા વિસ્તારને પસંદ કરીને માનનીય નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૯માં ધોલેરા ખાતે ખાસ મૂડીરોકાણ પ્રદેશ જાહેર કર્યો. તમને બધાને જાણીને આનંદ થશે કે ધોલેરાનો વિસ્તાર છે એ નવી દિલ્હી શહેર છે તેના કરતા પણ મોટો વિસ્તાર છે અને સિંગાપોર દેશ છે તેના કરતા પણ આપણું ધોલેરા સિટી સ્માર્ટ સિટી બનવાનું છે. તબક્કાવાર બનશે. પછી કાલ સવારે તમે બધું માગવા માંડો કે આ કેટલે પહોંચ્યું? આ લાંબા ગાળાનો પણ દુનિયામાં ક્યાંય ન હોય એવો, ભારતમાં એશિયામાં ક્યાંય ન હોય એવો મોટો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટની શ્રી જગદીશભાઇએ વિગતો માગી એ આપું તો ધોલેરા સર છે તે ૯૨૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો આ વિસ્તાર છે. તેમાં ધોલેરા તાલુકાના ૨૨ ગામોનો સમાવેશ થાય છે. ખાસ મૂડીરોકાણ પ્રદેશ આપણે વિકસાવવાના છીએ તેનું ક્ષેત્રફળ ૪૨૨ ચોરસ કિલોમીટર છે. એટલે આપણે વિચારીએ કે એક જિલ્લા જેવડું કાર્યક્ષેત્ર ધોલેરા ખાતે આવનારા સમયમાં થવાનું છે. નાના મોટા સેંકડો ઉદ્યોગો ત્યાં આવશે. હજારો નવી રોજગારી આપણને પ્રાપ્ત થશે. પડતર જમીન, ખારાપાટની જમીન, ડૂબી રહેતી હતી. જેની કોઇ બહુ મોટી આવક નહોતી. એવી જમીન આવનારા દાયકામાં, હું વર્ષમાં નહીં કહું, કારણ કે આ લાંબો પ્રોજેક્ટ છે. આવનારા દાયકામાં ભારતનો મોટામાં મોટો ઔદ્યોગિક ઝોન બનવાનો છે અને ત્યાં આગળ શ્રી જગદીશભાઇએ પૂછ્યું એ પ્રમાણે આપણે સીક્સ લેન હાઇવે પણ અત્યારે બનાવી રહ્યા છીએ. તેની અંદર પણ સિમેન્ટ કોંક્રીટના રોડ, નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા બનાવવામાં આવી રહ્યા છે. પાણી શુદ્ધિકરણ કરવાના પ્રોજેક્ટ પણ અમલમાં મૂક્યા છે. કારણ કે જે ઉદ્યોગોનું પાણી નીકળશે તેનું શુદ્ધિકરણ કરવું પડે એટલે પર્યાવરણ જળવાઇ રહે. એ પણ આયોજન શરૂ કરવામાં આવ્યું છે. એરપોર્ટ માટેની પણ વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. ભવિષ્યમાં રેલ્વે લાઇન નાખવા માટે જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ છે. એટલે રેલ્વે માર્ગ, મોટર માર્ગ, હવાઇ માર્ગ બધા માર્ગોથી જોડીને ધોલેરા અમદાવાદ જિલ્લો અને સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાનો ધંધુકાથી માંડીને બરવાળા આજુબાજુનો વિશાળ વિસ્તાર છે. એ વિસ્તારની આવનારા દાયકામાં કાયાપલટ કરીને જેમ ૨૫ વર્ષ પહેલાં મોરબીમાં શું હતું? તો નળિયા ઉદ્યોગ હતો. અત્યારે મોરબી ક્યાંયનું ક્યાંય પહોંચી ગયું. બીજાં વિસ્તારો જૂઓ. હજીરા શું હતું? દહેજ શું હતું? આજે ઔદ્યોગિક વિકાસ થવાના કારણે બધા વિસ્તારો ખૂબ આગળ વધી ગયા. લાખો લોકોને રોજગારી આપતા થયા. સરકારને પણ મોટા પ્રમાણમાં ટેક્સની આવક આપતા થયા. આ બધું જ આવનારા સમયમાં ધોલેરામાં આપણે કરીશું અને તેનો લાભ આપણને તો મળવાનો છે પણ આપણી આવનારી પેઢીને ખૂબ મોટો લાભ મળશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી. હું આપના દ્વારા સીધો સવાલ પૂછવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : આપે કદી ગોળ ગોળ સવાલ પૂછ્યો છે ખરો?

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : સામાજિક અને આર્થિક સમીક્ષા ૨૦૨૦–૨૧ના પાના નં. ૨૮ તરફ આપનું ધ્યાન દોરું છું અને માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૯૨૦ ચોરસ કિલોમિટરનું ક્ષેત્રફળ, ૨૨ ગામોનું જોડાણ, સૌરાષ્ટ્રને જોડતું જંક્શન, અહીંથી ભાવનગર જઇએ તો ધોલેરા થઇને જ પસાર થવાનું થાય. હમણાં જ મેં મુલાકાત લીધી. ધોલેરામાં જે રોકાણકારો હતા એ બધા ધોવાઇ ગયા હોય એવો અહેસાસ થાય. વર્ષ ૨૦૦૭થી ધોલેરા સરના વિકાસ માટેની વાતો થઇ પણ એરપોર્ટનું પાટિયું નથી ને એરપોર્ટ નથી પણ બાવળિયા ઉભા છે. રોડના કામો શરૂ હશે, પાણીના કામો ચાલુ હશે પણ ધોલેરા સરમાં જે લોકોએ રોકાણ કર્યું હતું એ રોકાણકારોને એની મૂડી પણ ઉપજે નહીં એવી સ્થિતિ છે. આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વાયબ્રન્ટ મહોત્સવ વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૯ અંતર્ગત ધોલેરા સરની અંદર કુલ કેટલી કંપનીઓએ કેટલા ઉદ્યોગો માટે કુલ કેટલી રકમના રોકાણ કરવા માટેના એમ.ઓ.યુ. કર્યા હતા. તે પૈકી કેટલા ઉદ્યોગો આજની તારીખે કાર્યરત થઇ ગયા છે, કેટલા ભૌતિક પ્રગતિ હેઠળ છે, કેટલા વહીવટી પ્રગતિ હેઠળ છે અને કેટલા ઉદ્યોગો એમ.ઓ.યુ. કર્યા પછી રોકાણ કરવા આગળ આવ્યા નથી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રી ત્યાંથી કાયમ નીકળતા હશે. કારણ કે એમને અમરેલી જવાનો એ રસ્તો છે. પણ એમની જાણકારીમાં હોવું જોઇએ કે (અંતરાય) શ્રી પરેશભાઇ, સિંગાપુરના દરજ્જાનું થશે પણ એના માટે સમય લાગશે. મને ખબર હતી કે તમે આવા બધા વાંધા–વચકા કાઢશો. એટલે મેં પહેલેથી જ કહી દીધું હતું કે આવનારા દાયકાનો આ પ્રોજેક્ટ છે. આપણે રાતોરાત કરી દેવાના હોય તો એ ના બને. ધીરુભાઇ અંબાણી પણ આજે આવડા મોટા ઉદ્યોગપતિ થયા તો એમણે ધંધાની શરૂઆત પહેલેથી આવી કરી ન હતી. દરેક વ્યક્તિનો વિકાસ, સંસ્થાનો વિકાસ તબક્કાવાર થાય એમ ધોલેરાનો વિકાસ પણ તબક્કાવાર થશે. બીજો પ્રશ્ન પૂછ્યો એમાં હજુ કોઇ પ્લોટ સરકારે વેચાણમાં કોઇને આપ્યો જ નથી. પ્રથમ ટોરન્ટ અને ટાટા કંપનીને આપ્યા છે. હવે ૫ હજાર મેગાવોટનો સોલાર પ્લાન્ટ બનાવવા માટે કાર્યવાહી શરૂ કરી છે. એના ટેન્ડરીંગ વગેરે કંપનીએ શરૂ કર્યા છે. મેં અગાઉ કહ્યું છે કે આ વિસ્તાર ખારાશ વાળો હતો. પાણી ભરાઇ રહેતા હતા અને કશું ઉગે નહીં એવો ડુબાણવાળો વિસ્તાર હતો. એને પહેલા સમતળ કરવો પડે. એને ઇન્ફ્રાસ્ટ્રકચર પાણી, વીજળી, રસ્તા, શુદ્ધીકરણ પ્લાન્ટ આ બધી વ્યવસ્થા કરવી પડે. બધું તૈયાર થાય પછી ઇન્ફ્રાસ્ટ્રકચર આવે અને ઇન્ફ્રાસ્ટ્રકચર સાથેનો પ્લોટ વેચીને લોકો પછી એની કાર્યવાહી ચાલુ કરે. હવે આપણે બધું કરવાના છીએ એ બધું કરી દીધું છે. તમે બિલ્ડરને ઓળખતા હોય તો ખબર હશે કે બિલ્ડર કોઇપણ જમીન લે તો સીધા મકાનો બનાવવા ન માંડે, પહેલાં એને સમતળ કરવી પડે, બીજી વ્યવસ્થા કરવી પડે, ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવું પડે પછી રોકાણકારો આવે. રોકાણકારોને લાવવા માટે કંપનીએ બધી જ તૈયારી, રૂપિયા ૯ હજાર કરોડના કામો અત્યારે ચાલી રહ્યા છે. ભારત સરકાર આપણી સાથે જોડાઇ છે, રેલ્વે આપણી સાથે જોડાઇ છે. એરપોર્ટ ઓથોરિટી જોડાશે. આ બધું કરવાનું કામ આ તો અમારી ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઇ મોદીની અને ગુજરાતની શ્રી વિજયભાઇની સરકારનું સંકલન છે એટલે આ કામ કરીએ છીએ અને થઇ શકશે. હજુ કહું છું, અગાઉ કહ્યું એમ કે આપણે તો જોઇશું પણ આપણી આવનારી પેઢી માટે આ આશીર્વાદરૂપ થશે. નર્મદાનું વર્ષ ૧૯૬૦માં ખાતમુહૂર્ત કર્યું હતું ત્યારે કોઇને ખબર હતી કે નર્મદાનો કેટલો ફાયદો થશે? હવે બધાને ખબર પડી કે નર્મદાનો કેટલો ફાયદો છે. મોદી સાહેબે સુજલામ સુફલામ ચાલુ કરી. ત્યારે આ ગૃહમાં તમે બેઠા છો ત્યાંથી જ ટીકા થતી હતી કે સૂજલામ્ સૂફલામમાં ખર્ચા કર્યા શું ફાયદો થયો? અત્યારે તમે બધા માગણી કરો છો કે સૂજલામ્ સૂફલામનું પાણી આપો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, સૂજલામ્ સૂફલામનો પ્રશ્ન નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારે મહત્ત્વ તો સમજાવવું છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન છે એમાં આપનો જવાબ આવી ગયો છે. (અંતરાય) આપનો જવાબ ખૂબ આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આવનારા સમય માટે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્લીઝ બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ રાતોરાત દેખાતો પ્રોજેક્ટ નથી. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૭માં ધોલેરા સર માટેની આપણે આ ગૃહમાં જાહેરાત થઇ હતી. આજે વર્ષ ૨૦૨૧માં પહોંચ્યા એટલે ૧૫ વર્ષ પૂરા થયા. ૧૫ વર્ષ પછી ગુજરાતને જાણવાનો અધિકાર છે કે શ્રી નીતિનભાઇએ કીધું એમ રૂપિયા ૯૦૦૦ કરોડ ખર્ચ્યા. રૂપિયા ૯૦૦૦ કરોડના ખર્ચે વિકાસના કામો હાથ ધર્યા પછી પણ સાહેબ, ધોલેરામાં બાવળિયા ૧૫ વર્ષ મોટા થયા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે સીધો પ્રશ્ન પૂછોને.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી હું એટલું જ જાણવા માગું છું કે વાઇબ્રન્ટ મહોત્સવ વર્ષ ૨૦૦૩ થી વર્ષ ૨૦૧૯ અંતર્ગત ધોલેરા સરમાં કુલ કેટલી કંપનીઓએ કેટલા રોકાણથી કેટલા ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે એમ.ઓ.યુ. કર્યા હતા? એ પૈકી કેટલા એકમો કાર્યરત થયા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે ત્રણ સવાલ ના પૂછો, ભાઇ. એક જ સવાલ પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા એકમો ભૌતિક પ્રગતિ હેઠળ છે? અને કેટલા એકમો વહીવટી પ્રક્રિયા હેઠળ છે? અને એમ.ઓ.યુ. પૈકી કોઇ લોકો કામ કરવા આગળ આવ્યા હોય તો એવા કેટલા લોકો છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિપક્ષના નેતાને ચોક્કસ કહીશ કે આ જમીન એ ખાનગી જમીનો હતી. ખેડૂતોની માલિકીની જમીન હતી. આપણે એસ.આઇ.આર. ડીક્લેર કર્યો. જે રીતે બેચરાજીમાં પણ કર્યો. બીજા વિસ્તારોમાં પણ કરીએ છીએ. શહેરોમાં પણ આપણે ટી.પી. પાડીએ છીએ તો રાજ્ય સરકારે એવો નિર્ણય કર્યો કે આ જમીન ટી.પી. દ્વારા ૫૦ ટકા જમીન ખેડૂતોની, ૫૦ ટકા જમીન કપાતમાં આપે. ખેડૂતોને સંમત કર્યા. મને આનંદ છે કે અમારા સાથી સિનિયર મંત્રી માનનીય ભૂપેન્દ્રસિંહજીનો એ વિસ્તાર છે. એમણે અનેક મિટિંગો અધિકારીઓ સાથે રહી ખેડૂતો સાથે કરી. ખેડૂતો સંમત થયા. ૫૦ ટકા જમીન વિમામૂલ્યે એસ.આઇ.આર. ધોલેરાને આપી. ૫૦ ટકા ખેડૂતની થઇ. ખેડૂતની જે થઇ એમાં રોડ–રસ્તા, વીજળી, પાણી તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર કંપનીના ખર્ચે વિકસે. એટલે ખેડૂતને જે જમીન, તમે કહો છો કે બાવળિયા દેખાય છે. આ બધું હશે. અમે ના હોત તો હજુ આવનારી સદી સુધી બાવળિયા રહ્યાં હોત. અમે બાવળિયા નહીં રહેવા દઇએ. અમે ત્યાં ઉદ્યોગ સ્થાપીશું. ધમધમતું કરીશું, વાઇબ્રન્ટ કરીશું, રોજગારી આપીશું. ગુજરાતને નહીં દેશને નામના અપાવીશું પણ થોડી ધીરજ રાખો. એટલે સાહેબ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે ધીરજ રાખવી જ પડશે. માનનીય શૈલેષભાઇ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ખેડૂતની જમીન સરકારને પ્રાપ્ત થઇ અને એનો લાભ ખેડૂતોને, તમે જાણતા ના હોય તો જાણી લેજો કે ખેડૂતની પહેલા ધોલેરાની જમીનની શું કિંમત હતી? અને આ બધું થયા પછી કશું રોકાણ કર્યા વગર ખેડૂતની જમીનની કિંમતમાં કેટલો વધારો થયો છે એ જાણી લેજો.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ (અંતરાય) હવે થઇ ગયું. આપે પ્રશ્ન પૂછ્યો એનો જ જવાબ મંત્રીશ્રીએ આપ્યો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તમે બાવળિયા વાવ્યા એનો વાંધો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાલો. માનનીય શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક અને રાજકીય અવલોકન હેઠળ જવાબ આપ્યો છે ત્યારે ધોલેરા સર એ ધોલેરા ખાતે કલ્પસરની યોજના તે વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાને કલ્પસરની યોજના હેઠળ ૫૪,૦૦૦ કરોડ રૂપિયા... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ કલ્પસરની વાત અત્યારે આવતી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, આ એનો પાર્ટ જ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : એક મિનિટ સાહેબ, મારી વાત તો સાંભળો. માનનીય મંત્રીશ્રી જવાબ નહીં આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું જવાબ આપીશ પણ સાહેબે જવાબ આપવા દેવો પડશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળવામાં મારો તો સમય જતો રહે છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, હું સવાલ પૂછું એનો જવાબ આપોને? (અંતરાય) હું રેડી છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, સંમત હોવા જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, સંમત થાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, હું જે વાત કરું છું કે, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ એ વખતે પણ કલ્પસર ધોલેરા ખાતે બને એની તે વખતના રાજ્યના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન...(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક :(૬) માનનીય શૈલેષભાઇ આ પ્રશ્ન લાગતો વળગતો નથી. (અંતરાય) ધોલેરાનો પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : ધોલેરાનું જ પૂછું છું સાહેબ. કલ્પસરની ૫૪૦૦૦ કરોડ રૂપિયાની...

અધ્યક્ષશ્રી : ના જી. તમે શરૂઆત જ બીજી કરો છો. સમય વેસ્ટ થાય છે. (અંતરાય) સીધો પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : તમે બાવળીયાની વાત કરો છો તો અમારી પાસેથી બાવળીયા તો તમે લઇ ગયા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આટલું જ કહેવું હતું એમને? (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સવારે મને નાની વાતનો આપે ઠપકો આપ્યો હતો તો આ તો અમારા મંત્રીશ્રીનું અપમાન કરે છે કે બાવળીયાને તમે લઇ ગયા.

અધ્યક્ષશ્રી : અમારા બાવળીયા લઇ ગયા એમ કહે છે. અમારા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમને ઠપકો આપવો જોઇએ સાહેબ. આપે એમ કહ્યું હતું કે આ ગૃહમાં બેઠેલા દરેક સભ્યશ્રી માનનીય છે, સન્માનનીય છે. તો પણ અત્યારે આપની હાજરીમાં શ્રી કુંવરજીભાઇનું એમણે અપમાન કર્યું. સાહેબ, કોઇની અટક ગમે તે હોઇ શકે એટલે અટકનું તમે અપમાન ન કરી શકો સાહેબ. એમને સખત ઠપકો આપો સાહેબ. ઠપકો આપો એમને સાહેબ.

અધ્યક્ષશ્રી : બાવળીયા સાહેબ કશું બોલતા નથી, શ્રી કુંવરજીભાઇ કશું બોલતા નથી. શ્રી શૈલેષભાઇ, પ્લીઝ. ફૂલ ધ કવેશ્ચન. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ. માનનીય મુકેશભાઇ, (અંતરાય) બંને જણા હસે છે. બંને જણને આ વાતનો આનંદ છે.

તારાંકિત પ્રશ્નો

**અરવલ્લી જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ**

*૩૯૫૯૦ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૮ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૩૬ એકમોને રૂ.૬૯૩.૫૩ લાખની સહાય. |

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક –૬ અને ૮ બંને સરખા છે. એમ.એસ.એમ.ઇ.નું પહેલા પૂછાઇ ગયું છે. લંબાણપૂર્વક જવાબ આવ્યો છે. એ સિવાયનું કંઇ હોય તો પૂછો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમ.એસ.એમ.ઇ. એકમની વ્યાજ સહાયની યોજના શું છે? તથા આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના બે વિસ્તારો છે એક મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર અને એક મ્યુનિસિપલ કોર્પોરેશન સિવાયનો વિસ્તાર, એટલે જે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આ એકમ સ્થપાય તો એમને રૂપિયા ૨૫ લાખ પ્રતિ વર્ષ ૫ વર્ષની મર્યાદામાં ૫ ટકા લેખે વ્યાજ સહાય આપવામાં આવે છે અને બેંકમાંથી જે લોન લીધી હોય એના ઉપર આ સહાય આપવામાં આવે છે અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની બહાર જો લોન લીધી હોય તો ૭ ટકા લેખે પ્રતિ વર્ષ રૂપિયા ૩૦ લાખની મર્યાદામાં ૫ વર્ષ સુધી વ્યાજ સહાય આપવામાં આવે છે એટલે આનો અર્થ એ થાય કે જો પૂરેપૂરી વ્યાજ સહાય મળે તો દોઢ કરોડ રૂપિયાની વ્યાજ સહાય પોતાનું એકમ સ્થાપવા માટે જે લોન લીધી હોય એને રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. યોજના હેઠળ તાલુકાવાર કેટલા એકમોને સહાય ચૂકવવામાં આવી? કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : ૭૮ અરજીઓ છે ને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના, સાહેબ.

અધ્યક્ષશ્રી : કેટલી મંજૂર કરી એ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એમણે સહાયની વાત પૂછી છે. અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકાના ૧૩ યુનિટને રૂપિયા ૩૯,૪૭,૦૦૦, ભિલોડા તાલુકાના ૪ એકમને રૂપિયા ૮૦,૧૪,૦૦૦ ધનસુરાના ૧૬ એકમને રૂપિયા ૧,૪૮,૩૯,૦૦૦, માલપુરના ૭ એકમને રૂપિયા ૨૩,૦૩,૦૦૦ મેઘરજના બે એકમને રૂપિયા ૪૮૦૦૦ મોડાસાના ૩૦ એકમને રૂપિયા ૬૧,૭૩,૦૦૦ આમ તા. ૧–૧–૨૦૨૦ થી તા. ૩૧–૧૨–૨૦૨૦ સુધી ૭૨ એકમોને રૂપિયા ૫,૫૩,૨૪,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે.

**અરવલ્લી જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ** *૩૮૨૭૩ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૮ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૩૬ એકમોને રૂ.૬૯૩.૫૩ લાખની સહાય. |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અરવલ્લી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં એમ.એસ.એમ.ઇ. એકમો દ્વારા વ્યાજ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી?

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧–૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯ સુધી બાયડ તાલુકામાં સુક્ષ્મ એકમની ૪, લઘુ એકમની ૩ એમ કુલ ૭ અરજીઓ મળી. ભીલોડા તાલુકામાં સૂક્ષ્મ એકમની ૨. ધનસુરામાં સૂક્ષ્મ એકમની ૧, લઘુ એકમની ૩ કુલ ૪ અરજીઓ મળી. માલપુર તાલુકામાં લઘુ એકમની ૧. મેઘરજમાં સૂક્ષ્મ ઉદ્યોગની ૨ અરજીઓ. મોડાસામાં સૂક્ષ્મ ઉદ્યોગની ૧૫ લઘુ ઉદ્યોગની ૪ એમ કુલ ૧૯ અરજીઓ મળી. આમ તા. ૧–૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ સુધી કુલ ૩૫ અરજીઓ મળી. વર્ષ ૨૦૨૦માં એ જ પ્રમાણે ગણીએ તો બાયડ તાલુકામાં સૂક્ષ્મ એકમની ૩, લઘુ એકમની ૩ એમ કુલ ૬ અરજીઓ મળી. ભીલોડામાં સૂક્ષ્મ એકમની ૧, લઘુ એકમની ૨, મધ્યમ એકમની ૧ કુલ ૪ અરજીઓ મળી. ધનસુરા તાલુકામાં સૂક્ષ્મ એકમની ૩, લઘુ એકમની ૧, મધ્યમ એકમની ૨ એમ કુલ ૬ અરજીઓ મળી. માલપુર તાલુકામાં સૂક્ષ્મ એકમની ૪, લઘુ એકમની ૧ એમ કુલ ૫ અરજીઓ મળી. મેઘરજ તાલુકામાં સૂક્ષ્મ એકમની ૧. મોડાસા તાલુકામાં સૂક્ષ્મની ૧૯, લઘુ એકમની ૨ એમ કુલ ૨૧ અરજીઓ મળી. તા. ૧–૧–૨૦૨૦ થી ૩૧–૧૨–૨૦૨૦ દરમ્યાન કુલ ૪૩ અરજીઓ આ જિલ્લામાં મળી.

### ગીર સોમનાથ જિલ્લામાં રાવલ સિંચાઈ યોજનાના કામો

* ૩૮૨૯૦ **શ્રી દેવાભાઈ માલમ**(કેશોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં રાવલ સિંચાઈ યોજનાનાં નહેર સુધારણાનાં કામો ક્યા તબક્કે છે, અને | (૧) ૭૦ % કામગીરી પૂર્ણ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં કેટલો ખર્ચ થવા પામેલ છે ? | (૨) રૂ.૧૫૮.૦૦ લાખ. |

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાવલ સિંચાઇ યોજના કયાં આવેલી છે? એની સંગ્રહ શક્તિ કેટલી છે? આ યોજનાના નહેરની લંબાઇ કેટલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાવલ યોજના એ ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના ચીખલકુબા ગામે રાવલ પાસે છે અને રાવલ સિંચાઇ યોજનાના નામે જાણીતી છે. આ યોજનાની કુલ સંગ્રહ શક્તિ ૯૪૩.૯૬ એમ.સી.એફ.ટી.ની છે. એનું કુલ લાઇવ સ્ટોરેજ ૮૪૭.૭૩ એમ.સી.એફ.ટી. છે. ડેડ સ્ટોરેજ ૯૬.૩૮ એમ.સી.એફ.ટી. છે. આમ કુલ ૯૪૩.૯૬ એમ.સી.એફ.ટી. ની કેપીસિટીવાળી આ યોજના છે. એ કેનાલની બે બાજુ કેનાલો નીકળે છે. જમણા કાંઠા અને ડાબા કાંઠા. જમણા કાંઠાની મેઇન કેનાલ ૬.૬૦ કિ.મી. લંબાઇની છે અને ડાબા કાંઠાની મેઇન કેનાલ ૮ કિ.મી. જેટલી લાંબી છે. મેઇનમાંથી પેટા કેનાલો નીકળે એની લંબાઇ જમણા કાંઠામાં ૮.૧૫ કિ.મી. છે. ડાબા કાંઠામાં ૪.૬૭ કિ.મી. છે. ડિસ્ટ્રિબ્યુટરમાંથી જે માઇનોર નીકળે એમાંથી જમણા કાંઠાની ૧૬.૫ કિ.મી. છે. ડાબા કાંઠામાં નીકળતી નથી. આમ, કુલ લંબાઇ જમણા કાંઠાની ૩૧.૨૫ કિ.મી. અને ડાબા કાંઠાની ૧૨.૬૭ કિ.મી. છે અને આ યોજનાના કેનાલોનું જે રિપેરિંગ કામ કરવાનું છે. સુધારણા કામ ધારાસભ્યશ્રીની રજૂઆત પ્રમાણે કરવાનું છે તે અત્યારે ચાલુ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આમાં લખ્યું છે કે, ૭૦ ટકા કેનાલની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે ૩૦ ટકા બાકી છે. મારી પાસે જે માહિતી છે એ માહિતી મુજબ કેનાલનું કામ કરતી કંપની ઉમેદ એન્ટરપ્રાઇઝ કે એવું કાંઇક નામ હતું જે બરોડાની પાર્ટી છે એ કામ અધૂરું છોડીને લોકડાઉનમાં જતી રહી છે તો એ કંપની પાસે આ કામ બાકી છે એ પૂર્ણ કરાવવા માગો છો કે કેમ? અને બીજું ત્યાં જંગલ વિસ્તારમાં એ ડેમ આવેલો છે એટલે માટીનો પાળો બનાવ્યો હોય છે એ માટીના પાળામાં ઝાડ ઉગી નીકળ્યા હોય છે એ ઝાડના મૂળ અંદર સુધી જાય અને ઘણી વખત માટીનો પાળો છે લિકેજ થાય તો મોટી દુર્ઘટના ઘટે તો એ પહેલા તાત્કાલિક મંજૂરી મળી જાય અને ઝાડ દૂર કરવામાં આવે એના માટે સરકાર કંઇ કરવા માગે છે કે કેમ? અને આ જે એજન્સી કામ અધૂરું છોડીને જતી રહી છે તો એના ઉપર કોઇ પગલાં લઇને ડેમનું કામ વહેલી તકે પૂર્ણ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કામગીરી સભ્યશ્રીએ જે કહ્યું એ પ્રમાણે વડોદરાની ઉમેદ એન્જિનિયરીંગ કંપનીને કામ આપવામાં આવેલું એ રૂપિયા ૨,૭૭,૭૨,૭૬૮/–નું કામ આપ્યું છે. તારીખ ૨૭.૦૫.૨૦૧૯માં વર્ક ઓર્ડર આપવામાં આવ્યો ત્યાર પછી ઈજારદારે કામ પણ શરુ કર્યું કામ પૂરું કરવાની સમય મર્યાદા ૧૮ મહિનાની છે, તારીખ ૨૬.૧૧.૨૦૨૦ એટલે સમય વીતી ગયો ત્યાં સુધીમાં કામ પૂર્ણ કરવાનું હતું. ઈજારદારે ૭૦ ટકા કામ કોરોના પહેલા પૂરું કર્યું છે અને કામ જે પૂરું કર્યું એ પૈકી રૂપિયા ૧.૫૮ કરોડ ઈજારદારને માપ લઇને ચૂકવણી કરવામાં આવી છે. પરંતુ કોરોના આવવાના કારણે કારીગર–મજૂર નહીં મળવાના કારણે ઈજારદારના કહેવા પ્રમાણે કામ હજુ ચાલુ કરી શકયા નથી એટલે અત્યારે કામ બંધ છે એ પણ વાત સાચી છે. ઈજારદારને નોટિસ આપી છે કે, ઝડપથી કામ ચાલુ કરો અને સમય મર્યાદામાં કામ ચાલુ નહીં કરો તો તમને ટર્મિનેટ એટલે કે ઈજારદાર તરીકે આ કામમાંથી રદ કરવામાં આવશે અને સિંચાઇ વિભાગ બાકીનું બધું કામ ઝડપથી પૂરું કરાવવા માટે સંપૂર્ણ સક્રિય છે.

અતારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, રાવલપીંડી કે જામરાવલ ગામોના નામ તો સાંભળ્યા હતા પણ આ રાજય સરકારમાં રાવલ સિંચાઇ યોજના ચાલે છે એ જાણીને આનંદ થયો. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાવલ સિંચાઇ યોજનામાંથી પીવા માટે કેટલું પાણી આપવામાં આવે છે અને આ યોજનામાંથી ક્યા તાલુકાને પીવાનું પાણી આપવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ સિંચાઇ યોજનાનું નામ રાવલ કેમ રાખ્યું એ પણ પૂછી લો.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ યોજનાનું નામ રાવલ સિંચાઇ યોજના કેમ રાખવામાં આવ્યું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એની મારે જન્મ કુંડળી કઢાવવી પડશે કે રાવલ કેમ રાખ્યું? પણ મારી માન્યતા એવી છે કે રાવલ નદી ઉપરનો આ ડેમ છે એટલે આ રાવલ સિંચાઇ યોજના નામ રાખવામાં આવ્યું છે. અમારે નામથી મતલબ નથી, કામથી મતલબ છે એટલે સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં આ સિંચાઇ યોજનામાં જે પાણીનો સંગ્રહ થાય છે એમાંથી ૮ એમ.એલ.ડી. પાણી પીવા માટે રિઝર્વ રાખવામાં આવ્યું છે.

**ગીર સોમનાથ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૩૮૨૭૧ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝસ) એકમોની કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૯ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૦ એકમોને રૂ.૨૪૭.૩૧ લાખની સહાય. |

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે એમ.એસ.એમ.ઇ.ના જે સવાલો આવ્યા છે એમાંથી સરકારની બે પ્રકારની નીતિ સ્પષ્ટ થઇને આવી છે, એક સરકાર કેપિટલ સહાય આપે છે અને બીજું, વ્યાજમાં સહાય આપવાની યોજના છે. મારો પ્રશ્ન એ છે કે, તાલુકાવાર કેટલી સહાયની અરજીઓ મંજૂર થઇ અને, કેટલી નામંજૂર થઇ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વેરાવળ તાલુકામાં કુલ ૫ અરજીઓ મંજૂર થઈ, તાલાળામાં ૧ થઇ અને નવા વર્ષમાં વેરાવળમાં ૫, તાલાળામાં ૪, સુત્રાપાડામાં ૧, ઉનામાં ૩ આમ કુલ ૧૩ અરજીઓ મંજૂર થઇ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ખેડા જિલ્લામાં કેનાલો દ્વારા તળાવો ભરવા બાબત**

૩૯૩૮૮ **શ્રી કાન્તિભાઈ પરમાર**(ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ભૂગર્ભ જળના સ્તર ઉંચા લાવવા કેનાલો દ્વારા હયાત તળાવો ભરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. ખેડા જિલ્લામાં હયાત સિંચાઈ તળાવોને પાણીની ઉપલબ્ધિ અને જરૂરિયાત મુજબ કેનાલો દ્વારા ભરવામાં આવે છે. જેનાથી ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવી શકે છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા તળાવો ભરવામાં આવ્યા, | (૨) |

| અનુ.નં. | તાલુકાનું નામ | કેનાલોથી ભરવામાં આવતા સિંચાઈ તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | માતર | ૧૨ |
| ૨ | ખેડા | ૧૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) જો ના, તો તેના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કયાં સુધીમાં આ તળાવો ભરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળમાં ટી.પી. સ્કીમોની મંજૂરી**

૩૮૨૬૮ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં ટી.પી. સ્કીમોની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને | (૧) ૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમોની મંજૂરી આપવામાં આવી? | (૨) ૨૦ |

---------

**અમદાવાદ શહેરના જોધપુર વોર્ડ તથા સ્ટેડીયમ વોર્ડને ૨૪ કલાક પાણી પૂરું પાડવાનો પ્રોજેક્ટ**

૩૯૩૧૬ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૧૯-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન-૧૨૦૭૪ (અગ્રતા-૩૭૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વડોદાર ગ્રામ્ય | ૦૦ | ૧૨૬૬૪ |
| વડોદાર શહેર | ૭૩૫૬૪૪ | ૪૯૯૮૯૧ |

(૨) એક પણ નહીં.

---------

**રાજુલા ખાતે નાયબ પોલીસ અધિક્ષકની કચેરી સ્થાપવાની કામગીરી**

૩૯૩૭૧ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં તા.૨૫-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૯૬૭૩ (અગ્રતાઃ૧૦૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં રાજુલા ખાતે નાયબ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી સીપીઆઇ, રાજુલાની કચેરીમાં કાર્યરત કરવાનું ઠરાવેલ તે કચેરીને સ્વતંત્ર મકાન ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) હાલ વિચારણા હેઠળ નથી.

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**છારા ગામે શાપુરજી પાલોનજી પ્રા. લી. કંપનીને જેટી બનાવવાનું કામ**

૩૯૩૬૨ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે શાપુરજી પાલોનજી પ્રા. લી., કંપનીને જેટી બનાવવાનું કામ ઓક્ટોબર-૨૦૨૦માં પૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત જેટીની કામગીરી કયા તબક્કે છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છારા બંદર વિકસાવવાની કામગીરી ૨૨% જેટલી થવા પામેલ છે.

(૩) ઉક્ત કામ કેટલા ખર્ચે આપવામાં આવેલ, અને

(૩) ઉક્ત પ્રોજેક્ટ બંદર નીતિ અંતર્ગત ખાનગી મૂડી

રોકાણથી વિકસાવવાનો હોઈ, પ્રોજેક્ટનો સમગ્ર ખર્ચ અંદાજિત રૂ.૩૯૦૦ કરોડ શાપુરજી પાલોનજી દ્વારા કરવામાં આવનાર છે.

(૪) ઉક્ત કામ સમયસર પૂર્ણ ન થયેલ હોઈ તો તેના કારણો શા છે?

(૪) બાંધકામના સમયગાળામાં બે મોટા વાવાઝોડા ''વાયુ'' અને ''ઓખી'' ના કારણે ચાલુ બાંધકામોને નુકસાન થયેલ અને ત્યારબાદ કોવિડ–૧૯ મહામારીને કારણે કામ સમયસર પૂર્ણ થયેલ નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં રોયલ્ટીમાંથી હિસ્સા પેટે ચૂકવવાની રકમ**

૩૯૬૧૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૧૯–૨૦ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચુકવવાની થતી હતી,

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૧૯–૨૦ના વર્ષમાં રેતી અને કંકર પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની નીચે મુજબની રકમ ચૂકવવાની થતી હતી,

| ક્રમ | તાલુકો | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ડીસા | ૪૩૫.૧૧ |
| ૨ | વડગામ | ૩.૧૮ |
| ૩ | દાંતીવાડા | ૩૧.૦૮ |
| ૪ | કાંકરેજ | ૧૭૨૯.૦૨ |
| | **કુલ** | **૨૧૯૮.૩૯** |

ગ્રાન્ટની ફાળવણી બનાસકાંઠા જિલ્લા પંચાયતને કરવામાં આવે છે.

(૨) તે પૈકી કેટલી રકમ ઉક્ત જિલ્લાને તાલુકાવાર ચુકવવામાં આવી, અને

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરના તા.૧૫–૦૨–૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૬/૨૨૪/જ. મુજબ રેતી, ગ્રેવલ અને કંકર ખનિજની થયેલ કુલ આવકમાંથી ૫ ટકા વહીવટી ખર્ચ બાદ કરી બાકીના ૯૫ ટકા રકમ સંબંધિત જિલ્લા પંચાયતને ચુકવવામાં આવે છે. જેમાંથી જિલ્લા પંચાયત દ્વારા ૫૦ ટકા જિલ્લા પંચાયત પાસે રાખવામાં આવે છે અને બાકીની ૫૦ ટકા રકમ જે તે ગ્રામ પંચાયતને ફાળવવામાં આવે છે. અત્રેથી નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧માં બનાસકાંઠા જિલ્લા પંચાયતને રૂ. ૫૬૯.૬૭ લાખ ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવી.

(૩) બાકીની રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

(૩) બાકીની રકમ ટૂંક સમયમાં ચૂકવવામાં આવશે.

---------

**આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૯૭૦૮ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૧) કુલ–૫૯

(૨) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

(૨) રૂ.૧૧૬૭.૮૯ લાખ.

અતારાંકિત પ્રશ્નો

**નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૯૭૦૭ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૧૪૮ |
| (૨) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) રૂ.૨૯૯૩.૦૮ લાખ. |

---------

**પાટણ અને કચ્છ જિલ્લામાં ગેરકાયદે ચાલી રહેલ મીટ શોપ/ફીશ શોપ**

૩૬૬૧૬ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ અને કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ કુલ ૬૯ ગેરકાયદે મીટ/ફીશ અને ચીકનશોપ ચાલુ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યા શહેરમાં ૬૯ આવી મીટ/ફીશ અને ચીકનશોપ ચાલુ છે, અને | (૨) પાટણ ૩૪ |
| (૩) ઉક્ત ગેરકાયદે ચાલી રહેલ મીટ/ફીશ/ ચીકનશોપને કયાં સુધી બંધ કરવામાં આવનાર છે? | (૩) પાટણ નગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી ગેરકાયદેસર મીટ/ફીશ શોપને બંધ કરાવવામાં આવશે. |

---------

**મહેસાણા જિલ્લામાં ગુજરાત કન્ટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ હેઠળ નોંધાયેલ ગુના**

૩૯૬૬૬ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં GUJCTOC (ગુજરાત કંટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ) ACT હેઠળ ગુના નોંધવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કાયદા હેઠળ મહેસાણા જિલ્લા ખાતે કેટલા ગુના નોંધવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા? | (૨) કુલ–૦૧ ગુનો<br>પકડાયેલ આરોપી–૧૫. |

---------

**રાજકોટ અને અમદાવાદ શહેરમાં બનાવટી પોલીસ બનીને લોકોને હેરાન કરતા આરોપીઓ**

૩૯૩૪૧ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને અમદાવાદ શહેરમાંથી નકલી પોલીસ બનીને લોકોને હેરાન કરતાં, પૈસા ઉઘરાવતા અને ડરાવતા કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત પકડવામાં આવેલ આરોપીઓ પૈકી કેટલા આરોપીઓ એક કરતાં વધુ વખત પકડાયેલ છે ?

**જવાબ**

(૧)

| શહેર | તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ |
|---|---|---|
| રાજકોટ | ૦૩ | ૦૯ |
| અમદાવાદ | ૩૨ | ૮૬ |

(૨) ૧૦

---------

**રાજકોટ શહેર અને ગ્રામ્યમાં ગુજરાત કન્ટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ હેઠળ નોંધાયેલ ગુના**

૩૯૬૫૮ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં GUJCTOC (ગુજરાત કંટ્રોલ ટેરરીઝમ એન્ડ | (૧) હા, જી. |

ઓર્ગેનાઈઝડ ક્રાઈમ) ACT હેઠળ ગુના નોંધવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કાયદા હેઠળ રાજકોટ શહેર અને ગ્રામ્ય ખાતે કેટલા ગુના નોંધવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા?

(૨)

| **શહેર/જિલ્લો** | **દાખલ થયેલ ગુનાની સંખ્યા** | **પકડાયેલ આરોપીઓની સંખ્યા** |
|---|---|---|
| રાજકોટ શહેર | ૦૨ | ૨૧ |
| રાજકોટ ગ્રામ્ય | ૦૧ | ૦૪ |

---------

**ધોલેરા તાલુકાના નવાગામ ખાતે કાર્ગો એરપોર્ટ બનાવવા બાબત**

૩૯૩૨૯ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ધોલેરા તાલુકાના નવાગામ ખાતે કાર્ગો એરપોર્ટ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) એન્જિનિયરીંગ કન્સલ્ટન્ટ દ્વારા ધોલેરા એરપોર્ટ પ્રોજક્ટનો રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે. જેના આધારે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા એરપોર્ટના બાંધકામ સારું ફેબ્રુઆરી ૨૦૨૧માં રૂ.૯૮૭ કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

(૨) એન્જિનિયરીંગ કન્સલ્ટન્ટ દ્વારા રજૂ કરાયેલ વિગતવાર અહેવાલ મુજબ નવાગામ તા.ધોલેરા ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટ માટે રૂ.૨૩૬૦/– કરોડ ખર્ચ અંદાજવામાં આવેલ છે. અને તેની કામગીરી વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ભાવનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૯૭૦૫ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૦૧

(૨) રૂ.૧૪૭.૬૫ લાખ.

---------

**આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૯૬૯૭ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) કુલ–૫૯

(૨) રૂ.૧૧૬૭.૮૯ લાખ.

---------

**આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૯૬૯૮ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) કુલ–૫૯

(૨) રૂ.૧૧૬૭.૮૯ લાખ.

અતારાંકિત પ્રશ્નો

**રતનપુર ચેકપોસ્ટ પરથી ગૌવંશ ભરેલી ટ્રક પકડવા બાબત**

૩૯૩૦૬ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લાની રતનપુર ચેકપોસ્ટ પરથી ગૌવંશ ભરેલા કેટલા ટ્રક પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત પકડવામાં આવેલ ટ્રકોમાં ક્યા સંવર્ગના કેટલા પશુઓ હતા,

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત પશુઓને બચાવી ક્યા સ્થળે મુકત કરવામાં આવેલ ?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક–અ મુજબ.

(૪) ઉક્ત પશુઓને બચાવી ઈડર પાંજરાપોળમાં રાખવા મોકલી આપેલ છે.

**પત્રક–અ**

| જિલ્લાનું નામ | ગૌવંશ ભરેલા પકડવામાં આવેલ ટ્રકની સંખ્યા | પકડાયેલ ગૌવંશની સંખ્યા | | | | | પકડવામાં આવેલ ઈસમોની સંખ્યા | પકડવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ગાય | વાછરડા | બળદ | આખલા | અન્ય | | |
| **તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | | | | | | | | |
| અરવલ્લી જિલ્લામાં રતનપુર ચેકપોસ્ટ | ૦૧ | ૦૦ | ૬૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ |
| **તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** | | | | | | | | |
| અરવલ્લી જિલ્લામાં રતનપુર ચેકપોસ્ટ | ૦૧ | ૦૪ | ૩૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૨ |

**ગૃહ વિભાગ સમક્ષ હથિયાર વિવાદ અરજીઓ**

૩૯૨૮૮ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગૃહ વિભાગ સમક્ષ હથિયાર વિવાદ અરજીઓ કેટલી પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી હથિયાર અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી હથિયાર અરજીઓ પડતર છે, તેના કારણો શા છે, અને

(૪) હથિયાર વિવાદ અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ૬૯૦ અરજીઓ.

(૨)

| અ.નં. | વર્ષ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૧૧૪ | ૬૬૧ |
| ૨ | ૨૦૨૦ | ૦૦ | ૫૩ |
| | **કુલ** | **૧૧૪** | **૭૧૪** |

(૩) ૬૯૦ અરજીઓ પડતર છે. જે નીચે મુજબના કારણોસર પડતર છે.

(અ) કોરોના મહામારીને કારણે.

(બ) સુનાવણીની તારીખ આપી હોવા છતાં અરજદાર હાજર રહેલ ન હોવાથી.

(ક) સુનાવણીની તારીખ આપ્યા બાદ અરજદારે બીજી મુદતની માંગણી કરી હોવાને કારણે.

(ડ) અરજીની સુનાવણી ક્રમાનુસાર થતી હોવાથી અરજદારશ્રીનો ક્રમ ન આવવાના કારણે.

(૪) હથિયાર વિવાદ અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે કોરોના મહામારી દરમિયાન લોકડાઉનનો સમયગાળો પૂર્ણ થતાં અને વિડિયો કોન્ફરન્સિંગ મારફત સુનાવણીની સગવડ શરૂ થતાં વિડિયો કોન્ફરન્સિંગ મારફત સુનાવણી

શરૂ કરવામાં આવેલ. પરંતુ અનુભવે જણાયેલ કે, વિડિયો કોન્ફરન્સિંગથી અપીલ અરજી સાંભળવામાં અરજદારોને કનેકટીવિટીના કારણે તકલીફ પડતી હોવાથી પુનઃ રૂબરૂ સુનાવણી હાથ ધરી અપીલોનો નિકાલ કરવામાં આવે છે.

---------

**અમદાવાદ મ્યુનિ. કોર્પો. ના પ્રોપર્ટી ટેક્ષમાં રાહત યોજના બાબત**

૩૯૩૧૮ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં પ્રોપર્ટી ટેક્ષ બિલમાં વ્યાજની રકમ ૧૮ ટકાની જગ્યાએ ૮ ટકા કરવાની દરખાસ્ત તા.૨૭-૦૩-૨૦૦૬ થી સરકારમાં પડતર છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સાચી છે, અને | (૧) ના જી, |
| (૨) જો હા, તો ઉક્ત દરખાસ્ત પડતર રહેવાના કારણો શા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં વાહનોની ચોરી**

૩૯૩૩૯ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા દ્વિચક્રી, ત્રિચક્રી, ચતુષ્ચક્રી અને ભારે માલવાહક વાહનોની ચોરીના કેટલા કિસ્સા બન્યા, | (૧) પત્રક-૧ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કિસ્સાઓ ઉકેલી કયા પ્રકારના કેટલા વાહનો વાહનમાલિકને પરત કરવામાં આવ્યા, અને | (૨) પત્રક-૨ |
| (૩) ઉક્ત જિલ્લાવાર કેટલા વાહનચોરોને પકડવામાં આવ્યા અને કેટલા કિસ્સામાં વાહનો શોધવાના બાકી છે? | (૩) પત્રક-૩ |

**પત્રક-૧**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્ચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા |
| મોરબી | ૮૪ | ૮૪ | ૧૭ | ૧૭ | ૦૯ | ૦૯ | ૦૪ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૧૨૧ | ૧૨૧ | ૦૪ | ૦૪ | ૦૯ | ૦૯ | ૦૪ | ૦૪ |

**પત્રક-૨**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્ચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા |
| મોરબી | ૪૭ | ૪૫ | ૧૫ | ૧૫ | ૦૫ | ૦૪ | ૦૩ | ૦૩ |
| સુરેન્દ્રનગર | ૭૩ | ૭૦ | ૦૩ | ૦૩ | ૦૪ | ૦૪ | ૦૨ | ૦૧ |

**પત્રક-૩**

| જિલ્લા | પકડાયેલ વાહન ચોર | વાહન શોધવાના બાકી કિસ્સા |
|---|---|---|
| મોરબી | ૧૧૪ | ૪૦ |

| જિલ્લા | પકડાયેલ વાહન ચોર | વાહન શોધવાના બાકી કિસ્સા |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧૮ | ૫૦ |

---------

**મહાત્મા મંદિરનું સંચાલન અને જાળવણીનું કામ**

૩૯૩૦૯ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહાત્મા મંદિર ગાંધીનગરનું સંચાલન અને જાળવણીનું કામ હોટલ લીલા વેન્ચર લિમીટેડને તા.૦૧–૧૨–૨૦૧૮ના એગ્રીમેન્ટથી સોંપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સંચાલન અને જાળવણીનું કામ કેટલા સમય માટે સોંપવામાં આવેલ છે,

(૩) તે અન્વયે કેટલી રકમ ચુકવવાની નક્કી થયેલ છે, અને

(૪) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચુકવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૫ વર્ષ માટે

(૩)

- બેઈઝ મેનેજમેન્ટ ફી–નાણાંકીય વર્ષની કુલ આવકના ૨% રકમ.
- પ્રોત્સાહક ફી–કુલ નફામાંથી બેઈઝ મેનેજમેન્ટ ફી તરીકે ચૂકવેલ રકમ બાદ કરતાં બાકી રહેતા એડજસ્ટેડ નફામાંથી સંચાલનના વર્ષ ને ધ્યાને લઈ કુલ સંચાલન નફો (ગ્રોસ ઓપરેટીંગ પ્રોફીટ) ના
  ૦ (શૂન્ય) % થી ૬.૫% રકમ સુધી.

(૪) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કોઈ રકમ ચુકવવામાં આવી નથી.

---------

**રાજ્યમાં ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા બાબત**

૩૯૩૫૪ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ડેમોમાંથી સિંચાઈના હેતુસર ખેડૂતોને કયા ભાવથી પાણી આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ભાવમાં કોઈ વધારો–ઘટાડો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૩) જો હા, તો તેના કારણો શું?

**જવાબ**

(૧) રાજ્યમાં ૮૫૧ ડેમોમાંથી સિંચાઈના હેતુસર પાણી આપવામાં આવે છે. જળ સંપત્તિ વિભાગ દ્વારા અપાતા સિંચાઈના પાણીના ભાવો નીચે મુજબ છે.

| સિંચાઈ ઋતુ | વહેણ સિંચાઈના દર પ્રતિ પાણ પ્રતિ હેક્ટર |
|---|---|
| બારમાસી | રૂ. ૫૭૬.૧૮ |
| ખરીફ/રવી/ઉનાળુ બેમોસમી | રૂ. ૩૦૭.૩૦ |
| ઉદવહન (લીફ્ટ) સિંચાઈ | વહેણ સિંચાઈના દરનાં ૧/૩ (ત્રીજા ભાગનાં) |

(૨) હા

(૩) સિંચાઈ માટે અપાતા પાણીના દરોમાં રાજ્યના ખેડુતોને રાહત આપવાના હેતુસર સિંચાઈ વર્ષ ૨૦૧૮–૧૯ થી દરોમાં પ્રતિ વર્ષ થતો વધારો ૭.૫% થી ઘટાડી ઉત્તરોત્તર ૨.૫% લેખે વધારો નક્કી કરવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ઉદ્વહન સિંચાઈ યોજના બાબત**

૩૯૪૩૫ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૦૨–૨૦૨૧ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કઈ કઈ યોજનાઓ તથા કઈ કઈ

**જવાબ**

(૧) તા.૧૫–૦૨–૨૦૨૧ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સિંચાઈ યોજના તથા ઉદવહન સિંચાઈ

| | |
|---|---|
| ઉદવહન સિંચાઈ યોજનાઓ હેઠળ કેટલી જમીન સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | યોજના તથા તેની હેઠળ આવરી લેવામાં આવેલી જમીનની વિગતો દર્શાવતાં અનુક્રમે પત્રક–૧ અને પત્રક–૨ સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કઈ કઈ સિંચાઈ યોજનાઓ ક્યારથી બંધ છે, તેને કાર્યરત કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઉક્ત સ્થિતિએ સિંચાઈ યોજનાઓ પત્રક–૧ ના (ઝ) મુજબ અને ઉદવહન સિંચાઈ યોજનાઓ પત્રક–૨ના (છ)માં દર્શાવેલ સમયથી બંધ છે. ઉક્ત સિંચાઈ યોજનાઓ ચાલુ કરવા માટે પત્રક–૧(જ) અને પત્રક–૨(ચ) મુજબ કાર્યવાહી કરવામાં આવી. |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### ગીફ્ટ સીટીમાંથી આઈએલએન્ડએફએસનો હિસ્સો/શેર ખરીદવાના નિર્ણય

૩૯૨૯૧ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગીફ્ટ સીટીમાંથી આઇએલ એન્ડ એફએસનો હિસ્સો/શેર ખરીદવાના નિર્ણય અંગે શેરના ભાવ નક્કી કરવા માટે કોઈ વેલ્યુએશન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત વેલ્યુએશન રીપોર્ટ કોના દ્વારા કરવામાં આવેલ છે અને તે સરકારને ક્યારે મળેલ છે, અને | (૨) વેલ્યુએશનનો રીપોર્ટ RSBA Advisors દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જે સરકારશ્રીને તા.૨૮–૧૧–૨૦૧૯ના રોજ મળેલ છે. |
| (૩) ઉક્ત રીપોર્ટમાં આઇએલ એન્ડ એફએસના શેરના ભાવ અને કુલ કેટલી રકમ નક્કી કરવામાં આવેલ છે ? | (૩) ઉક્ત રીપોર્ટમાં ગીફ્ટ સીટી લી.નો ભાવ રૂ.Negative (1600) કરોડ છે. પરંતુ વેલ્યુએશન રીપોર્ટમાં શેરના ભાવની કોઈ રકમ નક્કી કરવામાં આવેલ નથી. |

### કચ્છમાં વેલસ્પન ગ્રુપ સાથે થયેલ એમ.ઓ.યુ. બાબત

૩૯૨૮૨ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્ય સરકાર અને વેલસ્પન ગૃપ વચ્ચે કચ્છમાં સ્ટીલ પ્લાન્ટ અને આર્યન પાઇપ પ્રોજેક્ટ અંગેના એમઓયુ થયા છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત એમઓયુ કેટલી રકમના, ક્યારે થયા છે, | (૨) તા.૨૩–૦૯–૨૦૨૦ના રોજ સ્ટીલ પ્લાન્ટ વીથ વેરીયર્સ સ્પેશીયલ ગ્રેડ આયર્ન પ્રોડક્ટસ એન્ડ ડકટાઈલ આયર્ન પાઈપ્સ પ્રોજેક્ટ માટે રૂ.૧૨૫૦/– કરોડના એમ.ઓ.યુ. થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલું મુડીરોકાણ થયું છે, અને<br>(૪) ઉક્ત પ્લાન્ટ ક્યાં સુધીમાં કાર્યરત થનાર છે? | (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ કોઈ મૂડીરોકાણ થયેલ નથી. પ્લાન્ટ શરૂ થવાની સૂચિત તારીખ ૩૦–૦૬–૨૦૨૧ છે. |

---------

### પાટણ અને મહેસાણા જિલ્લામાં વાહનોની ચોરી

૩૯૨૯૪ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા દ્વિચક્રી, ત્રિચક્રી, ચતુષ્ચક્રી અને ભારે માલવાહક વાહનોની ચોરીના કેટલા કિસ્સા બન્યા, | (૧) પત્રક–૧ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કિસ્સાઓ ઉકેલી ક્યા પ્રકારના કેટલા વાહનો વાહનમાલિકને પરત કરવામાં આવ્યા, અને | (૨) પત્રક–૨ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા વાહનચોરોને પકડવામાં આવ્યા અને કેટલા કિસ્સામાં વાહનો શોધવાના બાકી છે ?

(૩) પત્રક–૩

**પત્રક–૧**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્ચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા |
| પાટણ | ૧૮૬ | ૧૮૦ | ૦૩ | ૦૩ | ૧૭ | ૧૭ | ૧૦ | ૧૦ |
| મહેસાણા | ૨૧૨ | ૨૧૧ | ૦૯ | ૦૯ | ૪૪ | ૪૪ | ૦૭ | ૦૭ |

**પત્રક–૨**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્ચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા |
| પાટણ | ૬૬ | ૬૦ | ૦૧ | ૦૧ | ૦૭ | ૦૫ | ૦૪ | ૦૩ |
| મહેસાણા | ૮૯ | ૭૧ | ૦૮ | ૦૫ | ૧૩ | ૦૭ | ૦૩ | ૦૧ |

**પત્રક–૩**

| જિલ્લા | પકડાયેલ વાહન ચોર | વાહન શોધવાના બાકી કિસ્સા |
|---|---|---|
| પાટણ | ૧૦૯ | ૧૧૭ |
| મહેસાણા | ૧૫૩ | ૧૧૭ |

## અમદાવાદ ચંડોળા તળાવના ડેવલપમેન્ટની કામગીરી

૩૯૩૮૪ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૮–૦૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન–૮૫૪૩ (અગ્રતા–૧૦૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવના સિંચાઈ હસ્તકથી અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા હવાલો મેળવવાની કાર્યવાહી ચાલી રહેલ હતી તે કાર્યવાહી તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરીને કબ્જો મેળવવામાં આવ્યો, અને

(૨) ઉક્ત તળાવના ડેવલપમેન્ટ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કામ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવનો કબજો મેળવવાની કાર્યવાહી કલેક્ટરશ્રી–અમદાવાદના પરામર્શમાં ચાલી રહેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ધોલેરા એસ.આઈ.આર.માં કોન્ટ્રાક્ટર એજન્સીની કામગીરી બાબત

૩૯૪૧૧ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ધોલેરા એસ.આઈ.આર.માં ડીઝાઈન, બાંધકામ, ઓ અને એમ પાણી સારવાર પ્લાન્ટ અને સહાયક કામોની કામગીરી સંબંધિત કોન્ટ્રાક્ટર, એજન્સીને તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે,

(૩) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) હા, જી

(૨) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત કામગીરી ૩૦% પૂર્ણ થયેલ હતી.

(૩) ખંડ–૨ જોતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અને

(૪) ઉક્ત કામગીરી ઉક્ત નિયત સમયમાં પૂર્ણ ન થઈ હોઈ તો સંબંધિત કઈ એજન્સી સામે શા પગલાં લીધા?

(૪) ઉક્ત કામગીરી નિયત સમયમાં પૂર્ણ થયેલ ના હોઈ, સદર કરાર ને રદ કરી દેવામાં આવ્યો છે.

---------

**અમદાવાદ ખાતેની સ્લમ કિલયરન્સ બોર્ડની વસાહતોના રી–ડેવલેપમેન્ટ માટેની દરખાસ્ત**

૩૯૩૨૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ ખાતેની સ્લમ કલીયરન્સ બોર્ડની વસાહતોના મકાનો જર્જરિત થઇ ગયા હોવા અંગેની હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઇ વસાહતોના કેટલા મકાનો રી–ડેવલપમેન્ટ કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત કામગીરી પેટે સરકારે કેટલી રકમની ફાળવણી ઉક્ત વર્ષવાર કરી?

**જવાબ**

(૧) સ્લમ કલીયરન્સ બોર્ડના વસાહતોના મકાનોની જાળવણી અને મરામતની જવાબદારી જે તે લાભાર્થીઓ/એસોસીએશનની રહે છે. વસાહતોના લાભાર્થીઓ/એસોસીએશન દ્વારા મકાનો જર્જરીત થઇ ગયા છે તે પ્રકારની એક રજૂઆત મળેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં વાહનોની ચોરી**

૩૯૨૭૯ **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા દ્વિચક્રી, ત્રિચક્રી, ચતુષ્ચક્રી અને ભારે માલવાહક વાહનોની ચોરીના કેટલા કિસ્સા બન્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કિસ્સાઓ ઉકેલી ક્યા પ્રકારના કેટલા વાહનો વાહનમાલિકને પરત કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા વાહનચોરોને પકડવામાં આવ્યા અને કેટલા કિસ્સામાં વાહનો શોધવાના બાકી છે?

**જવાબ**

(૧) પત્રક–૧

(૨) પત્રક–૨

(૩) પત્રક–૩

**પત્રક–૧**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્ચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા |
| બનાસકાંઠા | ૩૩૬ | ૩૨૫ | ૦૩ | ૦૩ | ૭૫ | ૭૫ | ૧૬ | ૧૬ |
| ગાંધીનગર | ૨૭૭ | ૨૭૩ | ૨૬ | ૨૬ | ૪૨ | ૪૨ | ૦૧ | ૦૧ |

**પત્રક–૨**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્ચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા |
| બનાસકાંઠા | ૯૧ | ૭૧ | ૦૨ | ૦૨ | ૨૪ | ૧૩ | ૦૭ | ૦૪ |
| ગાંધીનગર | ૧૧૫ | ૧૪૨ | ૧૩ | ૧૪ | ૧૮ | ૨૦ | ૦૦ | ૦૦ |

**પત્રક–૩**

| જિલ્લા | પકડાયેલ વાહન ચોર | વાહન શોધવાના બાકી કિસ્સા |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૭૩ | ૨૮૮ |
| ગાંધીનગર | ૧૪૯ | ૧૬૬ |

અતારાંકિત પ્રશ્નો

### જાફરાબાદ તાલુકામાં ખનીજ ચોરી

૩૯૩૬૯ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના પાટીમાણસા અને બાલાનીવાવ ગામમાંથી ક્યા પ્રકારની કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે કોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૩) કરવામાં આવેલ દંડ પૈકી કોની પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા અને બાકી રકમ ક્યાં સુધીમાં વસૂલવામાં આવશે?

**જવાબ**

(૧)

| **ગામ** | **૨૦૧૯** | | **૨૦૨૦** | |
|---|---|---|---|---|
| | **ખનીજની ચોરીનો પ્રકાર** | **જથ્થો (મે.ટન)** | **ખનીજની ચોરીનો પ્રકાર** | **જથ્થો (મે.ટન)** |
| પાટીમાણસા | કોઇ ખનીજ ચોરી થયાનું સામે આવેલ નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | કોઇ ખનીજ ચોરી થયાનું સામે આવેલ નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| બાલાનીવાવ | કોઇ ખનીજ ચોરી થયાનું સામે આવેલ નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | ખનન | ૨૧૪૦૪ |
| | | | **કુલ** | **૨૧૪૦૪** |

(૨)

| **ગામ** | **વર્ષ** | **કસુરદારનું નામ** | **દંડકીય રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|---|
| પાટીમાણસા | ૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | ૨૦૨૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| બાલાનીવાવ | ૨૦૧૯ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| | ૨૦૨૦ | એગ્રોહ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ. | ૫૨.૮૭ |

(૩) અને (૪) ઉક્ત રૂ. ૫૨.૮૭ /– લાખની ખનીજ ચોરી સબબ એગ્રોહ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ. કંપનીના મેનેજર અને પ્રોજેક્ટ મેનેજર વિરૂદ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સક્ષમ કોર્ટના આદેશ / નિર્ણયાનુસાર દંડ વસૂલ કરી શકાશે.

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખનીજ સ્ટોક હોલ્ડર પાસેથી રોયલ્ટીની આવક

૩૯૭૨૧ **ડો. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખનીજ સ્ટોક હોલ્ડરના કેટલા સ્થળો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને તાલુકાવાર કેટલી રોયલ્ટીની આવક થઇ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખનીજ સ્ટોક હોલ્ડરની વિગત નીચે મુજબ છેઃ

| **અ.નં.** | **અરવલ્લી જિલ્લો** | | **સાબરકાંઠા જિલ્લો** | |
|---|---|---|---|---|
| | **તાલુકો** | **ખનિજ સ્ટોક હોલ્ડરની સંખ્યા** | **તાલુકો** | **ખનિજ સ્ટોક હોલ્ડરની સંખ્યા** |
| ૧ | મોડાસા | ૧૧ | હિંમતનગર | ૨૧ |
| ૨ | ભિલોડા | ૩૯ | ઇડર | ૦૬ |
| ૩ | બાયડ | ૨૦ | ખેડબ્રહ્મા | ૦૮ |
| ૪ | ધનસુરા | ૨૭ | પ્રાંતિજ | ૧૨ |
| ૫ | મેઘરજ | ૦૩ | તલોદ | ૧૨ |
| ૬ | માલપુર | ૦૧ | વડાલી | ૦૪ |
| ૭ | – | – | વિજયનગર | ૦૨ |
| **કુલ** | | **૧૦૧** | | **૬૫** |

(૨) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રોયલ્ટીની આવક નીચે મુજબ છે.

| અ.નં. | અરવલ્લી જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|---|
| | તાલુકો | રોયલ્ટીની આવક (રૂ. લાખમાં) | તાલુકો | રોયલ્ટીની આવક (રૂ. લાખમાં) |
| ૧ | મોડાસા | ૨૨૬.૨૪ | હિંમતનગર | ૧૮૮૦.૯૧ |
| ૨ | ભિલોડા | ૩૮૧.૫૭ | ઇડર | ૯૫૮.૮૨ |
| ૩ | બાયડ | ૩૩૯૧.૨૩ | ખેડબ્રહ્મા | ૧૫૨.૨૭ |
| ૪ | ધનસુરા | ૭૬૪૮.૪૬ | પ્રાંતિજ | ૫૪૪.૬૧ |
| ૫ | મેઘરજ | શૂન્ય | તલોદ | ૩૫૬૫.૩૭ |
| ૬ | માલપુર | શૂન્ય | વડાલી | ૧૮૮.૬૨ |
| ૭ | – | – | વિજયનગર | ૦.૦૫ |
| **કુલ** | | **૧૧૬૪૭.૫૦** | | **૭૨૯૦.૬૫** |

નોંધઃ રોયલ્ટી લીઝ વિસ્તારમાંથી ખનીજ નિકાસ થતી વખતે વસૂલ કરવામાં આવે છે. સ્ટૉરેજમાં જમા થયા બાદ નિકાસ કરતી વખતે પુનઃ વસૂલવાને પાત્ર રહેતી નથી અને ડીલીવરી ચલણના આધારે નિકાસ કરવામાં આવે છે.

---------

## અમરેલી જિલ્લામાં પકડવાના બાકી આરોપીઓ

૩૯૬૧૭ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : ૧૪મી ગુજરાત વિધાનસભા છઠ્ઠા સત્રમાં તા.૧૧–૦૩–૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૨૭૩૦૨ (અગ્રતા ૧૮૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ખૂન, લૂંટ, ચોરી, ધાડ, અપહરણ તથા બળાત્કારના ગુનામાં વર્ષવાર ૭ તથા ૪૬ ઇસમો પકડવાના બાકી હતા તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત પૈકી વર્ષવાર કેટલા ઇસમોને પકડવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રહેલ તમામ આરોપીઓને પકડવા શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| તા. ૩૧–૦૧–૨૦૨૦ની સ્થિતિએ વર્ષવાર | તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પકડવાના બાકી ઇસમો |
|---|---|
| તા. ૦૧–૦૨–૨૦૧૮ થી તા. ૩૧–૦૧–૨૦૧૯ | ૦૪ |
| તા. ૦૧–૦૨–૨૦૧૯ થી તા. ૩૧–૦૧–૨૦૨૦ | ૧૯ |

(૩) પકડવાના બાકી કુલ–૨૩ આરોપીઓ પૈકી કુલ–૦૯ આરોપીઓ ના કિસ્સામાં હાઇકોર્ટે સ્ટે આપેલ છે. બાકીના તમામ આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ – ૭૦ મુજબનું વોરંટ મેળવી સી.આર.પી.સી. ૮૨ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

## નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન અંતર્ગત મળેલ રકમ

૩૯૪૦૨ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

**જવાબ**

(૧) નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ફાળવણી કરવામાં આવી.

રકમ રૂ. કરોડમાં

| મનપાનું નામ | તારીખ | ફાળવેલ રકમ |
|---|---|---|
| અમદાવાદ | તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા. ૩૧–૧૨–૨૦૧૯ | ૮૮.૬૨ |

| | | |
|---|---|---|
| | તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૫૮.૨૭ |
| | કુલ | ૧૪૬.૮૯ |
| સુરત | તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | ૧૩.૦૦ |
| | તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૨૭.૨૬ |
| | **કુલ** | **૪૦.૨૬** |

(૨) તે પૈકી કેટલી રકમનો ક્યા હેતુસર ખર્ચ થયો, અને

(૨) તે પૈકી નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| મનપા. | રકમ રૂ. કરોડમાં | હેતુ |
|---|---|---|
| અમદાવાદ | ૧૫૪.૬૧ | NRCP અંતર્ગત સાબરમતી નદીના શુદ્ધિકરણ યોજના ફેઝ - ૨ માટે |
| સુરત | ૩૧.૨૬ | પોલ્યુશન અબેટમેન્ટ એન્ડ કન્ઝર્વેશન ઓફ રીવર (તાપી શુદ્ધિકરણ) પ્રોજેક્ટ હેતુસર |

(૩)કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

(૩) રૂ. ૯ કરોડ વહીવટી કારણોસર વણવપરાયેલ રહી.

---------

## પાર-તાપી નર્મદા લીંકમાંથી દરિયામાં વહી જતુ પાણી

૩૯૩૬૬ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : ચૌદમી ગુજરાત વિધાનસભા બીજા સત્રમાં તા.૧૯-૦૯-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૧૦૫૨ (અગ્રતા ૧૧૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાર-તાપી લીંક યોજનાનો યોજનાકીય અહેવાલ ગુજરાત સરકાર, મહારાષ્ટ્ર સરકાર તથા કેન્દ્ર સરકાર સાથે વિચારણા હેઠળ હતો તે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે સદર બાબતે વિચારણા હાથ ધરવામાં આવી,

(૨) તે અન્વયે ક્યારે ઉક્ત કઇ સરકાર તરફથી શા પ્રતિભાવ મળ્યા, અને

(૩) ઉક્ત યોજનાને ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧),(૨) અને (૩) પાર-તાપી લીંક યોજના ગુજરાત રાજ્ય માટે અને દમણગંગા-પીંજલ લિંક યોજના મહારાષ્ટ્ર રાજ્ય માટે- તેમ બે અલગ-અલગ આંતરરાજ્ય નદીઓના જોડાણ માટેની યોજનાઓ છે.

આ બંને લિંક યોજનાઓની કામગીરી ગુજરાત સરકાર, મહારાષ્ટ્ર સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા સંયુક્ત રીતે આગળ ધપાવવાની રહે છે - જે અન્વયે બન્ને રાજ્યો વચ્ચે પાણી વહેંચણીના અભ્યાસો ઉપર પરામર્શ થયેલ.

પાણી વહેંચણીના અભ્યાસોનું આખરીકરણ થયા બાદ બન્ને રાજ્યોની સંમતિથી યોજના કાર્યરત કરવા માટે આયોજન આખરીકરણ થયા પછી અમલવારી કરવામાં આવશે.

---------

## માણસા શહેર અને ગ્રામ્યનું અલગ પોલીસ સ્ટેશન બનાવવા બાબત

૩૯૩૧૨ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં માણસા શહેર અને ગ્રામ્ય માટે અલગ પોલીસ સ્ટેશન નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો માણસા શહેર અને ગ્રામ્યનું અલગ પોલીસ સ્ટેશન બનાવવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં આ બંને પોલીસ સ્ટેશન અલગ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા.

(૨) ના.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## તાપી નદીના શુદ્ધિકરણ અંતર્ગત થયેલ ખર્ચ

૩૯૪૧૭ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત શહેરમાંથી પસાર થતી તાપી નદીના શુધ્ધિકરણ માટે કુલ કેટલી રકમનો ક્યા હેતુસર ખર્ચ કરવામાં આવ્યો?

(૧) સુરત શહેરમાંથી પસાર થતી તાપી નદીના શુધ્ધિકરણ માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| તારીખ | ખર્ચ (રૂ.કરોડમાં) | હેતુ |
|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | શૂન્ય | સુરત મહાનગરપાલિકા તથા સુડા વિસ્તારમાં NRCP યોજના હેઠળ પોલ્યુશન અબેટમેન્ટ એન્ડ કન્ઝર્વેશન ઓફ રીવર તાપી (તાપી શુધ્ધિકરણ) પ્રોજેક્ટ હેતુસર |
| તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૩૧.૨૬ | |

---------

## અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં એફએસઆરયુ પ્રોજેક્ટ

૩૯૩૭૨ **શ્રી અંબરીશભાઈ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ અને ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ખાતે એફએસઆરયુ પ્રોજેક્ટની કામગીરી ક્યારે કોને આપવામાં આવેલ છે,

(૧) અમરેલી જિલ્લાના જાફરાબાદ ખાતે મે.સ્વાન એલ.એન.જી.પ્રા.લી. ને તા.૮-૧૨-૨૦૧૬ ના રોજ એફએસઆરયુ સાથેના એલએનજી ટર્મિનલ પ્રોજેક્ટના બાંધકામની પરવાનગી આપેલ છે. જ્યારે છારા ખાતે એફએસઆરયુ પ્રોજેક્ટની કોઇ દરખાસ્ત નથી.

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની હતી,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જાફરાબાદ ખાતેનાં પ્રોજેક્ટનું બાંધકામ ૮ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી પૂર્ણ કરવાનું હતું.

(૩) સમયસર કામગીરી પૂર્ણ ન થઇ હોઇ તો સમયમર્યાદામાં કેટલો વધારો કરવામાં આવ્યો,

(૩) બાંધકામ પૂર્ણ કરવાની સમયમર્યાદામાં ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી વધારો કરવામાં આવ્યો,

(૪) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૪) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કામગીરીમાં આશરે ૫૫.૫૦ % પ્રગતિ થયેલ છે.

(૫) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૫) ઉક્ત કામગીરી તા. ૩૧-૦૩-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## રાજ્યમાં શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવાની કામગીરી

૩૯૩૬૩ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત ઇન્ટીગ્રેટેડ મેરીટાઇમ કોમ્પલેક્ષ પ્રા.લિ. ને રાજ્યના દરિયાકિનારે શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવા તા.૧૦-૧૧-૨૦૧૫ ના રોજ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવાની કામગીરી ક્યા તબક્કે છે અને કયાં સુધીમાં પૂર્ણ થશે ?

(૨) ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ઇરાદાપત્રની શરતો પૂર્ણ કરવામાં કંપની નિષ્ફળ જતાં તા.૦૫-૧૦-૨૦૧૯ના રોજ ઇરાદાપત્ર રદ કરવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદે ચાલી રહેલ મીટ શોપ બાબત

૩૯૬૧૩ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ કુલ ૪૫ ગેરકાયદે મીટશોપ/ફીશશોપ ચાલે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી મીટશોપ/ફીશશોપ ક્યા શહેરમાં ચાલુ છે, અને

(૨) ડીસા નગરપાલિકામાં ૨૫ અને ઇડર નગરપાલિકામાં ૨૦ મીટશોપ ચાલુ છે.

(૩) ઉક્ત મીટશોપ/ફીશશોપને ક્યાં સુધી બંધ કરવામાં આવનાર છે?

(૩) સત્વરે.

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં વાહનોની ચોરી**

૩૯૩૪૨ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા દ્વિચક્રી, ત્રિચક્રી, ચતુષ્યક્રી અને ભારે માલવાહક વાહનોની ચોરીના કેટલા કિસ્સા બન્યા, | (૧) પત્રક–૧ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કિસ્સાઓ ઉકેલી ક્યા પ્રકારના કેટલા વાહનો વાહનમાલિકને પરત કરવામાં આવ્યા, અને | (૨) પત્રક–૨ |
| (૩) ઉક્ત જિલ્લાવાર કેટલા વાહનચોરોને પકડવામાં આવ્યા અને કેટલા કિસ્સામાં વાહનો શોધવાના બાકી છે ? | (૩) પત્રક–૩ |

**પત્રક–૧**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્યચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા | વાહનોની સંખ્યા | ચોરીના કિસ્સાની સંખ્યા |
| રાજકોટ ગ્રામ્ય | ૧૫૧ | ૧૫૧ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૬ | ૦૬ |
| રાજકોટ શહેર | ૪૬૮ | ૪૬૮ | ૧૨ | ૧૨ | ૦૯ | ૦૯ | ૦૧ | ૦૧ |
| પોરબંદર | ૩૭ | ૩૭ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |

**પત્રક–૨**

| જિલ્લા | દ્વિચક્રી વાહન | | ત્રિચક્રી વાહન | | ચતુષ્યચક્રી વાહન | | ભારે માલવાહક વાહન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા | ઉકેલવામાં આવેલ કિસ્સા | વાહન માલિકને પરત કરેલ વાહનની સંખ્યા |
| રાજકોટ ગ્રામ્ય | ૮૧ | ૭૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ |
| રાજકોટ શહેર | ૨૫૮ | ૨૩૦ | ૦૯ | ૦૮ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ |
| પોરબંદર | ૨૪ | ૨૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |

**પત્રક–૩**

| જિલ્લા | પકડાયેલ વાહન ચોર | વાહન શોધવાના બાકી કિસ્સા |
|---|---|---|
| રાજકોટ ગ્રામ્ય | ૧૪૦ | ૫૫ |
| રાજકોટ શહેર | ૩૯૭ | ૨૧૩ |
| પોરબંદર | ૩૭ | ૧૦ |

---------

**બોપલ એરીયાને અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં સમાવવા બાબત**

૩૯૩૩૦ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી અંગે)

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદના બોપલના એરીયાને અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં સમાવવાના હુકમો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ બોપલના કેટલા એરીયાને ક્યારે મહાનગરપાલિકામાં સમાવવાના હુકમો થયેલ છે, | (૨) બોપલ–ઘુમાં નગરપાલિકા એરીયાને તા.૧૮–૦૬–૨૦૨૦ના જાહેરનામાંથી અમદાવાદ મહાનગરપાલિકામાં સમાવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ મહાનગરપાલિકાની હદમાં સમાવેલ બોપલ એરીયાનો વહીવટ અને કબ્જો કોની પાસે છે, અને | (૩) અમદાવાદ મહાનગરપાલિકા પાસે છે. |
| (૪) ઉકત સ્થિતિએ મહાનગરપાલિકા હસ્તક વહીવટ અને કબ્જો ક્યાં સુધીમાં સોંપવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)**

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની એમ.બી.બી.એસ. પરીક્ષાના પુનઃમૂલ્યાંકનમાં થયેલ ગેરરીતિ અંગે**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ):માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય શિક્ષણમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મેડીકલના પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ છાત્રોને રિએસેસમેન્ટમાં ઉત્તરવહીઓ બદલી પાસ કરવામાં આવેલ હોવાથી મહેનતુ વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયેલ છે તેમજ ભવિષ્યમાં આવા નબળા વિદ્યાર્થીઓ દ્વારા પૂરી પાડવામાં આવનાર દાક્તરી સેવા સામે લોકોમાં પણ નારાજગી પ્રવર્તી રહી છે, ત્યારે આ યુનિવર્સિટીમાં ઉત્તરવહીઓ બદલી નાપાસ વિદ્યાર્થીઓને પાસ કરાવનાર જવાબદારો સામે અને મહેનતુ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે સરકારે લીધેલા કે લેવા ધારેલ પગલાં.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની પરીક્ષામાં ગુણ સુધારણા કૌભાંડ બાબતની માનનીય ધારાસભ્યશ્રી કીરીટભાઇ પટેલની રજૂઆત માનનીય મંત્રીશ્રીને મળેલ હતી. જે અન્વયે જરૂરી તપાસ કરી અહેવાલ મોકલી આપવા કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને જણાવવામાં આવેલ.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સને ૨૦૧૮માં લેવાયેલ એમ.બી.બી.એસ.ની પરીક્ષાઓના પુનઃ મૂલ્યાંકનની કામગીરીમાં કહેવાતી ગેરરીતિ બાબતની રજૂઆત સંદર્ભે યુનિવર્સિટીની કારોબારી સમિતિની તારીખ ૦૯–૧૧–૨૦૨૦ની સભાના ઠરાવ નંબર–૩૭થી કારોબારી સમિતિ દ્વારા આ વિષય પરત્વે હકીકતોની ચકાસણી કરવા સારું કારોબારી સમિતિ પર નિમાયેલ સરકારશ્રીના પ્રતિનિધિ શ્રી હરેશભાઇ એચ. ચૌધરી, પાલનપુર અને સંલગ્ન કોલેજ, શ્રી વી.આર. પટેલ કોમર્સ કોલેજ, મહેસાણાના પ્રિન્સિપાલ ડો. જે. કે. પટેલની એક સંયુક્ત સમિતિ નીમવામાં આવેલ હતી.

સદર તપાસ સમિતિનો અહેવાલ કારોબારી સમિતિની તારીખ ૨૪–૩–૨૦૨૧ના રોજ મળેલ સભામાં બાબત નંબર–૮૯થી સભાના પ્રમુખશ્રી (વાઇસ ચાન્સેલર)ની પરવાનગીથી રજૂ કરવામાં આવેલ હતો. કારોબારી સમિતિએ સદર અહેવાલ વંચાણે લીધેલ હતો. વિષય સંબંધિત રેકર્ડ મંગાવી કારોબારી સમિતિ દ્વારા રેકર્ડની પ્રાથમિક ચકાસણી કરવામાં આવેલ હતી પણ મિટિંગની કામગીરી લાંબો સમય ચાલતા સાંજે મોડું થઇ જતાં સભા મુલતવી રાખવામાં આવેલ હતી અને વધુ ચકાસણી જરૂરી હોઇ, ઉત્તરવહીઓ સાથેનું તમામ રેકર્ડ અધિકારીશ્રીઓ અને કારોબારી સમિતિના સભ્યશ્રીઓની હાજરીમાં સીલ કરી કુલસચિવશ્રીના કાર્યાલયમાં મૂકીને સીલ કરવામાં આવેલ હતું.

આ અહેવાલમાં પ્રાથમિક રીતે માર્ચ–જૂન, ૨૦૧૮ની પરીક્ષામાં ૧૦ વિદ્યાર્થીઓ પૈકી ૩ વિદ્યાર્થીઓના પુનઃ મૂલ્યાંકનમાં વિસંગતતા જોવા મળેલ છે. જેથી આ અંગે વધુ ચકાસણી કરવી જરૂરી છે તથા જરૂર જણાય અને ગેરરીતિ સાબિત થાય તો સંબંધિત કર્મચારી/અધિકારીઓની જવાબદારી નક્કી કરવાની થાય, તે જોતાં ઉચ્ચ કક્ષાએથી વધુ વિગતવાર તપાસ કરવાની જરૂરિયાત જણાય છે તેવો અભિપ્રાય હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ છે તેથી શ્રી પંકજકુમાર(આઇ.એ.એસ.), અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગને વિગતવાર તપાસ કરી આ બાબતનો અહેવાલ સરકારશ્રીને રજૂ કરવા આદેશ આપવામાં આવેલ છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી અંગે)

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો હું આ ગૃહના આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો અને શિક્ષણમંત્રીશ્રીનો આભાર માનીશ, એટલા માટે કે અગાઉ અમારી જ યુનિવર્સિટીની અંદર જે કુલપતિ હતા એમના વિરુદ્ધમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયેલા હતા અને લોકાયુક્તે પણ એમને કસૂરવાર ઠેરવ્યા હતા અને એમની ફરિયાદને લીધે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તાત્કાલિક નિર્ણય લઇ એમને દૂર કર્યા હતા એ બદલ શિક્ષણ વિભાગ અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને  અભિનંદન પાઠવું છું. મારી મુખ્યમંત્રીશ્રીને અને શિક્ષણમંત્રીશ્રીને વિનંતી છે કે, એમ.બી.બી.એસ.ની પરીક્ષાની અંદર આવી ગેરરીતિ થાય અને સપ્લીમેન્ટરી બદલી દેવામાં આવે એની તપાસ થાય, તપાસ કરનાર બન્ને યુનિવર્સિટીના જવાબદાર અધિકારીઓ છે એક શ્રી હરેશભાઇ ચૌધરી અને બીજા શ્રી જે.કે. પટેલ એ બન્નેને પણ હું અભિનંદન આપું છું. એમાંથી શ્રી હરેશભાઇ તો સરકારના નિયુક્ત કરેલા પ્રતિનિધિ છે એમણે સાચી તપાસ કરી, પરંતુ માનનીય મંત્રીશ્રીને હું જણાવવા માગું છું અને વિનંતી કરું છું કે ભવિષ્યમાં આવું ન થાય અને તમામ યુનિવર્સિટીઓની અંદર દાખલો બેસે કે આવી રીતે એમ.બી.બી.એસ. કે કોઇપણ પરીક્ષાની અંદર ચોરી ન થાય અને કુલપતિ હોય કે બીજા જે કોઇપણ જવાબદારો હોય એમની સામે કડક કાર્યવાહી કરવા માગો છો કે કેમ? હાલ જ્યાં સુધી આપે તપાસ નીમી છે અગાઉ શ્રી નાગરાજન સાહેબની તપાસ હતી, શ્રી નાગરાજન સાહેબને બહાર જવાનું હોવાથી એમની જગ્યાએ એ.સી.એસ. હોમ, શ્રી પંકજકુમારને તપાસ નીમી છે પણ આ તપાસ ઝડપથી પૂરી થાય અને જવાબદારો સામે કાર્યવાહી થાય અને જ્યાં સુધી તપાસ ચાલે ત્યાં સુધી કુલપતિશ્રીને રજા ઉપર ઉતારવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, એમણે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મારો આભાર માન્યો એટલા માટે હું પણ એમનો આભાર માનું છું. એ પગલાં લીધા એ રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા બતાવે છે. શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર કોઇપણ ક્ષેત્રમાં ક્યાંય પણ ખોટું ચલાવવા માગતી જ નથી અને એટલા જ માટે આ વાત ધ્યાનમાં આવી અને તરત જ લોકલ સીન્ડીકેટ સભ્ય અને બીજા એક અધ્યાપકની નિમણૂક કરવામાં આવી. એમણે તપાસ કરી અને પછી જે રિપોર્ટ આવ્યો અને એમાં લાગ્યું કે કંઇક ગેરરીતિ છે તાત્કાલિક વધારે તપાસની જરૂર જણાઇ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે તાત્કાલિક ધોરણે એટલે આજે અઠવાડિયા પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર શ્રી નાગરાજન અમારા ઉચ્ચ શિક્ષણ નિયામકની નિમણૂકની મેં જાહેરાત કરી, પછીથી એમને વેસ્ટ બેંગાલ ઇલેક્શન ડ્યૂટીમાં જવાનું થયું,  અમારી પ્રતિબદ્ધતા ફરીવાર એટલા માટે દોહરાવું છું કે વી કુડ હેવ વેઇટ, વી ડીડન્ટ, અમે કદાચ રાહ જોઇ હોત, કે ભાઇ ચાલો એ આવી જશે દસ દિવસ, પંદર દિવસમાં, પણ ના અમારે એવા દસ પંદર દિવસ પસાર થવા નહોતા દેવા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગઇકાલે જ મને ચાલુ ગૃહમાં બોલાવીને કહ્યું કે આજેને આજે જ આપણે સિનિયર અધિકારીની નિમણૂક કરવી છે. એ.સી.એસ. હોમની નિમણૂક કરી છે  વહેલામાં વહેલી તકે અમે કોઇ પણ વિગત છૂપાવવા માગતા નથી, કોઇ પણ વ્યકિતને છાવરવા માગતા નથી, શિક્ષણમાં કંઇ પણ પ્રકારની ગેરરીતિ થાય એ ચલાવી ન જ લેવાય. આ એક પવિત્ર કામ છે અને એ પવિત્ર કામમાં તમે અમારા ઉપર મૂકેલો વિશ્વાસ હું ગૃહને વિશ્વાસ આપું છું કે આ કેસમાં અમારા સિનિયર અધિકારી એ વહેલામાં વહેલી તકે આની તપાસ કરશે અને જે કંઇ તપાસમાં બહાર આવશે તે પછી પણ હું ફરી રીપીટ કરું છું કે અમે કોઇને પણ છાવરીશું નહીં.

અધ્યક્ષશ્રી : ૧૧૬ની નોટિસ હોવાથી વધુ માહિતી મેળવવાના હેતુસર એકાદ પ્રશ્ન પૂછી શકાય, એટલે જો ચર્ચા કરશો તો મારે આપને અટકાવવા પડશે પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં ગેરરીતિથી મેડિકલ શિક્ષણમાં એમ.બી.બી.એસ.માં ગેરરીતિથી માર્કસ સુધારવાનું કૌભાંડ તાજેતરમાં સામે આવ્યું છે. મારા જાણવા મુજબ વર્ષોથી આ કૌભાંડ ચાલતું હતું પણ તાજેતરમાં સરકારના ધ્યાને આવ્યું છે અને ટૂંકી મુદતના પ્રશ્નને સરકારે સ્વીકાર્યો તે માટે આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી મારે માત્ર એટલું જાણવું છે કે, આ નકલી ડોકટરોથી માણસ મારવાનું કારખાનું કોણે ચાલુ કર્યું હતું? કેટલા સમયથી ચાલતું હતું ? કેટલા નકલી ડોકટરો પેદા કર્યા ? કોની મીઠી નજર તળે ચાલતું હતું અને જે જવાબદાર લોકો છે તેની સામે સરકાર કેવા કડક પગલાં ભરવા માગે છે ?

અધ્યક્ષશ્રી : નેકસ્ટ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ મારો પગલાં ભરવાનો છે.

અધ્યક્ષશ્રી : તમે તો નકલી ડોકટર અને કંઇક વાતો કરી (અંતરાય) આવી વાત ના હોય, મેં તમને પહેલાં જ કહ્યું કે સીધો પ્રશ્ન પૂછો. (અંતરાય) કેટલા નકલી ડોકટરો પેદા કર્યા અને આ બધા કયાં આમાં આવે?

શ્રી પરેશ ધાનાણી : (બેઠાં બેઠાં )  માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ ઉપરની વાત છે.

અધ્યક્ષશ્રી : આ રેકર્ડ ઉપરની વાત નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અમે એટલા માટે તો સિનિયર અધિકારીની નિમણૂક કરી છે, એ બધી જ વિગતો તપાસમાં આવશે અને હું વારંવાર કહું છું અમે કોઇને છાવરવા માગતા નથી અને કોઇ વિગત છૂપાવવા માગતા નથી. તપાસમાં જે કંઇ નીકળશે અને જે કોઇ દોષિત સાબિત થશે તેની વિરુદ્ધમાં અમે પગલાં પણ ભરીશું.

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી અંગે)

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત રાજય કાપડ નિગમ લિમિટેડ તથા તેની ત્રણ સબસિડીયરી કંપનીઓનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય કાપડ નિગમ લિમિટેડ તથા તેની ત્રણ સબસિડીયરી કંપનીઓ (૧) ગુજરાત ટેક્ષફેબ પ્રા.લિમિટેડ (ર) ગુજરાત ફાઇનટેક્ષ પ્રા.લિમિટેડ અને (૩) ગુજરાત સીલ્ટેક્ષ પ્રા.લિમિટેડના અનુક્રમે સન ૨૦૧૨–૧૩ થી ૨૦૧૮–૧૯ તથા સન ૨૦૧૨–૧૩ થી તા.૧૨–૧૨–૨૦૧૮ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના વાર્ષિક અહેવાલ

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૦૮–૦૯ થી ૨૦૧૬–૧૭ના વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૬–૧૭નો ઓડિટ અહેવાલ**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૬–૧૭નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, નિવેદન તથા વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય ત્રીજા નાણા પંચનો અહેવાલ તથા પૂરક અહેવાલ**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ત્રીજા નાણા પંચનો અહેવાલ તથા પૂરક અહેવાલ અને તેમાં કરાયેલ ભલામણો પરત્વે રાજય સરકારે લીધેલ/લેવા ધારેલ નિર્ણય/પગલાંઓ અંગેનો અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, પૂરક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના અંદાજો**

શ્રી આર.સી.ફળદુ (વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૦–૨૧ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૧–૨૨ના અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો અને અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું જાહેરનામું**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા. ૧૦–૩–૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:–જીએચયુ–૨૦૨૧–(૨૧)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સરકારી વિધેયકો (ક્રમશઃ)**

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩**

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૧

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (**શિક્ષણ મંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રીઃ વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

* વિધેયક તારીખ ૨૪મી માર્ચ, ૨૦૨૧ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ચૈત્ર ૧૦, ૧૯૪૩ શાકે

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક–૨૦૨૧

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૩– સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૬૦ પછી લગભગ વર્ષ ૨૦૦૧ સુધી રાજયમાં આઠ–નવ યુનિવર્સિટીઓ હતી. પછીથી ધીમે–ધીમે જે તે વખતે રાજ્યના દીર્ઘદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનો બાળક એ વિશ્વ કક્ષાએ પહોંચે, એમની ભાષામાં કહું તો ગુજરાતનો બાળક વિશ્વના બાળક સાથે આંખમાં આંખ મિલાવીને વાત કરી શકે એવો સક્ષમ બનાવવા માટે ઉચ્ચ શિક્ષણની પણ વ્યવસ્થા કરી. પ્રાથમિક શિક્ષણ પ્રવેશ મહોત્સવથી માંડીને યુનિવર્સિટી સુધીનું શિક્ષણ સુદ્રઢ રીતે કેવી રીતે મળી શકે એની પૂરી વ્યવસ્થા પાયો પણ મજબૂત અને કળશ પણ ચમકે એ પ્રકારની શિક્ષણની ઈમારત ઊભી કરવા માટે એમણે જે પ્રયાસો કર્યા એ આખા વિશ્વ અને આખા દેશમાં આપણે જોઈએ છીએ કે, શિક્ષણની અલગ–અલગ ફેકલ્ટી માટેની યુનિવર્સિટીઓ આપણે જોઈ છે પણ કોઈ વિષયને અનુરૂપ કોઈ યુનિવર્સિટી બને તો એ માત્ર ગુજરાતમાં જ શરૂઆત થઈ. દા.ત., ચિલ્ડ્રન યુનિવર્સિટી. કોઈને માન્યામાં પણ ન આવે એ પ્રકારનું કામ અત્યારે ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં થઈ રહ્યું છે. વેદથી માંડીને આપણા ધર્મ શાસ્ત્રો એ બધાંને ધ્યાનમાં રાખીને બાળક જન્મતાં પહેલાં માતા–પિતાની અપેક્ષા મુજબનું બાળક જન્મે એ માટેના પ્રયાસો સો–બસો વર્ષ પહેલાં શક્ય હતાં. આજે ફરીવાર આપણે એ દિશામાં આગળ વધી રહ્યાં છીએ. કોઈને સહજ પણ શંકા લાગે તો એકાદ વખત ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં આવીને જુએ કે, ત્યાંના અભ્યાસક્રમો કેવા છે? કેવી રીતે સગર્ભા બહેનોને તાલીમ આપવામાં આવે છે? આ આખી વાતને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં મૂકી છે. ટીચર્સ યુનિવર્સિટી, મને એન્જિનિયરમાં ન મળ્યું એટલે બી.એડ. કરી નાખ્યું, મેડિકલમાં ન મળ્યું એટલે બી.એડ. કરી નાખ્યું. ના, એવી રીતે નહિ. હું શિક્ષક થવા માટે જ જન્મ્યો છું અને મારે શિક્ષક જ થવું છે એટલે એને તક આપવા માટે ટીચર્સ યુનિવર્સિટી. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત પણ યોગા યુનિવર્સિટી, ફોરેન્સિક યુનિવર્સિટી, રક્ષા શકિત યુનિવર્સિટી, કોઇએ નામ પણ સાંભળ્યા ન હોય અને નામ સાંભળ્યું હોય તો એમાં શું હશે? પણ જોત જોતામાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી વિશ્વમાં અને અત્યાર સુધી આપણી કહેવાતી હતી હવે સેન્ટ્રલની કહેવાય છે, IITRAM આ બધી જ યુનિવર્સિટીઓ એની સાથે સાથે ખાનગી યુનિવર્સિટીને પણ જે સ્ક્રૂટીની કમિટીના તમામ નોર્મસ, ક્રાઈટેરીયા પૂર્ણ કરે તો એમને પણ માન્યતા આપવાની પરવાનગી, યોગની ખાનગી યુનિવર્સિટી છે, આજકાલ બાબા રામદેવ, બાકી બધા ઋષિમુનીઓએ જે રીતે યોગને વિકસાવેલ છે, હવે કેટલાક લોકો સામાન્ય નામ હોય અને પછી યોગ કરાવે અને પછી પૈસા પડાવે, શ્રી નરેન્દ્રભાઈના મનમાં એવું હતું કે, એકસપર્ટ લોકો સમાજની સામે જાય અને શીખવાડે તો એનું પરિણામ મળે, એટલા માટે આજે દેશ–વિદેશથી આ યોગા યુનિવર્સિટીમાં લોકો ભણવા આવે છે. એ ખાનગી યુનિવર્સિટી જ છે, આવી ખાનગી યુનિવર્સિટી જેને સેકટોરીયલ કહી શકાય, એવી યુનિવર્સિટીઓની સાથે સાથે દરમિયાનમાં આ દેશ આઝાદ થયા પછી વર્ષ ૧૯૬૮માં પહેલીવાર નવી શિક્ષણ નીતિ બની, પછી વર્ષ ૧૯૮૬માં બની. એ કંઈ દર વર્ષે બનતી નથી. વર્ષ ૧૯૮૬ પછી ૩૪ વર્ષે જયારે વર્ષ–૨૦૨૦ જુલાઈમાં બની, એમાં વૈશ્વિક ધોરણે ભારતનું સ્થાન, ભારતના વિદ્યાર્થીનું સ્થાન એને લક્ષ્યમાં રાખીને જે જે વાત કરવામાં આવી છે, નવા સમયને અનુરૂપ વિજ્ઞાન, કલા, સામાજિક શાસ્ત્રો એ સર્વનું સમગ્રલક્ષી જ્ઞાન પ્રાપ્ત કરી શકે, તેવા સક્ષમ વિદ્યાર્થીના નિર્માણ માટે ગુણવત્તાસભર યુનિવર્સિટીઝ અને કોલેજ, નવી શિક્ષણ નીતિમાં ત્યાં સુધી કહેવામાં આવ્યું છે. દરેક જિલ્લામાં મલ્ટીડીસીપ્લેનરી કોલેજીસ પણ હોવી જોઈએ. ઉચ્ચતર સંશોધનને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાઓનું કામ ઉત્તમ પ્રકારનું અને નેતૃત્વ ઉત્તમ પ્રકારનું હોય એના માટેની પણ વ્યવસ્થા, એક સરવે કે ૧૨માં ધોરણ પછી કોલેજ જનારની સંખ્યા કેટલી? વિકસીત દેશોમાં વધારે હશે, આપણે ત્યાં પ્રમાણ ઓછું છે. નવી શિક્ષણ નીતિની અંદર આનું એક લક્ષ્ય રાખવામાં આવ્યું છે કે ૧૨મું ધોરણ ભણ્યા પછી વિદ્યાર્થી કોલેજમાં જાય એને જી.ઈ.આર. કહે છે, ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો અને એને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા પહોંચે, અત્યારે ૨૨.૫ આપણો જી.ઈ.આર. છે, એ જી.ઈ.આર. ૨૨.૫ માંથી ૫૦ ટકા પહોંચે તો, એકલી સરકારી યુનિવર્સિટી આ કામમાં પહોંચી ન વળે, એમાં કોઈની પૂરક મદદ જોઈએ જ છે અને એ ખાનગી યુનિવર્સિટી હોય તો સામૂહિક રીતે અને આમ પણ વધતી જતી વસતી, દરેક સ્તરના સમાજમાં લોકો એને વિકલ્પ આ બધા માટે પણ સરકારી અને ખાનગી, સરકારી યુનિવર્સિટી ખાનગી યુનિવર્સિટીથી સહેજ પણ કમ નથી પણ આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આજે શ્રી નરેન્દ્રભાઈના પ્રયત્નથી આપણે વિશ્વગુરૂ મહાસત્તા જે સપના લાગતા હતા, અશક્ય લાગતું હતું આજે મહાસત્તા તરફ તો આપણે પહોંચવા આવ્યા છીએ અને વર્લ્ડના લોકો કહે છે કે આવતા થોડા વર્ષની અંદર હિન્દુસ્તાન મહાસત્તા બનવાનું છે. તો મહાસત્તા બનવા માટેનો પાયો છે ને એ શિક્ષણ છે અને એમાં પણ ઉચ્ચ શિક્ષણ છે અને એને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૩૫ સુધીમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજીસને ડિગ્રી આપી, સ્વાયત્ત કોલેજને યુનિવર્સિટી તરીકે તબદીલ કરી આ પણ એક આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ ગુણવત્તાવાળા સમાન શિક્ષણ માટે જાહેર ઉત્સાહપૂર્ણ, પ્રતિભાબદ્ધ ખાનગી સંસ્થાઓને પણ પ્રોત્સાહન આપવાની જોગવાઈ નવી ખાનગી યુનિવર્સિટીમાં અને નવી શિક્ષણ નીતિમાં છે. ખૂબ અગત્યની બાબત તરફ હું ગૃહનું ધ્યાન દોરવા માગું છું. માનનીય નરેન્દ્રભાઈ પી.એમ. બન્યાને, પછી એમણે ચાર, પાંચ, છ વાક્યો આપ્યા, શબ્દો આપ્યા. સ્ટાર્ટ–અપ, સ્ટેન્ડ–અપ, ડિઝિટલ ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયા, ન્યુ ઈન્ડિયા, આઈ કેન, વી કેન. એ

વખતે લાગતું હતું કોઇ મત લેવા માટે છે. એક પણ સૂત્ર મત લેવા માટે નહીં, એની પાછળનો વિચાર એમના એક સાથી તરીકે મને લાગ્યું કે સ્ટાર્ટપ અને અહીંયાં મારી જવાબદારી છે વર્ષ ૨૦૧૫–૧૬ થી આજ સુધી સ્ટાર્ટ–અપ એટલે ઇનોવેશન રિસર્ચ અને આજકાલ નવી પેઢીમાં ખૂબ રિસર્ચ, ઇનોવેશનની કુશાગ્ર બુદ્ધિ પડી છે, કુશાગ્ર બુદ્ધિ. અને એ કામ નવી પેઢીને સાથે રાખીને કર્યું મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે સ્ટાર્ટ–અપના કામમાં વર્ષ ૨૦૧૮–૧૯ અને વર્ષ ૨૦૧૯–૨૦માં ગુજરાત આખા દેશમાં બેસ્ટ પરર્ફોમિંગ સ્ટેટ તરીકે અમને એવોર્ડ મળ્યો છે. એમાં ખાનગી અને સરકારી યુનિવર્સિટીઓ પણ છે. એમાં ગુજરાત યુનિવર્સિટી પહેલી વાર આખા દેશમાં પચાસમાં એનો નંબર આવ્યો છે.

અમે હેકાથન કરીએ છીએ. આ સ્ટાર્ટ–અપમાં મેં ચર્ચા વખતે કહ્યું હતું. ફરી આજ ઉલ્લેખ કરું છું. વી સ્ટાર્ટેડ વી–સ્ટાર્ટ–અપ. મહિલા સ્ટાર્ટ–અપ. કારણ કે બહેનોમાં પણ એક પ્રકારની ક્રિએટીવીટી છે. એને પણ અમે પ્રોત્સાહન આપ્યું છે. અત્યારની યુનિવર્સિટીઓમાં ૩૦ યુનિવર્સિટીઓમાં અમે ઝુંબેશના રૂપમાં ઇનોવેશન હબની સ્થાપના કરી છે, આગામી દિવસોમાં અમે બધી જ યુનિવર્સિટીઓમાં આ આઇ.હબની સ્થાપના કરી રહ્યા છીએ. કવોલિટી પણ જળવાય એનું પણ પૂરેપૂરું ધ્યાન રહે એના માટે મારા પ્રયત્નો છે એના અનુસંધાનમાં જે જે યુનિવર્સિટીના સ્પોન્સર્સ બોડીએ અમારી પાસે રજૂઆત કરી અમે અમારી સ્ક્રુટિની કમિટીને મોકલી, સ્ક્રુટિની કમિટીએ સ્થળ તપાસ કરી અને નક્કી કરેલા તમામ નોર્મ્સ પરિપૂર્ણ કર્યા એમાં અમે જે યુનિવર્સિટીને માન્યતા આપીને એનો જે સુધારો લઇને આવ્યો છું. એમાંની પહેલી યુનિવર્સિટી છે સાર્વજનિક યુનિવર્સિટી, સુરત, આપણે ગૌરવ થાય આ સંસ્થા શિક્ષણ ક્ષેત્રે તેનો સો વર્ષનો અનુભવ છે. હવે એ અમારી પાસે આવે તો અમે કઇ રીતે ના પાડી શકીએ. એક સો વર્ષનો જેનો અનુભવ હોય, આવી જ બધી યુનિવર્સિટી સ્પોન્સર્સ બોડી અમારી પાસે આવે છે હું નામ જ વાંચું છું. આ સાર્વજનિક યુનિવર્સિટી એ સુરતની છે. બીજી વનિતા વિશ્રામ વિમેન યુનિવર્સિટી મને એ વાત કહેતાં પણ આનંદ છે કે આખા ગુજરાતમાં દેશની મને માહિતી નથી, આખા ગુજરાતમાં મહિલા યુનિવર્સિટી તરીકે આ પહેલી યુનિવર્સિટી અત્યારે અમે આપી રહ્યા છીએ.

ડો.કિરણ એન્ડ પલ્લવી પટેલ ગ્લોબલ યુનિવર્સિટી, વડોદરા જરૂરી બધી જ એમની પાસે સંસ્થાની કવોલિટી બધા કોર્સિસ એમની ઇચ્છા એવી છે કે અહીંથી વિદ્યાર્થીઓ ફોરેન જાય ફોરેનના વિદ્યાર્થીઓ અહીંયાં આવે અમારી જે સ્ટડી ઇન ગુજરાત વાત છે એમાં પણ બધા લોકોએ ખૂબ સાથ અને સહકાર આપ્યો છે. યુ.પી.એલ યુનિવર્સિટી, ભરૂચમાં છે, વટારીયાની નજીકમાં વર્ષ ૨૦૦૦થી આ અંકલેશ્વર રોટરી એજ્યુકેશન સોસાયટી એ કાર્યરત છે. એની પણ માન્યતા માટે હું લઇને આવ્યો છું. સુરેન્દ્રનગર યુનિવર્સિટી વઢવાણ.

નવી શિક્ષણ નીતિમાં મેં હમણાં ઉલ્લેખ કર્યો, હું વાંચી ગયો, દરેક જિલ્લા દીઠ એક યુનિવર્સિટી થાય તો વિદ્યાર્થીને દૂર ન જવું પડે. સરકારે પણ એવું કર્યું અહીંયાં ગુજરાત યુનિવર્સિટીમાંથી અમે ગોધરા યુનિવર્સિટી કરી, ગુરુ ગોવિંદ યુનિવર્સિટી કરી. રાજકોટમાંથી અમે નરસિંહ મહેતા યુનિવર્સિટી કરી. એટલે જિલ્લા પ્રમાણે. દર્શન યુનિવર્સિટી રાજકોટ એને પણ આજે માન્યતા આપવા માનનીય ગૃહની સમક્ષ આવી રહ્યા છીએ. મોનાર્ક યુનિવર્સિટી અમદાવાદ જિલ્લામાં સૂચિત યુનિવર્સિટી અમદાવાદ અને ગાંધીનગર બન્ને જિલ્લાઓને શિક્ષણ ક્ષેત્રે કડીરૂપ બનવાની છે. આ ઉપરાંત એક નાનકડો સુધારો ગયા વખતે મેં આ યુનિવર્સિટીને મંજૂરી આપેલી એમાં એક ક્ષતિ માત્ર પ્રિન્ટીંગ મિસ્ટિક રહી ગઇ હતી એ પણ સુધારો છે. ખાનગી યુનિવર્સિટી બિલમાં ક્રમાંક–૧૨ (૧)માં શરતચૂકથી અનુક્રમ નંબર –૩ છપાયેલ છે તેના બદલે ૩૩ આટલો એક સુધારો હતો.

હવે આની સાથે સાથે અત્યાર સુધીમાં સ્ટેટ યુનિવર્સિટી –૧૦૦, સેકટોરિયલ–૧૧, પ્રાઇવેટ–૪૫. સેન્ટ્રલની એક, સેન્ટ્રલ ડીમ્ડ યુનિવર્સિટી ૨, સેન્ટ્રલ નેશનલ ઇમ્પોર્ટસ યુનિવર્સિટી –૯ એમ કુલ અત્યાર સુધીમાં ૮૪ યુનિવર્સિટી ગુજરાતમાં છે અને બીજી આજે સાત ઉમેરાશે એટલે કુલ ૯૧ યુનિવર્સિટી થવાની છે.

એની સાથે સાથે નાના નાના સુધારા માત્ર ધ્યાન ઉપર મૂકવા માગું છું. ભારત સરકારના નીતિ આયોગના તા. ૩૦–૭–૨૦૨૦ના પત્રથી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના સંદર્ભે કમ્પ્લાયન્સ બર્ડન ઘટાડવા માટે અને પ્રક્રિયાઓનું સરળીકરણ કરવા માટે જણાવ્યું છે. ઉદ્યોગ અને વાણિજય વિભાગ ભારત સરકાર દ્વારા એના રૂલ્સ નિયમોનો અભ્યાસ કરીને પ્રક્રિયાઓનું સરળીકરણ કરવા માટે જણાવેલ છે. જે અન્વયે ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં પ્રક્રિયાના સરળીકરણ માટે સુધારો કરવામાં આવેલ છે. હાલ કલમ–૩ની પેટા કલમ–૫ મુજબ સ્પોન્સરીંગ બોડીની કોલેજ સંસ્થાનો ખાનગી યુનિવર્સિટીમાં સમાવેશ થઇ શકતો નથી. સૂચિત સુધારો સ્પોન્સરીંગ બોડીની ગ્રાન્ટેડ કોલેજ સંસ્થાનો ખાનગી યુનિવર્સિટીમાં સમાવેશ થઇ શકે તે માટે કલમ–૩ની કલમ–૫માં સુધારો. કલમ–૩ની પેટા કલમ–૭ મુજબ ખાનગી યુનિવર્સિટી રાજય, કેન્દ્ર સરકાર પાસેથી કોઇ ગ્રાન્ટ કે એઇડ કે અન્ય નાણાકીય સહાય મેળવી શકતી નથી એ હાલની જોગવાઇ છે. કલમ–૩ની પેટા કલમ–૭ દૂર કરવામાં આવે છે. કલમ–૪ના પરંતુક મુજબ યુનિવર્સિટી તે જ ક્ષેત્રમાં નિયત વિદ્યાશાખામાં પોતાના શૈક્ષણિક કાર્યો શરૂ કરી શકે તે માટે એને એલ.ઓ.આઇ. આપવામાં આવેલ છે. સુધારો છે સૂચિતમાં પરંતુક સુધારો કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા એલ.ઓ.આઇ.ઇસ્યુ થયા પછી એકટની જોગવાઇઓને આધિન યુનિવર્સિટી નિયત વિદ્યાશાખા ઉપરાંતના પોતાના શૈક્ષણિક કાર્યો કરી શકે તે મુજબનો સુધારો છે. કલમ–૩૪ મુજબ યુનિવર્સિટીએ પોતાના સ્થાપનાના પાંચ વર્ષની અંદર નેક નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રીડિશન કાઉન્સિલનું એક્રીડિશન લેવાનું રહેશે અને આ એક્રીડિશન સમયાંતરે રીન્યુ કરવાનું રહેશે એમાં અમે સુધારો કરીએ છીએ. નીતિ આયોગના માર્ગદર્શન હેઠળ કરીએ છીએ. કલમ–૩૪માં સુધારો કરી પાંચ વર્ષની સમય મર્યાદામાં

દૂર કરવામાં આવેલ છે અને એને રીન્યુ કરાવી શકાશે. કલમ–૩૩ મુજબ યુનિવર્સિટીએ ડીગ્રીઓ આપવા માટે હેતુઓ દર વર્ષે કોનવોકેશન કરવાનો રહે છે એમાં અમે રાહત આપીએ છીએ. કલમ–૧૦માં સુધારો કરવાનો છે. કલમ–૧૦ મુજબ સ્પોન્સરીંગ બોડીએ એલ.ઓ.આઇ. શરતોનું પાલન કરવાની બાંહેધરી આપે ત્યારબાદ ખાનગી યુનિવર્સિટી સ્થાપના માટે વૈધાનિક પ્રક્રિયા ચાલુ કરવામાં આવશે. સૂચિત સુધારો કલમ–૧૦માં ઉમેરવામાં આવે છે કે યુનિવર્સિટી સ્પોન્સરીંગ બોડીથી સ્વતંત્ર રીતે કાર્ય કરશે અને સ્પોન્સરીંગ બોડીને બધી સત્તાઓ યુનિવર્સિટીની ગવર્નીંગ બોડીમાં આપવામાં આવશે. કલમ–૧૪ની પેટા કલમ–૧ મુજબ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટની નિમણૂક ત્રણ વર્ષ માટે કરવામાં આવે છે. સૂચિત સુધારા કલમ–૧૪ની પેટા કલમ–૧માં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટની ત્રણ વર્ષ માટે પુનઃનિમણૂકની જોગવાઇ ઉમેરવામાં આવે છે. કલમ–૪૧માં સ્પોન્સરીંગ બોડીના વિલય સબંધિત જોગવાઇ છે. કલમ–૪૧ દૂર કરવામાં આવે છે. કલમ–૪૨ની કલમ–૧ મુજબ સ્પોન્સરીંગ બોડીને યુનિવર્સિટીના વિલય સબંધે સત્તા છે આ સત્તા સ્પોન્સરીંગ બોડીને યુનિવર્સિટી બોર્ડ ઓફ ગવર્નસને આપવાનો સુધારો કરવામાં આવ્યો છે. કલમ–૪૨ની કલમ–૨ મુજબ અને કલમ–૪૩ ની પેટા કલમ–૮ મુજબ યુનિવર્સિટીનું વિલિય થતાં તેની બધી એસેટ અને લાયેબિલિટી સ્પોન્સરીંગ બોડીમાં સમાઇ જશે. સ્પોન્સરીંગ બોડી શબ્દ દૂર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે સભાગૃહને વિનંતી કરું છું કે રાજ્યના વિકાસ માટે દેશના વિકાસમાં ગુજરાતનો ફાળો છે એમાં વધે એટલા માટેનો રાજ્ય સરકારનો હંમેશા પ્રયાસ રહ્યો છે એના ભાગરૂપે આજે હું આ બિલ લઇને આવ્યો છું એને સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. અઘરી જવાબદારી બાપુ, તમારા માથે છે અને ખાસ કરીને પ્રાઇવેટ યુનિવર્સિટીની વાત છે. માનનીય મંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં યુનિવર્સિટી અંગેની, નવી શિક્ષણ નીતિ અંગેની ખૂબ લંબાણપૂર્વક ચર્ચાઓ કરી છે. હું જ્યારે કોલેજમાં ભણતો હતો. હું તો સરકારી પ્રાથમિક શાળામાં ભણતો હતો. શિક્ષણનો જીવ છું. પિતા પણ શિક્ષક હતા, માતા પણ શિક્ષક હતા. શાળા–કોલેજ સાથે વર્ષોથી સંકળાયેલો હતો. ગયા વર્ષથી શિક્ષણ સાથેનો મારો નાતો તૂટી ગયો. શિક્ષણની વાત આવે એટલે એમ થાય કે કોઇ પણ પેઢીમાં, કોઇ પણ કુટુંબમાં પરિવારનો એક સભ્ય પણ શિક્ષિત થઇ જાય તો એ આખો પરિવાર પરિસ્થિતિમાંથી ઉપર આવી જાય છે. ભૂતકાળમાં ઝોનવાઇઝ યુનિવર્સિટીઓ, દક્ષિણ ઝોનની હોય, ઉત્તર ઝોનની હોય, ગુજરાત યુનિવર્સિટી હોય. અલગ અલગ યુનિવર્સિટીઓનું એક આગવું મહત્ત્વ હતું. એ મહત્ત્વ કોઇ ઇન્ટરવ્યુ માટે શાળામાં બેઠાં હોઇએ અને સર્ટિફિકેટ લઇને આવે તો બે–ત્રણ યુનિવર્સિટીના સર્ટિફિકેટ તેના હાથમાં હોય. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી બાળકો વધુ ભણે, એજ્યુકેશનનો વ્યાપ વધે તે માટેના પ્રયત્નો સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે સરકારી યુનિવર્સિટીઓને માન્યતા આપવાની પ્રથા સરકારે શરૂ કરી છે. ૮૪ યુનિવર્સિટી ઓલરેડી આ રાજ્યમાં છે. વર્ષ ૧૯૬૦થી વર્ષ ૨૦૦૧માં માનનીય મંત્રીશ્રી બાપુએ કહ્યું કે ફક્ત ૮–૯ યુનિવર્સિટીઓ હતી. વર્ષ ૨૦૦૧ પછી ૨૦૨૦નું વર્ષ ગયું. તે સમયગાળા દરમ્યાન આજે ૭ નવી યુનિવર્સિટીઓ લઇને આવ્યા છે એટલે ૯૧ યુનિવર્સિટીઓ થઇ. તેનો મતલબ એવો થયો કે આ રાજ્યની અંદર ૮૩ કરતા પણ વધારે પ્રાઇવેટ યુનિવર્સિટીઓને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મંજૂરી આપવામાં આવી. બાપુ, તમારી વાત સાથે પણ સંમત છું કે કોઇ પણ ફેકલ્ટીને લગતી કોઇ યુનિવર્સિટીને સરકાર મંજૂરી આપે તેમાં અમે તમારી સાથે છીએ. આપે રક્ષા યુનિવર્સિટીની વાત કરી. ચિલ્ડ્રન યુનિવર્સિટીની વાત કરી. યોગા યુનિવર્સિટીની વાત કરી. જે યુનિવર્સિટી જરૂરી છે કે જેનો શૈક્ષણિક કોર્સ કદાચ સરકારી યુનિવર્સિટીઓમાં ન આવતો હોય અને સરકાર નવી યુનિવર્સિટી આપે તો અમે સરકાર સાથે સંમત છીએ. જે યુનિવર્સિટી ગુજરાત સરકારની સાથે સંકળાયેલી છે, ગુજરાત સરકારની પોતાની યુનિવર્સિટી છે તેમ છતાં સરકારનો શિક્ષણ માટેનો અભિગમ રહેલો છે અને શિક્ષણ માટેના અભિગમમાં જે પ્રાઇવેટ શિક્ષણની વાત આવી છે એ શિક્ષકના દીકરા તરીકે મારે ગળે ઉતરતી નથી. બાપુ, આપ પણ સ્કૂલ–કોલેજમાં જોબ કરતા હતા. આપ આનાથી ખૂબ પરિચિત છો. શું પ્રાઇવેટ યુનિવર્સિટીઓની ગુજરાતમાં સ્થાપના થયા પછી જ આ રાજ્યનું શિક્ષણનું સ્તર સુધર્યું છે. આ હાઉસમાં બેઠેલાં ઘણાં બધાં સભ્યો એવા હશે કે જે સભ્યો સરકારી યુનિવર્સિટી માંથી ભણીને અત્યારે સત્તાસ્થાને બિરાજમાન થયેલા છે. તેનાથી વિપરીત અહીં બેઠેલાં તમામ ધારાસભ્યોના પુત્ર–પુત્રીઓ ભણતા હશે. મારા દીકરા–દીકરી ભણે છે. એ પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ભણે છે. સરકારી યુનિવર્સિટીમાં નથી ભણતા. યુનિવર્સિટીઓ વધી છે. લોકો ત્યાં એડમિશન લે છે તો શું સરકારી યુનિવર્સિટીઓને આપણે ખતમ કરી દેવા માગીએ છીએ? દર વર્ષે આ વિધાનસભા ગૃહમાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી અલગ અલગ માધ્યમથી અલગ અલગ વિભાગવાર, અલગ અલગ ફેકલ્ટીવાર યુનિવર્સિટીઓ લઇને આવે છે. સ્વભાવિક છે કે ભારતીય જનતા પાર્ટીની બહુમતી છે અને બહુમતીના આધારે એ યુનિવર્સિટીઓ પાસ પણ થઇ જાય છે. મારે લંબાણપૂર્વક ચર્ચા કરવી નથી પણ યુનિવર્સિટીની મંજૂરી મળે છે પછી સરકારે પોતે વિચારવું જોઇએ કે સરકારની પોતાની જે યુનિવર્સિટીઓ છે જેમાં કોલેજો ચાલે છે. કોમર્સ, સાયન્સ, એન્જિનિયરીંગ કે મેડિકલ ફેકલ્ટી હોય, આંકડાકીય માહિતી જોઇએ તો સરકારને પોતાને ખ્યાલ છે અને આપણને પણ ખ્યાલ આવશે કે સરકારની પોતાની યુનિવર્સિટીઓમાં સરકારી કોલેજોમાં જે જગ્યાઓ છે એ જગ્યાઓ સંપૂર્ણ રીતે ભરાઇ જાય છે. એની સામે જે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ ઉભી કરવામાં આવે છે અને એમાં જે કોર્સિસ મૂકવામાં આવે છે એ

કોમર્સ, સાયન્સ, કે અન્ય પ્રવાહ હોય, એન્જિનિયરીંગ વગેરેમાં આપણે જોઇશું કે જગ્યાઓમાં ૫૦ ટકા કરતાં વધારે જગ્યાઓ ખાલી રહે છે. વિદ્યાર્થીઓ એ જગ્યાઓએ ભણતા નથી. હું ભૂલતો ન હોઉ તો ચોક્કસ વાત કરીશ કે એક વખત એવો હતો કે પી.ટી.સી. કોલેજોમાં એડમિશન લેવા માટે પડાપડી થતી હતી. પી.ટી.સી. કોલેજો ખૂબ થઇ. પછી બી.એડ નો જમાનો આવ્યો તો બી.એડની કોલેજો ખૂબ થઇ. અત્યારે પરિસ્થિતિ એવી છે કે લો કોલેજમાં એડમિશનની ખૂબ મુશ્કેલી છે. અત્યારની ફેકલ્ટી મુજબ મેડિકલ અને લો આ બે ફેકલ્ટી એવી છે કે જેમાં એડમિશનમાં ખૂબ તકલીફ પડે છે. બાકી કોઇ સામાન્ય વ્યક્તિને કે સામાન્ય ઘરના વ્યક્તિના દીકરા–દીકરી સાયન્સ, કોમર્સ કે અન્ય કોઇ ફેકલ્ટી લીધી હોય અને ખૂબ મહેનત કરીને ભણ્યા હોય. પોતે ૮૧ ટકા લાવ્યા હોય અને સુખી સંપન્ન ઘરની વ્યક્તિ હોય, વિદ્યાર્થી હોય એ ૪૦ ટકા લાવ્યો હોય. પેલાએ ખૂબ મહેનત કરી છે. મા–બાપે ભણાવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા હોય ત્યારે ૮૧ ટકા લાવ્યા હોય અને સુખી સંપન્ન ઘરના ૪૦ ટકા લઇને આવે છે પણ જ્યારે એન્જિનિયરીંગમાં કે અન્ય ફેકલ્ટીમાં એડમિશન લેવાની વાત આવે ત્યારે એ સામાન્ય વર્ગના વિદ્યાર્થીનું મોરલ તૂટી જાય છે. એટલા માટે કે હું ૮૧ ટકા લાવ્યો છું અને પેલો ૪૦ ટકા લાવ્યો છે એ પણ એન્જિનિયરીંગ ભણે છે અને હું પણ એન્જિનિયરીંગ ભણું છું. સરકાર આ વ્યાખ્યા નહીં સમજે તો આવનારા દિવસોમાં હું માનું છું કે, ગુજરાતમાં એજ્યુકેશન ભલે આપણે માનતા હોઇએ કે ખૂબ યુનિવર્સિટીઓ બનાવી છે, ખૂબ પહેલ કરી છે પણ શિક્ષણનું સ્તર અને ખાસ કરીને જ્યારે ૧૨મા ધોરણ પછી નીકળીએ છીએ ત્યારે શિક્ષણના સ્તરમાં વિદ્યાર્થીઓનું મોરલ તૂટી જાય છે. એટલા માટે કહું છું કે, કોરોના કાળના સમયગાળા દરમિયાન આપણે બધા ટી.વી.માં જોઇએ છીએ, છાપાઓ વાંચીએ છીએ. એન્જિનિયરીંગ કરેલા એક વિદ્યાર્થીએ શાહીબાગ ખાતે ચાની લારી કરી હતી. આ ધોરણ પરથી નક્કી થવું જોઇએ કે આપણે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આપીએ છીએ એમાં વાંધો નથી પણ આપ્યા પછી ગરીબ કે મધ્યમવર્ગના વિદ્યાર્થીની જે દશા છે એનું લેવલ છે એમાં એને ભણવાનો હોશ કે જોશ રહેતો નથી. સરકારની યુનિવર્સિટીઓની અંદર સરકાર દ્વારા પૂરી પડાતી સવલતોને આધીન લોકો એડમિશન લે છે. સંખ્યા કુલ થઇ જાય છે પણ પ્રાઇવેટ તરફ કેમ જઇ રહ્યા છે એ મને ખબર પડતી નથી. સ્વાભાવિક છે કે કોઇ ૫૦–૧૦૦ વર્ષ જૂની કોઇ સ્કૂલ–કોલેજો ચલાવતા હોય, એન્જિનિયરીંગ કોલેજો ચલાવતતા હોય એ કદાચ યુનિવર્સિટીની માગણી કરે તો આટલી બધી યુનિવર્સિટી આપવાની શી જરૂર છે? આ તો સસ્તા અનાજની દુકાન જેવું એજ્યુકેશનનું સ્તર કરવા તમે જઇ રહ્યાં છો. કોઇપણ વોર્ડની અંદર કોઇપણ વિસ્તારની અંદર તમને એક યુનિવર્સિટી જોવા મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૯૧ યુનિવર્સિટી થશે. હું બાપુ આપને કહું છું કે ગુજરાતની અંદર ભણતા વિદ્યાર્થીઓને એમ કહો કે ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષ ૨૦૦૧ સુધી આ રાજ્યમાં ફક્ત ૯ યુનિવર્સિટીઓ હતી એની જગ્યાએ અત્યારે ૯૧ યુનિવર્સિટીઓ થઇ છે. આ ૯૧ યુનિવર્સિટીઓના કોલેજના ભણતાં વિદ્યાર્થીઓને એમ કહો કે એના નામ આપો? માનનીય અધ્યક્ષશ્રી, એ નામ નહીં આપી શકે. હું સરકારને સવાલ પૂછું છું કે પ્રશ્નોમાં ગૌણ સેવા પસંદગી મંડળ કે પંચાયત સેવા પસંદગી મંડળમાં આપ એવા પ્રશ્ન પૂછજો કે સુરત, અમદાવાદ, પાટણ કે અન્ય કોઇ જગ્યાએ આવેલી આ યુનિવર્સિટી ક્યાં આવી? માનનીય અધ્યક્ષશ્રી, એનો જવાબ નહીં મળે. એનું કારણ છે કે સરકાર દ્વારા દરેક લોકોને ખુશ કરવા માટે આ પ્રાઇવેટ યુનિવર્સિટી આપવાનો અભિગમ સરકારે અપનાવ્યો છે એને રાજકીય તુલના તરીકે ના લેતા પણ આવનારા દિવસોમાં ગુજરાતના ભવિષ્ય સાથે બહુ મોટા ચેડાં છે. સરકારને હું પૂછું છું કે રાજ્ય સરકાર દ્વારા જેટલી જેટલી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ એન્જિનિયરીંગ કક્ષાની હોય, કોમર્સ કક્ષાની હોય એનો સરવે તો કાઢો તમે? આજે તમે સાત યુનિવર્સિટીઓને પરમિશન આપવા જઇ રહ્યાં છો. અગાઉની યુનિવર્સિટીઓને તમે પરમિશન આપી છે એ પરમિશનના આધારે એનું પરફોર્મન્સ તો જુઓ તમે? યુનિવર્સિટીની અંદર સામાન્ય વર્ગ, વિજ્ઞાન પ્રવાહ કે કોમર્સ કે એન્જિનિયરીંગની અંદર કે ડિપ્લોમા યુનિવર્સિટીઓ આપ્યા પછી તમે યુનિવર્સિટીઓને સંખ્યા બળ આપ્યું છે એ વિદ્યાર્થીઓના સંખ્યા બળના આધારે એ યુનિવર્સિટીઓની અંદર કેટલા વિદ્યાર્થીઓ ભણવા માટે આવ્યા છે? માનનીય અધ્યક્ષશ્રી, હું દાવા અને આંકડા સાથે કહી શકું છું મારી પાસે એની માહિતી છે. ૫૦ ટકા કરતા પણ વધારે એ કોલેજોની અંદર જગ્યાઓ ખાલી રહે છે. અનેક કોલેજો જ્યારે ખાલી રહેતી હોય અને એવા સંજોગોમાં સરકાર જ્યારે નવી યુનિવર્સિટીઓ લઇને આવે છે એ મને સમજાતું નથી. આ ગુજરાત રાજ્યે ભારતીય જનતા પાર્ટીને સરકાર આપી છે, સત્તા આપી છે, લોકોએ તમને મત આપ્યા છે. તમારો અધિકાર છે પણ તમારા અધિકારને શિક્ષણ સાથે આવનારી ગુજરાતની પેઢી સાથે કોઇ સંજોગોમાં અમે લોકો કોંગ્રેસ પાર્ટી તરીકે વિપક્ષ તરીકે સમાધાન ના કરી શકીએ. આરોગ્યની કે શિક્ષણની બાબત હોય એ બાબતમાં સરકાર જે વાત કરે છે એમાં સરકારની સાથે અમે સંમત થઇએ. કોરોનામાં અમે સરકારની સાથે ઊભા રહ્યાં હતા. શિક્ષણમાં પણ સરકારની સાથે છીએ. સરકારે વિચારવું પડે કે પોતાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડા નથી, કમ્પાઉન્ડ વોલ નથી, કમ્પ્યુટર નથી, રમવા માટેના મેદાનો નથી ત્યારે સરકારે એનો વિચાર કરવો જોઇએ. આજે સરકારની એન્જિનિયરીંગ કોલેજ હોય, સામાન્ય કે વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં પૂરતો સ્ટાફ નથી સરકારે આ વિચારવાની જરૂર છે. સરકારે કોઇને ખુશ કરવા માટે કોઇ મોટો માણસ રાજકીય રીતે કોઇ પાર્ટીને મદદ કરતો હોય એની સંસ્થાની અંદર વધારે લોકો ભણતા હોય એનું કારણ એવું નથી કે તમે એને યુનિવર્સિટી આપી દો. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ક્યા માર્ગે જઇ રહી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ રાજકીય રીતે સરકારને મદદ કરતો હોય એવું કહેવું ઉચિત નથી?

શ્રી શૈલેષ મ. પરમાર : હું દાવા સાથે કહું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ના, ભાઇ, ના.

શ્રી શૈલેષ મ. પરમાર : ભૂતકાળની અંદર અમારી પાર્ટીના એક ધારાસભ્ય તમારી પાર્ટીમાં જોડાયા અને રાજકીય લાભ લેવા માટે એને યુનિવર્સિટી આપવાની વાત કરી અને તમે એને યુનિવર્સિટી આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે કોઇપણ વાત કરું છું ત્યારે દાવા સાથે રિયાલિટી હોય તો જ ગૃહમાં વાત કરું છું. હું એટલા માટે કહું છું કે આ પ્રશ્ન કોઇ પ્રાઇવેટ યુનિવર્સિટીનો નથી. ગુજરાતની આવનારી પેઢી માટેનો આ પ્રશ્ન છે. સરકારે વિચારવું પડશે, સરકારે સમજવું પડશે, સરકારે પોતાનો રેકોર્ડ ટેકનિકલ શિક્ષણ વિભાગમાંથી કઢાવવો પડશે કે ભૂતકાળની અંદર રાજ્ય સરકારે આપેલી જેટલી પણ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ છે, જે અન્યો અન્ય ફેકલ્ટીમાં આપેલી યુનિવર્સિટીઓ છે એ યુનિવર્સિટીઓની અંદર વિદ્યાર્થીઓનું સંખ્યાબળ હતું એ વિદ્યાર્થીઓના સંખ્યા બળના આધારે એ યુનિવર્સિટીની અંદર એ સંખ્યા બળ રહેલું છે કે નહીં? સરકારે એનો અભ્યાસ કરવો પડશે. એના સાધનો, એનો સ્ટાફ, અન્ય સગવડો પૂરી છે કે નહીં એ સરકારે વિચારવું પડશે. શા માટે દર વર્ષે વિધાનસભાનું આ ગૃહ મળે છે અને દર વર્ષે પ્રાઇવેટ યુનિવર્સિટીઓની વાત લઇને આવે છે? અલગ અલગ રીતે અલગ અલગ નામમાં આ બહુ સારી ફેકલ્ટી છે, બધા જ સારા છે. શિક્ષણ સાથે સંકળાયેલો હું પણ જયારે સ્કૂલ ચલાવતો હતો, મારી પોતાની પણ સ્કૂલ હતી. હું પણ એ વિચારતો હતો. જયારે ઇંગ્લિશ મિડિયમની મેં સ્કૂલ કરી. મારા જ વિસ્તારમાં મેં મારી પોતાની ઇંગ્લિશ મિડિયમની સ્કૂલ કરી. સ્કૂલમાં મેં એનું સ્ટાન્ડર્ડ જોયું. જે વિદ્યાર્થીઓ આવતા હતા, મને પોતાને એમ થયું કે હું આમની ફી લઉં છું પણ ફી પ્રમાણે એ વિદ્યાર્થીઓ આવતા નથી. મેં શાળા બંધ કરી દીધી કે ફી લેવાનો મને અધિકાર નથી. કારણ કે દરેક વ્યક્તિને એવું થઇ ગયું કે મારો બાળક પણ અંગ્રેજી માધ્યમમાં ભણવો જોઇએ. મેં મારી શાળા બંધ કરી દીધી કે મારે એવી ફી લેવી નથી. મેં શાળા બંધ કરી દીધી કારણ કે શિક્ષણનો જીવ છું. શિક્ષણ સાથે મારો જન્મ થયેલો છે. મારા માતાપિતા શિક્ષક હતા એટલે લાગણીશીલ થઇને આ વાત કરી રહ્યો છું. મારે લંબાણપૂર્વક વાત કરવી નથી. બાપુએ ખૂબ લાંબી વાત કરી પણ બાપુ, આપ વડીલ છો, મુરબ્બી છો, શિક્ષણ સાથે સંકળાયેલા હતા પછી તમે પોલિટીકસમાં આવ્યા ત્યારે મારી આપને વિનંતી છે કે સરકાર કોઇને ખુશ કરવા માટે ગમે તેવી મોટી તોપ કેમ ન હોય, ગમે તેવી મોટી વ્યક્તિ કેમ ન હોય, એ નક્કી કરે કે મારે યુનિવર્સિટી ખોલવી છે અને સરકાર એને યુનિવર્સિટી આપી દે? હું એ વાત સાથે સંમત નથી. સો ટકા એટલા માટે કહું છું કે રાજય સરકારે આપેલી અત્યાર સુધીની જે ૮૪ યુનિવર્સિટીઓ છે એમાં સરકારી યુનિવર્સિટી બાદ કરી લો. તમે એનું ઓબ્ઝર્વેશન કરો, એનો રિપોર્ટ કાઢો. એ રિપોર્ટના આધારે સરકાર દ્વારા જેટલી જેટલી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આપવામાં આવેલી છે, એ યુનિવર્સિટીઓની અંદર જે જે ફેકલ્ટીઓ આપવામાં આવેલી છે એ ફેકલ્ટીઓની અંદર પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓની ભરતી કરવામાં આવી છે કે નહીં? જો ખાલી રહેતી હોય તો એવી યુનિવર્સિટીઓને સરકારે મંજૂરી આપવી ન જોઇએ હું સરકારને વિનંતી કરું છું કારણ કે આવનારા દિવસોમાં સરકાર કદાચ કોઇને ખુશ કરવા માટે, કોઇને ઓબ્લાઇઝ કરવા માટે એને યુનિવર્સિટી આપી દેશે. એ વ્યક્તિ પણ ખુશ થઇ જશે. સરકારને એમ થશે કે અમે યુનિવર્સિટી આપી દીધી. હું પોતે સમજું છું કદાચ આમાં ૨–૪ યુનિવર્સિટીઓ એવી હશે કે બાપુને પોતાને પણ ઇચ્છા નહીં હોય કે મારે આને યુનિવર્સિટી આપવી નથી પણ સરકાર સાથે સંકળાયેલા છે. સરકારની વાત છે, સરકારે નક્કી કર્યું હોય, શ્રી નીતિનભાઇ મારી વાતમાં હા પાડશે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે સરકાર કોઇપણ કામ લઇને આવે એ ગુજરાતની પ્રજાના હિત માટે લઇને આવે પણ સરકારનો જે અભિગમ છે છેલ્લા ૨૦ વર્ષથી હું જોઇ રહ્યો છું કે પ્રાઇવેટ તરફ તમે જે જઇ રહ્યા છો એ શાળા હોય, કોલેજ હોય, માધ્યમિક શાળા હોય કે અન્ય જગ્યા હોય એ આવનારા દિવસોમાં ગુજરાતના ભાવિ સાથે બહુ મોટા ચેડાં છે માટે સરકારને વિનંતી કરું છું કે તમે જે સાત યુનિવર્સિટીઓની વાત લઇને આવ્યા છો, આપની બહુમતી છે એટલે આપ મંજૂર પણ કરાવી દેશો પણ ભવિષ્યમાં આ રીતની યુનિવર્સિટીઓ રાજ્ય સરકાર પોતે પણ વિચારે, કેબિનેટ પોતે પણ વિચારે અને ભૂતકાળમાં જે યુનિવર્સિટીઓ આપેલી છે એ યુનિવર્સિટીઓનો અભ્યાસ કરવામાં આવે, એનો સરવે કરવામાં આવે તો હું ચોક્કસ માનું છું કે આવનારા દિવસોમાં ગુજરાતની જનતાને, ગુજરાતની આવનારી પેઢીને એનો બેનીફીટ થશે. બાકી કોઇને ખુશ કરવા માટે આપણે જો આપીએ તમે જ કહો છો કે અમે ગુજરાતની પ્રજાના હિત માટે બેઠેલા છીએ તો આજે ચોક્કસ દાવા સાથે કહી દઉં છું કે જે પણ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ આપો છો એ ગુજરાતના હિતનું નુકસાન કરશે, ગુજરાતની આવનારી પેઢીને નુકસાન થવાનું છે. બાપુ, ભલે તમે ના પાડો પણ હું તમને દાવા સાથે કહું છું જે સરકારી યુનિવર્સિટીમાં જગ્યાઓ ભરાય છે, પ્રાઇવેટ યુનિવર્સિટીની અંદર જગ્યાઓ સંપૂર્ણપણે ખાલી રહેતી હોય છે. આવી જ પ્રાઇવેટ યુનિવર્સિટીને સરકાર મંજૂરી આપતી હોય છે એટલે શિક્ષણ મંત્રીશ્રી મુરબ્બી અમારા બાપુ જે બિલ લઇને આવ્યા છે, ગુજરાતના બાળકોના હિત ખાતર કોંગ્રેસ પાર્ટી આ બિલ સાથે સંમત થઇ શકે તેમ નથી.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૨૦૨૧નું ખાનગી યુનિવર્સિટીનું વિધેયક ક્રમાંક–૧૩ લઇને આવ્યા છે એનું સમર્થન કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને બધાને ખબર છે અને વિદ્વાનોએ જે વાત કરી છે કે એક વર્ષનું આયોજન કરવાનું હોય તો સારું અનાજ વાવો, ૨૦ વર્ષનું આયોજન કરવાનું હોય તો વૃક્ષ વાવો અને ૧૦૦ વર્ષનું આયોજન કરવાનું હોય તો આવનારી પેઢીનું વિશેષ આયોજન એટલે યુવાનોને શિક્ષિત કરો. શિક્ષણ એટલે માનવીમાં થતું મૂડીરોકાણ છે. શિક્ષણ એ સમાજ

પરિવર્તનનું વિશેષ ઉપકરણ છે. શિક્ષણ દ્વારા સમાજને બદલવાનો અને શિક્ષણ ૨૧મી સદીનું વિશેષ ધર્મ સાબિત થઇ રહ્યો છે. હમણાં વિપક્ષના નેતાશ્રીએ ઘણી બધી ચિંતા વ્યક્ત કરી. છેલ્લાં ૨૫, ૩૦ વર્ષ પહેલાની વાત કરીએ તો ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં કેટલી યુનિવર્સિટીઓ હતી અને આ જ ગૃહમાં આદરણીય શિક્ષણમંત્રીશ્રી બોલ્યા છે. ગુજરાતનો યુવાન, યુવતિ બેંગ્લોર, હૈદરાબાદ મોટા ખર્ચાઓ કરીને ભણવા જતો હતો અને કેટ કેટલીય ચિંતા વચ્ચે એ યુવાન, યુવતિને ભણવાનું થતું હતું. ગુજરાત સરકારે, મોદી સાહેબે જે ચીલો ચાતર્યો છે, એ રીતે જ ગુણવત્તાયુક્ત શિક્ષણ આજના યુવક, યુવતિને મળે તેવી સતત ચિંતા સરકાર કરે છે. જે રીતે જરૂર પડે તે રીતે હમણાં મંત્રીશ્રીએ વાત કરી તેમ ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી આજનો યુવાન પોલીસ અને લશ્કરમાં જોડાય એના માટે રક્ષા યુનિવર્સિટીનું પણ આ સરકારે આયોજન કર્યું છે, સ્થાપના કરી છે. વિશેષ આપણા ગુજરાતનું ગૌરવ એવી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી. આ યુનિવર્સિટી એ આપણા બધા માટે ગૌરવની વાત છે. બધા જ મિત્રોને કહેવાનું કે આ યુનિવર્સિટીમાં શું કામ થાય છે, શું કાર્યક્રમો થયા એનો રિપોર્ટ વાંચ્યો તો વિશ્વસ્તરીય આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી છે. આ સરકારે વર્ષ ૨૦૦૯માં પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ પસાર કર્યો. એ પછી ગુજરાતમાં નામાંકિત યુનિવર્સિટીઓ જે અત્યારે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી રહી છે. એમાં અમદાવાદ યુનિવર્સિટી, પારૂલ યુનિવર્સિટી, ચરોતર યુનિવર્સિટી, જી.એલ.એસ. યુનિવર્સિટી, સાકળચંદ પટેલ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી, નવરચના યુનિવર્સિટી, અનંત યુનિવર્સિટી, ઇન્ડસ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. આ ખાનગી યુનિવર્સિટીમાં પણ જે એડમિશનની પ્રક્રિયા છે એ પૂરી રીતે નીતિ નિયમોથી થાય છે. પૂરા મેરિટના આધારે થાય છે. ટેકનિકલ કોર્સમાં એડમિશન પ્રક્રિયા એ.આઇ.સી.ટી.ઇ., યુ.જી.સી., એ.સી.પી.સી. દ્વારા નક્કી થયેલ નિયમો મુજબ થાય છે. વધુમાં રાજ્ય અને રાષ્ટ્રીય લેવલે એન્ટ્રસ એક્ઝામનાં પરિણામ મેરિટના આધારે ધ્યાનમાં લેવામાં આવે છે. એડમિશન પ્રક્રિયા સામાન્ય રીતે ગુજરાત કેટેગરી, ઓલ ઇન્ડિયા કેટેગરી, એન.આર.આઇ. અને ફોરેન નેશનલ કેટેગરીના આધારે નક્કી થાય છે. ઓલ ઇન્ડિયાના એક સરવેમાં હાયર એજ્યુકેશનના આંકડા મુજબ ખાનગી યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૭–૧૮માં ૧,૧૭,૦૦૦ અને વર્ષ ૨૦૧૮–૧૯માં ૧,૩૨,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવ્યું છે. આ વર્ષે ૨૦૧૯–૨૦માં ૧,૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવ્યું છે. આ સરવે અનુસાર ખાનગી યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન પરીક્ષામાં હાજર રહેલ વિદ્યાર્થીઓમાં પાસ આઉટ થયેલ રેશિયો ૯૨ ટકા છે, જેમાંથી ૭૮ ટકા વિદ્યાર્થીઓ પ્રથમ શ્રેણીમાં ઉત્તિર્ણ થયેલ છે. આ ખાનગી યુનિવર્સિટીમાં ઉચ્ચ, ટેકનિકલ, મેડિકલ લગતા, સાયન્સ, કોમર્સ, આર્ટસ, એન્જિનિયરિંગ, પોલિટેકનિક, લો, બી.એડ., ફાર્મસી, આર્કિટેકચર, ઇન્ફર્મેશન ટેકનોલોજી, મેનેજમેન્ટ, કમ્પ્યૂટર, ફાઇનાન્સ, ડિઝાઇનિંગ, નર્સિંગ જેવી વિવિધ વિદ્યાશાખાઓનો સમાવેશ થાય છે. સર્ટિફિકેટ ડિપ્લોમાં, બેચલર ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી, પી.જી. ડિપ્લોમાં, એમ.ફીલ. વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાએ ચલાવવામાં આવતા નવા કોર્સીસ પણ આ યુનિવર્સિટી ચલાવે છે. જે યુવાનો પરદેશ જાય છે, એને સીધો લાભ આ કોર્સીસના સર્ટિફિકેટના લીધે થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટીમાં ફી નિયંત્રિત કરવા માટે પણ ફી નિયમન સમિતિની રચના કરવામાં આવી છે. જે ટેકનિકલ અને મેડિકલ કોર્સીસ સહિત પ્રોફેશનલ કોર્સીસ માટે નિર્ધારીત કરે છે. આ સમિતિ પૂરેપૂરું ધ્યાન આપે છે કે કોઇ પણ વિદ્યાર્થીને ફી માટે અન્યાય ન થાય. વધુમાં સરકાર દ્વારા એમ.વાય.એસ.વાય. વ્યાજ સબસિડી યોજનાઓ માટે વિશેષ ખાનગી યુનિવર્સિટીઓ પોતાની આર્થિક અને નબળા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની પણ યોજના કરી છે. આ ખાનગી યુનિવર્સિટીમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીમાં લાયબ્રેરી, પ્લે ગ્રાઉન્ડ, હોસ્ટેલ, કાફેટેરિયા વગેરેનો સમાવેશ છે કે નહીં એનું પણ આ સરકાર વિશેષ ધ્યાન આપે છે. વિદ્યાર્થીઓના હિતમાં એમનો કોર્સ પૂરો થતાં આ કેમ્પસ પ્લેસમેન્ટ થાય છે અને ભારતની નામાંકિત સંસ્થાઓ છે એમાં પંડિત દીનદયાળ પ્રેટ્રોલિયમ યુનિવર્સિટી દ્વારા ઓ.એન.જી.સી., ગેઇલ, મહેન્દ્રા, ઇન્ફોસીસ જેવી સંસ્થાઓમાં અત્યાર સુધી ઘણાં બધા વિદ્યાર્થીઓને વિશેષ નોકરીઓનો એમાં લાભ મળ્યો છે. ખાનગી યુનિવર્સિટીઓ માટે પણ નેક એક્રેડિશન કરવાનું ફરજિયાત છે. હાલમાં ગુજરાતની જે યુનિવર્સિટીઓ દ્વારા નેક એક્રેડિશન કરવામાં આવેલ છે જેમાં નિરમા યુનિવર્સિટી, ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટી, ચરોતર યુનિવર્સિટી, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીને નેક એક્રેડિએશનમાં A ગ્રેડ પ્રાપ્ત થયેલ છે. એમ.એચ.આર.ડી. દ્વારા રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓને જે રેન્ક આપવામાં આવ્યો છે, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ રેન્ક ફ્રેમવર્ક શરુ કરવામાં આવ્યો છે એમાં ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટીને આ રેન્કીંગમાં પ્રથમ રેન્ક મળ્યો છે એ આપણા બધા માટે ગૌરવની બાબત છે. ગુજરાત સ્ટેટ નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેટીંગ ફ્રેમવર્ક શિક્ષણ વિભાગ દ્વારા શરુ કરાયેલ નવતર પ્રયોગ કે જે યુનિવર્સિટીઓ માટે કોલેજમાં ક્રાઇટેરિયાના આધારે રેટીંગ નક્કી કરે છે. વર્ષ ૨૦૧૯–૨૦માં નિરમા યુનિવર્સિટી ૩.૯૧, સેપ્ટ ૩.૬૪, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ૩.૬૨, ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટી ૩.૫૪, ચરોતર યુનિવર્સિટી ૩.૪૯ અને ગણપત યુનિવર્સિટીને ૫ માંથી ૪ સ્ટાર મળેલ છે. આ રીસર્ચ એન્ડ કન્સલ્ટન્સી મારફત ખાનગી યુનિવર્સિટીમાં રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો દ્વારા ફંડીંગ પૂરું પાડવામાં આવે છે. જેમાં અમદાવાદ યુનિવર્સિટીને રૂપિયા ૫.૩ કરોડ, પારુલ યુનિવર્સિટીને રૂપિયા ૨.૧૫ કરોડ, સાકળચંદ પટેલ યુનિવર્સિટીને રૂપિયા ૩.૧૯ કરોડ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયને રૂપિયા ૨.૭ કરોડ અને ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીને રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસેથી રૂપિયા ૯.૬ કરોડ અને મારવાડ યુનિવર્સિટીને રૂપિયા ૨.૯ કરોડ જેટલું ફંડીંગ પ્રાપ્ત થયું છે.

ચૈત્ર ૧૦, ૧૯૪૩ શાકે

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક–૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, આમ રાજ્યના યુવાનોને તમામ ક્ષેત્રે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે, ટેકનિકલ અને મેડિકલ શિક્ષણની તક મળે અને ગુજરાતનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વધે એના માટે સતત આ સરકાર ચિંતા કરે છે. માનનીય મંત્રીશ્રી જે આ સુધારા બિલ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું.

**( વિ રા મ  સાંજના ૫.૨૮થી ૬.૦૦)**

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય અને આદરણીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જે ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક– બિલ, ૨૦૨૧ લઇને આવ્યા છે એ વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાપુએ કહ્યું એ રીતે કોઇપણ દેશ અથવા રાજ્યે મહાસત્તા બનવું હોય તો ઉચ્ચ શિક્ષણ એ મહત્ત્વનો પાયો છે અને ગુજરાત નંબર વન બનતું હોય કે ભારત મહાસત્તા બનતો હોય તો એમાં અમારો કોઇ દિવસ ક્યારેય વાંધો ના હોઇ શકે. અમે હંમેશા રાજ્ય અને દેશનું સન્માન કરીએ છીએ. પરંતુ જે રીતે અમારા સાથી ધારાસભ્યશ્રી શૈલેષભાઇએ કહ્યું એ રીતે, ઉચ્ચ શિક્ષણની અંદર જે રીતે ખાનગી સંસ્થાઓને ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી આપવામાં આવી રહી છે એ આપણા સૌના માટે ચિંતાનો વિષય છે. શ્રી શૈલેષભાઇએ કહ્યું એ રીતે હું પણ બાપુને સારી રીતે ઓળખું છું. કદાચ આટલી બધી ખાનગી યુનિવર્સિટી બની એમાંથી અમુક યુનિવર્સિટીને બાદ કરતાં એમને પણ કદાચ આ વિધેયક લાવવાનું યોગ્ય નહિ લાગ્યું હોય પણ એ લાવ્યા છે. ઘણી બધી ખાનગી યુનિવર્સિટીઓને અમે પ્રોત્સાહિત કરીએ છીએ અમે એનું સમર્થન કરીએ છીએ. નિરમા યુનિવર્સિટી હોય, કડી યુનિવર્સિટી હોય જે હંમેશા સારી રીતે સેવાની ભાવનાથી ઉચ્ચ શિક્ષણનું કામ કરી રહી છે. અત્યાર સુધીમાં દેશની અંદર ગઇકાલ સુધી સેલ્ફ ફાઇનાન્સ યુનિવર્સિટીની અંદર ભારતમાં જો સૌથી વધુ યુનિવર્સિટી હોય તો એ રાજસ્થાનમાં હતી પણ આજે સેલ્ફ ફાઇનાન્સ યુનિવર્સિટીની અંદર પણ સૌથી વધુ યુનિવર્સિટી સાથે ગુજરાત નંબર–વન બન્યું છે. પણ જ્યારે સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓની, કોલેજોની, યુનિવર્સિટીઓની અંદર ગુજરાત નંબર વન બન્યું હોય ત્યારે શિક્ષણની અંદર, ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં પણ આપણું ગુજરાત નંબર વન બને એના માટે આપણે સૌ સાથે રહી અને પ્રયાસ કરવા એ બહુ જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાઓની અંદર quantity of educational institutions is not necessary, but quality of institutions is very necessary. સંખ્યા કરતાં એની ગુણવત્તા બહુ મહત્ત્વની છે. આપણે યુનિવર્સિટીઓ બનાવવી છે અમે પણ સમર્થન કરીએ કે સારી સેલ્ફ ફાઇનાન્સ યુનિવર્સિટીઓ બનવી જોઇએ. પણ આપણે આટલી બધી યુનિવર્સિટીઓની મંજૂરી આપી. આ યુનિવર્સિટીઓને મોનીટરીંગ કરી શકે એવી કોઇ બોડી આપણે બનાવવી જોઇએ. એટલે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજો અને યુનિવર્સિટીઓનું મોનીટરીંગ કરી શકે માનનીય અમારા અધ્યક્ષ શ્રી અર્જુનભાઇએ કહ્યું કે એફ.આર.સી. ફી રેગ્યુલેટરી કમિટી બનાવી છે પણ એ જે બનાવી છે એ માત્રને માત્ર ટેકનીકલ જે કોર્સીસ ચાલે છે એના માટે છે. ઘણી બધી યુનિવર્સિટીઓમાં  બી.એસ.સી., એમ.એસ.સી., પી.એચ.ડી., બી.એડ આ બધું ચાલી રહ્યું છે. ઘણી બધી જે સેલ્ફ ફાઇનાન્સ યુનિવર્સિટીઓ છે એમાં દોઢ દોઢ  લાખ રૂપિયા પી.એચ.ડી. ના લેવામાં આવે છે અને પી.એચ.ડી.નું પૂરતું માર્ગદર્શન મળતું નથી, માત્ર ડીગ્રી લેવા માટે જ લોકો પી.એચ.ડી. કરતા હોય છે. એટલે હવે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સચવાઇ રહે તેના માટે કોઇ સારું આયોજન કરી, ગુજરાતના સારા શિક્ષણવિદ્ હોય જેને વહીવટી અનુભવ હોય એવા લોકોની એક મોનીટરીંગ કમિટી બનાવવામાં આવે અને એ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો ઉપર કન્ટ્રોલ કરી શકે અને એની ગુણવત્તા સચવાઇ શકે એના માટે હું આ સજેશન કરું છું. શ્રી શૈલેષભાઇએ વાત કરી કે સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં એમ.બી.એ. થયેલો વિદ્યાર્થી એ પાણીપૂરી વેચે છે. હું ગઇકાલે જ આપણા વિધાનસભા એમ.એલ.એ. ક્વાટર્સની અંદર એક બહેન ઓ.બી.સી. સમાજની હતી એણે એનો બાયોડેટા મને આપ્યો, એ કચરો વાળતી હતી. એ એમ.એ. એમ.એડ થયેલી છે. એટલે માત્ર આપણે નંબર વન લેવાની લ્હાયની અંદર આપણાં સેલ્ફ ફાયનાન્સના વિદ્યાર્થીઓ, કોલેજોના વિદ્યાર્થીઓ એ ઉચ્ચ ડિગ્રી મેળવ્યાં પછી પણ એમને કચરો વાળવાનું કામ ના કરવું પડે અને તેમને સારી ગુણવત્તાવાળી નોકરી મળે. માનનીય પ્રદિપસિંહ બાપુ બેઠાં છે આપણે પોલીસને ટાર્ગેટ આપીએ કે આટલા કેસ પ્રોહિબીશનના કરવાના, આટલા દંડ કરવાના. શ્રી નીતિનભાઇ નથી આપણે કોરોનાની રસી ટેસ્ટ કરવાના ટાર્ગેટ આપીએ છીએ. માનનીય બાપુને હું એ પણ વિનંતી કરું છું કે, આપણે ભલે સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટીને માન્યતા આપીએ પણ એવી એક કમિટી બનાવીએ કે સેલ્ફ ફાયનાન્સમાં ભણ્યાં પછી જે વિદ્યાર્થી બહાર પડે તેને કેટલું પ્લેસમેન્ટ મળે છે અને તેમને સારી સંસ્થાઓમાં કેટલી નોકરી મળે છે તેના માટે પણ તેમને ટાર્ગેટ આપીએ કે જેટલા વિદ્યાર્થી ગ્રેજયુએટ કે પોસ્ટ ગ્રેજયુએટ કે પી.એચ.ડી.કરશે તેમાંથી મિનિમમ આટલા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવાની જવાબદારી જે તે યુનિવર્સિટીની રહેશે. એવું જો આપણે કરીશું તો યુનિવર્સિટીઓ તેના ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સાચવશે.

માનનીય અધ્યક્ષશ્રી, યુ.જી.સી.એ વર્ષ ૨૦૦૩ની અંદર Regulations for Establishment of and Maintenance of Standards in Private Universities  તેના નિયમો બનાવ્યાં છે અને આપણે જે પણ યુનિવર્સિટીની મંજૂરી આપીએ એ જે બીજી ઓથોરિટી હોય AICTE હોય, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા હોય, બી.સી.આઇ.હોય, ડી.ઇ.સી.હોય, ડી.સી.આઇ હોય કે NCTE હોય આ જે બધી યુનિવર્સિટી જેને આપણે સેલ્ફ ફાયનાન્સ કે

પ્રાઈવેટ યુનિવર્સિટી તરીકે માન્યતા આપીએ છીએ એ આ બધી affiliated or accredited સંસ્થાઓ છે તેની માન્યતા મેળવે છે કે નહીં તે પણ આપણે વિચારીએ. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ કેન્દ્ર સરકારે એક ગેઝેટ પ્રસિદ્ધ કર્યું છે અને તેની અંદર રેગ્યુલેશન્સ રૂલ્સ ૨૦૧૨ Mandatory Assessment and Accreditation for Higher Educational Institutions એટલે હાયર એજ્યુકેશનની યુનિવર્સિટી અને કોલેજો માટે accreditation ની વાત કરી છે તેના પેરા ૪ની અંદર લખ્યું છે કે it shall be mandatory for higher education institutions to get accreditation from accreditation institution. એટલે કોઇ પણ હાયર એજ્યુકેશનની જે accreditation આપતી સંસ્થાઓ હોય આપણે યુનિવર્સિટીને માન્યતા આપીએ પણ તે NAAC હોય National Accreditation Council તો એનું accreditation મેળવે છે કે નહીં તે પણ જોવાની જરૂર છે. જે આ નિયમો છે તેની અંદર ૬ વર્ષની અંદર અથવા તેની બે બેચ બહાર પડે તે સમયની અંદર આ બધી હાયર એજ્યુકેશનની યુનિવર્સિટીએ અથવા કોલેજોએ એનું NAAC નું accreditation મેળવી દેવાનું હોય છે. એટલે આપણે માન્યતા આપ્યા પછી અત્યાર સુધી જે પણ સેલ્ફ ફાયનાન્સ પ્રાઈવેટ યુનિવર્સિટીઓને મંજૂરી આપી તે યુનિવર્સિટીઓએ accreditation મેળવ્યું છે કે નહીં જે પણ આપણે જોઇશું તો જે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સાથે આપણે આગળ વધવા માગીએ છીએ તે આપણે આગળ વધી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે કહેવું પડે કે ગુજરાતની અંદર જેટલી પણ સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટી છે, ખાનગી યુનિવર્સિટી છે તે કોઇ પણ યુનિવર્સિટી પાસે 12-B નું સર્ટિ. નથી. માનનીય બાપુશ્રી એટલે આપણે સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટીને સૂચના આપીએ, પરિપત્ર કરીએ કે જે કરવું હોય તે કરીએ પણ યુ.જી.સી.ના જે માન્ય પ્રમાણપત્રો જોઇએ છીએ તે પ્રમાણપત્રો મેળવી લે. આજે યુ.જી.સી.ની વેબ સાઇટ ઉપર આપણે ચેક કરીએ તો ગુજરાતની ૮૫ જેટલી સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટીઓ છે તેમાંથી માત્ર ૧૬ યુનિવર્સિટીઓની માહિતી યુ.જી.સી.ની વેબ સાઇટ ઉપર ઓનલાઇન જોવા મળે છે. એટલે એવી સંસ્થાઓની જ્યારે આપણે તેની ગુણવત્તાસભર વાતો કરતા હોઇએ, ગુણવત્તા સુધારવાની વાતો કરતા હોઇએ ત્યારે આ તમામ સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટીઓને આપ સૂચના આપો કે જે યુ.જી.સી.ની વેબ સાઇટ હોય તેની ઉપર પોતાની બધી માહિતી અપલોડ કરે. સૌથી ગંભીર વાત માનનીય બાપુસાહેબ એ છે કે, સરકારી યુનિવર્સિટી અને સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટીઓ સરકારી યુનિવર્સિટીઓ એડમિશન લેઇટ કરે છે અને સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટી પહેલાં એડમિશન આપી દે છે. સરકારી યુનિવર્સિટી એડમિશન મોડું કરે છે અને સેલ્ફ ફાઇનાન્સ યુનિવર્સિટી પહેલાં એડમિશન આપી દે છે. જ્યારે કોઈ વિદ્યાર્થીએ સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીમાં એડમિશન લીધું હોય અને પછી એને મેરિટના આધારે સરકારી યુનિવર્સિટીમાં એડમિશન મળે ત્યારે સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો કે યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓની લાખો રૂપિયાની ફી પરત આપતાં નથી. આથી મારું સૂચન છે કે, મોનિટરિંગની જે કમિટી બનાવીએ તેમાં એ પણ સુધારો કરીએ કે કદાચ વિદ્યાર્થી છોડી દે અથવા વિદ્યાર્થીને સરકારી યુનિવર્સિટીમાં એડમિશન મળ્યું હોય તો એની ફી પરત મળે. આવું થશે તો માત્ર સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીઓ છે એ માત્ર પૈસા લેવા માટે અથવા ફી માટે જે લોકો ચલાવે છે એના ઉપર કન્ટ્રોલ આવશે. જે રીતે માનનીય શૈલેષભાઈએ સરકારી યુનિવર્સિટીઓની ચિંતા કરી તેમાં હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, સરકારી યુનિવર્સિટીના સારા સંચાલન માટે આપણે Board Of Governing (BOG) ની રચના કરીએ તો ગુજરાતમાં પણ જે સરકારી યુનિવર્સિટીઓ છે તેમાં હાલમાં જે હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં જે બનાવ બન્યો એવો બનાવ નહિ બને અને BOG હશે તો સરકારનું સરકારી યુનિવર્સિટી ઉપર સારી રીતે સંચાલન રહેશે. આથી અમારા પક્ષ વતી જો આપ ઈચ્છો તો અમે તમામ સમર્થન કરીએ છીએ કે, જો સરકાર BOG લાવશે તો અમે પણ એના સમર્થનની વાત કરીશું. ઘણી બધી યુનિવર્સિટીઓ જેમ કે, ચિલ્ડ્રન યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, હું અભિનંદન આપીશ કે, ટીચર્સ યુનિવર્સિટીનું કામ અત્યારે બહુ સારી રીતે ચાલી રહ્યું છે. જે ગ્રાન્ટેબલ બી.એડ. કૉલેજો હતી તે ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડી છે પણ મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અત્યારે સેલ્ફ ફાઈનાન્સ બી.એડ. કૉલેજો જે રીતે માત્ર કાગળ ઉપર ચાલી રહી છે તે તમામ સેલ્ફ ફાઈનાન્સ બી.એડ. કૉલેજોને ટીચર્સ યુનિવર્સિટી સાથે જોડવામાં આવે તો શિક્ષકની ગુણવત્તા સુધરશે. અત્યારે તમામ સેલ્ફ ફાઈનાન્સ અને સરકારી યુનિવર્સિટીમાં જે રીતે ટીચર્સ યુનિવર્સિટીનું સરાહનીય કામ છે એ રીતે તમામ બી.એડ. કૉલેજો પણ ટીચર્સ યુનિવર્સિટીમાં જોડી દેવામાં આવે. જે માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે, કલમ-૩માં કદાચ સેલ્ફ ફાઈનાન્સ ગ્રાન્ટેબલ કૉલેજો છે એ ઓછી ન થાય અને સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો સાથે જોડાણ ન થાય એની આપણે ચિંતા કરવાની જરૂર છે. છેલ્લી કલમ-૪૨માં માનનીય મંત્રીશ્રીએ યુનિવર્સિટીના વિસર્જનની વાત કરી છે. જ્યારે યુનિવર્સિટી બંધ થઈ જાય છે ત્યારે ઘણી વાર બે કે ત્રણ ટ્રાય માટે નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ડિગ્રી મળતી નથી. ત્રણ થી પાંચ વર્ષ સુધી અભ્યાસ કર્યા બાદ એક કે બે સેમેસ્ટર માટે એમને ડિગ્રી મળતી નથી એટલે આવી જે કોઈ યુનિવર્સિટી આપણે બંધ કરવા માગતા હોય કે સ્વેચ્છાએ યુનિવર્સિટી બંધ કરવા માગતી હોય તો મોનીટરિંગ કમિટી દ્વારા એવું નક્કી કરીએ કે એનો એક પણ વિદ્યાર્થી ડિગ્રી લીધા વગર બાકી ન રહે અથવા સ્વેચ્છાએ બીજી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર થાય તો એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર કરવા માટેના નિયમો નથી. એન.ઓ.સી.ની ઝંઝટમાં પડવું પડે છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સારી સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી બને તેની સામે અમને વાંધો ન હોઇ શકે પરંતુ યુનિવર્સિટી બન્યા પછી આ મેં જે સૂચનો કર્યા એના માટે મોનિટરિંગ કમિટી અને સરકારી યુનિવર્સિટી માટે BOG ની રચના થાય એના માટે અમે સમર્થન કરીએ છીએ.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક–૨૦૨૧

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કીરીટભાઈનો આભાર માની હું મારી વાતની શરૂઆત કરીશ. માનનીય શૈલેષભાઈ, માનનીય અર્જુનસિંહ અને માનનીય કીરીટભાઈ. કોઈ કન્સેપ્ટ તરીકે ખાનગીનો વિરોધ કરીએ એ યોગ્ય નથી. વૈશ્વિક હરિફાઈમાં ટકી રહેવા માટે દરેક ક્ષેત્રમાં ખાનગી એ આવશ્યક વિચાર બની ગયો છે. વિશ્વમાં તો જે વિકસિત કહેવાય છે. એમાં સરકાર ઓછું કરે અને વધારે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા એ વાહન વ્યહવાર હોય, એ મેડિકલ હોય, એ શિક્ષણ હોય, લોકો ઉપયોગી અનેક ક્ષેત્રો જે છે એ બધા ક્ષેત્રોમાં પણ, આમાં ફાયદો એ થાય છે કે સરકારી અને ખાનગી, મને પ્રત્યક્ષ અનુભવ છે કે બંને યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરને જયારે સાથે બોલાવું છું ત્યારે પોઝિટિવલી કોમ્પિટેશન થાય છે. It is in the benefit of the State and education and the student also, હું ઉત્તર ગુજરાતના માનનીય ઋષિભાઇ, માનનીય કિરીટભાઇ, માનનીય રમણભાઇને, આપના વિસ્તારની સાંકળચંદના આપણને શું અનુભવ છે? આપના વિસ્તારની કડીના આપને શું અનુભવ છે? મતલબ એ થયો કે શ્રેષ્ઠીજનો જે શૈક્ષણિક ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપવા માંગે છે એને તમે રોકી શકો નહી, રોકી શકાય જ નહીં. જયારે મિત્રો, આપણે ઈન્ટરનેશનલ લેવલે પહોંચીએ છીએ ત્યારે આપણને આનો વિચાર આવે બાકી તો ન જ આવે ત્યારે બે સવાલ જયારે પુછે કે, What is your GER, What is your literacy rate? શિક્ષણ મંત્રી તરીકે જયારે હું આ ફેસ કરુ ત્યારે એમ થાય અને બંનેના ઉપાય અમે કરીએ છીએ. literacy rate માટે મેં મારી માંગણીઓ ઉપર કહ્યું હતું કે અમે શું પ્રયત્ન કર્યા છે, એટલે રિપીટ નહીં કરું પણ What is your GER, Gross enrolment ratio તમારો શું છે અને એ વખતે મારે કહેવું પડે કે, Ours is only 22.5 જયારે બીજા બધા વિકસિત દેશો, મને યાદ છે વર્ષ ૨૦૧૪માં વર્લ્ડ એજયુકેશન ફોરમમાં હું લંડન ગયો હતો અને એ વખતે જયારે વાત થઇ, બીજી હમણાં જાન્યુઆરી વર્ષ ૨૦૨૦માં હું કુવૈત અને દુબઇ ગયો અને એ વખતે સ્ટડી ઇન ગુજરાત કન્સેપ્ટ સાથે ગયો હતો, તો એ વખતે નાના નાના દેશો પણ વિશ્વની હરિફાઇમાં ઉતરે, કુવૈત અને દુબઇ તો સાવ નાના દેશો છે, એ વખતે એમ થાય કે ૧૩૦ કરોડનો દેશ, એમનો GER ૩૮ ટકા હોય અને મારો GER ૨૨.૫ ટકા હોય તો How to meet with મારે એને પહોંચી વળવા માટે ગુજરાતે શું કરવું જોઇએ? હું એકદમ ખાનગી બંધ કરી દઉં. માનનીય શૈલેષભાઇ, હું એટલે સરકાર તરીકે તો એને પહોંચી જ ન વળાય, એકલી સરકાર અમે પણ જયારે જરૂર પડી ત્યારે વધારે સરકારી કોલેજો કરી જ છે અને અમારી બધી સરકારી કોલેજો ખાનગીથી એકપણ કમ નથી. એનું કારણ મિત્રો, એનું કારણ પણ છે કે સામે ખાનગી છે ને એટલા માટે જો ક્ષેત્રમાં ટકી રહેવું હશે તો અમારા સરકારી વાઇસ ચાન્સેલરો પણ આજે કબૂલ કરે છે કે, આ ખાનગી છે ને એની હરિફાઇ છે એટલા માટે અમે, માનનીય શૈલેષભાઇએ વાત કરી કે, નિયમિત મુલાકાત અને તમે વાત કરી મોનિટરીંગની, બંને વાત સાચી છે. અમે, સચિવ, અમારા અધિકારીઓ નિયમિત જઇએ છીએ અને નિયમિત જવાના કારણે એ લોકો પણ અવેર છે. અમે દુબઇ અને કુવૈત ગયા ત્યારે સરકારી અને ખાનગી બંનેના વાઇસ ચાન્સેલરો હતા અને જયારે પછી નકકી કર્યું કે આપણે અને દરમિયાનમાં નવી શિક્ષણ નીતિ ન હતી આવી, એ પહેલા અમે નકકી કર્યું હતું કે, આપણો 22.5 GER છે એને આપણે તબક્કાવાર અને એ વખતે કે સરકારી યુનિવર્સિટી દર વર્ષે એક ન ખોલી શકાય, એની મર્યાદાઓ હોય છે અમે ખોલીએ નહી અને ખોલવા દઇએ નહીં, એ તો કંઇ શક્ય જ નથી. તો એમને એમ જે આવ્યા એને આપી, જે આવ્યા, ના એવી રીતે આપતા નથી. સ્ક્રૂટીની કરીએ છીએ અને નોર્મસ મુજબ આવે તો એમને આપીએ છીએ અને એ પણ આવે છે ત્યારે એને ટકી રહેવું હોય તો સારામાં સારી ફેસિલીટી નોર્મસ મુજબ અમે આપીએ છીએ અને એને ટકી રહેવું હોય તો સારામાં સારી ફેસિલીટી અને સારામાં સારી ગુણવત્તા આપે છે. હું માનનીય શૈલેષભાઇને પૂછું છું કે સારામાં સારી ફેસિલીટી અને ગુણવત્તા એ કોના લાભમાં, માત્ર શિક્ષણ અને વિદ્યાર્થીઓના લાભમાં. વૈશ્વિક સ્તરે આ વખતે કોરોનામાં મને થોડો વધારે અનુભવ થયો. મેં માગણીઓમાં કહ્યું હતું કે એવરી થીંગ્ઝ વોઝ લોક બટ એજયુકેશન વોઝ અનલોક, મેં ખુદ રિજનલ, નેશનલ, ઈન્ટરનેશનલ સાહેબ પડદા પર સવા સો સેમિનારમાં મેં સીધે સીધો ભાગ લીધો છે. એ વખતે જયારે ઈન્ટરનેશનલ લેવલે કોઇ ઈઝરાઇલથી જોડાયેલ હોય, કોઇ યુ.એસ.થી જોડાયેલું હોય એ વખતે સાહેબ આપણી વાત જયારે મૂકવાની થાય, એવા સંજોગોમાં જયારે મૂકાઇએ ત્યારે સંકલ્પ કરવો પડે વિભાગ સાથે આવીને બેસીને હમભી કુછ કમ નહીં હૈ, આપણે પણ ત્યાં પહોંચવા માટે શું કરીએ તો આપણે ત્યાં પહોંચવા માટે અને માત્ર જીઇઆર એકલી ખાનગી યુનિવર્સિટી કે એકલી સરકારી યુનિવર્સિટી. બન્ને એટલા માટે કહ્યું હતું કે પૂરક બને તો ને તો જ ધોરણ–૧૨ પછીની જે પ્રવેશ પ્રક્રિયા છે, એમાં ૨૨.૦૫ માંથી આજે નવી શિક્ષણ નીતિમાં પણ ટાર્ગેટ આપ્યો છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા આપણે બધા પહોંચીએ. બન્નેના સૂચન હું સ્વીકારું છું.

છેલ્લે પ્લેસમેન્ટ મારી પાસે આંકડો નથી બન્ને યુનિવર્સિટીના અમારી ખાનગી અને સરકારી યુનિવર્સિટીના દર વર્ષે નિયમિત રીતે પ્લેસમેન્ટ થાય છે અને સારામાં સારા પેકેજ સાથે સંખ્યામાં પ્લેસમેન્ટ થાય છે. એટલે ખાનગી યુનિવર્સિટી એ આજની જરૂરિયાત છે, એમાં કયાંય નબળાઇ ન આવે કયાંય બીજી ઓછપ ન આવે એ જોવાની જવાબદારી ચોક્કસ સરકારની છે. જે અમે જોઇ રહ્યા છીએ. શિક્ષણના હિતમાં રાજ્યની પ્રગતિના હિતમાં મારે ગૃહને વિનંતી છે કે મારું બિલ સર્વાનુમતે પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત વિધેયક, ૨૦૨૧

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૧૨, કલમ–૧, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા, પ્રસ્તાવના અને દીર્ઘસંજ્ઞા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૪**

**ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત વિધેયક, ૨૦૨૧**

**ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી નીતિનભાઇ ર. પટેલ**(**નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૪, સન–૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ કાયદો ગુજરાતમાં પ્રવર્તમાન છે પરંતુ આજે એક સુધારો આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યો છું એ ફકત એટલો જ છે કે અત્યારે આપણી જે આયુર્વેદિક કોલેજો અને હોમીયોપેથીક કોલેજો છે એ કોલેજોમાં સો ટકા ગુજરાતના વિદ્યાર્થીઓને મેરિટના આધારે એડમિશન, પ્રવેશ થાય છે. ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં મેડિકલ કોર્સીસને લગતી બધી શાખાઓમાં ફરજિયાત રીતે સમગ્ર દેશમાં ૧૫ ટકાનો નેશનલ કવોટા લાગુ કરવામાં આવેલ છે. હવે ભારત સરકારે રાજય સરકારોને એવું સૂચવ્યું છે કે જે રીતે મેડિકલ કોલેજોમાં ૧૫ ટકા નેશનલ કવોટા જે મેરિટ આધારિત પ્રવેશનો આદેશ છે એ પ્રમાણે આયુર્વેદિક કોલેજોમાં પણ નેશનલ કવોટાની ૧૫ ટકા જેટલી સીટો અનામત રાખવામાં આવે અને એ સીટો ઉપર ભારત સરકાર જે કહે તે પ્રમાણે મેરિટ પદ્ધતિથી પ્રવેશ આપવામાં આવે. અત્યારે ભારત સરકારે આપણને સૂચવ્યું છે એમાં ગુજરાતમાં આયુર્વેદિકની ૩૦ કોલેજો છે જેમાં પાંચ સરકારી છે જયારે બે ગ્રાન્ટ ઇન એઇડ છે અને ૨૩ જેટલી સેલ્ફ ફાઇનાન્સ કોલેજો આવેલી છે. જેમાં કુલ ૨૩૪૦ બેઠકો છે. ૧૫ ટકા નેશનલ કવોટા થવાથી રાષ્ટ્રીય કક્ષાએ તેજસ્વી વિદ્યાર્થીઓની મેરિટ પ્રમાણે પસંદગી કરી ભારત સરકાર એમના નેશનલ કવોટામાં એડમિશન આપશે એ રીતે આપણે ૨૩૪૦ બેઠકોમાંથી ૧૫ ટકા લેખે ૩૫૧ બેઠકો ઓલ ઇન્ડિયા કવોટામાં ફાળવવાની થશે. એવી રીતે ગુજરાતમાં હોમીયોપેથીકની ૩૫ જેટલી કોલેજો આવેલી છે. એમાં એક સરકારી છે, ત્રણ ગ્રાન્ટ ઇન એઇડ છે જયારે ૩૧ જેટલી સેલ્ફ ફાઇનાન્સ કોલેજો આવેલી છે. એની કુલ બેઠકો ૩૫૮૯ જેટલી છે એના ૧૫ ટકા લેખે કવોટા ગણીએ તો ૫૩૮ બેઠકો ઓલ ઇન્ડિયા કવોટામાં ફાળવવાની થશે. આમ આયુર્વેદિક અને હોમીયોપેથીક કોલેજોની થઇને રાજ્યમાં કુલ ૫૯૨૯ બેઠકો ઉપર અત્યારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. હવે એમાંથી ૧૫ ટકા લેખે ૮૮૯ બેઠકો ઓલ ઇન્ડિયા કવોટાની ભરતી માટે ભારત સરકારને ફાળવી આપવાની રહેશે.

આમાં જે પ્રવેશ ફી હોય છે આપણે જાણીએ છીએ એ પ્રમાણે ગુજરાત સરકારે વર્ષો અગાઉ હાઇકોર્ટના નિવૃત્ત જજના અધ્યક્ષપદમાં ફી નિર્ધારણ કમિટી બનાવી છે એ દરેક કોલેજ દીઠ ફી નક્કી કરે છે. મેડિકલ કોલેજ હોય કે એન્જિનિયરીંગ કોલેજ હોય કે કોઇપણ પ્રકારની કોલેજ હોય એ હાઇકોર્ટના જજના અધ્યક્ષપદે કમિટી છે જેમાં જુદા જુદા તજજ્ઞો, નિષ્ણાંતો પણ એમની સાથમાં હોય છે. જેમાં નિમણૂક ચાર્ટડ એકાઉન્ટ કક્ષાના વ્યકિતઓ હોય છે જે કોલેજ જેટલો ખર્ચ, રોકાણ, આવક એ બધું જોઇને કોલેજ દીઠ એડમિશન ફી છે, અભ્યાસક્રમ ફી છે વગેરે આ સમિતિ નક્કી કરે છે રાજય સરકાર કોઇ ફી નક્કી કરતી નથી. એટલે આવી જે આયુર્વેદિક કોલેજો છે કે હોમીયોપેથીક કોલેજો છે એમાં ફી નિર્ધારણ આપણે ત્યાં અત્યારે રેગ્યેલેટરી કમિટી કરે છે. તેના આધારે બહારથી નેશનલ ક્વોટામાં વિદ્યાર્થીઓ આવશે એ જે કોલેજમાં પ્રવેશ મેળવશે એ

* વિધેયક તારીખ ૧લી, માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કોલેજની જે ફી હશે એ ફી તેમણે ભરવાની રહેશે. આ પ્રમાણે ભારત સરકારે નેશનલ ક્વોટામાં લશ્કરના જવાનો હોય, કેન્દ્ર સરકારના બદલીપાત્ર અધિકારીઓ હોય, કે જે રાજ્યો નાના છે, પૂર્વોત્તર રાજ્યો હોય એવા રાજ્યોમાં આ કોલેજોની વ્યવસ્થા ન હોય તો એવા વિદ્યાર્થીઓને બીજાં રાજ્યોમાં અભ્યાસ કરવાની તક મળે એ માટે વર્ષોથી મેડિકલ કોલેજમાં ક્વોટા પદ્ધતિ ચાલુ જ છે. એ જ પ્રમાણેની પદ્ધતિ હવે આયુર્વેદિક અને હોમિયોપેથિક કોલેજોમાં પણ દાખલ કરવાનું ભારત સરકારે રાજ્ય સરકારોને સૂચવ્યું છે. એ આધારે ગુજરાતમાં પણ ૧૫ ટકા ક્વોટા ભારત સરકારના આયુર્વેદિક અને હોમિયોપેથીના વિદ્યાર્થીઓ માટે..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, નેચરોપથી ખરું તેમાં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, જી. નેચરોપથી ખરું. નેચરોપથી શરૂઆતના તબક્કે છે. નેચરોપથીનો ઉપયોગ વધતો જાય છે. કારણ કે કુદરતી ઉપચાર એ પણ કોરોનામાં અને બીજાં અનેક રોગોની સારવારમાં કારગત નિવડી શકે છે. તેનો પણ અભ્યાસક્રમ ચાલુ થયો છે. એટલે આ પ્રમાણેની જે કોલેજો છે તેમાં ૧૫ ટકા નેશનલ ક્વોટા મંજૂર કરવાની કાયદામાં સુધારો કરવાની વિગત લઇને આ સન્માનનીય ગૃહમાં આવ્યો છું. હું માનું છું કે આ આખા દેશ માટે ઉપયોગી છે. રાષ્ટ્રીય એકતા માટે ઉપયોગી છે. ફી જે થાય તે વિદ્યાર્થીઓને ભરવાની છે. આમાં રાજ્ય સરકાર તરફથી કોઇ પણ પ્રકારની મદદ આર્થિક રીતે આપવાની થતી નથી. એટલું ચોક્કસ થશે કે રાજ્ય સરકારની મેડિકલ કોલેજોની ફી ઓછી છે તેમ આયુર્વેદિક કોલેજોની ફી ઓછી હોય. તો મેરિટમાં જે વિદ્યાર્થી આવે, સરકારી કોલેજ પસંદ કરે તો શક્ય છે કે તેને ઓછી ફી ભરવાની થાય અને ખાનગી કોલેજમાં એડમિશન લેશે તો ફી નિર્ધારણ કમિટીએ નક્કી કરેલ ફી ભરવાની થશે. એટલે આ સુધારાને મંજૂરી આપવા સૌને મારી વિનંતી છે.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ દ્વારા ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ-૨૦૦૭માં સૂચિત સુધારા વિધેયક લાવ્યા છે તેને મારું સમર્થન છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્ય કે રાષ્ટ્ર ત્રણ કેટેગરીમાં વહેંચાયેલા છે. પછાત રાજ્ય કે રાષ્ટ્ર હોય, અર્ધ વિકસિત રાજ્ય કે રાષ્ટ્ર હોય અને વિકસિત રાજ્ય કે રાષ્ટ્ર હોય પરંતુ દરેક રાજ્ય કે રાષ્ટ્રનું લક્ષ્ય આજે સમગ્ર વિશ્વમાં વિકસિત નહીં, પરંતુ અતિ વિકસિત, વિશ્વની અંદર ટોપ-૧૦માં આવવાનો દરેક રાજ્ય કે રાષ્ટ્રનો લક્ષ્યાંક રહ્યો છે. વિકસિત કે અતિ વિકસિત રાજ્ય કે રાષ્ટ્ર બનવા માટે પાયામાં બે તત્વો ખૂબ અનિવાર્ય છે. પહેલું કે ત્યાંના લોકોમાં ઉચ્ચ શિક્ષણ હોય અને તંદુરસ્ત આરોગ્ય હોય. આ બે પાયામાં પડેલા મહત્ત્વના તત્વોને કારણે એ રાષ્ટ્રને મહાસત્તા તરફ લઇ જતા હોય છે. કારણ કે વ્યક્તિ જો તંદુરસ્ત ન હોય અને આજની આધુનિક ટેક્નોલોજીના જમાનામાં વૈશ્વિક જ્ઞાન સાથે એ તૈયાર ન હોય તો આજે મહાસત્તા બનવાનું ખૂબ અઘરું છે. ઉચ્ચ શિક્ષણની વાત કરીએ તો ગુજરાત અસ્તિત્વમાં આવ્યું ત્યારે કોંગ્રેસનું રાજ હતું. વર્ષ ૧૯૬૦ પછીની સ્થિતિ કેવી હતી કે આપણે મેડિકલની વાત કરીએ, ડેન્ટલની વાત કરીએ, આયુર્વેદિકની વાત કરીએ, હોમિયોપેથિકની વાત કરીએ કે એન્જિનિયરીંગની વાત કરીએ. ગુજરાતમાં તે વખતે વિદ્યાર્થીને અભ્યાસ કરવા માટે કોઇ પૂરતી તક હતી નહીં. આ ઉચ્ચ અભ્યાસ ખૂબ જ ખર્ચાળ હોવાથી વાલી પણ બાળકોને ૧૦મા ધોરણથી જ કહેતા હતા કે કોમર્સ લઇ લે, આર્ટસ લઇ લે. સાયન્સમાં જશે તો નાહકનો વધારે ખર્ચો આવશે. કારણ કે ૧૨મા ધોરણ પછી સાયન્સમાં કાં તો એન્જિનિયરીંગમાં જવું પડે અને કાં તો મેડિકલમાં જવું પડે. તો આવી સ્થિતિમાં ધોરણ-૧૨ પછી મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથી કે એન્જિનિયરીંગનો અભ્યાસ કરવો, તે વખતે આ પરિસ્થિતિ ન હતી કારણ કે આટલી બધી આધુનિક સગવડ ન હતી. અને તે વખતનો ડ્રોપ આઉટ રેશિયો પણ ખૂબ વધારે હતો. એ જમાનો હતો કે ધોરણ-૧૦ અને ૧૨માં ભણીને નોકરી લઇ લેવી. ગ્રેજ્યુએટ તો દૂરની વાત હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પી.જી.ની વાતો છે. આવા સમયમાં અને ત્યાર પછી જે પરિસ્થિતિનું નિર્માણ થયું કે ગુજરાતની વ્યક્તિને ૧૨મા ધોરણ પછી કોઇ પણ ઉચ્ચ અભ્યાસ કરવા માટે એન્જિનિયરીંગ કે તબીબી લાઇનમાં જવું હોય તો એણે ગુજરાતની બહાર જવું પડે. મહારાષ્ટ્ર અને કર્ણાટક જવું પડે. આ સ્થિતિમાં આપણા ગુજરાતમાં તે વખતે વિદ્યાર્થીઓનો ક્વોટા પણ ખૂબ ઓછો હતો. એડમિશન લેવામાં મશ્કેલી હતી. કોંગ્રેસના શાસનમાં આ બાબતમાં ધ્યાન રાખવાની જરૂર હતી, તકેદારી રાખવાની હતી, વ્યવસ્થાઓ ઉભી કરવાની હતી એ સંજોગોવસાત ઉભી કરી શક્યા નહીં. પરિણામે આપણા લોકો અન્ય પ્રાન્તમાં ગયા. ત્યાં શું પરિસ્થિતિ? મહારાષ્ટ્રમાં એકે એક સેલ્ફ ફાયનાન્સ કોલેજ પોલિટિશિયનની છે. કર્ણાટકમાં એકે એક કોલેજ પોલિટિશિયનની છે. લાખો કરોડો રૂપિયા ડોનેશન વગર એડમિશન અપાતું નહીં. એમ.બી.બી.એસ.નું એડમિશન લેવું હોય તો મહારાષ્ટ્રની કોલેજમાં રૂપિયા એક કરોડ ડોનેશન આપવું પડે. એમ.બી.બી.એસ.માં એડમિશન લેવું હોય તો કર્ણાટકમાં રૂપિયા ૨૫ લાખ ડોનેશન આપવું પડે. સેલ્ફ ફાયનાન્સ કોલેજની ફીની તો કોઇ ચરમસીમા નહીં. અતિ ખર્ચાળ ભણતર હતું. એનો મતલબ એવો હતો કે તે જમાનામાં માત્રને માત્ર જો તમારે એન્જિનિયર કે ડોકટર બનવું હોય તો પૈસાદાર વ્યક્તિ સિવાય કોઇ બની શકતું નહીં. આ સ્થિતિ આપણા રાજ્યની હતી. એના કારણે તો પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે આજના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે જહેમત ઉઠાવી, એમણે આ પાયાનું કામ હતું કે ગુજરાતને સર્વાંગી વિકાસમાં લઇ જવું છે. અહીંના લોકો એડમિશન માટે આખા હિન્દુસ્તાનમાં ઠેર ઠેર

જાય એટલું જ નહીં પરંતુ વિદેશમાં પણ જાય. પરંતુ આપણે ત્યાં ૧૨મા ધોરણ પછી તબીબી ક્ષેત્રે કે એન્જિનિયરીંગ ક્ષેત્રે કે અન્ય ક્ષેત્રે કોઇ તક ન હતી. આ તક કઇ રીતે ઉભી કરવી? મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ, નર્સિંગ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથિક, એન્જિનિયરીંગ જેવી ફેકલ્ટીઓમાં આજે ૧૦૦થી વધુ બ્રાન્ચ કાર્યરત છે એની શરૂઆત કરાવી. વધુમાં વધુ નવી કોલેજોની શરૂઆત કરાવી. જ્યાં જ્યાં સિવિલ હોસ્પિટલો હતી ત્યાં મેડિકલ કોલેજોની સ્થાપના કરાવી. વિદ્યાર્થીઓની સંખ્યામાં વધુને વધુ વધારો કરાવ્યો અને ઘર આંગણે દરેક વિદ્યાર્થી ૧૨મા ધોરણ પછી એને જ્યાં જવું હોય, આપણા ગુજરાતમાં જ શિક્ષણ મેળવી શકે એ પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવ્યું. એ કાંઇ એક વર્ષમાં થયું નથી. એના માટે ઘણો લાંબો સમય લીધો. આના પ્રતાપે આદિવાસી સમાજ, દલિત સમાજ, જંગલમાં રહેતા ડાંગના વિદ્યાર્થીઓ અને ગુજરાતના ખૂણેખૂણાના વિદ્યાર્થીઓ આજે એ લોકો ડોક્ટર અને એન્જિનિયરીંગ ભણતા થયા. આ આપણી સરકારની ઉપલબ્ધતા છે. એક જમાનામાં માત્ર પૈસાદાર વર્ગ હિન્દુસ્તાનના ખૂણે જઇને અભ્યાસ કરે પણ ત્યાર પછી આખી શિક્ષણની ટેકનોલોજીની વાત કરવામાં આવી. આપણને એમ થાય કે યુનિવર્સિટી, પણ સાહેબ, એક તરફ શિક્ષણની ભૂખ અને આ ભૂખના કારણે આપણા દેશમાં, આપણા ગુજરાતમાં દરેકને ન્યાય મળે, દરેકને તક મળે, દરેકને અનેક ફેકલ્ટીમાં એડમિશન મળે, પોતાની રુચિ પ્રમાણે ઇઝરાયલની જેમ, ત્યાં વસતિ ઓછી છે પણ એ દેશ એટલા માટે શક્તિશાળી છે કે એની પાસે સાહસ છે. એની પાસે પુષ્કળ પૈસો છે. એની પાસે પુષ્કળ માઇન્ડ છે, વિદ્યા છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ છે. એ લોકો વિશ્વમાં થોડા છે પણ એ બધા નોબલ પારિતોષિક મેળવી ચૂકેલા લોકો છે. એનો ખૂબ ઉંચો આઇ.ક્યુ. છે. આ આઇ.ક્યુ. ગુજરાતમાં ઉત્પન્ન કરવા માટે શ્રી નરેન્દ્રભાઇએ પ્રયત્ન કર્યો એના પરિણામે આજે આપણા ગુજરાતમાં ઘર આંગણે વિદ્યાર્થીઓને, આદિવાસીઓ, દલિત સમાજના વિદ્યાર્થીઓને, ગરીબ વિદ્યાર્થીઓને આ તમામ અભ્યાસક્રમમાં ભાગ લેવાની તક મળી અને હજુ પણ મારે તો માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇને વિનંતી કરવાની છે કે સરકાર હજુ મરીન યુનિવર્સિટી, એરોનોટિકલ યુનિવર્સિટીની સ્થાપના કરે કે દરિયામાં અને હવામાં આપણા વિદ્યાર્થીઓ માટે એની ટેલેન્ટ વિશ્વના અન્ય દેશોની જેમ ઉપલબ્ધ થાય. એટલે યુનિવર્સિટી વધારો, લોકોને ન્યાય અપાવો, લોકોને રુચિ પ્રમાણે શિક્ષણ મળે એવી વ્યવસ્થા ઊભી કરો. સાહેબ, આ સુધારાથી સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણેથી દૂર દૂર વિદ્યાર્થીઓને પ્રવેશ નિયમન, એની ફી, પ્રવેશનો નિર્ધાર કર્યો છે, જે સુધારા લાવ્યા છે એને મારું અનુમોદન છે.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ જે સુધારા વિધેયક લઇને આવ્યા છે ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક હોવાથી આમાં વિશેષ ચર્ચાની જોગવાઇ નથી પણ જે શ્રી પૂર્ણેશભાઇએ ચર્ચા કરી કે અમારા આવ્યા પછી આ બધું વધ્યું છે તો મારે એમને એમ કહેવું છે કે અમે ગામડામાંથી આવેલા અને ડોક્ટર થયેલો, સર્જન થયેલો છું તે વખતે પણ શિક્ષણ સારું મળતું હતું. આજે ઊંધું થઇ ગયું છે. સંખ્યા વધી છે પણ એને ભણાવનારા ડોક્ટરો નથી. આજે તમે હોસ્પિટલમાં જઇને તપાસ કરો તો ખબર પડશે કે જેમ ડોક્ટરો હોસ્પિટલમાં નથી તેમ ભણાવનારા પણ ડોક્ટરો નથી. આજે છોકરાઓનું શિક્ષણ કથળ્યું છે એવી પરિસ્થિતિ છે. જે સરકારની વ્યવસ્થા તબીબી શિક્ષણ માટેની જે પહેલા હતી એ ૭૫ ટકા સરકારી બેઠકો ૨૫ ટકા સંચાલક મંડળની બેઠકો અને ૧૫ ટકા બિન-નિવાસી ગુજરાતીઓ માટે આપણે જે ભરતી કરતા હતા એ પ્રમાણે વ્યવસ્થા હતી એ વ્યવસ્થામાં વધારો કર્યો છે અને હવે આર્યુવેદિક તરફ પણ એમાં જગ્યા ભરવાનું હું જે સમજું છું એવું છે કે આર્યુવેદિક, હોમિયોપેથિક, નેચરોપેથી એમાં પણ આ જ નિયમ લાગુ પડવો જોઇએ એવું આપનું કહેવું છે એમ મને લાગે છે પણ આમાં એક જ મુશ્કેલી છે કે આ સ્પેશ્યલ વધારાનો ક્વોટા વધારવાથી આપણી પાસે જે આર્યુવેદિકની ૩૦ કોલેજો અને હોમિયોપેથીની ૩૫ કોલેજો છે આપે જે જણાવ્યું છે તે પ્રમાણે ટોટલ ૮૯૨૯ જગ્યાઓ છે અને એમાંથી આપણે ઓલ ઇન્ડિયા માટે લગભગ ૮૮૯ જગ્યાઓ આપણે આપવી પડશે. કારણ કે ઓલ ઇન્ડિયામાંથી છોકરા આવશે એમને મેરિટના આધારે એડમિશન મળશે પણ કેટલી જગ્યા આપણી ઓછી થશે એક મુશ્કેલીનો સવાલ છે એટલે કદાચ સુપરન્યુમરી પોસ્ટ ઊભી કરો કે કોઇ વ્યવસ્થા થાય તો કદાચ આપણા અહીંના છોકરાઓને અન્યાય ના થાય. કારણ કે અહીંયા એમને શિક્ષણ મળત પણ હવે પરિસ્થિતિ એ થવાની કે આ જે છોકરાઓ રહી જાય એ લોકોને કદાચ બહાર કે બીજા રાજ્યમાં જવું પડશે અને બીજા રાજ્યમાં આપણી જે ફી છે એના કરતા કદાચ ત્રણ ગણી ફી ભરવી પડે એવું મને લાગે છે. કારણ કે અત્યારે ફીનું ધોરણ બીજા રાજ્યોમાં વધારે છે ત્યારે આપણા છોકરાને નુકસાન જશે એમ મને લાગે છે. બાકી જે નિયમ અને કાયદો લાવ્યા છે એ આખા ઓલ ઇન્ડિયા લેવલ માટે સરખો જ હોઇ શકે પણ એની જે વ્યવસ્થાને કારણે આપણા છોકરાઓને નુકસાન થતું હતું એની પણ ખાસ વ્યવસ્થા કરવી જોઇએ એવું મને લાગે છે. જગ્યાઓ જ ખાલી છે મૂળ તો દરેક જગ્યાએ દરેક હોસ્પિટલમાં ભણાવનારા ડોક્ટરો રહ્યાં નથી કારણ કે ભણાવતાં જ નથી. એમને એમ છે કે એના કરતા હું પ્રાઇવેટ હોસ્પિટલ ખોલીશ તો વધારે કમાણી મળવાની છે. એટલે મોટાભાગના ડોક્ટરો પ્રાઇવેટમાં આવી જાય છે અને ત્યાં શિક્ષણ માટે ડોક્ટરો નથી મળતા આવા સંજોગોમાં એની પણ વ્યવસ્થા કરવાની ચિંતા આપણે કરવી જોઇએ એવું મને લાગે છે.

એટલે જે કાંઇ શ્રી નીતિનભાઇ લાવ્યા છે એમાં વિશેષ ના કહેતા આટલા મારા મુદ્દા સિવાય હું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય પૂર્ણેશભાઇ અને માનનીય જોષીયારા સાહેબે આ ચર્ચામાં ભાગ લીધો છે. બંનેએ અનુમોદન આપ્યું છે એ બદલ આભાર માનું છે. ડો.જોષીયારા સાહેબની જે ચિંતા છે એ પણ વાજબી છે કે આપણી સીટો લગભગ ૯૦૦ જેટલી ઘટે તો ગુજરાતના વિદ્યાર્થીઓને બીજી કોલેજો તરફ વળવું પડે પણ હું એટલું ચોક્કસ કહીશ કે અત્યારે જે ટ્રેઇન ચાલી રહ્યો છે એ ટ્રેઇન જોતાં આર્યુવેદિક કોલેજોની સેલ્ફ ફાયનાન્સ સ્થાપના કરવી, હોમિયોપેથી કોલેજોની સ્થાપના કરવી અને હવે તો એમ.બી.બી.એસ. કોલેજો પણ આપણી ગુજરાત સરકારની બ્રાઉન ફિલ્ડ, ગ્રીન ફિલ્ડ એ બે નીતિ છે જે અંતર્ગત પી.પી.પી. ધોરણે સરકાર અને અન્ય સંસ્થા ભેગા મળી નવી મેડિકલ કોલેજ બનાવે. વિનામૂલ્યે હોસ્પિટલ ચલાવે અને વિદ્યાર્થીઓની બેઠક વધે. એ પણ વધી રહ્યું છે. એ જ રીતે આયુર્વેદીક કોલેજો બનાવવી, હયાત સીટોમાં વધારો કરવો એવી દર વર્ષે મોટા પ્રમાણમાં માગણી આવતી જાય છે અને ભારત સરકારે પણ આયુષ્ય મંત્રાલય બનાવી અને મેડિકલની સાથે સાથે એટલે કે એલોપથીની સાથે સાથે આયુર્વેદિક, હોમિયોપેથિક, નેચરોપથી આ બધી આપણી જે સારવારની અન્ય પદ્ધતિઓ છે એને પણ પ્રોત્સાહન આપવાનો નિર્ણય કર્યો છે. આ કોરોના વખતે જોયું તો આયુષ્ય ડોકટરો ખૂબ ઉપયોગી થયા છે. ધન્વંતરી રથ હોય, હોસ્પિટલોમાં એમ.બી.બી.એસ. કે ફિઝિશિયન ડોકટરોની સાથે મદદમાં એમની જરૂર હોય તો એ બધા આપણને ઉપયોગી થયા છે તો એ પણ સરકાર નવી ભરતી કરે છે, ખાનગી હોસ્પિટલો પણ નવી ભરતી કરે છે અને આયુર્વેદિક પદ્ધતિથી ઉપચાર કરવો અને ભણવું એની પણ માત્રા યુવાનોમાં, બહેનોમાં વધતી જાય છે એટલે નવી કોલેજો વધશે એની મંજૂરી આપવાની સત્તા રાજ્ય સરકાર પાસે પણ છે. કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી લેવી પડે છે. આપણી સીટો ઘટી છે તો આપણે કેન્દ્ર સરકારને આગ્રહ કરી શકીશું કે અમને ગુજરાતના વિદ્યાર્થીઓને ન્યાય મળે અને હોંશિયાર વિદ્યાર્થીઓ એડમિશન વગર રહી ન જાય માટે અમને નવી સીટો વધારી આપો, નવી કોલેજો આયુર્વેદિક, હોમિયોપેથીકની મંજૂરી આપો તો ચોકકસ આપણને મળશે. એટલે એનો લાભ મળવાનો છે અને બધી રીતે આપણે સાથે મળી અને આ કરીએ છીએ. બીજી એક વાત અગત્યની છે. જેનો ઉલ્લેખ કરવો પણ જરૂરી છે. મેડિકલમાં પણ જે રીતે નેશનલ કવોટા છે તો એવું નથી કે બહારના વિદ્યાર્થીઓ એકલા જ ગુજરાતમાં આવે છે. ગુજરાતના આપણા હોંશિયાર વિદ્યાર્થીઓ બીજા રાજ્યોની મોટી મેડિકલ કોલેજ, જૂની, પ્રતિષ્ઠિત મેડિકલ કોલેજોમાં જાય છે. આ વર્ષે પણ મેડિકલમાં ખૂબ ઉંચા ગુણાંકન, મેરિટ લાવનાર નીટમાં આપણા ઘણા વિદ્યાર્થીઓ દિલ્હીની એઇમ્સમાં ગયા, બીજી મોટી કોલેજોમાં ગયા તો આપણા વિદ્યાર્થીઓને પણ નેશનલ કવોટાનો લાભ મળે છે. એવું નથી કે બહારથી જ આવશે. આપણા વિદ્યાર્થીઓ પણ બ્રિલિયન્ટ હશે અને એને બહારની કોઇ મોટી આયુર્વેદિક કોલેજમાં જવું હશે તો લાભ મળવાનો છે એટલે આ નેશનલ કવોટા એ બધા રાજયોના અરસપરસ છે. મેરિટ પ્રમાણે વિદ્યાર્થી એનો લાભ લઇ શકે. એટલે થોડા જશે પણ ખરા, આપણા વિદ્યાર્થીઓ પણ લાભ લેશે. બહારના પણ આપણે ત્યાં આવશે. આમ રાષ્ટ્રિય હિતમાં બધાને લાભ મળે એવો આ નિર્ણય છે તો આને મંજૂર કરવા મારી વિપક્ષના નેતાશ્રીને અને ઉપનેતાશ્રીને સર્વને વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં અમે ટેકો જ આપીએ છીએ. ખાલી એટલી માહિતી હોય તો આપજો કે આયુર્વેદિકની જે પાંચ સરકારી કોલેજો છે એમાં આપણી કેટલી બેઠક છે અને હોમિયોપથીની કેટલી સરકારી બેઠકો છે આપની પાસે માહિતી હોય તો આપજો. હોય તો જ. નહીંતર ટેકો આપીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી જે કોલેજો છે એમાં નામ પ્રખ્યાત થયેલા છે. દા.ત. અમદાવાદમાં શ્રી શૈલેષભાઇના વિસ્તારની નજીકમાં અખંડ આનંદ આયુર્વેદિક કોલેજ આખા રાજ્યમાં નહીં, આખા દેશમાં પ્રખ્યાત છે. મેં ઘણી વખત એની મુલાકાત લીધી છે. હવે એનું નવું બિલ્ડીંગ પણ આપણે બનાવી રહ્યા છીએ કારણ કે જૂનું થઇ ગયું છે તો સેંકડો દર્દીઓ બધા એનો દરરોજ લાભ લે છે. કોલવડા પાસે, ગાંધીનગર પાસે આપણે નવી મોટી અદ્યતન, વિશાળ આયુર્વેદિક કોલેજ બનાવી છે. હોસ્પિટલ પણ બનાવી છે તો ત્યાં પણ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ એનો લાભ લે છે. આવતીકાલે હું બીજું બિલ લાવવાનો છું. જામનગરની આપણી જૂનામાં જૂની મહારાજાના વખતમાં સ્થપાયેલી આયુર્વેદિક યુનિવર્સિટી ગુલાબકુંવરબા યુનિવર્સિટી શ્રી ફળદુ સાહેબના અને શ્રી હકુભાના વિસ્તારની છે. જામનગરની બહુ જૂની છે અને ત્યાં પણ સમગ્ર દેશમાંથી દર્દીઓ એની સારવાર મેળવવા માટે આવે છે એટલે આપણી આ કોલેજો અને આ હોસ્પિટલ બંને પ્રખ્યાત છે. પ્રખ્યાત એકલી નહીં, પ્રતિષ્ઠિત છે. બીજું, ત્યાં દવાઓ પણ આપણે બનાવીએ છીએ અને કોઇને એમ લાગે કે ફકત હિન્દુઓ જ આયુર્વેદિક પદ્ધતિનો લાભ લેતા હશે પણ મને જણાવતા આનંદ થાય છે કે જયારે હું અખંડ આનંદની મુલાકાતે ગયો. તો ૨૫ થી ૩૦ ટકા મુસ્લિમ સમુદાયના દર્દીઓ પેરાલીસીસ થઇ ગયો હોય કે બીજી કોઇ તકલીફ હોય, પેટની તકલીફ હોય કે એલોપેથીથી ના મટતું હોય તેવી બીમારી હોય, લાંબા ગાળે સારવાર લીધા પછી તકલીફ હોય તેવા આર્યુવેદિક સારવારથી સાજા થઇ જાય છે. આપણી અમદાવાદની મણીબેન હોસ્પિટલ પ્રખ્યાત છે. આ રીતે આપણી આ બધી કોલેજો પ્રખ્યાત છે જ. જે હજુ વધુ સારી કરવા માટે પ્રયત્ન કરીએ છીએ. સાધન સામગ્રી, સ્ટાફ બધું આપીએ છીએ.

તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત વિધેયક, ૨૦૨૧

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રી વિધાનસભા સમક્ષ જે બિલ લઈને આવેલ છે. અમારા સભ્યશ્રીએ વિચાર વ્યક્ત કર્યો છે. સાથી ઉપનેતા શ્રી શૈલેષભાઇએ પક્ષનો વ્યૂહ છે અને અમે સમર્થન આપીએ છીએ. આપના મારફત મંત્રીશ્રીને એક વિનંતી છે કે અમારું ગાયકવાડનું ગામ અમરેલી છે. અમરેલીના હાર્દ સમા વિસ્તારની અંદર આયુર્વેદ હોસ્પિટલની ખૂબ વર્ષો જૂની સંસ્થા કાર્યરત છે. ખૂબ સરસમજાની મોકાની અને પર્યાપ્ત જગ્યા છે. આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ચરકસંહિતાની સંસ્કૃતિને સમૃદ્ધ કરવા, સાચવવા અને આગળ ધપાવવા માટે અમરેલી આયુર્વેદિક સંસ્થા છે, તેને આયુર્વેદિક હોસ્પિટલની અંદર અપગ્રેડ કરવા મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇનો અમરેલી જિલ્લો મોટો છે. આમ તો સમયની મર્યાદામાં વિગતવાર આપતો નથી, પણ આપણે તાલુકે તાલુકે આર્યુવેદિક દવાખાના મોટા પ્રમાણમાં ચાલુ કર્યા છે. ગયા વર્ષે આયુર્વેદિક ડોક્ટરોની મોટા પ્રમાણમાં ભરતી કરી એ કરીશું અને ચોક્કસ તમારા સૂચનને ધ્યાનમાં લઇશું. બીજું શ્રી શૈલેષભાઇએ માહિતી માગી તો અત્યારે ૫ આપણી સરકારી કોલેજો છે. એમાં ૩૯૪ બેઠકો સરકારની આયુર્વેદિક કોલેજમાં છે. સરકારની હોમિયોપોથિક કોલેજ એક છે. એમાં ૧૨૫ બેઠકો છે.

અધ્યક્ષશ્રી : આયુર્વેદિક હોસ્પિટલની વાત છે. મને પણ ગૌરવ થાય છે કે આખા ભારતમાં ખાનગી આયુર્વેદિકની હોસ્પિટલ હોય તો વડોદરામાં છે. સ્વ.શિવપ્રસાદ વૈદ્ય. માનનીય બાપુ ત્યાં આગળ દવા લેતા હતા. માનનીય સ્વ. અશોક ભટ્ટ આયુર્વેદિક દવા ત્યાંથી લાવતા. ઘણા બધા લોકો અને આપણા નડિયાદમાં મહારાજ સાહેબ પણ શિવપ્રસાદ વૈદ્યની દવા લેતા. ત્યાં મેં જોયું છે કે મુસ્લિમ સમાજના ઓછામાં ઓછા ૩૦થી ૩૫ ટકા લોકો આયુર્વેદિક હોસ્પિટલની સેવા લે છે. ૧૪, ૧૫ જણા ખાલી દવાના પડિકા બનાવવા માટે રાખ્યા છે. એટલી સારી હોસ્પિટલ આમાં ખરેખર ગૌરવ લેવા જેવી વાત છે. આપણા ભારતની પ્રાચીન પદ્ધતિ છે, એમાં જેટલો વિકાસ થાય એટલું સારું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં પણ વર્ષો જૂની રેલ્વે સ્ટેશનની સામે જ એક સુંદર અને પ્રતિષ્ઠિત આયુર્વેદિક હોસ્પિટલ અને કોલેજ બંને છે. એ પણ ખૂબ સેવા આપે છે. સરકારની ગ્રાન્ટેબલ આપણી સંસ્થા છે. અહીયા લોદરામાં પણ હતી, પણ ડિસ્પ્યૂટના કારણે બંધ થઇ ગઇ છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદિક હોસ્પિટલની ચર્ચા ચાલી છે. તો મારા વિસ્તારમાં મંત્રીશ્રી એક આયુર્વેદિક હોસ્પિટલનું નિર્માણ થયું છે. ઇન્ડોર પેશન્ટ પણ રહી શકે છે. પંચકર્મથી માંડી ખૂબ બધી જ વ્યવસ્થા છે. રોજના ૪૫૦ થી ૫૦૦ ની ઓ.પી.ડી. છે. જાણ માટે વાત કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ સાહેબ થોડોક સમય લેશે. માનનીય ગોવિંદભાઇ.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સારામાં સારી આયુર્વેદિક કોલેજ સરકારે બનાવેલી છે. સારામાં સારી હોસ્પિટલ ચાલે છે. આઉટ ડોર અને ઇન્ડોર પેશન્ટો એટલા બધા હોય છે.

અધ્યક્ષશ્રી : એક કિસ્સો આપણા સૌને માટે જાણવો જરૂરી છે. એક ૮૬ વર્ષના વૃદ્ધ વડીલ બેભાન થઇ ગયા. શરીરના તમામ અંગો કામ કરતા બંધ થઇ ગયા. સિવાય કે હૃદય અને ફેફસું ચાલે. અનેક ડોક્ટરોને બતાવ્યા પછી બધાએ એવું કહ્યું કે he is on his way. એ એમના ઇશ્વરના રસ્તે છે. હવે એમને હોસ્પિટલમાં દાખલ ન કરાવશો ક્યાંય એ થોડા દિવસના મહેમાન છે. જુએ નહીં, બોલે નહીં, ઓળખે નહીં, હાથ-પગ ચાલે નહીં, ખાલી ત્રણ આંગળી ચાલે માળાની. એક આશ્ચર્ય સાથે વડોદરાના મિસિસ કૌલ કે જે ભારતના શ્રેષ્ઠ ન્યુરોલોજીસ્ટ ગણાય, એમણે પણ બધું જોઇને કહ્યું કે હવે આ કાકા વધારે જીવે એમ નથી. કોઇક મિત્રે આવીને કહ્યું કે, આમને આયુર્વેદિક હોસ્પિટલમાં દાખલ કરો. શીવપ્રસાદ વૈદ્ય જીવે એ વખતે, આમ કરીને હાથમાં લઇ ગયેલા અને એમણે નસ જોઇ, સ્ટેથોસ્કોપ વાપર્યું અને એવું કહ્યું કે, "આ દાદાને પંદર દિવસ પહેલા તાવ આવેલો?" એટલે મારી પત્નીએ કહ્યું કે, હા, તાવ આવેલો. તો એમણે કહ્યું કે, આમને કશું જ નથી, આમને ઘરે લઇ જાવ અને હું જે દવા આપુ છું એ શરીરના જે પાંચ છીદ્રો છે આંખ, કાન, નાક, મોં અને શરીરે તેલ માલીસ કરવાનું સાજા થઇ જશે. આશ્ચર્ય વચ્ચે અમે ઘરે લઇ ગયા, ગભરાતા ગભરાતા અને એ વખતે ૧૮૦૦ રૂપિયાની દવા થયેલી. સાત જ દિવસમાં દાદા ચાલતા થઇ ગયા અને દસ વર્ષ જીવ્યા. એ મિસિસ કૌલ આશ્ચર્ય સાથે એમને જોવા માટે આવેલા. આયુર્વેદિક દવાની જે તાકાત છે, એના લીધે થઇ શકયું. મારા દાદા પછી ૯૬ વર્ષે ગુજરી ગયા અને મારી આંખ સામેનો આયુર્વેદિક દવાનો આ અનુભવ છે, ત્યારથી મને આયુર્વેદમાં અત્યંત શ્રદ્ધા છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, બધા માગે છે તો હું પણ કંઇક માનનીય નીતિનભાઇ પાસે માગું છું. મારા ગીર સોમનાથ જિલ્લામાં ખાસ કરીને નોન પોલ્યુશન ઝોન છે સાસણ ગીર ફોરેસ્ટ તો ત્યાં એક આયુર્વેદિક હોસ્પિટલ ઉભી કરવામાં આવે તો અમારે બરડાથી લઇ ગીર વિસ્તારમાં ૫૫૦૦ જાતની વનસ્પતિઓ અલગ અલગ સિઝનમાં ઉગે છે આ રેકર્ડ આધારિત છે એટલે એક આયુર્વેદિક હોસ્પિટલ સાથે રીસર્ચ સેન્ટર પણ સાસણમાં આપવામાં આવે એવી હું વિનંતી કરું છું.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલી અપેક્ષા રાખીએ છીએ કે, સુરતમાં આયુર્વેદિક હોસ્પિટલ જે ચાલે છે એમાં થોડીક જગ્યા માટેની માગણીઓ છે તો એની પૂર્તતા થઇ જાય તો સુરત શહેર માટે આશીર્વાદરૂપ ગણાશે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, એમ.બી.બી.એસ. અને ડેન્ટલના વિદ્યાર્થીઓના પ્રમાણમાં આયુર્વેદના વિદ્યાર્થીઓને એમ.વાય.એસ.વાય. અંતર્ગત શિષ્યવૃત્તિ પ્રમાણમાં ઓછી મળે છે તો એને એના જેટલી જ શિષ્યવૃત્તિ મળે એવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભગાભાઇની વાતનો હું જવાબ આપી દઉં. શ્રી ભગાભાઇની વાત અગત્યની છે અને આપને બધાને જાણીને આનંદ થશે કે, અમે આરોગ્ય વિભાગમાં નિર્ણય કર્યો છે કે દરેક તાલુકામાં જે સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્રો નવા બને છે એ નવા બિલ્ડીંગોમાં એક વિંગ આયુર્વેદિક વિભાગની સ્પેશિયલ બનાવવી અને એ પ્લાનિંગ અમે ચાલુ કરી દીધું છે, ઘણી જગ્યાએ અમલમાં પણ મૂકી દીધું છે કે જેથી એક જ જમીન, એક જ બિલ્ડીંગ, લાઇટ અને બીજો ખર્ચો યથાવત, કોઇ નવો ખર્ચ ન કરવો પડે, સરકારને બીજી જગ્યાએ જમીન ન આપવી પડે અને એલોપથીની સાથે એ જ બિલ્ડીંગમાં આયુર્વેદિક સારવાર થાય. બીજું આ વર્ષે અમે નિર્ણય પણ કરી દીધો છે કે, આપણી સોલાની સિવિલ હોસ્પિટલમાં દિવસના ટાઇમે આયુર્વેદિક પદ્ધતિથી પંચકર્મ સારવાર આપવાની આપણે શરુઆત કરી છે. એટલે આયુર્વેદનો વ્યાપ વધે અને લોકોને એની સગવડ મળે એ અમારો આરોગ્ય વિભાગ કરી રહ્યો છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૨૧નું ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૨૧નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫**

**ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૨૧**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર **(** રાજ્યકક્ષાના પંચાયતમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી**,** રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫, **સન–૨૦૨૧ના ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૨૧ના ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહમાં આપની અનુમતિથી ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક**,** ૨૦૨૧ રજૂ કરવામાં આવેલ છે. જે બાબતે આ સન્માનનીય સભાગૃહને હું માહિતગાર કરું છું. ભારતના સંવિધાન, ૭૩માં સુધારા અધિનિયમ, ૧૯૯૨થી પંચાયતને લગતો ભાગ–૯ સંવિધાનમાં દાખલ કરવામાં આવેલ, જે અન્વયે નવો અધિનિયમ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અમલમાં આવેલ છે. સદર નવા અધિનિયમમાં કલમ–૨૨૭માં પંચાયત સેવાઓના નિયમનને લગતી જોગવાઇ કરવામાં આવેલ છે. જ્યારે કલમ–૨૩૫ માં ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, તેની રચના અને કાર્યોની જોગવાઇ કરવામાં આવેલ છે. જ્યારે કલમ–૨૩૬માં જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૨૩૫ અને કલમ–૨૩૬ની જોગવાઇઓ ટૂંકમાં જોઇએ તો ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૨૩૫ કે જે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડની રચના અને કાર્યોને લગતી છે. જેમાં કલમ–૨૩૫ની જોગવાઇ ટૂંકમાં જોઇએ તો ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડમાં અધ્યક્ષ સહિત પાંચ સભ્યોની જોગવાઇ છે. પંચાયત સેવામાં નિયમોથી ઠરાવવામાં આવે તેવી જગ્યાઓની ભરતી માટે ઉમેદવારો પસંદ કરવાની અને ઠરાવવામાં આવે તેવી બાબતો વિશે પંચાયતોને સલાહ આપવાની બોર્ડની ફરજની જોગવાઇ છે. કલમ–૨૩૬ની જોગવાઇ જોઇએ તો ઠરાવવામાં આવે તેવી

**વિધેયક તારીખ ૧લી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૧

## ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૨૧

પંચાયત સેવાઓની જગ્યાઓની ભરતી માટે ઉમેદવાર પસંદ કરવા સારું અને ઠરાવવામાં આવે તેવી બાબતો વિશે પંચાયતોને સલાહ આપવા અને તેવા કાર્યો બજાવવા માટે દરેક જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિની જોગવાઇ છે. જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના સભ્યોમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષે નીમવાના આવા બોર્ડના એક સભ્ય સંબંધિત જિલ્લા પંચાયતના પ્રમુખ અને રાજ્ય સરકાર નીમે તેવા પંચાયત સેવા અથવા રાજ્ય સેવાના અધિકારી એટલે જિલ્લા વિકાસ અધિકારી. જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ ઉપરાંત રાજ્ય સરકાર દરેક જિલ્લાઓમાં પ્રાથમિક શિક્ષકોની અને ઠરાવવામાં આવે તેવા પ્રાથમિક શિક્ષણ સંબંધી બીજા સ્ટાફની ભરતી માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સ્ટાફ પસંદગી સમિતિ નીમી શકશે. આવી સમિતિની રચના, સત્તા અને ફરજો ઠરાવવામાં આવે તેવા રહેશે. ઉપરોક્ત ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–૨૩૫ અને કલમ–૨૩૬ની જોગવાઇ અન્વયે સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ ૭–૭–૧૯૯૮ના જાહેરનામાથી પંચાયત સેવાના પગારધોરણ રૂપિયા– ૫,૨૦૦ થી ૨૦,૨૦૦ ગ્રેડ પે ૨૮૦૦થી વધુ પગાર ધોરણ ગ્રેડ પે ધરાવતી કે તેથી ઉપરનો ગ્રેડ પે ધરાવતી તમામ જગ્યાઓ જેવી કે નાયબ ચિટનીસ, અધિક મદદનીશ ઇજનેર, મુખ્ય સેવિકા, કમ્પાઉન્ડર, સ્ટાફ નર્સ, વિસ્તરણ અધિકારી સહકાર, વિસ્તરણ અધિકારી ખેતી, સમાજ કલ્યાણ નિરીક્ષક જુનિયર ગ્રેડ, સંશોધન મદદનીશ, વિભાગીય હિસાબનીશ, આંકડા મદદનીશ, લેબોરેટરી ટેકનિશિયન વિગેરેની સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા સીધી ભરતીથી ભરવાની કાર્યવાહીની સત્તા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને આપવામાં આવેલ છે. જયારે પંચાયત સેવાના પગાર ધોરણ રૂ.૫૨૦૦થી રૂ.૨૦,૨૦૦ અને ગ્રેડ પે રૂ.૨૮૦૦થી નીચેના પગાર ધોરણે ગ્રેડ પે ધરાવતી તમામ જગ્યાઓ જેવી કે ગ્રામ પંચાયત મંત્રી, તલાટી કમ મંત્રી, જુનિયર ક્લાર્ક, ગ્રામ સેવક, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર પુરુષ અને ફિમેલ હેલ્થ વર્કર વગેરેની સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા સીધી ભરતીથી ભરવાની સત્તા જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિને આપવામાં આવેલ છે. સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ અને ગ્રામ વિકાસ વિભાગના હુકમ ક્રમાંકઃ પીઆરઆર–૧૦૨૦૧૯/૧૫૨૫/ખ તારીખઃ૪–૮–૨૦૨૦ તથા સુધારા હુકમ ક્રમાંક એઆરઆર–૧૦૨૦૧૯/૧૫૨૫/ખ તારીખ–૨૪–૮–૨૦૨૦થી જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓને નાબૂદ કરી પંચાયત સેવા વર્ગના તમામ સંવર્ગોની સીધી ભરતી કરવા અંગેની સત્તા ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને આપવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને પંચાયત સેવા વર્ગ–૩ની સીધી ભરતીને લગતા સંલગ્ન વિવિધ નિયમોમાં શું સુધારા વધારા કરવાપાત્ર છે તેનો અભ્યાસ કરી, તેની ભલામણો સહિતનો અહેવાલ રજૂ કરવા માટે બોર્ડના અધ્યક્ષશ્રીના અધ્યક્ષપણા હેઠળ સાત સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ હતી. જે અન્વયે સદર સમિતિ દ્વારા સમિતિનો ભલામણ સહિતનો અહેવાલ સરકારશ્રીને રજૂ કરવામાં આવેલ. સદર અહેવાલમાં પંચાયત સેવા વર્ગ–૩ની તમામ સંવર્ગોની સીધી ભરતી હવેથી કેન્દ્રીયકૃત રીતે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા કરવામાં આવે અને તે માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને પંચાયત સેવાની સીધી ભરતીને લગતા સંલગ્ન વિવિધ નિયમોમાંથી જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અને તેને સંબંધિત જોગવાઇ રદ કરવા સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમિતિનો ઉપરોકત અહેવાલ સરકારશ્રી સમક્ષ રજૂ કરતા સમિતિની ભલામણ ક્રમાંક–૧ પંચાયત સેવા વર્ગ–૩ની તમામ સંવર્ગોની સીધી ભરતી હવેથી કેન્દ્રીયકૃત રીતે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા કરવામાં આવે અને તે માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને પંચાયત સેવાની સીધી ભરતીને લગતા સંલગ્ન વિવિધ નિયમોમાંથી જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અને તેને સંબંધિત જોગવાઇ રદ કરવા બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેને અનુલક્ષીને આજનું આ ગુજરાત પંચાયત સુધારા વિધેયક–૨૦૨૧ દાખલ કરવામાં આવેલ છે. હાલમાં રાજ્ય સરકારના કર્મચારીઓની સીધી ભરતી માટે મુખ્યત્વે વર્ગ–૧ અને વર્ગ–૨ના અધિકારી માટે ગુજરાત જાહેર સેવા આયોગ કામગીરી કરે છે. જયારે રાજ્ય સરકારના વર્ગ–૩ના કર્મચારીઓની સીધી ભરતી માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. આમ, ગુજરાત સરકારના વર્ગ–૩ના કર્મચારીઓની સીધી ભરતી માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ કેન્દ્રીયકૃત રીતે સીધી ભરતી કરી મેરિટ કમ પ્રેફરન્સ મુજબ ઉમેદવારોને તેમની પસંદગી મુજબના ડિપાર્ટમેન્ટ, જિલ્લા ફાળવે છે. તે જ પદ્ધતિ મુજબ પંચાયત સેવા વર્ગ–૩ના કર્મચારીઓની સીધી ભરતી માટે તમામ સત્તા પંચાયત સેવા પસંદગી બોર્ડને આપવી વધુ ઉચિત છે. હાલમાં જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓ દરેક જિલ્લા મુજબ હોય ૩૩ જિલ્લા પંચાયતો સમિતિના કાર્યક્ષેત્ર હેઠળની જગ્યાઓની ભરતી માટે અલગ અલગ પરંતુ સમાંતર રીતે કાર્યવાહી કરે છે. આમ, બોર્ડ તેમજ ૩૩ જિલ્લાની જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓ દ્વારા લગભગ સમાન પ્રકારે ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવે છે. ૩૩ જિલ્લાઓની સમિતિઓ દ્વારા લગભગ સમાન પ્રકારે કામગીરી કરવાની હોવાથી આ કામગીરી બેવડાય છે. ઉપરાંત દરેક સમિતિઓએ ભરતી પ્રક્રિયાની વર્તમાનપત્રમાં જાહેરાત અને અન્ય આનુષંગિક ખર્ચ અલગથી કરવો પડે છે. દરેક જિલ્લાની પસંદગી સમિતિ અલગ હોય અલગ પ્રશ્નપત્ર અને પરીક્ષા બાદની પરિણામલક્ષી કામગીરી પણ સમિતિ દીઠ કરવી પડે છે જેથી કામગીરી બેવડાય છે તેમજ કયારેય તેમાં એકસૂત્રતા જાળવવામાં વહીવટી તકલીફો પડે છે. ૩૩ જિલ્લા કક્ષાએ દરેક સંવર્ગનું મેરિટ લીસ્ટ અલગ બનતું હોય તેના ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરીફિકેશનમાં પણ દરેક સમિતિઓ વચ્ચે એકસૂત્રતા જાળવવામાં મુશ્કેલી પડે છે. બોર્ડ દ્વારા કે પંચાયત વિભાગ દ્વારા પણ સમિતિઓને અપાતી સૂચના, ગાઇડ લાઇન, માર્ગદર્શનમાં પણ અલગ અલગ સમિતિઓ દ્વારા કોઇ વખત અલગ અલગ અર્થઘટન થવાની શકયતાઓ રહે છે અને કોઇ

સમિતિ દ્વારા સરકારશ્રીના માર્ગદર્શન અને સૂચનાઓનું પાલન કરવામાં ન આવે અથવા અર્થઘટન કરવામાં ભૂલ કરવામાં આવે ત્યારે કોર્ટ કેસો ઉપસ્થિત થવાની સંભાવના રહે છે અને તેમાં અલગ-અલગ સમિતિ દ્વારા સમાન પ્રકારના કિસ્સામાં એકબીજાથી કરાયેલ વિપરીત નિર્ણયના કારણે વહીવટી, ટેકનિકલ અને કાયદાકીય પ્રશ્નો ઊભા થવાની શક્યતા રહે છે. ઉપરાંત ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૩૬ મુજબ દરેક જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ એ સ્વતંત્ર એકમ છે. જેથી જ્યારે પણ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા વર્ગ-૩ની તલાટી કમ મંત્રી કે જુનિયર કલાર્કની જગ્યા માટે જાહેરાત બહાર પાડવામાં આવે ત્યારે ઘણાં ઉમેદવારો એક કરતાં વધારે જિલ્લાઓમાં અરજીઓ કરે પરંતુ બધાં જિલ્લામાં સ્પર્ધાત્મક પરીક્ષા એક જ દિવસે અને એક જ સમયે લેવામાં આવતી હોય, ઉમેદવારે ભલે એક કરતાં વધુ જિલ્લામાં ઉમેદવારી કરી હોય પરંતુ પરીક્ષા તે ઉમેદવાર કોઈ એક જ જિલ્લામાં આપી શકે છે અને એના કારણે પ્રશ્નપત્ર, પ્રિન્ટિંગ, ઓ.એમ.આર. પ્રિન્ટિંગ, પરીક્ષા કેન્દ્ર ખાતે રોકાયેલ સ્ટાફ અને તેને ચૂકવવાના મહેનતાણા તથા અન્ય આનુષાંગિક ખર્ચ લગભગ બમણાથી પણ વધારે થઈ જાય છે. જેના કારણે સરકારશ્રી ઉપર બિનજરૂરી ખર્ચનું ભારણ આવે છે. ઉપરાંત હાલમાં જિલ્લા પંચાયતમાં જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા થતી ભરતી પ્રક્રિયા ઉપરાંત અન્ય વહીવટી કામો પણ સાથે સાથે કરવાના હોવાથી જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની કામગીરીમાં સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલીઓ નડે છે. જેથી ઘણી વખત વહીવટી, ટેકનિકલ અને કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય છે. ઉપરાંત તમામ જિલ્લા પંચાયત દ્વારા આ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, બોર્ડના સભ્ય કે જે આવી એક કરતાં વધારે સમિતિના ચેરમેન હોય છે તેમને વારંવાર પ્રવાસ કરવો પડે છે. ઉપરાંત જિલ્લા પંચાયતોમાં જે કર્મચારીઓ મહેકમ સંબંધિત શાખા સંભાળે છે તે પૈકી કોઈ કર્મચારી સીધી ભરતી પ્રક્રિયાના વિવિધ નિયમો તેમજ પ્રક્રિયાથી પૂરતા માહિતગાર ન હોવાના કારણે ઘણી વખત વહીવટી અને કાયદાકીય પ્રશ્નો થવાની સંભાવના રહે છે. સીધી ભરતી પ્રક્રિયા એ સ્પેશ્યલાઈઝ્ડ અને સંવેદનશીલ કામગીરી હોઈ, દરેક જિલ્લા કક્ષાએ તેની સત્તા આપવાના બદલે કેન્દ્રીયકૃત રીતે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને સત્તા આપવાથી સીધી ભરતીની કામગીરીમાં એકસૂત્રતા આવશે અને કામગીરીનું બેવડાપણું નિવારી શકાશે તેમજ ભરતી પ્રક્રિયા વધુ ઝડપી, તટસ્થ, ચોક્કસ અને પારદર્શક બનાવી શકાશે અને ગોપનીયતા પણ જળવાશે. આમ, ઉપરોક્ત કારણો ધ્યાને લઈ પંચાયત સેવા વર્ગ-૩ની તમામ સંવર્ગોની સીધી ભરતી હવેથી કેન્દ્રીયકૃત રીતે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા કરવામાં આવે અને તે માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને પંચાયત સેવાની સીધી ભરતીને લગતાં સંલગ્ન વિવિધ નિયમોમાંથી જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અને તેને સંબંધિત જોગવાઈ રદ કરવી જરૂરી જણાય છે. જે માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૩૬ (૧) અને (૨) રદ (Delete) કરવા તેમજ કલમ-૨૩૬(૩)(એ) માં in addition to the District Panchayat Selection Committee the State Government શબ્દોની જગ્યાએ the State Government શબ્દો મૂકવા જરૂરી જણાય છે. આ અનુસંધાને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૨૨૭(6)(b ) રદ કરવી જરૂરી જણાય છે તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા સીધી ભરતીમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામત જાહેર કરવામાં આવેલ હોય પંચાયત સેવા વર્ગ-૩ની સીધી ભરતી માટે પણ આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામતની જોગવાઈ રાખવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૨૭(6)(c )માં જરૂરી સુધારો કરવો જરૂરી છે. જે અનુસંધાને કલમ-૨૨૭(6)(c)માં and Other Backward Classes શબ્દોને બદલે Social and Educationally Backward Classes and Economical Weaker Section શબ્દો મૂકવા જરૂરી જણાય છે. ઉપરોક્ત ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં સુધારો કરવાની બાબતે ઉચ્ચકક્ષાએ લેવાયેલ નિર્ણયના અનુસંધાને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૨૭(6)(b ), કલમ-૨૨૭(6)(c ) કલમ-૨૩૬(૧) અને (૨) તેમજ કલમ-૨૩૬(૩)(એ)માં જરૂરી સુધારા-વધારા માટે આ બિલનો મુસદ્દો આ સન્માનનીય સભાગૃહની મંજૂરી માટે રજૂ કરેલ છે. જેને સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી કરું છું.

શ્રી રાઘવજીભાઈ પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી ગુજરાત રાજ્યમાં પંચાયત સેવા વર્ગ-૩ના તમામ સંવર્ગોની સીધી ભરતી કરવા અંગેની સત્તા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને આપવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં સુધારો કરવા અંગેનું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક-૨૦૨૧ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં રાજ્યમાં કલાસ - ૧ અને કલાસ-૨ ની ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગની રચના કરવામાં આવેલ છે અને એના દ્વારા આ ભરતીઓ થાય છે. જ્યારે વર્ગ-૩ ના કર્મચારીઓ માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરવામાં આવે છે. જ્યારે પંચાયતોમાં દરેક પંચાયતો માટે ભરતી કરવામાં વર્ગ-૩ ના કર્મચારીઓ જેવા કે કલાર્ક, તલાટી વિગેરેની ભરતીઓ કરવા માટે જિલ્લા પંચાયત પસંદગી સમિતિઓ દ્વારા આ ભરતીઓ થાય છે. હાલમાં, ૩૩ જેટલી જિલ્લા પંચાયતોમાં આવી ભરતી જે તે જિલ્લા પંચાયતોની પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં પ્રશ્ન એ થાય છે કે, લગભગ દરેક જિલ્લા પંચાયતોની જાહેરાતોની ભરતીની પ્રક્રિયા એક સાથે જ શરૂ થાય છે, હવે એક અરજદારે ચાર થી પાંચ જગ્યાએ ઉમેદવારી કરી હોય છે, પરીક્ષા એક જ સમયે લેવામાં આવે છે, એક જ તારીખે લેવામાં આવે છે અને અરજદારો એટલી મોટી સંખ્યામાં જુદી જુદી જગ્યાઓએ અરજી કરે છે, જેના પરિણામે

કયાંય એકસૂત્રતા જળવાતી નથી. અરજદારોની સંખ્યા વધારે હોય પણ વાસ્તવિકમાં જે તે જિલ્લા પંચાયતમાં પરીક્ષા વખતે બહું થોડા લોકો ભરતી માટે આવે છે, પરીક્ષા માટે આવે છે. જેના પરિણામે એવી સ્થિતિ થાય છે, કયારેક કયારેક છાપામાં આપણે વાંચીએ છીએ કે તલાટી કમ મંત્રીની જગ્યા માટે ૧૦ લાખ ઉમેદવારોએ અરજી કરી, હકીકત એવી હોતી નથી. કારણ કે, એક ઉમેદવારે ચાર થી પાંચ જિલ્લા પંચાયતોમાં આવી અરજી કરી હોય છે, આવી વિસંગતતાઓ થાય છે એના પરિણામે સાહેબ, ઝાઝી અરજી હોય એટલે એની પરીક્ષા માટેની વ્યવસ્થામાં, એના પ્રશ્નપત્રોમાં, એના માટે સ્ટાફની વ્યવસ્થા કરવી, બીજી આનુષંગિક તૈયારીઓ કરવી, આમાં ખર્ચો પણ વધુ થાય છે, એકસૂત્રતા જળવાતી નથી અને દરેક જિલ્લામાં પસંદગી સમિતિઓ દ્વારા જુદા જુદા નિયમો અને પધ્ધતિ હોય છે, પ્રશ્નપત્રો પણ અલગ અલગ હોય છે, જેના પરિણામે એકસૂત્રતા જળવાતી ન હોવાના કારણે આ સરકારશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી, ગુજરાત પંચાયત પસંદગી મંડળને આ વર્ગ−૩ની જિલ્લા પંચાયતના કર્મચારીઓની ભરતી માટેની સત્તા આપતું જે સુધારા વિધેયક લઇને આવ્યા છે, એને હું મારૂ સમર્થન આપું છું. ઉપરાંતમાં હું કહેવા માગું છું કે, જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, કારણ કે હું વર્ષ ૧૯૯૦થી આ ગૃહમાં આવું છું અને વહીવટ સાથે સંકળાયેલો છું. મેં જોયું છે અગાઉ કેવી રીતે ભરતી થતી અને અત્યારે કેવી રીતે ભરતી થાય છે. માનનીય આપણા એ વખતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી, આજે વડાપ્રધાન છે એમણે રાજ્યમાં મેરિટ આધારિત ભરતી થાય, કોઇને અન્યાય ન થાય, ભરતીમાં ભ્રષ્ટાચાર ન થાય, વચોટિયા અને દલાલો નાબૂદ થાય, એવી પધ્ધતિ તમામ સરકારી કચેરીઓમાં ભરતી માટે આ રાજ્યમાં અમલમાં મૂકી છે અને એના પરિણામે આજે રાજ્યમાં મેરિટ આધારિત ભરતી થાય છે. એના પરિણામે વહીવટ પણ સુધર્યો છે. કારણ કે, મેરિટવાળા લોકોની પસંદગી થતી હોય એ લોકો પોતાની સેવા બહુ સારી બજાવે, એ સ્વાભાવિક છે અને બીજું, વચોટિયા, દલાલો અને ભરતીમાં ભ્રષ્ટાચારનું જે સામ્રાજ્ય હતું એ લગભગ આજે નાબૂદ થઇ ગયું છે અને એમાં સરકારે ખૂબ સુંદર કામગીરી કરી છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એને હું મારૂ સમર્થન આપું છું અને સભાગૃહના સન્માનનીય સૌ સભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું કે, આ બિલને સમર્થન આપે.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ,

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ના સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા સાથી સભ્યશ્રી રાઘવજીભાઇએ બહુ સારી વાત કરી. વર્ષ ૧૯૯૦થી શ્રી રાઘવજીભાઇ આ વિધાનસભા હાઉસમાં સભ્ય તરીકે ચૂંટાઇને આવે છે. એમણે વાત કરી છે કે એ સમયની અંદર પારદર્શકતા જળવાતી ન હતી અને ભ્રષ્ટાચાર પણ હતો. શ્રી રાઘવજીભાઇ આપણને અહીંયાં આ મુદ્દા માટે જ ધારાસભ્ય તરીકે મોકલે છે, આપણી પણ વિશેષ તે વખતમાં જવાબદારી બનતી હતી કે આપે એ વખતમાં સરકારશ્રીનું ધ્યાન દોરવું જોઇતું હતું કે સરકારશ્રીમાં ભ્રષ્ટાચાર થાય છે.

આ અધિનિયમમાં જે સુધારા લઇને આવ્યા છે, એ સુધારાની અંદર કોઇ જગ્યાએ નામ ફેરફાર કરવા માટેનો, કોઇક જગ્યાએ પેટા કલમો જે છે એની પણ સુધારો કરવા માટેનો સુધારો લઇને આવ્યા છે. મારી દ્રષ્ટિએ જે જિલ્લા મથકે પ્રક્રિયાઓ વર્ગ−૩ ની ભરતી જે પહેલાં હતી, એ આજે રાજય સરકાર હસ્તક જે એમના મંડળો છે જે એમને સોંપવાની જે વાત લઇને આવ્યા છે, એમાં મારી પાસે થોડા આંકડાઓ પણ છે. આ આંકડાની દ્રષ્ટિએ જોઇએ તો પણ જિલ્લા મથકે પણ જયારે આ અધિકારો આપવામાં આવ્યા હતા ત્યારે જિલ્લા કે તાલુકા પંચાયત હોય એની અંદર વર્ગ−૩, વર્ગ−૨ અને વર્ગ−૪ એ સમયની અંદર ભરતીની પ્રક્રિયાઓ ત્યાં આપેલી હતી ત્યારે પણ ૪૦ ટકા જગ્યાઓ ખાલી રહી. આજની તારીખે પણ જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં આ વર્ગની જગ્યાઓ ૩૫ ટકાથી પણ વધારે ખાલી છે.એટલે મારે વિનંતી કરવી છે કે જયારે જિલ્લા મથકે વર્ગ−૩ ની ભરતીની પ્રક્રિયાઓ ત્યાં આપી હોય છતાં પણ જગ્યાઓ ૩૫ ટકા ખાલી રહેતી હોય અને જો એ અહીંયાં રાજય સરકાર ગાંધીનગર મૂકામે જો એ જવાબદારીઓ આપશે ભરતી પ્રક્રિયાની તો એની અંદર જે પારદર્શકતા જળવાવી જોઇએ. જિલ્લા મથકે ૩૫ ટકા ખાલી રહે છે તો રાજ્ય સરકાર જયારે કોઇ પણ સંસ્થાને ભરતીની જવાબદારી સોંપશે ત્યારે જગ્યાઓ ભરાશે કે નહીં, એ પણ એક ચિંતાનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જિલ્લા પંચાયતની જે સમિતિ હતી એની અંદર પંચાયતના પ્રમુખશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિના સભ્ય, કોઇ એક સંસ્થાની સાથે સંકળાયેલા હોય તો એ સભ્યની પણ એમાં નિમણૂક આપવામાં આવતી હતી. એ સભ્યોની કામગીરીની જે સમય હતો એ છ વર્ષ માટેનો હતો, મેં જે કાયદામાં વાંચ્યું છે તે પ્રમાણેની જોગવાઇઓ હતી. તો આ પણ વાતની ચિંતા છે કે જયારે એ પ્રક્રિયાઓ અને જવાબદારીઓમાંથી જિલ્લા પંચાયતની સમિતિને એમની પાસેથી જવાબદારીઓ લઇ લેવામાં આવે છે ત્યારે પારદર્શકતા જળવાશે કે નહીં એ પણ એક ચિંતાનો વિષય છે અને જયારે જિલ્લા પંચાયતની અંદર જે અધિકારો આપ્યા છે, જે પંચાયત ધારામાં જે અધિકારો આપ્યા છે, એ અધિકારોની અંદર ગ્રામ પંચાયતથી લઇને જિલ્લા પંચાયત સુધીના વર્ષ ૧૯૯૩ના કાયદાઓમાં જે જોગવાઇઓ આપી છે એ કાયદાઓની જોગવાઇ પ્રમાણે પણ જયારે સરકારશ્રી એ કાયદાઓની ઉપરવટ જઇને, એટલા માટે આ વાત કરું છું કે ગ્રામ પંચાયતને ગ્રામસભા બોલવવાનો અધિકાર છે એ ગ્રામ સભા અને સરપંચને છે. છતાં પણ સરકાર અહીંયાંથી પરિપત્ર બહાર પાડીને એમ કહે છે કે તમારે આ તારીખે ગ્રામસભા આટલા વાગે બોલવાવાની છે. વર્ષ ૧૯૯૩ના કાયદામાં પંચાયતી રાજના કાયદામાં જોગવાઇ આપી છે કે એ

ગ્રામસભા બોલાવવાનો ગામના લોકોનો અબાધિત અધિકાર છે અને ગામના સરપંચનો છે, છતાં પણ સરકાર એની અંદર જયારે અહીંયાંથી પરિપત્ર બહાર પાડીને, એમના અધિકારો છે એમની પર જયારે એ પારદર્શકતા ન જળવાય સરકારે એમાં કામગીરી કરવાની નથી, છતાં આની અંદર પણ થોડી ઘણી આમાં પણ આવનારા સમયની અંદર વધારે સમય નહીં લઉં. પારદર્શકતા જળવાશે ભરતીઓ થાશે કે નહીં અમારી તો એવી ઇચ્છા છે કે રાજ્ય સરકારના પોતાના અબાધિત અધિકાર છે, કાયદામાં ફેરફાર કરવો, નવો કાયદો લઇ આવવો, કાયદામાં વધારાના કોઇ કલમો ઉમેરવી રાજ્ય સરકારને કોઇ ને પણ અધિકાર હોય છે, કરી શકે છે અમે ના પાડતા નથી. આ કર્યા પછી પણ કમસે કમ સો ટકા કામ ન થાય તો ૯૦ ટકા કામગીરી થાય તો પણ આપણે એમ માનીએ કે વિધાનસભામાં આપણે કાયદો લઇને આવ્યા હોય *(xxx) એ કાયદાનો પૂરેપૂરો છેક છેવાડાની સંસ્થા સુધી એનો પૂરેપૂરો મહત્તમ લાભ મળે અને સમય મર્યાદાની અંદર જે ભરતીની પ્રક્રિયાઓ હોય એ થાય. મારે એક બીજી પણ વિનંતી કરવી છે, આપના મારફતે. મોટે ભાગે જે યુવાનો બેરોજગારો હોય છે એ નોકરી માટે દોડા દોડી કરતા હોય છે ત્યારે મારી વિનંતી છે કે જે તે જિલ્લામાં એની નિમણૂક આપવામાં આવે. દા.ત. મારો ગીર સોમનાથ જિલ્લો છે તો ત્યાં પંચાયત વિભાગમાં કલાસ-૨,૩ અને ૪ની જગ્યાઓ ખાલી હોય છે એમાં ગીર સોમનાથ જિલ્લાના ઉમેદવારો હોય એમાં જે મેરિટમાં પસંદ થયા હોય એમને એ જિલ્લામાં નજીકના સ્થળે નોકરી આપવામાં આવે તો એને દૂર જવું પડે છે એ ન જવું પડે. અત્યારે શું થાય છે કે એ મેરિટમાં આવે એટલે એને બીજા જિલ્લામાં નોકરી મળી જાય છે ગીર સોમનાથ જિલ્લાનો યુવાન હોય એને છેક વાપી નોકરી મળે તો એમને ખૂબ દૂર જવું પડે છે અને લાંબા ગાળે કોઇને કોઇ કારણોસર નોકરી છોડી દે છે એટલે એ જગ્યા પાછી ખાલી પડે છે. પરંતુ જો એને એના જ જિલ્લામાં નોકરી મળે તો એ જગ્યા ખાલી ન થાય અને એ સારી રીતે કામ કરી શકે અને એ જે ગ્રેડ મળે એમાં એ પોતાનુ ગુજરાન પણ ચલાવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે એ વાત કરવી છે કે કાયદાની કલમ ૨૨૭ લઇને આવ્યા છો એમાં કદાચ ચિંતા એ છે કે જિલ્લા અને તાલુકા મથકે તલાટી કમ મંત્રીના બદલીના પાવર્સ છે. એમાં કારકુન કે તલાટી કમ મંત્રીની એક ગામની બીજા ગામ બદલી કરવી પડતી હોય છે અથવા બીજા ગામનો ચાર્જ પણ આપવો પડતો હોય છે. આ કાયદા નીચે બદલીના પાવર રાજ્ય સરકાર પોતાના હસ્તક લઇ લેવા માગતી નથી ને? અત્યારે બદલી વગેરેના પાવર્સ ડી.ડી.ઓ. ને હોય છે એમાં પછી તલાટીની નિમણૂક કરવી કે બીજા ગામનો વધારાનો ચાર્જ આપવો વગેરે જૂના કાયદામાં જોગવાઇ છે એ જ વાત કરી રહ્યા છે એ અંગે પણ માનનીય મંત્રીશ્રી વાત કરે. પારદર્શકતા જળવાય અને વહેલી તકે જે જગ્યાઓ ખાલી છે એ ભરાય. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોમાં વર્ગ-૨,૩ અને ૪ની જગ્યાઓ ખાલી છે એ આ કાયદો પસાર થયા પછી વહેલી તકે ભરાય તેવી મારી વિનંતી સાથે ગૃહનો અભાર માની મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, બધા સાંભળતા જ હશે, પરંતુ સભાગૃહના ધ્યાને આવે એટલે કહું છું કે આપે કહ્યું કે *(xxx) આ વાક્ય કાઢી નાખવામાં આવે છે. બીજું, માનનીય નીતિનભાઇની ખૂબી છે કે તેઓ પોતાની જગ્યા ઉપર બેસીને ફાઇલો જોતાં હોય છે તેમ છતાં જે કંઇ પ્રવચન ચાલતું હોય એમાં એમનું ધ્યાન હોય જ છે એ હું કયારનો જોઇ રહ્યો છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી પંચાયત સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

પંચાયત ધારો ૧૯૯૩ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એમના માટેના નિયમો બનાવવામાં આવ્યા છે. સ્થાનિક જિલ્લા પંચાયતો છે એમને સત્તા આપવામાં આવી છે એમાં ભરતીથી માંડીને નિમણૂક એમની બદલી અને બીજી બધી વ્યવસ્થા જિલ્લા પંચાયત લેવલે થતી હતી એ કદાચ કેન્દ્રીયકૃત કરવા માગે છે એની સામે વાંધો નથી પરંતુ ભરતી કરે એની બદલીના પાવર હોય નિમણૂકના પાવર હોય છે એમાં તમે શું કરવા માગો છો એ મંત્રીશ્રી જણાવે. ડિમાન્ડ જે તે જિલ્લામાંથી આવશે, જિલ્લામાં કેટલી જગ્યાઓ ખાલી છે એની ડિમાન્ડ ગૌણ સેવા પસંદગી મંડળમાં આવે ત્યારે એ જિલ્લામાં એની નિમણૂક થાય એ પણ જરૂરી છે આના પ્રત્યે પણ ખાસ ધ્યાન રાખવામાં આવે. અત્યારે ભરતી થઇ એમાં ૩૫ હજાર જેટલા ફિક્સ પગાર અને કરાર આધારિતની થઇ છે. તો આવી જે જગ્યાઓ છે એ જગ્યાઓને તમે શું કરવા માગો છો? તેને રેગ્યુલર કરવા માગો છો કે કેમ? કારણ કે જ્યારે ભરતી થાય છે. આખા દેશમાં યુ.પી.એસ.સી.માં ભરતી થાય તો તે લોકોને પૂરો પગાર મળે. ગુજરાતમાં પણ જી.પી.એસ.સી.ની કલાસ-૧, કલાસ-૨ની ભરતી થાય તો પૂરો પગાર મળે. નાના કર્મચારીઓ જે વર્ગ-૩ અને વર્ગ-૪ના હોય છે એમને ક્યારેય પૂરો પગાર મળતો નથી. તેમને સરકારી નોકરીનો પણ લાભ મળતો નથી. ત્યારે આવા નાના કર્મચારીઓ હેરાન ન થાય એટલા માટે પૂરા પગારથી તમે ભરતી કરો એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારી ખાસ વિનંતી છે કે આ પંચાયત ધારો ૧૯૯૩ છે તેમાં શીડ્યુલ વિસ્તાર માટેનો પેસા એક્ટ-૧૯૯૬ તેનો ઉલ્લેખ આમાં ક્યાંય આવ્યો નથી. જે શીડ્યુલ વિસ્તારના દીકરા-દીકરીઓ છે એમની જે ભરતી છે તેમાં દરેક જિલ્લા વાઇઝ અલગ વ્યવસ્થા છે. જનરલ આખા ગુજરાતમાં ૧૫ ટકા પ્રમાણે નથી. વસતિના ધોરણે જે તે જીલ્લામાં હોય છે. એટલે આમાં જ્યારે તમે ફેરફાર કરવા જઇ રહ્યા છો ત્યારે તમારે એ જિલ્લામાં મૂકવા કે શું કરવું? અથવા તો તમે દરેક જિલ્લામાં ૧૫ ટકા કરવા માગો છો એ પણ નિર્ણય સરકારશ્રી લેવલે કરવો પડશે. એકસૂત્રતા હોવી જોઇએ એમ મને લાગે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વર્ગ–૩ની જે ભરતી થાય છે તે ભરતી ગૌણ સેવા પસંદગી દ્વારા થાય છે. જિલ્લામાંથી જે આવવાના તે ભરતી પણ ત્યાં થવાની. એક જ જગ્યાએ. તમારો ઇરાદો ખૂબ સારો છે તેમાં બેમત નથી, કારણ કે કેન્દ્રીયકૃત ભરતી થાય તો પેપરની કોઇ મુશ્કેલી નહીં પડે. સારી વ્યવસ્થા છે પણ સાથે તેની નિમણૂકનો સવાલ ઉભો થાય છે તેમાં ખ્યાલ રાખવામાં આવે. અત્યારે જિલ્લા પંચાયતમાં શિક્ષકોની ભરતી પણ એ કરતા હતા અને તેની ટ્રાન્સફર પણ કરતા હતા. આજે સૌથી વધારે ખરાબ પરિસ્થિતિ હોય તો એ શિક્ષકોની છે કારણ કે એ પંચાયતનો કર્મચારી થઇ જાય છે. એટલે એક પંચાયતમાંથી બીજી પંચાયતમાં જવું પડે ત્યારે ખૂબ મુશ્કેલી પડતી હોય છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જ્યારે કેન્દ્રીયકૃત ભરતી કરવા આપણે જઇ રહ્યા છીએ ત્યારે આવા શિક્ષકો ઘણાં સમયથી હેરાન થાય છે. કોઇક એવી વ્યવસ્થા ગોઠવો કે જેથી પોતાના જિલ્લામાં જઇ શકે. આવી વ્યવસ્થા કરવામાં આવે તો મને એમ લાગે છે કે યોગ્ય થશે. તમે જે ફેરફાર કરવા જઇ રહ્યા છો એ કલમ–૨૩૫, ૨૩૬ અને ૨૨૭. તેમાં ઇ.ડબલ્યુ.એસ.ની તમે વાત કરી. ખૂબ સારું, પણ સાથે સાથે એસ.ટી., એસ.સી. માટે પણ શું ક્વોટા નક્કી કરવાના છો એ અંગે યોગ્ય નિર્ણય કરો એવી મારી વિનંતી છે. જે તમે ભરતી કરશો એટલે જિલ્લા પંચાયતની જે પોતાની સત્તાઓ હતી એ ધીરે ધીરે છીનવાતી જાય છે. જિલ્લા પંચાયતના જે ચૂંટાયેલા સભ્યો છે એ મોટા ભાગે સત્તા વિહોણા થઇ જશે એવું મને લાગે છે. એટલે બીજી પણ એવી સત્તાઓ આપવી જોઇએ કારણ કે ધારાસભ્યો જેમ ચૂંટાઇને આવે છે એમ નીચેના સ્થાનિક સ્વરાજના સભ્યો પણ ચૂંટાતા હોય છે અને એમને પણ એમ હોય કે અમે પણ કંઇક સત્તા સંભાળીએ. અમે પણ વહીવટ કરીએ. જો ત્યાં વહીવટ જેવું કંઇ નહીં રહે તો એમને પણ એમ થાય કે આ યોગ્ય થતું નથી. ત્યારે મારી આટલી જ વિનંતી છે કે કેન્દ્રીયકૃત ભરતી યોગ્ય છે. તેને હું સમર્થન આપું છું પણ સાથે સાથે જે ભરતી થાય છે તેની યોગ્ય વ્યવસ્થા થાય, નાના કર્મચારીઓ હોવાના કારણે તેને જે તે જિલ્લામાં પૂરા પગારથી ભરતી કરો એટલી મારી વિનંતી સાથે એસ.ટી. અને એસ.સી., ઇ.ડબલ્યુ.એસ. તો આપે ઉલ્લેખ કર્યો છે તેની વ્યવસ્થા ગોઠવાય એટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું અને સમર્થન આપું છું.

શ્રી જીજ્ઞેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં માનનીય મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર સાહેબ ગુજરાત પંચાયત સુધારા વિધેયક, ૨૦૨૧ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં પંચાયત સેવા વર્ગ–૩ની સીધી ભરતી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ અને ૩૩ જિલ્લાની પંચાયત સેવા પસંદગી સમિતિઓ દ્વારા કરવામાં આવે છે. પંચાયત સેવા વર્ગ–૩ની સમગ્ર ભરતી પ્રક્રિયા ખૂબ જ ઝડપથી અને પારદર્શક રીતે યોજાય તે માટે ઉમેદવારોના હિતમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઇપણ પ્રકારની ગેરરીતિને અવકાશ ન મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે છે. જે અન્વયે દરેક ઉમેદવારના ડાબા હાથના અંગુઠાનું નિશાન ઉમેદવારની ઓ.એમ.આર.ની સીટ એટલે કે જવાબવહીમાં પરીક્ષામાં રજૂ થતાં પહેલાં લેવામાં આવે છે. પ્રમાણપત્ર વેરીફિકેશન દરમિયાન પણ ઉમેદવારના રૂબરૂમાં ડાબા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે છે તેમજ જિલ્લા ફાળવણી વખતે પણ ઉમેદવારના ડાબા હાથના અંગૂઠાનું નિશાન પણ લેવામાં આવે છે. ઉમેદવારના ફોટોગ્રાફ, સહી અને અંગૂઠાના નિશાનનું વેરીફિકેશન ત્રણ વખત કરવામાં આવે છે. આ સમગ્ર પરીક્ષા વર્ગખંડમાં સી.સી.ટી.વી. કેમેરા દ્વારા તેનું લાઇવ રેકોર્ડીંગ અને મોનિટરીંગ કરવામાં આવે છે. આમ, કોઇપણ પ્રકારની ગેરરીતિને અવકાશ ન રહે તેની તકેદારી સરકાર દ્વારા રાખવામાં આવે છે. સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા પૂર્ણ થયા બાદ હાજર રહેલ તમામ ઉમેદવારોને ઓ.એમ.આર. સીટની સ્કેનિંગ કામગીરી જે તે પરીક્ષા કેન્દ્ર ખાતેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની હાજરીમાં સી.સી.ટી.વી. કેમેરાના લાઇવ રેકોર્ડીંગ સાથે તુરત હાથ ધરવામાં આવે છે. સ્કેનિંગ કાર્યવાહી પૂર્ણ થાય એટલે તરત જ તમામ ઉમેદવારોને ઓ.એમ.આર.ની સીટ પંચાયત વિભાગની વેબસાઇટ ઉપરથી સર્ચ ઓપ્શન સાથે અપલોડ પણ કરવામાં આવે છે. જેના કારણે દરેક ઉમેદવાર પોતાની ઓ.એમ.આર. સીટ જોઇ શકે છે તેમજ ડાઉનલોડ કરી પ્રિન્ટ પણ કાઢી શકે છે. જ્યાં સુધી આખરી પરિણામ બહાર ન પડે ત્યાં સુધી ઓ.એમ.આર. સીટને વેબસાઇટ ઉપર ઉપલબ્ધ પણ રાખવામાં આવે છે. જેના કારણે સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શક બને છે. જે તે સંવર્ગની પરીક્ષા પૂર્ણ થયા બાદ બીજા દિવસે પણ જે તે સંવર્ગની પ્રોવિઝનલ આન્સર કી વેબસાઇટ પર મૂકી દેવામાં આવે છે. પ્રોવિઝનલ આન્સર કી માટે પ્રત્યેક ઉમેદવારને વાંધા–સૂચનો રજૂ કરવા જણાવવામાં આવે છે. ઉમેદવારો દ્વાર રજૂ થયેલ વાંધા સૂચનો બોર્ડ દ્વારા ચર્ચા વિચારણા કરી ફાઇનલ આન્સર કી અને પ્રોવિઝનલ રિઝલ્ટ અને મેરિટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે. પ્રોવિઝનલ મેરિટ લિસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણીની કાર્યવાહી કર્યા બાદ ફાઇનલ સિલેકશન અને રેકેમન્ડની યાદી પણ પ્રસિદ્ધ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે તેમજ ફાઇનલ સિલેક્ટ લિસ્ટ તૈયાર કરીને પંચાયત વિભાગની વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવે છે. આમ, પંચાયત સેવા વર્ગ–૩ના વિવિધ સંવર્ગોની ભરતીની પ્રક્રિયા ખૂબ જ ઝડપી થાય અને પારદર્શક રીતે હાથ ધરી ગુણવત્તાના મેરિટ ક્રમ અનુસાર ઓનસ્ક્રીન જિલ્લાની ફાળવણી પૂર્ણ કરી યોગ્ય ગુણવત્તા ધરાવતા ઉમેદવારોને નિમણૂક આપવા બોર્ડ દ્વારા સંબંધિત જિલ્લા પંચાયતને ભલામણ કરી દેવામાં આવે છે. આમ, ગુજરાત પંચાયત સુધારા વિધેયક, ૨૦૨૧ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભગાભાઇએ જે વાત કરી એમાં અત્યાર સુધી જે ભરતીઓ થઇ છે એની થોડી વિગતો હું આપના ધ્યાને મૂકવા માગું છું. પસંદગી પામેલ ઉમેદવારોને તેમના મેરિટ કમ પ્રેફરન્સ અનુસાર જિલ્લાની ફાળવણી ઉમેદવારની હાજરીમાં ઓન સ્ક્રીન કરવામાં આવે છે. એટલે

કે બધા ઉમેદવારોને બોલાવી મેરિટ ક્રમ અનુસાર ઉમેદવારોને જિલ્લાની પસંદગીની તક આપી ઉમેદવારોનો ક્રમ આવે છે ત્યારે જિલ્લામાં ખાલી જગ્યા હોય તે પૈકી ઉમેદવાર પોતાની પસંદગીના જિલ્લાની પસંદગી કરે છે. બીજો એમનો પ્રશ્ન હતો તેમાં છેલ્લા ૬ વર્ષમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ અને જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓ દ્વારા ૨૩,૮૭૮ ઉમેદવારોની સંપૂર્ણ પારદર્શક રીતે સફળતાપૂર્વક ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિના કારણોસર તેમજ અન્ય કારણોસર પરીક્ષા રદ કરવાની કોઇ અનિચ્છનીય ઘટના પણ બનેલ નથી. આમ, રાજ્ય સરકારના ભરતી કેલેન્ડર પ્રમાણે પારદર્શક રીતે ભરતી કરવામાં આવે છે અને પારદર્શક રીતે એમની નિમણૂકની પ્રક્રિયા કરવામાં આવે છે એટલે એમાં બીજો કોઇ પ્રશ્ન નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૧નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૧નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૧ ના વિધેયક ક્રમાંક –૫ સન ૨૦૨૧નું પંચાયત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ સભ્યશ્રીઓનો સર્વાનુમતે વિધેયકને મંજૂર કરવા બદલ આભાર.

**સભાગૃહનું કામકાજ રાત્રીના ૭–૪૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧લી એપ્રિલ, ૨૦૨૧ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧

# ગુજરાત વિધાનસભા

## ગુરુવાર, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૧

## ચૈત્ર ૧૧, ૧૯૪૩ શાકે

## પહેલી બેઠક

## સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.

## માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

## વિધેયકો (સરકારી)

## સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૫

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક,૨૦૨૧

**ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫, સન–૨૦૨૧ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૫– સન ૨૦૨૧ના ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે આજ દિવસ સુધી મને અનેક નાના મોટાં વિષયની અંદર કાંઇક અને કાંઇક કોન્ટ્રીબ્યુટ કરવા માટેની તક મળી છે, પરંતુ જયાં ધર્મ સ્વાતંત્ર્ય સુધારા અધિનિયમન લઇને હું આવ્યો છું એ મારી જિંદગીનું મોટામાં મોટું કામ આ સન્માનનીય સભાગૃહની અંદર મને કરવા માટેની તક મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજની અંદર આપણને સૌને પોતાના પરિવારમાં સૌથી કોઇ પ્રિય હોય તો એ વ્હાલી નાની સરખી દીકરી હોય એ દીકરી એ દરેકે દરેકને વ્હાલી હોય છે. દીકરીની બાબતમાં એવું કહેવાય છે કે, "**સમણાંમાં બનતી કન્યાને આલ્બમમાં બનતાં કેટલી વાર લાગે છે!** " પોતાની નાની સરખી દીકરી ધીરે ધીરે મોટી થઇ જાય તો એ પરિવારને ખબર પણ નથી પડતી અને જયારે એ દીકરીના લગ્ન થાય છે ત્યારે એ આખું પરિવાર એનો બાપ, તેની માં એક ગીતમાં જેને કંડાર્યુ છે, "**કાળજાં કેરો કટકો મારો હાથથી છૂટી ગયો.**" દીકરીને કાળજાંના કટકાં સમાન આ હિન્દુ સમાજ વર્ષોથી ગણતો આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ માનીએ છીએ કે આ દીકરી આપણાં પરિવારનું અંગ છે એમ ગીતમાં કહેવાયુ છે તેમ, "**દીકરી તો પારકી થાપણ કહેવાય.** " આ દીકરીને જેહાદી હાથોની અંદર હરગીઝ ન જવા દેવાય એ અમારો સંકલ્પ છે. આ સભાગૃહની અંદર ભૂતકાળમાં ગૌ હત્યા સામેનો પ્રતિબંધ ધરાવતો કાયદો લાવ્યા હતા. આ સંસ્કૃતિમાં ગાય આપણી માતા છે અને ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે. ગીતમાં એવું કહેવાયું છે કે, " **દીકરીને ગાય દોરે ત્યાં જાય.** " એ દીકરીને કસાઇઓના હાથમાં જતી આ સરકાર દ્વારા ગૌહત્યાના કાયદાના માધ્યમથી બનાવી છે અને તે ગાય અને એ જ દીકરીને જેહાદીઓના હાથમાં જતી બચાવવા માટે આ સન્માનનીય સભાગૃહની અંદર હું આ કાયદો લઇને આવ્યો છું. આ દીકરી, "**દીકરી મારી લાડકવાઇ, લક્ષ્મીનો અવતાર એ સૂવે તો રાત પડે અને તે જાગે તો સવાર.** "

માનનીય અધ્યક્ષશ્રી, દીકરીઓ સાથે બનતી આ ઘટનાથી આપણને બધાને સંવેદના હોય પરંતુ તે સંવેદનાને જયારે એના તરફ બનતી આવી ઘટનાથી જે વેદના થાય છે તે વેદના તો જે પરિવારે સહન કરી હોય તે પરિવારને જ ખબર પડે કે અમારી દીકરી આવા જેહાદીઓના હાથમાં જાય છે ત્યારે શું હાલત થાય છે. આપણી હિંદુ સંસ્કૃતિમાં દીકરીને આપણા સંસ્કારે નમ્ર બનાવી છે અને એના સારાપણાનો દુરુપયોગ કરીને ક્યારેક અપહરણ અને અન્ય માધ્યમથી સમાજમાં જે ઘટનાઓ બનતી હોય એને અખબારોમાં એને જુદા–જુદા આર્ટિકલ્સમાં લોકો પોતાની અભિવ્યક્તિ સ્વરૂપે રજૂ કરતાં હોય છે. દેશના એક અગ્રગણ્ય અખબાર ટાઇમ્સ ઓફ ઈન્ડિયામાં ૧૩મી નવેમ્બર, ૨૦૨૦ના રોજ ચિત્ર સાથે એ આખી ઘટનાને પ્રતિબિંબિત કરવામાં આવી. એ ચિત્રમાં એકબાજુ હિંદુ સમાજની દીકરીનો માથે ઓઢેલો ફોટો છે અને બીજી બાજુ નકાબ પહેરેલો, બુરખો પહેરેલો, જકાબ પહેરેલો એનો ફોટો છે. એને માથે ઓઢેલા બુરખાથી જકાબ સુધીની આ જે યાતનાભર્યા આખા સમયગાળામાં તેમણે કહ્યું છે એમ સૌ પ્રથમ એ યુવતીનું બ્લેકમેઇલિંગ કરવામાં આવે છે, પછી એ યુવતી ઉપર અત્યાચાર કરવામાં આવે છે, પછી બળજબરીપૂર્વક ધર્માંતરણ કરવામાં આવે છે, પછી એ યુવતીને દેહવિક્રયમાં ધકેલી દેવાનું ષડ્યંત્ર કરે છે અને જો આ ઈરાદો બર ન આવે તો એક કુમળી દીકરીની હત્યા કરી નાખવામાં આવે છે. આ પ્રતિબિંબ હું સન્માનનીય સભાગૃહ સમક્ષ એની

*વિધેયક તારીખ ૨૫મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વ્યથા આપવા સૌની સમક્ષ મૂકવા માટે લાવ્યો છું. રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને આ સન્માનનીય સભાગૃહના અનેક ધારાસભ્યો, મોટાભાગના સંસદ સભ્યો, સમાજ જીવનમાં કામ કરતાં જુદા–જુદા સામાજિક સંગઠનો અને સમાજમાં આપણે સૌ આગેવાનો તરીકે જ્યાં જ્યાં ફરતા હોઈએ ત્યાં આવી ઘટનાઓ આપણી સમક્ષ અવશ્ય રજૂ થાય છે. આ બધી ઘટનાઓ થયા કરે અને આ સરકાર એની સામે આંખ મિચામણાં કરીને બંધ આંખે જોયા કરે એવી આ સરકારની માનસિકતા નથી. એનો કાયદાથી જવાબ આપવો આ સરકારની માનસિકતા છે. આના સંદર્ભમાં જ્યારે આ બિલ લાવવાનું હતું ત્યારે મેં ભારતના આઝાદી કાળથી આજ દિન સુધી બનેલી વૈધાનિક ઘટનાઓ દેશની સંસદમાં, આપણી વિધાનસભામાં કાયદાઓના માધ્યમથી કે ચર્ચાઓના માધ્યમથી સમાજ જીવનની આ વ્યથાને વ્યવસ્થાની અંદર પરિવર્તિત કરવા માટે આપણા પૂર્વજોએ જે પ્રકારની રજૂઆત કરી છે એનો પણ મેં અભ્યાસ કર્યો છે. દેશના અને અન્ય રાજ્યના જે કાયદાઓ બનાવ્યા એનો અભ્યાસ કર્યો અને દેશની અને અનેક રાજ્યોની અદાલતોએ પણ સમયાંતરે લવ જેહાદના સંદર્ભે જરૂરી નિરીક્ષણો કરીને લવ જેહાદના આ દૂષણને ડામવા અને જરૂરી કાયદાઓ બનાવવા માટે આ વાતને સમર્થન આપ્યું છે. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ હાલના કાયદામાં સુધારો લાવવાનો ઉદ્દેશ, આવશ્યકતા તેમજ આ કાયદામાં સુધારા કરવાથી શું શું ફાયદા થાય એમ આ ચાર ભાગની અંદર આખા વિષયનો અભ્યાસ કરીને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું. માનનીય નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતાં ત્યારે તે કોઈ પણ સમાજ જીવનની આવી સમસ્યાના મૂળમાં જઈને એની ચિંતા અને ચર્ચા કરીને એની વ્યવસ્થા કરતા હતાં. માનનીય અમિતભાઈ શાહ જયારે ગૃહમંત્રી હતા ત્યારે શ્રી અમિતભાઈ શાહે પણ આ ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ–૨૦૦૩ સન્માનનીય સભાગૃહની અંદર મુક્યો હતો. એનો જે ઓબ્જેક્ટ છે એ ઓબ્જેક્ટ સન્માનનીય સભાગૃહની સમક્ષ મુકવા માગું છું. ધર્માંતરણ ફકત કેટલાક ખોટા ઉદ્દેશો સિદ્ધ કરવા માટે થતું હોય છે. એ વખતે મૂળ ઉદ્દેશ સાથે કંઈ લેવા દેવા ન હોય તેવા લોકો દ્ધારા આવું ધર્માંતરણ કરાવવામાં આવે છે. જેના કારણે સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો અને ખાસ કરીને સ્ત્રીઓ તેનો ભોગ બને છે. કલ્યાણ રાજ્યનો મૂળભૂત હેતુ આવા લોકોનું રક્ષણ કરવાનો છે અને તેથી આ વિધેયક દ્ધારા ધર્માંતરણનો વિષય આવરી લઈ નોંધણી અને લાઈસન્સિંગના હેતુથી આ વિધેયક લાવવામાં આવ્યું છે. જે તે વખતે આ ઓબ્જેક્ટના આધાર ઉપર આ કાયદો લાવવામાં આવેલ હતો અને કાયદાના કારણે કોઈપણ વ્યકિત બળપૂર્વક અથવા લલચાવી અથવા કપટયુક્ત સાધનો દ્ધારા ધર્મ પરિવર્તન કરાવી શકશે નહીં અથવા કરાવવાનો પ્રયત્ન કરી શકશે નહીં અથવા તેની મદદગારી કરી શકશે નહીં અને આવું કરવાવાળા લોકોને ત્રણ વર્ષ સુધીની કેદની જોગવાઈ અને રૂપિયા પચાસ હજાર સુધીના દંડની જોગવાઈ છે. જો એ સગીર સ્ત્રી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વ્યકિતના સંદર્ભમાં ચાર વર્ષ સુધીની કેદ અને રૂપિયા એક લાખની દંડની જોગવાઈ છે. આપણા ભારતના બંધારણ પ્રમાણે ધર્મ પ્રચાર ભારતના બંધારણમાં કયારેય માન્યતા આપી નથી. આ ધર્માંતરણના માધ્યમથી, ધર્મ પ્રચારથી ધર્મ પરિવર્તન કરાવે છે એની સામે અમારો આક્રોશ એટલા માટે છે કે, આજે થયેલ ધર્માંતરણ એ આવતીકાલનું રાષ્ટ્રાંતર છે. રાષ્ટ્રાંતરને રોકવા માટે અમે આ સન્માનનીય સભાગૃહની ૨૦૦૩ના એ ઓબ્જેક્ટની પ્રવર્તમાન સજામાં જયારે આવશ્યકતા ઉભી થઈ છે એ પ્રમાણે સુધારા સાથે લાવ્યા છીએ. અમારી આ વાતને મહાત્મા ગાંધીજીએ પણ જે લખ્યું છે કે મુજે ઈન લોગો ઉપર વિશ્વાસ નહીં હૈ જો મુખ્યતઃ ધર્મ પરિવર્તન નિમિત અપને ધર્મ કા પ્રચાર કરતે હૈ. આ દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પણ ધર્મ પરિવર્તનની આ પ્રક્રિયા સામે પોતાના અભિપ્રાય આપ્યા હતા. બંધારણની જે સભાઓ મળી અને ડો. બાબાસાહેબ આંબેડકરના અધ્યક્ષસ્થાને મળેલી સભામાં ધાર્મિક સ્વાતંત્ર્ય એ મૂળભૂત અધિકાર છે, પરંતુ ધર્મ પ્રચારણના મૂળભૂત અધિકાર ઘડવાનો નહી. કેમ કે એની અંદર ધર્મ પરિવર્તનની પ્રક્રિયા થતી હોય આ ચર્ચા દરમિયાન એમને કહ્યું કે, ધર્મ સ્વાતંત્ર્યના નામે ધર્મ પ્રચાર કરીને ધર્મ પરિવર્તન કરાવવાની પ્રક્રિયાને દેશનું બંધારણ અનુમતિ આપતું નથી. મે કહ્યું તેમ આઝાદીથી વર્ષ–૨૦૨૧ સુધી આખી વૈધાનિક, સંસદીય કાયદાની પરિભાષા અને થયેલ ચર્ચાના વ્યાપક અભ્યાસને અંતે વર્ષ ૧૯૫૪માં આઝાદ ભારતના સંસદગૃહે આ અંગે ચિંતા વ્યકત કરી. એમણે સ્પષ્ટ કહ્યું કે બંધારણે આપેલા ધર્મ સ્વાતંત્ર્યના અધિકારોનું હનન એ આપણા સૌ માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. વર્ષ ૧૯૫૪ અને ૧૯૬૦માં આ ગુજરાતની વિધાનસભામાં વર્ષ ૧૯૬૯, ૧૯૭૨, ૧૯૮૦, ૧૯૯૯ અને ૨૦૦૩ એ સરકારી વિધેયકો અને બિન– સરકારી વિધેયકોમાં આની ચર્ચા અને ચિંતા થઈ છે. આઝાદી પછી દેશમાં પ્રથમ વાર મધ્ય સૌરાષ્ટ્રના સાંસદ શ્રી જેઠાલાલ જોષીએ ૧૯૫૪ માં લોકસભામાં બિન–સરકારી વિધેયક લાવ્યા અને ભારતીય ધર્માંતરણ નિયમન અને નોંધણી વિધેયક એમણે રજૂ કર્યું હતું. આ વિધેયકનો પણ ઓબ્જેકટ ધર્માંતરણનો હેતુ કેટલાક ખોટા હેતુ સિદ્ધ કરવાનો હોય છે. ધર્મના આચરણના મૂળભૂત ઉદ્દેશ સાથે કોઈ જ લેવા દેવા ન હોય તેવા લોકો આવું ધર્માંતરણ કરવામાં આવે છે જેને કરીને ખાસ કરીને સમાજના આર્થિક રીતે નબળા વર્ગો ને ખાસ સ્ત્રીઓ એનો ભોગ બને છે. જેની આ બંધારણની મૂળ કલ્યાણકારી ભાવના એનું અમલીકરણ થઈ શકતું નહોતું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૬૦માં ઉત્તર પ્રદેશના અપક્ષ સંસદ સભ્ય પ્રકાશવીર શાસ્ત્રી એમણે બિન–સરકારી વિધેયક બેકવર્ડ કોમ્યુનિટી રિલીઝિયસ પ્રોટેકશન વિધેયક લાવ્યા હતા આ વિધેયકનો પણ હેતુ ધાર્મિક વિશ્વાસ સિવાય અન્ય આધારો પણ જે ધર્મ પરિવર્તન થાય છે એને આપણે કાયદાથી પ્રસ્થાપિત પ્રણાલિકાઓ અને કાયદો ઉપસ્થિત કરીને આવા લોકોનું રક્ષણ કરવું આનો આશય હતો. આ જ પ્રમાણે પ્રકાશવીર શાસ્ત્રીના આ કાયદામાં એમણે ગુજરાતનો ઉલ્લેખ કર્યો છે. એમણે દાહોદનો ઉલ્લેખ કર્યો છે. એક ઉત્સવમાં ગુજરાતના દાહોદમાં ૩૦૦ જેટલા આદિવાસીઓનું ગલત વ્યક્તિથી ધર્મ

પરિવર્તન કરવામાં આવેલ. આના કારણે ત્યાં તોફાનો થયાં હતાં એ તોફાનોના કારણે કેટલાય લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડેલા. એમણે એટલે કે પ્રકાશવીર શાસ્ત્રીએ મહાત્મા ગાંધીને ફોન કરીને કહ્યું કે **किसी के धर्म परिवर्तन करने के पश्चात उनकी राष्ट्रीयता में भी न्यूनता आ जाती है ।** આપણે સૌ રાષ્ટ્રવાદને વરેલા લોકો છીએ, મેં અગાઉ કહ્યું તેમ માત્ર ધર્મ પરિવર્તન થતું નથી, એના કારણે એની રાષ્ટ્રીયતામાં પણ ન્યુનતા આવી જાય છે એવું મહાત્મા ગાંધીજીને ફોન કરલો. આ જે ડિબેટ થઇ એ ડિબેટમાં તે વખતે ઉત્તર પ્રદેશના બલરામપુર મત વિસ્તારના માનનીય અટલબિહારી બાજપાઇજી સાંસદ સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરતા હતા એમણે કહ્યું કે **धार्मिक स्वतंत्रता का ये मतलब नहीं हो सकता कि धर्म का परिवर्तन बौध्दिक और आध्यात्मिक विकास कर सीडी न होकर एक ऐसी योजना का अंग बन जाए जिसके पीछे बौध्दिक और राजनैतिक उददेश्य छूपाते हुए अर्थ का लालच देकर व्यक्ति को अपने परंपरागत धर्म से अलग करने प्रयास किया जाता हैं । सरकार इस सदन को आश्वस्त करें कि इस संबंध में विधेयक लाने के लिये सरकार विचार कर रही हैं ।** આ ડિબેટની અંદર આપણા ગુજરાતનું ગૌરવ એવા સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબ અને એ પટેલ સાહેબની દીકરી આદરણીય મણીબેન પટેલ જ્યારે આણંદ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા હતા. આ મણીબેન પટેલ એ ઉત્તમ વકતા અને વિચારક ગણાતા. એમણે તા.૧૯–૨–૧૯૬૦ માં કહ્યું કે **जो परिस्थिती देश में आज धर्म परिवर्तन के बारे में है वह सोचने योग्य हैं जब हमारा संविधान बना था तब इसके बारे में काफी चर्चा हुई थीं और मुझे चर्चा काफी याद भी है ।** આ આદરણીય મણીબહેન પટેલના ઉદ્ગારો હતા. સન ૧૮૯૯ના એપ્રિલમાં પ્રબુદ્ધ ભારતના સ્વામી વિવેકાનંદજીએ ઇન્ટર્વ્યુ આપ્યું હતું એમાં એમણે બહુ સ્પષ્ટ કહ્યું છે કે આજ સુધી મુસ્લિમ કે ઇસાઇ બનેલા લોકો કાં તો તલવારની ધારથી ધર્મ પરિવર્તન કરેલ વ્યકિતઓ છે, કાં તો એવા વ્યકિતઓના આ વંશજો છે આવું વિવેકાનંદજીએ આપણને કહ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર પણ આપણા સૌની ચિંતા છે એ ચિંતા ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક, ૧૯૬૯માં કોંગ્રેસના તત્કાલીન કરજણ વિધાનસભાના ધારાસભ્યશ્રી નાગજીભાઇ આર્ય ૧૨ ફેબ્રુઆરીએ લઇને આવ્યા હતા અને ૧૨ ફેબ્રુઆરીએ એમણે પણ આ જ પ્રકારની ચિંતા વ્યકત કરી હતી. ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક, ૧૯૭૨માં તે વખતના કાયદામંત્રીશ્રી કાંતિલાલ ઘીયા જે અમદાવાદના રખીયાલ વિધાનસભા મત ક્ષેત્રના ધારાસભ્ય હતા તેઓ આ લાવેલા. એમાં એમણે કહ્યું છે કે બીજાનો ધર્મ પરિવર્તન કરાવવામાં જેને રસ હોય તેવી વ્યકિતઓ અજ્ઞાન અને ગરીબ લોકો સમક્ષ એવા પ્રલોભનો રજૂ કરે છે કે તેમની જાળમાં ન ફસાવું અશકય બની જાય છે. ધર્માન્તરની આવી પ્રવૃત્તિ એક સામાજિક અનિષ્ટ છે અને એમના વિધેયકમાં બળજબરીથી કે બીજા કોઇને ફરજિયાત ધર્માન્તર કરાવવામાં આવે તો એ કૃત્ય બંધારણ વિરુદ્ધ કહેવાય અને આવા કૃત્ય કરવાની પ્રવૃત્તિ બંધ કરાવવા માટે જોગવાઇ કરવી એ રાજયની ફરજ છે. એ જે તે વખતે શ્રી કાંતિલાલ ઘીયાએ આ સન્માનનીય સભાગૃહની અંદર કહ્યું હતું અને એ આજે પણ ગુજરાતની વિધાનસભાની આ ડીબેટ બૂકની અંદર એસ્ટાબ્લીશ છે. આમાં એના હકારાત્મક અભિગમમાં આ સન્માનનીય સભાગૃહના એ સભ્યોનાં નામ લેવાં માગું છું કે જેમણે પણ આમાં સમર્થન કર્યું. શ્રી ઉત્તમભાઇ પટેલ, શ્રી જશવંતસિંહ ચૌહાણ, શ્રી માધવલાલ શાહ, શ્રી અમૂલ દેસાઇ, શ્રી હરિસિંહ મહિડા અને શ્રી રમેશચંદ્ર પરમાર આ બધા લોકોએ પોતે આના સમર્થનમાં વાત કરી હતી. ગણદેવીના ધારાસભ્ય માનનીય શ્રી અમૂલભાઇ દેસાઇએ કહ્યું હતું.

અધ્યક્ષશ્રી : શ્રી અમૂલ દેસાઇ તો ગાંધીવાદી હતા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હા, ગાંધીવાદી હતા. પૂનાના મુસલમાનોનું સત્ય શોધક મંડળ તેના કાર્યકરોને ગુજરાતના જાહેર સેમિનારમાં આ વસ્તુ કહી છે કે તબલીગ નામની મુસ્લિમ સંસ્થા છે તેનું કામ કન્વર્ઝનનું છે અને તેનાથી ગુજરાતના લોકોએ જાગવું જોઇએ. આ વાત શ્રી અમૂલભાઇ દેસાઇએ આપણને કહી હતી. તેઓએ ત્યાં સુધી કહ્યું હતું કે કન્વર્ઝન એકલું જ નહિ એન્ટિનેશનલ લોબી ઉભી કરનારી પ્રવૃત્તિ કરવાવાળી છે. આવી સંસ્થા સામે આપણે સૌએ જાગૃત થવા માટેની આવશ્યકતા છે. આના સંદર્ભમાં પણ એક ચર્ચા જે તે વખતે થઇ હતી. ત્યારબાદ બધા ઉલ્લેખો કરવા માગતો નથી. પરંતુ વર્ષ ૧૯૮૦માં પંચમહાલના ગોધરાના રાજગઢના માનનીય ધારાસભ્ય શાંતિલાલ પટેલ અને આ ગુજરાત વિધાનસભાના સ્પીકર તરીકે જેમણે લાંબા સમય સુધી આપણને સૌને માર્ગદર્શન કર્યું તેવા શ્રી મંગળદાસભાઇ પટેલે પણ દસમી ગુજરાત વિધાનસભાની અંદર આ બિલ પોતે ધારાસભ્ય હતા ત્યારે બિન સરકારી વિધેયક તરીકે લાવ્યા હતા. એમ આઝાદી આપણને મળી ત્યારથી આજ દિવસ સુધી આખી ત્વારીખો મેં આ સન્માનનીય સભાગૃહની અંદર મૂકી છે. હું એટલું પ્રસ્થાપિત કરવા માગું છું કે આ આજકાલની સમસ્યા નથી. સમયાંતરે અનેક ચર્ચાઓ ઉભી થઇ છે, કાયદાઓ ઉભા થયા છે અને ગઇકાલે પણ કહ્યું હતું કે કાયદો સ્થિર ન હોવો જોઇએ. સમયાંતરે આવશ્યકતા પ્રમાણે કાયદામાં સુધારા કરવા જોઇએ એમ અત્યારે આ કાયદો લાવવા માટેની આવશ્યકતા, આ સુધારો લાવવા માટેની આવશ્યકતા એટલા માટે છે કે છેલ્લા કેટલાક સમયથી સમાજની વ્યવસ્થાના સુવ્યવસ્થિત માળખાને છેડછાડ કરીને અવ્યવસ્થા ઉભી કરવાના બદઇરાદાથી અમુક કટ્ટર ધાર્મિક તત્ત્વો દ્વારા નિર્દોષ યુવતીઓને ચેનકેન પ્રકારે લાલચ આપી, ફોસલાવી, લગ્ન માટે તૈયાર કરી અને તેનું ધર્માંતરણ થયું હોય આવા કિસ્સા

ધ્યાનમાં આવ્યા હતા. આવા પ્રસંગોમાં લગ્ન કરવા પાછળનું કોઇ એક મુખ્ય કારણ હોય તો એ યુવતીનું લગ્ન કરાવીને ધર્મ પરિવર્તન કરવું, માત્ર એક જ આશયથી આવી દીકરીઓને ફસાવવામાં આવતી હતી. સગીર વયની આ દીકરીઓ વિભિન્ન પ્રકારના પ્રલોભન, લાલચ અને છેતરપિંડીનો ભોગ બને છે અને આકર્ષણવશ એ ધર્મ બદલવા માટે તૈયાર થઇ જાય છે, પરંતુ જ્યારે તેને ધર્મપરિવર્તન કરીને વાસ્તવિકતા ખબર પડે છે, ત્યારે તેના પસ્તાવાનો પાર હોતો નથી. એવા કેટલાય પરિવારોના લોકોને મેં રૂબરૂ સાંભળ્યા છે. એવી દીકરીઓની યાતનાને મેં રૂબરૂ સાંભળી છે કે જ્યાં આ આલિયા, માલિયા, જમાલિયાઓએ દીકરીનું શોષણ કરીને તેનો દુરુપયોગ કર્યો હોય. અમારી વ્યથા આવા લોકો સામેની છે. કેવી રીતે છેતરે? ધર્મના ચિહ્નો, યુવક નાડાછડી પહેરે. એ યુવતીને એવું લાગે કે મને જેની સાથે પ્રેમ થયો છે એ હિંદુ છે. એ નામ બદલી નાખે અને પોતે હિંદુ ધાર્મિક પરંપરામાં માને છે એવું પ્રસ્થાપિત કરવા માટે પ્રયત્ન કરે. પરંતુ જ્યારે એક વખત આ દીકરીના લગ્ન થાય, તેનું ધર્મ પરિવર્તન થાય અને ધર્મ પરિવર્તન પછી જ્યારે નર્ક જેવી જિંદગી આપણી દીકરી તેના ત્યાં જીવતી હોય. એનો આશય હતો માત્ર ધર્મ પરિવર્તન કરાવવાનો. એ ફૂમળી યુવતી પાસે પછી પાછા આવવાનો કોઇ રસ્તો નથી હોતો. જે નાનપણથી લાડકોડમાં ઉછરી હોય એ દીકરીએ કરેલી આ ભૂલ, એ ધર્માંતર પછી પાછી એ હિંદુ સમાજમાં આવી શકતી નથી. કેટલીય દીકરીઓને આત્મહત્યા કરવાની ફરજ પડે છે. આવું દુષ્કૃત્ય કરવાવાળાઓની સામે આ કાયદો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદે ભારતીય સંસ્કૃતિના જતન સામે, ભારતીય સંસ્કૃતિ ઉપર થતાં આક્રમણ સામે વખતોવખત અનેક લડાઇઓ કરી છે. આવી એક નવી લડાઇ એ સમાજનું દૂષણ લવ જેહાદના નામથી કરવાવાળા લોકોની સામે છે. તેમાંય રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સર કાર્યવાહક દત્તાત્રેય હોશબલેએ બેંગ્લોર ખાતે પ્રતિનિધિ સભામાં કહ્યું છે કે લવ જેહાદની વધી રહેલી ઘટનાઓ રોકવા માટે કાયદાઓ બની રહ્યા છે. આર.એસ.એસ. એવા તમામ રાજ્યોને સમર્થન આપે છે, જે દેશમાં લવ જેહાદની ઘટનાઓ રોકવા માટે કાનૂન લાવી રહ્યા છે. લવ જેહાદનો ઉપયોગ લગભગ લગ્નના બહાને બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન માટે કરવામાં આવે છે. પ્રેમ અને લગ્નના બહાને મહિલાઓને છેતરવી, તેમનું ધર્મ પરિવર્તન કરવા છળકપટ કરવું, અપહરણ કરવું વગેરે જેવી ઘટનાઓથી સમાજમાં આક્રોશ છે અને આવી ઘટનાઓ પર અંકુશ લગાવવા માટે ઘણા રાજ્યો કાયદો બનાવી રહ્યા છે અને આર.એસ.એસ. આવા કાયદાને સમર્થન આપે છે. રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘે પણ સમાજની આ નવા પ્રકારની ઉભી થતી સમસ્યા સામે લડવા માટે પણ સરકારોને સમર્થન આપ્યું છે. મેં કહ્યું તેમ અનેક સંગઠનોએ પણ આ પ્રકારની રજૂઆતો કરી છે. કેટલીક ઘટનાઓ જે આપણા હ્રદયને હચમચાવી નાખે એવી ઘટનાઓ મેં મારા પ્રવચનમાં કહ્યું એના કેટલાક ઉદાહરણો હું આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૬મી ઓકટોબર, ૨૦૨૦ના રોજ ફરિદાબાદમાં એક ૨૧ વર્ષની દીકરીએ લગ્નનો તેમજ બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તનનો ઇન્કાર કરતાં કોલેજની બહાર જ બે વિધર્મી યુવાનો દ્વારા જાહેરમાં બંદૂકની અણીએ મારી નાખવામાં આવી. આશય એ હતો કે લગ્ન કરી અને પછી તે ધર્મ પરિવર્તન કરે. એ દીકરી કાબુમાં ન આવી. જો આ પ્રકારનો કાયદો હોત તો એ વિધર્મીઓ આવું કરવા માટેની હિંમત ન કરતા. પછી આ કેસમાં ફરિદાબાદની સ્પેશિયલ કોર્ટે તોશિફ અને રેહાનને દોષિત ઠેરવી અને સજા પણ એને મળી. ઉત્તરપ્રદેશના મહારાજગંજની એક યુવતીએ પરિવાર અને સમાજની ઉપરવટ જઇને આસિફ નામના મુસ્લિમ યુવક સાથે નિકાહ પઢી ઈસ્લામ કબૂલ કરી અને આયેશા બની. નિકાહ બાદ આસિફ એ યુવતીને છોડીને સાઉદી અરબ જતો રહ્યો. આસિફના પરિવારજનોએ એ યુવતીને એ હદે પરેશાન કરી કે ૧૩ ઓકટોબર, ૨૦૨૦ના રોજ એ કુમળી દિકરીએ આત્મદાહ કરવો પડ્યો. કાનપુરનો આસિફ શાહ એણે એક હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી એનું બ્રેઇન વોશ કરી બળજબરીથી એને મુસ્લિમ કબૂલાવ્યો અને ચાર દિવસ બાદ, એનું ધર્મ પરિવર્તન કરાવ્યા બાદ આ હિન્દુ પરિવારજનોને આ યુવતી રસ્તે રઝળતી મળી. ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સંસ્કૃતિવાળી સરકાર આવી ઘટનાઓ બને એની સામે આંખ મિંચામણાં કરીને અમે બેસી રહેવાવાળા લોકો નથી. અમારી સમાજ વ્યવસ્થા, અમારી દિકરીઓની રક્ષા કરવા માટે અમે આ સરકારમાં બેઠા છીએ. એટલા માટે અમે આ કાયદો લઇને આવ્યા છીએ. ઉત્તર પ્રદેશના બજરિયા પોલીસ સ્ટેશનની અંદર એક મંદિરની બહાર એક યુવતીને લક્કીખાન નામના એક યુવાને પ્રેમજાળમાં ફસાવી એના આપત્તિજનક ફોટા પાડ્યા અને મુસ્લિમ ધર્મ કબૂલ કરવા માટેની ફરજ પાડી. એ જ રીતે ઉત્તર પ્રદેશની અલ્હાબાદ હાઇકોર્ટમાં રિટ પિટિશન વર્ષ ૨૦૧૪માં થઇ એમાં એક હિન્દુ યુવતી સાથે લગ્ન કરનાર મુસ્લિમ પિટિશનર સલીમ અહેમદે દાદ માગેલ કે તેમના વૈવાહિક જીવનમાં સરકાર દખલ ન કરે. આ કેસમાં ભોગ બનનાર યુવતીએ સોગંદનામા પર જણાવેલું કે સલીમ અહેમદ સાથે લગ્ન માત્ર લગ્ન કરવા ઇસ્લામ ધર્મ અંગીકાર કરેલ છે. એ ઇસ્લામ ધર્મ અંગે કાંઇ જાણતી નથી. ઇસ્લામ ધર્મમાં એને શ્રદ્ધા નથી, એને વિશ્વાસ નથી. જેમાં શ્રદ્ધા અને વિશ્વાસ નથી એને ધર્મ પરિવર્તન કર્યું ન કહેવાય, એને બળજબરી કહેવાય. આવી બળજબરી કરવાવાળા સામે અમે આ સભાગૃહમાં કાયદો લઇને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, લગ્નને પવિત્ર કુરાનના સુરા–૨ અને આયાત–૨૨૧ અને લીલી થોમસ વર્સિસ યુનિયન ઓફ ઇન્ડિયાના ચુકાદામાં સ્થાપિત સિદ્ધાંત મુજબ માત્ર લગ્ન કરવાના ઇરાદે ધર્મ પરિવર્તન કરેલ હોય તે ધર્મ પરિવર્તન શુદ્ધ બુદ્ધિપૂર્વકનું ધર્મ પરિવર્તન કહી શકાય નહીં અને તે લગ્ન પણ રદ ગણાય. નામદાર કોર્ટના આ ચુકાદામાં પેરા–૭, ૮ અને ૪૦માં એ અવલોકનો છે કે બિન મુસ્લિમ વ્યકિતનું ઇસ્લામ ધર્મમાં ખરેખર માન્યતામાં કોઇ બદલાવ વગર ધર્માંતરણ જે માત્ર લગ્ન માટે કરાવ્યું હોય એ લગ્ન રદ કરાશે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશની જુદી જુદી ૪ પિટિશનોમાં પણ આ પ્રમાણેના મુદ્દા

ઉપસ્થિત થયા હતા અને લગ્ન કરાવ્યા અને એ લગ્ન રદ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં પણ ૧૮ વર્ષ કરતા નાની દીકરીઓ ઉપર પણ ક્યાંક આવી જેહાદી ટોળકીઓ એ દીકરીઓ ઉપર બળાત્કાર કરીને, એ દીકરીઓ સાથે દુર્વ્યવહાર કરીને એને ભોળી, ફોસલાવીને એને ૧૮ વર્ષ પૂર્ણ થશે પછી એના લગ્નની માયાજાળમાં નાંખીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ અમારી પ્રબળ ઇચ્છા શક્તિના કારણે અમારી પોલીસ પોસ્કો હેઠળ, આઇ.પી.સી. હેઠળ જુદા જુદા ગુનાઓની અંદર એને બુક કરે છે અને જેના કારણે આ પ્રક્રિયાને મળતો વેગ અટકાવવા માટેની અમે અમારી કટિબદ્ધતા જેટલા અમારી પાસે કાયદા છે એના માધ્યમથી અમે કરીએ છીએ અને ગુજરાતની અંદર પણ કેટલાક કિસ્સાઓમાં નડિયાદમાં ૨૦ વર્ષની એક મેડિકલ લાઇનમાં અભ્યાસ કરતી દીકરીને ૪૪ વર્ષના વિધર્મી બુટલેગરે યુક્તિ–પ્રયુક્તિથી બ્લેકમેઇલ કરીને પોતાની સાથે રાજસ્થાનના માલવી નામના ગામમાં નિકાહ પ્રમાણપત્ર બનાવીને દીકરીને બ્લેકમેઇલ કરેલ. એક સામાજિક સંગઠનની મદદથી એ નિકાહ સર્ટિફિકેટને ધર્મ સ્વાતંત્ર્યતા અધિનિયમ હેઠળ ચેલેન્જ કરીને એ બોગસ છે અને એ દીકરીનું કાઉન્સેલીંગ કર્યું અને નિકાહ બોગસ સાબિત થયા અને એ દીકરીને આપણે બચાવવાની અંદર સફળ રહ્યા. આ રીતે પાલનપુર સિટીમાં પૂર્વ પોલીસ સ્ટેશનમાં પણ નિશારખાન ધાતુર નામના એક નરાધમે ૧૭ વર્ષ ૧ માસની દીકરીને ફોસલાવીને રાજસ્થાનમાં ખોટા દસ્તાવેજો બનાવીને લગ્ન નોંધણી કરાવ્યાનો કિસ્સો ધ્યાનમાં આવ્યો. ખેડા કોર્ટની અંદર નોકરી કરતા એક વ્યક્તિએ પણ આ રીતે છેતરપિંડીથી, ઉપરાંત વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના એક બહુ ચર્ચિત કેસમાં એક ૨૬ વર્ષની યુવતિએ એક વિધર્મી પુરુષ સાથે પ્રેમલગ્ન કરેલા અને દોઢ વર્ષના લગ્ન જીવન બાદ એને એક સાત માસનું બાળક હોવા છતાં એણે ધર્મ પરિવર્તન કરવાની ના પાડી. એટલે એને વારંવાર ઝઘડો કરીને કાઢી મૂકી. એ પ્રેમમાં છળ–કપટથી કરેલા લગ્નના કારણે આ દીકરી અત્યારે રઝળપાટ જેવી અવસ્થાની અંદર પોતાની જિંદગી પસાર કરે છે. એ રીતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં એક આરોપી હનીફખાન બરબરખાન સાથે નિકાહ પઢેલ અને તા.૧૯–૨–૨૦૨૦ના રોજ સાચોર મુકામે નિકાહનામાને નોટરાઇઝ કરાવીને મુસ્લિમ ધર્મની અંદર પરિવર્તિત કરેલ. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવી હિન્દુ દીકરીઓ ગુમ થવાના, ભગાડી જવાના, અપહરણના દાખલા, ફસાવવાના, લલચાવવાના, નિકાહ પઢીને ઇસ્લામ ધર્મ કબુલવાના, આવી ઘટનાઓનો આ ચિતાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્યારેક ક્યારેક તો આ લગ્ન કરાવવાવાળા ધાર્મિક ગુરુ હોય, મૌલવી હોય એમાં મુસ્લિમ સમાજની એક પરંપરા છે કે નિકાહ પઢતી વખતે ઇસ્લામના નિયમો પ્રમાણે પૂછવામાં આવે છે કે – ''નિકાહ કબુલ હૈ'' અને એ વખતે છોકરીએ ઉલ્લેખ કરવો પડે. ''હા, નિકાહ કબુલ હૈ'' પરંતુ છોકરી બોલે કે ના બોલે, પણ એના નિકાહ કરાવી લે. એ લોકોની પણ એની અંદર ભાગીદારી હોય છે. માત્ર આવા જેહાદી તત્ત્વો એ દીકરીઓને પ્રેમમાં ફસાવી, ભોળવી, છળકપટ કરી લગ્ન કરે તેવું નહીં પંરતુ આ એક આખે આખી કોન્સ્પરન્સી અંદર એના ધાર્મિક ગુરુઓ, એના આકાઓ ખોટી રીતે આપણી દીકરીઓને છેતરવા માટેનો પ્રયત્ન કરે છે. આવા કેસો સત્વરે અટકાવવા જરૂરી બને છે. એ સમય દૂર નથી કે આ ધર્માન્તરણના કારણે આપણને સૌને આગામી દિવસોમાં મોટા પ્રકારની ચિંતા થાય. અમદાવાદમાં જુહાપુરાનો એક વિધર્મી એનું નામ રમઝાન ઇકબાલ ઘાંચી. હવે આ રમઝાન ઇકબાલ ઘાંચીએ પોતાનું નામ પિન્ટુ ઠાકુર તરીકે પ્રસ્થાપિત કર્યું. અને પિન્ટુ ઠાકોર નામ પ્રસ્થાપિત કરી અને હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી માઉન્ટ આબુ સહિત અનેક સ્થળોએ લઇ ગયા, એની અંગત પળોનો વિડિયો વાઇરલ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી. ખોટું નામ ધારણ કરવું, દીકરીને પ્રેમના નામે ફસાવવી, બીજે ફરવા લઇ જવી, એની અંગત પળોના વિડિયો વાઇરલ કરવા અને વિડિયો વાઇરલ કરીને એને બદનામ કરવી, એને કયાંયની ન રાખવી અને લગ્ન કરવા અને ધર્મ પરિવર્તન કરવું. જે ઘરની અંદર આ ઘટના બની હોય, મેં શરૂઆતમાં મારા ઉલ્લેખમાં કહ્યું કે દીકરી તો પારકી થાપણ કહેવાય એ દીકરી સાથે આ પ્રકારનો દુર્વ્યવહાર કરવાવાળા લોકોને આ સરકાર બક્ષવા માગતી નથી. એની સામે સખ્તાઇ અને કડકાઇ માટે અમે આ કાયદો લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાના નિઝામપુરામાં રહેતી એક યુવતી તોસિફ નામના એક વિધર્મી યુવાનના પરિચયમાં આવતા પોતાના કુટુંબીજનોની ઇચ્છા વિરુદ્ધ એણે વર્ષ ૨૦૧૮માં લગ્ન કર્યા. ત્યારબાદ એને મુસ્લિમ ધર્મ અંગીકાર કરવા દબાણ કરાયું. મારઝુડ કરાઇ, એ દીકરી માની નહીં પછી એ દીકરીને એકલી મૂકી અને એ આજે પણ રઝળપાટ જેવી સ્થિતિમાં એ દીકરી ફરે છે. ખેડા જિલ્લાના માતરમાં સંધાડા ગામનો એક વસીમ પઠાણ એણે પણ હિન્દુ સગીરા સાથે મિત્રતા કેળવી વિશ્વાસ મેળવ્યો અને ત્યારબાદ એના એક્ટિવા ઉપર એને ફેરવે, એના ફોટા પાડયા અને ફોટા પાડયા બાદ જો પોતાની સાથે સબંધ ન રાખે તો આ ફોટા વાઇરલ કરીશું. આવા લોકો પણ સમાજ વ્યવસ્થાની અંદર અનેક પ્રશ્નો ઉભા કરે છે. મેં કહ્યું તેમ આ આખી દુર્વ્યવસ્થાના કારણે કાં દીકરીએ પોતાની જાન ગુમાવવી પડે છે, કાં આ સમાચારના આઘાતથી એના માતા કે પિતાએ પોતાની જાન ગુમાવવી પડે છે. વડોદરાની એક હિન્દુ ધર્મની દીકરીને મુંબઇ લઇ જઇ ધર્મ પરિવર્તન કરાવ્યું. લગ્ન કરવાનો મામલો સામે આવેલો. આપણા ધારાસભ્યશ્રી પ્રદિપભાઇ પરમારે આખી આપવીતી મને કહી અને આપણી એને મદદ કરવાની તૈયારી હતી, પરંતુ આપણે એને મદદ કરવાની સ્થિતિમાં જઇએ એ પહેલા આપણને સમાચાર મળ્યા કે આ આઘાતમાં એ દીકરીના પિતાનું અવસાન થયું છે. મેં કહ્યું તેમ કે દીકરી એટલે આપણે કાળજા કેરો કટકો ગણીએ છીએ અને આવા કાળજા કેરા કટકા સાથે આવો દુર્વ્યવહાર કરવાવાળા લોકો હોય એના કુટુંબની જે હાલત હોય છે એમાં કાં તો માતા અથવા પિતાએ જાન ગુમાવવી પડે છે. કયાંક કયાંક તો એ પરિવારના લોકો મહિનાઓ સુધી બહાર મોઢું નથી બતાવી શકતા. પોતાનું ઘર છોડી નથી શકતા અને આ સ્થિતિમાંથી એ લોકો પસાર થતા હોય છે.

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧

માનનીય અધ્યક્ષશ્રી, વિજય રાઠોડ નામનો એક વિધર્મી યુવક જેના બે લગ્ન થઇ ચૂકયા હતા. એક હિન્દુ યુવતી હતી. બંને પત્નીઓને બે બે બાળકો હતા. એ રેલવેમાં ગેટકીપર તરીકે નોકરી કરતો હતો. એ ભોગ બનનારના સંપર્કમાં આવ્યો. યુવતીને લગ્નનો પ્રસ્તાવ લઇને એ ઘરે ગયો ત્યારે ખબર પડી કે આ વિજય રાઠોડ એ હિન્દુ નામ નથી એ વિજય રાઠોડ એ મુસ્લિમ છે અને એણે છેતરીને એ દીકરીને રઝળપાટ જેવી સ્થિતિમાં મૂકી. ગાંધીનગરના બોરીસણાની યુવતીએ પણ એક અકબરભાઇ ચૌહાણ સાથે મહારાષ્ટ્રમાં લગ્ન કર્યા. કલોલ પોલીસ સ્ટેશનની અંદર આ અંગેની ફરિયાદ થઇ અને આ યુવતીને શોધવા માટે પણ અમારી પોલીસ કાર્યરત રહી છે. આ સિવાય સુરત ખાતે લીંબાયતમાં ડીંડોલી, સુરત, મહેસાણામાં બ્યુટીપાર્લરમાં જવાનું કહીને નીકળી ગઇ હતી એણે મહેસાણાના એક વતની પરવેઝ હુસેન ઉર્ફ સદ્દામ કુરેશી સાથે એણે નિકાહ પઢયા. હું જે મતક્ષેત્રમાંથી આવું છું. એ મારા વટવા વિધાનસભાના વસ્ત્રાલની અંદર મહેસાણાના મોટા સમાજનો સમુદાય રહેતો હોય છે. એમાં કડીની એક યુવતીને અહીંથી આ રીતે ફોસલાવી, પટાવી અને અહીંથી બેંગ્લોર લઇ ગયા. બેંગ્લોરમાં એને બુરખો પહેરાવ્યો અને બુરખો પહેરાવીને એના લગ્નની તૈયારી હતી પરંતુ મારા ગુજરાતના, મહેસાણાના ઉચ્ચ પોલીસ અધિકારીઓની કુશળતાના, ચપળતાના કારણે એ દીકરીનું જીવન બચાવવા માટે બેંગ્લોરથી લાવી કડીમાં પરિવારના હવાલે કરી. એ દીકરીની જિંદગી, જાન બચાવવાનું કામ કર્યું છે. એક વડગામ તાલુકાના ગામમાં પણ કોલેજ જવાનું કહી મહેબુબખાન સમીરખાન સિપાઇ સાથે નીકળી ગઇ છે. આજ સુધી પત્તો નથી. રાધનપુરમાં એક ૨૧ વર્ષની દીકરી ઇરફાન વિવાન સાથે ગઇ છે. આજ સુધી એનો કોઇ પત્તો નથી. મેં દેશના દાખલાઓ, રાજ્યના દાખલાઓ, શહેરના દાખલાઓ વૈધાનિક અને આવશ્યકતાઓ આ સભાગૃહમાં થયેલી ચર્ચાઓ અને આની અગત્યતાઓથી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂક્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અમારો કોઇ પોલિટિકલ એજન્ડા નથી. આ અમારી વ્યથા છે. ગુજરાતની દીકરીઓની, ગુજરાતના એકેએક પરિવારોની રક્ષા કરવી એ અમારી સરકારની ફરજ છે. એ ફરજના ભાગ સ્વરૂપે અમે આ કાયદો લાવ્યા છીએ. માત્ર એકલા ગુજરાતમાં નહિ, કેરળમાં મુખ્યમંત્રીશ્રી ઓમાન ચાંડીએ જૂન ૨૦૧૪માં વિધાનસભાના ફ્લોર ઉપર કહ્યું. વર્ષ ૨૦૦૬થી ૨૦૧૪ના ગાળામાં માત્ર કેરળમાં અંદાજે ૨,૬૬૭ બિન મુસ્લિમ યુવતિઓનું ઇસ્લામમાં ધર્માંતરણ થઇ ચૂક્યું છે. કેરળ કેથોલિક બિશપ કાઉન્સિલરના દાવા મુજબ વર્ષ ૨૦૦૬થી ૨૦૦૯ની વચ્ચે લવ જેહાદની ૪,૫૦૦ ઘટનાઓ નોંધાઇ હતી અને તેટલી બીન મુસ્લિમ યુવતિઓ ઇસ્લામમાં ધર્માંતરિત થઇ ગઇ હતી. આ ઓમાન ચાંડી કેરળના મુખ્યમંત્રીએ હાઉસના ફ્લોર ઉપર કહેલી ઘટના છે. કેરળમાં ખ્રિસ્તી સંપ્રદાય મોટો છે. એના સૌથી પ્રભાવશાળી શાયરો મલબાર કેથોલિક ચર્ચ છે. એ કેથોલિક ચર્ચે જણાવ્યું છે કે કેરળમાં ખૂબ જ સુનિયોજિત રીતે લવ જેહાદને અંજામ અપાઇ રહ્યો છે. ઇશાઇ સમુદાયની યુવતિઓને લવ જેહાદનો શિકાર બનાવી ઇસ્લામિક સ્ટેટની જાળમાં ફસાવી આંતકવાદી ગતિવિધિઓમાં એનો ઉપયોગ થાય છે. માત્ર એકલું જ ધર્માંતર નહિ, ધર્માંતરના આધાર ઉપર જેહાદી આંતકવાદી પ્રવૃત્તિઓમાં પણ સામેલ કરવા માટેનું એક વૈશ્વિક સ્તરનું ષડયંત્ર છે. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૦ના એક આર્ટીકલમાં મેં વાંચ્યું. કેરળની હાઇકોર્ટના જસ્ટીસ કે.ટી.શંકરને લવ જેહાદની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા બે વ્યક્તિઓની આગોતરા જામીન અરજી રદ કરતા એવાં તારણ ઉપર આવેલાં કે આ કેસના પ્રેમના ઓઠા હેઠળ બળજબરીપૂર્વક ધર્માંતરણ થયેલ છે. રાજ્ય સરકારે આવા છેતરામણા કૃત્યો ઉપર પ્રતિબંધ મૂકવા માટે કાયદો ઘડવા વિચારણા કરવી જોઇએ. હાઇકોર્ટ ઓફ ધ કેરળ. તેઓએ એમણે વધારામાં કહ્યું છે કે ધર્મના પ્રચાર માટે થતા દબાણનો ઉપયોગ ગેરકાયદેસર છે. અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઊભા કરે છે. લો એન્ડ ઓર્ડરના પણ પ્રશ્નો ઊભા થાય છે તેમજ પ્રેમ પ્રકરણો થયા બાદ આશરે ૩૦૦૦થી ૪૦૦૦ ધર્માંતરણના છેલ્લાં ૪ વર્ષમાં કિસ્સા થયા, એવું હાઇકોર્ટમાં ચુકાદાની અંદર કહ્યું છે. મેં એક રાજ્યનું કહ્યું. બીજા રાજ્યોએ પણ કાયદા બનાવ્યા છે. જેના સંદર્ભમાં હું કહું છું. દરેક દેશને પોતાની રાષ્ટ્રીયતાનું જતન કરવું એ એનું કર્તવ્ય છે અને આ કાયદો એકલા ભારતના રાજ્યોમાં નહિ, પણ મ્યાનમારમાં કાયદો છે. જેમાં ૨ વર્ષ સુધીની જેલ છે. નેપાળમાં કાયદો છે. એમાં ૬ વર્ષ સુધીની જેલ છે. શ્રીલંકામાં કાયદો છે એમાં ૭ વર્ષ સુધીની જેલ છે. પાકિસ્તાનમાં પણ ૫ વર્ષથી લઇને ઉમરકેદ સુધીની આમાં સજાની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યપ્રદેશ અને ઓરિસ્સા હાઇકોર્ટની અંદર પણ ધર્મ સ્વાતંત્ર્યના કાયદાઓ બન્યા હતા. જે તે વખતે રાજ્ય સરકારની લેજીસ્લેટીવ કોમ્પિટન્સીને ચેલેન્જ કરાઇ હતી અને એના સંદર્ભમાં હું એ વાતનો ઉલ્લેખ કરવા માગું છું કે, ધાર્મિક સ્વાતંત્ર્યતા બંધારણમાં આપણને સ્વતંત્રતાનો અધિકાર છે પરંતુ એના સંદર્ભમાં જ્યારે કાયદો બનાવ્યો હતો અને આ કાયદાને જ્યારે ચેલેન્જ થયો હતો એ ચેલેન્જ થયેલા કાયદાને સુપ્રીમ કોર્ટે આ કાયદાઓ ઘડવા માટે રાજ્ય સરકારની સક્ષમતાને લેજીસ્લેટીવ કોમ્પિટન્સીને માન્ય રાખી છે. એની અંદર સુપ્રીમ કોર્ટે બહુ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એનું ગુજરાતી ભાષાંતર કરું છું. "એ બાબતનું સમર્થન કરવામાં આવ્યું છે કે, આ બંને અનુચ્છેદમાં દર્શાવવામાં આવ્યું છે કે જાહેર વ્યવસ્થાના હિતમાં તે અનુચ્છેદોથી આપવામાં આવેલા અધિકારો ઉપર નિયંત્રણ રાખી શકાશે. કોમી ઝનૂન વધારવાનો પ્રયાસ કરવામાં આવે, ઉદાહરણ તરીકે કોઇ વ્યક્તિનું બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવામાં આવ્યું હોય તો તે જાહેર વ્યવસ્થાનો ભંગ કરે છે. એથી પડકારેલા અધિનિયમો ૭ની અનુસૂચિતની બીજી યાદીમાં પ્રથમ નોંધના કાર્યક્ષેત્રની અંદર આવે છે ઇટ મીન્સ પબ્લીક ઓર્ડર, કારણ કે એનાથી જાહેર વ્યવસ્થાને થતા અવરોધો ટાળવા ધાર્યું છે. આ બે અધિનિયમોમાં ધર્મોનું નિયમન કરવાની જોગવાઇ કરવામાં આવી નથી." માનનીય અધ્યક્ષશ્રી, આપણે પણ જોઇએ છીએ કે વિશ્વ હિન્દુ પરિષદ, ધર્મ જાગરણવાળા લોકો જ્યારે સમાજમાં આવી ઘટનાઓ બને ત્યારે અનેક લોકો એમની પાસે જાય અને એ દીકરીને એ નર્કમાંથી પાછી લાવવા

માટે પ્રયત્ન કરે છે કેમ કે એ જાણતા હોય છે કે, આવતી કાલે અમારી એક દીકરીનું શું થવાનું છે? અને એના કારણે સંઘર્ષ થાય, તોફાન થાય, ઘર્ષણ થાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે પણ જો આપણે કાયદામાં જ સખ્તાઇ લાવી દઇએ તો લો એન્ડ ઓર્ડરની આ પ્રકારની ઘટનાઓ બનતી આપણે અટકાવી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તરપ્રદેશમાં પણ ગેરકાયદેસર ધર્મ પરિવર્તન અધિનિયમન– ૨૦૨૦ અમલમાં છે. મધ્યપ્રદેશમાં ધાર્મિક સ્વાતંત્ર્યતા અધિનિયમન, ઉત્તરાખંડ ફ્રીડમ ઓફ રીલિજિયસ એક્ટ, હિમાચલપ્રદેશ ફ્રીડમ ઓફ રીલિજિયસ એક્ટ અમલમાં છે. આમ જુદા જુદા કાયદાઓ પણ લાવવામાં આવ્યા છે. અન્ય રાજ્યોમાં પણ ઓરિસ્સા, અરુણાચલ, છતિસગઢ, હિમાચલપ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ વગેરેમાં આ પ્રકારના કાયદાઓ અલમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધા કાયદાઓમાં નવા પ્રકારનું જેહાદ જે એક નવું એલિમેન્ટ આવ્યું છે એના માટે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના કાયદાઓમાં લગ્નથી થતા ધર્માન્તરણ માટે પણ જોગવાઇ કરવામાં આવી છે. આ ધર્માન્તરણના ગુના માટે ૧ વર્ષ, ૨ વર્ષ અને ૫ વર્ષ સુધીની જેલની જોગવાઇ છે અને આપણો જે કાયદો છે એમાં ૩ વર્ષ સુધીની જોગવાઇ છે અને એ ધર્માન્તરણના ગુના માટે ૩ વર્ષ કરતા ઓછી નહીં અને ૫ વર્ષ સુધીની આપણા ૨૦૦૩ના કાયદાની અંદર જોગવાઇ છે. આ બધા કાયદાઓમાં ઓરિસ્સા, અરુણાચલ અને હિમાચલ પ્રદેશમાં એ ગુનાને કોગ્નીઝેબલ બનાવવામાં આવ્યા છે, ઝારખંડમાં પણ કોગ્નીઝેબલ અને બિન–જામીનપાત્ર છે, ઉત્તરાખંડમાં પણ બિન–જામીનપાત્ર છે, મધ્યપ્રદેશમાં કોગ્નીઝેબલ અને બિન–જામીનપાત્ર છે, ઉત્તરપ્રદેશમાં પણ કોગ્નીઝેબલ અને બિન–જામીનપાત્ર છે. આમ, જુદી જુદી રીતે દરેક રાજયે પોતાના ધર્મ સ્વાતંત્ર્યના કાયદાઓ કડક બનાવ્યા છે અને ૨૦૦૩નો આપણો જે કાયદો હતો એ ગુજરાત જ નહીં પણ દેશના અન્ય રાજયો દ્વારા પણ આ પ્રકારનો કાયદો લાવવામાં આવ્યો હતો. એ કાયદાની સામે ગુજરાત હાઇકોર્ટમાં રેવર એટલે કે ખ્રિસ્તી ધર્મના સન્માનનીય વ્યક્તિ સ્ટેનિશિલ ફર્નાન્ડીઝ વિરુધ ગુજરાત સરકાર ગુજરાત ફ્રીડમ ઓફ રીલિજિયસ એક્ટ ૨૦૦૩ ગુજરાત હાઇકોર્ટમાં આ પીટીશન થઇ હતી અને એ પીટીશન અરજદારની ડિસમિસ કરવામાં આવી હતી. આમ, અનેક રીતે આ કાયદાઓ, કાયદાઓની કાનૂની પ્રક્રિયા અને આજ સુધીની સ્થિતિ છે. આપણી જે સંસ્કૃતિ છે એ હિંદુ ધર્મ એ એક માત્ર ધર્મ નથી એ એક સંસ્કૃતિ છે, એક જીવન જીવવાની આપણી પદ્ધતિ છે. મેં અગાઉ કહ્યું તેમ આપણા ઘરની દીકરીઓનું નરમાશથી જતન કરીને એને તૈયાર કરી હોય છે એ આપણી સંસ્કૃતિ છે, પરંતુ આ સંસ્કૃતિનો આ વિધર્મીઓ દ્વારા દુરૂપયોગ કરવામાં આવે છે. આપણે આ સંસ્કૃતિના જતન માટે અનેક આક્રમણોના ઝંઝાવાત વચ્ચે પણ આપણો દેશ ટકેલ છે. બીજાના સુખની ચિંતા કરવાવાળા છીએ એટલે આપણો દેશ આજ દિવસ સુધી અડીખમ રહ્યો છે. મુસ્લિમ રાષ્ટ્રો, જે દેશમાં મુસ્લિમોની બહુમતી નથી ત્યાં પોતાનું સામ્રાજ્ય વધારવા આવા દેશોને આર્થિક, સાંસ્કૃતિક રીતે ખોખલાં કરવા માટે નાણાંકીય મદદ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં આતંકવાદ શા માટે થાય છે. ભારતને સીધી રીતે યુદ્ધના મેદાનની અંદર જે હરાવી નથી શકતા એવા નાપાક તત્ત્વો ક્રોસ બોર્ડર ટેરરીઝમના માધ્યમથી ભારતને આંતરિક રીતે ખોખલો કરવા માટે આતંકવાદી કૃત્યો કરે છે. આ આતંકવાદી માનસિકતાવાળા લોકો આપણી સાંસ્કૃતિક ધરોહર ઉપર, આપણા સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ ઉપર અસર કરવા માટે એમણે એક નવો રસ્તો અખત્યાર કર્યો છે અને એ રસ્તો છે લવ–જેહાદ. દારે–ઉલ–ઇસ્લામનો આખું વિશ્વ એ ઇસ્લામિક બને એના માટેનો હિડન એજન્ડા છે. આ હિડન એજન્ડાને ગુજરાતની અને આ ભારતની સરકાર એને તાબે થાય એ કોઇપણ હિસાબે એની માનસિકતા નથી. લવ–જેહાદથી એકલું ભારત ત્રસ્ત નથી. મોટાભાગનાં દેશો અમેરિકા સહિત એનાથી પીડાય છે. એક લવ–જેહાદ પરની એક સત્યઘટના પણ લખાયેલી આત્મકથા પુસ્તક છે એનો ઉલ્લેખ કરવા માગું છું. લવ–જેહાદનો ભોગ બનેલી પ્રસિદ્ધ અમેરિકન લેખક સુશ્રી બેટ્ટી મહેમૂદીએ પોતાની ભયાનક આપવીતી નોટ વીધાઉટ માય ડોટર નામની આત્મકથામાં વર્ણવેલ છે અને આ આખી આત્મકથા આપણે વાંચીએ તો સામાન્ય માણસના આખા શરીરના રૂવાડાં ઉભાં થઇ જાય એટલી ભયંકર સ્થિતિનો એની અંદર ઉલ્લેખ કર્યો છે. મેં કહ્યું તેમ કે આપણી સંસ્કૃતિ આંતરજ્ઞાતિય લગ્નપ્રથા અંગે પ્રગતિશીલ માનસ ધરાવે છે. દેશના અન્ય રાજ્યોમાં ક્યાંક ઓનરકીલીંગની ઘટના બને, પણ ગુજરાતની અંદર ક્યારેય ઓનરકીલીંગની ઘટના બની નથી. હું એ સ્પષ્ટ કરવા માગું છું કે થયેલા પ્રેમના આધારે કરેલા લગ્ન એનો આપણને વાંધો ન હોઇ શકે. પરંતુ ધર્માંતરણના આધાર ઉપર આખા દેશને ખોખલો કરવાની માનસિકતાના આધાર ઉપર એનો ઉપભોગ કરીને રસ્તે રઝળતી કરી દેવાની માનસિકતા સામે અમારો વાંધો છે. એના માટે અમે આ કાયદો લઇને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ લવ–જેહાદ શબ્દ એ ૨૦૦૯માં કર્ણાટકની એક ૧૮ વર્ષની યુવતીએ મુસ્લિમ બોયફ્રેન્ડ સાથે પ્રેમ કર્યો અને એ ભાગી ગઇ ત્યારથી છેલ્લાં દસકાથી આ પ્રસિદ્ધ થયો છે અને લવ–જેહાદની સાદી વ્યાખ્યા (૧) નામ છૂપાવવું (૨) છોકરીના સંપર્કમાં આવવો (૩) પ્રેમસંબંધ બાંધવો (૪) ધર્મ પરિવર્તન કરાવવો (૫)ધર્મ પરિવર્તન કરવા સંમત ન થાય તો બ્લેકમેઇલ કરો અને બ્લેકમેઇલ કરીને તરછોડી દો અને જો તેમાં પણ કાબૂમાં ન આવે તો એને મારી નાંખો. આવી ભયાનક માનસિકતા આ લવ–જેહાદના અલગ અલગ એંગલોના માધ્યમથી આપણે જોઇ છે. અમારો ઉદ્દેશ હિંદુ ધર્મમાંથી યુવતીને વટલાવીને એના ઉપર જે વૈચારિક આક્રમણ થાય છે. હિન્દુની વસતિ ઉપર આડકતરો અટકાવ લગાડવા માટે આ એક બહુ સોચી સમજી સાજીસ છે. હિન્દુ વિચારસરણી પર લાંબાગાળે અસર કરતું આ ષડયંત્ર છે અને હિન્દુ યુવતિઓને નકાબ હેઠળ છુપાવી તેની જિંદગીને બરબાદ કરી નાંખવા માટેનું ષડયંત્ર છે. આ ષડયંત્રમાં હવે ચિંતા એ છે કે, આપણાં શિક્ષણના

ધામો પણ આવા ષડયંત્રના કેન્દ્રો બની ગયા છે અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કેમ્પસમાં પણ એક હિન્દુ છાત્રાને બળજબરીપૂર્વક હિઝાબ પહેરાવવાની ધમકી આપી અને મહિલા આયોગના મીનાકુમારીએ દરમિયાનગીરી કરવી પડી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી દૈનિક જન્મભૂમિના અંકમાં લખેલું છે કે પાકિસ્તાન સ્થિત લશ્કરે તોયબાએ લગભગ ૧૯૯૬ની આસપાસ લવ જેહાદના કાવતરાના અમલીકરણ શરૂઆત કરી. પાકિસ્તાનમાં તાલીમ પામેલાં લવ જેહાદીઓ, રોમીયોએ ઉત્તર પ્રદેશના મેરઠમાં સૌ પ્રથમ શરૂઆત કરી. અનેક યુવતિઓને શિકાર બનાવી લવ જેહાદનો બીજો તબક્કો મહારાષ્ટ્ર અને પુણેની આસપાસ થયો. ૨૦૦૪માં કર્ણાટક, તામિલનાડું અને કેરળમાં આનો વ્યાપ થયો.

માનનીય અધ્યક્ષશ્રી, મુસ્લિમ યુવકો હિન્દુ યુવતિઓને ફસાવવા હાથે કલવા બાંધી રાખે અને નફીસ હોય તે બબુવા બની જાય અને માથે તિલક લગાવી અને છોકરીઓને છેતરવા માટેનો ધંધો કરે. ચિંતાનું કારણ એ છે કે, જો માત્ર પ્રેમનું પ્રકરણ હોત તો પણ આ ધર્માન્તરણના કારણે આ પ્રવૃત્તિ ચાલે નહીં. લવ જેહાદ માટે ફંડીંગ થાય છે લવ જેહાદ માટે Popular Front of India, Students Islamic Movement of India, અને Inter Service Intelligence આઇ.એસ.આઇ. પાકિસ્તાન ગુપ્તચર જેવી સંસ્થા આના માટે ફંડીંગ કરતા હોય તેવા સમાચાર છે. પોપ્યુલર ફંડ ઓફ ઇન્ડિયાના સદસ્યએ તેના મુખપત્ર ગલ્ફ પેજીસના પ્રબંધ સંપાદકમાં એહમદ શરીફે આ બાબતનો સ્વીકાર કરેલો કે આરબ દેશોથી હવાલા મારફત ભારતમાં ફંડીંગ પહોંચતું હોય છે અને ભારતમાં ઇસ્લામિક સ્ટેટની સ્થાપનાના છૂપા એજન્ડા આ આઝાદી અનેક નામી અનામી શહીદોની શહાદતના કારણે ભારતને આ મહામૂલી આઝાદી મળી છે. આ મહામૂલી આઝાદીનું જતન કરવુ તે આપણું કર્તવ્ય છે અને આ કર્તવ્ય નિભાવવા માટે અમે આ લવ જેહાદ સામેનો કાયદો સન્માનનીય સભાગૃહની અંદર લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રકમ જે આવે છે તેમાં વકીલોની ફી ચૂકવાય છે તે દીકરીઓનું બ્રેઇન વોસ કરે છે અને તેના નિકાહ કરાવવા માટેની ગોઠવણ થાય છે. આ લવ જેહાદના હિડન એજન્ડા છે અને આ હિડન એજન્ડા સામે અમે આ વિધેયક લઇને આવ્યા છીએ. આ જે વિધેયકની અંદર મુદ્દાઓ છે તેમાં કલમ–૨(ક)ની અંદર હું એની ટેકનિકલ વાતમાં નથી જતો પરંતુ એટલુ કહું છું કે, તમે જે જીવન ધોરણ જીવતા હો તેના કરતા વધારે ઊંચું જીવન ધોરણ જીવી શકો એવી સગવડો એટલે કે, સારો મોબાઇલ, સારું વાહન, સારી હોટલમાં લઇ જાવ, સારી ભેટ–સોગાદો આપો, સારાં બ્રાન્ડેડ કપડાંની લાલચ આપો. જયારે દેવી આશીર્વાદ એટલે ઇશ્વરની કૃપા તમારા ઉપર વરસે, તમને સ્વર્ગ જન્નત પ્રાપ્ત થશે આ પ્રકારનું કલમ–૨(ક)ની અંદર લલચાવ શબ્દ છે તે પ્રમાણે કલમ–૨(ઘ) કપટયુકત સાધનો. કોઇ વ્યકિત પોતે જે નથી તે ઓળખ આપીને, ખોટું નામ ધારણ કરીને, ગળામાં માળા, માથામાં તિલક, હાથમાં કાળો કે લાલ દોરો પહેરીને પોતે હિન્દુ છે એવી ઓળખ આપીને તેવું કપટ કરે તે કલમ–૩ કોઇ વ્યકિત અન્ય વ્યકિતને દબાણ, લાલચ અથવા કપટયુકત રીતે ધર્માંતરણ કરાવશે નહીં તેમજ કોઇ વ્યકિત તેમાં મદદગારી કરશે નહીં. કલમ–૩(ક) આ ધર્માંતરની ફરિયાદ કોણ કરી શકશે? માત્ર પીડિત વ્યકિત જ નહીં પરંતુ તેના માતા–પિતા, ભાઇ–બહેન લોહીના સંબંધથી જોડાયેલી વ્યકિત પણ ફરિયાદ કરી શકશે. ઘણી વખત એવા સંજોગો હોય છે કે, પીડિત વ્યકિત પોતે ફરિયાદ કરી શકે એવી સ્થિતિમાં હોતી નથી. કલમ–૪ આ કાયદા હેઠળ કોઇ ગુનો બને તો વ્યકિતએ ખરેખર ગુનો કર્યો છે તેના સિવાય એવી વ્યકિત કે જે આ ગુનામાં મદદગારી કરે, ગુનો કરવાની સલાહ આપે કે ગુનો કરવા મનાવે તો તે ગુનો જાણે કે તેણે જ કર્યો છે તે મુજબનો આરોપ.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૪ પછી ત્રણ નવી કલમો ૪–ક, ૪–ખ અને ૪–ગ માં લગ્ન દ્વારા, લગ્ન કરાવવા અથવા લગ્ન કરવામાં મદદ કરવાથી પણ ધર્માંતરણ થયું હોય તો પાંચ વર્ષ સુધીની અને ત્રણ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી સજા અને બે લાખ રૂપિયા કરતા ઓછો નહિ તેટલો દંડ અને જો સગીર અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિની સ્ત્રી કે વ્યક્તિના સબંધમાં લગ્નના કારણે ધર્માંતરણ ગુનો બનતો હોય તો હાલના કાયદામાં ચાર વર્ષ સુધીની સજા અને એક લાખ રૂપિયાના દંડની જે જોગવાઈ છે એમાં પણ વધારો કરીને ચાર વર્ષ કરતા ઓછી નહિ અને સાત વર્ષ સુધીની સજા અને ત્રણ લાખ રૂપિયા કરતા ઓછો નહિ એ પ્રકારના દંડની જોગવાઈ કરી છે. કલમ–૪(ખ)માં એવા લગ્ન કે જે ગેરકાયદેસર રીતે ધર્માંતરણના હેતુથી કરવામાં આવ્યા હોય, જેમાં લગ્ન પહેલાં કે પછી ધર્માંતરણ થયું હોય તે ફેમિલી કોર્ટ દ્વારા અને જ્યાં ફેમિલી કોર્ટ ન હોય ત્યાં ક્ષેત્રાધિકાર ધરાવતી કોર્ટ દ્વારા લગ્ન રદબાતલ ઠેરવવામાં આવશે. કલમ–૪(ગ)માં આવા સંગઠન અથવા સંસ્થામાં જે વ્યક્તિ જવાબદાર હોય અથવા તેના ચાર્જમાં હોય તેવા કિસ્સામાં ૧૦ વર્ષ સુધીની પરંતુ ત્રણ વર્ષ કરતાં ઓછી નહિ તેવી સજા અને પાંચ લાખ રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે. આમ, કલમ–૬ હેઠળ પણ Burden Of Proofનું પ્રોવિઝન કરવામાં આવ્યું છે. આ કેસની આખેઆખી તપાસ ડી.વાય.એસ.પી. કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ અધિકારી પાસે કરાવવાની જોગવાઈ કરવામાં આવી છે. કલમ–૬ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી વગર કોઈ પણ આ કાયદા હેઠળના ગુનાની કાર્યવાહી કરી શકશે નહિ. ક્યાંક એવો ભ્રમ ફેલાવવા માટેનો પ્રયત્ન કરે છે કે આનો દુરુપયોગ થશે. આ પ્રકારની જોગવાઈના કારણે આવો કોઈ દુરુપયોગ કરવો એ સરકારની માનસિકતા નથી. આ કાયદાના માધ્યમથી પબ્લિક ઓર્ડર વધારે સારી રીતે અને અસરકારકતાથી જળવાઈ રહે. રાજ્યની હિંદુ સહિતની તમામ સમાજની દીકરીઓ સલામતીની લાગણી અનુભવશે અને વિધર્મી યુવકોની જાળમાં ફસાતી આ દીકરીઓ બચશે. આ દીકરીઓનાં મા–બાપ અને કુટુંબીજનોને આ કાયદાના કારણે આવા વિધર્મી યુવકો સામે ફરિયાદ કરવાનું એક શસ્ત્ર મળી રહેશે. સોશિયલ મીડિયાના માધ્યમથી પણ

પોતાની ઓળખ છુપાવી અને ભ્રામક રીતે કેટલીયે દીકરીઓને ફસાવવાના કિસ્સાઓ પણ ધ્યાનમાં આવ્યા છે. આવી માનસિકતાવાળા લોકોમાં ગુનો કરતાં પહેલાં ભય ઊભો થશે. આવા કૃત્યોમાં મદદગારી કરવાવાળા મુલ્લા/મૌલવીઓ પણ આ કાયદાની કડક જોગવાઇના કારણે આવા આરોપીઓની મદદગારી કરતાં અટકશે. ધર્મ પરિવર્તન કે લગ્ન સબંધો અમે હરગિઝ ચલાવી લેવા માગતાં નથી. કેટલાંક બુદ્ધિજીવીઓ એવી દલીલ કરે છે કે, પુખ્ય વયની વ્યક્તિએ કોની સાથે લગ્ન કરવા એ એનો મૌલિક અધિકાર છે અને બંધારણે આપેલો હક છે, પરંતુ હિંદુ રામચરિત માનસ અને મુસ્લિમોનો ગ્રંથ પુરાણ પણ કહે છે કે કોઈનો ભરોસો કે કોઈનો વિશ્વાસ તોડવો નહિ. છેતરીને છળકપટથી કરેલા લગ્ન એ ભરોસા તોડવા સબંધમાં છે. આ સરકાર દ્રઢપણે માને છે કે મૌલિક અધિકારની વાત હોય ત્યાં છળકપટ ન હોઇ શકે. નામ છુપાવીને કરેલા લગ્ન એ છળકપટ છે. છેલ્લા બે દાયકાઓમાં બનેલી આવી ઘટનાઓને કારણે સામાજિક જીવનમાં હલચલ મચી ગઈ છે. આવી છેતરપિંડી કરવાવાળા, આવી પીઠ પાછળ ઘા મારવાવાળા, આવી વિઘાતક પ્રવૃત્તિઓ કરવાવાળા કોણ છે? શા માટે આપણી સમાજ વ્યવસ્થાને છિન્ન–ભિન્ન કરવા આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટ કહું છું કે, આવું કરવાવાળા એ લોકો છે કે જેને ભગવાન રામચંદ્રના દર્શનથી સદીઓથી આપણને વંચિત રાખ્યા હતા, આવા એ લોકો છે જેને ક્રોસ બોર્ડર ટેરીરિઝમના માધ્યમથી આ દેશને ખોખલો કરવાનો પ્રયત્ન કર્યો છે. આવા એ લોકો છે જેને આતંકવાદી કૃત્યો કરીને આપણા સૈનિકોની જાન લીધી છે. આવા એ લોકો છે કે જેને અમદાવાદની સિવિલ હોસ્પિટલ પર ટ્રોમા સેન્ટર પર હુમલો કર્યો છે. આવા એ લોકો છે વર્ષ ૧૯૯૨માં મુંબઇમાં જેને બ્લાસ્ટ કર્યા હતા, આવા એ લોકો છે કે જેને દેશની સંસદ ઉપર હુમલા કર્યા છે. આવા એ લોકો છે કે દેશની સરહદોમાંથી નશીલા દ્રવ્યો પેસાડીને દેશને ખોખલો કરવાવાળા છે. આવા એ લોકો છે કે ભારતના મૂગટ સમાન કાશ્મીરને નર્ક બનાવવાના મનસૂબા છે. આવા એ લોકો છે કે જે ધાર્મિક કટ્ટરવાદના આધાર ઉપર ભારત માતાનું ચીરહરણ કરવાવાળા લોકો છે. આવા એ લોકો છે કે જેને સિટીઝન એમેન્ડમેન્ટ એક્ટનો વિરોધ કરીને ભારતની સરકારને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો છે. આવા એ લોકો છે કે જે ભારત માતાના ટૂકડે ટૂકડેની ગેંગ સાથે જોડાયેલા લોકો છે. આવા એ લોકો છે કે ધર્માંતરથી ઈસ્લામનો ફેલાવો કરવાની માનસિકતાવાળા લોકો છે. આવા એ લોકો છે કે આવા જેહાદી કૃત્યો કરી અને એ લોકો એવું કહે છે કે હમે ઇસ પર ફક્ર હૈ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની વિજયભાઇ રૂપાણીની અને નીતિનભાઇ પટેલના નેતૃત્ત્વવાળી આ ધારાસભ્યોની સરકાર ગુજરાતની દીકરીઓની રક્ષા કરવાવાળી સરકાર આવા આલિયા, જમાલિયા, માલિયાઓની શાન ઠેકાણે લાવવા માટે આ લવ જેહાદ, આ ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમનો કાયદો હું સન્માનનીય સભાગૃહની વચ્ચે લાવ્યો છું.

અધ્યક્ષશ્રી : સોશિયલ મીડિયા અને વોટ્સએપ, એના પરથી થયેલી એક નજીકની જ ઘટના વડોદરાની, માનનીય મંત્રીશ્રી પૂછશે તો કહીંશ, કાં તો સદન મને પૂછશે તો હું કહીશ, મારે સામે ચાલીને કહેવું નથી. માનનીય પૂર્ણેશભાઇ મોદી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે અમારી ઉત્કંઠા વધારી છે તો આપ જે કહેવા માગો છો એ કહો, તો એનાથી અમને આનંદ થાય.

અધ્યક્ષશ્રી : શ્રી બાબુકાકા કહે છે, હા, ટૂંકમાં જ કહીશ, પણ એનો ગુઢાર્થ આપણે બધા સમજી લઇશું. વડોદરામાં એક ભાઇએ સોશિયલ મીડિયાના માધ્યમથી ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી અને પોતાના સરસ સરસ ફોટા મોકલી, જીન્સ પેન્ટ ઉપર વિવિધ લખાણોવાળી જર્સી, મોટર સાઇકલ ઉપર જતા, આ બધા ફોટા મોકલી રાજસ્થાનની એક બહેનને લલચાવી, રાજસ્થાનની બહેને એને વોટ્સએપ ઉપર પુછ્યું કે તમે શું ભણેલા છો? તો કહે હું તો ઈલેક્ટ્રોનિક એન્જિનિયર છું, આવું બધુ ખૂબ ભણેલો છું અને એવી બધી વાતો મોકલી. પેલા બહેન પ્રેમજાળમાં ફસાયા અને રાજસ્થાનથી હું વડોદરા કેવી રીતે આવું? એકબીજાને કયારેય મળ્યા નથી અને પોતે હજારો રૂપિયાની માસિક પગારની નોકરીમાં છે એવું બધું દર્શાવી, પછી એ બહેનને કીધું કે તારું એડ્રેસ મોકલ, તારા ઘરની બહાર આટલા વાગે એક ગાડી આવીને ઉભી રહેશે, એ ગાડીમાં બેસી જવાનું, એ ગાડી રાજસ્થાનની બોર્ડર સુધી, ગુજરાતની બોર્ડર સુધી આવીને તને છોડી દેશે, હું ત્યાં ગાડી લઇને આવીશ, તું મારી સાથે આવી જજે, એ દીકરીને લઇને વડોદરા આવ્યા અને વડોદરાથી એ ભાઇ પછી કયાંક ગાયબ થઇ ગયા. આ વિગત એટલા માટે કહું છું કે, પીપલાંત્રી કરીને તમે ગુગલમાં નાખશો તો જેને રાષ્ટ્રની અંદર ખૂબ મહત્ત્વ અપાયું છે, જેણે રણની અંદર જંગલને વસાવ્યું છે અને એમણે રાષ્ટ્રીય એવોર્ડ પણ મળેલા છે એના સંબંધીની દીકરી, આ વાત મારા સુધી પહોંચી આ ઘટના તો અદભુત ઘટના કહેવાય અને આની તપાસ તો થવી જ જોઇએ. એના માતા–પિતાએ ફરિયાદ આપી, પોલીસ કામે લાગી, પોલીસને અભિનંદન આપું છું કે લગભગ ચાર જ દિવસમાં શોધી કઢાયું અને પછી ભાંડો ફૂટયો, ત્યારે દીકરી આઘાત પામી ગઇ એ કોઇ જ કામધંધો નહતો કરતો, અત્યંત ગરીબ એના પિતા ભાંગીતૂટી લારીમાં ચાનો ખુમચો કરીને ચા વેચે. દિવસમાં એ પણ સાવ ઓછું કમાતા ભાઇ, એમના પિતા પણ. એના પિતાએ કહ્યું કે આ મારા દિકરાએ આ કર્યું છે એ ખોટું કર્યું છે. આવી ઘટના જયારે બને છે ત્યારે સમાજની અંદર અત્યંત દુઃખ થાય છે અને એ જે દિકરો હતો એ હિન્દુ નહોતો. આટલી માહિતી હું આપું છું. આ ગંભીર ઘટનાઓ આવી અનેકના પાસે હશે, દરેક જણને પૂછીએ તો દરેક જણ કહી શકે છે આવી ઘટનાઓ. (અંતરાય) હા, એટલે ઘટનાઓ દરેક જણ કહી શકશે. મેં શું કહ્યું? (અંતરાય) દરેક જણ કહી શકશે. તમે પણ શ્રી કીરીટભાઇ, કહી શકશો.

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, બિલને યોગ્ય રીતે ન્યાય આપવા બદલ હું શ્રી પ્રદિપસિંહને અભિનંદન આપું છું. એમણે જે વાતનો ઉલ્લેખ કર્યો એવા લોકો, એવા લોકોની સામે લડનાર સંસ્થા રાષ્ટ્રીય સ્વયમ્ સેવક સંઘ એના સ્થાપક પરમ પૂજનીય ડો.સાહેબનો આજે જન્મ દિવસ છે.

અધ્યક્ષશ્રી : ગઇકાલે જ આદરણીય છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ દિવસ ગયો.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહજી ગૃહમાં જે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક લઇને આવ્યા છે અને એમણે જે વાત મૂકી છે, એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારું સંપૂર્ણ સમર્થન તેમને આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી હિન્દુસ્તાનના યુવાનોમાં દેશ ભકિતના રંગે રંગાય, હિન્દુસ્તાનના નાગરિકો રાષ્ટ્ર માટે જીવવા અને  રાષ્ટ્ર માટે મરવા અને એમાં એકાકી ભાવના ઉત્પન્ન થાય, નેશન ફર્સ્ટ, આ રાષ્ટ્ર માટે આપણે સૌ સમર્પિત રહીએ એ માટે અને રાષ્ટ્રની ઉપર આફત આવે તો સૌથી પહેલાં રાષ્ટ્રીય સ્વયમ્ સેવક સંઘના તમામ લોકો અગ્રેસર હોય તેવા આજે આર.એસ.એસ. રાષ્ટ્રીય સ્વયમ્ સેવક સંઘના સ્થાપક પરમ પૂજ્ય ડો.કેશવરાવ બલિરામ હેગડેવારજીની આજે જન્મ જયંતિ છે એ નિમિત્તે હું તેમને ખૂબ ખૂબ વંદન કરું છું અને મારી ભાવાંજલી અર્પિત કરું છું.

સાહેબ, સો વર્ષ પહેલાં ૧૯૨૧ની અંદર આ દેશની અંદર ખિલાફત આંદોલનની શરૂઆત થઇ. એક તૂર્કીસ્તાનમાં તૂર્કીરાજા ખલીફા યુદ્ધના મેદાનમાં હારી ગયો અને એને બચાવવા માટે દુનિયાભરના ઈસ્લામના લોકો ભેગા થયા અને પરિણામે હિન્દુસ્તાને પણ એમાં ટેકો આપ્યો, ત્યારથી આ દેશમાં દારૂણ ઈસ્લામ બનાવવવાની એક ભાવના અમુક કટ્ટર પંથીઓમાં ઉભી થઇ. પરિણામે આપણને સ્પષ્ટ દેખાયું છે કે વર્ષ ૧૯૪૭માં આ દેશનું ધર્મના આધારે વિભાજન થયું. એના માટે સાહેબ, વર્ષ ૧૯૨૧થી આજે સો વર્ષથી આ દેશમાં આજે ધર્મના આધારે જેહાદ ખિલાફત આંદોલન થયા પછી અનેક પ્રકારના ષડયંત્ર આ દેશની અંદર વર્ષ ૧૯૪૭ પછી થયાં. આનું મૂળ કારણ દેશને ઈસ્લામી દારૂણ ઈસ્લામિક બનાવવાની મૂળભૂત ભાવના, કટ્ટર પંથીઓની આ ભાવના. આ દેશ ઈસ્લામના રંગે રંગાઇ જાય આ પ્રકારની ભાવનાના કારણે અનેક પ્રકારના ષડયંત્ર થયા અને તેના ભાગરૂપે હિન્દુસ્તાનમાં એક સમય એવો હતો કે ઠેર ઠેર બોમ્બ બ્લાસ્ટ થયા, ઠેર ઠેર અનેક પ્રકારે રમખાણો થયા, એના પાછળની જે ભાવના હતી, એની પાછળના જે લોકો હતા એ તાલીબાનના લોકો, લશ્કર–એ–તોયબાના લોકો, જૈસે મહંમદના લોકો, આ બધા અનેક તત્ત્વો દ્વારા આ હિન્દુસ્તાનના દારૂણ મુસ્લિમ ઈસ્લામ બનાવવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે.

સાહેબ, આજે આ બધા વચ્ચે ગુજરાતની અંદરની વાત કરીએ તો ગુજરાતમાં પણ ખાસ કરીને એક ષડયંત્રના ભાગરૂપે હવે આ ઈસ્લામ ધર્મની સંખ્યા વધારવા માટેના ષડયંત્રના ભાગરૂપે. યુવાન દીકરીઓને ડરાવીને, ફોસલાવીને, કપટ કરીને, પ્રલોભન આપીને, ધમકાવીને, પટાવીને, લલચાવીને, વટલાવીને બ્લેકમેઇલ કરીને અનેક પ્રકારના ષડયંત્રના ભાગરૂપે આ બહેન દીકરીઓને લગ્નની લાલચ આપીને અને એનું ધર્મ પરિવર્તન કરાવવામાં આવે છે. લગ્ન તો એક બહાનું છે. મૂળ એનો કન્સેપ્ટ એમનું ધર્મ પરિવર્તન કરીને એક સંખ્યા વધારીને આ દારૂણ ઈસ્લામ તરફ લઇ જવાની કોશિશ ચાલી રહી છે એને રોકવા માટે આ કાયદો લાવ્યા છે એ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

આ યુવાનોને એના માટે પ્રેરણા મળે છે, આ યુવાનોને લગ્ન પછી ફ્લેટ મળે છે, આ યુવાનોને લગ્ન પછી અનેક પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે, આ યુવાનો માટે અનેક પ્રકારની સગવડો, સાધનો ઉભાં કરવામાં આવે છે. આ યુવાનો આ પ્રકારની પ્રવૃત્તિ કરે એના માટે અમુક લોકો ખાસ કરીને આવા અનેક પ્રકારના તમે જોઇ શકો છો તેમાં વકીલથી માંડીને ધર્મ પુરુષો સુધીની આખી કડી છે. આ પ્રકારનું કામ કરે આ બધાને સામેલ પણ આ પ્રકારની મદદરૂપ થવાની સજાની જોગવાઇ લઇને માનનીય પ્રદિપસિંહજી આ કાયદો લઇને આવ્યા છે એને અનુમોદન આપું છું.

આનાથી પરિસ્થિતિ એવી થાય છે કે સમાજની અંદર એકવાર આપણી દીકરી ફસાય અને ફસાયા પછી ધીરે ધીરે એને ખબર પડે છે. ખબર પડે ત્યાર પહેલા તો જેમ આપે વાત કરી કેટલાક કિસ્સામાં હિન્દુ નામ તરીકે વપરાય છે. આપે જોયું સીએએનો કાયદો હિન્દુસ્તાનની અંદર જે હિન્દી, બૌધ, શીખ, ઈસાઇ, પારસી આના માટે આપણે લાવ્યા, ૧૯૪૭ની લીકર ખેંચાય અને ત્યાં પાકિસ્તાનમાં હાલત થઇ આજે ત્યાં આપણા લોકો લઘુમતીમાં આવી ગયા બે ત્રણ ટકા થઇ ગયા. એનાથી વિપરીત વાત કરીએ તો અહીંયા સંખ્યા વધારવા માટે લગ્ન પછી આપણી દીકરી ફસાય છે. પછી એનું જીવન નર્ક બની જાય છે. સામૂહિક બળાત્કાર થાય છે. કેટલાક કિસ્સામાં એને બ્લેકમેઇલ કરવામાં આવે છે, કેટલાક કિસ્સામાં એનું શોષણ કરવામાં આવે છે. કેટલાક કિસ્સામાં એને આતંકી પ્રવૃત્તિ સાથે જોડીને દેશની સામે દેશદ્રોહીની પ્રવૃત્તિ કરવા  માટે મજબૂર કરવામાં આવે છે. આ પ્રકારના ષડયંત્ર આપણા ગુજરાત અને દેશમાં હવે નહિ ચાલે અને એના માટે મજબૂતમાં મજબૂત જે કંઇ કરવું પડે એ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાત નહિ આખા દેશની અંદર જયાં પણ હશે ત્યાં આ પ્રકારનો કાયદો લાવીને આ દેશના નાગરિકોને આપણા અનેક લોકોને રક્ષણ આપવાનું કામ કરી રહી છે. સાહેબે કહ્યું તેમ લગ્ન તો એક બહાનું છે, સંખ્યા વધારવાનું એક ષડયંત્ર છે ત્યારે સાહેબ આવા કુકર્મ કરનારા લોકો, આવા અત્યાચાર કરનારાઓ, આવા બળજબરી કરનારા, આવા બળાત્કારીઓ, આવા અનેક પ્રકારના શોષણ કરનારાઓ અને આ રીતે આપણા સમાજની મા–બહેન દીકરીની ઇજ્જત જોડે ખીલવાડ કરનારા લોકોને નેસ્ત નાબૂદ કરવા એ આ ગૃહની પણ ફરજ છે. આવો આજે સાથે મળીને એક રાષ્ટ્રને ગુજરાત

તરફથી મેસેજ આપીએ કે આ દેશમાં હવે આવી પ્રવૃત્તિ નહિ ચાલે એ માટે ફરીથી આજે માનનીય પ્રદિપસિંહજીને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ રાજયમંત્રીશ્રી ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક ૨૦૨૧ લઇને આવ્યા છે, તેમાં મક્કમતાપૂર્વક મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપું છું.

એક રાષ્ટ્રપ્રેમી સરકાર, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ, માનનીય નીતિનભાઇ સાહેબ અને ગૃહમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. આ વિધેયક લઇને આવ્યા છે એ આવનાર રાષ્ટ્ર માટે, આવનાર હિન્દુ સમાજ માટે ખૂબ ઉપયોગી રહેવાનું છે, ત્યારે આ ગૃહમાં જેટલા પણ લોકો બેઠા છે એના માટે એક વ્હાલલસોય દીકરી જયારે એની વાત આવે, ત્યારે હિન્દુ હોય કે મુસ્લિમ હોય બાપ માટે દીકરી ખૂબ અગત્યની હોય છે અને પોતાનો વ્હાલો દરિયો હોય છે. કોઇપણ જાતની દીકરી હોય પણ દીકરી માટે હું કહીશ કે–

'' લાગણી છલકાય જેની વાતમાં, એક કે બે જણ હોય એવા લાખમાં.

શબ્દ સમજે સગા અને મનને સમજે એ દીકરી''

આ વ્હાલસોય દીકરી માટે જયારે ગૃહ રાજયમંત્રીશ્રી આ સુધારા વિધેયક લઇને આવ્યા છે, એમાં હું કહીશ કે આપણા દેશનું બંધારણ ડો. બાબાસાહેબ આંબેડકરજી દ્વારા રચાયું એ બંધારણ એટલે કે રાષ્ટ્રને સમાજને બાંધનારું મૂળભૂત તત્વ છે. ભારતના બંધારણમાં અનુચ્છેદ ૨૫ તથા ૨૮માં ધર્મ સ્વાતંત્ર્ય એટલે કોઇપણ વ્યકિતને પોતાના અંતકરણને અનુકૂળ ધર્મનું પાલન કરવાની અને પ્રચાર કરવાની છૂટ છે. પરંતુ સામાજિક અને નૈતિક વ્યવસ્થાના જોખમે નહીં. ભારતના બંધારણમાં પોતાના ધર્મનું પાલન અને પ્રચાર કરવાનો અધિકાર આપવામાં આવેલ છે, પરંતુ એ ધર્મનો એ અર્થ નહીં કે બીજાને ધર્માંતરણનો પ્રચાર કરવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટે સેકશન–૭૭માં ઠરાવેલ, કોઇ પણ વ્યક્તિનું ધર્માંતરણ કોઇ પણ પ્રકારના ભય, પ્રલોભન, જબરજસ્તી કે સારી જીવનશૈલી, દિવ્ય અનુભૂતિ કરવાની લાલચથી કરવામાં આવે તે ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યું છે. જ્યારે આ લવ જેહાદનો ઇતિહાસ સમજીએ તો લવ જેહાદ શું છે? તેને ઇંગ્લીશમાં કહીએ તો લવ છે. ગુજરાતીમાં તેને પ્રેમ કહેવાય છે અને અરબી શબ્દમાં તેને જેહાદ કહેવાય છે. આ જેહાદ શબ્દની પાછળ એટલું મોટું ષડયંત્ર છે કે આ ષડયંત્રને સમજતા સમજતા કદાચ એક સદી કરતા વધારે સમય લાગે. આ સદીમાં એટલા બધા ફેરફારો આવ્યા છે. કોઇ પણ ચોક્કસ ધર્મના વિશ્વાસ કરનારા અથવા કોઇ ચોક્કસ ધર્મના લોકો અન્ય ધર્મની છોકરીઓને ભોળવીને અથવા તો છેતરીને, પ્રેમજાળમાં ફસાવીને લવ જેહાદ કરે છે. આ લવ જેહાદ શબ્દ એટલો ખરાબ અને ખતરનાક શબ્દ છે કે સમગ્ર વિશ્વ માટે, સમગ્ર રાષ્ટ્ર માટે આ શબ્દને ઉખાડીને ફેંકી દેવાય અને મારી આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પણ ભલામણ છે કે સજામાં જે જોગવાઇઓ કરેલી છે. હું હાઉસના તમામ ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ સજાની જોગવાઇમાં ફેરફાર કરવો જોઇએ અને એટલી આકરી સજા કરવી જોઇએ કે જિંદગીમાં એક પણ વિધર્મી હિંદુ દીકરીની સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત ન કરે. એ વિધર્મીને જીવે ત્યાં સુધી, પેઢીઓની પેઢીઓ સુધી યાદ કરે કે હિંદુ દીકરી સામે આંખ ઉઠાવીને જોઇશ તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારનો કાયદો અમને ક્યારેય નહીં છોડે. મારી આપના માધ્યમ દ્વારા તમામ ધારાસભ્યોને વિનંતી છે, માનનીય ગૃહમંત્રીશ્રીને કહું છું કે જે કલમો લગાવી છે એ કલમોમાં ફેરફાર લાવે અને જરૂર પડે તો એવી આકરી સજા આપે કે જેવી આકરી સજાઓ એમના મુસ્લિમ દેશોમાં ફટકારવામાં આવે છે. ખુલ્લામાં આ વિધર્મીઓને નપુંસક કરી નાખે એ પ્રકારની આકરી સજાઓ આપવી જોઇએ. હિંદુ દીકરીઓ ઉપર નજર ન નાખે.

માનનીય અધ્યક્ષશ્રી, **देश की बेटीयों सुनलो आज, मुस्लिम लडकों को, हिन्दु लडकीयॉ सिर्फ लव जेहाद के लिए चाहिए, उनको न घर बसाना है, न रहना है, अपनी मामा, चाचा, बेटीयों के साथ भी शादी कर सकते है, घर बसा सकते हैं ।** *(xxx) માનનીય અધ્યક્ષશ્રી, લવ જેહાદ અંતર્ગત હિંદુ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી ધર્માંતરણ કરવામાં આવે છે. એક અનુમાન મુજબ વાર્ષિક ૨૦ હજાર કરતા પણ વધુ હિંદુ દીકરીઓને આ લોકો છેતરવાનું કામ કરે છે. માનનીય મંત્રીશ્રીએ કેરળ હાઇકોર્ટના જે ચુકાદા કહ્યા, મારે તેમાં નથી જવું પણ હું ચોક્કસ કહીશ કે ચોક્કસ સંગઠન દ્વારા સારા દેખાતા મુસ્લિમ યુવાનોને મદરેસાની અંદર લવ જેહાદની ટ્રેનિંગ આપવામાં આવે છે. સોશિયલ મીડિયામાં કેવી રીતે ફોટા અપલોડ કરવા, કેવાં કપડાં પહેરવાં, બાઇક ચલાવી, પૈસા આપવા અને શ્રી પૂર્ણેશભાઇએ કહ્યું તેમ બધા જ પ્રકારની સગવડ આપવી. એક કિસ્સો કહું કે દિલ્હીની રહેવાસી ટીના ડાભી. યુ.પી.એસ.સી.માં પ્રથમ આવી હતી. એ જ દીકરીએ બીજો રેન્ક ધરાવતા આમિરખાન સાથે લગ્ન કર્યા, ભણેલા ગણેલા બન્ને કપલ વચ્ચે ધર્માંતરણ કરાવ્યું. બળજબરીથી ધર્માંતરણ કરાવ્યા બાદ છોકરાઓ થયા અને તલાક આપ્યા. સેલિબ્રીટીની વાત કરું, કેટલું બધું ઝેર ઉંડાણમાં ફેલાયું છે અને હિંદુ દીકરીઓ ફોસલાય છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રિઝની વાત કરું. સંગીતા બિજલાણી. મોહમ્મદ અઝહરુદ્દીન સાથે લગ્ન કર્યા. છોકરાઓ પેદા કર્યા અને સંગીતા બિજલાણીને છૂટાછેડા આપી દીધા. સૈફઅલી ખાન. અમૃતા સિંઘ સાથે લગ્ન કર્યા, બે બાળકો થયા, અમૃતા સિંઘને તલાક આપ્યા. રીના દત્તાની વાત કરું. આમિરખાન સાથે લગ્ન કર્યા, લગ્ન બાદ રીના

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દત્તાને તલાક આપ્યા. આપણી કમનસીબી છે કે તેના કરતા આઠ વર્ષ નાની બીજી દીકરી કિરણ સાથે લગ્ન કર્યા. આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં હિંદુ છોકરીઓ અને કોઇ પણ હીરો જોઈ લો. એ બધા જ હીરો મુસ્લિમ હશે. હિરોઇનો બધી હિન્દુ હશે અને બધી જ હિરોઇનોને છેતરીને માત્ર ધર્માંતરણ કરાવીને આ દીકરીઓએ માત્ર બાળકો પેદા કરવાના. એ દીકરીઓ ઉંમર થતા દીકરા પેદા ન કરી શકે ત્યારે તરત જ બીજા લગ્ન કરવાના, ત્રીજા લગ્ન કરવાના, ચોથા લગ્ન કરવાના. આ હાઉસના ફ્લોર ઉપર હું એવું કહું છું કે હિન્દુ સમાજમાં એક કે બે દીકરાઓ હોય છે. જ્યારે ચોક્કસ સમાજની અંદર એક નહીં, બે નહીં, ચાર નહીં, પણ બાર બાર છોકરાઓ કરે છે. જેમ શ્રી પૂર્ણેશભાઇએ કહ્યું એમ એક ઇસ્લામિક દેશ બનાવવા માટેનું ખૂબ મોટું ષડયંત્ર છે. માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપ જે વિધેયક લાવ્યા છો એનો એટલો કડક કાયદો કરો કે ક્યારેય ફરી હિન્દુ યુવતીઓ ઉપર આંખ ઉંચી કરવાની કોઇ હિંમત ન કરે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ બિનસાંપ્રદાયિકતાને વરેલો દેશ છે. ભારતનું બંધારણ સર્વધર્મ સમભાવની ભાવના સાથે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ટકાવી રાખવા માર્ગદર્શન આપે છે. હિન્દુ સંસ્કૃતિ દરેક ધર્મને આદર અને સન્માન આપે છે. તેથી અનેક સમાજના લોકો આપણા ભારત દેશમાં રહે છે. ધર્મ સ્વાતંત્ર્ય એ આપણને બંધારણે આપેલ ભેટ છે. આમ છતાં ઘણા પ્રસંગોમાં જોવા મળે છે કે લોભ, લાલચ, યુક્તિ–પ્રયુક્તિઓ અજમાવીને ધર્મ પરિવર્તન કરાવવાના બનાવો બનતા જોવા મળે છે. ધર્મ પરિવર્તનને નિયંત્રણમાં રાખવા ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ૨૦૦૩ અમલમાં છે. પરંતુ ખાસ કરીને સ્ત્રીઓને પ્રભાવિત કરીને, ખોટા નામ ધારણ કરીને, લગ્ન માટે લલચાવીને ધર્મ પરિવર્તન કરાવવાનું પ્રમાણ વધવા માંડ્યું છે. મારા લિંબાયત વિસ્તારમાં લઘુમતી સમાજના એક લાખથી પણ વધુ લોકો રહે છે. લવ જેહાદની ઘટના ત્યાં વારંવાર બનતી જાય છે. મારે દુઃખ સાથે કહેવું છે કે સુરત શહેરના લિંબાયત પોલીસ સ્ટેશનમાં લવ જેહાદની અનેક એવી ફરિયાદો દાખલ થયેલ છે. એમાં જોવા જઈએ તો ૧૬ વર્ષની સગીર દીકરી જ્યોતિ પરિહારને મુસ્લિમ યુવક લલચાવી, ફોસલાવી લાલચ આપી અપહરણ કરવાનો ગુનો દાખલ થયેલ છે. એનાથી પણ કરુંણ એવી ઘટના ૧૪ વર્ષની દીકરી કેટલી કુમળી હોય છે. ૧૪ વર્ષની દીકરી પ્રતિમાને પ્રેમજાળમાં ફસાવી અલી નામનો એક ૨૫ વર્ષના યુવકે અપહરણ કર્યાનો ગુનો દાખલ થયેલ છે. એ જ રીતે ગૌરી સાલ્વી, ૧૬ વર્ષની દીકરીને મોહમ્મદ શેખ નામનો યુવક અપહરણ કરીને લઇ ગયેલો એવી ઘટના લિંબાયત પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે. એવી જ રીતે કીર્તિસિંહ ઉ.વ. ૧૫ને અયુબ શેખ લઇને ચાલી ગયો. ૧૫ વર્ષની સીમા ખંડારકરને ઓકટોબર ૨૦૨૦માં એઝાઝ શેખ નામનો યુવક એનું અપહરણ કરીને મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધવાનો ગુનો લિંબાયત પોલીસ સ્ટેશનમાં દાખલ છે. આવી અનેક અનેક ઘટનાઓ લિંબાયત પોલીસ સ્ટશેનમાં વારંવાર બનતી આવી છે અને એનાં મા–બાપ મારી ઓફિસે આવતા હોય છે, રડતા હોય છે અને એમની વ્યથા કહેતા હોય છે, ત્યારે આંખમાં આંસુ આવી જાય છે. આવી કરુંણ ઘટનાઓ બનતી હોય છે. આવા સમયે માનનીય મંત્રીશ્રી આ વિધેયકમાં જે સુધારા લઇને આવ્યા છે તે સમયની માંગ છે. આવી ગેરકાયદેસર ધર્મ પરિવર્તનની પ્રવૃત્તિ કડક હાથે ડામી દેવા માટે ધારાકીય કડક સજાની જોગવાઇ કરવી જરૂરી છે. કડક કાયદો બનવાથી ગુનાઓ અટકાવવામાં, ગુના નિયંત્રણમાં રાખવા આ કાયદો અસરગ્રસ્તોને મદદરૂપ બની શકશે. હિન્દુ સંસ્કૃતિ સર્વધર્મ સમભાવમાં માને છે. પરંતુ જ્યારે સ્ત્રીઓ સાથે અમાનુષી આચરણ થાય છે ત્યારે એમને પૂરતું રક્ષણ મળવું જોઇએ. અમારી ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળ આવી ગેરકાયદેસર થતી ધર્મ પરિવર્તનની બાબત અમે ચલાવી લેવા માગતા નથી. તેથી જ આજે આ સુધારા વિધેયક લાવવાની જરૂરિયાત ઉભી થઇ છે. રાજ્યની પૂર્વ પટ્ટીના વિસ્તારો ઉમરગામથી અંબાજી સુધી જે ૧૪ જિલ્લાઓ આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓ છે. આ ૧૪ જિલ્લાઓમાં પણ આદિવાસી સમાજની દીકરોઓના વિચાર ધર્મ પરિવર્તન માટે દલાલો, એજન્ટ, સિન્ડીકેટ ગેંગ રેકેટ ચલાવે છે. આદિવાસી સમાજની સગીર દીકરીઓને મુસ્લિમ સમાજ જ નહીં, પણ ઇસાઇ મિશનરીઓ પણ આર્થિક લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવે છે એ પણ અટકવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક ન્યૂઝ પેપરમાં જ્યારે વાંચવામાં આવ્યું હતું તેની વાત કહું. ભારતમાં ધર્માન્તરણ પરિવર્તનની પ્રતિ વર્ષ દરમ્યાન લગભગ ૨૦,૦૦૦ ઘટનાઓ બનતી હોય છે. એક ચોક્કસ સમાજ દ્વારા હિન્દુ સમાજની દીકરીઓને પ્રેમજાળમાં ફોસલાવી, લલચાવી એની સાથે લગ્ન કરવામાં આવે છે અને પછી એને ધર્માન્તરણ કરવા મજબૂર કરે છે અને જો એ દીકરી–મહિલા ના પાડે તો એને શારીરિક માનસિક યાતના આપે છે, અસહ્ય પીડા આપે છે અથવા એની પાસે દેહ વ્યાપાર કરવા જેવા ગુનાઓ માટે મજબૂર કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ પહેલાના સમયથી સંસ્કૃત્તિમાં વિવિધતા ધરાવતો અને આપણી સંસ્કૃત્તિ એ દુનિયામાં સૌથી પ્રાચીન સંસ્કૃત્તિ ગણાય છે. વિવિધ પ્રકારના લોકો, વિવિધ પહેરવેશ, અનેક બોલી અને ભાષા અને રહેનસહેનની દ્રષ્ટિએ વિવિધતા ધરાવતો આપણો દેશ છે. હજારો વર્ષો પહેલાં વિવિધ પ્રજા ભારતમાં સ્થાયી થઇ. આર્યોથી શરૂ કરીને તૂર્કો, મુઘલો, પારસીઓ, ડચ, પોર્ટુગીઝો, ફ્રેંચો અને છેલ્લે અંગ્રેજ લોકો ભારતમાં આવ્યા અને વિવિધ જાતિ–પ્રજાતિ પણ સાથે લાવ્યા. આ બધાના મિશ્રણથી એક ભારતીય સંસ્કૃત્તિનું નિર્માણ થયું છે અને આજે આપણે સૌ એના સાક્ષી છીએ. ભારત એક રાષ્ટ્રનો વિચાર છે જે સભ્યતા, એકતા, ઐતિહાસિક સમાનતા અને

સમૃદ્ધતાથી ભરપૂર ગણતંત્ર છે, ત્યારે આપણા દેશનું લોક જીવન વિવિધતામાં એકતા સૂત્રને સાર્થક કરતું દેખાય છે. આઝાદી પછી ભારતે આ વિવિધતા જાળવી રાખી અનેક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે દેશના દરેક ધર્મના લોકોને સમાન અધિકાર આપવામાં આવ્યા છે. આપણા દેશમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ, પારસી, જૈન, બૌદ્ધ વગેરે જુદા જુદા ધર્મની સાથે એમાં સંપ્રદાયો પણ અલગ અલગ હોય છે. આપણી આ વિવિધતા આપણા પડોશથી ચાલુ કરીને, ગામમાં, શહેરમાં, જિલ્લામાં, રાજ્યમાં અને આખા દેશમાં જોવા મળે છે. આટલી બધી વિવિધતા હોવા છતાં ભારતમાં એકતા અને અખંડિતતા જોવા મળે છે અને ભારતમાં કેવું વૈવિધ્ય છે તેનો પરિચય થાય છે અને આ પરિચયથી પણ ભારત ૧૩૦ કરોડથી પણ વધુ વસ્તી ધરાવતો દેશ છે. આપણામાં આટલી બધી વિવિધતા હોવા છતાં એકતા એ સામાન્ય વાત નથી. ક્યારેક કોઇ સ્થાપિત હિતો ધરાવતા લોકો દ્વારા થતી ઉશ્કેરણીનો ભોગ બનતા જાય છે. એના માટે હું રાજ્યની મહિલાઓ વતીથી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબને અભિનંદન આપું છું અને માનું છું કે આ વિધેયકમાં જરૂરથી સુધારા લાવવા જોઇએ અને સુધારા લાવીને આપણા દેશની દીકરીઓ અને મહિલાઓને રક્ષણ આપવું જોઇએ.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય(સુધારા) વિધેયક ૨૦૨૧ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં બિલનો ખૂબ તલસ્પર્શી અભ્યાસ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) માનનીય ગૃહ મંત્રી વિધાનસભાની બહાર મીડિયાના મિત્રો સાથેનો સંવાદ ચૂંટણીના ભાષણની તૈયારી જાણે વિધાનસભાના ફ્લોરમાં કરવાની હોય એમ લવ જેહાદ, લવ જેહાદ, લવ જેહાદ ગાઇ વગાડીને ગામમાં કહેતા હતા. કમનસીબે આખાય બિલની અંદર લવ જેહાદ નામનો એક પણ શબ્દનો પ્રયોગ નહીં કરીને *(xxx) માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીની લડાઇમાંપણ જાતિ, ભાષા, ધર્મના સીમાડાઓને તોડનારો એક વર્ગ પ્રેમના તાંતણે દેશને જોડી અંગ્રેજોની ગુલામીની ઝંઝીરમાંથી છુટવા પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે પણ દેશને ગુલામીની ઝંઝીરોમાં જકડનારા લોકોએ આ દેશની વિવિધતા ઉપર પ્રહાર કર્યો. કયાંક શાંત પાણીમાં પાણા ફેંકી એને જાતિ, ભાષા, ધર્મ, પ્રાંતના વાડાઓની અંદર વહેંચીને આ દેશને ગુલામ બનાવ્યો હતો. *(xxx) મારે ટિપ્પણીઓમાં પડવું નથી. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક ૨૦૦૩માં આ ગૃહની અંદર પાસ કરવામાં આવ્યું અને સદનસીબે આ વિધાનસભાની અંદર પ્રથમ વખત મને ભાગીદાર થવાનો અવસર પ્રાપ્ત થયો હતો. સરકારે જે ઉદ્દેશોમાં લખ્યું છે કે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ૨૦૦૩થી પ્રલોભન, બળ અથવા ગેરરજૂઆત અથવા બીજા કોઇ કપટયુકત સાધનો મારફત કરાયેલા ધર્મ પરિવર્તનની તજવીજ કરવા ધાર્યું છે, તેમ છતાં સારી જીવનશૈલી દેવી કૃપાનો વાયદો કરીને અને ખોટા નામ ધારણ કરીને ધર્મ પરિવર્તનના બનાવો બનતા રહે છે. હાલમાં ધર્મ પરિવર્તનના હેતુ માટે સ્ત્રીઓને લગ્ન માટે લલચાવવાના બનાવો પણ વધતા જાય છે. આ ચિંતા સાથે માનનીય ગૃહમંત્રીશ્રી આ વિધાનસભા ગૃહ સમક્ષ બિલ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૨૦૦૨માં પણ આપ આ વિધાનસભાના સભ્ય હતા, ત્યારેપણ તમે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ૨૦૦૩ની રજૂઆત સમયે આલીયા, માલીયા અને જમાલિયાની ટીકા કરતા હતા. વર્ષ ૨૦૦૩થી આજે ૨૦૨૧ એમ ૨૦–૨૦ વર્ષ પછી પણ એના એ શબ્દો પાછા ગૃહ સમક્ષ લાવવા પડે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષ ૨૦૦૩માં જે ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક વિધાનસભા સમક્ષ લાવ્યા હતા, એ નિરર્થક નીવડ્યાનો એમણે સ્વીકાર કર્યો છે. આ દેશમાં લાખો લોકોએ જાતિ, ભાષા, ધર્મના વાડાઓ તોડીને આઝાદી માટે આંદોલનનું નેતૃત્વ કર્યું. કેટલાય લોકોના લોહી, પરસેવા અને બલિદાન ઉપર આ દેશની અંદર ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭નો સુખદ દિવસ સાક્ષી બન્યો. ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ પૂજ્ય બાબાસાહેબે બંધારણમાં પ્રાણ પૂર્યા અને આ દેશમાં સંવિધાન એ જ આપણી ગીતા, કુરાન કે બાઇબલ બને એ આ દેશના લોકોએ સ્વીકાર્યું. મઝહબ નહીં શીખાતા આપસ મેં બૈર રખના, હિન્દી હૈ હમ, સારા હિન્દુસ્તા હમારા. આ દેશમાં સંવિધાનથી વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મળ્યો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પ્રોફેસર ડીંડોર, માનનીય પરેશભાઇ, એક મિનિટ, જયારે માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી વાત કરતા હતા ત્યારે અહીંથી કોઇ કશું બોલ્યું નથી. પ્લીઝ, શાંતિથી સાંભળો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં સંવિધાનની અંદર પ્રાણ પૂરીને પૂજ્ય બાબાસાહેબે વિવિધતાની વચ્ચે એકતાનો ગુલદસ્તો એવું આ સુંદર મઝાનું ભારત ઘડવાનું કામ કર્યું. સંવિધાનની અંદર અમારા કાઠિયાવાડમાં કહેવત છે ૧૨ ગાઉએ બોલી બદલે અને ૧૬ ગાઉએ સાન. આવડો મોટો દેશ, કેટલીયે જાતની વિવિધતા. એ વિવિધતાને સંવિધાનના તાંતણે ગૂંથવાનો શ્રેય આપણા વડવાઓએ કર્યો હતો. એ સંવિધાનથી આ દેશના દરેક માણસને ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર મળ્યો, વાણી સ્વાતંત્ર્યતાનો અધિકાર મળ્યો. વ્યક્તિ સ્વાતંત્ર્યતાનો અધિકાર મળ્યો, સમાનતાનો અધિકાર મળ્યો, ન્યાયનો અધિકાર મળ્યો અને દેશના નાના માણસની ન્યાય યાત્રા શરૂ થઇ. ગુજરાતમાં જેમ ૨૦૦૩ ની અંદર આપણે ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ લઇને આવ્યા. આ ધર્મ પરિવર્તન વિરુદ્ધનો કાયદો આપણા સહિત દેશના ૯ અન્ય

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યોમાં અત્યારે ઓલરેડી ઉપલબ્ધ છે, અમલમાં છે. આ રાજ્યોમાં અરૂણાચલ પ્રદેશ, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. આ કાયદો બનાવવાની સત્તા રાજ્યો પાસે છે. દરેક રાજ્યમાં આ કાયદામાં થોડા ઘણા ફેરફારો હશે. મૂળભૂત રીતે આ કાયદો તોડવા ઉપર ૫,૦૦૦થી ૫૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અને ૩ વર્ષ સુધી કેદની જોગવાઇ ભૂતકાળમાં કરવામાં આવી છે. આજનું આ બિલ સરકાર વિધાનસભા સમક્ષ લઇને આવી છે. માનનીય મંત્રીશ્રીના કહેવા મુજબ કોઇપણ ધર્મ પરિવર્તનના ઇરાદે બળજબરીપૂર્વક આંતરધર્મી વ્યક્તિઓ વચ્ચે થતા લગ્ન રોકવા ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ૨૦૦૩ સુધારવાનો ઇરાદો છે. આ ૧૭ વર્ષ જૂનો કાયદો છે. વિધેયકમાં ધાર્મિક વિવિધતા ધરવાતા બે વ્યક્તિના લગ્ન અને તેના આધારે ધર્મ પરિવર્તનમાં મદદ કરનાર સામે કડક પગલાં ભરવાની વાત ગૃહમંત્રીશ્રીએ કરી છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ ૧૭ વર્ષ પછી સુધારો કરીને ગુજરાતમાં હાલમાં ધર્મ પરિવર્તનના હેતુ માટે જ મહિલાને લગ્ન માટે લલચાવવાના બનાવો વધતા જાય છે એવું કારણ અહીંયા આપ્યું છે. આવા લોકો સામે પગલાં ભરવા માટે ૨૦૦૩ના કાયદામાં સુધારો કરીને સારી જીવનશૈલી, દેવી કૃપા અન્યથા એવા ૩ નવા શબ્દો દાખલ કરવાના છે. કપટયુક્ત સાધનો આ શબ્દમાં ગેરરજૂઆત ખોટા નામ, અટક, ધાર્મિક ચિહ્નનો દુરુપયોગ કરે, કોઇ ખોટા નામ ધારણ કરે તો આવી વ્યક્તિને આકરામાં આકરી સજા કરવા માટે માનનીય મંત્રીશ્રીએ રજૂઆત કરી. આપ પણ કાયદાના વિદ્વાન છો. ઇન્ડિયન પીનલ કોડ કોઇ છળ કરે, કપટ કરે, વિશ્વાસઘાત કરે તો એના માટે કાયદાની જોગવાઇઓ એમાં છે. કાયદાનો વિદ્યાર્થી નથી. પણ એનો અભ્યાસ મેં કર્યો. આઇ.પી.સી. ૪૦૬, ૪૧૭, ૪૧૯, ૪૯૩, ૪૯૬ તરફ આપનું ધ્યાન દોરું છું. આઇ.પી.સી. ૪૦૬ કોઇ ગુનાઇત વિશ્વાસ કરે તો એને ૩ વર્ષની કેદ અથવા દંડ તે પૈકી બંનેની સજા થઇ શકે. ૪૧૭ એટલે ઠગાઇ. કોઇ ઠગાઇ કરે તો ૧ વર્ષ સુધીની કેદ અને દંડ એને કરી શકાય. ૪૧૯ કોઇ ખોટા નામે ઠગાઇ કરે તો ખોટા નામે ઠગાઇ કરનાર વ્યક્તિને ૩ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંનેની જોગવાઇ આખા દેશમાં ઓલરેડી છે. ઇન્ડિયન પીનલ કોડ આખા દેશમાં લાગુ પડે છે અને આઇ.પી.સી. ૪૯૩ જે સ્ત્રીનું પોતાની સાથે કાયદેસર રીતે લગ્ન થયા ન હોય તેની સાથે છેતરપિંડી કરીને કોઇપણ પુરુષ સ્ત્રીને પોતાની સાથે કાયદેસર લગ્ન થયા છે એમ મનાવીને પોતાની સાથે દંપતિભાવે રાખવા માટે પ્રેરે. તો આવી વ્યક્તિને ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડ સહિતની જોગવાઇ કરવામાં આવી છે. આઇ.પી.સી. ૪૯૬ અમૂક વિધિથી પોતાનું કાયદેસર રીતે લગ્ન થતું નથી એવું જાણવા છતાં કોઇ વ્યક્તિએ એવા લગ્ન વિધિ કપટ ઇરાદાથી કરી લીધા હોય તો એના માટે પણ આઇ.પી.સી.માં ૭ વર્ષ સુધીની કેદ અને દંડની જોગવાઇ છે. આટલી બધી કડક જોગવાઇઓ ઉપલબ્ધ હોવા છતાં *(xxx)માનનીય ગૃહમંત્રીશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, એ અમારા મિત્ર છે અને મને એમની ઉપર ખૂબ પ્રેમ છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ બીજી વખત બોલ્યા એટલે કહેવું પડે છે કે, *(xxx) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આ શબ્દો ફરીવાર ન બોલશો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી આઇ.પી.સી.ની આટલી કલમો ઉપલબ્ધ હોવા છતાં આ ગાંધી અને સરદારના ગુજરાતમાં આવા છળ, કપટ અને ઠગોને રોકી શક્યા નહીં. ૨૦૦૩માં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક અહીંયા લઇને આવ્યા હતા અને બહુમતીથી પાસ કર્યું હતું અને આજે ૧૭ વર્ષ પછી પણ આવા બનાવોને રોકી શકયા નથી એ વાતનો માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર કર્યો છે. આ દેશ વિવિધતામાં એકતાથી જોડાયેલો આ દેશ છે. સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૨૦–૨૧માં જે નોંધાયેલા આંકડા છે એમના તરફ આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. મારી પાસે સંદર્ભ તો સેન્સસ ૧૯૯૧નો પણ છે, ૨૦૦૧નો પણ છે, ૨૦૧૧નો પણ છે અને ૨૦૨૧માં નવો સેન્સસ તૈયાર થવાની તૈયારીઓ પણ શરુ થઇ ગઇ છે. અમારા મિત્રો કહે છે કે, ખૂબ વસતિ વધારો થયો છે, પણ સેન્સસ ૨૦૧૧ મુજબ જે આપણી ગણતરી થયેલી છે એમાં ગુજરાતમાં કુલ વસતિમાં હિન્દુ ધર્મ, મુસ્લિમ ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, જૈન ધર્મ અને બીજા બિન–વર્ગીકૃત અન્ય ધર્મોને પણ ગણવામાં આવ્યા, એમાં ૫.૩૫ કરોડ કરતા વધુ હિન્દુઓ નોંધાયેલા, ૫૮ લાખ મુસ્લીમો નોંધાયેલા છે, ૩.૧૬ લાખ કરતા વધુ ખ્રિસ્તીઓ નોંધાયેલા છે, ૫૮ હજાર કરતા વધુ શીખ, ૩૦ હજાર કરતા વધારે બૌદ્ધ ધર્મીઓ અને ૫.૭૯ લાખ કરતા વધુ જૈન ધર્મીઓ નોંધાયેલા છે. આ દેશના સંવિધાને વિવિધતાનો સ્વીકાર કર્યો છે અને એટલા માટે આ દેશમાં દરેક ધર્મ, જાતિ, કોમ, એના રીત–રીવાજ, પરંપરાઓ, સંસ્કૃત્તિને જાળવવાનો દરેક ભારતીયને અબાધિત અધિકાર છે. જીવનની સફરમાં સાથે જોડાવા માગતા હોય એવા લોકો ક્યાંય હિન્દુ લોકો હોય તો હિન્દુ મેરેજ એક્ટ નીચે એની લગ્ન નોંધણી થાય છે, મુસ્લીમો માટે મુસ્લિમ પર્સનલ લો છે એના અંતર્ગત એની નોંધણી થાય અને આ દેશમાં ૧૯૫૪માં દેશની સંસદે સ્પેશિયલ મેરેજ એક્ટ પસાર કર્યો, દેશ આઝાદ થયો ત્યારે જાતિ, ભાષા, ધર્મ, કોમના વાડાઓ તૂટી ગયા હતા અને એ રાષ્ટ્રભાવનો પાયો મજબૂત કરવા માટે આ દેશની સંસદમાં સ્પેશિયલ મેરેજ એક્ટ લાગુ કરવામાં આવ્યો અને એ સ્પેશિયલ મેરેજ એક્ટ અંતર્ગત આ દેશનો કોઇ વ્યક્તિ ભારતીય એ ભારતમાં રહેતો હોય કે વિદેશમાં રહેતો હોય, એ હિંદુ હોય, મુસ્લિમ હોય, બુદ્ધ હોય, શીખ હોય, ઇસાઇ હોય, જૈન હોય, પારસી હોય, જયુઇસ હોય, એ કોઇપણ ધર્મને માનતો હોય, તત્કાલ સમયે એના લગ્નના અલગ અલગ રિવાજો હતા, કાયદાઓ હતા, પરંપરાઓ હતી, એનાથી ઉપર ઉઠીને એ આ દેશની

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અંદર આંતરધર્મી લગ્ન કરી શકે, આંતર–જાતિય લગ્ન કરી શકે એવો કાયદો આ દેશમાં ઘડાયો અને આ કાયદાનું દેશના ખૂબ બહોળા વર્ગે માન–સન્માન કર્યું. કાયદાને સાર્થક કર્યો.

લવ–જેહાદ શબ્દને છેલ્લા ઘણા વર્ષોથી આપણે સાંભળી રહ્યા છીએ. અંગ્રેજી ઓછું ભણ્યો છું પણ સાહેબ, અઢી અક્ષરનો શબ્દ એનું નામ પ્રેમ. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ આ ભારતની સંસ્કૃતિ, રઘુકુળ રીત સદા ચલી આઇ, પ્રાણ જાય પર વચન ન જાઇ, પ્રાણ જાય પણ વચન ન દુભાય. આ સંસ્કૃતિ અને સાંસ્કૃતિક ધરોહરમાં આ દેશના કોઇપણ વ્યક્તિને છળકપટ કે વિશ્વાસઘાત કરવાનો અધિકાર નથી. આ દેશમાં કોઇપણ વ્યક્તિ એ પોતાના જીવનના કોઇપણ પ્રકારના વ્યવહારમાં છળ કરે, કપટ કરે, વિશ્વાસઘાત કરે તો એને કાયદાથી આકરામાં આકરી સજા થવી જ જોઇએ એ આ દેશના બંધારણે સ્વીકાર્યું અને બંધારણથી ઉતરેલા કાયદાઓ એ કાયદાઓએ, કાયદાના દાયરામાં આવા વ્યક્તિઓ ઉપર આકરી સજાની જોગવાઇ માટે આઇ.પી.સી. એક્ટ ઘડ્યો. અમારે ત્યાં કાઠિયાવાડમાં અમે જે બાળપણમાં સમજ્યા તે જેહાદ એટલે ઝુંબેશ તળપદી ભાષામાં ગામડામાં આપણી બહેનો પણ બોલે જેહાદ એટલે ઝુંબેશ, મને એમ હતું કે આ લવ–જેહાદ એટલે આ ઘૃણાની રાજનીતિ વચ્ચે પ્રેમનો પ્રકાશ પ્રગટાવવા માટે માનનીય ગૃહમંત્રીશ્રી વિધાનસભામાં બિલ લઇને આવતા હશે એવો મને વિશ્વાસ હતો. અઢી અક્ષરનો શબ્દ પ્રેમ, પ્રેમને આકાર નથી હોતો, પ્રેમને વિકાર નથી હોતો, પ્રેમને બંધન નથી હોતા, પ્રેમને સીમાડા નથી હોતા, પ્રેમને જાતિ નથી હોતી, ભાષા નથી હોતી, પ્રેમને કોઇ ધર્મ નથી હોતો. પ્રેમ નિરાકારી છે, એને જોઇ ન શકાય એનો હૃદયમાં અહેસાસ થાયને એનું નામ પ્રેમ. આ ઘૃણાના તાપે પ્રેમ નામના શબ્દને ક્યાંય બેડીએ બાંધવાનો પ્રયાસ નથી થતોને? આપણે સૌએ સામૂહિક ચિંતન કરવું પડશે.

અમારા સાથી મિત્ર માનનીય જગદીશભાઇ પંચાલ વિધાનસભામાં વાત કરતા હતા, મને લાગ્યું કે કોઇ ચૂંટણી સભાનું ભાષણ કરતા હશે, સાહેબ, ગાંધીનગરમાં કોર્પોરેશનની ચૂંટણીઓ છે, એક વિધાનસભાની પેટા ચૂંટણી છે ત્યાંના ભાષણનું પૂર્વ તૈયારી માટે આ વિધાનસભાનું પ્લેટફોર્મ નથી.

પ્રેમ, પ્રેમ એ પ્રકૃતિ છે. પ્રેમ એ પ્રકૃતિ છે અને પ્રકૃતિ સાથે છેડછાડ કરનાર કોઇ વ્યક્તિ હોય, વર્ગ હોય કે વ્યવસ્થા જે પ્રેમની સાથે છેડછાડ કરે છેને એનો હંમેશા વિનાશ થાય છે. આ લવ–જેહાદ નામનું બિલ વિધાનસભામાં લાવવાની બહાર જાહેરાત થઇ હતી. આખાય બિલમાં ક્યાંય લવ–જેહાદ શબ્દનો પ્રયોગ નથી. આખાય બિલમાં ક્યાંય હિંદુ–મુસલમાન, શીખ, ઇસાઇ, પારસી કોઇ ધાર્મિક વાડાઓ પ્રયોજવામાં આવ્યા નથી. વિધર્મીઓ એટલે અલગ અલગ ધર્મના લોકો જ્યારે લગ્નના તાંતણે જોડાય.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૨–૩૦ વાગ્યે ફરી મળશે. આપનું પ્રવચન પૂરું થયેલું છે કે ચાલુ?

શ્રી પરેશ ધાનાણી : ચાલુ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી પરેશ ધાનાણી (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. રાજયના માનનીય ગૃહમંત્રીશ્રી ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક–૨૦૨૧ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરી રહ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ અગાઉ વાત કરી. રાજ્ય સરકાર વિધાનસભા ગૃહની બહાર પ્રચાર–પ્રસારના બહાને લવ જેહાદ શબ્દને વાગોળી રહી છે અને બીજી તરફ જે વિધાનસભાની સમક્ષ બિલ આવ્યું છે, એમાં લવ જેહાદ નામના શબ્દનો કયાંય ઉપયોગ પણ કર્યો નથી. આપના મારફત હું માનનીય મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માગું છું કે, એક તરફ આજ ગુજરાત વિધાનસભામાં ભાજપની સરકાર લવ જેહાદના મુદ્દે જે કડક કાયદા લાવવા તજવીજ કરી રહી છે અને બીજી બાજુ ઉત્તરાખંડમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા બીજા ધર્મ અને જાતિમાં લગ્ન કરનારા યુગલોને ૫૦ હજાર રોકડ રકમ આપવાની જાહેરાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા ધર્મ અને જાતિમાં લગ્ન કરનારા લોકોને ૫૦ હજાર રૂપિયા આવા યુગલોને રોકડા આપવાની જાહેરાત કરી રહી છે. આ *(xxx)વચ્ચેનો તફાવત સ્પષ્ટ થાય છે. એક તરફ અહીંયા લવ જેહાદના નામે ભાષણો થાય છે અને બીજી તરફ હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીની હરિયાણા સરકારની અંદર તેમના સાથી અને ઉપ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલા તેમનું કહેવુ છે કે અમે લવ જેહાદ નામના શબ્દથી સંમત નથી. ચૌટાલાજી એ જણાવ્યું કે એવો શબ્દ યોગ્ય લાગતો નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**હરિયાણામાં સંપૂર્ણપણે લવ મૅરેજ પાબંદી અંગે.**

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી જે માહિતી આપવામાં આવી રહી છે હરિયાણાની અંદર આજે પણ ત્રણ શહેરોની અંદર સંપૂર્ણપણે લવ મૅરેજ પર પાબંદી છે. આ ખોટી માહિતી આપી રહ્યાં છે મારી પાસે તેનો પુરાવો છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : તમારી વાત રેકર્ડ ઉપર લીધી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) અને બીજી તરફ ભારતીય જનતા પાર્ટીની હરિયાણા સરકારમાં તેના સાથી અને રાજયના ઉપ મુખ્યમંત્રીશ્રી દુષ્યંત ચૌટાલા એ લવ જેહાદ નામના શબ્દથી સંમત નથી. તેમનું કહેવુ છે કે, જો કોઇ સ્વેચ્છાથી પોતાનો ધર્મ બદલે છે અથવા બીજા ધર્મના વ્યકિત સાથે લગ્ન કરે છે તો આવા કોઇ લોકો ઉપર પ્રતિબંધ હશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો વિવાદી નિવેદન આપવા માટે જાણીતાં વિક્રમ શેનીજી જયારે કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટાવવામાં આવી ત્યારે પણ તેને નિવેદન કર્યું હતું કે હવે કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ હટી ગઇ છે કોઇ પણ *(xxx) ગુજરાતનો એક દાખલો આપવા માગું છું. વર્ષ ૨૦૦૩માં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક, ૨૦૦૩ આ ગૃહમાં પસાર થયું. ત્યાર પછી પણ ગાંધી અને સરદારના ગુજરાતમાં, વાડાઓને તોડીને દેશને જોડનારા ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં ૧૦૫ જેટલી મહિલાઓ અને પુરૂષોએ હિંદુ ધર્મમાંથી બૌદ્ધ ધર્મનો અંગીકાર કરી લીધો. તેઓએ ધર્મ પરિવર્તન માટે સરકારના ચોપડે કારણ આપ્યું છે કે, સ્થાનિક ગામોના મંદિરમાં અનુસૂચિત જાતિના લોકોની પ્રવેશબંધી કરવામાં આવે છે, દલિતો ઉપર અત્યાચાર સહિતના બનાવો વધતાં જાય છે. આ હિંદુ દલિતોને પણ આ સરકાર સુરક્ષા આપી શકી નહિ. આખા ગુજરાતનું માથું શરમથી ઝુક્યું. સરકારી નિષ્ફળતાના કારણે તેઓએ ધર્મ પરિવર્તન કરવું પડ્યું. એક તરફ લવ જેહાદની વાત થાય છે અને બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી રામલાલજીએ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમણે તેમની ભત્રીજી શ્રેયા ગુપ્તાના ફૈઝાન કરીમ સાથે પંચતારક હોટલમાં ધામધૂમથી લગ્ન કરાવ્યા અને ભારતીય જનતા પાર્ટીનું જે શીર્ષ મોવડી મંડળ છે તે દંપતીને આશીર્વાદ આપવા ગયું. મારે આ દાખલો એટલા માટે ટાંકવો પડ્યો કે આપ કહ્યું કે પ્રેમને દિવાલ નથી હોતી. જયારે મનથી મન મળે ત્યારે.. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : તો આ બધા શેઇમ શેઇમ કેમ કરે છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) વચ્ચે તફાવત છે. એનાથી માથું શરમથી ઝૂકે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આજે દિલ્હીના દરબારમાં સોળે કળાએ સૂરજ ચડેલો છે. માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી અને એન.ડી.એ.ની સરકાર શાસન કરી રહી છે. માનનીય રામદાસ આઠવલેજી ગુજરાતના પ્રવાસે આવ્યા, ત્યારે થોડા મુદ્દાઓ ઉપર તેમણે પ્રકાશ પાડ્યો હતો. તેમના કહેવા મુજબ ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં આંતરજ્ઞાતીય લગ્નોની સંખ્યામાં ૨૭ ટકાનો વધારો થયો છે. એમના જણાવ્યા મુજબ આંતરજ્ઞાતીય લગ્ન મામલે ગુજરાત દરેક દંપતીને એક લાખ રૂપિયા આપે એવો નિર્દેશ કર્યો અને કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી ૨૦૨૦ દરમિયાન આવા ૨,૭૨૬ જેટલા લગ્નો નોંધાયા છે. આખા દેશમાં આંબેડકર ફાઉન્ડેશન દરેક આંતરજ્ઞાતિ લગ્ન માટે અઢી લાખ રૂપિયા... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આ તબક્કે હું ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, પ્રવચનમાં જે કોઈ વિગતો આપે એ ચકાસીને આપે કોઈ જગ્યાએ ભૂલ ન થાય એની કાળજી રાખે. પ્લીઝ, ગો અહેડ.

શ્રી પરેશ ધાનાણી: આખા દેશમાં આંબેડકર ફાઉન્ડેશન દ્વારા દરેક આંતરજ્ઞાતિ લગ્ન માટે દંપતીઓને અઢી લાખ રૂપિયા સહાય આપવામાં આવે છે અને એમના જણાવ્યા મુજબ દેશમાં એક વર્ષમાં ઓછામાં ઓછા એક લાખ કરતાં વધુ આંતરજ્ઞાતિ લગ્ન નોંધાય છે. આ ગૃહ સમક્ષ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે બિલ લઇને આવી ત્યારે માનનીય મંત્રીશ્રી અને ગૃહના સન્માનનીય સભ્યોને મેં સાંભળ્યા. ભારતીય જનતા પાર્ટીના મિત્રોનો દાવો છે કે હિંદુની દીકરી બીજા કોઈ ધર્મના વ્યક્તિ સાથે પરણે તો એ પ્રેમ નથી. આવા બંધનોથી હિંદુ યુવતીઓમાં અસુરક્ષિત ભાવ પેદા થાય છે, કપટપૂર્ણ રીતેનું ધર્મ પરિવર્તન કરાવવામાં આવે છે અને આ એવો વિચિત્ર વિચાર છે જે આખાયે દેશમાં દર પાંચમાથી ચાર કરતાં વધુ લોકો હિંદુ સંસ્કૃતિને વરેલા હોય, દેશના ૧૦૦ ટકા લોકો ગૌરવપૂર્ણ હિંદુસ્તાની હોય છે, ત્યારે આ કાલ્પનિક ભયની દીવાલથી * (xxx)ની વૃતિ નિંદનીય છે. સાહેબ વપરાય, મારી વાક્યરચના, શ્રી નીતિનભાઇ, બિલકુલ સંસદીય ભાષામાં બોલું છું. અસંસદીય ભાષામાં...

અધ્યક્ષશ્રી : હા, હું જોઇ લઉ છું. શું કીધું એકઝેટલી પ્લીઝ, એક મિનિટ, એક મિનિટ, મેં લખીને રાખ્યું છે *(xxx) એ અસંસદીય શબ્દોની યાદીમાં આવે છે પણ ચાલુ પ્રવચનમાં કોઇને ડિસ્ટર્બ, પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય લાભ મેળવવા માટે...

અધ્યક્ષશ્રી : હા, એમ કહો. *(xxx) શબ્દો કાઢી નાખવામાં આવે છે અને ફરી સૂચના આપવામાં આવે છે કે *(xxx) એવા શબ્દો કોઇએ વાપરવા નહીં. પ્લીઝ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧

શ્રી પરેશ ધાનાણી : માત્ર રાજકીય લાભ મેળવવા માટે આ દેશમાં અમુક વ્યકિત વર્ગ કે વિચારધારા માત્ર અને માત્ર રાજકીય લાભ મેળવવા માટે હિંદુઓને, હિંદુસ્તાનને અલગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે એનું આખા દેશને દુઃખ છે. જયાં સુધી ધર્મ પરિવર્તનનો સવાલ છે, હું માનું છું કે બંધારણે સમાનતાનો અધિકાર આપ્યો હતો, જયાં સુધી દેશમાં સામાજિક અસમાનતા રહેશે, ત્યાં સુધી નબળો વર્ગ જયાં એને માન મળતું હશે, સન્માન મળતું હશે, સારી વ્યવસ્થા મળતી હશે એવી વિચારધારાને, એવા ધર્મને, એવા સંપ્રદાયને શરણે જશે. આ સમસ્યાનું સમાધાન એક માત્ર શબ્દ એ સમાનતાની અંદર સમાયેલું છે, ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સંવિધાનિક રીતે મળેલો સમાનતાનો અધિકાર એને *(xxx) અને બીજી તરફ કાલ્પનિક ભય પેદા કરી,

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બીજી તરફ મુઠ્ઠીભર લોકોથી એક બહોળા વર્ગમાં કાલ્પનિક ભય પેદા કરી અને રાજકીય મશીહા તરીકે પોતાને પ્રસ્થાપિત કરવાનો નિરર્થક પ્રયાસ થઇ રહ્યો છે. આંતર ધાર્મિક અને આંતર જાતિય લગ્ન જે જોવા મળી રહ્યા છે એ બદલાતા ભારતનું પ્રતિબિંબ છે, વિવિધ આસ્થાઓના લોકો જયાં ઇચ્છે ત્યાં એકઠા થઇ શકે છે. અનેક બિન શીખ પરિવાર દર વર્ષે અમૃતસરના સુવર્ણ મંદિરમાં માથુ ટેકવી શકે છે. અનેક બિન મુસ્લિમ લોકો અજમેર શરીફની અંદર દર્શન કરી શકે છે. વર્ષોથી ચાલતી આવતી પરંપરાને આ દેશના પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇએ પણ આગળ ધપાવી અને એ અજમેર શરીફના દરબારમાં ભારત સરકારની સન્માનસભર ચાદર એને પહોંચાડી. એક તરફ પ્રધાનમંત્રી આ દેશમાં દસ વર્ષ દંગા ન થાય એવું સંસદમાં નિવેદન આપે છે અને બીજી તરફ આ ગાંધી અને સરદારના ગુજરાતમાં માનનીય પ્રધાનમંત્રીના ગૃહ રાજયમાં કયાંય ધર્મની વચ્ચે, જાતિની વચ્ચે, કોમની વચ્ચે વાડાઓ કેમ પેદા થાય એવો પ્રયાસ થઇ રહ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય પૂર્ણેશભાઇ, બેસી જાઓ, પ્લીઝ

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના લાખો હિન્દુ– મુસ્લિમ તિરૂપતિને પણ નમે છે. લાખો હિન્દુ– મુસ્લિમ શિરડી સાંઇ બાબાના દરબારમાં પણ માથું ટેકવે છે. આ દેશના લોકો કોલકત્તામાં નવા વર્ષની સાંજે તમામ ધર્મના લોકો સાથે મળીને સેન્ટપોલ કેથલેટમાં પણ જાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારને આ બધા જ જાતિ, ભાષા, ધર્મના લોકો એક સાથે મળીને આગળ વધેને એમાં જ વાંધો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારને દેશના લોકો સંગઠિત થાય એનાથી ભય પેદા થયો છે, જો દેશના લોકો એક થશે તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ક્કડભૂસ થવાનો ભય આ સરકારને સતાવી રહ્યો છે અને ભારતીય જનતા પાર્ટીના લોકોને ડર છે કે આ દેશના લોકો જાતિ, ભાષા, ધર્મના વાડા તોડીને સંગઠિત થશેને તો જે પોતાનું ઝૂંડ છે, એના પરથી કયાંક નિયંત્રણ તો નહીં ગુમાવી બેસાય ને એની ચિંતા સરકારને સતાવે છે.

આટલી વિવિધતાની વચ્ચે આટલા પડકારોની વચ્ચે પણ મારું ભારત આજે બચ્યું છે, અડીખમ ઉભું છે. (અંતરાય) કારણ કે મારો દેશ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે પણ એવું કહી શકો. પ્લીઝ, બેસી જાઓ.

શ્રી પરેશ ધાનાણી : મારું ભારત, મારા દેશનું સંવિધાન વિવિધતાની પ્રસંશા કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં કહ્યુંને, તમારે કહેવાની જરૂર નથી. હું કહીશ.

શ્રી પરેશ ધાનાણી : મારું ભારત આજે અડીખમ ઉભું છે. મારું ભારત એની સાંસ્કૃતિક વિરાસત બચી છે, કારણ કે મારો દેશ અને દેશનું સંવિધાન વિવિધતાની પ્રસંશા કરે છે, વિવિધતાનો સ્વીકાર કરે છે. વિવિધતાની વચ્ચે એકતાના ગુલદસ્તાને ગૂંથવાનું કામ આ દેશનું સંવિધાન કરે છે. એટલા માટે સંવિધાનની સાથે લાગણીના તાંતણે જોડાયેલો, મારો ભારત મા ભોમનો પૂત્ર દેશની સરહદોની સુરક્ષા કરતો સૈનિક એક તરફ સરહદો પર પડકાર હોય એ સળગતી સરહદોએ પડકારોની વચ્ચે માનનીય અધ્યક્ષશ્રી, કોઇ મંદિરમાં ઇશ્વરને પૂજે છે, કોઇ નમાજ પઢે છે. અલગ અલગ જાતિ, ભાષા અને ધર્મ છે, એમ છતાં મારા દેશનો જવાન એ દેશની સાર્વભૌમિકતાની સુરક્ષા માટે ખંભે–ખંભો મેળવીને લડે છે, એટલે સાહેબ મારું ભારત બચ્યું છે. આ દેશમાં ૧૨૨ કરતાં વધુ ભાષાઓ, ૧૫૯૯ કરતાં વધુ બોલીઓ ધરાવતું મારું ભારત એને એક તાંતણે બાંધીને તમે કેમ રાખશો, એની ચિંતા આ ગૃહે કરવી જોઇએ. આપણે વિવિધ ઇશ્વરની પૂજા કરીએ હરિ તારા નામ છે હજાર કયા નામે લખવી કંકોતરી, કોઇ કહે રામ તને કોઇ કહે શ્યામ તને, કયા નામે લખવી કંકોતરી. હું નખશિખ હિન્દુ છું, એનું મને ગૌરવ છે, અને મારા ધર્મમાં તેત્રીસ હજાર કોટિ દેવી–દેવતાઓ, મારા ધર્મ અને મારી સંસ્કૃતિને મારા સંસ્કારોને સિંચે છે. અમે કહીએ છીએ કે આ તેત્રીસ હજાર કરોડ દેવીઓ અને દેવતાઓ એનું નામ હિન્દુ ધર્મ છે. આજે મુઠ્ઠીભર લોકો આ તેત્રીસ હજાર કરોડ દેવી દેવતાઓને બાજુએ હડસેલીને અયોદ્ધામાં માથું ઝૂકાવો તો જ તમે હિન્દુ. એવા સર્ટિફિકેટ વેચવાનો શું કામ એ પ્રયાસ કરે છે. અમે જયશ્રી કૃષ્ણ કહીએ તો તે બોલે જયશ્રી રામ, અમે કહીએ હર હર મહાદેવ તો તે બોલે જયશ્રી રામ, અમે કહીએ જય માતાજી તો તે કહે જયશ્રી રામ. જયશ્રી કૃષ્ણ, હરહર મહાદેવ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સૌએ સાંભળવાની તૈયારી રાખવાની હોય. તમે બધા સાંભળશો તો તમારે જેને સારો જવાબ આપવો છે એને આપી શકશો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શું એ હિન્દુઓની આસ્થાનું કેન્દ્ર બિંદુ નથી. આ દેશની વિવિધતાની પ્રકૃતિને જયાં સુધી આપણે નહિ સ્વીકારીએ ત્યાં સુધી આ દેશ આગળ નહિ વધી શકે. ૧૨૨ ભાષા, ૧૫૯૯ બોલી ધરાવતો દેશ અને દેશમાં ૩ હજાર કરતાં વધુ જ્ઞાતિ અને ૨૫ હજાર કરતાં વધુ પેટા જ્ઞાતિઓ એનું વર્ગીકરણ નોંધાયેલું છે. આ દેશને આગળ વધારવો હશે, દેશને વિશ્વની મહાસત્તા બનાવવી હશે તો મારી ભારત માતાએ એનું દિલ ખોલવું પડશે. મારે મારા ભારતમાં પોતાનું દિલ ખોલીએ તો દુનિયાને જીતી શકવાની ક્ષમતા છે. કમનસીબે દિલને તાળું મારીને પ્રેમના નામે ઘ્રુણાની તાપણી તપાવવાનો પ્રયાસ થાય એનું ગુજરાત સહિત આખા દેશને દુ:ખ છે. ઘણી બધી વાતો થઇ શકે તેમ છે. પ્રેમ નામનો શબ્દ આવે તો લૈલા મજનુને કોણ ભૂલી શકે, લૈલા મજનુનો પ્રેમ આ દેશનું બાળક ઘોડિયામાં હિંચકતું હોય તોય એને પણ ખબર પડે કે લૈલા અને મજનુ કોણ હતા? હીર રાંઝાનો પ્રેમ, રોમીયો અને જુલિયટનો પ્રેમ, સોની અને મહીવાલનો પ્રેમ, સલીમ અને અનારકલીનો પ્રેમ, જોધા અને અકબરનો પ્રેમ, બાજીરાવ અને મસ્તાનીનો પ્રેમ, ઢોલા અને મારુનો પ્રેમ, ખમો હજી ઘણું બાકી છે. મને ગૌરવ થાય છે.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, એક મિનિટ મતદાન વખતે જયારે ''હા'' બોલવાની હોય છે ત્યારે આટલા જોરથી કેમ નથી બોલતા? અને શેનો વિરોધ છે? તમે ઇચ્છો છો કે એ ન બોલે? તો પછી શાંતિ રાખોને. તમારે બોલવાનું બાકી છે ને શ્રી હર્ષભાઇ? તે વખતે આ લોકો વિરોધ કરે તેવું ઇચ્છો છો? તો પ્લીઝ, શાંતિ રાખો, હવે હું ફરીવાર કહીશ નહિ, કોઇપણ વચ્ચે બોલશે તો બહાર જવું પડશે. (અંતરાય) થેંકયુ બોલવાની જરૂર નથી. કોણ બોલ્યુ? તમારે પણ બહાર જવું પડશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું ગૌરવ એવું કચ્છ, ત્યાં કયારેક ગયા હશો. જેસલ તોરલના પ્રેમથી રંગાયેલું હતું. જેસલ અને તોરલની વાર્તા લગભગ ગૃહમાં બેઠેલા બધા જ લોકોએ સાંભળી હશે. આ પ્રેમ નામનો શબ્દ નવો નથી, પ્રેમ નામનો રોગ નવો નથી. આ પ્રેમ નામના રોગે શુભદ્રાનું અર્જુન પાસે અપહરણ કરાવ્યું હતું. આ પ્રેમ નામના રોગે રૂકમણીનું ભગવાન શ્રી કૃષ્ણ પાસે અપહરણ કરાવ્યું હતું. મા–દીકરા વચ્ચેનો પ્રેમ એની પરિભાષા જુદી હોય છે. ભાઇ અને બહેન વચ્ચેના પ્રેમની પરિભાષા જુદી હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, તમે રાધા અને કૃષ્ણ વચ્ચેના પ્રેમની વાત કહી દો એટલે આ લોકોને શાંતિ થઇ જાય. માનનીય પરેશભાઇ, એકવાર કહો ને, રાધા કૃષ્ણનો પ્રેમ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બે દાખલા બાકી છે. રામ અને શબરીનો પ્રેમ. ભગવાન રામ અને શબરીના પ્રેમે કદાચ રામને વનવાસ કરાવ્યો હશે, વર્ષોથી એઠાં બોર ચખાડવાની દિલમાં લ્હાય લાગી હતી. ત્રિલોકના ઘણીને વન તરફ એ પ્રેમ દોરી ગયો. અમારા ભાઇબંધો જય શ્રી કૃષ્ણ કહીએ તો જય શ્રી રામ બોલે છે અને બીજી બાજુ રાધાકૃષ્ણના પ્રેમની ચિંતા કરે છે. રાધા અને કૃષ્ણનો પ્રેમ એ વિરહનો પ્રેમ હતો. નિર્દોષ પ્રેમ હતો. ત્યાં પામવાનો નહીં સમર્પણનો ભાવ હતો અને આ ભારતીય જનતા પાર્ટી સત્તા પામવા માટે પ્રેમને દાવ ઉપર લગાવવાનો પ્રયાસ શું કામ કરે છે એ આખા ગૃહની ચિંતા છે. આ ગૃહે શિવાજીને યાદ કર્યા.

અધ્યક્ષશ્રી : અત્યારે તો આ પ્રેમની પી.એચ.ડી. કરી નાખી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહે છત્રપતિ શિવાજીને યાદ કર્યા.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, થોડું વાતાવરણ હળવું કરીએ કે તમારા લગ્ન પછીનો પ્રેમ છે કે પ્રેમ પછીનું લગ્ન છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શ્રી પરેશભાઇના જે બીજા કિસ્સાઓ છે એ સન્માનનીય સભાગૃહમાં જાહેરમાં કહેવાય એવા નથી.

અધ્યક્ષશ્રી : પ્રેમના કિસ્સાઓ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શ્રી શૈલેષભાઇના કેસમાં પણ એવું જ છે સાહેબ.

અધ્યક્ષશ્રી : આપની જેમ જ એ બન્નેને પાછો મારી સાથે પણ પ્રેમ છે. (અંતરાય) પ્લીઝ. શ્રી લલીતભાઇ, વાતાવરણ હળવું કરવા માટે જ કહ્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહભાઇએ મારી વાત કરી છે. શ્રી પ્રદિપસિંહભાઇ, મારી સ્પીચ જ્યારે આવશે, દિલ ખોલીને બોલીશ. મારો પ્રેમ તમને બતાવીશ.

અધ્યક્ષશ્રી : ચાલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, છત્રપતિ શિવાજીને આખો દેશ સલામ કરે છે. સંગઠનનો માણસ. સાડાત્રણ વર્ષ મહારાષ્ટ્રમાં કામ કરવાનો અવસર મને પ્રાપ્ત થયો. આ દેશનો ઇતિહાસ સાક્ષી છે કે એક સાચો મુસલમાન, નામે જીવાજી. જો જીવતો ન હોત તો શિવાજી એ ષડયંત્રનો ભોગ બન્યા હોત. શિવાજીને છળકપટ કરી સમાધાન કરવા બોલાવ્યા અને સમાધાન કરવા બોલાવીને પાછળથી જ્યારે તેમની ઉપર વાર થતો હતો, ત્યારે જીવાજી નામના સાચા મુસલમાને એની છાતીએ વાર સહન કરી અને છત્રપતિ શિવાજીનું રક્ષણ કર્યું હતું. એ જીવાજી અને શિવાજીની વચ્ચે જે પ્રેમ હતો તેને અમે સલામ કરીએ છીએ. (અંતરાય)

શ્રીમતી સંગીતાબેન  રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પરેશભાઇ શિવાજી, શિવાજી કહે છે. છત્રપતિ શિવાજી મહારાજ કહેવાય છે. હિંદુઓમાં તેમનું એક આગવું સ્થાન છે અને હિંદવી સ્વરાજ્યની સ્થાપના તેમણે કરી છે. આજે મહારાષ્ટ્રમાં એમની છબિ છે. એ શિવાજી, શિવાજી કરે છે. છત્રપતિ શિવાજી મહારાજ કહેવાય છે.

અધ્યક્ષશ્રી : છત્રપતિ શિવાજી મહારાજ બોલશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં શરૂઆત જ ત્યાંથી કરી હતી. કદાચ બેનબા નારાજ થયા હશે. સાહેબ, આખા દેશને તેનું ગૌરવ છે. તેને આખો દેશ વંદન કરે છે પણ એ જીવાજીનો જે વફાદારીનો પ્રેમ હતો તેણે શિવાજીનો જીવ રક્ષ્યો હતો. ઇતિહાસ એનો સાક્ષી છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું હતું. જય અને વીરુની જોડી, ફિલ્મમાં પાણીની ટાંકી ઉપર બેસીને લગ્નની જેણે પ્રપોઝલ મોકલી હતી એના જીવનમાં ડોકિયું કરીએ તો આ દેશના શ્રેષ્ઠ કલાકાર ધરમસિંહ દેઓલ... (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ બિલ એ ફક્ત ધર્માંતરણ કરીને અને લગ્ન કરાવવા નિર્દોષ બાળકીઓ, છોકરીઓને ફસાવવા અને ધર્માંતરણ કરાવવા, એને રોકવા માટેનું આ બિલ છે. એમાં દુનિયાની અત્યારે જે વસતિ છે એ બધાના નામ શ્રી પરેશભાઇ આપી દે તો પ્રેમ તો એકબીજા માટે હોય જ. આવી લાંબી લાંબી વાર્તાઓ અને કથાઓ કરવામાં (અંતરાય) આ બિલમાં કોઇ મતલબ નથી. આપે સૂચના આપી છે કે મૂળ હાર્દને, શ્રી પ્રદિપસિંહજીનું બિલ છે એ લવ જેહાદ એમણે વારંવાર કહ્યું છે કે નથી વાપર્યો. (અંતરાય) ધર્માંતરણ વિશે કાંઇ બોલતા નથી અને છત્રપતિ શિવાજી મહારાજની વાતો કરે છે. બીજા વિષયો આવે છે. આ દુનિયામાં આવા તો સેંકડો દાખલા આપી શકાય. આ રીતે છૂટ આપી શકાય નહીં. આપણે સમયમર્યાદામાં કામ કરવાનું છે. (અંતરાય)

(માનનીય સભ્યશ્રી ભીખાભાઇ જોષી ઉભા થઇ સતત વિક્ષેપ કરતાં)

અધ્યક્ષશ્રી : શ્રી જોષીકાકા તમે બહાર જાઓ. તમે ઉભા થાવ અને બહાર જાઓ. ૧૦ મિનિટ પછી પાછા આવજો.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી ભીખાભાઇ જોષી સભાગૃહ છોડી ગયા)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર સાચો જ છે. મને એમ લાગે છે કે શ્રી પરેશભાઇ માટે અને વિપક્ષ માટે આ બાજુ કૂવો અને બીજી બાજુ ખાઇ છે, નથી સમર્થન કરી શકતાં કે નથી વિરોધ કરી શકતાં. એટલા માટે આપણને પોણા કલાકથી અત્યારે *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખીએ છીએ. માનનીય મંત્રીશ્રી, પ્લીઝ, આપ બેસી જાઓ. (અંતરાય) મારે જવાબની જરૂર નથી, પ્લીઝ, બેસી જાઓ. માનનીય પ્રદિપસિંહજીએ આખા વિષય ઉપર ઘણી બધી વાતો કરી છે. માનનીય નીતિનભાઇ, આપ એ વખતે ન હતા અને વિશાળ ફલક આ સબ્જેક્ટમાં ખોલેલું છે, એટલે આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. હું માનનીય પરેશભાઇને એમનું પ્રવચન ચાલુ રાખવા માટે કહું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, દરિયામાં તરનારા લોકોને કૂવો અને ખાઇની ચિંતા હોતી નથી. ચિંતા એ વાતની છે કે અઢી અક્ષરનો પ્રેમ જેણે સમજાયો નથી, લવ જેહાદનો મુદ્દો લઇને દેશના લોકોને ક્યાંક ભરમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું.  ભારતીય જનતા પાર્ટીના સાંસદ સની દેઓલ, એમના પૂજ્ય પિતા સર્વશ્રેષ્ઠ કલાકાર માનનીય ધર્મેન્દ્રસિંહજી એમણે પહેલા લગ્ન પ્રકાશ કૌર નામની બેન સાથે કર્યા હતા. બીજા લગ્ન કરવાની એમને છૂટ મળતી ન હતી.  હેમા માલીજીને પરણવા માટે એમણે ઇસ્લામ ધર્મ અંગીકાર શું કામ કર્યો એ સવાલ પૂછી શકશો ખરા? મારો આ સવાલ છે. (અંતરાય) (માનનીય નીતિનભાઇ પટેલ દ્વારા પુરાવા છે? એવું પૂછતાં)  હા, છે.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપર રજૂ કરજો. હું જોઇ લઇશ. નહીં હોય તો કાઢી નાખીશ. મેં પહેલાં જ ચેતવણી આપી છે કે જે કોઇ માનનીય સભ્યશ્રી આવી કોઇપણ વાત લાવશે તો એના પુરાવા માગવામાં આવશે તો એના પુરાવા રજૂ કરવાના રહેશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની શ્રેષ્ઠ પ્રેમી જોડીઓ, મશહૂર લગ્ન જોડકા કહેવાય શાહરુખખાન–ગૌરી, ઋત્વિક રોશન–સૂઝેનખાન, અમારા શ્રી જગદીશભાઇ કહેતા હતા કે સૈફઅલીખાન–અમૃતાસિંઘ અને કરિના કપૂર, મૂમતાઝ–મયૂર માધવાણી આ અલગ અલગ ધર્મ પાળતા હોવા છતાં આખા દેશને શ્રેષ્ઠ દ્રષ્ટાંત પૂરા પાડનાર અમુક મશહૂર લોકોના નામનો ખાલી ઉલ્લેખ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ રેડિયોની અંદર જેના ગીત સાંભળવાની મજા આવે એવા કિશોરકુમાર–મધુબાલા, શર્મિલા ટાગોર–નવાબ પટોડી, ઝરીના વહાબ–આદિત્ય પંચોલી, મનોજ બાજપાઇ–રઝાની જોડી. માનનીય અધ્યક્ષશ્રી, અમારા સચિન પાયલોટ–સારા અબ્દુલા, ઉમર અબ્દુલ્લા–પાયલનાથ, મુખ્તાર અબ્બાસ નકવી–સીમા નકવીની જોડી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે આ જોડીઓને તોડો અને આપણે આગળ ચાલો. (અંતરાય) માનનીય જગદીશભાઇ આવી જોડીઓ બોલ્યા છે. હવે પુરતી થઇ ગઇ.

શ્રી પરેશ ધાનાણી : અલગ અલગ ધર્મના લોકો ધર્મ પરિવર્તનના ઇરાદે જો લગ્ન કરે તો સજાના પ્રાવધાન માટે આ બિલ ગૃહ સમક્ષ આવ્યું છે અને એના જ દાયરાની બહાર હું એક શબ્દ નથી બોલવાનો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : એમાં કાયદાનું જે પ્રાવધાન લઇને આવ્યા છે. ધર્માન્તરણ સ્વેચ્છાએ કરે એ વાત નથી. આ તો છળકપટથી, ખોટું બોલીને, ખોટા ઇરાદે, બદઇરાદે એવા બધા શબ્દો છે. એના ઉપર કાંઇક કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવો છે કે આ દેશના રંગમંચના જે કલાકારો હોય એ વિવિધ ક્ષેત્રની અંદર દેશનું નામ રોશન કરનારા કેટલાય લોકોએ જાતિ–ભાષા–ધર્મના વાડાથી ઉપર ઊઠી પોતે જોડાણા અને દેશને જોડવાનો પ્રયાસ કર્યો છે. સાહેબ, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવા લોકો માટે એના ગીત અને ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકશે? એને ગુજરાતમાં આવતા રોકવાનો પ્રયાસ કરશે? આ આવતીકાલનું ગુજરાત જાણવા માગે છે. સાહેબ, ભારતીય જનતા પાર્ટીના સંગઠન મંત્રીનો દાખલો આપ્યો. મુખ્તાર અબ્બાસ નકવી અને એમના ધર્મ પત્ની હિન્દુ છે. શાહનવાઝ હુસેન એમના ધર્મ પત્ની હિન્દુ છે. સુશીલકુમાર મોદી એમના ધર્મ પત્ની ક્રિશ્ચન છે. એક વખતના ભા.જ.પ.ના દિગ્ગજ નેતા સિકંદરબખ્ત. ભા.જ.પ.ના સંસ્થાપકના સભ્યો પૈકીના એક કહેવાય. બાજપાઇજીના સાથે ખભેખભો મેળવ્યો અને એમની સરકારમાં કામ કર્યું એમના પત્ની પણ હિન્દુ હતા. આજે સુબ્રમણ્યમ સ્વામી ભારતીય જનતા પાર્ટીના સાંસદ એમની દીકરી સુહાસીનીએ નદીમ હૈદર સાથે લગ્ન કર્યા એનો શું ગુનો છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ ક્યાં કહે છે કે આ ગુનો છે? કાયદો ગુનો છે એવું નથી કહેતો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એ લોકોને આ કાયદાથી ડરાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. એટલે મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે પશ્ચિમ બંગાળમાં મુઝફરખાન બી.જે.પી.ના બહુ ચર્ચિત નેતા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પહેલા જ કીધેલું છે કે સ્કોપ ખોલો એટલું બોલાય. પછી હું નહીં રોકું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા દાખલાઓ છે. પણ મારે માનનીય નીતિનભાઇ મૂંઝાણા છે એટલે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : મુદ્દા ઉપર આવી જાવને.

શ્રી પરેશ ધાનાણી : મારે ઝાઝા દાખલા દેવા નથી.  માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય ગૃહ મંત્રીશ્રીને પૂછવું છે કે આ ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ કોઇએ દીકરી મુસલમાનમાં પરણાવી હશે. કોઇનો દીકરો મુસલમાનને ઘરેથી દીકરી લઇ આવ્યો હશે તો શું એને કાલ ભા.જ.પા.માંથી કાઢી મૂકશે? મારી પાસે આખું લિસ્ટ છે. હું નામજોગ બોલી શકું પણ આવા લોકોને આ કાયદાથી ડરાવવાનો પ્રયાસ ન થાય એવી આપના મારફત વિનંતી કરું છું. મારે નામમાં જવું નથી પણ આ દેશમાં પ્રતિષ્ઠિત લોકો (અંતરાય) ૧૪૭...

અધ્યક્ષશ્રી : આ લિસ્ટ તમે પહોંચાડયું છે?

શ્રી પરેશ ધાનાણી : એમને મેં પહોંચાડયું છે. ૧૪૨ જેટલા પ્રતિષ્ઠિત લોકોની યાદી મારી પાસે છે. એ ૧૪૨ જેટલા પ્રતિષ્ઠિત આગેવાનોએ વિવિધ ખિતાબો પણ મેળવ્યા છે અને એ મુસલમાનની દીકરીને પોતાના ઘરે લાવ્યા, લાગણીના તાંતણે લગ્નગ્રંથિથી જોડાયા અને આખા દેશમાં સદ્ભાવનાનો સંદેશો આપવાનો પ્રયાસ કર્યો. એનું આખા દેશને ગૌરવ છે આ ૧૪૩ જણા છે. શ્રી નીતિનકાકાને કયારની ઉપાધી થાય છે. આપના મારફત પૂછવું છે સાહેબ, *(xxx) કાલે હું અભ્યાસ કરતો હતો. આ ગુજરાતની દીકરી શ્રેષ્ઠ કલાકાર પરવીનબાબી જીવનભર અપરિણીત રહ્યા પણ *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આવી વ્યક્તિગત ટિપ્પણીઓ ન કરીએ. (અંતરાય) માનનીય પરેશભાઇ, પ્લીઝ, આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : કાઢી નાખો સાહેબ.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપે કદાચ એવું કીધું હોત ને કે હું પાણી પાણી થઇ ગયો હોત, તો હજુ હું એ શબ્દો ના કાઢત. તમારા પોતાના માટે બોલો. તમારા ઉપર બોલો. બીજાના માટે ના કહી શકાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઉપર આવું છું. મને જે સંદેહ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય જીતુભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. બહુ સિનિયર સભ્ય છે. પ્લીઝ, એક મિનિટ. (અંતરાય) એ બધી બાબતમાં આ કોરોનામાં બધાને છૂટ આપી છે, ફોન બાબતમાં. શ્રી શીવાકાકા ફોન ઉપર વાત કરતા હતા તો પણ મેં એમને અટકાવ્યા નથી કાલે આખો દિવસ પણ ધીમે, બીજાને ડિસ્ટર્બ ન થાય અને સભાગૃહનું કામ ડિસ્ટર્બ ન થાય.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ આખા ગૃહને પ્રેમમય બનાવી રહ્યા છે. એમાં કેટલીક વિકૃતિઓ પેદા થઇ છે. આપે જેમ એમને ઓફર કરી, પરવીનબાબી બાબતમાં તમને ઓફર કરવાનો કોઇ અધિકાર જ નથી. ઠીક છે, પણ આપ જે બોલ્યા છો એ શબ્દોનો ખ્યાલ રાખવો જોઇએ. આપે કહ્યું છે કે પ્રેમ એ પ્રકૃતિ છે અને પ્રકૃતિ સાથે છેડછાડ કરવી ન જોઇએ. આ વિધેયક એના માટે લાવ્યા છે. આટલું સમજો. બાકી વિશ્લેષણ કરવાની કોઇ જરૂર નથી સાહેબ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ વિધેયક એના માટે છે કોઇ પ્રેમ કરે એના માટે નહીં, એને રોકવા માટે નહીં. તમને પણ લોકોએ યાદ કરાવવું પડયું ત્યારે તમે રાધાકૃષ્ણના પ્રેમને યાદ કર્યો.

અધ્યક્ષશ્રી : માનનીય સિનિયર સભ્યશ્રી, આદરણીય જીતુભાઇ, આપને હવે પ્રવચનમાં બોલવાનું રહ્યું નહીં. આખો સમ એન્ડ સબસ્ટન્સ તમે કહી દીધો. માનનીય પરેશભાઇ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો. શ્રી પ્રદિપસિંહભાઇની સાથે મારા વ્યક્તિગત સબંધો છે અને એના કરતાય સારા સબંધો ઘરે બહેન સાથે છે, એટલે હું નિર્દોષ ભાવ સાથે પ્રેમ નામના શબ્દની અભિવ્યક્તિ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો પણ મને જે લાગે છે, જે સંદેહ છે, માનનીય ગૃહ મંત્રીશ્રીને માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે કયાંક વાંધો છે. *(xxx) આજે આ રાજયના માનનીય મુખ્યમંત્રી, અમારા મુરબ્બી, અમારા વડીલ, ઉંમરની દ્રષ્ટિએ કદાચ એક પેઢીનો ફેર હશે. મારે અભિનંદન આપવા છે કે એ જમાનામાં ધર્મના વાડાઓને તોડી, જીવનપથને આગળ ધપાવ્યો. અમારી બહેનબા, માતૃશ્રી, મારે નામ નથી લેવું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ગૃહસ્થ જીવનમાં પગલું માંડ્યું ને ત્યારે પણ ધર્મના વાડાઓને તોડીને એમણે પગ માંડ્યો હતો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ બિલની સાથે સુસંગત નથી.

અધ્યક્ષશ્રી : આ બિલની સાથે સુસંગત નથી. માનનીય પરેશભાઇ, મારે તમને હવે રોકવા પડશે. માનનીય નીતિનભાઇની વાત હવે મને સાચી લાગે છે, કે મારે અહીંયા આપને અટકાવવા જોઇએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ ઉદાહરણ અને ૧૪૭ આપ્યું ને એમાં એક પણ લાલચ, લોભ, છેતરપિંડી, ધમકી આપી નથી.

અધ્યક્ષશ્રી : આ તો અભિનંદન આપે છે. આ બિલ એના વિરુદ્ધનું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ બિલ એના વિરુદ્ધનું છે. છેલ્લે હું નહિ બોલ્યો, પણ ૧૪૭નું બોલ્યાને, આપ બોલ્યા, પણ મુખ્યમંત્રીનો દાખલો આપ્યો ત્યારે મારે બોલવા ઊભું થવું પડ્યું. એમાં કયાંય લોભ, લાલચ, ધમકી નથી. આ વધારે પડતું થાય છે.

અધ્યક્ષશ્રી : અભિનંદન આપે છે, પણ તેમ છતાંય હવે વ્યક્તિગત કોઇપણ વાતથી આપણે દૂર રહીશું. માનનીય પરેશભાઇ.

શ્રી પરેશ ધાનાણી : મારી બે લીટીમાં વાત પૂરી કરવી છે.

અધ્યક્ષશ્રી : છેલ્લી બે લીટી બાકી છે. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પિતૃભાવમાં પ્રેમ એની વ્યાખ્યા અલગ હોય છે. એક બાપ દીકરા વચ્ચેનો પ્રેમ એની મૂલવણી ન થાય. માતૃભાવનો પ્રેમ મા અને દીકરા વચ્ચેના પ્રેમના કયાંય લેખાજોખા ન થાય. ભાતૃભાવનો પ્રેમ એક રક્ષાની પોટલી, જીવન જીવવાની આશ એના લેખાજોખા ન થાય. મિત્રભાવ બાપુ, એ મિત્રભાવનો પ્રેમ છે ને એ મરી જાય, ખપી જાય, મિત્ર એની સાથે વિશ્વાસઘાત ન કરે. એ મિત્રભાવનો પ્રેમ છે ને એની તુલના ન થાય. પ્રેમના પ્રકાર બદલાય. અલગ અલગ જગ્યાએ અલગ અલગ પાત્રો સાથે પ્રેમનો પ્રકાર બદલાતો હશે, પણ અમને તો રાષ્ટ્રભાવનો રંગ લાગ્યો છે. આ રાષ્ટ્રભાવનો પ્રેમ છે ને એ રાષ્ટ્રભાવના પ્રેમને કયાંય ઘૃણાની એરણે ચડાવવાનો પ્રયાસ આ સરકાર દ્વારા થઇ રહ્યો છે. ત્યારે અમારી ગીતા, કુરાન કે બાઇબલ એ માત્રને માત્ર સંવિધાન છે અને આ કાયદો એ સંવિધાન સાથે સુસંગત નથી. માટે અમે આ કાયદા સાથે સંમત થઇ શકતા નથી. આપનો ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : ધન્યવાદ.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, અડિખમ ગુજરાતના મજબૂત માનનીય ગૃહ રાજય મંત્રી ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક લઇને આવ્યા છે. તેને મારું સમર્થન અને મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : હવે જે કહેવું હોય તે કહો. વચ્ચે વચ્ચે ના બોલતા.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : આ વિધેયક ઉપર માનનીય નીતિનભાઇએ લવ જેહાદ અંગે પોતાનું નિવેદન જાહેર કર્યું છે. જ્યારે આ દેશના ભાગલા પડ્યા ત્યારે બાબા સાહેબે કહ્યું હતું કે આ દેશના ભાગલા ધર્મ આધારે થયા છે. તો જે કોઇ ધર્મના લોકો હોય એ હિન્દુસ્તાનમાં રહે અને બાકીના ત્યાં જાય. પરંતુ તે વખતે આ કોંગ્રેસની નેતાગીરીએ આમાં અડચણ કરીને આ કોંગ્રેસનું જે હોય તે સાબિત કર્યું છે. લવ જેહાદ કાયદો એ આઝાદ ભારત પહેલા પણ હતો. આઝાદ ભારત પહેલા પણ... (અંતરાય)

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : એવા લોકો જ આ દેશમાં રહે એવું બાબા સાહેબે કયાંય કહ્યું નથી.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : હું પુરાવા આપીશ. દેશ આઝાદ થયો એ પહેલા પણ રાજા રજવાડાઓમાં પણ આ કાયદો હતો. સૌ પ્રથમ વર્ષ ૧૯૬૩માં રાજગઢમાં અને ૧૯૪૨માં પટનામાં, વર્ષ ૧૯૪૫માં સરગુજામાં, વર્ષ ૧૯૪૬માં રાજસ્થાનના ઉદેપુરમાં આ કાયદો હતો. માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી વર્ષ ૧૯૫૪, ૧૯૬૦, ૧૯૬૯માં પણ ધર્મ પરિવર્તન રોકવા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માટે સંસદમાં બિલ લાવવામાં આવ્યું હતું પણ મારે દુઃખ સાથે કહેવું છે કે, એ સરકારે રાષ્ટ્રીય ઇચ્છા શક્તિ ના બતાવી એટલે શક્ય બન્યું નહીં. ૧૦ મે, ૧૯૯૫ના રોજ સુપ્રીમ કોર્ટે જસ્ટીસ કુલદીપસિંહ અને જસ્ટીશ આર.એમ. શાહની બેંચે સરલા મુદગલ વિરુધ્ધ યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયાના મામલે ધર્મના દુરુપયોગ રોકવા માટે ધર્મ પરિવર્તન પર કાયદો બનાવવાની સંભાવનાઓને શોધવા માટે એક કમિટી બનાવવાનું સૂચન કર્યું હતું. અંગ્રેજો સામે પ્રથમ વિદ્રોહ એટલે કે, ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ પાછળ પણ બહુ બધાં કારણો હતાં, જેમાંનું એક મહત્ત્વનું કારણ હતું ધર્મ અને સંસ્કૃત્તિ. સંસ્કૃત્તિમાં જેટલા ધાર્મિક અને સામાજિક પરિબળો મહત્ત્વના હોય છે એટલું જ મહત્ત્વ જે તે સમાજની મહિલાઓનું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતા કહે છે કે, અમે પ્રતિજ્ઞા બોલીએ છીએ કે ભારત મારો દેશ છે અને બધા ભારતીય મારા ભાઇ બહેન છે. પરંતુ ભારત માતા કી જય બોલી શકતા નથી. હિન્દુસ્તાનના પડોશી દેશોમાં (અંતરાય) ભારત માતા કી જય બોલો તો વાંધો નહીં આવે. આમાં એવું છે કે, હમણાં નગરપાલિકાની ચૂંટણી વખતે કોંગ્રેસના એક ચાલુ ધારાસભ્યએ લવ જેહાદને સમર્થન આપ્યું તો એમનો દીકરો હારી ગયો એટલે જ મારી આ વિપક્ષના નેતાઓને વિનંતી છે કે જે કહેવું હોય એ કહી દો નહીં તો તમે વિસ્તારમાં જશો ત્યારે તમને ખબર પડી જશે. હિન્દુસ્તાનના પડોશી દેશોમાં પણ છળ, કપટ અને જોર જબરદસ્તીથી ધર્મ પરિવર્તન રોકવા માટેનો કાયદો લાવવામાં આવ્યો છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને માનનીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબને મારે અભિનંદન આપવા છે કે, સી.એ.એ.ના કાયદાના માધ્યમથી પડોશી દેશમાં રહેતા હિન્દુઓ અને ખાસ કરીને દલિતોને જે રીતે પ્રતાડિત કરવામાં આવે છે એમના માટે આ કાયદો લાવવામાં આવ્યો છે એને ખૂબ સારું સમર્થન મળ્યું છે. લવ જેહાદ અંતર્ગત હિન્દુ યુવતીને જાળમાં ફસાવીને ધર્મ પરિવર્તન કરવામાં આવે છે. ગુજરાતના નાના મોટા શહેરોમાં હિન્દુ યુવતીઓને સ્કૂલ, કોલેજ, નોકરીના સ્થાનો, મંદિરો જેવા જાહેર સ્થળો પર જઇને પોતે હિન્દુ હોય એવું નાટક કરી હાથમાં રક્ષા પોટલી બાંધી, કપાળમાં તિલક કરી ખોટું હિન્દુ નામ ધારણ કરીને ચોરેલા બાઇક કે માગેલા બાઇક દ્વારા ખોટો શો કરીને દીકરીઓને ભોળવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંસ્થાઓ જેવી કે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઇન્ડિયા–પી.એફ.આઇ., સીમી, આઇ.એસ.આઇ. જેવી સંસ્થાઓ દ્વારા આવા લોકોને ફંડીંગ કરવામાં આવે છે અને હિન્દુ ધર્મ અને હિન્દુસ્તાન વિરોધી ષડયંત્ર કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં પણ આપણ સૌ જાણીએ છીએ કે તાજેતરમાં વડોદરા શહેરમાં એક કિસ્સો બની ગયો, ગુજરાત કે દેશના અન્ય રાજયમાં ભાગનાર યુગલો મહારાષ્ટ્રમાં કે બીજા રાજયમાં જઇ એફિડેવિટ કરી ધર્મ પરિવર્તન કરાવી નિકાહ કરી લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને જણાવવું છે કે, આવું કોઇ પણ રાજયમાં જઇને પણ ન કરી શકે એવો કાયદામાં સુધારો કરવો જોઇએ. લવ જેહાદમાં જે નરાધમો સફળ થયા છે, પરંતુ સાથે જે દીકરીઓ આ ષડયંત્રમાં ફસાઇ છે એને નર્કાગારની જિંદગી જીવવી પડે છે અથવા તો મોતના મુખમાં ધકેલાઇ જાય છે એવી અનેક ઘટનાઓ સામે આવી છે ત્યારે લવ જેહાદ પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હરિયાણા સરકારે આ કાયદો સખત બનાવ્યો છે સાથે સાથે હરિયાણાના ત્રણ શહેરોમાં લવ મેરેજ પર સંપૂર્ણ પાબંધી લગાવી છે. ખોટું નામ, ઠામ બતાવી હિન્દુ દીકરીઓને ખોટા પ્રેમમાં ફસાવી, લોભાવી શારીરિક શોષણ કરી તેનો વીડિયો બનાવી તેનું વારંવાર શોષણ કરી પછી ધર્મ પરિવર્તન કરાવી લગ્ન કરવા મજબૂર કરે છે. તે અગાઉ બીજી બે ચાર હિન્દુ દીકરીઓ સાથે આ પ્રમાણેનું કૃત્ય કરી તેનું શોષણ કરે છે પછી તલાક આપે છે અને *(xxx) પછી તેને હલાલ માટે મજબુર કરે છે. હલાલ શબ્દ એક વિચિત્ર શબ્દ છે. એની ઘટના પણ વિચિત્ર છે. જે દીકરી ભાગીને લવ મેરેજ કરે છે એને તલાકના માધ્યમથી છૂટાછેડા આપીને પછી એના બીજા કોઇ જોડે લગ્ન કરાવવામાં આવે અને એને હલાલ કહેવામાં આવે છે પછી પાછા એના પતિ સાથે એના લગ્ન કરવામાં આવે છે. આ પ્રકારનું હિન્દુ વિરોધી અને હિંદુસ્તાન વિરુદ્ધ એક ષડયંત્ર કરવામાં ચાલી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદની એક કોલેજના કાર્યક્રમમાં ગયો હતો. ત્યાંના એક પ્રોફેસરની સાથેની વાતમાં મને જાણવા મળ્યું કે આવા પ્રોફેસરો જેહાદને મદદ કરે છે એ કોલેજની છોકરીઓને ટાર્ગેટ કરીને, તેનું નામઠામ આપીને તેની પાછળ લોકોને લગાડવામાં આવે છે.

ગઇકાલે જ સમાચાર હતા કે સાલ ક્રોજીકોડ લો કોલેજના જહાંગીર રઝાક નામના એક લવ જેહાદીએ ૪૨ જેટલી છોકરીઓને ફસાવીને આ પ્રકારના સેક્સ રેકેટ ચલાવે છે. કેરળ હાઇકોર્ટ અને કર્ણાટકની હાઇકોર્ટે આ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. લવ જેહાદ એક મશીન છે, જેનો સ્ટીંગ ઓપરેશનમાં ખુલાસો થયો છે. આ સ્ટીંગ ઓપરેશનમાં સાફ સાબિત થયેલ છે કે, આ આંતરરાષ્ટ્રીય સાજીશ છે અને પૂરી દુનિયામાં ઇસ્લામ ફેલાવવાનું ફરમાન ફરમાવવામાં આવેલ છે. આરબ દેશથી આનું ફંડિંગ થઇ રહેલ છે. લવ જેહાદ આતંકવાદની જેમ અમારી વસુધૈવ કુટુંબકમની પરંપરાને તોડી રહ્યું છે. સેક્યુલર બનાવવાની ચાહતમાં અમારા ધર્મ ઉપર થયેલા અત્યાચારની વિરુદ્ધમાં લોકોને અવાજ ઉઠાવવાનું પણ મુશ્કેલ થયું છે. મોગલકાળ અને આધુનિક યુગમાં પણ આપણે જોઇએ તો *(xxx) આજે લવ જેહાદના નામે હિંદુઓને મુસ્લિમ તરફ લઇ જવામાં આવે છે. લવ જેહાદ એ ભારતમાં સોચી સમજી સાજીશ છે. શેખ અબ્દુલ્લા અને તેમના પુત્ર ફારૂક અબ્દુલ્લાએ પણ આ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રીતે લગ્ન કર્યા હતા. બ્રિટનના અરબોપતિ જેમ્સ ગોલ્ડ સ્મીથની પુત્રી જેમીમા માસલે ગોલ્ડ સ્મીથે ૨૧ વરસની ઉંમરે પાકિસ્તાન ગઇ અને ત્યાં રીતરિવાજ મુજબ લગ્ન કર્યા હતા પરંતુ છેલ્લે તેને તલાક આપવાનો વારો આવ્યો હતો. આવી અનેક ઘટનાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાહરૂખખાન હોય તેની પત્ની ગૌરી ચાબિયા, અમીરખાન–રીના દત્ત હોય જેને તલાક આપ્યા, બીજા લગ્ન કિરણ રાવ સાથે કર્યા. ઇમરાનખાને અવંતિકા સાથે લગ્ન કર્યા. અરબાઝખાને મલાઇકા અરોરા સાથે લગ્ન કર્યા છે અને તલાક આપીને બીજા લગ્ન કરેલા છે. આવી અનેક ઘટનાઓ છે. આ બિલને મારું સમર્થન છે અને મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે પ્રમાણે પાકિસ્તાનની અંદર આમાં આજીવન કેદની સજા આપવામાં આવે છે એવી આજીવન કેદની સજા આ બિલમાં ઉમેરવામાં આવે એવી મારી વિનંતી છે. વંદેમાતરમ્..

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, ૨૦૨૧ લઇને આવ્યા છે એની ઉપર હું મારા વિચારો રજૂ કરવા સન્માનનીય સભાગૃહની સમક્ષ ઉપસ્થિત થયો છું.

ભારતીય સંવિધાનના અનુચ્છેદ આર્ટિકલ–૨૫ મુજબ નાગરિકે પોતાનો ધર્મ, મનગમતા ધર્મને માનવું તેનું પાલન કરવું, તેનો અમલ કરવો, તેનો પ્રચાર, પ્રસાર કરવો એવો એને અબાધિત અધિકાર છે. જે રીતના ૨૦૦૩ની અંદર પણ આ બિલ લઇને આવ્યા હતા એમાં જોગવાઇ હતી કે, કલેકટરની મંજૂરી લઇને તમે તમારો ધર્મ પરિવર્તન કરી શકો છો. આજની દૃષ્ટિએ આઇ.પી.સી. એક્ટની અંદર ઘણી બધી આપણને સત્તાઓ છે કે જો કોઇની સાથે છળ થાય, કપટ થાય, છેતરપીંડી થાય તો એની સામે આપણે કાયદાકીય સખતમાં સખત કાર્યવાહી કરી શકીએ છીએ અને કાર્યવાહી કરવી પણ જોઇએ. હું એમાં સંમત છું. છળકપટ થયું હોય તો એની સામે કોઇપણ સમાજ તેને કદી પણ સ્વીકારે નહિ, કોઇની સાથે છેતરપીંડિ ન કરાય. પરંતુ ફક્ત રાજકીય ઇરાદાઓ માટે, ફક્ત પોતાનો રાજકીય એજન્ડા પાર કરવા માટે અને લોકોની અંદર એક ધૃણાની ભાવના ઉભી થાય અને એ રીતે જે રીતના માનનીય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબ પ્રવચન કરતા હતા, વારેઘડીએ *(xxx) વારેઘડીએ જે બીજા લોકો, ધારાસભ્યો જ્યારે ઉભા થાય અને એ..

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે. તમારે કહેવું હોય તો તમે બીજી કોઇ રીતે બોલી શકો છો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આલીયા, માલીયા જેવી એકને એક વસ્તુ ૧૫ વર્ષથી માનનીય મંત્રીશ્રી પાસેથી સાંભળું છું અને હવે તો એ સિનિયર થયા. તમે કોઇને આપી શકતા ના હો તો કમસે કમ કડવા વેણ ના આપો, તમે પ્રેમ નથી આપી શકતા તો નફરત ના આપો. અમે એવુ કોઇ કામ નથી કરતા કે અમે તમને અપમાનિત કરીએ, પરંતુ મારે આજે જયારે બિલ આવ્યું ત્યારે શ્રી પ્રદિપસિંહ જાડેજા કહેતા હતા કે આજે મારા માટે આ દિવસ બહુ મહત્ત્વનો દિવસ છે. હું આજે જે રીતે સભ્યોનો વર્તાવ જોઇ રહ્યો છું, જે રીતે સભ્યોના વકતવ્યો સાંભળી રહ્યો છું, મને એવું લાગે છે કે ૧૪ વર્ષ પછી સૌથી શરમજનક દિવસ આજની વિધાનસભામાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ મર્યાદા હોય, કોઇ સભ્યતા હોય, બોલો અમે પોતે કહીએ છીએ કે છલ હોય, કપટ હોય, કોઇની સાથે છેતરપિંડી થતી હોય તો તેની સામે પગલાં લો અને તેને તમે ફાંસી સુધી ચડાવો પરંતુ ફકત અને ફકત રાજકીય રીતે તમે મોંઘવારીને કાબૂમાં કરી શકતાં નથી, તમે કોરોનાને કાબૂમાં કરી શકતાં નથી, તમે બેકારીને કાબૂમાં કરી શકતાં નથી ફકત અને ફકત *(xxx)...

માનનીય અધ્યક્ષશ્રી, કેરળ હાઇકોર્ટની વાત કરવામાં આવી કે કેરળ હાઇકોર્ટની અંદર લવ જેહાદના કિસ્સામાં તે લગ્ન રદ કરવામાં આવ્યા, પણ એ કેસ જયારે સુપ્રીમ કોર્ટમાં ગયો, સુપ્રીમ કોર્ટે એ લગ્નને કાયદેસર ઠરાવ્યા છે. એન.આઇ.એ.ને તપાસ આપવામાં આવી. એન.આઇ.એ. એજન્સી છે તે કેન્દ્ર સરકાર રચિત એજન્સી છે એ એજન્સીએ રિપોર્ટ આપ્યો કે લવ જહાદ જેવુ કાંઇ જ નથી. તેનાથી વિશેષ કહું જયારે સંસદની અંદર એક સવાલ મૂકવામાં આવ્યો ગૃહમંત્રી કે જેઓ ભારતીય જનતા પાર્ટીના છે તેમને પૂછવામાં આવ્યુ કે લવ જેહાદના કેટલા કિસ્સા સામે આવ્યા? એ અંગે ગૃહમંત્રી કહે છે કે લવ જેહાદ જેવો કોઇ કિસ્સો ભારત દેશની અંદર નથી. દેશના ગૃહમંત્રી, રાજયકક્ષાના ગૃહમંત્રી જયારે સંસદની અંદર કહેતા હોય, એન.આઇ.એ. એજન્સી છે તે કહેતી હોય તો હું માનુ છું કે આનાથી વિશેષ હવે બીજા કોઇ સર્ટીફિકેટ લેવાની જરૂર નથી. જેહાદ, જેહાદ અને જેહાદનો મતલબ એટલે પ્રેમનું નામ છે જેહાદ. ઇસ્લામ ધર્મ, કુરાન પોતે કહે છે કે તમે કોઇનું બળજબરીથી ધર્માંતરણ ના કરી શકો, તમે તેની સાથે રહી શકો, તમે તેને તમારા ઘરની અંદર સમાવેશ કરી શકો નહીં. પ્રેમ આ ઢાઇ અક્ષરનો જે પ્રેમ છે તે પ્રેમ એક અહેસાસ છે અને તેના વાળા કયાં કયાં જઇને વસે છે અને કયાં, કોને ઘાયલ કરે છે તેમની કોઇને ખબર પડતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પ્રેમ કે કોઇ ધર્મ એકબીજાનો ધર્મ જોઇને થતું નથી ઘણી બધી વાતો થઇ અને લવ જેહાદના કિસ્સા માનનીય ગૃહમંત્રીશ્રી કહે કે ગુજરાતમાં કેટલા બન્યાં છે ? લગ્ન થાય છે, આંતરધર્મી લગ્ન થાય છે બન્ને તરફ થાય છે, એક તરફ થતા નથી. ગુજરાતમાં ફકત છેલ્લાં એક વર્ષની અંદર સો કરતા વધુ મુસ્લિમ છોકરીઓએ હિન્દુ ધર્મ અખત્યાર કર્યો છે અને હિન્દુ ધર્મ ધારણ કરી અને લગ્ન કર્યા છે. આ અંગેના બધા પુરાવાઓ મારી પાસે છે. હું અત્યારે ગૃહમંત્રીશ્રીને મોકલું છું. તેમણે પોતાના લગ્ન રજિસ્ટર્ડ કર્યા છે અને હિન્દુ સમાજના છોકરા સાથે લગ્ન કર્યા છે. આ કિસ્સા વધારે જૂના નથી. એ ફકત એક વર્ષના છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : કાયદો જે છે તે છળકપટથી છે? આમાં છળકપટથી છે એવું કંઇ છે ? આ છળકપટથી થયેલા છે ?

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આ તો દરેક વસ્તુને, દરેક બાબતને છળકપટમાં સમાવેશ કરવો, *(xxx ) હું તો પહેલાં જ કહું છું કે છળકપટ કોઇને સ્વીકાર નથી, મને પણ સ્વીકાર્ય નથી. હું એ કહેવા માગું છું કે છળકપટના નામે લોકોને ગુમરાહ કરવાનુ બંધ કરે. લવ જેહાદની વાત કરો છો અને લવ જેહાદ તમે કાયદામાં તો તેનો ઉલ્લેખ કરતા નથી. ફક્ત વાતો કરવાની, ફક્ત રાજકીય ભાષણો કરવાના અને આટલી નીચે આવી છે? આ વિધાનસભા ગૃહની અંદર એવા શબ્દોનો પ્રયોગ થાય, જેને જે મનફાવે તે બોલે છે જેને કોઇ જ્ઞાન નથી તેઓ કુરાન ઉપર વાત કરે છે. તેને કોઇ જ્ઞાન નથી તેઓ જાત પર વાત કરે છે, તેને કોઇ જ્ઞાન રહ્યું નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**શબ્દોનો ઉલ્લેખ કરવા અંગે**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રી દ્વારા જે મને અનુમતિ આપવામાં આવી છે તે જ શબ્દોનો મેં ઉલ્લેખ કર્યો છે. એટલે મારા શબ્દોના સંદર્ભમાં એ કંઇ ના કહી શકે. એક નહીં, પણ હું હજાર વખત કહું છું કે મુસ્તફા શા માટે મયંક ઠાકોર બનીને લગ્ન કરે છે? મારો વાંધો આ છે અને આના નામે હિન્દુ દીકરીઓને આત્મહત્યા કરવી પડે, આ હું હરગીઝ ચલાવી લેવા માટે તૈયાર નથી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx ) (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી ગ્યાસુદ્દીનભાઇ *(xxx) આ શબ્દો કાઢી નાંખવામાં આવે છે. બીજી વાત કે આપ પણ જોરથી બોલી રહ્યા છો, ઘણી વખત હું પણ જોરથી બોલું છું, ઘણી વખત માનનીય પરેશભાઇ પણ જોરથી બોલે છે. એટલે એની ટીકા ન થાય. તમારે બીજું જે કહેવું હોય એ કહો. વ્યક્તિગત જવા દો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ: માનનીય અધ્યક્ષશ્રી, જોરથી બોલવામાં કોઇને વાંધો નથી, પરંતુ જવાબદાર વ્યક્તિ કટુતાથી વાત ન કરે. આટલા સિનિયર મંત્રી હોય ત્યારે વાત એવી કરે કે જેથી બે સમાજમાં પ્રેમ પાંગરે, બે સમાજમાંથી ઘૃણાઓ દૂર થાય. બે સમાજ નજીક આવે અને ગુનેગારોને સજા આપવામાં આવે. હું કહું છું કે છળકપટ થતી હોય તો ફાંસી આપો. હું એમાં ના નથી પાડતો પણ એના નામે રાજનીતિ ન કરો. મારો કહેવાનો ભાવાર્થ એક જ છે કે આ વિધાનસભામાં તમે આવી વાતો કરી અને સમાજને ગુમરાહ કરશો. લોકો સમજી ચૂક્યા છે. બહુ દિવસ *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદીન ભાઈ, આપ એક ગ્લાસ પાણી પીને આવો. હું વિનંતી કરું છું. કારણ કે *(xxx) બોલો એટલે આ બધા શબ્દો અસંસદીય છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ: માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દ છે એને તમે દૂર કરી દો.

અધ્યક્ષશ્રી : મારું શું કહેવું છે તમે થોડા ઉશ્કેરાટમાં આવી ગયા છો. શાંતિથી તમે બે મિનિટ બેસી જાવ. તમે ઘણી વાર ખૂબ સારું બોલો છો. મેં તમને અભિનંદન પણ આપ્યા છે. તમારું પ્રવચન ઘણી વાર સારું પણ હોય છે. શાંતિથી!

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ: માનનીય અધ્યક્ષશ્રી, આજનું મારું પ્રવચન પણ કોઈ ઉશ્કેરાટભર્યું નથી. વેદના થાય છે. ઘણી વખત બહુ દુઃખ થાય છે. અત્યારે હું ગેલેરીમાં બેઠો, ત્યારે મને થતું હતું કે હું કઇ જગ્યાએ આવી ગયો છું? જ્યાં પ્રેમ પાંગરવો જોઈએ, જ્યાં એક સારી વાત થવી જોઈએ એવી જગ્યાએ આવી વાત થાય? ડિસ્ટર્બ થઈએ છીએ. અમને માનસિક ત્રાસ થાય છે. મહેણાં મારવાનાં, દરેક બાબતમાં બિલકુલ વિકૃત ટિપ્પણીઓ કરો તો દિલને પણ ચોંટ પહોંચે છે. મેં ૧૪ વર્ષના મારા ધારાસભ્યપદ દરમિયાન કોઈ દિવસ કોઈની પણ લાગણી દુભાય એવું કોઈ કૃત્ય કર્યું નથી કે કોઈ એવી વાત કરી નથી. આજે પણ હું કહું છું અને મેં પહેલાં પણ કીધું અમારો વાંધો છળકપટની સામે ફાંસીએ ચડાવો એ નથી. અમને વાંધો એક જ છે આની સાથે રાજકારણ ન થવું જોઈએ. બે સમાજ વચ્ચે ઘૃણા પેદા થાય એવું કામ ન કરવું જોઈએ અને એટલે જ આ બિલનો અમે વિરોધ કરીએ છીએ. આપણી પાસે આઈ.પી.સી.ની ઘણી બધી કલમ છે, વર્ષ ૨૦૦૩માં પણ આપણે કાયદો લાવ્યા, આપણી પાસે ઘણી બધી સત્તાઓ છે કે જે છળકપટ કરતાં હોય તેની સામે પગલાં લઈ શકીએ છીએ, પરંતુ આટલી બધી વિશાળ સત્તા હોય આપણી પાસે એવાં કોઈ દાખલા નથી, એવી કોઈ વાત પણ નથી. તમારી સામે મેં આ પુરાવા મૂક્યા. સૌથી વધુ પુરાવા મારી પાસે છે. આપ જોઈ શકશો, આપને પણ હું વોટ્સઅપમાં નાંખીશ અને મીડિયાના મિત્રોને પણ નાખવાનો છું. એક સમાજ જ દોષી હોય, એક સમાજ જ પ્રેમ કરતો હોય, એક સમાજ જ જેહાદ કરતો હોય આ વાત નથી. પ્રેમ તો ગમે તેને ગમે ત્યાં થતો હોય છે. એને ધર્મ સાથે જોડવો હું માનું છું કે વ્યાજબી નથી અને વિશેષમાં એટલું કહું છું કે આ કાયદાથી લોકોમાં વધારે ઘૃણા ફેલાશે. ધર્મની રાજનીતિ કરવા માટે આ કાયદો લઈને આવ્યા છે, એટલે આ કાયદાનો અમે સખત વિરોધ કરીએ છીએ. આપની પાસે પૂરતી સત્તાઓ અને કાયદાઓ છે, વર્ષ ૨૦૦૩ના કાયદ મુજબ છળકપટ કરતી હોય તો એને ફાંસી આપો, પરંતુ આના નામે એક સમાજને બદનામ કરવા, એને ગુમરાહ કરવા માટેની વાત ન થાય. તમે હિંદુ યુવતીની જ વાત કરો છો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તમે હિંદુસ્તાની યુવતીની વાત કરો. હિંદુ હોય કે મુસ્લિમ જેની સાથે છળકપટ થાય એની સામે અમે પગલા લઇશું. મદ્રેસાઓમાં ટ્રેનિંગ આપવામાં આવે છે, તબલીગ જમાતનું નામ બદનામ કરવામાં આવે છે, પણ એક તો પુરાવો આપો કે આવી ટ્રેનિંગ કોઇને આપી હોય? એક તો ષડ્યંત્ર બતાવો? સુપ્રીમ કોર્ટ પોતે કહેતી હોય, કેરળ હાઇકોર્ટમાં જ્યારે આ કેસ આવ્યો ત્યારે પણ એ વાત સાબિત થઈ ચૂકી છે. અત્યારે લવ જેહાદના કાયદાને જે રાજ્યોએ બનાવ્યા છે તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે તેની થોડી રાહ જોવી જોઇએ. તેનાં શું પરિણામ આવે છે? હજુ તેના ઉપર નોટિસ ઇશ્યુ થયેલી છે. પરંતુ કેન્દ્ર સરકાર એક જ વાત કરે છે કે લવ જેહાદ કે આવું કાંઇ નથી અને રાજ્ય સરકારો કાયદા બનાવશે. હું માનું છું કે, આ *(xxx) વ્યાજબી નથી. બે સમાજને ગુમરાહ કરવાનું બંધ કરવું જોઇએ. બે સમાજમાં પ્રેમ, સહિષ્ણુતા અને ભાઈચારો રહે એ માટેના પ્રયાસ થવા જોઇએ. ગુનેગારોને સજા પણ થવી જોઇએ. પરંતુ હું માનું છું કે, આ કાયદો ફક્ત અને ફક્ત રાજનીતિ માટે છે. બે સમાજ વચ્ચે ડિફરન્સીસ વધે એટલા માટે છે એટલે હું આ કાયદાનો વિરોધ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદ્દીનભાઈ જે *(xxx) બોલ્યા છે એ શબ્દો કાઢી નાખવામાં આવે. માનનીય પ્રદીપભાઈ પરમાર, આપ પણ આપના પ્રવચનમાં કંઈક અસંસદીય બોલ્યા છો. જેને હું રિપીટ નથી કરતો પણ એને કાઢી નાંખવામાં આવે છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક નંબર–૧૫ ધર્મ સ્વતંત્રતા માટેનું લઇને આવ્યા, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જ કહેજો હોં બહેન,

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : ટૂંકમાં જ કહું, માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના અનેક સિનિયર ધારાસભ્યોએ આ દેશની બેટી માટે ચિંતા કરી છે. આ દેશ આપણા હિંદુ ધર્મ માટે હોઇ આપણે ભારતીય છીએ. આ દેશની દીકરીઓએ અનેક ક્ષેત્રમાં આ ભારત દેશને ગૌરવ અપાવ્યું છે. ગૃહના મંત્રીશ્રીએ ખૂબ સારી વાતમાં દીકરીઓને બિરદાવી છે, દીકરી વ્હાલનો દરિયો, દીકરીને ગાય દોરે ત્યાં જાય, આપણા હિંદુ ધર્મના ધર્મગ્રંથો મહાભારત હોય, રામાયણ હોય, સીતાજીના લગ્નનો નિર્ણય હોય, દ્રોપદીજીના લગ્નનો નિર્ણય હોય, તો એ વડીલોના આદેશ પ્રમાણે સામાજિક વ્યવસ્થા પ્રમાણે જયારે નિર્ણય લેવાયા હોય ત્યારે આ મારા પોતાના અનુભવો ઉપરથી કહું છું કે પિતાશ્રીને કોઇપણ ધર્મ હોય, કોઇપણ સમાજ હોય એ પોતાને દીકરી એટલી વહાલી હોય છે અને બાપના આંખમાં આંસુ બે વખત આવે છે, જયારે દીકરીની વિદાય થતી હોય ત્યારે પિતાના આંખમાં આંસુ આવે છે અને બીજી વખત જયારે દીકરો તરછોડે પરિસ્થિતિ ગંભીર હોય, ઘરની અંદર બીજું કોઇ સાંભળવાવાળું ન હોય અને એ જ દીકરી જયારે એના સાસરેથી એના પિતાને મળવા આવે ત્યારે એ પિતાની આંખમાં આંસુ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત કરવા જઇએ તો જે કંઇ ઘણી બધી લાંબી ચર્ચાઓ થઇ છે. કોઇ ધર્મ હોય, કોઇ સમાજ હોય કે કોઇ વ્યકિત હોય જયારે દીકરી લગ્નનો નિર્ણય વ્યકિગત લેતી હોય છે ત્યારે એ ઘાતક પુરવાર થતો હોય છે. સમાજની અંદર ઘટતી જતી દીકરીઓની સંખ્યાને કારણે સમાજની અંદર જેને દીકરીઓ આપતા નથી, જેને પોતાની ક્રેડિટ નથી, આવા જે કંઇ બદનામ થયેલા અને વારંવાર ગુનાહિત પ્રવૃતિઓ કરેલા જે કંઇ યુવાનો હોય, આ રીતે ભોળવીને અન્ય સમાજમાંથી પણ દીકરીઓને હિંદુ ધર્મ હોય કે કોઇપણ એને જે કંઇ ક્રિમીનલ માણસને કોઇ ધર્મ કે કોઇ જાતિ હોતી નથી અને આવા માણસો દીકરીઓને ફોસલાવીને એના ભોળપણનો લાભ લઇ લગ્ન કરતા હોય છે, ત્યારે એના માતા–પિતા, એનો સમાજ એ બધી જ રીતે ભાંગી પડતો હોય છે. આ ઘટનાઓને રોકવા માટે આજે આ ગૃહને મારી એક જ વિનંતી છે કે આ તમામ ધારાસભ્યો જે તે વિસ્તારમાંથી આવો છો, જે તે વિસ્તારની ભૌગોલિક સ્થિતિ અલગ હોય, જે તે સમાજની સમાજ વ્યવસ્થાઓ અલગ હોય ત્યારે કોઇપણ દીકરી એ માતા–પિતા હોય, એનો પરિવાર હોય, એનો સમાજ હોય એ સુખી થાય એવું સપનું જોતા હોય છે અને હરહંમેશા કહેતા હોય છે કે દીકરાનું જેવું મળે એવું ચાલશે પણ અમારી દીકરીનું માગું સારા ઘરેથી આવ્યું હોત તો સારું, આવું દરેક માતા–પિતા વિચારતા હોય છે. આવા લગ્નો જયારે થતા હોય ત્યારે મારી એક જ વિનંતી છે કે, આવા કાયદાઓની અંદર જે પણ દીકરી લગ્ન કરે ત્યારે આવા કોર્ટ મૅરેજ હોય, લવ મૅરેજ હોય કે આ રીતના જે લગ્નો છે એ લગ્ન વખતે માતા–પિતાની સંમતિ જરૂરી છે અને માતા–પિતાની સંમતિથી જ લગ્ન થવા જોઇએ અને જે તે ગામની અંદર આવા લગ્નની, લગ્ન નોંધણી થવી જોઇએ અને સાક્ષીની અંદર પણ જે તે ગામના બે જવાબદાર કોઇપણ ધર્મના, કોઇપણ સમાજના પણ દીકરીના ગામના જ સાક્ષી હોવા જોઇએ તો જેથી કરીને આવા લગ્નો હું માનું છું ત્યાં સુધી અટકાવી શકાય. આ કોઇ ધર્મ સાથેની વાત નથી. આ કોઇ વ્યકિત સાથેની વાત નથી પણ આ સમસ્યાઓને ધ્યાનમાં લઇને જયારે આ વાત મૂકી છે, ત્યારે આવી જે કંઇ પ્રવૃતિઓ કરવાવાળા લોકો માટે કરીને માનનીય આ ગૃહના ધારાસભ્યો હોય, માનનીય કાયદામંત્રી હોય, સરકાર હોય એ વહેલી તકે વિચારી અને આવા લવ મૅરેજનો કાયદો હોય, મૈત્રી કરારનો કાયદો હોય કે જે સમાજો અને પરિવારોને છિન્નભિન્ન કરવાવાળા કાયદા છે, એ કાયદામાં કંઇ સુધારો લાવી અને દરેક સમાજને, દરેક વ્યકિતને સ્વતંત્ર રીતે પોતાની પરંપરાઓ પ્રમાણે જે લગ્નજીવન વ્યવસ્થા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે, સામાજિક વ્યવસ્થા છે, જે અકબંધ રીતે વર્ષોથી ઋષિમુનીઓ વખતથી ચાલે છે, એ જ રીતે ચાલતી આવે એવો કંઇક કાયદાની ભાષાની અંદર આ રીતનો કોઇ પ્રબંધ કરવામાં આવે એ પણ જરૂરી છે. આ કાયદો લવ મેરેજનો કાયદો વારંવાર એનો દૂરુપયોગ થતો હોય છે. દિકરીને પોતે જયારે લગ્ન કરીને જાય પછી તો પસ્તાય છે અને અંતે તો એને આપઘાત કરવાનો વારો આવે છે. એટલે જે આ સુધારા બિલ લઇને આવ્યા છે એની અંદર માતા–પિતાની સંમતિ, ગામની અંદર જ લગ્નની નોંધણી, ગામના જ સાક્ષીઓ આવું કંઇક લઇને આવ્યા હોત તો સો ટકા અમે આ બિલને ટેકો આપત. આ પૈકીનું કાંઇ નથી એટલે આવું બિલ ભવિષ્યમાં લઇ ગૃહમંત્રીશ્રી આવે એવી હું અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પિયુષભાઇ. શ્રીમતી ગેનીબેને એવું કહ્યું કે ગામના જ જોઇએ બે સહી કરનારા સાક્ષી અને તમે બધા પાટલીઓ થપ–થપાવો છો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના ગૃહ મંત્રીશ્રી વિધેયક ક્રમાંક–૧૫ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક લઇને આવ્યા છે એમને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા હું હાજર રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, It is said that marriages are made in Heaven. એટલે લગ્ન એ સ્વર્ગમાં નક્કી કે નિમિત્ત થાય છે. પૃથ્વી પર તો એ ફકત આકાર લે છે. બે ભિન્ન વ્યકિતઓનું યુગલ બનવું એ આ પૃથ્વી પરની અલૌકિક ઘટના છે. એનો આવકાર જ કરવાનો હોય, એનો ઉત્સવ મનાવવાનો હોય. પરંતુ આજે મારા હ્દયમાં અત્યંત પીડા છે અને દુઃખ સાથે કહેવું પડે છે કે આવા પવિત્ર બંધનના વિષય પર સરકારે બિલ લઇને આવવું પડે છે અને મારે આ વિષય પર ચર્ચા કરવી પડે.

બંધારણના વીરોએ મૂળભૂત અધિકારોની વ્યાખ્યા કરતી વખતે ઠરાવ્યું હતું કે Right to marry is a component of right to life. એટલે કે under article 21 પ્રમાણે બંધારણની કલમ–૨૧ મુજબ લગ્ન કરવાનો અધિકાર એ જીવન જીવવાનો અધિકારના ભાગરૂપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણ સભાને ભારતનું બંધારણ મંજૂર કર્યું એ દિવસે એમને કલ્પના નહીં હોય કોઇ એક સંપ્રદાયના લોકો માત્રને માત્ર પોતાના સંપ્રદાયનો વ્યાપ વધારવા, પોતાના સંપ્રદાયના લોકોની સંખ્યા વધારવા આ રીતના મત બેંકના રાજકારણને પ્રભાવિત કરીને પોતાનું આધિપત્ય સ્થાપવાના બદ ઇરાદા રાખી ૧૪ થી ૧૯ વર્ષની કુમળી બાળકીઓને લાલચ, લોભ, બ્લેકમેઇલિંગ કરીને અન્ય કોઇ તરકીબો અપનાવીને એમની સાથે અવૈધ સંબંધ બાંધીને એમને લગ્ન કરવા માટે યેનકેન પ્રકારે દબાણ કરી મજબુર કરે છે. આવી ભોળી કુમળી વયની બાળકીઓનું જીવન બરબાદ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં એ અમદાવાદ હોય કે અનેક મહાનગરો હોય મોટાં શહેરોમાં પણ હિન્દુ યુવતીઓને પોતે અભ્યાસ કરતી હોય કોલેજો, શાળાની બહાર ઉભા રહીને હાથમાં લાલ કલરનો ધાગો બાંધી પોતાનું હિન્દુજમ ધારણ કરી હિન્દુ યુવતીઓને પોતાની પ્રેમ જાળમાં ફસાવે છે. એવા અનેક કિસ્સાઓ આપણી સમક્ષ હાજર છે. આપણે કઇ ટાઇપની સોસાયટી બનાવવા માગીએ છીએ. આપણી પરેશાન થતી દીકરીઓ એ આપણી બહેન– દિકરી નથી. એ માસૂમ દિકરીઓ અંગે જો આમાં કોઇ પગલાં નહીં ભરવામાં આવે તો માસૂમ દિકરીઓ પિંખાઇ જશે. આદરણીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇના નેતૃત્ત્વમાં ભારતીય જનતા પાર્ટીના ગૃહ મંત્રીશ્રી જેના માટે કહી શકાય કે જંગલમાં જેમ સાવજની ત્રાડથી જે રીતના અન્ય પશુઓ થરથરે છે, એ રીતની એમની બુલંદી ગર્જનાઓથી ગુનેગારો પણ થરથર કાંપે છે. એવા શ્રી પ્રદિપસિંહજી જે આ બિલ લઇને આવ્યા છે. પ્રેમની સામે કોઇ વાંધો હોઇ શકે નહિ. પરંતુ પ્રેમની સાથે સાથે એને પ્રેમ આપીને એને એક્સપ્લોઇટ કરવાની વાત છે. એને લાલચ, લોભ એને કપટપૂર્વક પ્રેમને ખોટી રીતે એક્સપ્લોઇટ કરીને એ જે વાત કરવામાં આવે છે એની સામે આ બિલમાં જે જોગવાઇ કરી છે એનું સમર્થન કરીએ છીએ. પાકિસ્તાન અને બાંગ્લાદેશની વાત કરીએ તો પાકિસ્તાન આઝાદ થયા પછી ત્યાં હિન્દુઓની વસતિ ર૭થી ૨૮ ટકા જેવી હતી. જયારે બાંગ્લાદેશમાં પણ એ જ પરિસ્થિતિ હતી. આજે ઇતિહાસ સાક્ષી છે આજે ત્યાં હિન્દુઓની ર થી ૩ ટકા જેટલી વસતિ રહી ગઇ છે. એનું કારણ જો પૂછવામાં આવે તો હું એટલા માટે કહેવા માગું છું કે આપણો દેશ બધા ધર્મોને એક સાથે જીવવાની છૂટ આપે છે, પરંતુ એનો મૂળભૂત અર્થ એ નથી કે કોઇના પણ ધર્મ ઉપર હુમલો થાય! એ છળકપટથી ધર્મની અસહિષ્ણુતા ઉભી થાય અને દેશ અરાજકતામાં જાય.

મારે છેલ્લે એક વાત કરવી છે. જે વાત આદરણીય વિરોધપક્ષના નેતાશ્રી કહેતા હતા કે આઇ.પી.સી.ની કલમની અંદર આ તમામ કલમો આવી જાય છે. પરંતુ આપ પણ એડવોકેટ છો અને હું પણ વકીલ છું. આઇ.પી.સી.ની કલમ એમાં ધર્માન્તરની વાતનો ઉલ્લેખ નથી. આ બિલની અંદર ધર્માન્તરની વાતનો ઉલ્લેખ છે. આઇ.પી.સી.ની કલમ સહજ હોય છે દરેક ઇન્ડિયન પિનલ કોડની અંદર આ ખૂબ મોટી વાત છે.

મારે છેલ્લે એ વાત કરવી છે આની અંદર વર્ષ ૨૦૦૩ના બિલ ૨૨માં અધિનિયમ કલમ–રનો સુધારો કરવામાં આવ્યો છે એ ખૂબ યોગ્ય છે. અમારા શ્રી પ્રદિપસિંહજીથી લઇને શ્રી પ્રદિપભાઇ પરમારથી લઇને બધાએ કહ્યું છે, શ્રી જગદીશભાઇએ કહ્યું અને બહેને પણ કહ્યું કે આ કલમની અંદર જે સજાની જોગવાઇ કરી છે એમાં સુધારો કરીને ૧૪ વર્ષની કરો, આજીવન કેદની સજા કરો. મા–બાપની એન.ઓ.સી. ની વાત છે એ ખરેખર ખૂબ ઉપયોગી થશે આ બિલમાં જો સુધારો કરવો હોય તો. મારે છેલ્લે માનનીય પરેશભાઇ અને મિત્રોને કહેવું છે કે

''આપણા ઉપર વિત્યું નથી, પરંતુ આગ લગાને વાલો કો,
કહાં ખબર હૈ રૂખ હવાઓને બદલા તો ખાક વોભી હોંગે.''

## તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ગૃહમંત્રીશ્રી ગુજરાત ફ્રિડમ ઓફ રિલીઝન એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૧ ફર્ધર ટુ એમેન્ડમેન્ટ ગુજરાત ફ્રિડમ રિલીઝન એકટ, ૨૦૦૩ સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આ બિલના સંદર્ભમાં ગૃહના ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. સરદાર વલ્લભભાઇ પટેલને પણ યાદ કરવામાં આવ્યા છે. સરદાર વલ્લભભાઇ પટેલ એટલે એક એવું નેતૃત્વ કે જેણે આ દેશમાં અરાજકતા ફેલાવવા માટેનું કામ કરનારી સંસ્થાઓ હતી એના ઉપર બાન મૂકનાર કોઇ પ્રધાન હોય તો એ સરદાર વલ્લભભાઇ પટેલ હતા. એનું આજે પણ અમને ગૌરવ છે. તેમના નામે પણ વાતો થઇ રહી છે. મને લાગે છે કે સન ૨૦૨૨માં ગુજરાત સહિત આ દેશના વિવિધ રાજયોમાં જે ચૂંટણીઓ આવી રહી છે એને ધ્યાનમાં રાખીને આ બિલનો મુદ્દો ધ્રુવીકરણના મકસદથી વિકસાવવામાં આવ્યો હોય તેવુ મને લાગી રહ્યું છે. *(xxx ) ગેરકાનૂની ધર્મ પરિવર્તન કાયદા હેઠળ દેશના ૧૭ કરોડ જેટલા ચોક્કસ ધર્મના લોકોને મુખ્ય ધારાથી અલગ કરવા માટેના ઇરાદા પૈકીનો એક ઇરાદો તો નથી ને? એવી મને શંકા થઇ રહી છે. આ દેશમાં કહેવાયું છે કે 'તુ હિંદુ બનેગા ન મુસલમાન બનેગા, ઇન્સાન કી ઔલાદ હૈ ઇન્સાન બનેગા' સર્વ ધર્મ સમાન છે. સર્વ ધર્મ સમાન માનવ ધર્મ છે. ઓશોએ કહ્યું છે કે દુનિયામાં માત્ર બે જ જાતિ છે. સ્ત્રીલિંગ અને પુરુષલિંગ. એ સિવાયની કોઇ જાતિ નથી અને માનવ ધર્મ એ દુનિયાનો શ્રેષ્ઠ ધર્મ છે. ત્રીજી જાતિ છે એ પણ બન્નેમાં આવી જાય છે ત્યારે મારે કહેવું છે કે ખરેખર જો આ ગૃહને ચિંતા હોય, દીકરી પ્રત્યેની ચિંતા હોય, હું એક દીકરીનો બાપ છું. મારે એક માત્ર સંતાન એક દીકરી છે. દીકરીને ઘરમાંથી વળાવીને જે પિતાએ આંસુ વહાવ્યા છે એ વિરજી ઠુમ્મરે પણ વહાવ્યા છે. એટલા માટે મને ચિંતા થાય છે કે આ સરકારનો જો ખરેખર સાચો એજન્ડા હોય તો મારે ગેનીબેનને અભિનંદન આપવા છે. લગ્ન નોંધણી કેન્દ્રો છે એ સરકારનાં કેન્દ્રો છે. કોઇ પણ દીકરી પોતાના બાપની સંમતિ વગર, પોતાના સગા–સંબંધીઓની સંમતિ વગર મૅરેજ એક્ટમાં નોંધાવવા આવે તો નોંધનારને ફાંસીની સજા કરો. હમણાં બધું બંધ થઇ જશે. કોઇ બ્રાહ્મણ. મારે બ્રાહ્મણ એટલા માટે કહેવું પડે કે વિદ્વાન વ્યક્તિ, આ લગ્ન બંધનને બાંધનારો વ્યક્તિ તેના પિતા કે માતાની સંમતિ વગર જો લગ્નગંથિથી બાંધવાનો પ્રયાસ કરે તો મારા મિત્ર કહેતા હતા કે આ માટેની જોગવાઇઓ ઘણી ઓછી છે. મારા મિત્રએ આ ગૃહના ધારાસભ્યોનું સ્વમાન જળવાય એવી કાર્યવાહી કરવી જોઇએ એવું કહ્યું હતું. તો મારે આ કહેવું છે કે આવા લગ્ન માટે કોઇ પણ વિધિ કરાવનાર વ્યક્તિ હોય તો તેને ફાંસીની સજા આપવામાં આવે. હમણાં બધું અટકી જશે, પરંતુ તમે ધર્મની લાગણી તો બદલાવવા નથી માગતા ને? ક્યારેક હિંદુના નામે, ક્યારેક ગાયના નામે, ક્યારેક મંદિરના નામે, ક્યારેક મસ્જિદના નામે અને હવે *(xxx) વાસ્તવમાં બધા ધર્મના ગરીબ અને સાધારણ લોકોને શિક્ષિત કરવા માટેના જે પ્રયત્નો થવા જોઇએ એ આ સરકાર દ્વારા થતાં નથી એનો મને રંજ છે. રાજ્યમાં ગંભીર અને ચિંતાજનક અનેક અનેક સમસ્યાઓ છે. આ બધી સમસ્યાઓનું વર્ણન કરવાનો અત્યારે સમય નથી, છતાં પણ કહેવું છે કે આ દેશ માટે અને આ રાજ્ય માટે અનેક સમસ્યાઓ છે તે પૈકી આ સભાગૃહના માધ્યમથી રાજયના–દેશના કરોડો યુવાનોને સ્પર્શતી બેરોજગારીની ગંભીર સમસ્યા હલ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવા રાજ્ય સરકારને હું વિનંતી કરું છું. ખેડૂતોની ખેત પેદાશને પોષણક્ષમ ભાવો મળે, વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી થાય તેવા પ્રયત્નો કરવા માટે રાજ્ય સરકારને હું વિનંતી કરું છું. મોંઘવારીથી ત્રાહિમામ રાજ્ય અને દેશના ગરીબ અને મધ્યમ વર્ગના કરોડો પરિવારની મુશ્કેલી દૂર કરવા માટે ધ્યાન કેન્દ્રિત કરવા રાજ્ય સરકારને મારી વિનંતી છે. રાજયના દેશના સેંકડો–કરોડો લોકો કે જેઓ પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસના સતત વધતા જતા ભાવથી પરેશાન છે. તે ભાવ વધારામાં વેટના દરોમાં રાહત કરી આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરું છું. (અંતરાય) હું તો આના પરવ્યુમાં રહીને વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય પરેશભાઇ, આપ જ કહો કે આ બિલના સ્કોપમાં આવે છે ખરું?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : આવે છે, હું વિનંતી કરું છું. બાપુ, હું વિરોધ કરતો નથી. આ રાજયના કરોડો યુવાનો આજે બેરોજગાર છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના સ્કોપમાં રહીને જેટલી પણ વિનંતી કરવી હોય, જેટલા સુધારા કરવા હોય પણ પેટ્રોલ, ડીઝલ અને..

શ્રી પરેશ ધાનાણી : આ લોકોનો પ્રેમ સરકાર ઉપર વધે એનાં સૂચનો કરે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ તો અમને ખબર છે. એ તો અમને ખબર છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું તો વિનંતી કરું છું. અચ્છે દિન માટેના વાયદા લઇને આ સરકાર આવી હતી ત્યારે સ્વપ્ન પૂરા કરવા માટે સરકાર ક્યાકને ક્યાંક ઉણી ઉતરી હોય એવું લાગે છે. *(xxx) એ દેશના અને રાજ્યના હિતમાં ઉચિત નથી. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત શ્રી પ્રદિપસિંહને વિનંતી કરવા માગું છું. કે આવું બિલ લાવવાના બદલે તમે લવ જેહાદના કિસ્સા અટકાવવા હોય તો, અભિનંદન આપું છું ગેનીબેનને કે એમણે કહ્યું કે મા–બાપને સાથે રાખીને લગ્ન કરવામાં આવે. અન્યથા કોઇપણ લગ્ન ન થાય એવું બિલ લઇને આવે તો પહેલો સપોર્ટ ગૃહમંત્રીશ્રી તમને ઉભો થઇને વિરજી ઠુમ્મર આપશે. તમારે જો અટકાવવા હોય તો. મને લાગે છે કે આ સરકારની દાનતમાં કંઇક જુદું છે. ધાર્મિક લાગણી ભડકાવવા

* માનનીય અધ્યશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માટેની દાનત તો નથી ને? એટલા માટે હું આ બિલનો વિરોધ કરું છું. આવા લગ્ન અટકાવવા માટે વધારાનું કોઇ બિલ લઇને આવે અને નોંધણી કરવાવાળા લોકો ઉપર ગમે તે સજા માટેનું બિલ લાવશે તો અમે સમર્થન આપીશું. જયહિન્દ.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજા બાપુ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક, ૨૦૨૧ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધેયક આવ્યું છે ત્યારે આ વિધેયક મહત્ત્વનું વિધેયક છે. આજે આ વિધેયકને ધ્યાનમાં લઇએ ત્યારે વિધેયકનો મુખ્ય હેતુ એક જ છે કે છળકપટથી કોઇને લોભ, લાલચ આપીને ઇરાદાપૂર્વક કરેલું કૃત્ય જ્યારે ફલિત થાય તો એને આકરામાં આકરી સજા થવી જોઇએ. હું તો આજે અભિનંદન આપું છું આ ગૃહમંત્રીને અને હજી પણ કહું છું કે વિપક્ષના નેતાઓ જે વાત પ્રેમની કરે છે. પ્રેમ શબ્દની વાત કરે છે. પ્રેમ શબ્દ અમૂલ્ય છે. પ્રેમ શબ્દની વ્યાખ્યા દરેક વ્યક્તિને ખબર છે. પ્રેમ કરવા માટે કોઇપણ વસ્તુ વચ્ચે આવતી નથી પણ આજે જ્યારે આ ગૃહમાં આ *(xxx) અને એના દોષનો ટોપલો જ્યારે આદરણીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ બાપુને આપવામાં આવ્યો છે ત્યારે વિપક્ષના નેતાને કહીશ, હમણાં જ શ્રી વિરજી ઠુમ્મર સાહેબ બોલ્યા, એ બોલ્યા એ આપણે બધાએ સાંભળ્યું છે. એમણે કહ્યું કે આમાં મા–બાપનું સમર્થન અને મા–બાપની મરજી. એકબાજુ તમે પ્રેમની વાત કરો છો અને બીજી બાજુ મા–બાપની મરજીની વાત કરો છો? ગેનીબેને વાત કરી એ એક દીકરી માટે અને એ એક માતાના અંતરાત્માની વાત હતી. પરંતુ શ્રી વિરજીભાઇએ જે વાત કરી...

અધ્યક્ષશ્રી : એ બાપની વાત હતી. એમને એક જ દીકરી છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : હું એ જ કહું છું. હું એના ઉપર જ આવું છું. એમણે વાત કરી એ માત્ર એક રાજકીય વાત હતી. મને સમજણ નથી પડતી કે આ બિલમાં કોઇ જ્ઞાતિને ટાર્ગેટ કરી નથી. આ બિલ વાંચો. કોણ શું બોલ્યું શું ન બોલ્યું એ ન જોશો. તમે માત્ર બિલ વાંચો તો એમાં એક જ વસ્તુ છે. આવું કૃત્ય કરનારાઓને આકરામાં આકરી સજા થવી જોઇએ. તો વિપક્ષના સભ્યો અને નેતાઓને આ વાત કેમ *(xxx) એ મને ખબર પડતી નથી.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : હું એમનું સન્માન કરું છું પણ આજે એ એક્સાઇટ થઇને ગૃહમાં બોલ્યા છે. મારે ગૃહનું ધ્યાન દોરવું છે. એ એક્સાઇટ થઇને એક વાત બોલ્યા.

અધ્યક્ષશ્રી : એક્સાઇટ થઇને બધા જ બોલે છે. તમે પણ બોલો છો.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : એ જે વાત કરે છે એની વાત કરું છું. ભારત માતાએ મોટું મન રાખવું જોઇએ. સાહેબ, આમાં ભારત માતા ક્યાં આવ્યા? ભારત માતાએ તો આખી દુનિયાની અંદર મોટું મન રાખ્યું છે. આપણે બધા જ ભારતીય છીએ. બિલની ચર્ચામાં ભારત માતાએ મોટું મન રાખવું જોઇએ એવું એમણે એક્સાઇટ થઇને કહ્યું. એવું એમનાથી બોલાઇ ગયું. એમનો એવો ઇરાદો ન હતો. હું એટલા માટે કહું છું કે, આ બિલ પર જે વાત હતી. મારે તો માત્ર એટલું જ કહેવું છે કે આ ૧૮૨ કોઇ ધર્મને ટાર્ગેટ કરતાં નથી. પણ જે સંગઠન માત્ર ધર્માંતરણ કરાવવા માટે ધર્મને જોડીને કોઇપણ કૃત્ય કરે છે અને જ્યારે કોઇ દીકરી પોતે એવું કહે કે હું આનો ભોગ બની છું. દીકરી કહેતી હોય કે ભોગ બની છું, મારા ઉપર લોભ, લાલચ અને મને ખોટી રીતે ફસાવવામાં આવી છે તો એટલું કહીશ કે એમાં બધાએ સંમત થવું જોઇએ. જ્યારે દીકરી આવું કહે છે ત્યારે તમામ સમાજ, ગુજરાત નહીં સમગ્ર દેશ દીકરીની સાથે રહે અને સામેવાળાને ફાંસીની સજા કરવી જોઇએ. સાહેબ, ફાંસીની સજાની જોગવાઇ હોવી જોઇએ. એનું કારણ કહું આવા ઘણા કિસ્સાઓ આવ્યા છે. આજે હું હિન્દુ–મુસ્લિમની વાત કરતો નથી. હિન્દુ–મુસ્લિમ ખ્રિસ્તી–ઇસાઇ એવા કોઇ ધર્મની વાત આ બિલમાં નથી અને કોઇ ધર્મનું નામ આવ્યું નથી. શું કરવા આપણે બધા ધર્મનું નામ લઇએ છીએ? માત્ર એક વસ્તુ આવી છે કે જે આવું કરે છે એને આકારામાં આકરી સજા થવી જોઇએ. હું તો એમ કહું છું કે આપણે બધાએ શ્રી પ્રદિપસિંહને અભિનંદન આપવા જોઇએ. આ સરકારને અભિનંદન આપવા જોઇએ. આ સરકારનો નેક ઇરાદો કે જે આવનારી પેઢીને પણ કામ લાગે એવું બિલ લાવ્યા છે ત્યારે આપણે ૧૮૨ એ ૧૮૨ ધારાસભ્યએ ખૂબ દિલથી, હૃદયથી શ્રી પ્રદિપસિંહ બાપુનો આભાર માનવો જોઇએ અને કહેવું જોઇએ કે આ બિલની અંદર અમે જોડાયા, આ બિલ અમારા વખતે આવ્યું એ માટે ખરેખર સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. આજે તમે લોકો સંમત હોય તો હું પોતે એવું કહેવા માગું છું કે બિલની જોગવાઇની અંદર આવું કૃત્ય કરનારા બહાર આવે તો સાહેબ એમને ફાંસીની સજા થવી જોઇએ. કેમ કે આ એક દીકરીની વાત છે. દીકરીનાં મા–બાપ, દીકરીનો પરિવાર એની સાથે જોડાયેલો છે. સમાજની અંદર આવું કૃત્ય થતું હશે એનો જો અટકાવવામાં નહીં આવે તો સમાજ કાલે ઊઠીને ખૂબ ખરાબ પરિસ્થિતિમાં આવશે. ધર્માન્તરણ અને ધર્મ પરિવર્તનની વાત કરીએ. ધર્મ પરિવર્તનની આ દેશની અંદર ના નથી. કાયદેસર પોતાની મરજીથી કરતા હોય તો ના નથી. તમે બોલો છો અને અમેય બોલીએ છીએ પણ જ્યારે ધર્મ પરિવર્તન ફલિત થાય કે કોઇકે ખોટી રીતે, બળજબરીથી, લોભ, લાલચ અને પ્રલોભનો આપીને ખોટા ઇરાદાથી કરેલું ધર્મ પરિવર્તન હોય તો ધર્મ પરિવર્તન કરાવનારાઓને પણ આકરામાં આકરી સજા કે ફાંસીની સજા થવી જોઇએ. એટલે હું આ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બિલને સમર્થન આપું છું અને આદરણીય પ્રદિપસિંહને અને સરકારને ખૂબ ખૂબ દિલથી, હૃદયથી અભિનંદન આપીને મારી વાતને પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ ખેડાવાલા.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ૨૦૦૩ના વિધેયક પર હું મારા વિચારો રજૂ કરું છું. ગૃહ મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેના ઉપર દરેક સભ્યોએ પોતાના વિચારો મૂક્યા છે. અમારા નેતાશ્રીએ પ્રેમની વાત કરી, બે અક્ષર પ્રેમના એમણે ઘણી બધી વાત કરી. એક શેરથી હું શરૂઆત કરું. પ્રેમની વાત છે કે–

''ये किसी नाम का नहीं होता, ये किसी धाम का नहीं होता,

प्यार में जब तक नहीं तूटे, दिल किसी काम का नहीं होता । ''

માનનીય અધ્યક્ષશ્રી, દિલની વાત છે એટલે આ સભાગૃહમાં મારી વાત મૂકી છે. ખાસ કરીને આ ગૃહની અંદર બિલ લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપનું એવું કહેવું છે કે બધાના દિલ ભાંગેલા હોવા જોઇએ? એકાદવાર તૂટેલા હોવા જોઇએ?

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સાહેબ, મેં લગ્ન કરેલા નથી એટલે મને ખબર નથી કે બધાના દિલ તૂટેલા હોય છે.

અધ્યક્ષશ્રી : હજુ સુધી તમારું દિલ કેમ તૂટ્યું નથી?

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સાહેબ, એટલે મને વધારે વાક્યાત ખબર નથી. હું કુંવારો છું એટલે ખબર નથી પણ દિલની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : ચાલો, આખું ગુજરાત આ વાત જાણી લે કે તમે કુંવારા છો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : આ બિલ લઇને આવ્યા છે એમાં વિચારોની અંદર મંત્રીશ્રીએ જે વાત કરી એમાં ખાસ કરીને હિન્દુ સમાજની દીકરીઓનો જ ઉલ્લેખ કર્યો છે. દીકરી દરેક સમાજની હોય એ દીકરી આપણા સૌના માટે એ દીકરી જ છે. હું મારા વિસ્તાર જમાલપુરની ઘટનાનો એક કિસ્સો આપને કહું. ખરેખર એ કિસ્સો ચાર મહિના પહેલાનો છે. એ બહેન મારા વિસ્તારની અંદર રહે છે અને જોબ કરતા હતા. હું કોઇ હિન્દુ કે મસ્લીમની વાત કરતો નથી, શ્રી પ્રદિપસિંહભાઇએ ઘણા બધા ઉલ્લેખોમાં બધાનાં નામ આપ્યાં છે અકબર, જહાંગીર, હું કોઇ નામમાં પડવા માગતો નથી. હું ખાલી એ વાત કરું છું કે એક પાત્ર છે. એ પાત્રનું નામ આપતો નથી પરંતુ એ બહેન મારા વિસ્તારમાં રહેતા હતા અને એમણે વિધર્મી જોડે લગ્ન કર્યા. એમની ૧૦ વર્ષની પુત્રી હતી. પહેલા લગ્ન થઇ ચૂકયા હતા એમના પરંતુ બીજા લગ્ન વિધર્મી જોડે કર્યા. એનો પહેલાનો જે પતિ હતો એ મારા વિસ્તારની અંદર રહેતો હતો. એણે પોતાના હાથમાં એ બહેનનો, એની પત્નીનો ફોટો લઇને સ્યુસાઇડ કરી લીધો. આપઘાત કરી લીધો. ઝેર પી લીધું અને એ ફોટો એના હાથમાં પલંગ ઉપર પડ્યો રહી ગયો. ૧૦ વર્ષની દીકરી છે. આજે એ બહેન એના જોડે જ ત્યાં રહે છે, પરંતુ આખો પરિવાર એનો તહસનહસ થઇ ગયો. એટલે આ પ્રકારના કિસ્સા બને છે. એકલા હિન્દુ સમાજમાં બને છે એવું હોતું નથી. બધા સમાજની અંદર આવા કિસ્સા બને છે. શ્રી ગ્યાસુદ્દીનભાઇએ કીધું ત્યારે મારી પાસે પણ ૧૦૦થી વધુ મુસ્લિમ દીકરીઓ છે. જેણે બીજા જોડે લગ્ન કર્યા છે. એ પુરાવા મારી પાસે પણ છે. તો આપણે આ કાયદો બને, કડક બને અને દરેકના માટે બને. દરેક માટે એનો કડકમાં કડક અમલ થાય, કોઇપણ સજા ઓછી ન થાય. હું તો કહું છું કે સાઉદી અરેબિયા સરકારમાં જે પ્રમાણેના કડક કાયદા છે, સાઉદી જેવા કડક કાયદા બનાવો અને એનો અમલ કરાવો. એ પ્રમાણેના કાયદા હોવા જોઇએ પરંતુ સાથેસાથે બીજું કહેવાનું કે જે પ્રમાણે માનનીય મંત્રીશ્રી વાત કરતા હતા કે *(xxx)

અધ્યક્ષશ્રી : એવું કોણે કીધું?

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : એવું કીધું માનનીય મંત્રીશ્રીએ. એમના વકતવ્યની અંદર કીધું છે. મેં શબ્દ ટાંકયા છે. આપ સ્પીચ મંગાવી શકો છો.

અધ્યક્ષશ્રી : આવા શબ્દો નથી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : એવું કીધું છે.

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સાહેબ, આ વાત કીધી છે કે *(xxx) માનનીય અધ્યક્ષશ્રી, ઇસ્લામ ધર્મ પ્યાર, મહોબ્બતથી અપનાવેલો ધર્મ છે. એ કોઇ દિવસ જબરજસ્તીથી કોઇને બનાવતા નથી કે તમે મુસલમાન બની જાવ. એટલા માટે હું કહેવા માગું છું કે ૭૦૦ વર્ષ મોગલોએ આ દેશની અંદર રાજ કર્યું છે. અગર ૭૦૦ વર્ષ રાજ કર્યું હોય અને *(xxx) પરંતુ ઇસ્લામ ધર્મ તો મહોબ્બત, પ્યાર, ભાઇચારા, એકતાની વાત કરતો હોય છે તો આ શબ્દો મંત્રીશ્રીએ કીધા છે મને ખૂબ દુઃખ થયું છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર(શ્રી ઇમરાન ખેડાવાલા દ્વારા વિધેયકની નકલ ફાડતાં ઠપકો આપવા બાબત)

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : કીધા છે એટલા માટે જ મેં લખ્યા છે. બીજું, ભાઇ, આ ગંભીરતાથી લેવાની વાત છે એટલા માટે.

અધ્યક્ષશ્રી : ગંભીરતાથી લીધી. આપનું પ્રવચન આગળ ચલાવો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, બીજું, ગૃહમંત્રીશ્રીએ મૌલાનાની વાત કરી કે મૌલાના જબરજસ્તીથી નિકાહ પઢાવી દે છે અને 'હા' કહેવામાં આવે છે. એ છોકરી ના માને છતાં પણ 'હા' કહેવામાં આવે છે કે તારે 'હા' કહી દેવાનું. એવું કોઇ દિવસ હોતું નથી. નિકાહ જયારે એ છોકરીને પઢાવવામાં આવે છે ત્યારે બે સાક્ષીઓ હાજર હોય છે. એ સાક્ષી સાંભળે નહીં ત્યાં સુધી એના નિકાહ કબૂલ થતા નથી. આ બધા ઇસ્લામના કાયદા છે અને એનું પાલન જયારે નિકાહ પઢાવતા હોય એ મૌલાના પણ કરતા હોય છે. ત્યારે આ પ્રમાણેની વાત સભાગૃહની અંદર થાય તો કોઇની લાગણી ચોકકસ દુભાય એટલે આવા શબ્દોનો ઉપયોગ ન કરવો જોઇએ. દીકરી દરેકના માટે કે દીકરી મારી લાડકવાયી દેવની દીધેલ છે. ખૂબ સુંદર કાવ્ય છે. ખરેખર જેના ઘરે દીકરી છે એના માબાપને ખૂબ ચિંતા હોય છે કે આ દીકરી જયારે મોટી થાય ત્યારે એને સારું સગપણ મળે અને એના મૅરેજ થઇ જાય એ દરેક માબાપની ચિંતા હોય છે ત્યારે સરકારે આ બિલ લાવીને ચિંતા કરી છે પણ જે પ્રમાણે રાજકારણ રમાઇ રહ્યું છે, આખા બિલની અંદર લવ જેહાદની વાત કરતા હતા. લવ જેહાદ, લવ જેહાદ. લવ જેહાદનો આખા બિલની અંદર કોઇ જગ્યાએ ઉલ્લેખ નથી. કદાચ લવ જેહાદની વાત હોય. એ ઉલ્લેખ કરેલો હોય તો માનનીય મંત્રીશ્રી બતાવે લવ જેહાદ કોને કહે છે અને બિલની અંદર શાના માટે લાવ્યા છીએ? ધર્મ પરિવર્તનની વાત છે. કોઇપણ ધર્મનો વ્યક્તિ જબરજસ્તીથી કોઇને પણ ફરજ ન પાડી શકે કે તારે આ ધર્મને સ્વીકારવાનો છે, તારે આ ધર્મ અપનાવવાનો છે. દરેકે પોતાના ધર્મને પોતાની રીતથી પોતાની સમજથી અપનાવે છે અને પોતે એ ધર્મની અંદર રહેતો હોય છે. આજે કુરાન શરીફ હોય, ગીતા હોય કે બાઇબલ હોય કોઇપણ ધાર્મિક ગ્રંથની અંદર એવું નથી લખ્યું કે તમે જબરજસ્તી ધર્મ પરિવર્તન કરાવો. *(xxx) એને મારું સમર્થન નથી. આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આખા બિલની અંદર એમણે એક લઘુમતી સમાજને ટાર્ગેટ કરવાની જ કોશિશ કરી છે. આ લોકો આતંકવાદી, જેહાદી એક એક શબ્દોનો એવો ઉપયોગ કર્યો છે કે કોઇની લાગણીને હંમેશાં ઠેંસ પહોંચે તેવી વાત કરી છે. તો આવા શબ્દો ન ચલાવી લેવાય. બંધારણની અંદર જે શબ્દો મૂકેલા છે, તેનો તેઓ અમલ કરે તેવી આપના થકી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. એક છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરીશ. જ્યારે કોઇ મુસ્લિમ છોકરો કોઇ હિન્દુ છોકરી સાથે લગ્ન કરી લે છે, તો એની સાથે એના સપોર્ટમાં જ્યારે આખું ગામ, પોલીસ તંત્ર, આર.એસ.એસ., બજરંગ દળ, દુર્ગાવાહિની, વી.એચ.પી. રોમિયો સ્ક્વોર્ડ બધા જ લોકો છોકરીને બચાવવા લાગી જાય છે. જ્યારે મુસ્લિમ સમાજમાં આવું થાય છે. મુસ્લિમ સમાજની છોકરી જતી રહે છે. ત્યારે પોલીસ ફરિયાદ લેતી નથી. આ જમાલપુરની છોકરી જતી રહી. જેના ૪ મહિના થઇ ગયા. એની ફરિયાદ લીધી નથી. તો દરેક કિસ્સામાં એની સમાનતા હોવી જોઇએ. જેથી લોકોને ઇન્સાફ મળી શકે. વધુ નહિ કહેતા આ બિલનો હું વિરોધ કરું છું. આ બિલ હું મંજૂર કરતો નથી. આ બિલની કોપી હું ફાડું છું.

( આ તબક્કે સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા દ્વારા કોપી ફાડતા )

અધ્યક્ષશ્રી : આવું પ્રદર્શન ગૃહમાં ન કરી શકાય.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની આપણી જોગવાઇ છે. એ સંમત થાય, સંમત ન થાય, વિચારો વ્યક્ત કરે, પણ આ રીતે બિલ ફાડી નાખવું એ ગૃહનું અપમાન છે. ગૃહના અપમાન બદલ એમને ઠપકો આપવો જોઇએ.

અધ્યક્ષશ્રી : ઊભા રહો એક મિનિટ. (અંતરાય)ઇમરાનભાઇ, મંત્રીશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય) આપે બેસીને સાંભળવું પડશે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી દ્વારા બિલની કોપી ફાડવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ સન્માનનીય સભાગૃહની અંદર આવતા સરકારી વિધેયક, બિન સરકારી વિધેયક, જુદા જુદા વિભાગોની માગણીને આપના દ્વારા, આપની અનુમતિ પછી જ સન્માનનીય સભાગૃહની અંદર તમામ સભ્યોને આપવામાં આવે છે. આજે આ સન્માનનીય સભાગૃહની અંદર ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમના સુધારાના સંદર્ભમાં જે અમે લાવ્યા હતા. એના સંદર્ભમાં જે કોંગ્રેસના ધારાસભ્યશ્રીએ કોંગ્રસની માનસિકતા જેમાં છતી કરી અને આ પ્રકારનું બિલ આ વિધાનસભાના ફ્લોરમાં આપની સમક્ષ મેં અનેક વખત મારા ઓબ્જેક્ટસમાં કહ્યું છે કે છળકપટ કરીને અમારી દીકરીઓ સાથે જે અત્યાચાર કરે છે. આત્મહત્યાઓ કરવી પડે છે. તેની સામેનું આ બિલ છે. અમારી લાગણી જોડાયેલી છે. આ બિલ ફાડીને અમારી લાગણીને ઠેંસ પહોંચાડી છે. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આવું કરવાવાળા લોકોની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. નહીં તો આગામી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દિવસોમાં આ સન્માનનીય સભાગૃહમાં જ્યારે પણ કોઇ પણ પ્રકારના આવા કાયદા લાવવામાં આવશે ત્યારે આ પ્રકારનું વર્તન કરીને કેટલાય લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આપ ઠપકાની સાથે કડકમાં કડક કાર્યવાહી કરો એવી આપની પાસે અપેક્ષા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીની વાતમાં હું ઉમેરો કરું છું. આપણે બધા જાણીએ જ છીએ કે ઘણા લોકો કદાચ મારા શબ્દો નહીં સ્વીકારે, પણ હું પહેલેથી જ માફી માગીને કહું છું કે, પોતાનું નામ મીડિયામાં આવે, ટીવીમાં આવે, છાપામાં આવે કે ફલાણા ભાઇએ બિલ ફાડી નાંખ્યું એવી પબ્લિસીટી મળે માટે આવું કૃત્ય કર્યું. મારી આપને વિનંતી છે, હું કદી નથી કહેતો પણ પહેલીવાર કહું છું કે, આપ મીડિયાને પણ સૂચના આપો કે આ બિલ ફાડ્યું છે એવું કોઇ ટીવીમાં, કોઇ દૈનિક પત્રમાં કે કોઇ પણ રીતે એની પબ્લિસિટી પ્રસિદ્ધિ ના કરે અને આ વાત આ ગૃહ પૂરતી જ રહે જેથી જે બદઇરાદાથી પબ્લિસીટી મેળવવા માટે માનનીય ઇમરાનભાઇએ આ બિલ ફાડ્યું છે એનો એમને લાભ ન મળે એવી મીડિયાને મારી વિનંતી છે અને મારી આપને પણ વિનંતી છે કે, આપ કડક સૂચના આપો કે આ વાત કોઇ પણ રીતે મીડિયામાં પ્રસિદ્ધ ન થાય જેથી ભવિષ્યમાં કોઇ આવું ન કરે. નહીં તો માનનીય પ્રદિપસિંહજીએ જે કહ્યું તેમ આ પદ્ધતિ થઇ જશે અને ફાડીને નાંખી દેશે એટલે આખા ગુજરાતમાં પોતે પબ્લિસિટી મેળવશે એવું ન થાય અને સન્માનનીય ગૃહનું સન્માન જળવાય એવું કરવા મારી આપને વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહનો ગૌરવવંતો ઇતિહાસ રહ્યો છે. ગઇ કાલે વિરોધ પક્ષની પાટલીએ બેસનારા ભારતીય જનતા પાર્ટીના મિત્રો કદાચ માનનીય નીતિનભાઇ અને બાપુ એના સાક્ષી પણ હશે. આ ચેર શોભાવનારા પૂર્વ અધ્યક્ષ અને આ ગૃહના પૂર્વ સભ્ય અને આપણે સૌ જેને આદરભાવથી જોઇએ છીએ એવા સ્વ. અશોકભાઇ ભટ્ટ કે જેમણે આ ગૃહમાં વારંવાર પ્રતિકાત્મક વિરોધની આક્રમકતા દર્શાવવા કેટલીય વખત બિલની હોળી કરી, બિલ ફાડ્યા, ક્યારેક ટ્રેઝરી બેચ ઉપર જઇને ડૂચાના ઘા પણ કર્યા હતા. મારી માનનીય નીતિનભાઇ અને માનનીય પ્રદિપસિંહભાઇને વિનંતી છે કે, તમે કરોડો યુવાનોના દિલને ફાડો તો વાંધો નહીં, કોઇ માણસ એના રોષની આક્રમકતા વ્યક્ત કરવા માટે એક કાગળનો ટૂકડો ફાડે તો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હજુ આ બિલ પસાર નથી થયું, આ મુસદ્દો છે, આ બિલ પસાર થયું નથી. હજુ એને કાયદાનું રૂપ મળ્યું નથી, ત્યારે અત્યારે જે પ્રસ્તાવના છે એ મુસદ્દો છે એટલે કાયદો ગણી શકાય નહીં. મારે આપના મારફત ટ્રેઝરી બેંચને વિનંતી કરવી છે કે, આ ગૃહ સમક્ષ દરખાસ્ત લાવે, માનનીય ઇમરાનભાઇ અને અમે જે વ્યક્તિગત રીતે ટીકા–ટિપ્પણીઓ થતી હતી એ સાંભળતા હતા. કારણ કે એ ભારતીય જનતા પાર્ટીની વૈચારીક માનસિકતા છે, એ એમનો મત હોઇ શકે અમારો નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફત વિનંતી છે કે, દરેક સભ્ય સારી રીતે પોતાની વાત રજૂ કરે, આ ગૃહની ચર્ચા તંદુરસ્ત રીતે થાય એવું બધા જ ઇચ્છતા હોય છે, પણ માનનીય નીતિનભાઇ જેવા વરીષ્ઠ આગેવાન, નાયબ મુખ્યમંત્રી, સંસદીય બાબતોના ખૂબ જાણકાર આ વિધાનસભા ગૃહમાં ભૂતકાળમાં બિલ ફાડવાના કેટલાય બનાવોના સાક્ષી પણ બન્યા હશે. માનનીય ઇમરાનભાઇ સામે દરખાસ્ત તો લાવ્યા પણ આ વિધાનસભા ગૃહની કાર્યવાહી આપનો અબાધિત અધિકાર છે અને અમે સન્માન કરીએ છીએ પણ અહીંયા બેસીને પત્રકાર ગેલેરીને ઇનડાયરેકટ ધમકી આપવી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : ધમકીની વાત નથી, આમાં ધમકીની કોઇ વાત નથી. એ પણ એમણે સંસદીય રીતે એક રિક્વેસ્ટ કરી છે એટલે આપણે એને ધમકીની રીતે ન જોઇએ, આ ધમકી ન કહેવાય. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : સત્તા ઉપર નિયંત્રણ લાવવા માટે મીડિયાને સ્વતંત્રતા આપવામાં આવી છે. *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ બધા શબ્દો કાઢી નાખવામાં આવે છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : *(xxx)

અધ્યક્ષશ્રી : આ બધા શબ્દો કાઢી નાખવામાં આવે છે. પ્લીઝ, હવે ઘણું થયું. માનનીય પરેશભાઇ, માનનીય પરેશભાઇ આપ મર્યાદાની બહાર ના જાઓ, તમે પણ રિક્વેસ્ટ કરી શકો છો. પણ તમે મીડિયાને ડરાવો અને એવું બધું કહો એ વાતો યોગ્ય નથી. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : આપે નિર્ણય કરવો જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઇપણ સન્માનનીય ધારાસભ્યશ્રી હાઉસમાં બોલતા હોય એ પોતાની લાગણી, પોતાના સમાજની લાગણી, *(xxx) એ લાગણી જ્યારે કોઇ વ્યક્ત કરતું હોય અને સિનિયર મંત્રી તરીકે જ્યારે શ્રી નીતિનભાઇ એમ કહે કે પોતાની પબ્લિસિટી માટે કરે છે. તમે આ બિલ શેના માટે લાવ્યા છો? તમે *(xxx) દર વખતે કોંગ્રેસના ધારાસભ્યોને શ્રી નીતિનભાઇ ટાર્ગેટ કરે છે. અમે ચૂપ રહીએ એનો મતલબ એવો નથી કે (અંતરાય) તો તમે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ પબ્લિસિટીની વાત કેમ કરો છો? સભ્યને અધિકાર છે. શ્રી નીતિનભાઇ કેવી રીતે દબાવી શકે? આપ અધ્યક્ષ તરીકે નિર્ણય કરો.

અધ્યક્ષશ્રી : એમણે રજૂઆત કરી છે. આપ આપની રજૂઆત કરો..

શ્રી શૈલેષ મ. પરમાર : દરેક ધારાસભ્યને અધિકાર છે અને અધિકાર તરીકે આ હાઉસની અંદર પોતાનો અવાજ રજૂ કરી શકે. આ હાઉસની અંદર એ પોતાનો અવાજ રજૂ કરી રહ્યા છે. એમાં ખોટું શું કર્યું છે? તમે બિલ રજૂ કરતાં પહેલાં પ્રેસમાં જઇ આવો એ શું હતું? બિલ હજી હાઉસમાં રજૂ થયું નથી, હાઉસના ફ્લોર ઉપર આવ્યું નથી અને મીડિયા સમક્ષ આ બિલની ચર્ચા થતી હોય. અમારા ધારાસભ્ય બોલે છે એને પબ્લિસિટી કહો છો? ડબલ સ્ટાન્ડર્ડ વાત કરો છો. માનનીય અધ્યક્ષશ્રી, આવું નહિ ચાલે.

અધ્યક્ષશ્રી : બબ્બે નેતાઓએ કહી દીધું, બધાએ બોલવાની જરૂર નથી. પ્લીઝ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : એક મિનિટ તો મને તક આપો.

અધ્યક્ષશ્રી : ના, પ્લીઝ, આમાં તક આપવાની જરૂર નથી. પ્લીઝ, સમય પણ નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : બે મિનિટ તમારે સમય આપવો પડશે, આ મહત્ત્વની બાબત છે. એક મિનિટથી વધારે નહિ બોલું.

અધ્યક્ષશ્રી : બોલો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી ઠપકો આપવાની દરખાસ્ત લઇને આવ્યા છે એમાં શ્રી નીતિનભાઇએ પણ વાત કરી છે. હું આ ગૃહમાં ત્રીજી વખત ચૂંટાયો છું. પાર્લામેન્ટમાં પણ સભ્ય હતો. પાર્લામેન્ટમાં રૂપિયાની છોળો ઉડાડી છે. (અંતરાય) છતાં પણ ઠપકો આપ્યો નથી અને એ પૈસા પાર્લામેન્ટમાં લાવનાર ભારતીય જનતા પાર્ટીના સભ્યો હતા શ્રી નીતિનભાઇ, (અંતરાય)એ વાતો હરગીઝ ચલાવી લેવામાં નહિ આવે.

અધ્યક્ષશ્રી : હજી કોઇને કંઇ કહેવું છે?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી ગૃહના તમામ સભ્યોને વિનંતી કરવાની છે કે આ આખું જે વિધેયક લઇને આવ્યા છે એ સમગ્ર ઘટનામાં જે ષડયંત્ર થાય છે. કોઇ ચોક્કસ સંસ્થા, ચોક્કસ યુવાનોને ઉત્સાહિત કરીને, ચોક્કસ પ્રકારના ધર્મની છોકરીને ટાર્ગેટ કરીને, ચોક્કસ પ્રકારે એના સમાજની સંખ્યા, એના ધર્મની સંખ્યા વધારવા માટે જે ષડયંત્ર ચાલે છે જેને દારુલ-ઇસ્લામ કહેવાય છે. જે આવા તત્ત્વો છે એની સામેની લડાઇ છે તો આમાં બીજી કંઇ બાબત આવી? એટલે આના પરિપ્રેક્ષ્યની બહાર કોઇ બોલે નહિ એવી મારી વિનંતી છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૧૫, સન ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક લઇને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : સભાગૃહની આજની પ્રથમ બેઠક પૂરી થાય છે. સભાગૃહની બીજી બેઠક ૩-૩૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨-૩૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

# ગુજરાત વિધાનસભા

## ગુરુવાર, તા. ૧લી એપ્રિલ, ૨૦૨૧

## ચૈત્ર ૧૧, ૧૯૪૩ શાકે

## બીજી બેઠક

## સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.

## માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### કોરોનાના બોગસ રીપોર્ટ ઇસ્યુ કરનાર લેબોરેટરી સામે ફરિયાદ

* ૩૯૫૫૮ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના ટેસ્ટ કર્યા વિના બોગસ રીપોર્ટ ઇસ્યુ કરનાર કેટલી ખાનગી લેબોરેટરી સામેની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી, અને | (૧) બે ખાનગી લેબોરેટરી સામે ફરિયાદ રાજ્ય સરકારને મળેલ છે. |
| (૨) મળેલ ફરિયાદ અન્વયે કઇ-કઇ ખાનગી લેબોરેટરી સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૨) મળેલ ફરિયાદ અન્વયે તેજસ લેબોરેટરી અને હેમજ્યોત લેબોરેટરી, સુરતને આરોગ્ય અધિકારીશ્રી દ્વારા નોટીસ પાઠવવામાં આવેલ તથા તપાસ કમિટીનાં અહેવાલ મુજબ બીજી સૂચના ન મળે ત્યાં સુધી બંને લેબોરેટરીઓને બંધ કરવામાં આવેલ. |

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઠેર ઠેર ખાનગી લેબોરેટરીઓ દ્વારા કોરોના કાળમાં ટેસ્ટ કર્યા સિવાય રિપોર્ટ ઊંચા નાણાં લઇને કરી આપવામાં આવે છે ? મારો બીજો પ્રશ્ન એ છે કે, બે ખાનગી લેબોરેટરી સામે તપાસ કમિટીના અહેવાલ મુજબ બન્ને લેબોરેટરીને બંધ કરવામાં આવેલ છે તો તપાસ કમિટીનો અહેવાલ શું છે? અને આવી લેબોરેટરીના સંચાલકો સામે સરકાર દ્વારા શિક્ષાત્મક પગલાં લેવા સરકારશ્રીએ કાર્યવાહી કરી છે? અને આવી લેબોરેટરીને કાયમી ધોરણે બંધ કરવા માટે સરકારે શું પગલાં લીધાં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની તપાસ કરવા માટે રાજય સરકાર દ્વારા શરૂઆતમાં રાજય સરકારની લેબોરેટરીઓને મંજૂરી આપવામાં આવી. ભારત સરકારે જે રીતે મંજૂરી આપી તે પ્રમાણે તબક્કાવાર ખાનગી લેબોટરીઓને પણ મંજૂરી આપવામાં આવી એટલે એ પ્રમાણે સુરત ખાતે બે લેબોરેટરીઓને સેમ્પલ લઇને ટેસ્ટીંગ કરવા માટેની મંજૂરી આપવામાં આવી હતી. આ દરમિયાન સુરતના એક દૈનિક પત્રમાં એવા સમાચાર છપાવ્યા કે આ લેબોરેટરીઓ ખોટા ટેસ્ટ કરે છે, ખોટા રિપોર્ટ આપે છે અને ટેસ્ટ કર્યા સિવાય રિપોર્ટ આપી દે છે એટલે તાત્કાલિક અમારા આરોગ્ય વિભાગ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઇ સુરતના અમારા ધારાસભ્યશ્રીઓએ રજૂઆત પણ કરી તેને ધ્યાનમાં રાખી અને અમે કમિશનર દ્વારા એક કમિટી બનાવી અને એ કમિટીમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની જે સ્વિમેર હોસ્પિટલ છે તેના પેથોલોજી, એક ઇન્ડિયન મેડિકલ એસોસિએશન સુરતના એક સભ્ય અને પેથોલોજીસ્ટ એસોસિએશનના એક સભ્ય એમ કુલ-૩ તજજ્ઞ નિષ્ણાતોની કમિટી બનાવી અને આ કમિટીને આખી બાબતની તપાસ કરી અને સરકારને અહેવાલ આપવાની સૂચના આપવામાં આવી, કામગીરી સોંપવામાં આવી. તે દરમિયાન બન્ને લેબોરેટરીઓને તપાસ અહેવાલમાં સાચું શું, ખોટું શું તે બહાર આવે તે પહેલાં અગમચેતીના પગલાંરૂપે બન્ને લેબોરેટરીનું કામકાજ અમે જે તે વખતે બંધ કરાવ્યું. તપાસ દરમિયાન જે તજજ્ઞોની કમિટી હતી તેમણે લેબોરેટરીના સંચાલકો, રેપિડ ટેસ્ટ જેમણે ઉપલબ્ધ કરાવ્યો હતો એ સંસ્થા, એ તેજસ લેબોરેટરી નામની લેબોરેટરી ઉપર આક્ષેપ થયો હતો તેના સંચાલકો એ બધાની સાથે આખી તપાસ કમિટીએ જે ચર્ચા કરી, વિગતો મેળવી, માહિતી મેળવી, અભ્યાસ કર્યો તે પ્રમાણે તેજસ લેબોરેટરીને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલ ખાતેથી ૨૫ રેપિડ એન્ટીજન ટેસ્ટ જે આપવામાં આવેલા તેમાં ૯ ટેસ્ટ થયા હતા અને બાકીના ૧૬ ટેસ્ટનું મટીરીયલ વણ વપરાયેલું હતું. એ જ રીતે બીજી જે હેમજયોત લેબોરેટરી તેને ૧૫૦ કીટ ફાળવી આપવામાં આવેલી. તેમાંથી ફક્ત ૩ કીટનો જ વપરાશ થયેલો અને ૧૪૭ કીટ વપરાયા વગરની લેબોરેટરીમાં જ ઉપલબ્ધ હતી. આ બન્ને લેબોરેટરીએ જે થોડા ટેસ્ટ કર્યા એકે ૯ ટેસ્ટ કર્યા અને એકે ૩ ટેસ્ટ કર્યા. એ ટેસ્ટના જે દર્દીઓના રીપોર્ટ આવ્યા એ નેગેટિવ આવ્યા. આ બંને લેબોરેટરીમાં જે જથ્થાબંધ ટેસ્ટ થયા છે અને ખોટા સર્ટિફિકેટ ઇસ્યુ કરવામાં આવ્યા છે એ બાબતે આ જે ટેસ્ટની કિટ કોર્પોરેશન તરફથી આપવામાં આવેલી એના આધારે પૂરવાર થતું નથી. ફક્ત ૯ અને ૩ એમ કુલ-૧૨ જેટલાં ટેસ્ટ થયા છે. બાકીની બધી કિટ યથાવત્ લેબોરેટરી ખાતે માલૂમ પડી છે. જે ટેસ્ટ કરવામાં આવે એમાં પણ આધારકાર્ડના પુરાવા છે. નાગરિકોએ જે રકમ ભરી છે એની પૈસાની રસીદ પણ મળી આવી છે

અને ઉપલબ્ધ છે. દર્દીના રીપોર્ટ પણ સામેલ છે. આમ, બધી તપાસ કરતાં આ કમિટી એવા તારણ ઉપર આવી છે કે કોઈ પણ પ્રકારની ગેરરીતિ થઈ હોય એવું જણાતું નથી. આ બંને લેબોરેટરી ફરી કાર્યરત કરવાની ભલામણ કરવામાં આવી છે. આ અંગેનો રીપોર્ટ કમિટીએ રાજ્ય સરકારને મોકલી આપેલ છે. કારણ કે સદર બાબત કમિશનરશ્રી દ્વારા તપાસ કરવામાં આવેલ હોવાથી લેબોરેટરી ચાલુ કરવા માટે અત્યારે કોઈ પરવાનગી આપવામાં આવી નથી. કમિટીનો અહેવાલ ગેરરીતિ થયા અંગે નકારે છે પણ અત્યારે બંને લેબોરેટરી બંધ છે. એનું કામકાજ આપણે સ્થગિત કરેલું છે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના સમયગાળામાં જે રીતે કામગીરી થઈ, માનનીય નીતિનભાઈ અને આદરણીય વિજયભાઈના નેતૃત્વમાં જે રીતે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે હાઈપાવર કમિટીનું દરરોજ મિટિંગ કરીને આયોજન કર્યું અને કોરોનાથી બચવા માટે જે સેવાઓ આપી તેની WH O અને વિદેશના લોકોએ પણ સરાહના કરી છે. કચ્છ જેવા દુર્ગમ વિસ્તારમાં પણ તાત્કાલિક ધોરણે ભુજ સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરી ખોલવામાં આવી. કોરોનાની ચકાસણી લેબોરેટરી ટેસ્ટ ઉપરથી જ એની સારવારનું પ્લાનિંગ થાય છે. જેટલી જલ્દી લેબોરેટરી ટેસ્ટિંગ કરાવીએ એટલી જલ્દી તેનું નિદાન થાય છે. મારે આપના માધ્યમથી એ જાણવું છે કે રાજ્યમાં કુલ કેટલી સરકારી લેબોરેટરી છે? અને આ લેબોરેટરીમાં અત્યાર સુધીમાં કેટલાં ટેસ્ટ થયા છે? વિવિધ સ્થળોએ ધન્વતરીના લીધે અને કેમ્પ કરીને લોકોને ટેસ્ટ કરવા માટે ભટકવું ન પડે એટલે અનેક સુવિધાઓ પ્રાપ્ત કરી આપી. રાજ્યમાં અત્યાર સુધીમાં કેટલા ટેસ્ટ થયા અને કેટલી હોસ્પિટલોમાં લેબોરેટરી આપી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીમાબેન પોતે ડૉક્ટર છે અને આપણે ગૃહમાં બેઠેલા સૌ સભ્યશ્રીઓ એક વર્ષના અનુભવ ઉપરથી જાણી ચૂક્યા છીએ કે, કોરોનાનો ટેસ્ટ કર્યા પછી જ ખબર પડે કે દર્દી પોઝિટીવ છે કે નેગેટિવ છે? રીપોર્ટના આધારે જ દર્દીની સારવાર હોસ્પિટલમાં કરવામાં આવે છે. સન્માનનીય ગૃહને એક વિગત જણાવવાની ઈચ્છા થાય છે કે જ્યારે કોરોના શરૂ થયો ત્યારે આપણા ગુજરાત રાજ્યમાં કોરોના ટેસ્ટની સુવિધા ધરાવતી એક પણ લેબોરેટરી ન હતી. શરૂઆતના તબક્કામાં જે ટેસ્ટ કરવા પડતા હતાં એ આપણે ભારત સરકારની પુનાની લેબોરેટરીમાં મોકલવા પડતા હતાં. ત્યાર પછી આપણી અમદાવાદની બી. જે. મૅડિકલ કૉલેજની લેબોરેટરી અને જામનગરની હોસ્પિટલમાં સાધન સુવિધા કરી મશીન વસાવ્યા, તબક્કાવાર બધી હોસ્પિટલ અને સરકારી મૅડિકલ કૉલેજોમાં, આપણી સોસાયટીમાં મૅડિકલ કૉલેજોમાં મશીન વસાવ્યા એમ કરીને અત્યારે સરકારની કુલ ૪૫ જેટલી લેબોરેટરી સરકારની માલિકીની છે. એમાં ગુજરાતના કોઈ પણ દર્દીનો ટેસ્ટ આપણે વિનામૂલ્યે કરીએ છીએ. વિનામૂલ્યે ટેસ્ટ કરવાનો ખર્ચ શરૂઆતમાં કિટ બહુ મોંઘી હોવાના કારણે લગભગ બે હજાર જેટલો થતો હતો. જેમ જેમ વપરાશ, ઉત્પાદન અને સપ્લાયરો વધતા ગયા એમ ટેસ્ટની કિંમત પણ ઘટતી ગઈ. ભારત સરકારના તજજ્ઞોની કમિટી લેબોરેટરી જે મશીન વસાવે, એની પાસે જે પેથોલોજીસ્ટ અને નિષ્ણાતો હોય એની પણ ચકાસણી કરે અને ખાનગી લેબોરેટરીને પણ આ સેમ્પલ ટેસ્ટ કરવાની મંજૂરી આપે. એની ભારત સરકારની તજજ્ઞોની કમિટી ચકાસણી કરે અને ખાનગી લેબોરેટરીને પણ આ સેમ્પલ ટેસ્ટ કરવાની મંજૂરી આપે એ પ્રમાણે જે મંજૂરી આપી લગભગ આજે ગુજરાતમાં ૯૫ કરતાં વધુ લેબોરેટરીઓ આ ટેસ્ટીંગ કરે છે. માનનીય નીમાબેને જે પ્રશ્ન પુછયો સાહેબ, ખાનગી, ના બધી થઇ ને લગભગ ૯૫, કારણ કે દર મહિને આઇ.સી.એમ.આર.એ. દ્વારા બબ્બે, ત્રણ–ત્રણ લેબોરેટરી જે સાધનો વસાવે, નિષ્ણાતો રાખે પેથોલોજીસ્ટ હોય એને છૂટક છૂટક પણ મહિને, અઠવાડિયે બબ્બે, પાંચ પાંચની મંજૂરી આપે જાય, હમણાં ગયા અઠવાડિયે બે લેબોરેટરીને ભારત સરકારે મંજૂરી આપી તો પણ આપણે એને મંજૂરી આપી. લેબોરેટરી વધી ગઇ એનો ફાયદો પ્રજાને થયો. એના જે ચાર્જ હતા એ ચાર્જ પણ અમે મુખ્યમંત્રીશ્રી કક્ષાએ અમારી જે કોરગ્રુપ થાય એમાં નેગોશિયેશન કરી અને ખાનગી લેબોરેટરીના ભાવ પણ અમે ઘટાડ્યા અને આ બધુ કરતાં કરતાં આ ૪૫ આપણી જે સરકારી લેબોરેટરી છે જેના અંગે માનનીય નીમાબેને પ્રશ્ન પુછયો છે. સાહેબ, ૧ કરોડ એંશી લાખ, સોરી, ૧ કરોડ ૮૦ લાખ ૮૨ હજાર જેવા, ૧૮ લાખ ૮૨ હજાર, ૧૮ લાખ આઠ હજાર બસ્સો સિત્તોતેર, નાના અક્ષરે લખ્યું છે એટલે થોડુ દેખાતું નથી, સોરી, ૧૮ હજાર, ૮ હજાર બસ્સો સિત્તોતેર સેમ્પલો આપણે વિનામૂલ્યે લોકોના ટેસ્ટ કર્યા. એ સિવાય આના જે એન્ટીજન ટેસ્ટ આપણે કરીએ અને આરટીપીસીઆર ટેસ્ટ કરીએ બંને અલગ છે. અત્યારે આપણે બધા શહેરમાં ગમે ત્યાં જઇએ, ગામડામાં જઇએ, તાલુકામાં જઇએ એન્ટીજન ટેસ્ટ કરવા માટે કોર્પોરેશનો, નગરપાલિકાઓ, આરોગ્ય વિભાગ તરફથી તંબુઓ નાખી, કેમ્પ કરી અને સવારે આઠ વાગ્યાથી ચાલુ થાય, કોઇપણ નાગરિક આવે એન્ટીજન ટેસ્ટ ઊભા ઊભા, રેપીડેકસન ટેસ્ટ ઊભા ઊભા કરાવી જાય છે અને જેને ત્યાં કોઇ લક્ષણ માલૂમ પડે એને તરત જ આપણી ટ્રિટમેન્ટ ડોકટરોની સલાહ મુજબ ચાલુ કરીએ છીએ. એટલે લેબોરેટરી ટેસ્ટથી રાજયને ઘણો ફાયદો થયો છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ,

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે મારા ગીર સોમનાથ જિલ્લામાં સોમનાથ–૯૦ વિધાનસભા આવેલી છે અને વેરાવળની મુખ્ય સિવિલ હોસ્પિટલ છે જે ગીર સોમનાથની છે. આ કોરોનાની મહામારી છે એ સમયે સિટિ સ્કેનનો બહુ જ ઉપયોગ થતો હોય છે ત્યારે હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું કે, વેરાવળની સિવિલ હોસ્પિટલમાં સિટિ સ્કેન મશીન આપવા માગો છો કે કેમ?

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન આમાંથી ઉદ્ભવતો નથી, છતાં માનનીય સભ્યશ્રીની જાણકારી માટે હું કહું કે આપણે વેરાવળની સરકારી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓના ૩૫૧૨ ટેસ્ટ લેબોરેટરી ટેસ્ટ આરટીપીસીઆર ટેસ્ટ કર્યા છે. એ વાત પણ સાચી છે બધા સભ્યશ્રીઓ પણ જાણે છે કે કેટલાક ડોકટરો આ બંને ટેસ્ટ સિવાય છાતીનો, ચેસ્ટનો, સિટિ સ્કેન કરાવી ફેફસાંની શું સ્થિતિ છે, એ જાણવા માટે પણ ફિઝીશીયન તરફથી નાગરિકોને સિટિ સ્કેન કરાવવા માટેની ભલામણ કરવામાં આવતી હતી. જયાં જયાં આપણા સરકારના સિટિ સ્કેન મશીનો ઉપલબ્ધ છે ત્યાં બધાને આપણા આ સિટિ સ્કેન ટેસ્ટ કરી આપતા હતા એટલે સિટિ સ્કેન ટેસ્ટ સાથે આ રેપીડ અથવા આરટીપીસીઆર ટેસ્ટ એ બંનેનો સમન્વય કરી અને દર્દીને કોરોનાની સ્થિતિ કેટલી છે, કયા પ્રકારના ગંભીર લક્ષણો ધરાવે છે કે હળવા લક્ષણો ધરાવે છે, હોસ્પિટલમાં દાખલ કરવા લાયક છે કે હોમ કવોરન્ટાઇન કરી ઘરે જ સારવાર લઇ શકે એવી સ્થિતિમાં છે, ઓકિસજન લઇ શકે એવી સારી સ્થિતિમાં ફેફસાં કામ કરે છે કે કેમ? એ બધુ આ ત્રણ ટેસ્ટથી થતું હતું એટલે સિટિ સ્કેન પણ જયાં ઉપલબ્ધ હતા અને છે, ત્યાં આપણે એનો છૂટથી ઉપયોગ કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–ર માનનીય ધનજીભાઇ.

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

* ૩૮૩૫૫ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૬૬ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫૨ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૫,૨૦,૦૦૦/– |

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, કુંવરબાઇનું મામેરુ યોજના હેઠળ સહાય આપવાનો હેતું શું છે? તેમજ આ યોજના કયારથી શરૂ કરવામાં આવી? આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના વ્યકિતઓને એમની દિકરીના લગ્ન પ્રસંગે એક આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુ માટે આ કુંવરબાઇનું મામેરૂ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાનો શુભારંભ વર્ષ ૧૯૯૫થી કરવામાં આવ્યો. આ યોજના હેઠળ લાભાર્થીને ૧૦ હજાર રૂપિયાની સહાય ચૂકવામાં આવે છે. વર્તમાન સત્રથી અને આજથી જ નવા નાણાકીય વર્ષથી એમાં ર હજાર રૂપિયાનો વધારો પણ કરવામાં આવ્યો છે એટલે આ ૧૦ હજાર રૂપિયાની સહાય હવેથી ૧૨ હજાર રૂપિયાની સહાય મળશે. અગાઉ કુટુંબની એક જ દિકરીને આ સહાય આપવામાં આવતી હતી, પરંતુ તા.૨૮/૦૭/૨૦૧૪ના ઠરાવથી પરિવારની બે દિકરીઓને આ સહાય આપવામાં આવે છે.

શ્રી કિરીટસિંહ રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કુંવરબાઇનું મામેરૂ યોજનામાં સહાય મેળવવા માટેના માપદંડો કયા કયા છે, અરજી સાથે કયા પુરાવા રજૂ કરવાના હોય છે અને અરજી કરવાની કાર્ય પદ્ધતિ શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં સહાય મેળવવા માટેના માપદંડોની વાત કરું તો યુવક અને યુવતી પુખ્ત વયના હોવા જોઇએ. યુવતીની ઉંમર ૧૮ વર્ષ પૂરી અને યુવકની ઉંમર ૨૧ વર્ષ પૂર્ણ હોવા જોઇએ. મેં અગાઉ કહ્યું તેમ એક કુટુંબમાં બે દિકરી સુધી આ લગ્ન સમયે આ લાભ આપવામાં આવે છે. શહેરી વિસ્તારમાં તેની આવક મર્યાદા રૂ.૧ લાખ અને ૫૦ હજાર સુધીની છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં તેની આવક મર્યાદા રૂ.૧ લાખ અને ૨૦ હજાર સુધીની છે. લગ્ન થયાના બે વર્ષના સમય ગાળામાં સહાય મેળવવા માટે અરજી કરવામાં આવે છે.

એની સાથેના પુરાવાની વાત કરીએ તો સક્ષમ અધિકારીશ્રીનો આવક, જાતિનો દાખલો, ઉંમર અંગેના પુરાવા, બેંક પાસ બુકની પ્રથમ પાનાની નકલ જેને લીધે આપણે ડાયરેકટ બેનિફીટ ટ્રાન્સફર હેઠળ અરજદારને લાભ આપી શકીએ. લગ્ન રજિસ્ટ્રેશનનું પ્રમાણ પત્ર અને રેશનકાર્ડની ઝેરોક્ષ પણ આની સાથે જોડવામાં આવે છે. એની કાર્ય પદ્ધતિની વાત કરું તો લાભાર્થીના લગ્ન થયાના બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનામાં આપણે ઓનલાઇન ઇ–સમાજ પોર્ટલ ઉપર એની અરજી કરવાની રહે છે. અનુસૂચિત જાતિના લાભાર્થીએ શહેરી વિસ્તારમાં નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ અને ગ્રામ્ય વિસ્તારમાં સમાજ કલ્યાણ અધિકારી જિલ્લા પંચાયતને અરજી કરવાની રહે છે. સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા એની સ્થળ ચકાસણી કરી તેઓના અભિપ્રાયની સાથે અનુસૂચિત જાતિના શહેરી વિસ્તારના લાભાર્થીઓની અરજી નાયબ નિયામક અને ગ્રામ્ય વિસ્તારના અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ, જિલ્લા પંચાયતને મોકલવામાં આવે છે. જિલ્લા

કક્ષાએ અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને ડી.બી.ટી મારફતે એને રૂ.૧૦ હજારની સહાય ચૂકવામાં આવે છે. મેં અગાઉ કહ્યું તેમ આ વર્ષથી ૨ હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુંવરબાઇ મામેરૂ સહાય યોજનાની અંદર વ્યક્તિગત દિકરીઓને ૧૨ હજાર રૂપિયાનો લાભ આપવામાં આવે છે તે માટે અભિનંદન અને આભાર. આની સાથે સાથે જે સંસ્થાઓ લગ્ન સ્વૈચ્છિક સંસ્થાઓ હોય એ પોતે પ્રેરિત રીતે સમૂહ લગ્નો કરાવતી હોય છે તો આવી સંસ્થાઓને રાજય સરકાર મારફતે કોઇ એવોર્ડની રકમ આપવામાં આવે છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમૂહ લગ્નમાં વધુમાં વધુ ૫૦ હજાર રૂપિયા આયોજકોને અને યુગલ દીઠ ૨ હજાર રૂપિયાની સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં ચારમાર્ગીય રસ્તાના આર.સી.સી. કામો**

* ૩૯૪૫૧ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં (૧) રતનપુર–આંબાઘાંટા–સતલાસણા, (૨) અંબાજી–દાંતા અને (૩) અંબાજી–ખેરોજ (સાબરકાંઠા)ના ચારમાર્ગીય રસ્તાઓની કામગીરી તેના એસ્ટીમેટમાં જણાવ્યા મુજબ ન થયાની તથા તે રસ્તાઓમાં કરવાના થતા આર.સી.સી. કામો તેની ડીઝાઇનો પ્રમાણે ન થયાની રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ કસૂરવાર સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ કુલ સાત ફરિયાદ મળેલ છે. જે અંગે તપાસની કાર્યવાહી પ્રગતિમાં છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો ચાર માર્ગીય છે. ખેરોજથી અંબાજી અને આંબાઘાટાથી રતનપુર અને રતનપુરથી અંબાજીનો રસ્તો છે. મંત્રીશ્રીએ મને જણાવ્યું છે કે બે વર્ષની અંદર સાતેક ફરિયાદો મળી છે હજી એની તપાસ ચાલુ છે એમ જણાવ્યું છે ત્યારે હું એ પૂછવા માગું છું કે બે વર્ષથી સાતેક ફરિયાદ મળી હોય એની હજી તપાસ ચાલુ છે તો એ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે અને સાથે સાથે આ ફરિયાદો કયારે કયારે મળી? બીજો પ્રશ્ન એ છે કે આ ફરિયાદો કયારે મળી અને કયારે તપાસ કરાવી? જે એજન્સીએ કામ કર્યું છે અને જે કોન્ટ્રાકટરે કામ કર્યું છે અને જવાબદાર અધિકારીઓ છે એમના સામે કોઇ પગલાં ભરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે આ રસ્તો તૂટવાના આરે છે તો એ ફરીથી કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને તો સૌથી પહેલો આનંદ એ છે કે બે વર્ષ પહેલા અમે બજેટમાં જાહેરાત કરી હતી કે રાજયના જે પવિત્ર યાત્રાધામો આવેલા છે જેવા કે, અંબાજી, ડાકોર, પાવાગઢ, સોમનાથ, દ્વારકા, પાલિતાણા વગેરેને ચાર માર્ગીય રસ્તાથી જોડવામાં આવશે અને એના માટે જંગી રકમનું બજેટ અમારા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવવામાં આવ્યું હતું. એના અન્વયે જે રસ્તાઓના કામો અમે ચાલુ કર્યા એ રસ્તાઓમાં જોઇએ તો ગોઝારીયા–વિસનગર– સતલાસણા– દાંતા અંબાજી રોડ જેની લંબાઇ ૯૧ કિલોમીટર છે એ ૩૨૩ કરોડ રૂપિયાના ખર્ચે. ડાકોર–લાડવેલ રોડ જે ૧૮ કિલોમીટર છે એ ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે, ખેરોજ–અંબાજી રોડ ૨૪ કિલોમીટર છે એના માટે ૨૧૩ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. ડાકોર–સેવલીયા રોડ ૨૨ કિલોમીટર છે એના માટે ૫૭ કરોડ રૂપિયાના ખર્ચે અને તળાજા પાલિતાણા રોડ ૧૭ કિલોમીટર માટે ૩૫ કરોડ ૫૦ લાખ રૂપિયાના ખર્ચે કરવામાં આવેલ હતો આના માટે બજેટમાં મેં જાહેરાત કરી હતી એના કામો લગભગ પૂરા થવા આવ્યા છે. અંબાજીને જોડતા આ જે રસ્તાઓ છે એ આપણે જાણીએ છીએ કે અંબાજી પર્વત ઉપર આવેલું વળાંકોવાળું, ભૂતકાળમાં વારંવાર આંબાઘાટા પાસે ઉપરના વિસ્તારમાં અકસ્માતો થવાના તથા બસો ખીણમાં પડવાના તથા જીપો ઉથલી પડવાના કારણે શ્રદ્ધાળુઓ કે પેસેન્જરો કે ત્યાંના સ્થાનિક આદિવાસીઓના મૃત્યુ થવાના અનેક બનાવો બનતા હતા. એ બધું ટાળવા માટે આ રસ્તાઓનું કામ અમે કરોડો રૂપિયાના ખર્ચે ચાલુ કર્યું હતું અને લગભગ પૂર્ણ પણ થવા આવ્યું હતું. બે રસ્તાઓનું આપણે ઉદ્‌ઘાટન કરીને લોકાર્પણ પણ કરી દીધા છે. માનનીય ધારાસભ્યશ્રી કાંતિભાઇ તરફથી આ સાત ફરિયાદો/રજૂઆતો સરકારને મળી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ એમણે પત્ર લખ્યો છે અને એમની ફરિયાદનું તથ્ય એ છે કે આ કામગીરી નબળી થઇ છે, અમારી કોઇ વાત સાંભળતા નથી. અમારી કોઇ સ્થાનિક સૂચનાનો અમલ કરતા નથી. પરંતુ મારે એમને જણાવવું છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : ગેરરીતિ થઇ છે એમાં તપાસ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તપાસ ચાલુ છે.

## તા. ૧લી એપ્રિલ ૨૦૨૧
## તારાંકિત પ્રશ્નો

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે ચિંતા હતી એ માનનીય નીતિનભાઇએ વાત કરી કે ખેરોજથી અંબાજી અને અંબાજીથી દાંતા એ રસ્તા પહાડી અને વધારે વળાંકવાળા છે એટલે અહીંયા વારંવાર અકસ્માત થાય છે એવા સંજોગોમાં એની ડિઝાઇન બદલો, સામેનું સાધન આપણને દેખાવું જોઇએ એ ઘણી વખત દેખાતું નથી અને એવા વળાંક મૂકયા છે કે જેથી વારે ઘડીએ અકસ્માત થાય છે. ભલે એ ચાર માર્ગીય છે તો પણ અકસ્માત થાય છે. તો એની ડિઝાઇનમાં થોડો ફેરફાર કરીને અકસ્માત ન થાય એવું કરવા માગો છો કે કેમ? કારણ કે આ યાત્રાધામનું સ્થળ છે અને તેના માટેના રસ્તાઓ છે. આપે ચારમાર્ગીય કરવાનું નક્કી કર્યું છે પણ તેની ડિઝાઇનમાં ફેરફાર કર્યો નથી તેના લીધે અકસ્માત થાય છે. તે રોકવા માટે આપ ડિઝાઇન બદલવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે બહુ પહેલાં આ સિંગલ પટ્ટી રસ્તો હતો. ત્યાર પછી બાજુના થોડા કોતરોને, પર્વતોને કાપીને જ્યાં વળાંક આવતા હતા ત્યાં પહોળો કર્યો. દસેક વર્ષ પહેલાં. શ્રી જોષીયારાજી, આપનો વિસ્તાર છે. આપણને બધાને ખ્યાલ છે કે ત્યાં એક ગંભીર અકસ્માત થયેલો. બસ ઉથલી પડેલી. ઘણાં નિર્દોષ મુસાફરોનું અવસાન થયેલું. એ વખતે જ અમે પુલની પહોળાઇ વધારવાનું, વળાંકોની સુધારણા કરવાનું કામ શરૂ કરેલું. એ પછી આપણે કરોડો રૂપિયાના ખર્ચે ચારમાર્ગીય રસ્તો મંજૂર કર્યો. જે પૂર્ણ પણ થયો છે. હવે જવાની બે લેન અને આવવાની બે લેન. વચ્ચે ડિવાઇડર, સાઇડમાં બીજી ખુલ્લી જગ્યા એ પ્રમાણેની વ્યવસ્થા છે. વળાંકવાળું છે, હિલી એરિયા છે એ આપની વાત સાચી છે છતાં પણ આપે કહ્યું એ પ્રમાણે અમારી પાસે માહિતી આવી. ઇન્સ્પેક્શનમાં પણ ખૂલ્યું. ઉપર વારંવાર જઇએ ત્યારે બધું ચકાસીએ છીએ. અમારા ધ્યાન ઉપર પણ આવ્યું તો આંબાઘાટા–દાંતા રોડ છે તેમાં ૩૪ હોરિઝોન્ટલ કર્વ આવતા હતા. વળાંક આવે એટલે સ્પીડ ઘટાડી દેવી પડતી હતી. ૨૦થી ૨૫ કિલોમીટરની ઝડપે જ વાહન જઇ શકે. એવા તીવ્ર વળાંક જેને આપણે કહી શકીએ. એની સુધારણા વધારાના કામ તરીકે કરાવડાવી અને તેને હવે આપણે વધુ પહોળો કરી ૬૦થી ૮૦ કિલોમીટરની ઝડપે પણ જઇ શકાય એ રીતે એ જ તીવ્ર વળાંકને સુધારણા કરી રોડ પહોળો કર્યો છે. એટલે આંબાઘાટાના આ પ્રશ્નનું આપણે નિરાકરણ કર્યું છે. બીજું, આપે જે કહ્યું, દાંતા–અંબાજી રોડ તેમાં પણ ૪૦ હોરિઝોન્ટલ કર્વ આવતા હતા. તેમાં પણ ૨૦થી ૨૫ કિલોમીટરની ઝડપે જ વાહન જઇ શકે એવા વળાંક આવતા હતા. તેમાં પણ હવે ૬૦ થી ૮૦ કિલોમીટરની ઝડપે વાહન જાય એ સુધારણા કરી અને ત્રીજું, ખેરોજ–અંબાજી રોડ તેમાં પણ ૪૫ આવા વળાંક આવતા હતા એ પણ ૨૦થી ૨૫ કિલોમીટરની ઝડપે જઇ શકાય એવા હતા. તેમાં સુધારણા કરી અને ૬૦થી ૮૦ કિલોમીટરની ઝડપે જવાય. બીજું, ખાસ મારે જણાવવું છે. આપ બધાને પણ અવાર–નવાર અંબાજી જવાનું થતું હશે. ભૂતકાળમાં સિંગલ પટ્ટી અને ડબલ પટ્ટી રોડ હતો. વાહનો સામસામે આવી જાય, અકસ્માત થાય. ત્યાં જીપો બહુ ચાલે છે. આપણે જાણીએ છીએ. તો આ જોખમ હતું. હવે સામસામે આવવાનો પ્રશ્ન જ નથી. ટુ લેન જવાની અને ટુ લેન આવવાની એમ ચાર લેનનો આ આખો રોડ બની ગયો છે. હું એમ કહું કે હવે તો ગાંધીનગરથી શરૂ કરો અને અંબાજી સુધી વાયા હિંમતનગર જાવ, વાયા વિસનગર જાવ કે વાયા પાલનપુર જાવ. આ બધા જ રસ્તા લગભગ થોડી લંબાઇમાં હજુ બાકી છે. બાકીના તમામ ચારમાર્ગીય બની ચૂક્યા છે. ધારાસભ્યશ્રીએ પોતે જ જુદી જુદી તારીખોમાં સાત ફરિયાદ કરી છે. ગુણવત્તા નિયમન તંત્રને આ ફરિયાદની તપાસ સોંપવામાં આવી છે. અહેવાલ આવશે ત્યારે જે યોગ્ય હશે, ફરિયાદ સાચી હશે તો જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી કાંતિભાઇ, આપને પ્રશ્ન પૂછવા દીધા. આપે ચાર સવાલ પૂછ્યા, જવાબ સાંભળવો નથી? માનનીય મંત્રીશ્રી તમારા ચારેય સવાલના જવાબ આપતા હતા.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો વિષય હતો કે સાત ફરિયાદો કરી છે..

અધ્યક્ષશ્રી : એ હવે બધા સમજી ગયા. (અંતરાય) હવે બધો જવાબ આવી ગયો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, કહે છે કે ૮૦ કિલોમીટરની ઝડપે ગાડી જાય પણ નહીં જઇ શકે. કારણ કે છ મીટરના બદલામાં એક–બે મીટર ઘાટી બેસાડી. બાકી ઉપરથી છોલીને છ મીટર પૂરી કરી છે. મારો કહેવાનો વિષય હતો કે તેની સામે તપાસ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : એમણે સાંભળી લીધી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ તમામ યાત્રાધામોની વાત કરી છે ત્યારે હું પુછવા માગું છું કે ચોટીલામાં ચામુંડા માનું જે મંદિર આવેલું છે એ મેઇન રસ્તાથી ચામુંડા માના પગથિયા સુધી રસ્તો બિલકુલ ખરબચડો થઇ ગયો છે. તો વિનંતી છે કે એ રસ્તો કરવા માગો છો કે કેમ?

શ્રી વિજયકુમાર રૂપાણી : (બેઠા બેઠા) એ થઇ ગયો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નથી થયો. અઠવાડિયા પહેલાં જ હું જઇને આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, થઇ ગયો છે. સૌરાષ્ટ્રના મિત્રો નિયમિત જાય છે અને એ લોકો સર્ટિફાઇ કરે છે કે થઇ ગયો એટલે અમે સ્વીકારી લીધું. છતાં પણ હું સૌરાષ્ટ્રના ધારાસભ્યશ્રીઓને અને આખા ગુજરાતના નાગરિકોને કહેવા માગું છું કે, રાજકોટથી ગાંધીનગર છ માર્ગીય રસ્તો બનાવવાનું કામ અત્યારે પુરજોશમાં ચાલે છે. ચોટીલાનો રસ્તો પણ માર્કેટીંગ યાર્ડથી નીકાળીએ છીએ, ચામુંડા માતાજીનું મંદિર આવે છે એને જુદી રીતે જરૂર પડ્યે ત્યાંના સ્થાનિક લોકો સંમત થાય, મુખ્યમંત્રીશ્રી સાથે અમે ચર્ચા કરી છે. જો ત્યાંના નાગરિકો બાયપાસ કરવા માટે સંમત થાય તો બાયપાસ

કરવા માટેની પણ અમે વિચારણા કરી રહ્યા છીએ. ટૂંકમાં નાગરિકોની, વાહન ચાલકોની કે પેસેન્જરોની સલામતી રહે એ અમારા માટે ખૂબ મહત્ત્વનું છે.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, જોગાનુજોગ આજે જ ચોટીલા રોપ–વેની ફાઇલને મેં મંજૂરી આપી દીધી છે, એજન્સી ફીક્સ થઇ ગઇ છે અને એ કામ પણ ટૂંક સમયમાં શરૂ થશે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, યાત્રાધામ તરીકે પાલીતાણાથી જૂનાગઢ અમારા જિલ્લામાંથી સંઘો બહુ નીકળે છે. એ રસ્તો ચાર માર્ગીય બનાવવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન છે કે રસ્તો મંજૂર થાય, ટેન્ડર થઇ જાય પણ સ્થળ ઉપર, આપણા સરકારી ચોપડા ઉપર રસ્તો બોલતો હોય પણ ખેડૂતો દબાણ કરતા હોય એના કારણે રસ્તો અધૂરો રહે છે. મારા ૧૪ નંબરના પ્રશ્નમાં જવાબ આપ્યો છે એમાં પગલાં ભરીને કામ પૂરું કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો એમનો અલગ પ્રશ્ન છે. આમાં લાગું પડતો નથી. પણ આખા રાજ્યના યાત્રાધામો, હરવા–ફરવાના સ્થળો કે પ્રવાસન ધામો એને તબક્કાવાર, કારણ કે ગુજરાત ટૂરિઝમ ક્ષેત્રે ખૂબ આગળ વધતું જાય છે. જે લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટી ગયા હશે એમને ખ્યાલ છે કે વડોદરાથી ડભોઇ થઇ રાજપીપળા સુધીનો રસ્તો ચાર માર્ગીય કરી દીધો. ભરુચથી અંકલેશ્વરથી માંડી રાજપીપળા થઇ શ્રી પી.ડી.વસાવા સાહેબ સુધીનો રસ્તો ચાર માર્ગીય બનાવવાનું કામ ચાલુ છે. હું એમ નથી કહેતો કે ઝડપથી એક જ દિવસમાં થઇ જાય, પણ તબક્કાવાર જ્યાં ટ્રાફિક વધારે હોય, અવર–જવર વધારે હોય, જરૂરિયાત વધારે હોય એ કામો બજેટમાં જોગવાઇ કરી પહેલા હાથ ઉપર લઇએ છીએ. શ્રી પ્રતાપભાઇ, અમારી સરકાર બહુ લાંબો સમય ચાલવાની છે એટલે કશું બાકી નહીં રહેવા દઇએ. કોઇ ચિંતા ન કરતાં. શ્રી પ્રતાપભાઇનો પ્રશ્ન પાછળ છે, એમાં પૂછ્યું છે એ રોડ મંજૂર કરીએ ત્યાં ક્યાંક ખાનગી જમીન આવતી હોય, કોઇ ખેડૂત સ્ટે લાવે, કોઇ ખેડૂત કબજો ન આપે અને કોન્ટ્રાકટર સાથે ઝઘડો કરે, મજૂર સાથે મારામારી કરે એવી જગ્યાએ સ્વભાવિક રીતે કામ અટકી જતું હોય છે. હું દરેક ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આપની વગનો ઉપયોગ કરો અને ખેડૂત, જમીન માલિક હોય કે કોઇ સંસ્થા હોય એમને સાથે બેસાડીને યોગ્ય નિરાકરણ કરવું જોઇએ. અમારે કચ્છમાં આવો પ્રશ્ન હતો. એક પુલ બનાવીએ છીએ એની જમીનનો કબજો ખાનગી માલિક તરફથી મળતો ન હતો તો કચ્છના અમારા મંત્રીશ્રી વાસણભાઇ, ધારાસભ્ય ડૉ.નીમાબેન, અમારા શ્રી વિરેન્દ્રસિંહ વગેરેને મેં વિનંતી કરી, એ લોકો જમીન માલિકને બોલાવી લાવ્યા, અધિકારીઓ સાથે મારી ઓફિસમાં મિટિંગ કરી, વાટાઘાટો કરી, જમીનની કિંમતમાં થોડો વધારો કરી આપ્યો અને જમીનનો કબજો લઇ લીધો અને હવે પુરજોશમાં કામ ચાલે છે. તો આપણે બધા જાહેર જીવનમાં સાથે નેગોસિએશન કરાવી સામેની વ્યક્તિને સમજાવવાનું કામ શ્રી પ્રતાપભાઇ આપે કરવું જોઇએ.

**જૂનાગઢ શહેર અને જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ખાનગી હોસ્પિટલોને રકમ ચૂકવવા બાબત**

* ૩૯૫૨૨ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારે જૂનાગઢ શહેર અને જિલ્લામાં કઇ–કઇ ખાનગી હોસ્પિટલોમાં ક્યા પ્રકારના કેટલા બેડ ઓક્યુપાઇ કરેલ, અને

(૨) તે અન્વયે ઉક્ત માસવાર કઇ–કઇ ખાનગી હોસ્પિટલને ક્યા પ્રકારના કેટલા બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨) જૂનાગઢ શહેરની માહિતી શૂન્ય અને જૂનાગઢ જિલ્લાની માહિતી સામેલ પત્રક–૧ મુજબ.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લા/ શહેરનું નામ | માસ વાર | હોસ્પિટલનું નામ | ઓક્યુપાઇ બેડ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | આઇસોલેશન બેડ | | આઇસોલેશન + એચ.ડી.યુ. | | આઇસોલેશન+ આઇ.સી.યુ. (વેન્ટીલેટર સિવાય) | | આઇસોલેશન+ આઇ.સી.યુ. (વેન્ટીલેટર સહિત) | | સરવાળો | |
| | | | | બેડની સંખ્યા | ચુકવેલ રકમ રૂ. | બેડની સંખ્યા | ચુકવેલ રકમ રૂ. | બેડની સંખ્યા | ચુકવેલ રકમ રૂ. | બેડની સંખ્યા | ચુકવેલ રકમ રૂ. | બેડની સંખ્યા | ચુકવેલ રકમ રૂ. |
| ૧ | જૂનાગઢ જિલ્લો | એપ્રિલ–૨૦ | ત્રીમુર્તી નીદાન કેન્દ્ર અને સર્જીકલ નર્સીંગ હોમ, જૂનાગઢ | ૮૦ | ૧૭૨૮૦૦૦ | ૧૦ | ૩૨૪૦૦૦ | ૫ | ૨૧૬૦૦૦ | ૫ | ૨૭૦૦૦૦ | ૧૦૦ | ૨૫૩૮૦૦૦ |
| | | મે–૨૦ | | ૮૦ | ૦ | ૧૦ | ૩૩૪૮૦૦ | ૫ | ૧૨૨૪૦૦ | ૫ | ૪૮૦૦ | ૧૦૦ | ૪૬૨૦૦૦ |

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કોવિડના દર્દી મા–વાત્સલ્ય યોજના અંતર્ગત કાર્ડ મેળવ્યા બાદ ખાનગી હોસ્પિટલમાં દાખલ થાય ત્યારે એ લોકો એમ કહે કે તમારી પથારી નથી. એટલે તમારે રૂમ રાખવો પડશે અને એ રૂમનું ભાડું ૧૦,૦૦૦ રૂપિયા લે છે. (અંતરાય) સાચું છે કે ખોટું એ તો સાહેબ કહેશેને? એટલે હું તો સાચું છે એમ કહું છું કે એ ૧૦,૦૦૦ રૂપિયા ભાડુ લે છે એમાં ઓછું કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે, કોવિડના દર્દી દાખલ થાય એટલે એને એમ થાય કે દુનિયામાં મારી પાછળ કોઇ નથી અને સાવ એકાંકી જીવન લાગે. સાહેબ, ડોક્ટર એને સરખો જવાબ નથી આપતા. ઓક્સિજન લેવું હોય કે બીજું કાંઇ હોય એટલે એ બી જાય કે ખરેખર આપણી સારવાર

બરોબર નથી કરતા અને ક્યાંક મરી જઇએ તો આવા દર્દીઓને એના કુટુંબીજન સાથે કે સગા–વ્હાલા સાથે વાતચીત કરી શકે અને એના કુટુંબીજનો ડોકટર સાથે વાતચીત કરીને જરૂરિયાત હોય તો એની સારવાર સારામાં સારી થાય એ કરવા માગો છો કે કેમ? સાહેબ, આ ફરિયાદ આવી છે એટલે કહું છું. સાહેબ, આમાં શબ્દમાં કાંઇ ફેરફાર હોય તો કાંઇ વાંધો નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમારા શબ્દો અને તમારી લાગણી બરાબર છે એ અમે સ્વીકારીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો કોરોના એવો સંક્રમિત રોગ છે કે કોઇપણ દર્દીને જ્યાં દાખલ કર્યા હોય ત્યાં પી.પી.ઈ. કીટ પહેર્યા સિવાય ડોક્ટર, નર્સ કે બીજા કોઇપણ વ્યક્તિ જઇ શકતા નથી. આપણા મુખ્યમંત્રીશ્રી આપણો દાખલો છે. અહીંયા બેઠાં જ છે. એમને જ્યારે કોરોના થયો ત્યારે અમે બધા કોઇ મંત્રી મંડળના મિત્રો એમને મળવા જઇ શક્યા ન હતા. કોઇના માતા–પિતાને કોરોના થયો હોયને હોસ્પિટલમાં દાખલ કર્યા હોય તો ત્યાં જઇ શકાતું નથી. હું પોતે આરોગ્ય મંત્રી છું. હોસ્પિટલોમાં ઘણી જગ્યાએ અમે ગયા પણ કોઇ વોર્ડમાં અમે ગયા નથી. કારણ કે એ પ્રતિબંધિત વિસ્તાર ગણાય છે. બીજો પ્રશ્ન આપે જે કહ્યો કે, દર્દીને એકલવાયું લાગે છે એ વાત પણ તમારી સાચી છે. કારણ કે દર્દી હોય, ડોક્ટર હોય અને એનો સ્ટાફ હોય બીજા કોઇપણ હોઇ શકે નહીં. મોટી સરકારી હોસ્પિટલમાં જનરલ વોર્ડ હોય ત્યાં બીજા દર્દીઓ હોય છે. સરકારની હોસ્પિટલ પુરતી વાત કરું તો ચા–કોફી, નાસ્તો બે ટાઇમ જમવાનું, સાહેબ, આપણે ૮ વખત તો સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીને રોજ ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો ખર્ચ કરીને એને પૌષ્ટિક આહાર ચા, નાસ્તો, દૂધ, ફળફળાદિ, જ્યૂસ એ આપણે આપતા હતા. ખાનગી હોસ્પિટલમાં કોઇ પોતાની રીતે જાય તો આ વ્યવસ્થા સરકાર કરી શકે નહીં. સરકારની જવાબદારીમાં આવતું નથી એ સ્વાભાવિક છે. એટલે તમે જે વ્યક્તિની વાત કરો છો કે ખાનગી હોસ્પિટલમાં ગયા હોય તો અમે એને કંઇ એકલવાયું લાગ્યું કે ના લાગ્યું. સાહેબ, બીજું, અમે જે સરકારી હોસ્પિટલમાં કર્યું. કોઇપણ દર્દી પોતે મોબાઇલ લઇ જાય અને અત્યારે તો બધા વોટ્સએપ અને ફેઇસ બુક ઉપર દર્દી સાથે અમારા ડોક્ટરો એના સગા–વ્હાલા નીચે બેઠા હોય એનો ચહેરો બતાવીને એની સાથે વાતચીત કરાવે છે. છેલ્લે તો સી.એમ. ડેસ્ક જે મુખ્યમંત્રીશ્રીના બંગલે સરકારે વ્યવસ્થા ઊભી કરી છે કે આખા ગુજરાતની કોઇપણ સરકારી હોસ્પિટલમાં કોઇપણ દર્દી દાખલ થયો હોય એની સાથે અમારે વાતચીત કરવી હોય વોર્ડમાં, આઇ.સી.યુ.માં કે જનરલ વોર્ડમાં કે ઓક્સિજન વોર્ડમાં દર્દી શું કરે છે, ડોક્ટર શું કરે છે, નર્સ શું કરે છે, સ્વીપર શું કરે છે આ બધું સી.એમ. ડેસ્ક ઉપર જેમ અત્યારે આપણે ટી.વી.માં જોઇ રહ્યાં છીએ એમ કોઇ પણ દર્દીનું તમે જોઇ શકો અને મુખ્યમંત્રીશ્રીની પરવાનગીથી હું વિપક્ષના નેતાશ્રીને અને ઉપનેતાશ્રીને અને બીજા વિપક્ષના ધારાસભ્યશ્રીઓને જો ઇચ્છા હોય તો હું આમંત્રણ આપું છું. કે તમે સી.એમ. ડેસ્ક સાહેબના બંગલે આવીને જુઓ. કોઇપણ દર્દીની સાથે અમે વાત કરતા હતા. ભારત સરકારના અધિકારીઓ આવ્યા, ભારત સરકારના સચિવો આવ્યા, ભારત સરકારના મંત્રીઓ આવ્યા એમની સાથે પણ ગુજરાતના દર્દીઓને સી.એમ. ડેસ્ક ઉપર અમે ફેસ ટુ ફેસ દર્દી અને મુલાકાતી બંનેની વાત કરાવી છે અને બધાને મોબાઇલ ઉપર, આજે પણ કોઇપણ સરકારી હોસ્પિટલમાં હોય તો વાતચીત કરાવીએ છીએ એટલે એને એકલાવાયું ન લાગે અને એ નિશ્ચિંત રહે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ સાહેબ, આપે અમારા સિનિયર ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઇ સુખડીયાને અભિનંદન આપવા જોઇએ કે આઠ ટાઇમ ચા, નાસ્તો, જમણ જે આપો છો એટલે ખાનગી હોસ્પિટલમાં એ ટ્રિટમેન્ટ કરાવવા હક્કદાર છે અને એ પૈસા આપણે આપીએ છીએ, સરકાર આપે છે તેમ છતાં એ સરકારી હોસ્પિટલ ગોત્રીમાં જ ગયા અને ત્યાં સારવાર લીધી, સારા થઇને આવી પણ ગયા અને આપણી વચ્ચે પણ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાબુભાઇનો જે પ્રશ્ન હતો એમાં ગામડાંઓમાં માનો કે મારો વિસાવદર તાલુકો છે તો મારા વેકરીયા ગામથી જૂનાગઢ ૬૦ કિલોમીટર થાય. ત્યાં વિસાવદરમાં કોરોનાની કોઇ ટ્રિટમેન્ટ થતી નથી. દૂર હોય એટલે લોકોને ડર લાગે. મારે કાલે પણ એક સૂચન કરવું હતું. હું ઊભો થયો અને પાછો બેસી ગયો. એક સૂચન છે. હું જે મતવિસ્તારમાંથી આવું છું એ આ ગૃહના માજી મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ અમારે ત્યાં બાપા તરીકે ઓળખાય. શ્રી કેશુબાપા. બે વાર આ ગૃહમાંથી મુખ્યમંત્રી તરીકે મારા મત વિસ્તારમાંથી ચૂંટાયા અને એકવાર ધારાસભ્ય તરીકે.

અધ્યક્ષશ્રી : સૂચન કરોને.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બાપાની એવી ઇચ્છા હતી એ લોકોને બોલાવે ત્યારે ઝાડવા નીચે બેસતા. ત્યાં મંડોરિયાએ એક હનુમાનજીનું મંદિર બનાવ્યું છે. બાપા ત્યાં ઝાડવા નીચે બેસે અને અમારા જેવા બધા યુવાનોને બોલાવે તો ત્યાં મોટો પ્રશ્ન હોય તો એ કે અમારે ગીર બોર્ડર છે. ગીર બોર્ડરના હિસાબે કોબ્રા સાપની વસ્તી ત્યાં વધારે છે. કોબ્રા સાપ કોઇને કરડે તો જૂનાગઢ ૪૩ કિલોમીટર સુધી પહોંચે નહીં. અમારા વિસાવદરની અંદર બધાની એવી માગણી હતી કે અહીં એક જિલ્લા કક્ષાની હોસ્પિટલ બને. બાપાનું પણ સપનું હતું. મારી એક વિનંતી છે કે શ્રી કેશુબાપાના નામે, શ્રી કેશુભાઇ પટેલ સિવિલ હોસ્પિટલ, વિસાવદર આવી કોઇ હોસ્પિટલ આપ બનાવો તો મારા વિસાવદરને પણ સારું રહેશે અને આ મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કેશુબાપા એકલા તમારા વિસાવદરના નહીં, આખા ગુજરાતના નેતા હતા અને ગુજરાતની જનતા એમને કદી ભૂલશે નહીં પરંતુ મારે દુઃખ એ પણ છે કે એ જ શ્રી કેશુબાપાને તમે આગળ ના વધાર્યા અને શું થયું એ તમે જાણો છો એટલે આટલું બધું માન શ્રી કેશુબાપાને એ જીવતા હતા ત્યારે આપ્યું હોત તો આખો ઇતિહાસ જુદો હોત એટલે મારે બીજું કહેવું નથી. બીજું, સાહેબ, હું અત્યારે ફાળીયા બાંધેલા જોઉં છું એટલે મને ફડક લાગે છે કે

આ કયાંથી આવ્યા? આ ફાળીયા બાંધેલા અમારી બાજુ ઉત્તર ગુજરાતમાં તો સાહેબ, કંઇક અજુગતું બન્યું હોય એના પરિવારમાં જ ફાળીયા બાંધીને ફરતા હોય છે. એટલે આ શું કરવા એ મને ખબર નથી સાહેબ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કશુ અજુગતું બન્યું નથી ને?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કંઇ અજુગતું બન્યું નથી ને? નહીં તો અમે મદદ કરીએ એમ મારું કહેવું છે. એમના સૂચનની હું નોંધ લઉં છું અને મુખ્યમંત્રીશ્રી અને અમે બધા આ અંગે યોગ્ય વિચારણા કરીશું. તમારા કરતા અનેકગણા વધારે શ્રી કેશુબાપા અમારા બધાના હૃદયમાં છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીને એક વર્ષ વીતી ગયું. ટ્રેકીંગ, ટ્રેસીંગ, ટેસ્ટીંગ અને ટ્રિટમેન્ટ આ વ્યવસ્થાનો સેતુ સધાય તો આ મહામારી સામે આપણે લડી શકીએ. માનનીય સભ્યશ્રીની લાગણી હતી, બે પ્રશ્નો સ્પષ્ટ હતા. અત્યારે પણ કોવિડના કેસ વધતા જાય છે. માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ સ્વીકાર્યું કે લડાઇ ખૂબ લાંબી લડવાની છે ત્યારે આપના મારફત મારી માનનીય મંત્રીશ્રીને બે વિનંતી છે. એક તો જેમ અમદાવાદમાં આપણે ખાનગી હોસ્પિટલોને શરૂઆતના તબકકામાં હાયર કરી હતી. જૂનાગઢમાં પણ આપણે સરકારી ખર્ચે સામાન્ય માણસને વિના મૂલ્યે સારવાર મળે એવી વ્યવસ્થા શરૂઆતના તબકકે થઇ હતી. અત્યારે મારા જાણવા મુજબ બંધ કરી દીધી કે ઘટાડી દીધી. સાહેબ, આ બીજો તબકકો છે એ પણ ખૂબ આક્રમક છે અને એનું સંક્રમણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે ત્યારે આખા ગુજરાતમાં તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ જે ખાનગી હોસ્પિટલો છે એ ખાનગી હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ થાય. મા અમૃતમ કાર્ડ, મા કાર્ડ એમાં જે લાભ મળતો હતો એ ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની ટ્રીટમેન્ટમાં નથી આપતા એ પ્રશ્ન હતો. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આવી આખા રાજ્યમાં ખાનગી હોસ્પિટલો જયાં મા કાર્ડ, મા અમૃતમ કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરાવવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન..

અધ્યક્ષશ્રી : એક પ્રશ્નમાં જ સમય પૂરો થઇ જશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. જે કોવિડના ઇન્ફેક્શનથી લોકો મૃત્યુ નથી પામ્યા એનાથી વધુ ભયભીત થઇને લોકો મૃત્યુ પામ્યા હોય તેવી સભ્યશ્રીની ચિંતા છે. વીડિયો કોન્ફરન્સનો જમાનો છે. મુખ્યમંત્રીશ્રી સાહેબને ત્યાં આપ પણ હતા. ડેસ્ક બોર્ડની મેં મુલાકાત લીધી. દરેક હોસ્પિટલમાં સરકારી કે ખાનગી હોસ્પિટલો બહાર મુલાકાતીઓનું જે ડેસ્ક છે દરેક વોર્ડને આપણે વીડિયો કોન્ફરન્સ સાથે જોડી દઇએ. તો દિવસમાં એક વખત દર્દીના પરિવારજન સાથે વાત થાય વિશ્વાસનો સેતું બંધાય તેવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇએ ખૂબ મહત્ત્વની વાત કરી છે. જ્યારે કોરોના પહેલા રાઉન્ડમાં ખૂબ પીક ઉપર હતો ત્યારે રાજ્ય સરકારની બધી હોસ્પિટલોમાં તમામ દર્દીઓને આપણે આજે પણ વિનામૂલ્યે સારવાર કરીએ છીએ. એ વખતે પણ વિનામૂલ્યે સારવાર કરતા હતા. મેં કહ્યું તેમ વધારાની વ્યવસ્થાઓ આપતા હતા. ઓક્સિજનની મોટા પ્રમાણમાં જરૂર પડે તો મોટા પ્રમાણમાં ઓક્સિજન ટેન્ક પણ નાખી. આ બધું કર્યું છે. પછી ભગવાનના આશીર્વાદથી થોડું ઘટ્યું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનથી શરૂઆત કરી હતી. ખાનગી હોસ્પિટલોમાં ૫૦ ટકા પથારીઓ સરકારે ઓક્યુપાઇ કરી હતી. એ પથારી એ દર્દીઓને દાખલ કરવાનો અધિકાર સરકારને એટલે કે મ્યુનિસિપલ કોર્પોરેશનને આપ્યો હતો. એ પથારીમાં દર્દી દાખલ થાય ત્યારે એકપણ રૂપિયા ચાર્જ એ હોસ્પિટલે લેવાનો નહોતો. એના વતી સરકાર ખર્ચ આપતી હતી. પછી કોરોના ઘટ્યો. પછી સરકારની હોસ્પિટલો દર્દીઓથી ભરાઇ ગયેલી એ લગભગ બધી ખાલી થઇ ગઇ. થોડા સમય પહેલા એવો સમય હતો કે સરકારની હોસ્પિટલોની ૮૦ ટકા કરતા વધુ પથારીઓ ખાલી હતી. કમનસીબે થોડા દિવસથી પાછી પીક પકડી છે. એટલે અમારા ધ્યાન ઉપર જ છે. દરરોજ અમારા કોર ગ્રૂપની મીટિંગ મળી છે. દરેક જિલ્લાનો, દરેક મહાનગરપાલિકાનો અમે રિવ્યુ કરીએ છીએ. હોસ્પિટલોની ક્ષમતાનો રિવ્યુ કરીએ છીએ. જયારે જરૂરત પડશે, સરકારને લાગશે કે સરકારી હોસ્પિટલો સિવાય ખાનગી હોસ્પિટલોમાં પણ ૫૦ ટકા પથારીઓ પહેલાની જેમ ઓક્યુપાઇ, રિઝર્વ કરવાની જરૂર છે. જેમાં દર્દી દાખલ થાય એનો ખર્ચો સરકાર આપે. તૈયાર જ છે. એની જરૂર પડશે ઉપયોગ કરીશું. મને જણાવતા આનંદ થાય છે કે નામદાર સુપ્રીમ કોર્ટે એક સુનાવણી દરમિયાન ગુજરાત સરકારની આ ખાનગી હોસ્પિટલોમાં બેડ રિઝર્વ રાખવા એનો ખર્ચ સરકાર આપે, દર્દીઓની મફત સારવાર કરે એ ઓર્ડરના સુપ્રીમ કોર્ટે અભિનંદન આપ્યા. બીજા રાજ્યોને એમ કહ્યું કે તમે ગુજરાત જેવું મોડલ અપનાવો. આપણું બધું તૈયાર છે. શક્ય છે કે નથી શક્ય એ તો આવનારો સમય કહેશે. કોઇ દર્દીને તકલીફ ન પડે તે માટે ખાનગી હોસ્પિટલો વાપરવા સહિતની જે પણ કરવા જેવી હશે તે તમામ તૈયારીઓ આપણે કરી રાખી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ શહેર અને જૂનાગઢ જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં મહિના વાર અને હોસ્પિટલવાઇઝ કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી? કેટલી સહાય ચૂકવવામાં આવી અને કેટલી સહાય ચૂકવવાની બાકી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જૂનાગઢમાં મેડિકલ કોલેજનું અદ્યતન બિલ્ડિંગ છે. ત્યાં આપણે બધી જ વ્યવસ્થાઓ રાખી છે. એક હોસ્પિટલ ત્રિમૂર્તિ નિદાન કેન્દ્ર સર્જિકલ હોમ જૂનાગઢ એ જગ્યા આપણે રાખલી છે. બાકીની વિગતો મારી પાસે નથી.

## તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ધોરાજી, ઉપલેટા, જેતપુર અને જામકંડોરણા વિસ્તારમાં કોરોનાના કેસ ફરીથી તેજ ગતિએ વધી રહ્યા છે ત્યારે ધોરાજીની સરકારી હોસ્પિટલમાં કોવિડ સેન્ટર ફરીથી શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યશ્રીઓને કહું છું કે જેમ જરૂર પડશે એમ કોવિડ હોસ્પિટલ નોટિફાઇડ કરવી હોય તો આપણે તૈયાર છીએ, એની બધી વ્યવસ્થાઓ અને રેડી મોડેલ છે પણ એક તકલીફ એમાં એ આવે છે કે કોવિડ હોસ્પિટલ તરીકે જાહેર કરીએ તો બીજા દર્દીની સારવાર જે સિવિલ હોસ્પિટલમાં, સરકારી હોસ્પિટલમાં થતી હોય છે કારણ કે, અનેક પ્રકારના દર્દીઓ સાજા માંદા હોય, કોઇને એપેન્ડીક્ષ હોય, કોઇને બીજી તકલીફ હોય એ સારવાર કરાવવા આવતા હોય છે અને આજે વિનામૂલ્યે એમને દવાઓ અને ઓપરેશનો આપણે કરીએ છીએ પણ જેવું લોકોને ખબર પડે કે, આ હોસ્પિટલમાં કોરોનાના દર્દી દાખલ થયા છે તો બીજા રોગના દર્દીઓ આવતા બંધ થઇ જાય છે. એટલે જરૂર પડશે ત્યારે જ કરીશું કારણ કે આ કરીએ એટલે બીજા રોગના દર્દીઓને મુશ્કેલી થાય છે એ મુશ્કેલી ન થાય એ પણ અમારે કાળજી રાખવાની હોય છે. (અંતરાય) જરૂર પડશે તો એ પણ કરીશું.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મા વાત્સલ્ય કાર્ડ હોય કે મા યોજનાનું કાર્ડ ગરીબ લોકો એટલા માટે કઢાવતા હોય છે કે એમને સહાયરૂપ થાય. માનનીય મંત્રીશ્રી, આમાં એવું થાય છે કે ગરીબ માણસ જ્યારે દવાખાનામાં દવા કરાવવા જાય છે ત્યારે મા વાત્સલ્ય કાર્ડ અથવા મા અમૃતમ કાર્ડ જે એની પાસે હોય તે બતાવતા હોય છે ત્યારે ડોકટરશ્રીઓ એવું કહે છે કે, આ મા વાત્સલ્ય કાર્ડ માટે અમારી હોસ્પિટલે પહેલા મંજૂરી લીધી હતી પણ ત્યાર પછીના સમય માટે મેં મંજૂરી લીધેલ નથી. જેથી ગરીબ માણસ એ કાર્ડનો લાભ લઇ શકતા નથી. તો જે આવી ખાનગી હોસ્પિટલો હોય કે જેણે મા વાત્સલ્ય કે મા અમૃતમ કાર્ડની પરમિશન લીધેલી હોય એવા ખાનગી દવાખાનામાં આ પ્રકારના કાર્ડ અહીંયા ચાલે છે એવું બોર્ડ મૂકવાનું ફરજિયાત કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જે આપણે મા યોજના અને મા વાત્સલ્ય યોજના તરીકે ગુજરાતમાં અમલી છે એમાં સરકારી હોસ્પિટલો તમામ આવી જાય છે, મેડિકલ કોલેજો તમામ આવી જાય છે, ચેરીટેબલ ટ્રસ્ટની હોસ્પિટલો તમામ આવી જાય છે પણ જે ખાનગી માલિકીની સ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો છે એને આ યોજનામાં જોડાવું કે ના જોડાવું એ એની પોતાની ઇચ્છા ઉપર નિર્ભર કરે છે. કોઇ હોસ્પિટલ આમાં જોડાવા માગતી હોય તો એ માગણી કરે આપણે એને મંજૂરી આપીએ તો પછી મા યોજનાનો લાભ એ હોસ્પિટલમાં દર્દીને મળી શકે. પણ જોડાવા ન માગતા હોય તો આપણે ફરજિયાત એને જોડી શકતા નથી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મા વાત્સલ્ય કાર્ડ અને મા કાર્ડ જે હોસ્પિટલોમાં ચાલતા હોય અને આ યોજના સાથે જોડાયેલ હોય છતાં પણ જ્યારે અમુક ટાઇમે દર્દીનું બિલ વધારે થાય છે ત્યારે આ કાર્ડ અમારી હોસ્પિટલમાં ચાલશે નહીં એવું કહી દે છે તો એ માટે જે ખાનગી હોસ્પિટલો આ યોજના સાથે જોડાયેલ હોય એ હોસ્પિટલની આગળ બોર્ડ મૂકવાનું ફરજિયાત કરવામાં આવે જેથી ગરીબ માણસને મુશ્કેલી ન પડે અને મા યોજનાના કાર્ડ અહીંયા ચલાવવામાં આવે છે એવું બોર્ડ મૂકવાનું ફરજિયાત કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો નિયમ જ છે કે, જે હોસ્પિટલ મા વાત્સલ્ય યોજના અંતર્ગત મંજૂર થઇ હોય એણે બોર્ડ મારવાનું હોય છે કે અહીંયા મા વાત્સલ્ય યોજનાનું કાર્ડ ચલાવવામાં આવે છે. છતાં કોઇ જગ્યાએ તમે ખાસ હોસ્પિટલનો દાખલો આપશો તો ચકાસણી કરાવી લઇશું અને બોર્ડ નહીં લગાવેલ હોય તો લગાવી દેવડાવીશું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપના મારફતે શ્રી નીતિનભાઇને એમ કહું કે, અમે આ ફાળીયાઓ લીધા છે એટલે એવા કોઇ કામે આવ્યા નથી. અમે વિધાનસભા હાઉસમાં આવ્યા છીએ અને આ અમારો ઓરીજીનલ ડ્રેસ છે. (અંતરાય) આહિરોની ઓળખ પણ છે.

અધ્યક્ષશ્રી : અગમચેતી છે. કશું ખરાબ નથી થયું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો દિવસ હતોને એટલે ખાલી આનંદથી પહેરીને આવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી પણ કરું છું અને જાણવા પણ માગું છું કે હમણાં માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે કોરોના કાળની અંદર જે દર્દીઓ હતા, સ્ટાફ હતો એ બધાને બે ટાઇમ જમવાનું, નાસ્તો, ચા–પાણી...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછોને..

શ્રી ભગાભાઇ ધા. બારડઃ માનનીય અધ્યક્ષશ્રી, એ જ પૂછું છે. આ બધી જે સગવડતાઓ સરકારશ્રીએ કરી છે. તો હું એટલું જાણવા માગું છું કે, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આ જે ખર્ચ થયો છે એ અંદાજિત કેટલો ખર્ચ થયો છે? એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એકઝેટ આંકડાઓ તો ના હોઇ શકે, પણ જે દર્દીઓ આવ્યા એ તમામને મેં કહ્યું એ પ્રમાણે જમવાની વ્યવસ્થા સરકાર તરફથી આપવામાં આવી છે, સાથે સાથે અમારા વોર્ડમાં ફરજ બજાવતા ડોકટરો, પેરા મેડિકલ સ્ટાફ જે પણ ૨૪ કલાક ત્યાં ફરજ બજાવતા હતા એમને પણ વ્યવસ્થા આપી છે. બહારગામથી

જે ડોકટરો રેસીડિન્ટ ડોકટરો, સમજી લો કે જામનગરથી અમદાવાદ વધુ જરૂર પડી તો બોલાવ્યા, ભાવનગરથી બોલાવ્યા તો એમને પણ રહેવા જમવાની વ્યવસ્થા આપી અને સાથે સાથે આ ડોકટરોને એમની ડ્યૂટી બદલાય તો એ ઘરે તો ના જઈ શકે. કારણ કે એ લોકો કોરોનાગ્રસ્ત દર્દીઓના વોર્ડમાં રહેલા હોય છે તો એમને પણ આઇસોલેશનમાં રહેવું પડે તો એમને હોટલમાં રહેવા માટે અમદાવાદ શહેર અને બીજા શહેરોમાં અમે સ્પેશિયલ હોટલોના રૂમો ભાડે રાખી અને આ ડોકટરોને અને સ્ટાફને રહેવાની વ્યવસ્થા પણ સરકારના ખર્ચે કરી આપી છે.

અધ્યક્ષશ્રી : હાલ ના આપી શકે એ પહેલાં જ કહી દીધું, માનનીય ઋત્વિકભાઇ,..

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે મારા મત વિસ્તાર થાનગઢમાં આજની તારીખે એક પણ ડોકટર નથી. કોરોનાની આ તકલીફમાં ત્યાં સ્ટાફની નિમણૂક કરવામાં આવે અને ચોટીલા યાત્રાધામ હોવાના કારણે ત્યાં મુલાકાતીઓ અને દર્દીઓની સંખ્યા પણ સારા એવા પ્રમાણમાં રહેતી હોય છે, સબ ડિસ્ટ્રિકટ બનાવવા માટે અમે દરખાસ્ત કરેલી છે તો એને સબ ડિસ્ટ્રિક્ટ કરવા માટે વિનંતી કરું છું. સાથે સાથે હમણાં આપે કહ્યું કે ચોટીલાની જનતા જો આપને કહેશે કે બાયપાસની વ્યવસ્થા કરવાની છે તો અમે આપને વિનંતી કરીએ છીએ કે ચોટીલા છે એ યાત્રાધામ ઉપર નભતું સીટી છે તો બાયપાસને બદલે હયાત રસ્તાને કોઇ એવી રીતે ડેવલપ કરવામાં આવે કે બન્ને વિકલ્પો સચવાઇ જાય અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ રોપ–વે માટેની જે જાહેરાત કરી છે એ બદલ એમનો આભાર.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે આરોગ્યમંત્રીશ્રીને વિનંતી છે કે, મારા છોટાઉદેપુર જિલ્લામાં જંબુગામ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે અને એ દિપક ફાઉન્ડેશન ટ્રસ્ટ એમ.ઓ.યુ. કરીને ચલાવે છે. બે વર્ષના પૈસા તમે નિયમ મુજબ નથી આપ્યા આ વર્ષના પૈસા પણ નથી આપ્યા, કર્મચારીઓને છૂટાં કરી દીધા છે.

અધ્યક્ષશ્રી : અત્યારે જૂનાગઢનો પ્રશ્ન છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા :બધી જ જગ્યાનું પૂછાય છે તો મારા છોટાઉદેપુરનું ના પૂછું? સાયલાનું પૂછ્યું, જૂનાગઢનું પૂછ્યું..

અધ્યક્ષશ્રી : પૂછો, પૂછો, બે વર્ષથી નથી આપ્યા એમ કહ્યું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષથી નથી આપ્યા તો એની તપાસ કરીને જે કંઇ ખામી હોય તે દૂર કરીને તમે એ ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર, અમારો આરોગ્ય વિભાગ સારી સેવાભાવી સંસ્થાઓની સેવાઓનો ઉપયોગ કરે છે. તમે જે કહ્યું એ દિપક ફાઉન્ડેશનને એ કામ અપાયેલું છે મારી સાથે એમની મિટીંગ થઇ ગઇ છે પણ કોરોનાની આ ગંભીર સ્થિતિ, પછી બજેટ સત્ર આ બધા જ કામના કારણે એને આપણે રિન્યુ કરેલ નથી એમના ચેરમેન અને એમ.ડી. સાથે પણ મારી મિટીંગ થઇ છે. એની શરતોમાં થોડાક સુધારા કરવા જરૂરી છે એ સુધારા કરી અને તમે ઇચ્છતા હશો અને જરૂરિયાત હશે અને વાજબી હશે તો એમનો કોન્ટ્રાક્ટ રિન્યુ કરવામાં આવશે, પણ સેવાઓ ચાલુ છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જે કોરોના પેશન્ટ્સ હતા તે લોકોને બે ઇન્જેક્શન આપવામાં આવતા હતા એ ઇન્જેક્શન્સ હમણાં સુધીમાં કેટલા વપરાયા?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

૩૮૩૬૯ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૭૯૦ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૮૮ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૭૮.૮૦ લાખ. |

---------

### અમદાવાદ જિલ્લામાં ફીડરોનું વિભાજન

૩૮૪૯૦ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે | (૧) ૧૦૭ |

| | |
|---|---|
| વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૨૬૫૧.૧૯ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત**

૩૮૪૬૦ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત માટે કોઇ સબસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં<br>કુલ ૨૧૭૫૯ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૦માં કુલ ૨૩૯૩૧ ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે. |
| (૩) આ ગ્રાહકોને ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે? | (૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં<br>રૂ.૧૦૧.૪૭ કરોડની અને વર્ષ ૨૦૨૦માં રૂ.૧૦૨.૩૭ કરોડની સબસિડી આપવામાં આવેલ છે. |

---------

**બોટાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના**

૩૮૩૩૮ **શ્રી ભીખાભાઇ બારૈયા** (પાલીતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૬૨,૮૬૬ |
| (૨)કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૩,૭૭,૧૯,૬૦૦/– |

---------

**વડોદરા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય**

૩૮૩૬૨ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૪ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૬,૨૦,૦૦૦/– |

---------

**નવસારી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૮૩૬૬ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નવસારી જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૩૫૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫૪ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩૫.૪૦ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના**

૩૮૪૨૦ **શ્રી જે.વી. કાકડિયા** (ધારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ઇન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૪૪ |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૧૩૩૨૦૦/- |

---------

**મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના**

૩૮૩૪૧ **શ્રી કુબેરભાઇ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિસાગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૮,૯૧૭ |
| (૨) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૩,૫૩,૫૦,૨૦૦/- |

---------

**તાપી જિલ્લાના રોડનું મજબૂતીકરણ**

૩૮૫૩૫ **શ્રી મોહનભાઇ ઢોડીયા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના શેરૂલ્લા-બોરદા રોડ કિ.મી.૦/૦ થી ૨૯/૫૦૦ મજબૂતીકરણ કરવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર થયેલ છે, અને | (૨) રૂપિયા બાર કરોડ પચાસ લાખ. |
| (૩) સદર કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર તબક્કે. |

---------

**લીલીયા અને સાવરકુંડલા તાલુકાના રસ્તાના કામો**

૩૯૭૧૬ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૯૩૫ (અગ્રતા-૦૧)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના લીલીયા અને સાવરકુંડલા તાલુકાના (૧) ભોરીંગડા-ક્રાંકચ રોડ, (૨) થોરડી-ભંડારીયા-ભાક્ષી રોડ, (૩) મેકડા-ઇંગોરાળા રોડ, (૪) નાના ભમોદ્રા-સીમરણ રોડ, (૫) ખડસલી એપ્રોચ રોડ, (૬) ડેડકડી એપ્રોચ રોડ નોન પ્લાન કાચા રસ્તા અને ૧૦ | (૧) પરિશિષ્ટ મુજબ. |

વર્ષથી રીસરફેસ ન થયા હોય તેવા સાવરકુંડલા તાલુકાના (૧) નાના ભમોદ્રા થી ખડકા રોડ (૨) મોટા જીજુડા થી ખોડીયાર પરા રોડ કે જેને તા.૦૬-૦૨-૨૦૧૯ના રોજ જોબ નંબર આપેલ છે તે રસ્તાના કામ તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ હાલ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત રસ્તાના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? — (૨) ૪ કામો પૂર્ણ બાકીના કામો પરિશિષ્ટ મુજબ.

**પરિશિષ્ટ**

| ક્રમ | રસ્તાનું નામ | તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ | પૂર્ણ કરવાની સંભવિત તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ભોરીંગડા-ક્રાંકચ રોડ- | ૨.૦૦ કી.મી. લંબાઈની કામગીરી પૈકી ૧.૮૦ કી.મી. લંબાઈમાં કામગીરી પૂર્ણ થયેલ છે. ક્રાંકચ ગામના ખેડુતો વચ્ચેના આંતરિક વિવાદને કારણે ૪૦૦ મી. લંબાઈમાં હાલ કામ બંધ છે. | - | ક્રાંકચ ગામના ખેડુતો વચ્ચેના આંતરિક વિવાદનું નિરાકરણ આવ્યા બાદ ૬ માસમાં કામગીરી પૂર્ણ કરી શકાશે |
| ૨ | થોરડી-ભંડારીયા-ભાક્ષી રોડ | જમીન પ્રશ્ન હોવાથી પેન્ડિંગ છે | ૨૨-૧૧-૨૦૨૧ | જમીન પ્રશ્ન હલ થયા બાદ ૧૧ માસમાં કામગીરી પૂર્ણ કરી શકાશે |
| ૩ | મેકડા-ઇંગોરાળા | પ્રગતિમાં | ૨૨-૧૧-૨૦૨૧ | - |
| ૪ | નાના ભમોદ્રા-સીમરણ રોડ | પ્રગતિમાં | ૨૬-૦૪-૨૦૨૧ | - |
| ૫ | ખડસલી એપ્રોચ રોડ | પૂર્ણ | ૨૦-૦૨-૨૦૨૧ | - |
| ૬ | ડેડકડી એપ્રોચ રોડ | પૂર્ણ | ૨૯-૧૨-૨૦૨૦ | - |
| ૭ | નાના ભમોદ્રા ખડકાળા રોડ | પૂર્ણ | ૦૯-૦૨-૨૦૨૧ | - |
| ૮ | મોટા જીજુંડા થી ખોડીયારપરા રોડ | પૂર્ણ | ૦૩-૦૨-૨૦૨૧ | - |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના**

૩૮૩૭૭ **શ્રી કિરીટસિંહ રાણા** (લીંબડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૬૬ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫૨ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૫,૨૦,૦૦૦/- |

---------

**વલસાડ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

૩૮૩૮૩ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૮૭ |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૫,૫૭,૦૦૦/- |

---------

અતારાંકિત પ્રશ્નો

### બોરસદ તાલુકામાં રાસ ગામ ખાતે દાંડી માર્ગના માર્જીનમાં ગેરકાયદે શોપીંગનું બાંધકામ

૩૯૫૪૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૩-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૦૫૦ (અગ્રતા-૩૫)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં રાસ ગામ ખાતેથી પસાર થતા દાંડી માર્ગના માર્જીનમાં ગેરકાયદે શોપીંગ બાંધકામ નડતરરૂપ હોઇ જરૂરી કાર્યવાહી થવા પ્રાંત અધિકારી તથા મદદનીશ કલેક્ટરશ્રી, બોરસદને જાણ કરેલ તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રસ્તાને નડતરરૂપ કેટલું બાંધકામ દૂર કરવામાં આવ્યું, અને | (૧) સદર બાંધકામ દાંડી માર્ગ રસ્તાના રાઇટ ઓફ વે ની હદમાં ન હોઇ માર્ગ અને મકાન વિભાગે કાર્યવાહી કરવાની રહેતી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલું બાંધકામ દૂર કરવાનું બાકી છે, તે ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના

૩૮૩૭૩ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૬૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૬૫ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૬,૫૦,૦૦૦/- |

---------

### કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ

૩૯૪૫૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે તા.૨૨-૦૪-૨૦૦૭ના રોજ ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, (૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર યુનિટ દીઠ કયા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા વર્ષવાર ઉક્ત વીજ કંપની પાસેથી ખરીદેલ વીજળી, તે અન્વયે ચૂકવવામાં આવેલ રકમ અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | કોસ્ટલ ગુજરાત પાવર લીમીટેડ | | |
|---|---|---|---|
| | મિલિયન યુનિટ્સ | રકમ (રૂ-કરોડ) | સરેરાશ દર (રૂ/યુનિટ) |
| ૨૦૧૯ | ૧૨૨૧૮ | ૩૫૨૫ | ૨.૮૯ |
| ૨૦૨૦ | ૧૧૯૨૯ | ૩૪૧૩ | ૨.૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) વીજ ખરીદ્યા સિવાય ફીક્સ કોસ્ટ પેટે ઉક્ત વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) વીજ ખરીદ્યા સિવાય ફીક્સ કોસ્ટ પેટે કોઇ રકમ ચૂકવવામાં આવેલ નથી. |

---------

### પંચમહાલ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ખાલી જગ્યા

૩૯૧૬૧ **શ્રી જેઠાભાઇ ભરવાડ**(શહેરા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પંચમહાલ | (૧) તા.૩૦-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પંચમહાલ |

અતારાંકિત પ્રશ્નો

જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| કેન્દ્રનું નામ | ખાલી જગ્યા |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧૧ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૩૯ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવનાર છે?

(૨) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે.

---------

**આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૮૩૯૫ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૭૯૦ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૮૮ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૭૮.૮૦ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના**

૩૮૪૨૧ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૪૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૩૩૨૦૦/– |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

૩૮૪૫૪ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા વીજજોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૪૪૭૯ વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૧૬૭.૯૨ લાખનો ખર્ચ થયો. |

---------

**નર્મદા યોજનાના કામ પૂર્ણ કરવા બાબત**

૩૯૫૦૧ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : બારમી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રમાં તા.૨૦–૦૩–૨૦૧૨ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૯૯૧૦ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજનાના તમામ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન હતું તો તા.૩૧–૧૨–૨૦૨૦ની | (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત, |

સ્થિતિએ કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે,

- મુખ્ય બંધ, દરવાજાની કામગીરી, નદી તટ જળ વિદ્યુત મથક, નહેર જળ વિદ્યુત મથક, ઈરીગેશન બાયપાસ ટનલ તેમજ સરદાર સરોવર બંધની નીચેવાસમાં ગરુડેશ્વર વિયર અને ગોરા હાઈ લેવલ બ્રિજની કામગીરી પૂર્ણ થયેલ છે.
- તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નહેર માળખાની કુલ સુધારેલ અંદાજીત લંબાઈ, પૂર્ણ થયેલ લંબાઈ તથા બાકી રહેલ અંદાજીત લંબાઈની વિગતો નીચે મુજબ છે.

| **નહેરનું નામ** | **કુલ સુધારેલ અંદાજીત લંબાઈ (કી.મી.)** | **તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઈ (કી.મી.)** | **તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઈ (કી.મી.)** |
|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | - |
| શાખા નહેર | ૨૭૨૫.૭૩ | ૨૬૪૧.૦૪ | ૮૪.૬૯ |
| વિશાખા નહેર | ૪૬૩૩.૨૮ | ૪૪૧૪.૫૧ | ૨૧૮.૭૭ |
| પ્રશાખા | ૧૫૬૬૫.૮૮ | ૧૪૨૬૯.૬૬ | ૧૩૯૬.૨૨ |
| પ્રપ્રશાખા | ૪૬૩૪૬.૪૫ | ૪૦૩૧૬.૩ | ૬૦૩૦.૧૫ |
| **કુલ** | **૬૯૮૨૯.૬૬** | **૬૨૦૯૯.૮૩** | **૭૭૨૯.૮૩** |

ઉપરોકત અંદાજીત લંબાઈમાં હજુ વધ/ઘટ થવા સંભવ છે.

- અન્ય વિદ્યુત મથકો પૈકી (૧) શાખા નહેર ઉપર સોલાર વિદ્યુત મથકની કામગીરી પૂર્ણ થયેલ છે અને ૩૫ મેગાવોટના પ્રોજેકટ કાર્યરત છે, (૨) લઘુ જળ વિદ્યુત મથકોમાં કુલ ૮૫.૪૬ મેગાવોટના પ્રોજેકટ પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ૫૧.૧૦૪ મેગાવોટના કામો પૂર્ણ થયેલ છે અને કાર્યરત છે, જ્યારે બાકીના કામ પ્રગતિમાં છે.
- સૌરાષ્ટ્ર શાખા નહેરના પાંચ પમ્પિંગ સ્ટેશન (ફેઝ-૧ થી ૪) ની કામગીરી પૂર્ણ કરી અને કાર્યરત કરવામાં આવેલ છે, જ્યારે કચ્છ શાખા નહેરના ત્રણ પમ્પિંગ સ્ટેશન (ફેઝ-૧) નું કામ પૂર્ણ થયેલ છે અને કાર્યરત છે જ્યારે ફેઝ-૨ નું કામ પ્રગતિમાં છે અને અંદાજે ૯૨ ટકા કામો પૂર્ણ થયેલ છે.

(૨) નર્મદા યોજના પૂર્ણ થવાથી ગુજરાત રાજ્યમાં આશરે ૧૮.૪૫ લાખ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળવાની શક્યતા હતી તો ઉક્ત સ્થિતિએ કેટલા હેકટરમાં નર્મદા યોજનાની સિંચાઈનો લાભ મળે છે, અને

(૨) નર્મદા યોજનામાં તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી સબમાઈનોર સુધીના કામો પૈકી ૧૪.૯૨ લાખ હેકટર પિયત વિસ્તાર વિકસીત થયેલ છે. ખેડૂતોની માંગણી અને પાણીની ઉપલબ્ધતાના આધારે જળવર્ષ ૨૦૧૯-૨૦ (જુલાઈ-૨૦૧૯ થી જૂન-૨૦૨૦) સુધી ૧૩.૨૮ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઈ થયેલ હોવાનું નોંધાયેલ છે.

(૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપલાઈન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

- પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઈ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.
- સરદાર સરોવર નર્મદા નિગમ લી., નહેર માળખાની મિયાગામ, વડોદરા, સૌરાષ્ટ્ર અને

કચ્છ શાખા નહેરો ઉપર કુલ ૩૪.૩૫૬ મેગાવોટના ૯ વીજ મથકો બનાવવા કામગીરી પ્રગતિ હેઠળ છે અને વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

- કચ્છ શાખા નહેર પરના પમ્પિંગ સ્ટેશન (ફેઝ–૨) ના વિસ્તરણની કામગીરી વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## વડોદરા જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ

૩૮૫૪૦ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) મંજૂર–૨૭ |
| (૨) ઉક્ત બાંધકામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) રૂ.૬૮૮.૫૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) ૨૭ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામની કામગીરી નીચે મુજબના તબક્કે છે.<br>• ૦૧–કામગીરી પૂર્ણ થયેલ છે.<br>• ૧૩–કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.<br>• ૦૪–જમીન મળેલ નથી.<br>• ૦૧–ડીસમેન્ટલ કરવાની ફાઈલ જિલ્લા પંચાયતની મંજૂરી હેઠળ છે.<br>• ૦૨–બાંધકામ ટૂંક સમયમાં શરૂ થશે.<br>• ૦૪–ટેન્ડર મંજૂરી હેઠળ છે.<br>• ૦૨–કોર્પોરેશનની હદમાં આવવાથી બનાવવાના થતા નથી. |

---------

## અમદાવાદ અને સુરત જિલ્લાના વિદ્યાર્થીઓને કોચીંગ આપવા બાબત

૩૯૪૯૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ મેડીકલ, એન્જિનિયરીંગના પ્રવેશ માટેની NEET-JEE જેવી પરીક્ષાઓ પાસ કરી ઉચ્ચ કારકીર્દી બનાવી શકે તે માટે અમદાવાદ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓને કોચીંગ આપવામાં આવ્યું, | (૧) શૂન્ય. |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ક્યા કોચીંગ કલાસને કેટલી રકમ ચૂકવવાની થાય છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ક્યા કોચીંગ કલાસને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

૩૮૩૩૪ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન (વયવંદના) યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૧૮૦ |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૦૦૮ |
| (૩)કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૭૨,૫૨,૫૦૦/– |

---------

**તાપી અને નવસારી જિલ્લાના જર્જરીત આરોગ્ય કેન્દ્રો**

૩૯૫૮૪ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૈકી કઈ સરકારી હોસ્પિટલ અને કયા આરોગ્ય કેન્દ્રોના મકાનો જર્જરીત હાલતમાં છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | સરકારી હોસ્પિટલ/ સા.આ.કેન્દ્ર/ પ્રા.આ.કેન્દ્ર |
|---|---|---|
| ૧ | તાપી | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેગામા, તા.વાલોડ |
| | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બંધારપાડા, તા.સોનગઢ |
| ૨ | નવસારી | ઓ.પી.ડી. બિલ્ડીંગ, એમ.જી.જી. સિવિલ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેના સમારકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૨) **તાપીઃ**

કોઈ ખર્ચ થયેલ નથી.

**નવસારીઃ**

ઓ.પી.ડી. બિલ્ડીંગ, એમ.જી.જી. સિવિલ હોસ્પિટલ નવસારીમાં વર્ષ ૨૦૧૮–૧૯ માં સમારકામ પાછળ રૂ.૪.૮૨ લાખ ખર્ચ થયેલ છે.

**પ્રશ્ન**

(૩) ઉક્ત સ્થિતિએ બાકી જર્જરીત મકાનોનું કયાં સુધીમાં સમારકામ કે નવા બનાવવામાં આવશે ?

**જવાબ**

(૩) **તાપીઃ**

(૧) પ્રા.આ.કે. દેગામા–ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે.

(૨) પ્રા.આ.કે. બંધારપાડા–ટેન્ડર મંજૂરી હેઠળ.

**નવસારીઃ**

(૧) ઓ.પી.ડી. બિલ્ડીંગ, એમ.જી.જી. સિવિલ હોસ્પિટલ–

વર્ષ ૨૦૧૮–૧૯ માં બાંધકામ મંજૂર થયેલ હતું પરંતુ વર્ષ ૨૦૨૦–૨૧ માં નવસારી ખાતે મેડીકલ કોલેજ મંજૂર થતાં ઓ.પી.ડી. બિલ્ડીંગ માટેની ટેન્ડર પ્રક્રિયા સ્થગિત કરેલ છે. મેડીકલ કોલેજના માસ્ટર પ્લાનમાં ઓ.પી.ડી. બિલ્ડીંગનો સમાવેશ કરવામાં આવશે.

---------

**અરવલ્લી જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય**

૩૮૩૪૮ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮૪. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૯,૨૦,૦૦૦/– |

---------

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૮૩૭૫ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૧૭ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૬ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૧,૬૦,૦૦૦/–. |

---------

**કચ્છ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૮૩૭૪ **ડો. નીમાબેન આચાર્ય** (ભુજ):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૬૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૬૫ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૬,૫૦,૦૦૦/– |

---------

**પાટણ જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના**

૩૮૪૦૧ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૦૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૯,૦૦,૦૦૦/– |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૮૩૭૬ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૬૬ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫૨ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૫,૨૦,૦૦૦/– |

---------

**ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૮૩૭૦ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક | (૧) ૧૭૪૦ |

વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૧૭૩૫

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? — (૩) રૂ. ૧૭૩.૫૦ લાખ.

---------

## દાહોદ અને પંચમહાલ જિલ્લામાં FHW, ANM અને GNM ની આઉટસોર્સીંગથી ભરતી બાબત

૩૯૫૬૩ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૨) દાહોદ અને પંચમહાલ જિલ્લા માટે આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ મેસર્સ એમ. જે. સોલંકી, અને મેસર્સ ડી.જી.નાકરાણીને આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૩) દાહોદ અને પંચમહાલ જિલ્લો

| સંવર્ગ | એજન્સીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) (સર્વિસ ચાર્જ) | |
|---|---|---|
| | મેસર્સ એમ.જે.સોલંકી | મેસર્સ ડી.જી.નાકરાણી |
| FHW | ૭૬૬/- | - |
| ANM | ૭૬૬/- | - |

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે?

(૪) દાહોદ અને પંચમહાલ જિલ્લો

| સંવર્ગ | કર્મચારીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) | |
|---|---|---|
| | મેસર્સ એમ.જે.સોલંકી | મેસર્સ ડી.જી.નાકરાણી |
| FHW | ૧૫,૩૧૫/- | - |
| ANM | ૧૫,૩૧૫/- | - |
| GNM | - | ૧૫,૫૮૨/- |

નોંધઃ- (સ્પેશિયલ એલાઉન્સ/ઓવરટાઇમ, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ.સી., બોનસ, રજા પગાર,

---------

૩૯૫૩૩ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરદાર સરોવર નર્મદા યોજનાને રાષ્ટ્રીય

**જવાબ**

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના બે ઘટકો (૧) એ.આઇ.બી.પી અને (૨) હર ખેત કો પાની અંતર્ગત

યોજના જાહેર કરવા રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા, અને

કેન્દ્રીય સહાય મળતી હોઇ તેમજ રાષ્ટ્રીય યોજના અમલીકરણ કરવા માટેની માર્ગદર્શિકાના માપદંડ મુજબ તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરદાર સરોવર નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા રાજ્ય સરકાર દ્વારા કોઇ રજૂઆત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) તે અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા?

(૨) મુદ્દા નં-૧ ને ધ્યાને લેતા લાગુ પડતું નથી.

---------

**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જમીન સંપાદન**

૩૯૧૨૦ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૫-૦૨-૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારે છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં નર્મદા યોજનાના અસરગ્રસ્તોના પુનઃ વસવાટ માટે કેટલી જમીન સંપાદન કરેલી છે,

(૧)

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **સંપાદન કરેલ જમીન (હે.આરે.ચો.મી.)** |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૮૦૬૮.૭૬.૪૫ |
| ૨ | વડોદરા | ૧૦૪૯૪.૫૩.૭૦ |

(૨) તે પૈકી ક્યા તાલુકામાં કેટલી જમીન પુનઃ વસવાટ માટે ફાળવી છે અને કેટલી જમીન કેટલા સમયથી ફાળવ્યા વગર ફાજલ પડેલી છે, અને

(૨)

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **ફાળવેલ/ઉપયોગમાં લીધેલ (હે.આરે.ચો.મી.)** | **ફાજલ જમીન (હે.આરે.ચો.મી.)** | **કેટલા સમયથી ફાજલ છે.** |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૧૮૨૭.૬૦.૦૧ | ૨૦૧.૪૦.૮૭ | વર્ષ ૧૯૮૨ થી સને-૨૦૦૦ દરમિયાન સંમતિ એવોર્ડ/દસ્તાવેજ/ સરકારી જમીન તબદીલીથી મેળવવામાં આવે છે. ફાળવણી બાદ ફાજલ રહેતી આ ગાળા દરમ્યાનની પ્રાપ્ત કરેલ છે. |
| | | નસવાડી | ૧૩૭૫.૮૮.૪૩ | ૫૧.૦૮.૭૫ | |
| | | ક્વાંટ | ૭૩.૩૨.૭૨ | ૦૩.૩૨.૧૦ | |
| | | સંખેડા | ૪૧૨૧.૩૦.૦૦ | ૩૬૨.૭૭.૭૨ | |
| | | **કુલ** | **૭૩૯૮.૧૧.૧૬** | **૬૧૮.૫૯.૪૪** | |
| ૨ | વડોદરા | કરજણ | ૩૪૪.૧૨.૨૦ | ૪૩.૦૫.૩૩ | |
| | | વાઘોડીયા | ૩૬૨૦.૮૧.૯૩ | ૭૩૨.૬૪.૨૮ | |
| | | સાવલી | ૧૧૩૩.૬૯.૦૬ | ૨૩૯.૩૮.૧૮ | |
| | | ડભોઇ | ૩૧૯૬.૧૬.૮૧ | ૪૦૬.૪૮.૦૭ | |
| | | ડેસર | ૪૯૧.૯૭.૨૭ | ૪૨.૫૮.૮૫ | |
| | | શિનોર | ૨૨૩.૬૭.૫૧ | ૦૪.૩૨.૭૪ | |
| | | **કુલ** | **૯૦૧૦.૪૪.૭૮** | **૧૪૬૮.૪૭.૪૫** | |

(૩) ફાળવ્યા વગરની ફાજલ જમીનને ક્યાં સુધીમાં પુનઃવસવાટ માટે ફાળવવામાં આવશે?

(૩) નર્મદા વિસ્થાપિતોનું પુર્નવસન અને પુનઃસ્થાપન પૂર્ણ થયેલ છે. તેમ છતાં નર્મદા અસરગ્રસ્ત માટેના ફરિયાદ નિવારણ પ્રાધિકરણની વિચારણા હેઠળના કેટલાંક જુજ કેસોમાં આખરી નિર્દેશ અને આદેશ મુજબ ફાળવણી કરવામાં આવશે. વધુમાં સરકારશ્રી દ્વારા કેવડીયા, વાગડીયા, નવાગામ, લીંબડી અને ગોરા તથા ગરૂડેશ્વર વિયરમાં નર્મદા યોજનાના કામે અગાઉ સંપાદન થયેલ જમીનો સામે જમીનો આપવાના નિર્ણય અન્વયે પુનઃવસવાટ માટે પ્રાપ્ત કરેલ જમીનો પૈકી ફાજલ જમીનોમાંથી માંગણી અને પસંદગી અનુસાર જમીન ફાળવણી કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

**આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૮૩૯૪ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આણંદ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૭૯૦ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૮૮ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૭૮.૮૦ લાખ. |

---------

**મહેસાણા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત**

૩૮૫૨૪ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત માટે કોઈ સબસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં કુલ ૩૮૮૦૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૦માં કુલ ૪૦૨૧૨ ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે. |
| (૩) આ ગ્રાહકોને ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે? | (૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં<br>રૂ.૪૮૮.૭૭ કરોડની અને વર્ષ ૨૦૨૦માં રૂ.૪૯૩.૮૨ કરોડની સબસિડી આપવામાં આવેલ છે. |

---------

**કોવિડ-૧૯ ના રેપીડ ટેસ્ટ કીટની ખરીદી**

૩૯૪૪૭ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ ના રેપીડ ટેસ્ટ માટે કઈ કંપની પાસેથી કેટલી ટેસ્ટકીટ, શા ભાવે ખરીદવામાં આવી, અને | (૧) અને (૨) પત્રક-૧ મુજબ |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કઈ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે? | |

**પત્રક-૧**

**તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ ના રેપીડ ટેસ્ટકીટની ખરીદીની વિગતઃ-**

| ક્રમ | કંપનીનું નામ | ભાવ પ્રતિ ટેસ્ટ (રૂ.) | ટેસ્ટનો જથ્થો | કુલ રકમ (રૂ.) | ચૂકવવાપાત્ર કુલ રકમ | ચૂકવેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મેસર્સ એસ.ડી. બાયોસેન્સર પ્રાઈવેટ લીમીટેડ | ૪૭૨.૫ | ૪૦,૦૦૦ | ૧,૮૯,૦૦,૦૦૦/- | ૧,૮૫,૯૬,૨૦,૦૦૦/- | ૧,૧૦,૩૮,૪૮,૨૭૫/- | ૭૫,૫૭,૭૧,૭૨૫/- |
| | | ૫૦૪.૦૦ | ૫૦,૦૦૦ | ૨,૫૨,૦૦,૦૦૦/- | | | |
| | | ૪૫૯.૨ | ૨૬,૦૦,૦૦૦ | ૧,૧૯,૩૯,૨૦,૦૦૦/- | | | |
| | | ૪૧૪.૨ | ૧૫,૦૦,૦૦૦ | ૬૨,૧૬,૦૦,૦૦૦/- | | | |
| ૨ | મેસર્સ માયલેબ ડીસ્કવરી સોલ્યુશન પ્રાઈવેટ લીમીટેડ (એમએફજી. મેસર્સ લેબ કેર ડાયગ્નોસ્ટીક્સ | ૪૮૫ | ૧,૦૦,૦૦૦ | ૪,૮૫,૦૦,૦૦૦/- | ૩૯,૬૨,૬૦,૦૦૦/- | ૧૩,૫૭,૭૪,૭૮૭/- | ૨૬,૦૪,૮૫,૨૧૩/- |
| | | ૪૫૯.૨ | ૨,૦૦,૦૦૦ | ૯,૧૮,૪૦,૦૦૦/- | | | |
| | | ૨૫૫.૯૨ | ૧૦,૦૦,૦૦૦ | ૨૫,૫૯,૨૦,૦૦૦/- | | | |

| ક્રમ | કંપનીનું નામ | ભાવ પ્રતિ ટેસ્ટ (રૂ.) | ટેસ્ટનો જથ્થો | કુલ રકમ (રૂ.) | ચૂકવવાપાત્ર કુલ રકમ | ચૂકવેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|---|
| | પ્રાઈવેટ લીમીટેડ | | | | | | |
| ૩ | મેસર્સ લેબ કેર ડાયગ્નોસ્ટીક્સ પ્રાઈવેટ લીમીટેડ | ૪૫૯.૨ | ૧,૫૦,૦૦૦ | ૬,૮૮,૮૦,૦૦૦/- | ૬,૮૮,૮૦,૦૦૦/- | ૪,૦૧,૭૮,૭૭૦/- | ૨,૮૭,૦૧,૨૩૦/- |
| ૪ | મેસર્સ ટ્રીવીટ્રોન હેલ્થકેર પ્રાઈવેટ લીમીટેડ | ૧૦૫.૧૭ | ૨૨,૦૦,૦૦૦ | ૨૩,૧૩,૭૪,૦૦૦/- | ૨૩,૧૩,૭૪,૦૦૦/- | ૮,૩૨,૭૨,૯૧૨/- | ૧૪,૮૧,૦૧,૦૮૮/- |

---------

## રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોને વીજળી વેચવા બાબત

૩૯૭૩૨ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોને કેટલી વીજળી વેચવામાં આવી, અને

(૨) તે અન્વયે આ રાજ્યો પાસેથી કેટલી રકમ વસૂલ કરવામાં આવી?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોને વેચવામાં આવેલ વીજળી અને તે અન્વયે આ રાજ્યો પાસેથી વસૂલ કરેલ રકમની વિગત નીચે મુજબ છે.

| રાજ્યનું નામ | ૨૦૧૯ | | ૨૦૨૦ | |
|---|---|---|---|---|
| | મી.યુ | રૂ. (કરોડ) | મી.યુ | રૂ. (કરોડ) |
| આન્ધ્ર પ્રદેશ | ૫.૪૦ | ૨.૪૦ | - | - |
| છત્તિસગઢ | ૦.૫૦ | ૦.૨૨ | - | - |
| તમિલનાડુ | ૧.૬૦ | ૦.૮૨ | - | - |
| ઉત્તરપ્રદેશ | ૯.૫૪ | ૩.૮૮ | - | - |
| મહારાષ્ટ્ર | ૦.૫૦ | ૦.૨૦ | - | - |
| પશ્ચિમ બંગાળ | ૮.૫૫ | ૩.૨૪ | - | - |
| બિહાર | ૭.૧૩ | ૩.૩૬ | - | - |
| ઝારખંડ | ૩.૩૦ | ૧.૨૯ | - | - |
| ઓરિસ્સા | ૬.૦૫ | ૨.૭૩ | - | - |
| મણિપુર | ૦.૦૪ | ૦.૦૨ | - | - |
| ઇન્ડિયન એનર્જી એક્ષ્ચેન્જ | ૧૩૮.૨૧ | ૫૬.૭૪ | - | - |

અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીની પ્રક્રિયા ડબલ સાઈડેડ ક્લોઝ્ડ ઓક્શન (Double sided closed Auction) હોવાના કારણે ખરીદનાર કોણ છે

---------

## ગાંધીનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન

૩૮૪૯૯ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૭૩ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૧૨૬૫.૪૦ લાખ. |

---------

## મહીસાગર અને નર્મદા જિલ્લામાં FHW, ANM અને GNM ની આઉટસોર્સીંગથી ભરતી બાબત

૩૯૫૬૨ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહીસાગર | (૧) હા, જી. |

અને નર્મદા જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સિંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે?

(૨) મહીસાગર અને નર્મદા જિલ્લા માટે આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ મેસર્સ એમ. જે સોલંકી, અને મેસર્સ ડી. જી. નાકરાણીને આપવામાં આવેલ છે.

(૩) મહીસાગર અને નર્મદા જિલ્લો

| સંવર્ગ | એજન્સીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) (સર્વિસ ચાર્જ) | |
|---|---|---|
| | મેસર્સ એમ. જે. સોલંકી | મેસર્સ ડી. જી. નાકરાણી |
| FHW | ૭૬૬/– | – |
| ANM | ૭૬૬/– | – |

(૪) મહીસાગર અને નર્મદા જિલ્લો

| સંવર્ગ | કર્મચારીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) | |
|---|---|---|
| | મેસર્સ એમ. જે. સોલંકી | મેસર્સ ડી. જી. નાકરાણી |
| FHW | ૧૫,૩૧૫/– | – |
| ANM | ૧૫,૩૧૫/– | – |
| GNM | – | ૧૫,૫૮૨/– |

નોંધઃ– (સ્પેશિયલ એલાઉન્સ/ઓવરટાઇમ, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ.સી., બોનસ, રજા પગાર, યુનિફોર્મ/

---------

**જામનગર શહેર અને જિલ્લામાં કોરોના મહામારી અંતર્ગત ખાનગી હોસ્પિટલોને રકમ ચૂકવવા બાબત**

૩૯૫૧૨ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર કોરોના મહામારી અંતર્ગત રાજ્ય સરકારે જામનગર શહેર અને જિલ્લામાં કઈ–કઈ ખાનગી હોસ્પિટલોમાં ક્યા પ્રકારના કેટલા બેડ ઓક્યુપાઈ કરેલ, અને

(૨) તે અન્વયે ઉક્ત માસવાર કઈ–કઈ ખાનગી હોસ્પિટલને ક્યા પ્રકારના કેટલા બેડ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે જામનગર શહેર અને જિલ્લામાં કોઈ ખાનગી હોસ્પિટલોમાં કોઈપણ પ્રકારના બેડ ઓક્યુપાઈ કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં FHW, ANM અને GNM ની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૩૯૫૦૯ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજકોટ અને પોરબંદર જિલ્લા માટે આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ મેસર્સ એમ. જે. સોલંકી, ભાવનગર ને આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૩)

**રાજકોટ અને પોરબંદર જિલ્લો**

| સંવર્ગ | એજન્સીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) | |
|---|---|---|
| | મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર |
| FHW | ૧,૦૬૨/- | ૧,૦૫૧/- |
| ANM | ૧,૦૬૨/- | ૧,૦૫૧/- |

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે?

(૪)

**રાજકોટ અને પોરબંદર જિલ્લો**

| સંવર્ગ | કર્મચારીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) | |
|---|---|---|
| | મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર |
| FHW | ૧૭,૬૯૫/- | ૧૭,૫૧૬/- |
| ANM | ૧૭,૬૯૫/- | ૧૭,૫૧૬/- |
| GNM | ૧૭,૯૪૬/- | ૧૭,૫૧૬/- |

**નોંધઃ-** (સ્પેશિયલ એલાઉન્સ/ઓવરટાઇમ, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ.સી., બોનસ, રજા પગાર, યુનિફોર્મ/

---------

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં FHW, ANM અને GNM ની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૩૯૫૨૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૨) જૂનાગઢ અને ભાવનગર જિલ્લા માટે મેસર્સ ડી.જી.નાકરાણી, ભાવનગરને આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૩) **જૂનાગઢ અને ભાવનગર જિલ્લો**

| સંવર્ગ | એજન્સીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) (સર્વિસ ચાર્જ) |
|---|---|
| | મેસર્સ ડી.જી.નાકરાણી, ભાવનગર |
| FHW | ૧,૧૯૨/- |
| ANM | ૧,૧૯૨/- |

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે?

(૪) **જૂનાગઢ અને ભાવનગર જિલ્લો**

| સંવર્ગ | કર્મચારીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) |
|---|---|
| | મેસર્સ ડી.જી.નાકરાણી, ભાવનગર |
| FHW | ૧૫,૧૦૪/- |
| ANM | ૧૫,૧૦૪/- |
| GNM | ૧૫,૧૦૪/- |

નોંધઃ- (સ્પેશિયલ એલાઉન્સ/ઓવરટાઇમ, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ.સી., બોનસ, રજા પગાર, યુનિફોર્મ/

**ગાંધીનગર શહેરમાં નિવૃત્ત અધિકારી / કર્મચારીઓ દ્વારા આવાસ વધુ સમય રાખવાની અરજી**

૩૯૪૭૬ **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ / અધિકારીઓને આવાસ ફાળવેલ હોય તે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થયેલ હોવા છતાં આવાસનો કબ્જો પરત સોંપવાને બદલે આવાસ વધુ સમય રાખવા અંગેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) આવા કર્મચારીઓ / અધિકારીઓ પાસેથી ઉક્ત વર્ષવાર આવાસના ભાડા પેટે ક્યા દરે કેટલી રકમ વસુલવામાં આવી, અને

(૪) કેટલા કર્મચારીઓ / અધિકારીઓ પાસેથી કેટલી ભાડાની રકમ વસુલવાની બાકી છે?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મળેલ કુલ અરજીઓ | મંજુર કરેલ કુલ અરજીઓ |
|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | ૭૯૯ | ૭૯૯ |
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૪૬૪ | ૩૬૩ |

(૩)

| વર્ષ | સ્ટાન્ડર્ડ ભાડાના દરે વસુલવામાં આવેલ કુલ રકમ | આર્થિક ભાડાના દરે વસુલવામાં આવેલ કુલ રકમ | માર્કેટ ભાડાના દરે વસુલવામાં આવેલ કુલ રકમ |
|---|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | ૧૧,૮૨,૦૯૬ | ૨૬,૦૭,૧૯૭ | ૨૦,૪૯,૪૫૭ |
| તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૧૦,૯૮,૦૮૮ | ૧૦,૭૦,૫૦૮ | ૧૫,૨૨,૫૫૧ |

(૪) કુલ-૬૯ કર્મચારીઓ પાસેથી રૂ. ૪૨,૯૪,૬૮૮.૦૦ વસુલવાના બાકી છે. જેની વસુલાતની કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

## અમરેલી જિલ્લામાં જેનેરીક દવાઓની દુકાનો

૩૯૫૩૯ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર જેનેરીક દવાઓની કેટલી દુકાનો આવેલી છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી દુકાનો, છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખોલવામાં આવી, અને

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર જેનરીક દવાઓની દુકાનોની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | BPPI દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્ર (PMBJPK) | ગુજરાત સરકાર દ્વારા મંજૂરી અપાયેલ દીન દયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર્સ (DDPMJAS) | કુલ સ્ટોર્સ |
|---|---|---|---|
| બાબરા | ૦૧ | ૦૦ | ૦૧ |
| અમરેલી | ૦૧ | ૦૨ | ૦૩ |
| કુકાવાવ-વડીયા | ૦૧ | ૦૦ | ૦૧ |
| રાજુલા | ૦૧ | ૦૧ | ૦૨ |
| ધારી | ૦૧ | ૦૦ | ૦૧ |
| લાઠી | ૦૧ | ૦૦ | ૦૧ |
| ખાંભા | ૦૧ | ૦૦ | ૦૧ |
| જાફરાબાદ | ૦૧ | ૦૦ | ૦૧ |
| બગસરા | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાવરકુંડલા | ૦૦ | ૦૦ | ૦૦ |
| લીલીયા | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૦૯** | **૦૩** | **૧૨** |

(૨)

| તાલુકો | વર્ષ ૨૦૧૯-૨૦ | | વર્ષ ૨૦૨૦-૨૧ | |
|---|---|---|---|---|
| | BPPI દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી ભારતીય | ગુજરાત સરકાર દ્વારા મંજૂરી અપાયેલ દીન દયાળ પ્રધાનમંત્રી | BPPI દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી ભારતીય | ગુજરાત સરકાર દ્વારા મંજૂરી અપાયેલ દીન દયાળ પ્રધાનમંત્રી |

| | જનઔષધિ કેન્દ્ર (PMBJPK) | જન ઔષધી સ્ટોર્સ (DDPMJAS) | જનઔષધિ કેન્દ્ર (PMBJPK) | જન ઔષધી સ્ટોર્સ (DDPMJAS) |
|---|---|---|---|---|
| બાબરા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અમરેલી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુકાવાવ–વડીયા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| રાજુલા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ધારી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| લાઠી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ખાંભા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| જાફરાબાદ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| બગસરા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સાવરકુંડલા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| લીલીયા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૦૪** | **૦૦** | **૦૪** | **૦૦** |

(૩) દર્દીઓને જેનેરીક દવાઓ સહેલાઇથી મળી શકે, તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૩)

- રાજ્યનાં સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો, સબ ડીસ્ટીક્ટ હોસ્પિટલો, ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલો તથા મેડીકલ કોલેજો ખાતે જી.એમ.એસ.સી.એલ. દ્વારા એસેન્સીયલ ડ્રગ લીસ્ટમાં સમાવિષ્ટ જેનરીક દવાઓ વિના મુલ્યે દર્દીઓને પુરી પાડવામાં આવે છે.
- રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં ભારત સરકારશ્રી હસ્તકની BPPI દ્વારા સંચાલિત કુલ ૫૦૮ પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી કેન્દ્રોને મંજૂરી આપવામાં આવેલ છે. તથા ગુજરાત સરકારશ્રી દ્વારા કુલ–૧૮૦ દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર્સને મંજૂરી આપવામાં આવેલ છે.
- ગુજરાત સરકારશ્રીનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બીજીટી/૧૦/૨૦૧૩/ ન.બા./૧૮, ગાંધીનગર તા. ૦૧–૦૭–૨૦૧૩ તથા કમિશનરશ્રી, આરોગ્યના પરિપત્ર ક્રમાંકઃ ૭૪૨૫૨ તા. ૦૮–૧૧–૨૦૧૬ અન્વયે ગુજરાત રાજ્ય હસ્તકની આરોગ્ય સંસ્થાઓમાં ફરજો બજાવતા તબીબોને સારવાર અર્થે આવતા દર્દીઓને ફરજીયાત જેનરીક દવાઓ જ પ્રિસ્ક્રાઇબ કરવા પરિપત્રિત કરવામાં આવેલ છે.

---------

## ગીર સોમનાથ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

૩૮૪૫૩ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૪૪૭૯ વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૧૬૭.૯૨ લાખનો ખર્ચ થયો. |

---------

## રાજ્યમાં નેશનલ હાઇવે પરથી ટોલટેક્સની આવક

૩૯૫૫૬ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ ની સ્થિતિએ રાજ્યમાં નેશનલ હાઇવે પરથી પસાર થતા વાહનો પાસેથી ઉઘરાવતા ટોલટેક્સની આવક પૈકી કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને | (૧),(૨) અને (૩) ના જી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કોઇ હિસ્સો આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી, અને

(૩) જો ના, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે મેળવવા રાજ્ય સરકાર દ્વારા શા પ્રયાસો કરવામાં આવ્યા?

---------

**સાબરકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત**

૩૮૫૨૬ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત માટે કોઇ સબસિડી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં કુલ ૭૫૯૧૮ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૦માં કુલ ૭૯૨૦૦ ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે. |
| (૩) આ ગ્રાહકોને ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે? | (૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં રૂ. ૨૪૭.૭૧ કરોડની અને વર્ષ ૨૦૨૦માં રૂ. ૨૫૦.૨૭ કરોડની સબસિડી આપવામાં આવેલ છે. |

---------

**અનુસૂચિત જાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અંદાજપત્રની ફાળવણી**

૩૯૪૬૭ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રાજ્યમાં અનુસૂચિત જાતિઓની વસ્તીના પ્રમાણમાં જ અંદાજપત્રની ફાળવણી અંકિત કરવાની હોય છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જાતિ માટે અંદાજપત્રમાં કેટલા ટકા અને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી? | (૨) |

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. કરોડમાં) | ફાળવેલ રકમની ટકાવારી |
|---|---|---|
| ૨૦૧૯–૨૦ | ૫૨૭૭.૬૫ | ૪.૯૬ |
| ૨૦૨૦–૨૧ | ૫૨૨૪.૬૭ | ૪.૭૩ |

---------

**મહેસાણા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના**

૩૮૪૪૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧,૪૩,૨૩૬ |
| (૨)શિષ્યવૃત્તિની કેટલી રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૯,૦૨,૫૬,૫૮૦/–. |

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં FHW, ANM અને GNM ની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૩૯૫૮૧ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ મેસર્સ એમ.જે.સોલંકી, ભાવનગરને આપવામાં આવેલ છે.

(૩) **જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લો**

| **સંવર્ગ** | **એજન્સીને ચૂકવવામાં આવતી રકમ (રૂ.) (સર્વિસ ચાર્જ)** | |
|---|---|---|
| | **મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તાર** | **ગ્રામ્ય વિસ્તાર** |
| FHW | ૧,૦૬૨/– | ૧,૦૫૧/– |
| ANM | ૧,૦૬૨/– | ૧,૦૫૧/– |

(૪) **જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લો**

| **સંવર્ગ** | **કર્મચારીને આપવામાં આવતું મહેનતાણું (રૂ.)** | |
|---|---|---|
| | **મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તાર** | **ગ્રામ્ય વિસ્તાર** |
| FHW | ૧૭,૬૯૫/– | ૧૭,૫૧૬/– |
| ANM | ૧૭,૬૯૫/– | ૧૭,૫૧૬/– |
| GNM | ૧૭,૯૪૬/– | ૧૭,૫૧૬/– |

**નોંધઃ–** (સ્પેશિયલ એલાઉન્સ/ઓવરટાઈમ, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ.સી., બોનસ, રજા પગાર, યુનિફોર્મ/આઈકાર્ડ

**અદાણી સ્કીલ ડેવલપમેન્ટ, અમદાવાદ સાથે અનુસૂચિત જાતિના યુવાન–યુવતીઓને તાલીમ આપવા બાબત**

૩૯૪૯૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૧–૧૨–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૧૦૮ (અગ્રતા–૫૬) ના અનુસંધાને **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કે તેની તાબા હેઠળની કચેરી નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા અદાણી સ્કીલ ડેવલપમેન્ટ, અમદાવાદ સાથે અનુસૂચિત જાતિના યુવાન–યુવતિઓને તાલીમ આપવા માટે વર્ષ ૨૦૧૮–૧૯ માં રૂ.૧૯૮.૦૦ લાખ અને વર્ષ ૨૦૧૯–૨૦ માં રૂ.૧૨૦૦.૦૦ લાખના કરાર કરવામાં આવેલ, તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત વર્ષવાર વિદ્યાર્થીઓને કેવા પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૮–૧૯માં કરવામાં આવેલ રૂ.૧૯૮.૦૦ લાખની જોગવાઈ સામે કોઈ રકમ ચૂકવવામાં આવેલ નથી.

વર્ષ ૨૦૧૯–૨૦માં કરવામાં આવેલ રૂ.૧૨૦૦.૦૦ લાખની જોગવાઈ સામે રૂ.૫૦.૦૦ લાખ તાલીમ આપવા પેટે ચૂકવવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૧૮–૧૯માં બ્યુટી થેરાપિસ્ટ તથા વર્ષ ૨૦૧૯–૨૦માં જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ, બ્યુટી થેરાપિસ્ટ, સેલ્ફ એમ્પ્લોઈ ટેલરીંગ, આસિસ્ટન્ટ ઈલેકટ્રીશીયન, પેડીક્યુરીસ્ટ અને મેનિક્યુરીસ્ટ, જીએસટી વીથ ટેલી, ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર અને ડેસ્કટોપ પબ્લિશીંગ કોર્ષની તાલીમ આપવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર અને અમદાવાદ ખાતે વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ ના અધિકારી/કર્મચારીને સરકારી મકાન ફાળવવા બાબત**

૩૯૪૭૩ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ ખાતે ફરજ બજાવતા વર્ગ–૧, વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪ ના કેટલા અધિકારી/કર્મચારીઓ સરકારી આવાસ મેળવવા પ્રતિક્ષા યાદીમાં છે, | (૧) ઉક્ત સ્થિતિએ મકાનની ફાળવણી વર્ગવાર કરવામાં આવતી ન હોઈ વર્ગવાર પ્રતિક્ષા યાદી બનાવવામાં આવતી નથી. |
| (૨) આવાસો પૂરા ન પાડી શકવાના મુખ્ય કારણો શા છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી કર્મચારી/અધિકારીઓને સરકારી આવાસ તાત્કાલિક મળી રહે તે માટે શી વ્યવસ્થા કરવામાં આવેલ છે ? | (૨) અને (૩) આવાસની ઉપલબ્ધતાનુસાર ફાળવણી થતી હોઈ બદલી થયેલ કમર્ચારી/અધિકારી દ્વારા ખાલી થાય તેવા તેમજ નવા બનાવવામાં આવતા આવાસો ઉપલબ્ધતા અનુસાર ફાળવવામાં આવે છે. |

---------

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)**

**વલસાડ જિલ્લામાં બિલ્ડરના અપહરણ અંગે**

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘તાજેતરમાં વલસાડ જિલ્લાના ઉંમરગામ ખાતે એક બિલ્ડરનું અજાણ્યા ઈસમો દ્વારા બંદૂકની અણીએ અપહરણ કરી રૂ. ૩૦ કરોડની ખંડણી માંગતા તે વિસ્તારના લોકોમાં ભયનું વાતાવરણ ઊભું થવા પામેલ છે. આથી આ ગુનામાં સંડોવાયેલા ઈસમોને ઝડપી લઈ તેમના ગેરકાયદેસર કૃત્ય માટે તેમની સામે કડક કાર્યવાહી કરવા તેમજ લોકોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં’’

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા(રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ ઉમરગામ ખાતેથી જીતુભાઇ મણિલાલ પટેલ રહે.ઉમરગામ નામના બિલ્ડરનું સફેદ કલરની ફોર્ચ્યુનર તથા સફેદ કલરની હોન્ડા સીટી કારમાં આવેલ ડ્રાઇવર સહિતના કુલ ૬ ઇસમોએ બંદુકની અણીએ ફિલ્મી ઢબે અપહરણ કરેલ હતું. આ સંબંધમાં સાગર રાજેશ સિંગની ફરિયાદ અન્વયે ઉમરગામ પોલીસ સ્ટેશન ખાતે તા.૨૩/૦૩/૨૦૨૧ના રોજ રાત્રિના ૯–૪૦ કલાકે ઇન્ડિયન પિનલ કોડની કલમ ૩૬૫, ૧૧૪ મુજબના ગુના સબબ તત્સમયે એફ.આઇ.આર. નોંધી કાર્યવાહી કરવામાં આવેલ. તે દરમિયાન રૂપિયા ૩૦ કરોડની ખંડણીની માંગણી પ્રસ્થાપિત થતાં, તેમજ પકડાયેલ આરોપીઓ અને અપહૃત જીતુભાઇના નિવેદનના આધારે હકીકતો સ્પષ્ટ થતાં ઇન્ડિયન પિનલ કોડની કલમ ૩૯૫, ૩૪૩, ૩૪૬, ૧૨૦–બી, ૩૪, ૩૬૪–એ, ૪૬૫, ૪૬૬, ૪૭૧, ૪૭૪ તથા આર્મ્સ એક્ટ, ૧૯૫૯ની કલમ ૨૫(૧–બી) (એ) મુજબની કલમો પણ લગાડવામાં આવેલ છે.

અપહરણ બાદ ગુનેગારોની ઓળખ થઇ શકે તેવા કોઇ નિશાન ગુનેગારો દ્વારા સ્થળ ઉપર છોડવામાં આવેલ ન હતા. આ બનાવની જાણ થયા બાદ તાત્કાલિક જિલ્લા પોલીસ દ્વારા સમગ્ર સુરત રેન્જમાં નાકાબંધી કરવામાં આવેલ હતી. તેમજ જિલ્લા પોલીસની અલગ–અલગ ટીમો બનાવી, તમામ ટીમોને અલગ–અલગ દિશામાં તપાસ સોંપવામાં આવેલ હતી. તેમજ આ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ સુરત રેન્જ, સુરત શહેર તથા એ.ટી.એસ. ગુજરાતના ચુનંદા અધિકારીઓની ટીમો અપહૃત જીતુભાઇ પટેલની શોધખોળમાં લગાવેલ હતી.

આ ગુનાની તપાસમાં મળેલ માહિતીના આધારે, VISWAS પ્રોજેક્ટ ફેઝ–૧ ના સી.સી.ટી.વી. કેમેરા ઉપરાંત વડોદરાથી લઇ મુંબઇ તથા અન્ય વિસ્તારોના અંદાજે ૭૫૦ કિલોમીટર સુધીના રસ્તા અને રેલવેના ૧૦૦૦ ઉપરાંતના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજો મેળવી ચકાસવામાં આવેલ હતા.

તા.૨૪/૦૩/૨૦૨૧ના રોજ અપહૃત જીતુભાઇના ફોનના સિમ કાર્ડ ઉપરથી આરોપીઓએ રૂપિયા ૩૦ કરોડની ખંડણી ન આપવામાં આવે તો મારી નાંખવાની ધમકી આપેલ, જેનું પોલીસ દ્વારા ટેકનિકલ એનાલીસીસ કરવામાં આવેલ. આ કામે સુરત રેન્જની તમામ ટીમો તથા એ.ટી.એસ., સુરત સીટી ક્રાઇમ, મહારાષ્ટ્ર પોલીસ સાથે સંકલન કરી વલસાડ પોલીસે હ્યુમન ઇન્ટેલીજન્સ, ટેકનિકલ સર્વેલન્સ, સી.સી.ટી.વી. ડેટાના આધારે તા.૨૯/૦૩/૨૦૨૧ના રોજ બોરીવલી રેલવે સ્ટેશન ઉપરથી બે શકમંદ ઇસમોને અટકમાં લીધેલ.

## તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (વલસાડ જિલ્લામાં બિલ્ડરના અપહરણ અંગે)

શકમંદોની પૂછપરછના આધારે અપહ્યત જીતુભાઇને રત્નાગીરીના ટેકરિયાળ વિસ્તારમાં એક મકાનમાં રાખવામાં આવેલ હોવાનું જાણવા મળેલ. આ માહિતી મળતાં, વલસાડ એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમો તે સ્થળે મોકલી, આરોપીઓ પાસે ફાયર આર્મ્સ હોવા છતાં, રેસ્ક્યુ ઓપરેશન કરી રત્નાગીરી ખાતેથી અપહ્યત જીતુભાઇને હેમખેમ કોઇપણ જાતની ઇજા વગર અને માંગેલ ખંડણીનો એક પણ રૂપિયો આપ્યા વગર સહી સલામત છોડાવેલ છે.

આ ગુનાના તમામ ૭ અપહરણકારો (૧) પપ્પુ ચૌધરી કે જે ચંદન સોનારનો જમણા હાથ સમાન મુખ્ય સાગરિત છે, (૨) દિપક ઉર્ફે અરવિંદ યાદવ, (૩) અજમલ હુસેન અંસારી, (૪) અયાઝ, (૫) મોબીન ઉર્ફે ટકલ્યા, (૬) ઈશાક મુંઝાવર, તથા (૭) જીતનેશકુમાર ઉર્ફે બબલુ કુમાર યાદવને પિસ્તોલ–૧, મેગઝીન–૨, મોબાઈલ ફોન–૮ તથા સીમકાર્ડ, રોકડ રકમ, ગુનામાં વપરાયેલ કાર નંગ–૨ હોન્ડા સીટી તથા ફોર્ચ્યુનર (બન્ને કાર દિલ્હી ખાતેથી ચોરી કરેલ હતી.), બનાવટી નંબર પ્લેટ નંગ–૬, ખોટા ઓળખપત્ર જેવા કે આધાર કાર્ડ વિગેરે મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવેલ છે.

આ ગુનાહિત કૃત્યમાં પકડાયેલા તમામ આરોપીઓ હાલ પશ્ચિમ બંગાળની જેલમાં રહેલા કુખ્યાત અપહરણકર્તા ચંદન સોનારના સાગરીતો છે. ચંદન સોનાર ગેંગના આ સાગરિતો દ્વારા છેલ્લા દોઢ મહિનામાં વારંવાર રેકી કરી, ચંદન સોનારની દોરવણીમાં સંપૂર્ણ આયોજનબદ્ધ રીતે ખંડણી માટે અપહરણ કરવામાં આવેલ. આ ગેંગ સમગ્ર દેશમાં અપહરણનું નેટવર્ક ચલાવે છે. જેઓએ ૪૦ જેટલા અપહરણના ગુનાઓને બિહાર, પશ્ચિમ બંગાળ, ગુજરાત, ઝારખંડ, છત્તીસગઢ જેવા રાજયોમાં અંજામ આપેલ છે.

રાજયના ડી.જી.પી., સુરત રેન્જ, વલસાડ પોલીસ, ગુજરાત એ.ટી.એસ. અને મહારાષ્ટ્ર પોલીસના અભૂતપૂર્વ સંકલનના પરિણામે પ્રસ્તુત કેસમાં રાજયના પોલીસ તંત્રએ નમૂનારૂપ અને પ્રશંસનીય કામગીરી કરીને ખૂબ ટૂંકા સમયમાં ગુનેગારોને ઝડપી પાડ્યા છે. એટલું જ નહીં, ખંડણીની રકમનો એક પણ રૂપિયો આપ્યા વિના અને કોઇ પણ પ્રકારની ઈજા વિના અપહૃત વ્યક્તિને હેમખેમ છોડાવી ખૂબ ઉમદા કાર્ય કર્યું છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી જાંબાઝ ગુજરાત પોલીસે ઉમદા કામગીરી કરી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ એ ભૂમિ છે અને આ ભારતીય જનતા પાર્ટીના એ શાસકો છે કે જયાં આતંકવાદ કે ખંડણીખોરને કોઇ સ્થાન નથી. ખંડણીખોરો માટે ઝીરો ટોલરન્સની નીતિ આદરણીય વિજયભાઇના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અને ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજીના નેતૃત્વમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પ્રશ્ન પૂછવા માગું છું કે, આ અપહરણની ઘટનાની જાણ થતાં ગુજરાત પોલીસ દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ? અને આરોપીની ધરપકડ કઇ રીતે કરવામાં આવી તેમાં કોઇ પડકારોનો સામનો કરવો પડેલ છે કે કેમ ? અને મારી જાણ મુજબ કે ૨૨મીએ આ કિડનેપીંગ કરવામાં આવ્યુ અને ૩૦મીની સવારે તો આ બિલ્ડર તેમના ઘરે પણ આવી ગયા હતા તો આવી ઝડપી કાર્યવાહી થઇ છે તે માટે આદરણીય મંત્રીશ્રી આ બાબતમાં જાણ કરશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તેમાં આ એક ગંભીર પ્રકારની ઘટના વલસાડની અંદર બની હતી. સામાન્ય રીતે કોઇ પણ અપહરણની ઘટના બને એટલે સૌથી પહેલાં પોલીસ દ્વારા નાકાબંધી કરાવવામાં આવે છે. નાકાબંધી કરાવ્યા બાદ સી.સી.ટી.વી.ના ફૂટેજ મેળવી અને તેનું એનાલીસીસ કરવામાં આવે છે અને જયાં બનાવ બન્યો હોય તે સ્થળે તે કરવાવાળા તત્વો ફરીથી એ સ્થાનની મુલાકાત લે છે કે કેમ તેના માટે સઘન પેટ્રોલિંગ કરવામાં આવે છે અને બનાવનું સ્થળ અને ગુનેગારની સંભવિત હાજરીવાળા સ્થળના મોબાઇલના ડમ્પ ડેટા મેળવવામાં આવે છે અને સમાન મોડસ ઓપરેન્ડીવાળા આરોપીઓના ડેટાબેઝ મેળવવામાં આવે છે. ગુનો કરનાર તે ધંધાકીય હરીફ હોય કે વેરભાવ કે અન્ય પ્રકારની કોઇ શકમંદ પ્રવૃત્તિના કારણે એનું અપહરણ થયું છે કે કેમ તેની વિગતો એકત્રિત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે ૨૨મી તારીખે જીતુભાઇ પટેલ જેની પાસેથી ૩૦ કરોડ રૂપિયાની ખંડણી માગવા માટે અપહરણની આ યોજના બની હતી. આ યોજનાના આધાર ઉપર ૨૨મી તારીખે રાત્રે ૯–૪૦ વાગ્યે તેની પોલીસને જાણ થઇ અને પોલીસને જાણ થતાં તાત્કાલિક જરૂરી કાર્યવાહી સી.સી.ટી.વી. ફૂટેજ, મોબાઇલ ટાવર, મેં અગાઉ કહ્યું તેમ નાકાબંધી વગેરે પ્રક્રિયા કરી. ૨૩મી તારીખે ભોગ બનનારની કાળા કલરની ફોર્ચ્યુનર કાર એ સંજાણ–ભીલાડ રોડ ઉપરથી બિનવારસી મળી આવી અને તેમાંથી તેમનો મોબાઈલ ફોન મળ્યો. નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર આવેલા ટોલ બુથના સી.સી.ટી.વી. ફૂટેજના એનાલિસીસ દ્વારા જાણવા મળ્યું કે અપહરણકારો નેશનલ હાઈવે નં. ૪૮ થી યુ ટર્ન લઈ અને ફરી ભીલાડ–વાપી તરફ પરત ફરેલાં. ૨૪મી તારીખે સી.સી.ટી.વી. ફૂટેજના એનાલિસીસ ઉપરથી જાણવા મળ્યું કે ગાડીની નંબર પ્લેટ ખોટી લગાવી હતી. એ રાત્રે જીતુભાઈના ડ્રાઈવર સોનુને જીતુભાઈના મોબાઈલ ઉપરથી ફોન આવ્યો. આ અપહરણકારોએ જીતુભાઈનો મોબાઈલ ફેંકી દીધો હતો પરંતુ તેમનું સીમકાર્ડ લઈ ગયા હતાં અને ડ્રાઈવર ઉપર ફોન કરીને તેમના પિતાનો અને તેમની પત્નીનો ફોન નંબર અપહરણકારોએ માગ્યો. આ આરોપીઓ વારંવાર સુરતથી વડોદરા અને વલસાડની વચ્ચે જુદા જુદા લોકેશન બદલીને ફોન કરતાં હતાં. જેના આધાર ઉપર ગુનેગાર પડકાય ન જાય એવી કુશળતા વાપરીને કરતા હતાં. આના માટે છ જેટલી ટીમ વાપરી હતી. અપહરણકારોએ નવા મોબાઈલ ફોનમાં સીમકાર્ડ નાખ્યું એ ફોન ક્યાંથી ખરીદ્યો? એ મોબાઈલ ફોન ખરીદવા ગયા ત્યારે ત્યાંના સી.સી.ટી.વી. ફૂટેજ મેળવી એ મોબાઈલ ફોન ખરીદવાવાળાની ઓળખ કરી અને ઉપલબ્ધ સી.સી.ટી.વી. ફૂટેજ અને સીડીઆર એનાલિસીસ, ડમ્પ ડેટા આ બધાંના આધાર ઉપર આ ૬ ટીમો કામે લગાડી. જીતુભાઈના

પત્નીને ફોન કરીને ૩૦ કરોડ રૂપિયા માગ્યા બાદ ૨૪મી તારીખે જે મોબાઈલ શોપ પરથી આપણને ફૂટેજ મળ્યા હતાં તેનો સ્કેચ બનાવવામાં આવ્યો. ૨૭મી તારીખે મુંબઈ ખાતેના રેલ્વે સ્ટેશનના સી.સી.ટી.વી. ફૂટેજ ચેક કરતાં બોરીવલી સ્ટેશનથી ૫.૩૦ વાગે ટ્રેનમાં બેસેલ હોવાની ખબર પડી. ત્યાંથી એક ઈસમ નાના સુપારા ખાતેથી લોકલ ટ્રેનની મદદથી બોરીવલી સ્ટેશનથી અને બીજો કલ્યાણથી દાદર જઈ અને બોરીવલી સ્ટેશન ઉપર આવેલો. આરોપીઓ ટ્રેન મારફતે સુરત આવી ભોગ બનનારની પત્નીને ફોન કરી અને પાછા મહારાષ્ટ્ર જતા રહ્યાં. જેથી કરીને પોલીસ સાચા લોકેશન સુધી પહોંચી ન શકે પરંતુ અમારા અધિકારીઓએ જુદા જુદા સી.સી.ટી.વી.ના ફૂટેજ જોતાં હતાં એ ફૂટેજમાંથી નિશ્ચિત પ્રકારના લોકો કે જે મોબાઈલ કે અન્ય રીતે જોડાયેલા હતાં તેની ઓળખ કરી અને તેઓ નાલા સોપારા ખાતે ટ્રેસ થયા અને ત્યાંથી બોરીવલી સ્ટેશનના જે સી.સી.ટી.વી. ફૂટેજમાંથી અધિકારીઓએ નક્કી કર્યું કે સંભવિત આ બે લોકો હોઈ શકે. અંધારાનો સમય હતો. આપણે સ્કેચ બનાવી શક્યા ન હતાં પરંતુ આ લોકોને પકડ્યા બાદ ખબર પડી કે એ લોકોએ આ જીતુભાઈને મહારાષ્ટ્રના આઠ કલાકના રસ્તા ઉપર રત્નાગિરીના એક ડુંગર ઉપર એક ઝુંપડી જેવાં મકાનમાં રાખ્યા હતાં. પોલીસની ટીમ ત્યાં ઈશાક નામના માણસને પકડી અને ત્યાં સુધી પહોંચી ગઈ અને જ્યારે એને ચારે બાજુથી ઘેર્યા ત્યારે સામેવાળા વ્યક્તિની પાસે હથિયારો હતાં એટલે એક બાજુ આપણે જીતુભાઈનું જીવન બચાવવાનું હતું અને બીજી બાજુ આ લોકો ચોરીના વાહનો, ખોટી નંબર પ્લેટ અને એના આધાર ઉપર આપણને ગોળ ગોળ ફેરવતાં હતાં, પરંતુ સી.સી.ટી.વી. અને વીડિયો ફૂટેજના માધ્યમથી આપણે આ આરોપીઓને પકડી અને એક પણ પૈસા ચૂકવ્યા વગર એ જીતુભાઈને છોડાવ્યા. ગુજરાતની પોલીસને ગૌરવપૂર્ણ કામ બદલ અભિનંદન આપવા જોઈએ કે જીતુભાઈને સહી સલામત ત્યાંથી લઈ અને એમના ઘર સુધી પહોંચાડ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય પરેશભાઈએ પણ થપથપાવ્યું. મેં જોયું, આપના તરફથી આટલી સારી કામગીરી બદલ વિપક્ષ પણ એમાં સહકાર પૂરાવે અને સભાગૃહના તમામ માનનીય સદસ્યોને મારી વિનંતી છે કે હું આખું વાંચી ગયો છું. આખી વાત ધ્રુજારીપૂર્ણ છે. એક નાની ક્રાઈમ સિરીયલની ફિલ્મ બની શકે અને જે રીતે ગુજરાત પોલીસે કામ કર્યું છે, આ કિસ્સામાં એટલી અદભૂત કામગીરી છે અને એનાથી આખું મોટું નેટવર્ક પકડાયું છે, મેં જ હમણાં વાંચ્યું. એના ઉપરથી મને દેખાય છે. માનનીય મંત્રીશ્રી, આપ એમાં વિશેષમાં માહિતી આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષા ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનામાં જયારે ઘટના ખબર પડી ત્યારે રાજ્યના ડી.જી.પી., અમારા એટીએસના અધિકારીઓ, અમારા સુરત રેન્જના એડીશનલ ડી.જી., અમારા વલસાડના એસ.પી. અને આ સમગ્ર અધિકારીઓની અને એમની નીચેની ૪૦ જેટલા અધિકારીઓની ચુનંદી ટીમ એ બેસ્ટ ટીમ વર્કના આધાર ઉપર સામાન્ય રીતે અહીંયા અધિકારીઓ જયારે ત્યાં નાલા સરપાડા તપાસ કરવા માટે ગયા ત્યારે ત્યાંના પોલીસ અધિકારીઓએ એવું કહ્યું કે સામાન્ય રીતે આ પ્રકારનો ગુનો હોય છે એ તો માત્ર ડીવાય એસપી કક્ષાના અધિકારી જો તપાસ કરવા આવે તો ચાલે, તમે એડીશનલ ડી.જી. કક્ષાના અધિકારી છો તમે શા માટે આવ્યા? તો એમણે કહ્યું કે, ગુજરાતની સરકાર, ગુજરાતનું પોલીસ તંત્ર એક પણ માણસની જિંદગી બચાવવી, એ ગુજરાતની પોલીસનું કર્તવ્ય છે અને એના માટે અમે અહી આવ્યા છીએ. મને આનંદ ત્યારે થયો કે એકબાજુ મહારાષ્ટ્રની કોગ્રેંસની સરકારના ગૃહમંત્રી ૧૦૦ કરોડ રૂપિયા ઉઘરાવવા માટે પોલીસને કામે લગાડે અને એકબાજુ અમારા આ પોલીસ ચુનંદા જાંબાઝ અધિકારીઓએ ૧૦૦ કરોડના ખંડણીખોરને એકપણ લોહીનું ટીપું પાડ્યા સિવાય એને છોડાવવાની ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે. ભૂતકાળમાં પણ જયારે નિર્દોષ નાગરિકોના રક્તથી એ આતંકવાદીઓ ગુજરાતના નાગરિકોને મારવા માટે આવતા હતા ત્યારે અમારી પોલીસ એ વખતે કહેતી હતી કે આ ઇસરત આતંકવાદી છે અને એના પર કરેલું કૃત્ય યોગ્ય છે ત્યારે કોગ્રેંસના લોકો એ પોલીસ અધિકારીઓને જેલના હવાલે કરવાનું કૃત્ય કર્યું હોય તો આ કોગ્રેંસના લોકોએ કર્યું છે. આ પોલીસ અધિકારીઓને એમણે કરેલા ઉત્તમ કામ બદલ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રી તરીકે હું એમને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ,

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષનું કામ સરકારની સારી વાત હોય એની સરાહના કરવાનું છે અને સરકારની કયાંક ચૂક થતી હોય તો એના કાન આમળવાનું છે. પોલીસ તંત્રને નિષ્પક્ષ રીતે કામ કરવા દેવામાં આવે તો એના પરિણામો હંમેશા સારા આવતા હોય છે અને સારા કામની સરાહના કરતા અમે પાટલી થપ થપાવી. દુઃખ એ વાતનું છે કે અમે વખાણ કરીએ એ પચતા નથી. રૂપિયા ૧૦૦ કરોડના આરોપ લગાવીને તમે મહારાષ્ટ્રની સરકાર તોડવાનો પ્રયાસ કર્યો એ વાત સ્વીકારી હોત તો અમે પાછી પાટલી થપથપાવત. ગુજરાત અને મહારાષ્ટ્રની વચ્ચે કેન્દ્ર શાસિત પ્રદેશ સેલવાસ, દાદરાનગર હવેલી ત્યાંના સાત સાત ટર્મથી ચૂંટાતા સિનિયર સાંસદ એક આદિવાસીનો દીકરો કયા ખંડણીખોરોએ એને આત્મહત્યા કરવા મજબુર કર્યો છે? એ વાત ગૃહમંત્રીએ કીધી હોય તો (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, કોઇ પ્રશ્ન હોય તો પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રીએ રેકર્ડ ઉપર કીધું છે કે કોગ્રેસના લોકોએ, કાયદો કાયદાનું કામ કરતો હોય છે, અહીંયા કોંગ્રેસ કે ભાજપ ન હોય, ગુજરાતની પોલીસે જ કાર્યવાહી કરી હતી, ગુજરાતમાં જ નામદાર કોર્ટે કોઇની ઉપર કાર્યવાહી કરી હતી ત્યારે કોગ્રેંસના લોકોએ કોઇને જેલમાં પુરાવ્યા છે, એ વાત સત્યથી વેગળી છે અને આને રેકર્ડમાંથી દૂર કરવામાં આવે એવી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વધારે કંઇ કહેવું છે?

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (વલસાડ જિલ્લામાં બિલ્ડરના અપહરણ અંગે)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે દિવ–દમણની વાત કરી એ હાલ આખે આખો કેસ નામદાર કોર્ટમાં ચાલી રહ્યો છે. એટલે એના સંદર્ભમાં હું પણ કોમેન્ટ કરી શકત, પરંતુ ગૃહમંત્રી તરીકે હાઉસના ફ્લોર પર એના સંદર્ભમાં કહેવું એ અયોગ્ય છે. હું ફરીથી કહું છું કે, અમારા જાંબાઝ પોલીસ અધિકારીઓ કે જેણે આતંકવાદીઓની સામે મુઠભેડ કરીને એ આતંકવાદીઓના મનસુબા પાર પાડવા દીધા નથી. એવા પોલીસ અધિકારીઓને જેલના હવાલે પહોંચાડવા માટે કોંગ્રેસે કોઇ કસર છોડી નથી. એણે રેલીઓ કાઢી અને દેખાવો કર્યા છે. એણે પૂરી તાકાત વાપરી છે.

અધ્યક્ષશ્રી : ચાલો પૂરું થઇ ગયું. આમાં કયો વિષય બાકી રહે છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકોને પકડનારી ગુજરાતની પોલીસ હતી એની ઉપર ખટલો ચલાવનારી ગુજરાતની પોલીસ હતી, ગુજરાતની કોર્ટમાં જ એની ઉપર કાર્યવાહી થઇ હતી. મને જે જાણવા મળ્યું છે એ મુજબ નિષ્પક્ષ તપાસ માટે સરકારે મંજૂરી આપવી જોઇતી હતી. આપણા નિષ્ઠાવાન પોલીસ અધિકારીઓએ જયારે પારદર્શી કાર્યવાહી કરી હોય તો નિષ્પક્ષ તપાસ માટેની સરકારે મંજૂરી શું કામ ન આપી? એ પણ ગૃહમંત્રીશ્રીએ સન્માનનીય ગૃહમાં જણાવવું જોઇએ.

અધ્યક્ષશ્રી : ચાલો, નેકસ્ટ.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ વલસાડની ઘટના. એમાં ગુજરાત પોલીસે કરેલી કામગીરી ખૂબ પ્રશંસનીય છે. સવાલ છે કે કોઇ પણ રાજય, એની કાયદો અને વ્યવસ્થાના આધાર પર એ રાજય કેટલું સક્ષમ છે, એ નક્કી થતું હોય છે. અનેક દાખલાઓ છે અને એમાં એક વધારાનું પીંછું ગુજરાતની પોલીસે એ.ટી.એસ. એ બધાએ સંયુકત ટીમે, ૪૦ લોકોની ટીમે આ કામ કર્યું છે. આપણે બધા એને અભિનંદન આપીએ છીએ. રાજય સરકાર ૧૦ લાખ રૂપિયાનું ઇનામ આ બધાને આપશે. એની હું આ ગૃહમાં જાહેરાત કરું છું.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત સરકારના નાણાકીય તથા વિનિયોગ હિસાબો

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું

(ક) ગુજરાત સરકારના સન ૨૦૧૯–૨૦ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી) તથા

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૯–૨૦ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નાણાકીય તથા વિનિયોગ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

દિવ્યાંગ વ્યકિતઓ માટેના કમિશનરશ્રીનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

## પોઇન્ટ ઓફ ઓર્ડર

## સભાગૃહમાં વિધેયકની નકલ ફાડવા બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય ધારાસભ્યશ્રીએ આ સનમાનનીય સભાગૃહની અંદર જયાં સરકારે ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમમાં સુધારા સાથેનું બિલ રજૂ કર્યું અને પોતે આ બિલના બે ટુકડા કર્યા. આ બિલના માત્ર ટુકડા નથી થયા પરંતુ કેટલાય લોકો આનાથી પીડિત છે, દુઃખી છે એવા લોકોના હૃદયના ટુકડા થયા છે. આ બાબત અત્યારે અત્યંત ગંભીર છે અને નિયમ ૨૪૯માં વિશેષાધિકારનો ભંગ અથવા અવમાન જયારે સભાગૃહની નજર સમક્ષ કરવામાં આવ્યું હોય તો કોઇ સભ્ય તે બાબત ઔપચારિક રીતે સભાગૃહના ધ્યાન ઉપર લાવે તે સિવાય પણ સભાગૃહ તે બાબતમાં પગલાં લઇ શકશે. આ ઉપરાંત લોકશાહીના ધબકારા પુરવણી ત્રણની અંદર પાના નંબર ૯૦માં જે ઉલ્લેખ કરેલો છે એ ઉલ્લેખ પૂરેપૂરો વાંચતો નથી. પરંતુ છેવટે માનનીય અધ્યક્ષશ્રી દ્વારા એમને સભાગૃહમાંથી દૂર કરવામાં આવ્યા હતા. આ ઘટનાને હું નાની ઘટના ગણતો નથી, આ સભાગૃહની સમક્ષ બનેલી સભાગૃહના અવમાનની ઘટના છે. આપના દ્વારા એના માટે યોગ્ય કાર્યવાહી કરી જરૂરી પગલાં લેવામાં આવે તેવું હું આપના ધ્યાન ઉપર મૂકું છું.

અધ્યક્ષશ્રી : આ વિષય ઉપર પોઇન્ટ ઓફ ઓર્ડર જે લેવામાં આવ્યો કે બિલ અંગે સભાગૃહની સમક્ષ માનનીય ધારાસભ્ય શ્રી ઇમરાન ખેડાવાલાએ આ કૃત્ય કરેલ છે. ધારાસભાની પોતાની એક આગવી ગરિમા હોય છે. એમાં પણ ગુજરાતની વિધાનસભા આગવી ગરિમા અને પ્રતિષ્ઠા ધરાવે છે. આ ગૃહ અત્યંત સન્માનનીય ગૃહ ધારો ઘડનારું ગૃહ છે. માનનીય તમામ ધારાસભ્યો સન્માનનીય હોય છે. આજના બિલ ઉપર જે સુધારો આવેલો છે, એના પર માનનીય ઇમરાનભાઇને સંપૂર્ણ રીતે વકતવ્ય કરવા દેવામાં આવ્યું છે. આજના દિવસની આ બિલ સંદર્ભે નોંધ લઉં તો કોઇપણ માનનીય ધારાસભ્યશ્રી બોલતા હોય, ચાહે એ સત્તા પક્ષના હોય કે વિપક્ષના હોય, બંને પક્ષે સામસામે કોઇકે ખલેલ કરવાનો પ્રયાસ કર્યો છે તો મેં એમને અટકાવ્યા છે, રોકયા છે અને બહાર જવા માટે પણ કહ્યું છે. ખૂબ શાંતિથી ગૃહ ચાલે. છેલ્લો દિવસ છે. અત્યાર સુધી બધાએ કો–ઓપરેશન ખૂબ સારી રીતે આપ્યું છે. તેવા પ્રસંગે તમને જયારે માનનીય સન્માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇને સંપૂર્ણ શાંતિથી કોઇએ એમને બોલતા અટકાવ્યા પણ નથી. આપે આખું વકતવ્ય પૂરું કર્યા પછી આપે આપની વાત સંપૂર્ણ રીતે રજૂ કર્યા પછી બિલ ફાડવાનું કૃત્ય કર્યું છે. સ્વાભાવિક રીતે આ તદ્દન અયોગ્ય છે. તેમ છતાં ટ્રેઝરી બેંચ તરફથી અને વિપક્ષના નેતાશ્રી તરફથી તથા માનનીય શૈલેષભાઇ પરમાર તરફથી પણ આ બાબતે ચર્ચા થઇ છે. વિરામનો સમય હતો તેનો સદુપયોગ કરીને તે દરમિયાન પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો હું જોઇ ગયો છું. બિલ ફાડવાનું કૃત્ય હરગિજ ચલાવી લેવાય નહિ. આ કામ તમે સારું કર્યું નથી. આ કોઇ ગલી મહોલ્લાના ચોરા ઉપર કે ચાર રસ્તા ઉપર બિલની હોળી કરવાના જે કિસ્સા બને છે એવું નથી. અહીંયા સંપૂર્ણ સજાગતાથી, સભાનતાથી અને સંસ્કારી રીતે વર્તવા માટેનું આ સભાગૃહ છે. આ સભાગૃહની ગરિમા આપણે જો ઓછી કરીશું તો મને લાગે છે કે લોકશાહીમાં આગળ જતાં એક આ લુણો હંમેશાને માટે નડ્યા કરશે. હું પોતે વ્યક્તિગત રીતે આ બાબતથી ખૂબ દુઃખી થયો, કારણ કે મને શ્રી ઇમરાનભાઇ માટે વિશેષ લાગણી છે. હું નિર્ણયમાં આગળ વધુ તે પહેલાં તમે સ્વચ્છાએ આ સભાગૃહમાં તમારા કૃત્ય બદલ જો દિલગીરી વ્યક્ત કરો તો આના માટે ચોક્કસ કંઇક વિચારી શકાય. હું માનનીય ઇમરાનભાઇને કહું કે આ બાબતમાં બે શબ્દો હકારાત્મક હોય તો બોલે, કારણ કે શ્રી ઇમરાનભાઇ, આ એક દિવસની વાત નથી. આ તમારી અને મારી વાત નથી. આ સત્તાપક્ષની અને વિપક્ષની વાત નથી. (અંતરાય) મેં પહેલાં જ કહ્યું કે હું પૂર્વ અધ્યક્ષના રુલીંગ જોઇ ગયો છું. મને ખબર છે. એટલે આની હવે વધુ ચર્ચા ન થાય અને મને પોતાને પણ એમ થાય છે કે આમાં આટલેથી વાત પતી જતી હોય તો એ ખૂબ ઉત્તમ કહેવાય. ભવિષ્યમાં આ એક દાખલો રહેશે. ભૂતકાળમાં આવા બિલ ફાટ્યા છે, મુખ્યમંત્રીશ્રીના હાથમાંથી ખેંચીને કાગળો ફાડી નાખવામાં આવ્યા છે. અધ્યક્ષશ્રી ઉપર કાગળો ફેંકવામાં આવ્યા છે. આ બધા કિસ્સા હું વાંચી ગયો છું, પણ હું એવું સમજું છું કે આ સન્માનનીય સભાગૃહમાં આજે આપણા સત્રનો છેલ્લો દિવસ છે, એટલે માનનીય ઇમરાનભાઇ પાસેથી મને અપેક્ષા છે કે બહોળું દિલ રાખી અને આપે આ વાતનો સ્વીકાર કરવો જોઇએ. હું આપને એ તક આપવા માગું છું. આપ એ તક સ્વીકારતા હો તો સારી વાત છે. (અંતરાય) આમાં બિલની વાત નથી. આ સભાગૃહની પ્રોપર્ટી છે. આપ તો સિનિયર છો. (અંતરાય) માનનીય શૈલેષભાઇ, સવાલ એ નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ બિલ મુવ થાય એટલે સભાગૃહની પ્રોપર્ટી થઇ જાય છે.

અધ્યક્ષશ્રી : મેં પહેલાં જ કહ્યું સભાગૃહની પ્રોપર્ટી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા કહેવામાં આવે, મંત્રીશ્રી દ્વારા બિલને મુવ કરવામાં આવે. એ હાઉસની પ્રોપર્ટી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, ભૂતકાળના અધ્યક્ષશ્રીના નિર્ણયોમાં એવું પણ છે કે સરકાર કોઇ બિલ લઇને આવતી હોય, અગત્યની કોઇ જાહેરાતો જ્યારે કરવાની હોય એ પહેલા એમણે પ્રેસમાં જવું જોઇએ નહીં. વિધાનસભા ગૃહમાં એની રજૂઆત થઇ ગયા પછી પ્રેસમાં જઇ શકે છે.

અધ્યક્ષશ્રી : જે તે વખતે એનો વાંધો લેવો જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ ઔચિત્યભંગનો નિયમ જ છે. એ પણ એ લોકોએ કર્યો છે. હું નામ સાથે કહેતો નથી, આપ પણ જાણો છો. બન્ને બાજુ પાસા બરાબર છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, અત્યારે એ વિષય નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : એ વિષય આવે છે સાહેબ, સભાગૃહના નિયમ અનુસાર જે વસ્તુની જાહેરાત આ સભાગૃહમાં કરવાની હોય અને એ જાહેરાત કરતા પહેલાં તમે પ્રેસમાં જાવ. એ પણ ઔચિત્ય ભંગ જ છે.

અધ્યક્ષશ્રી : એના માટેની સિસ્ટમ છે. તમે તેને ફોલો કરી નથી. આપની વાતમાં તથ્ય છે પણ એ સિસ્ટમ અત્યારે ફોલો થઇ નથી. એટલે માત્ર હું શ્રી ઇમરાનભાઇ પાસેથી અપેક્ષા રાખું છું.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર જે ચર્ચા થઇ. સૌથી પહેલાં તો હું રાષ્ટ્રવાદી છું. જે સમાજ પર ગૃહમંત્રીશ્રી તરફથી વારંવાર એકની એક વાત કહેવામાં આવતી હતી. મેં ગૃહ મંત્રીશ્રી જે ત્રણ મુદ્દા બોલ્યા તેના ઉપર જ..

અધ્યક્ષશ્રી : મારી વાત સાંભળો, માનનીય ઇમરાનભાઇ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : હું દિલગીરી વ્યક્ત કરું છું કે..

અધ્યક્ષશ્રી : આપે જે દિલગીરી વ્યક્ત કરી એ મારા માટે પૂરતી છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : દિલગીરી વ્યક્ત કરું છું, પરંતુ મારા સમાજને ટાર્ગેટ બનાવવામાં આવતો હતો તેના માટે હું કહેતો હતો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ. એ આપ બોલી ગયા. આપે આગળ વક્તવ્ય કર્યું છે. પ્લીઝ. આપ બેસી જાવ. માનનીય ઇમરાનભાઇએ જ્યારે સભાગૃહ સમક્ષ પોતે બિલ ફાડવાના કામનો, એમનો વાંધો ચોક્કસ હોઇ શકે વિચારોનો, એમના સમાજ માટે એ બોલતા હોય. એ બધું હોઇ શકે, પરંતુ અહીં જે થાય છે તેના માટેની આ વાત હતી અને તમે આ જે દિલગીરી વ્યક્ત કરી છે, હું તમારી દિલગીરી સ્વીકારું છું અને ભવિષ્યમાં કોઇ પણ માનનીય સભાસદે જે કંઇ કરવું હોય એ ગૃહની બહાર કરશો તો અમે કોઇ બોલવા આવવાના નથી, જોવા આવવાના નથી. ગૃહની મર્યાદા આપણે જેટલી રાખીશું, લોકશાહીની પરંપરા એટલી જ મજબૂત થશે. એ ચાહે વિપક્ષ હોય કે સત્તાધારી પક્ષ હોય. આ આખા મારા ટેન્યોર દરમિયાનમાં સ્પીકર તરીકે હું જોતો આવ્યો છું અને એક ધારાસભ્ય તરીકે મેં જોયું છે, માનનીય વજુભાઇ વાળા સાહેબ હતા, માનનીય ગણપતભાઇ સાહેબ હતા અને જે રીતે ગૃહ ચાલવું જોઇએ એ રીતે ચાલી રહ્યું છે. ગૃહની વચ્ચે સંવાદિતા હોવી જોઇએ. ઉશ્કેરાટ થાય, પણ થોડો ઉશ્કેરાટ આપણે કાબૂમાં રાખીએ. ખેર, આજે આ વિષયને આપણે પૂર્ણવિરામ આપીએ છીએ. (અંતરાય) શ્રી હર્ષદભાઇ, કશુ જ બોલાય નહીં (અંતરાય) આમાં સૂચના ન હોય, પછી કરજો, હું તમને પરવાનગી આપું ત્યારે કરજો. (અંતરાય) શેનો પોઇન્ટ ઓફ ઓર્ડર? (અંતરાય) એ પછી કરજો. પહેલા બેસી જાઓ, પ્લીઝ. (અંતરાય) આપ બેસી જાઓ. અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. (સતત અંતરાય) એટલે તમે બોલ બોલ જ કરશો? કેમ આવું આજે છેલ્લા દિવસે કરો છો? આજે હું જાણી જોઇને સફેદ કપડાં પહેરીને આવ્યો છું. શાંતિનો દૂત બનીને આવ્યો છું. મારા પત્નીએ મને પૂછ્યું હતું કે રોજ તો તમે રંગબેરંગી કપડાં પહેરો છો, પણ આજે સફેદ કેમ પહેર્યા છે? મેં કહ્યું આજે છેલ્લો દિવસ છે, શાંતિથી પસાર થાય એટલા માટે. ધન્યવાદ.

**સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ સરકારી વિધેયકો**

**ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક,૨૦૨૧(ક્રમશઃ)**

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, લવ જેહાદના નામનું જે કૃત્ય છે અને એ કૃત્યથી પીડિત હજારો પરિવારોના આંસુઓનું કેન્દ્ર એટલે આજનું આ બિલ. આદરણીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૫– ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક જે લાવેલા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું એક એવા મુદ્દા ઉપર બોલવા માગું છું જે આમ તો ....

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ, એક મિનિટ. પોઇન્ટ ઓફ ઓર્ડરનો વિષય તો પૂરો થઇ ગયો છે. પણ માનનીય ઇમરાનભાઇ, ગૃહની ગરિમા જાળવવા બદલ હું તમારો આભાર માનું છું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું એવા મુદ્દા પર બોલવા માગું છું કે જે આમ તો બિનસાંપ્રદાયિક લોકો માટે સાંપ્રદાયિક મુદ્દો છે. જે વિષય પર હું ચર્ચા કરવા માગું છું એ વિષયથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં અનેક મહાનગરોમાં એવા હજારો પરિવારો છે કે જે લવ જેહાદના નામથી એમના પરિવારો પીડિત છે. લવ જેહાદ એ ઉધઇથી ઓછું નથી. આપણા ઘરમાં ઉધઇ લાગે, કોઇ લાકડા પર લાગી હોય તો એ આખું લાકડું બગડે નહીં, એમાં સડો ન આવી જાય એ માટે આપણે ઉધઇની દવા કરાવતા હોઇએ છીએ. એટલે આ દવા એટલે આજનું આ બિલ છે. આજે વિધાનસભામાં જ્યારે આવવાનું થયું અને વિધાનસભામાં અનેક પત્રકારોએ સવાલ પૂછ્યો કે આજે લવ જેહાદને નાથવા માટેનો (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ, સાંભળી લો. પત્રકારો સાથે શું વાત થઇ એ અહીં ન કહેશો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેતો જ નથી. બિલ માટેની કોઇ ચર્ચા થઇ નથી. કોઇ વિરોધના કારણે વાત રોકવાને કોઇ કારણ નથી. મારી આખી વાત સાંભળવા માટે હું આપને વિનંતી કરું છું. આજના દિવસે હું એવું માનતો હતો કે ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો એકીસાથે મળીને આ ગુજરાતના હજારો પરિવારો જે લવ જેહાદના નામથી પીડિત

છે એ પરિવારોનો સહારો બનવાની કોશિશ કરશે. લવ જેહાદ એટલે શું છે? લવ જેહાદ માટે અનેક વાતો વિપક્ષના મિત્રોએ આ ગૃહમાં કરી. મારા શહેરમાં એવા અનેક કિસ્સાઓ અમે જોયા છે કે જ્યાં છોકરો તુટેલા–ફુટેલા ઘરમાં રહેતો હોય, ભારે ગાડી લાવે, ભારે બાઇકો લાવે, સારાસારા મોંઘાદાટ કપડાં લાવે, માત્ર ને માત્ર છોકરીને ફસાવવા માટે આ પ્રકારના કૃત્ય કરવામાં આવે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં તો ૨ મિનિટ કેવી રીતે?

અધ્યક્ષશ્રી : દંડકશ્રીને કહોને... (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : કારણ કે હમણાં કોઇ સભ્યોને તમે કોઇ મિનિટનું કહ્યું નથી.

અધ્યક્ષશ્રી : દંડકશ્રીએ મને લખીને આપ્યું છે, એટલે કીધું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું બે જ મિનિટમાં પૂરું કરી દઇશ.

અધ્યક્ષશ્રી : તમે વધારે બોલશો એનો વાંધો નથી, પણ ક્લેરિટી કરી દઉં.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહની અંદર અપેક્ષા હતી કે તમામ સભ્યો આ પીડિત પરિવાર માટે કોઇક વાત કરે. કોઇકને વિરોધપક્ષના નેતા તરીકે ટકી રહેવું હતું તો કોઇકને વિરોધપક્ષના નેતા બનવું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મારા માટે દુઃખની વાત છે કે મારા શહેરમાં રહેતી અમરેલીની દીકરી *(xxx) ૧૯ અને ૨૧ વર્ષની માત્ર, મારા શહેરમાં રહેતી ભાવનગરની દીકરી *(xxx) (અંતરાય)

શ્રી પ્રતાપ દુધાત : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે કોઇનું નામ ના લઇ શકાય.

શ્રી હર્ષ ર. સંઘવી : બધું નોટ પર છે.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં પણ દીકરીનું નામ ના અપાય. નામ કાઢી નાખીએ છીએ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વાંધો નથી. અમરેલીની અને ભાવનગરની દીકરીઓ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને અપેક્ષા હતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ વાત પૂરી થઇ ગઇ. પ્લીઝ, બેસી જાવ. નામ કાઢી નાખ્યું. તમારી વાત સાચી છે પણ પછી ચર્ચા ના હોય.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ જ્યારે વાત મૂકતા હતા ત્યારે અનેક પ્રેમ કથાઓ મૂકી ત્યારે મને આશા હતી કે જે માણસ મીડિયામાં ક્યાંકને ક્યાંક સમાજના નામની માગણી મૂકતો હોય કે રાજનીતિ કરતા હોય ત્યારે એ માણસ આજે સમાજની ચાર દીકરીઓના છેલ્લા ત્રણ–ચાર મહિનામાં સુરતની અંદર કેસ બન્યા. અમરેલીની અને ભાવનગરની દીકરીઓના થયા છે એની પીડા અહીંયા વિધાનસભા ગૃહમાં મૂકશે. પણ મારે દુઃખ સાથે જણાવવું પડે છે કે આ દીકરીની પીડા તો એ ના સમજી શક્યા. પરંતુ આ દીકરીના જે પીડિત પરિવાર છે એને યાદ પણ કરી શક્યા નથી કે એના સહયોગમાં એક વાત પણ આ ગૃહમાં જ્યારે રજૂ નથી કરી. આ પીડાની વાત છે. અઢી અક્ષરના પ્રેમની વાત કરી. અઢી અક્ષરના પ્રેમમાં રોમિયો જુલિએટ, જોધા અકબર અનેક એવા લોકોની વાત આવી. માનનીય અધ્યક્ષશ્રી, તમારા સહયોગથી રાધા અને કૃષ્ણની વાત એમને મજબૂરીથી મૂકવી પડી તે બદલ હું આભાર પણ માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારું ભારત અડીખમ છે અને રહેશે જ. કારણ કે મારા ભારતમાં અનેક એવા નેતા માનનીય પ્રદિપસિંહ જેવા છે જે લોકો આવા નરાધમોને રોકવા માટે કાયદો લાવવાની કોશિશ કરી છે. અનેક લોકોએ અનેક વિષય મૂક્યા. મૌલાનાની વાત આવી. અલગ અલગ આવા આરોપીઓને બચાવવા માટે આડકતરી રીતે વિષયો મૂકવાની કોશિશ થઇ. હું માત્ર શ્રી ઇમરાનભાઇને એક જ સવાલ પૂછવા માગું છું કે આશિફ નામનો વ્યક્તિ જો અશોક બનીને ૧૬ વર્ષની દીકરીની પાછળ પડીને એને ફોસલાવવાની કોશિશ કરે, એને ફોસલાવીને એની જોડે લગ્ન કરે છે. જે મૌલાનાની હાજરીમાં એના લગ્ન થાય છે એ મૌલાનાને ખબર છે કે આ આશિફ અશોક બનીને લગ્ન કરે છે તો આશિફ હોય કે મૌલાના હોય બેય એ દીકરી માટે એકસરખા ગુનેગાર હોય છે. એ આશિફ અશોક બનીને લગ્ન કરતો હોય છે. લગ્નના અમુક મહિના પછી એ છોકરીના માલેતુજાર પરિવાર પાસેથી ખંડણી વસૂલ કરવા રૂપિયા લઇ લેવામાં આવે છે અને એ રૂપિયા લઇને આ દીકરીને રોડ ઉપર છૂટી મૂકી દેવામાં આવે છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, માનનીય સભ્યશ્રી આશિફ હોય કે અશોક હોય કોઇને પણ ૧૬ વર્ષની નાબાલિગ વયે લગ્ન કરવાનો અધિકાર નથી. એટલે કાલ્પનિક પાત્રો બનાવીને આ ગૃહને ગેરમાર્ગે દોરવું ઉચિત નથી. (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : પૂછી લઇએ ને. (અંતરાય) એક મિનિટ, આપ વચ્ચે નહીં બોલશો. વાત ચાલે છે ને હું પૂછીશ. હું બેઠો છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફત ૧૮ વર્ષથી નીચેની વયની કોઇપણ દીકરી હોય.જો એની સાથે કયાંય લગ્ન નોંધાયા હોય તો એ રાજય સરકારની ગુનાહિત બેદરકારી કહેવાય.

અધ્યક્ષશ્રી : કાલ્પનિક વાત છે કે સાચી વાત છે? એટલું જ એ જાણવા માગે છે. માનનીય પરેશભાઇ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧(ક્રમશઃ)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી, માનનીય હર્ષભાઇનું કહેવું છે કે આ કાયદાના માધ્યમથી આસિફ એ અશોક નામ ધારણ કરીને છળકપટ કરે છે એવું ઉદાહરણ આપીને માનનીય ધારાસભ્યશ્રીએ સમજાવવા માટેનો પ્રયત્ન કર્યો છે.

અધ્યક્ષશ્રી : ઉદાહરણ છે? ચાલો સરસ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના કિસ્સા હું નથી માનતો કે શ્રી પરેશભાઇથી અજાણ્યા હોય! કારણ કે આ પ્રકારના કિસ્સા ખાલી સુરત, અમદાવાદ, વડોદરામાં બન્યા નથી. આ પ્રકારના કિસ્સા આખા દેશમાં બને છે. રાજનીતિમાં પક્ષ હોય, વિપક્ષ હોય, વિરોધ હોય અને એક પ્રકારનો સપોર્ટ હોય. પરંતુ માનવતાના ધર્મ ખાતર હું શ્રી પરેશભાઇ પાસેથી અપેક્ષા રાખતો હતો કે આ હિન્દુ ધર્મની હજારો દીકરીઓ જો ભોગ બની હોય તો એકવાર માત્ર શ્રી પરેશભાઇ એમના સપોર્ટમાં પણ કંઇક બોલે. મને આશા હતી. શ્રી ગ્યાસુદ્દીનભાઇએ કહ્યું કે ૧૦૦ મુસ્લિમ દીકરીઓના હિન્દુ જોડે લગ્ન થયા છે. હું પૂરા વિશ્વાસ સાથે આ ગૃહમાં આજે એક વાત મૂકવા માગું છું. ૧૦૦માંથી એક પણ કેસ એ પ્રજા સમક્ષ મૂકે કે હિન્દુ પરિવારની અંદર આ મુસ્લિમ છોકરીને કયારેય પણ તરછોડાઇ હોય, કયારેય પણ એની પરિસ્થિતિ બગાડેલી હોય, એવું કયારેય ન બની શકે. એક પણ દાખલો, અગર એક પણ દાખલો આ પ્રકારનો કે અમારે ત્યાંથી કોઇ અશોકે આસિફ બનીને એ દીકરી જોડે લગ્ન કર્યા હોય તો હું એની સામે ફરિયાદી બનવા તૈયાર છું. હું આ ગૃહની અંદર ખાતરી આપું છું કે હું પોતે એની સામે ફરિયાદી બનીશ અને ફરિયાદ કરીને રહીશ. માત્ર વાતો મૂકવી અને આ પ્રકારનો કાયદો કે જે કાયદામાં આવનારા દિવસોમાં અનેક જે આ ઓર્ગેનાઇઝ ક્રાઇમના મેમ્બર્સ છે, જે ફન્ડીંગની વાત છે આ અનેક જગ્યાએ પણ આ પ્રકારનું પુરવાર થયેલું છે અને ભૂતકાળમાં પણ આ પ્રકારના કેસો આપણા સૌની સમક્ષ આવ્યા છે. હું આદરણીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબ જે બિલ લાવ્યા છે તેમાં સહયોગ પણ કરું છું, મારો સૂર પણ પુરાવું છું. અનેક પ્રેમકથાઓ, અનેક પ્રેમકપલની વાત જયારે માનનીય પરેશભાઇએ મૂકી.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ, તમે તમારી પૂરી વાત મૂકી શકો છો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર મારી વાત પૂરી કરું છું. માત્ર એક કપલનું નામ એ ભૂલી ગયેલા હતા. મને ખ્યાલ છે કે એમને દુઃખ થશે પરંતુ એ કપલનું નામ એ જાણતા હતા તો પણ ન બોલ્યા એટલા માટે મારે મૂકવું પડે છે કે શ્રીમતી ઇન્દીરા ગાંધી અને શ્રી ફિરોઝ ખાનજી પણ આમાંના એક કપલ હતા. (અંતરાય) વાંધો નહીં, એ તમારા વિષયમાં મૂકજોને. તમારે પણ શ્રી શૈલેષભાઇ, અમને અપેક્ષા પણ નથી. તમારું હ્યુમન રાઇટસ, તમારું માનવ, હ્યુમન રાઇટસ માત્ર એક જ સમાજ માટે છે. હિન્દુ સમાજની જો નાની નાની દીકરીઓ તરછોડાય તો એ લોકો માટે કોઇ હ્યુમન રાઇટસની વાત કયારેય નહીં કરે એ કૉંગ્રેસના સંસ્કાર છે. અમારી એમની પાસે કોઇ અપેક્ષા પણ નથી. હું માનનીય ગૃહમંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પણ પુરાવું છું અને હું વિનંતી પણ કરું છું કે આનાથી પણ કડકમાં કડક પગલાં જો લેવાતા હોય, આપણે જે આજે એક પગલું ભર્યું છે, આપણે જે આજે એક શરૂઆત કરી છે, આ દીકરી, આ પીડિત પરિવારના સહયોગી બનવા માટે આપને હું વિનંતી કરું છું, હજુ પણ વધુમાં વધુ કડક કાયદો આની અંદર લવાય.

અધ્યક્ષશ્રી : શું હતું માનનીય ઋત્વિકભાઇ? પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. એમણે શ્રીમતી ઇન્દીરા ગાંધી અને શ્રી ફિરોઝ ખાન એવું કહ્યું, એમની પાસે ફિરોઝ ખાન એવો કોઇ આધાર પુરાવો હોય તો ગૃહ સમક્ષ રજૂ કરે.

અધ્યક્ષશ્રી : આવો કોઇ પુરાવો હોય તો રજૂ કરજો. થેન્કયુ.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક ૧૫ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક આ સભાગૃહ સમક્ષ લાવ્યા છે, એનું હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું. મારી જાતને ખૂબ જ સદનસીબ ગણું છું કે આ લવ જેહાદનો કાયદો આ સુધારા ઉપર અહીંયા આવ્યો છે, એમાં હું સહભાગી થયો છું.

આ લવ જેહાદની શરૂઆત કેરળ રાજયથી થઇ છે. શરૂઆતમાં આ લવ જેહાદને કોઇએ મહત્ત્વ ના આપ્યું. જ્યારે સન ૨૦૧૪માં સત્તા પરિવર્તન થયું અને આપણા ગુજરાતના પનોતા પુત્ર અને ભારત દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી ત્યારે લવ જેહાદ સામે લોકોમાં જાગૃતિ આવી અને સરકારશ્રીએ પણ આ બાબતમાં ચિંતા વ્યકત કરી તે બદલ હું ભારત દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી, ગૃહ રાજ્ય મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબને આજના દિવસે લાખ લાખ અભિનંદન આપું છું. લવ જેહાદ પૂર્વ નિર્ધારિત કાવતરું હોય તેવું અવશ્ય લાગી રહ્યું છે. હિન્દુસ્તાનને ઇસ્લામિક દેશ બનાવવાના પ્લાનિંગ સાથે લવ જેહાદને અમુક લોકો દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે પણ સરકારશ્રીની જાગૃતતા બદલ હું સરકારશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. આપણા ગુજરાતના લોકલાડીલા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ ગૃહરાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું. લવ જેહાદ જેવું બિલ લાવીને કટ્ટરપંથીઓને જડબાતોડ જવાબ આપ્યો છે, તે બદલ હું અભિનંદન આપું છું. ભારત દેશના એકલા કેરળ રાજયમાં અંદાજે ૧૦,૦૦૦ ઉપરાંત દીકરીઓ આ લવ જેહાદનો ભોગ બની છે. નાસમજમાં આવીને ધર્મ પરિવર્તન કર્યું છે એવી શંકા છે. કેરળ હાઇકોર્ટે પણ શંકા વ્યક્ત કરી છે. આઇએસઆઇએસના ઇશારે

બહેન દીકરીઓને લલચાવી, ફોસલાવી ગેરમાર્ગે દોરી લવ જેહાદને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આપણો હિન્દુસ્તાન એક અખંડ દેશ હતો. ત્યાર બાદ ભારત દેશના ભાગલા પડ્યા. તે વખતે મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે હિંદુ સમાજ અહીંયા શાંતિથી રહી શકે અને મુસ્લિમ સમાજ પાકિસ્તાનમાં શાંતિથી રહી શકે એ માટે જે તે વખતે ભાગલા પડ્યા. પાકિસ્તાનમાં રહેતા હિન્દુઓ અત્યારે વર્તમાન સ્થિતિની વાત કરીએ તો પોતાની જમીન, જાગીર, પ્રોપર્ટીના કારણે તે વખતે ત્યાં રહેવું પડ્યું. પરંતુ વર્તમાન સ્થિતિમાં તે લોકો ઉપર ત્યાંના જેહાદીઓ દ્વારા હુમલાઓ થયા. ત્યારે નછુટકે તેઓ અત્યારે ભારતમાં આવે છે. પરંતુ અહીંયા એટલે ભારતમાં પણ જેહાદીઓ દ્વારા જો આવી સ્થિતિ ઊભી કરવામાં આવે તો તેઓની સામે આ બિલ લાવવું ખૂબ જ જરૂરી છે. તેથી હું આપણી સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારો બનાસકાંઠા જિલ્લો એ સરહદી જિલ્લો કહેવાય છે. પાકિસ્તાન બોર્ડરની નજીક આવેલો જિલ્લો છે. ત્યાં બનાસકાંઠા જિલ્લામાં પાકિસ્તાનથી અનેક લોકો પાસપોર્ટ દ્વારા સગા સંબંધીઓ મારા જિલ્લામાં નગરપારકર અને સીંધમાંથી આવતા હોય છે. જ્યારે તેઓ ત્યાંની વાત કરે છે, ત્યારે આપણું હૃદય કંપી ઊઠે છે. હું એ માટે આપશ્રીને વાત કરી રહ્યો છું કે ત્યાં ૧૫ વર્ષ ઉપરાંતની બહેન દીકરીઓને ઘરની બહાર પણ નીકળવાનો અધિકાર નથી. જો પાકિસ્તાનમાં ઘરની બહાર નીકળે તો નગરપારકર જે જિલ્લો છે, ત્યાં હિન્દુઓની સંખ્યા પ્રમાણમાં સારી છે. જો ઘરની બહાર બહેન દીકરીઓ નીકળે તો આ કટ્ટરપંથીઓ દ્વારા ખુલ્લેઆમ તેમને ઉપાડીને લઇ જવામાં આવે છે. જો ત્યાં આવી સ્થિતિ હોય અને તેઓ પાસપોર્ટ દ્વારા નાગરિકતા માટે અહીંયા આવીને અરજી કરે અને અહીંયા રહેવા માટે આવતા હોય અને અહીંયા પણ લવ જેહાદના કિસ્સાઓ બનતા હોય, આ જેહાદીઓ દ્વારા આવા કૃત્યો કરવામાં આવતા હોય તો એ લોકો બિચારા કરે શું? જાએ તો જાએ કહાં? પોતાને ત્યાં ધંધા, રોજગાર, પ્રોપર્ટી મૂકીને આવે અને અહીંયા આવે તો જેહાદીઓ દ્વારા આવા કૃત્યો થતા હોય તો તેઓની પીડા કેવા પ્રકારની હોય છે તે આપણે સૌ જાણી શકીએ છીએ. દક્ષિણ ભારતમાં આઇએસઆઇએસ દ્વારા અનેક હુમલાઓ આપણી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે આરએસએસ, વીએચપી કાર્યકર્તાઓ ઉપર થયા છે. તેઓ ભારતીય સંસ્કૃતિની રક્ષા કરનારા સ્વયંસેવકો છે. આ હુમલાના કારણે અનેક સ્વયંસેવકોએ શહીદી વ્હોરી છે. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે અગાઉ મુસ્લિમ કલાકારો હિન્દુ નામ ધારણ કરીને આ હિન્દુસ્તાનમાં કામ કરતાં હતાં. નાટકો અને ફિલ્મોમાં કામ કરતા હતા, તેઓ જાણતા હતા કે મુસ્લીમ નામ રાખીશું તો અહીંનો સમાજ આપણને સ્વીકૃતિ નહીં આપે. પરંતુ અત્યારની વર્તમાન સ્થિતિ જુઓ, અત્યારના કલાકારો જાહેરમાં બોલે છે કે મેરી બીબી તો હિન્દુ હોગી લેકીન બચ્ચે તો મુસ્લિમ ધર્મ હી અપનાયેંગે. આવી હિંમત આજના આ મુસ્લિમ કલાકારો કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું જરૂરથી કહીશ કે આ બિલ કાયદો બન્યા પછી આલિયા, માલિયા, જમાલિયા અને ઇકબાલિયાઓ લવ જેહાદના નામે આ દેશને ઇસ્લામિક બનાવવાના જે સ્વપ્નાઓ જોઇ રહ્યા છે તે ક્યારેય પૂરા નહીં થાય. તેઓને આ દેશ છોડીને જતા રહેવાની ચીમકી આપુ છું. ભારતની આઝાદી પહેલા પાકિસ્તાન અને વર્તમાન બાંગ્લાદેશમાં હિન્દુઓની જનસંખ્યા અંદાજે ૨૭ ટકા તેમજ ૩૨ ટકા હતી જે ઘટીને પાકિસ્તાનમાં ૧.૨ ટકા થઇ ગઇ છે અને બાંગ્લાદેશમાં ૭ ટકા જેટલી થઇ ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનમાં આવીને આવી સ્થિતિ રહી તો સન ૨૦૧૧ની જનગણનાને આધારે મુસ્લિમોની આબાદી વધી છે તેમજ હિન્દુઓની જનસંખ્યા ઘટી છે માટે આવનારી પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે જો આપણે આ બાબતે જાગૃતિ લાવીને આ બિલ પાસ ન કર્યું તો. ભૂતકાળમાં ભોપાલ શહેરમાં મહારાણી લક્ષ્મીબાઇ મહાવિદ્યાલય જે મુસ્લિમ વિસ્તારની પાસે હતી. જેમાં પ્રતિવર્ષ ૫૦ થી ૬૦ હિન્દુ વિદ્યાર્થિની દીકરીઓને લવ જેહાદથી પ્રેમજાળમાં ફસાવી આ જેહાદીઓ દીકરીઓનું જીવન બરબાદ કરતા હતા પરંતુ હિન્દુ સમાજની જાગૃત્તિને કારણે એ કોલેજને હિન્દુ વિસ્તારમાં લઇ જવામાં આવી. ત્યાર બાદ ક્રમશઃ આ સીલસીલો ઘટ્યો છે. આ જેહાદીઓ લવ જેહાદના નામે કઇ રીતે પોતાની જાળમાં બહેન દીકરીઓને ફસાવે છે એ જુઓ, કોલેજોની આજુબાજુ ભમવું, હાથમાં રક્ષા પોટલી કે નાળાછડી બાંધવી, હિંદુઓના નામ ધારણ કરવા, મોબાઇલની દુકાન ઉપર, ખાણી–પીણીના સ્ટોલ ઉપર બેસીને તેમજ હિન્દુ દીકરાઓ સાથે દોસ્તી કરીને એમના ઘર સુધી પ્રવેશ કરવો આ એક માત્ર એમનો વ્યવસાય બની ગયો છે. વિરોધ પક્ષ સંવિધાનની વાત કરે છે, પરંતુ બહુમતીના જોરે શાહબાનુ કેસ કોણ લાવ્યું? બંધારણમાં કોણે સુધારો કર્યો? જરાક વિચાર કરશો તો ખ્યાલ આવશે. સુપ્રીમ કોર્ટના જજમેન્ટને પણ ઘોળીને પી જવામાં આવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, લવ જેહાદના નામે જે છેતરપીંડી કરી હેરાન કરે છે, હિન્દુ નામ ધારણ કરીને લવ જેહાદ ચલાવે છે ત્યારે માનનીય ગૃહમંત્રીશ્રીને હું કહેવા માગું છું કે આવા જેહાદીઓને ભર બજારમાં ફાંસી આપવી જોઇએ અને જમીનમાં ઘરબી દેવા જોઇએ. હું આપના માધ્યમથી એ પણ કહેવા માગું છું કે, કોઇ મુસ્લિમ મિત્રને દુઃખ પહોંચાડવાનો મારો ઇરાદો નથી પરંતુ હું એટલું તો જરૂરથી કહીશ કે, હર મુસલમાન આતંકવાદી નહીં હોતા લેકીન જ્યાદાતર આતંકવાદી કૌન હોતા હે વો આપ સબ જાનતે હે. માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના મિત્રોને વિનંતી છે કે, બહુમતી સમાજ નારાજ થાય એવા કોઇ કામ ન કરો, આ હિન્દુસ્તાન છે આવનારી ચૂંટણીઓમાં જે થોડું ઘણું બચ્યું છે એ સાચવવું હોય તો બહુમતી સમાજને સાથે રાખીને ચાલો. માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે હું એક સંદેશો આપવા માગું છું કે, વિરોધ પક્ષના આગેવાનોએ પ્રેમ શબ્દની વ્યાખ્યા કરી પરંતુ પ્રેમમાં છળ–કપટ ક્યારેય ન હોઇ શકે, પ્રેમમાં લોભ–લાલચ–પ્રલોભન ક્યારેય ન આપી શકાય. હું આપના માધ્યમથી એક દાખલો આપવા માગું છું કે, માનનીય શીલા દિક્ષીત ૧૫ વર્ષ સુધી દિલ્હીના મુખ્યમંત્રી હતા અને ખૂબ જ સારામાં સારી કામગીરી કરતા હતા. ખૂબ સારા વ્યક્તિ હતા અત્યારે તેઓ સ્વર્ગમાં છે

ઇશ્વર તેમના આત્માને શાંતિ આપે. મારે એમનો દાખલો આપીને કહેવું પડે છે કે, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીતની પુત્રી ઉર્ફે લતિફાએ વર્ષ ૧૯૯૬માં સૈયદ મહમદ ઇબ્રાહીમ ખાન સાથે લગ્ન કર્યા હતા એ લતિફાની યુવાની ઓછી થઇ એટલે એમના પતિએ જુલ્મ ગુજારવાનું શરુ કર્યું, જાન લેવાનો પ્રયત્ન કર્યો, કોર્ટમાં આરોપ મૂકાયો અને છૂટાછેડા થયા. કોંગ્રેસી મિત્રો આમાંથી આપ થોડું તો શીખજો. માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ કહેવા માગું છું કે, લવ જેહાદના નામે જે નાની નાની દીકરીઓને ફસાવવામાં આવે છે અને દીકરીઓને ભોળવીને, છેતરીને આ લોકો પોતાની પ્રેમજાળમાં ફસાવે છે એવા અનેક દાખલાઓ છે. હમણાં તાજેતરમાં જ આવો એક બનાવ મારા પાલનપુર ખાતે બન્યો છે. એક સરકારી કર્મચારી મેડિકલ લીવ ઉપર ઉતરે છે અને આબુરોડ જઇ અને પ્રેમલગ્ન કરે છે. મેડિકલ લીવ ઉપર ઉતરીને અને પ્રેમલગ્ન કરવાનો એને કોઇ અધિકાર નથી. આવીને આવી બીજી એક વાત હું આબુ રોડની કરું છું. એક પ્રજાપતિ સમાજની, કોંગ્રેસના આગેવાન, પ્રજાપતિની ભત્રીજી, એ આગેવાનની ભત્રીજી એક વિધર્મી દ્વારા લાવવામાં આવી અને એની સાથે છળકપટ કરીને જ્યારે લગ્ન કરવાની વાત મૂકવામાં આવી અને એ જ્યારે અમારા ધ્યાનમાં આવ્યું ત્યારે તાત્કાલિક એના મા બાપ, એમના આગેવાનોને બોલાવીને એ દીકરીને પરત કરવામાં આવી. આવી તો અનેક દીકરીઓ સમગ્ર ગુજરાત નહિ આખા ભારત દેશમાંથી ભોળવી છેતરીને આ લોકો લવજેહાદના નામે આ પ્રવૃત્તિ કરી રહ્યા છે, આ દીકરીઓને ફસાવીને, ફોસલાવે છે એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, હું તો આપને એટલું જ કહેવા માગું છું કે જો આ જેહાદીઓ એમ સમજતા હોય કે આ ઇસ્લામિક દેશ અમે ફરી બનાવી દઇશું તો એ લોકો એટલું જરૂરથી સમજી લે કે આ હિંદુસ્તાન છે, પાકિસ્તાન નથી અને હિંદુસ્તાનમાં રહેવું હોય અને જો હિંદુસ્તાનનું ખાતા હોય, હિંદુસ્તાનનું પીતા હોય તો હિંદુ સમાજની વાત કરવાનો અધિકાર દરેકને છે અને હિંદુ સમાજને અન્યાય કરવાનો પ્રયાસ જ્યારે પણ કરવામાં આવશે તે ક્યારેય સાંખી લેવામાં નહિ આવે. આપ સૌનો ખૂબ ખૂબ દિલથી આભાર.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. સવારથી લવ–જેહાદ, લવ–જેહાદ, લવ–જેહાદ, અહીંયા સંભળાય છે. બિલની અંદર લવ–જેહાદ નામના શબ્દનો કોઇ ઉપયોગ થયો નથી. આ બિલ જો આપણે હકીકત સુધારા બિલ લઇને આવ્યા હોઇએ તો એમાં કલમો થોડીક વધારે નાંખવાની જરૂરિયાત હતી. પૂર્વ કોંગ્રેસી આગેવાનોએ પણ કહ્યું કે કોઇ લોભ, લાલચ, પ્રલોભનો, પચ્ચીસ વરસે આપણને ખબર પડે કે આ પ્રકારનું કૃત્ય થઇ રહ્યું છે તો રાજ્યના ગૃહ મંત્રાલયના મજબૂત નેતા છે, રાજ્યના ખંડણીખોરોને પકડે છે તો આવા લોકોને જેલમાં નાંખવાનું કામ કરવાની બધી કલમો આપણે ભૂતકાળમાં નાંખી ચૂક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સુધારા બિલની અંદર આવશ્યકતા એ પ્રકારની છે કે, લવ–જેહાદ કોઇ વ્યક્તિ કે જ્ઞાતિ કે સમાજ ઉપર ના હોય આ પ્રકારનું કૃત્ય કરનારનો કોઇ સમાજ નથી હોતો. આ પ્રકારનું કૃત્ય કરનાર વિકૃત માનસિકતાના લોકો હોય છે અને વિકૃત માનસિકતાના લોકોને સમાજમાં કોઇ પણ જગ્યાએ સ્થાન હોવું પણ ના જોઇએ. આવા લોકો જે તમે વાત કરો છો એમાં તમને સમર્થન એ પ્રકારે આપી શકીએ કે કલમ એ પ્રકારની કડક નાંખો કે આ લગ્ન સુધારણા કે લગ્નની જ્યાં નોંધણી થતી હોય એ લગ્ન નોંધણી થતી વખતે જેમ અમારા શ્રીમતી ગેનીબહેને કહ્યું તેમ ગ્રામ પંચાયતની અંદર આની લગ્ન નોંધણીનો કાયદો કડક બનાવવામાં આવે. ગ્રામ પંચાયતની અંદર લગ્ન નોંધણીનો કાયદો એટલા માટે કડક બનાવવામાં આવે કે હિંદુ ધર્મ હોય, ક્રિશ્ચિયન ધર્મ હોય, શીખ ધર્મ હોય, મુસ્લિમ ધર્મ હોય, બૌદ્ધ ધર્મ હોય પોતપોતાના ધર્મની અંદર પોતાના નાના મોટા વાડા હોય છે અને એ વાડાની અંદર એક કોમ્યુનિટી ધારો કે હું પટેલ કોમ્યુનિટીમાંથી આવું છું તો અન્ય કોમ્યુનિટીમાં અમારી દીકરીના લગ્ન થાય તો ક્યારેય પણ કોઇ મા બાપ એને સાંખી લેવા માટેની તૈયારી ના હોય. જ્યાં સુધી માતા–પિતાની પરમિશન ન હોય ત્યાં સુધી આ લગ્નને માન્ય એટલા માટે ન રાખવા જોઇએ. એ વાત ઉપર હું એટલા માટે અમુક વાતમાં સમર્થન કરી શકીશ કે અસામાજિક તત્વો કરતા અસામાજિક માનસિકતાના લોકો એ વ્યક્તિઓની મા–બાપની સહમતીથી એવા લગ્ન થતાં હોય તો આ કાયદામાં એવી કલમ નાંખવામાં આવે, આ કાયદામાં એક કલમ એ પ્રકારની હોવી જોઇએ કે, દીકરીના મા–બાપની પરમિશન વગર લવ મેરેજ કોઇએ કર્યા હોય તો પ્રોપર્ટીમાં ભાગ માગે, એમની મિલકત ઉપર દાવો માંડે ત્યારે મા–બાપની મિલકત ઉપર એ દીકરીનો હક્ક ન લાગે આ બિલમાં એવી કલમ નાખવાની એમની તૈયારી છે કે કેમ? બીજો એક મુદ્દો એ પ્રકારનો છે કે લવ–જેહાદ તો લગ્ન થાય એ પછી પણ થાય છે. અહીંયા ઘણી વાતો ઇન્દિરાજીની થઇ, ઘણી વાતો અહીંયા કોંગ્રેસના નેતાઓની થઇ, લવ–જેહાદ તો બહેનપણીના ઘરમાં રહીને અને બનેવીને ભગાડી મૂકી અને એની સાથે ઘર માંડે ત્યારે એના ઉપર કયો ગુનો લાગુ કરવો જોઇએ એનો એક સુધારો કરવો જોઇએ. એક સમયે અટલ બિહારી બાજપાઇજી વિદેશ મંત્રી હતા ત્યારે અફઘાનિસ્તાનના પ્રવાસે ગયા હતા. મેં યુ–ટ્યુબમાં એમનું કાવ્ય જોયેલું એની વાત છે. ત્યારે એ કનિષ્ક હોટેલમાં રોકાયા હતા, કનિષ્ક હોટેલ એટલે અફઘાનિસ્તાનની અંદર એ હિંદુ ધર્મને માનતી હોટલ હતી ત્યારે બાજપાઇજીએ સવાલ કર્યો ત્યારે એ લોકોએ એ વાતને સમર્થન આપ્યું કે અમે ઉપાસનની પદ્ધતિ બદલી છે સંસ્કૃતિ નહિ.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે. સભાગૃહ ૬–૦૦ વાગ્યે ફરી મળશે.

**(વિરામ સાંજના ૫–૩૦ થી ૬–૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ગૃહમંત્રીશ્રી ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક બિલ–૨૦૦૩નું સુધારા સાથેનું લઇને આવ્યા છે, ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક–૨૦૨૧.

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧(ક્રમશઃ)

માનનીય અધ્યક્ષશ્રી, ધર્માંતરણના વિરોધમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીએ ચિંતા કરી અને ચિંતા કર્યા પછી વર્ષ ૨૦૦૩ની અંદર આ ગુજરાત વિધાનસભામાં આ બિલ લઇને આવ્યા. વર્ષ ૨૦૦૩માં બિલ લાવ્યા પછી કોઇ પણ ધર્મનો વ્યકિત જયારે ધર્માંતર કરતો હોય ત્યારે આ રાજય સરકાર તે ધર્મ બદલનાર વ્યકિત માટે કે ધર્મ બદલનાર લોકો માટે કેટલી ચિંતા કરે છે તેનું જો કોઇ ઉદાહરણ હોય તો વર્ષ ૨૦૦૩માં બનેલો આ કાયદો આ વિધાનસભા ગૃહે પાસ કરેલો. આ કાયદો કે જેના નિયમો એ વર્ષ ૨૦૦૮માં બન્યાં. એટલે જે ધર્મ સ્વાતંત્ર્યનો જે કાયદો તમે લઇને આવ્યા હતા તેના નિયમો બનાવતા તમને પાંચ વર્ષ થયા એટલે તેના પરથી ફલિત થાય છે કે, ધર્મના નામે તમે આ શું કરવા માગો છો ?

માનનીય અધ્યક્ષશ્રી, આજે સુધારા વિધેયક લઇને આવ્યા છે અને સુધારા વિધેયક–૨૦૦૩માં હતુ, વર્ષ ૨૦૨૧માં લઇને આવ્યા એટલે આમ જોવા જઇએ તો ૧૮ વર્ષ પછી ફરી પાછું એમને એમ લાગ્યું કે અમારી નૈયા હાલક–ડોલક થશે માટે ફરી પાછું આ બિલ લઇને આવ્યા છે. ગુજરાતની વિધાનસભા છે, કાયદો ઘડવાનો અધિકાર છે અને તેની ઉપર ચર્ચા પણ થવી જોઇએ અને ચર્ચા–વિચારણાને અંતે બિલ પાસ થતાં હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અગાઉના વક્તાઓએ આ બિલ અંગેની બન્ને પક્ષે ખૂબ લંબાણપૂર્વક ચર્ચા કરી છે અને ચર્ચાના અંતે ભારતીય જનતા પાર્ટીના તમામ ધારાસભ્યશ્રીઓ તેમાં માનનીય મંત્રીશ્રી પણ આવી જાય તે લવ જેહાદ માટેનું આ બિલ લઇને આવ્યા છે. લવ જેહાદના નામે ખૂબ લંબાણપૂર્વકની ચર્ચાઓ થઇ સ્વભાવિક છે કે, વર્ષ ૨૦૨૨નું પ્લેટફોર્મ નક્કી કરવાનું આ સૌથી મોટામાં મોટું માધ્યમ છે. લવ એ અંગ્રેજી શબ્દ છે એનો અર્થ થાય પ્રેમ અને જેહાદ શબ્દ છે તે અરબી ભાષાનો શબ્દ છે એનો અર્થ જો આપણે ગુજરાતીમાં લઇએ તો સંઘર્ષ અથવા પ્રયાસ થાય છે. આ લવ જેહાદની વાત કરીને વિધાનસભા ગૃહની અંદર માનનીય કાયદા મંત્રીશ્રી જે સુધારા લઇને આવ્યા છે તે સુધારા આમ જોવા જઇએ તો ખૂબ નાના છે. ગઇ કાલે પણ વિધાનસભા ગૃહની અંદર બિલોની ચર્ચા થઇ અને બિલોની ચર્ચાની અંદર એમ કહેવામાં આવ્યું કે આ ખૂબ નાના સુધારણાના સ્કોપ છે અને સ્કોપની અંદર બોલવું તો સવારની બેઠક ત્યાર પછી આ બીજી બેઠક બે નાના સુધારા કલમ–૩માં ત્રણ વર્ષની જગ્યાએ પાંચ વર્ષ અને ચાર વર્ષની જગ્યાએ સાત વર્ષ આ સુધારાના અનુસંધાનમાં બળજબરીપૂર્વક કોઇ ધર્મનો વ્યકિત, કોઇ ધર્મની દીકરીને ભગાડીને લગ્ન કરાવે એના માટે ખૂબ લંબાણપૂર્વક ચર્ચા કરી. હિંદુ અને મુસ્લિમ ધર્મની વાત થઈ, ભારત–પાકિસ્તાનની વાત થઈ, અલગ–અલગ દેશોની આ બિલમાં ચર્ચા કરી. અમારા નેતાએ તો કોને કોની સાથેનો પ્રેમ તેની આખી પરિભાષા આ વિધાનસભાગૃહમાં રજૂ કરી. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આપણા પૈકીના માનનીય સિનિયર ધારાસભ્યશ્રીએ મને એક પત્ર લખ્યો. એમાં કહ્યું કે, ભવિષ્યમાં કોઈને પ્રેમ ઉપર પી.એચ.ડી. કરવી હોય તો આ જે સંભાષણો થયા છે, એમાં પ્રમુખ ભાષણ માનનીય પરેશભાઈનું છે. માનનીય જીતુભાઈ વાઘાણીએ આ લખ્યું છે. એમની સંમતિથી એમનું નામ જાહેર કર્યું.

શ્રી શૈલેષભાઈ પરમાર : પ્રેમની પરિભાષાની વ્યાખ્યા ખૂબ લંબાણપૂર્વક આ વિધાનસભાગૃહમાં વાત મૂકી છે. ઘણા સિનિયર નેતાઓએ વાંધો પણ ઉઠાવ્યો કે એ બિલથી અલગ બોલી રહ્યા છે પણ પ્રેમની વાત હતી. પ્રેમની વ્યાખ્યામાં તો બધું જ ચાલે. જીવનમાં એક વખત લગ્ન પહેલાં કે લગ્ન પછી પ્રેમ કરવો જોઈએ. મેં લગ્ન પહેલાં કરી લીધો અને મારી પ્રેમિકા જ મારી ધર્મપત્ની છે.

અધ્યક્ષશ્રી : આપ ખુલાસો કરો છો?

શ્રી શૈલેષભાઈ પરમાર : બાપુ જાણે છે કે મારા ઘરમાં મેં જેને પ્રેમ કર્યો છે એ મારી ધર્મપત્ની રાજસ્થાની રાજપૂતાણી છે. મારા લગ્નજીવનને ૨૫ વર્ષ પૂરા થઈ ગયા છે. બે નાના બાળકો પણ છે અને હવે કૉલેજમાં ભણે છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે બિલ ઉપર વાત કરું. આ દેશના ગૃહપ્રધાન શ્રી જી. કિશન રેડ્ડીએ સંસદમાં વ્યાખ્યાન આપ્યું હતું અને એમણે કહ્યું હતું કે, ભારતના હાલના કાયદાઓમાં લવ જેહાદના શબ્દને વ્યાખ્યાયિત કર્યો નથી. કોઈ પણ કેન્દ્રીય એજન્સી તરફથી લવ જેહાદનો કોઈ મામલો સૂચિત કરવામાં આવ્યો નથી. આવો ખુલાસો ભારતીય જનતા પાર્ટીના સન્માનનીય ગૃહપ્રધાનશ્રી જી. કિશન રેડ્ડીએ કર્યો હતો. એના અનુસંધાનમાં ખૂબ લંબાણપૂર્વક ચર્ચાઓ થઈ છે ત્યારે ''દુઃખ દેકર ભી સવાલ કરતે હો, તુમ ભી ગાલિબ ક્યાં કમાલ કરતે હો. '' ડૉ. બાબા સાહેબ આંબેડકર રચિત દેશના બંધારણના આમુખમાં લખ્યું છે (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : તમે કવિતા કંઇક બોલોને એટલે મને ચટપટી થાય, મે અહીં જ લખી. ''ઠંડે અવાજે તમે, ઠંડે અવાજે તમે વાત કરીને, આગ લગાડી તમે ફૂલો ફેંકીને.''

શ્રી શૈલેષ મ. પરમાર : ''મેં સબકા દિલ રખતા હું, મેં સબકા દિલ રખતા હું ઔર સૂનો મેં ભી એક દિલ રખતા હું.'' માનનીય અધ્યક્ષશ્રી, ભારતનું આમુખ, ભારતનું આમુખ સંવિધાનિક આમુખની અંદર બહુ કલીયરલી આ દેશની આઝાદી મળી પછી જે બંધારણ ઘડાયું એના આમુખમાં લખવામાં આવ્યું છે, આ આમુખ ભારતના સંવિધાનનું પાયાનું તત્ત્વ છે. આ આમુખ સૂચવે છે કે ભારતના લોકો પાસે આખરી સત્તા છે અને સંવિધાનની ઉત્પતિ તેમાંથી થઇ છે. આમુખમાં રાષ્ટ્રના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, રાજકીય, ન્યાય, વાણી અને અભિવ્યકિતની સ્વતંત્રતા, ધર્મમાં શ્રધ્ધા, પૂજાની માન્યતાની સ્વતંત્રતા તેમજ દરજ્જો અને તકની સમાનતા આપવાની ઘોષણા કરવામાં આવી છે. આ બંધારણના આમુખમાં લખેલું છે અને બંધારણને આધીન આ બંધારણમાં મૂળભૂત હકો, અધિકારો એનો પણ કલીયર ઉલ્લેખ કરવામાં આવેલો છે. સંવિધાનના

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧(ક્રમશઃ)

નીચેમાં મૂળભૂત હકો કે જે માન્ય રાખેલ છે એ સમાનતાનો હક આર્ટીકલ ૧૪થી ૧૮માં, સ્વતંત્રતાનો હક આર્ટિકલ ૧૯થી ૨૨માં, શોષણ સામેનો હક આર્ટિકલ ૨૩થી ૨૪માં અને ધાર્મિક સ્વતંત્રતાનો એ આર્ટિકલ ૨૫થી ૨૮માં દેશના બંધારણમાં બહુ ક્લીયરલી લખવામાં આવેલ છે અને આર્ટિકલ–૧૫માં લખ્યું છે કે ધર્મ, જ્ઞાતિ કે લિંગના આધારે ભેદભાવ ઉપર પ્રતિબંધ માટેનો આર્ટિકલ–૧૫ છે. આ દેશની અંદર જયારે બંધારણ લખાયું ત્યારે બંધારણને આધીન જે દેશના એ વખતના સ્વતંત્ર સેનાનીઓએ જે વાત મુકી, એમાં બિન સાંપ્રદાયિકની વાત આવી અને તે વખતે કે ભારતનું સંવિધાન એ બિનસાંપ્રદાયિક રાજ્યનું પ્રતીક છે. રાજ્યનો કોઇ સત્તાવાર ધર્મ નથી. બિનસાંપ્રદાયિકની જોગવાઇ એટલી વ્યાપક છે કે જેમાં, દરેક વ્યકિતને તેઓની પસંદગીનો ધર્મ ફેલાવો કરવાનો, પાળવાનો અને અભિવ્યકત કરવાની સંપૂર્ણ તક છે. સંવિધાનમાં વ્યકિતને માત્ર ધર્મ અને અંતઃકરણની સ્વતંત્રતા જ આપવામાં આવી નથી સાથે સાથે કોઇ પણ પ્રકારનો ભેદભાવ રાખવા સામે રાજ્ય ઉપર કડક પ્રતિબંધ પણ મુકે છે. ધર્મને ધ્યાનમાં લીધા વિના દરેક નાગરિકની ખાતરી આપવામાં આવે છે અને તે વખતના ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સન્માનનીય ડો. રાધાકૃષ્ણજીએ તેમના પુસ્તક રીકવરી ઓફ ફેઇથમાં પાના નં. ૧૮૪ પર ભારતના ધર્મનિરપેક્ષની નીચે પ્રમાણે સમજ આપી હતી. તેમણે કીધું હતું કે ભારત એક ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે તેનો અર્થ એમ નથી કે એમાં અલૌકિક શકિત કે ધર્મ વિમુક્તની નાસ્તિકતાનો જાકારો આપીએ છીએ. બિનસાંપ્રદાયિકમાં અહિંસા પરમો ધર્મ છે કે રાજયને તેના લીધે દિવ્ય હકો મળી જાય છે એમ માનીએ છીએ. કોઇ પણ ધર્મ અને આંતરરાષ્ટ્રીય સ્તરે જેમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે એમ કરી તે વખતના ભૂતપૂર્વ ડો. રાધાકૃષ્ણજીએ એ વાત કરી હતી. હું માનનીય મંત્રીશ્રીને ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યો હતો અને એમની વાતમાં રાજ્યની એમણે ખૂબ ચિંતા કરી, આ કાયદો લાવવાનું, આ કાયદામાં સુધારો કરવાનું કારણ શું? તો કોઇ એક ધર્મનો વ્યકિત, કોઇ બીજી ધર્મની વ્યકિત સાથે બળજબરીપૂર્વક લગ્ન ન કરી શકે, એના ધર્મનું એ પરિવર્તન ન કરાવી શકે. આ બે હેતુના અનુસંધાનમાં આ બે કલમોમાં સુધારો કરી અને સજાની જોગવાઇની આ સભાગૃહમાં ચર્ચા થઇ. એમાં કોઇ જગ્યાએ લખ્યું નથી કે આ જ ધર્મનો દિકરો કે આ જ ધર્મની દિકરી, આ જ ધર્મની દિકરી કે આ જ ધર્મનો દિકરો એવું કોઇ જગ્યાએ લખ્યું નથી. પરંતુ સ્વાભાવિક છે કે ગુજરાત રાજયની અંદર હિન્દુ ધર્મની વસતિનું પ્રમાણ સૌથી મોટું છે એટલે સ્વાભાવિક છે કે એની વાત થાય એની ચર્ચા થાય, એનું નામ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં આ રાજયે અનેક કાયદાઓ ઘડયા, ગૌ હત્યા પર પ્રતિબંધનો કાયદો આ રાજય સરકારે જ ઘડયો. કાયદામાં સુધારો લઇને આવ્યા છે એટલે માનનીય મંત્રીશ્રી જે બોલેલા છે એના અનુસંધાનમાં જ હું બોલીશ. ગૌ હત્યા પર પ્રતિબંધ વિધેયક લઇને આવ્યા હતા અને પાસ પણ થયેલ છે. શું રાજય સરકારને હું પૂછવા માગું છું કે ગૌ હત્યા પ્રતિબંધ વિધેયક પાસ કર્યા પછી પણ શું આ રાજયમાં ગૌમાંસ પકડાતું નથી? વિધાનસભાના આંકડા આજે પણ જોઇએ તો આજે પણ આપણને આંકડાઓ પરથી ખ્યાલ આવશે કે આજે પણ આ જ ગુજરાતની અંદર ગાયને સૌ માતા ગણે છે પણ ગાય પર રાજ કરનારા અને રાજકારણની વાત કરનારા, આજે પણ માંસ પકડાય છે. સરકારે આ કાયદો બનાવ્યા પછી કેટલી અસરકારક રીતે કેટલો અમલ કર્યો છે એ સરકાર કોઇ દિવસે રજૂ કરે છે? ગાય અને માંસની ચર્ચા કરે, આ રાજયમાં લાખો ગૌચરની જગ્યાઓ બે પગ વાળા આખલાઓ ચરી રહ્યા છે. સરકારે શું એની ચિંતા કરી?

માનનીય અધ્યક્ષશ્રી, બેનની વાત કરી. ચેઇન સ્નેચિંગનો કાયદો લાવ્યા, હું સરકારને એ પૂછવા માગું છું કે હંમેશાં બેનો જ ચેઇન પહેરતી હોય છે, મોટા ભાગની મંગળસૂત્ર પહેરતી હોય છે. ટી.વી, મિડિયા કે સોશિયલ મિડિયાના માધ્યમથી આજે પણ આપણે જોઇએ છીએ કે શું સરકાર એ કાયદો લાવ્યા પછી ચેઇન સ્નેચિંગના કેસો ઘટયા છે ખરા? શું બહેનોની આપણે રક્ષા કરી શકયા છીએ ખરા? બળાત્કાર માટેનો નાની બાળકીઓ માટેનો પોશકોનો કાયદો લાવ્યા, દિકરીને ગાય દોરે ત્યાં જાય, દિકરી તો પારકી થાપણ કહેવાય. કોઇ વ્યકતિ કોઇની દિકરી સાથે કોઇ દિકરો કોઇ ધર્મની દિકરી સાથે લગ્ન કરે અને ધર્મનું પરિવર્તન કરાવે એટલે એની પર સજા થવી જોઇએ, એને ફાંસીના માંચડે લટકાવવો જોઇએ, એમાં હું પણ સંમત છું. પણ શું એનાથી સરકાર છૂટી જવા માગે છે? શું ફકત કોઇ દિકરી કોઇ દિકરા સાથે લગ્ન કરે અને ધર્મના નામ સાથે જોડીને એને સજા કરો, કરવી જોઇએ. હજારો દિકરીઓ (અંતરાય)....

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, માત્ર લગ્ન કરે એટલે એવું છે જ નહીં, સગીર હોય અથવા બદ ઇરાદાપૂર્વક.

શ્રી શૈલેષ મ. પરમાર : બધું કહું છું સાહેબ, સગીર તો આવી જ જાય. સાહેબ, ધર્મ પરિવર્તનનું કહું છું.

અધ્યક્ષશ્રી : ધર્મ પરિવર્તન સ્વૈચ્છિક કરે એના માટે વાત જ નથી. આ તો જસ્ટ આપનું સ્ટેટમેન્ટ એને ફાંસીએ ચઢાવી દેવાનું કાલે કોઇ લખશે.

શ્રી શૈલેષ મ. પરમાર : પરાણે ધર્મ બદલે એને બળજબરીપૂર્વક કહેવાય. આ રાજયમાં બળાત્કારના તમામ કાયદાઓ છે. આપણે દિકરીની ચિંતા કરીએ છીએ. કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો. આ રાજયમાં મા–દિકરીઓ પર રોજના ચાર કરતાં પણ વધારે બળાત્કારના કેસો બને છે, સરકાર કેમ કોઇ પગલાં ભરતી નથી. એમાં રાજકારણ નથી આવતું. એ દીકરી આપણી મા–બહેન નથી? સરકારની એ જવાબદારી કે ફરજનો ભાગ નથી કેમ એવું કોઇ બિલ લાવતા નથી કે એની કેમ કોઇ ચર્ચા થતી નથી? એમાં તો કોઇ પણ ધર્મ કે કોઇ પણ જાતિ કે કોઇ પણ કોમની દીકરી કે મા હોઈ શકે છે. ચાર ચાર બળાત્કારના કિસ્સા થતા હોય એની ચર્ચા સભાગૃહમાં ન થાય. કોઇ મા–દીકરીનું અપહરણ થઇ જાય, આ રાજયમાં રોજ પાંચ મા–દીકરીનું અપહરણ થાય છે સરકાર કેમ ચૂપ છે? કોણે રોકયા છે? કાયદા છે, કલમો છે, પોલીસ છે, સરકાર છે પણ ના

ઇચ્છા શકિતનો અભાવ છે. સામૂહિક બળાત્કારના કેસો જોઇએ તો આ રાજયમાં છાશવારે અઠવાડિયામાં એક બે દિવસે સામૂહિક બળાત્કારના કેસો બને છે. કોણે રોકયા છે? કેમ થાય છે? કોણ કરાવે છે? કયા ધર્મનો છે? કઇ જાતિનો છે એની ચર્ચા નહિ થાય. કહી દેવાશે કે બળાત્કાર થયો છે. પરાણે કોઇ દીકરીને લઇ જવી એની સાથે પરાણે લગ્ન કરવા એનું ધર્મ પરિવર્તન કરો એ મોટો ગુનો છે પણ આ દીકરી કુવારી હોય, નાબાલિક હોય, જેનું અપહરણ થયું હોય, જેની મા–દીકરીનું અપહરણ થયું હોય જયારે એની ઇજ્જત લૂંટાતી હોય હવે લગ્ન કરે કે ન કરે સરકારને એની ચિંતા નથી પણ વર્ષ ૨૦૨૨માં જે લવ જેહાદને આ કાયદા સાથે કોઇ લેવા–દેવા નથી. ફકત બે સુધારા લઇને આવ્યા છે તેમ છતાં પણ સન ૨૦૨૨ની તૈયારીના પરિણામ સ્વરૂપ આ ચર્ચા વિધાનસભાગૃહમાં થઇ રહી છે. મારે તમને પૂછવું છે કે ૨૫–૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર, તમે કાયદા બનાવ્યા છે, તમારી પાસે સ્પષ્ટ બહુમતી છે, હમણાં જ ચૂંટણી થઇ એમાં તમે તાલુકા પંચાયત જીત્યા, તમે જિલ્લા પંચાયત જીત્યા, તમે નગરપાલિકા અને મહાનગરપાલિકા જીત્યા છો. ત્યારે પણ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી ચાલતી હતી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભાષણમાં કહેતા હતા કે અમે લવ જેહાદનો કાયદો લાવીશું. આ બિલ તમે લઇને આવ્યા છો એમાં એક શબ્દ તો બતાવો કે આમાં લવ જેહાદ કયાં લખેલું છે? પ્રજા સાથે કયાં સુધી આ રીતે કરશો? આ રાજયના બાળકોની ચિંતા કરીએ છીએ, આપણે ૧૮ વર્ષની દીકરીની ચિંતા કરવી જોઇએ. રાજય સરકારની જવાબદારીના ભાગરૂપે માતાના ગર્ભમાં રહેલ બાળક આજે પણ આ રાજયમાં કુપોષણ સાથે પિડાય છે એની ચિંતા રાજય સરકારે કરવી જોઇએ. એ દીકરો પણ હોઇ શકે છે અને દીકરી પણ હોઇ શકે છે. આ રાજયમાં દેહનો વેપાર ખુલ્લેઆમ ચાલે છે. કેમ એ કોઇ બહેનો દેહનો વેપાર કરતી એ કોઇની મા કે દીકરી હશે ખુલ્લેઆમ વેપાર થાય છે. સરકાર શું કરવા માગે છે? જઇને સરકાર પૂછે છે કે બહેન તુ આ લાઇનમાં કેમ આવી છે? એને પૂછવા કોઇ સરકારના અધિકારી કે કોઇ મંત્રી કે કોઇ ધારાસભ્ય ગયો છે? ત્યાં નહિ જાય. એ પણ દેહનો વેપાર એની મજબૂરીમાં કરતી હશે. સરકારને ખ્યાલ છે ચોપડે ખબર છે, પોલીસ ખાતુ જાણે છે ત્યાં સરકાર નહિ જાય. ત્યાં રાજકારણ નથી ફકતને ફકત *(XXX) આજે દીકરીઓ ખુલ્લેઆમ વેચાઇ રહી છે, છાપામાં વાંચીએ છીએ, ટીવીમાં જોઇએ છીએ, હું જાતિ કે કાસ્ટમાં જઇશ તો મોટી વાત થશે. શું સરકાર જાણતી નથી કે એક કાસ્ટની દીકરી કોઇ બીજા કાસ્ટમાં લગ્ન કરે છે એના પૈસા આપીને એ મા–બાપ એ દીકરીને સોંપી દે છે. શું સરકારે એના માટે વિચાર્યું છે ખરું? દીકરીને કેમ એના મા–બાપ વેચે છે? એના કેમ બીજી જગ્યાએ લગ્ન કરાવે છે? સરકાર એમાં નથી વિચારતી, સરકાર ફકત એમાં વિચારે છે કે અમને મત કયાં મળશે? *(XXX) આના સિવાય બીજું કંઇ કરતી નથી. ''મિલેગી પરીન્દો કો ભી મંઝિલ, યે ઉનકે પર બોલતે હૈં, રહેતે હૈં કૂછ લોગ ખામોશ, લેકિન ઉનકે ભી હુન્નર રહેતે હૈં.''

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ચર્ચા થઇ, દીકરીની અને બહેનની આપણે ચિંતા કરીએ છીએ, કરવી જોઇએ. આ રાજ્યની અંદર કોઇ પણ દીકરી ૧૮ વર્ષની થઇ જાય એટલે તેનો પોતાનો સ્વતંત્ર અધિકાર છે, એના નિર્ણય લઇ શકે છે. આ વાત ગૃહ સમક્ષ એટલા માટે મૂકવા માગું છું કે દીકરી એ હિંદુ ધર્મની દીકરી હોઇ શકે, મુસ્લિમ ધર્મની હોઇ શકે, ક્રિશ્ચિયન ધર્મની હોઇ શકે, કોઇ પણ ધર્મની હોઇ શકે. દીકરી દીકરી હોય છે. મારે પણ એક દીકરી છે. દીકરી દીકરી જ છે. દીકરી સવારની ગઇ હોય અને સાંજે ઘેર ન આવે તો તેના મા–બાપ તેની ચિંતા કરતા હોય. તેને શોધે, તેની બહેનપણીના ઘેર, ટ્યૂશન કલાસમાં કે બીજી કોઇ જગ્યાએ તેની તપાસ કરે. છેલ્લે માં–બાપ કંટાળીને, થાકીને પોલીસ સ્ટેશનમાં જાય છે. સરકાર જે દીકરીઓની વાત કરીને આજે આ બિલ લાવી છે, હું સરકારને પૂછું છું. સરકારે આનો જવાબ આપવો પડશે. દીકરી સવારની ગઇ હોય અને રાત્રે ઘેર ન પહોંચે, તેના મા–બાપ પોલીસ સ્ટેશનમાં જાય છે અને એ પોલીસ અધિકારી આગળ ફરિયાદ કરે છે કે મારી દીકરી સવારની જતી રહી છે, હજુ સુધી ઘેર આવી નથી. તમે પોલીસ ફરિયાદ નોંધો. સંવેદનશીલ કહેવાતી આ સરકાર દીકરીઓની ચિંતા કરીને રાજકીય રીતે જ્યારે આ બિલ લાવી છે ત્યારે મારે આ સરકારને કહેવું છે. પોલીસ અધિકારી મારફત તેમને પૂછવામાં આવે છે. તમારા ઘેરથી નીકળેલી તમારી દીકરી કેટલા વર્ષની હતી? ૧૮ વર્ષની હતી? માં–બાપ કહે કે હા, ૧૮ વર્ષની હતી. સાહેબ, એની ફરિયાદ નોંધતા નથી. ગુજરાતના કોઇ પણ પોલીસ સ્ટેશનની અંદર ૧૮ વર્ષની ગયેલી દીકરીની ફરિયાદ નોંધવામાં આવતી નથી અને કહેવામાં આવે છે કે ખાલી જાણવા જોગ તમે કરો. ત્રણ–ચાર દિવસમાં ન આવે તો કંઇક કરીશું. આ તમારી સંવેદનશીલતા છે? એક બાજુ રાજ્યમાં બળાત્કાર ચાલે છે. અપહરણ ચાલે છે, દેહનો ધંધો ચાલે છે. લોકોની દીકરીઓ વેચાય છે. લોકોની દીકરીઓ જતી રહી હોય તેની પોલીસ ફરિયાદ આ સરકાર નોંધતી નથી. કયા મોઢે આ 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી લૂંટાઇ ગયો.' મને ખબર પડતી નથી. દીકરીને ગાય દોરે ત્યાં જાય. સાહેબ, આ રાજ્યમાં ગાયની પણ દશા એ છે અને દીકરીની પણ દશા એ છે. સરકારે વિચારીને જવાબ આપવો પડશે કે કાયદા ઘડ્યા છે, કોઇની મા–દીકરીની વાત કરીને આ વિધાનસભા ગૃહમાં આપણે ચર્ચા કરતા હોઇએ તો ૧૮ વર્ષની દીકરી ગઇ હોય તેના માટે પોલીસ ફરિયાદ કેમ નોંધવામાં આવતી નથી? રાજ્ય સરકારે જે કાયદાકીય વાત કરી. અલગ અલગ કાયદાના અનુસંધાનમાં રાજ્ય સરકાર પાસે કાયદાઓ હોવા છતાં પણ બનાવો બને છે. અનેક કિસ્સાઓ આ રાજ્યની અંદર આંતરજ્ઞાતીય લગ્ન કરવાના બને છે. આંતરજ્ઞાતીય લગ્ન કરવામાં સુપ્રીમ કોર્ટે પણ એમ કહ્યું છે કે આંતરજ્ઞાતીય, આંતર ધર્મીય લગ્નો સમાજના હિતમાં છે એવું સુપ્રીમ કોર્ટ પણ કહી ચૂકી છે. તેના અનુસંધાનમાં કોઇ આંતરજ્ઞાતીય લગ્ન કરે છે ત્યારે આ રાજ્ય સરકાર અને આ જ કેન્દ્ર

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકાર આંતરજ્ઞાતીય લગ્ન કરનારને સહાય પણ આપે છે. સરકારને હું પૂછવા માગું છું કે તમે જે લઇને આવ્યા છો, તમે જે કરવા જઇ રહ્યા છો તેમાં આનું શું કરશો? એમાં દરેક જગ્યાએ દરેકની અલગ અલગ રીતે વાત થઇ. રાજ્ય સરકાર બિલ લઇને આવી છે, હું આપના માધ્યમથી સરકારને પૂછું છું કે આ રાજ્યમાં બે–ચાર ધારાસભ્યોએ નામ સાથે અમુક ઉલ્લેખો કર્યા. સરકારે એ બાબતોમાં સરકારની એ ફરજનો ભાગ છે, સરકારે કહેવું પડશે. આ વિધાનસભા ગૃહમાં ધારાસભ્યોને કહેવું પડશે કે આ રાજ્યમાં આ રીતના કેટલા બનાવો બન્યા? એ બનાવોની જાણ કરવી પડશે. બળાત્કારના રોજના ૪ કિસ્સા, અપહરણના રોજના ૫ કિસ્સા, સામૂહિક બળાત્કારના અઠવાડિયામાં બે–ત્રણ કિસ્સા, આવા કિસ્સાઓ રોજના કેટલા બન્યા છે, વર્ષમાં કેટલા બન્યા છે, ૧૩ વર્ષમાં કેટલા બન્યા છે એ સરકારે કહેવું પડશે. કોઇ રાજ્ય કાયદો બનાવે એટલે આપણે પણ કાયદો બનાવવો એ જરૂરી નથી. કાયદો બનાવવો જોઇએ પણ એ કાયદો બનાવવા માટે સરકારની પારદર્શિતા સામે આંગળી ચીંધાય છે કે એમણે ઘડેલા કાયદાઓ અને એનો અમલ કેટલો થાય છે એ જોવું પણ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના હાલના વડાપ્રધાન અને આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી એમ કહેતા હતા કે આ રાજ્યમાં કાયદાની કોઇ જરૂર નથી. આ દેશમાં કાયદાની કોઇ જરૂર નથી. એક્ટની જરૂર નથી પણ એકશનની જરૂર છે. એક્ટ તો આ રાજ્યમાં અનેક છે પણ એકશન નથી. જો એકશન લીધા હોત તો આ પરિસ્થિતિ ન થઇ હોત. ધર્મ પરિવર્તનના અનુસંધાને રાજ્ય સરકારે જ્યારે આ કાયદો બનાવ્યો ત્યારે સૌથી વધુ ધર્મ પરિવર્તન અંગેની અરજીઓ સુરત જિલ્લામાંથી આવી હતી અને આ માહિતી વિધાનસભાના ફ્લોરમાં આપેલી માહિતીના આધારે હું કહું છું. રાજ્ય સરકારે વિધાનસભામાં માહિતી આપી છે કે ધર્મ પરિવર્તનની ૯૪ ટકા અરજીઓ હિન્દુઓની આવે છે. જ્યારે ફક્ત ૧.૨ ટકા અરજીઓ મુસ્લિમ સમાજની આવે છે. એની અંદર અલગ અલગ અરજીઓમાં ૩૬ લોકોએ મુસ્લિમ થવા માટે, ૧૧ લોકોએ ખ્રિસ્તી થવા માટે, ૧ માણસે ઇસ્લામિક ખોજા થવા માટે, એક વ્યક્તિએ બૌધ્ધ ધર્મ અંગીકાર કરવા માટે અલગ અલગ લોકોએ અરજીઓ આપેલી છે અને સુરત, જૂનાગઢ અને આણંદ એમ કુલ મળીને ૪૭૪ હિન્દુઓએ ધર્મ પરિવર્તન માટે અરજી કરી હતી. (અંતરાય) ૬૮૯ લોકોએ ધર્મ પરિવર્તન માટે અરજી કરી હતી. આ રાજ્યમાં લોકો ધર્મ પરિવર્તન કેમ કરે છે? ફક્ત ધર્મને આધીન આ રાજ્યની અંદર દલિત સમાજ ઉપર અત્યાચારોના અનુસંધાનમાં અસંખ્ય લોકોએ બૌધ્ધ ધર્મ અંગીકાર કરેલ છે. ડૉ.બાબા સાહેબ આંબેડકરે કહ્યું છે કે કયા કુળમાં મારે જન્મ લેવો એ મારા હાથમાં નથી પણ મૃત્યુ કયા કુળમાં લેવું એ મારા હાથમાં છે. આપણા ભારત દેશના બંધારણના ઘડવૈયા એવા બાબા સાહેબે બૌધ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. એટલા માટે કહેવું પડે છે કે અગાઉની વ્યક્તિઓએ લંબાણપૂર્વક ચર્ચાઓ કરી. જે રીતની વાતો થઇ. હું બે–ચાર વાત કરીને મારી વાત પૂરી કરીશ. અલગ અલગ રીતે અલગ અલગ તારણો કાઢવામાં આવ્યા. અમારા નવયુવાન જોશીલા સુરતના ધારાસભ્યશ્રી સંઘવીજીએ સ્વર્ગીય ઇન્દિરાજીને પણ યાદ કર્યા. એમનો આભાર માનીશ કે એમણે યાદ તો કર્યા. સ્વર્ગીય ઇન્દિરાજીએ ફિરોજ ગાંધી સાથે લગ્ન કર્યા હતા એ ડંકે કી ચોટ પર કર્યા હતા અને એટલું જ નહીં સ્વર્ગીય ઇન્દિરાજીએ ખાલી લગ્ન કર્યા હતા એટલે યાદ ના કરો. આપણે ફક્ત પાકિસ્તાનની વાત કરીએ છીએ. એ પાકિસ્તાનના ભાગલા સ્વર્ગીય ઇન્દિરાબેન ગાંધીએ કર્યા હતા. બાંગ્લાદેશનો જન્મ થયો અને જે બાંગ્લાદેશમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી ગયા હતા મારે એની ચર્ચા નથી કરવી. મીડિયા અને માધ્યમો એ બધાએ જોયેલું છે. આ તો પ્રધાનમંત્રીશ્રીની ચર્ચા હાઉસમાં થઇ શકતી નથી એટલે હું નથી કરતો. આ જ સ્વર્ગીય ઇન્દિરાજીએ સુવર્ણ મંદિરની અંદર ત્રાસવાદીઓ જ્યારે ઘુસી ગયા હતા ત્યારે એ સુવર્ણ મંદિરનો કબજો લેવામાં સૌથી મોટો રોલ સ્વર્ગીય ઇન્દિરાબેન ગાંધીનો હતો અને આ સ્વર્ગીય ઇન્દિરાજી ૩૬ ગોળીથી દેશની એકતા અને અખંડિતતા માટે શહીદ થઇ ગયા હતા. બેઠાં બેઠાં કોઇ ટકોર કરતું હતું. અમે તો કહીએ જ છીએ અમારા નેતા શ્રીમતી સોનિયા ગાંધીએ પણ લવ મૅરેજ કર્યા હતા. પોતે ઇટાલીના છે હિન્દુશાસ્ત્ર મુજબ શ્રી રાજીવ ગાંધી સાથે લગ્ન કર્યા. લગ્ન કર્યા પછી આ જ રાજીવ ગાંધીએ દેશની એકતા અને અખંડિતતા માટે એમની બોમ્બથી હત્યા કરવામાં આવી હતી. હત્યા કર્યા પછી હિન્દુ ધર્મને છાજે એવું હિન્દુ ધર્મની સંસ્કૃતિ જાળવવાનું કોઇએ કામ કર્યું હોય તો એ શ્રીમતી સોનિયા ગાંધીએ કર્યું છે. વિધવા થયા પછી પોતાના બે નાના બાળકો સાથે એમણે ધાર્યું હોત તો ઇટાલી જતા રહ્યાં હોત પણ ઇટાલી ના ગયા. હિન્દુ ધર્મ અંગીકાર કર્યો હતો. હિન્દુસ્તાની હતા. ભારતીય હતા અને આજે પણ દેશમાં જીવે છે. આ કૉંગ્રેસનું કલ્ચર છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર (અંતરાય) શેની વાત કરી કહો. મારી પાસે બધા મુદ્દા તૈયાર છે. (અંતરાય) ના સાહેબ, બીજી વાત કરે છે એટલે. હું પૂરું કરવા માગું છું પણ મને સળી કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, બે–ત્રણ વાત કરીને મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : એમાં પરીક્ષા મારી થાય છે. એટલે શ્રી આત્મારામભાઇ, આપણા આત્માને શાંત રાખીએ. (અંતરાય)

શ્રી આત્મારામ પરમાર : સાહેબ, હું બોલ્યો જ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે કોઇ દિવસ ના બોલો. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીનું અહીંયા તૈલ ચિત્ર છે. જે મહાત્મા ગાંધીજીએ આ દેશને આઝાદી અપાવી, જેને મહાત્માનું બિરુદ આપવામાં આવ્યું. એ મહાત્મા ગાંધીને ગોળી મારીને ત્યારે બોલ્યાં હતાં ''હે! રામ!'' એ ગોળી મારનાર કોણ હતું? કોણ એની સાથે સંકળાયેલા હતા? એ કહેવાની જરૂર નથી. કેવા લોકો રાષ્ટ્રવાદી? (અંતરાય) ભારત માતા કી જય ના બોલો એટલે રાષ્ટ્રવાદ તમે નક્કી કરશો કે કોણ છે એ? (અંતરાય)

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પ્રતાપભાઇને કહોને એ બોલે છે? (અંતરાય)

ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક– ૨૦૨૧(ક્રમશઃ)

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇને સમજાવી દીધું છે. (અંતરાય) માનનીય વિરજીભાઇ, આ છેલ્લો દિવસ છે તમે ભલા માણસ છો. શ્રી પ્રતાપભાઇ યંગ માણસ છે એટલે એમને આ બધું શોભતું નથી તેમ છતાંય બોલે છે. શ્રી પ્રતાપભાઇ, શાંતિ રાખો. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : હું નામ નથી બોલ્યો. શું કામ ઉકળે છે? હું ક્યાં કોઇનું નામ બોલ્યો છું. *(XXX) કોઇની દીકરી સાથે બળજબરીપૂર્વક લગ્ન કરે, ધર્માંતર કરાવે આ એક બહાનું છે અને બહાનું એટલા માટે કહું છું કે એમણે વિધાનસભાગૃહમાં જે લંબાણપૂર્વક ચર્ચા કરી એ દીકરીઓની જ ચર્ચા કરી છે અને દીકરીઓની આપણે ચિંતા કરીએ, કરવી જોઇએ પણ એવા લોકો, એવા ઠગ લોકો કે જે ઠગ લોકોએ આ રાજ્યની અને આ દેશની દીકરીઓની, બહેનની ઇજ્જત સાથે ચેડાં કર્યાં હતાં. જે હાલમાં જેલમાં છે, જેમના આશ્રમો આજે પણ ગુજરાતની ધરતી ઉપર છે. સરકારી જમીનો ઉપર એમના કબજા છે. કયા મોઢે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એમ કહેવા માગે છે કે અમે મા દીકરીઓની સલામતી માટે આ કાયદો લાવવાના છીએ? જે લોકોએ, જે નરાધમીઓએ, જે ઠગ લોકોએ મા–દીકરીની સાથે ચેડાં કર્યાં હોય, મા–દીકરીની આબરુ લૂંટી હોય એવા લોકોના આશ્રમો આજે પણ આ ગુજરાત રાજ્યની અંદર છે. કેમ સરકાર પગલાં નથી લેતી? કયા મોઢે, કેમ એને છાજે છે? એ ધર્મ નથી હોતો કોઇ બળાત્કારીનો, કોઇ આતંકવાદીનો કોઇ ધર્મ નથી હોતો તો આવા લોકોને સરકાર કેમ છાવરે છે? વારેઘડીએ વિધાનસભાગૃહમાં પ્રશ્ન પૂછવામાં આવે અને એમ કહેવામાં આવે કે આટલી જમીન ઉપર ફલાણા ઠગનો કબજો છે. એ કબજો સરકાર કેમ લેતી નથી? એવા લોકો સામે પણ સરકારે પગલાં લેવા જોઇએ. તમારું આ બિલ એ ફક્ત ને ફક્ત બહુમતી, લઘુમતી, હિન્દુ, મુસ્લિમ મતોના રાજકીય રીતે તમે આ બિલ લઇને આવ્યા છો અને તમે એમ કહેતા હોય કે અમે હા પણ નથી કહી શકતા અને ના પણ નથી કહી શકતા તો અમે એ વાત ચોક્કસપણે કહીએ છીએ આપને કે બિલનો તમારો હાર્દ એ દીકરીની આબરુ કે ધર્માંતરણ માટેનો નથી અને જો ધર્માંતરણ માટેનો કે દીકરીની આબરુ માટેનો હોત તો રાજ્યના મુખ્યમંત્રી ચૂંટણીના ભાષણની અંદર લવ જેહાદની વાત ન કરતા હોત. ઇરાદો એમનો નેક નથી અને ઇરાદો નેક ન હોવાને કારણે મતોનું પોલિટિક્સ કરવા તમે આ બિલ લઇને આવ્યા છો ત્યારે અમે આ બિલનો વિરોધ કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા સન્માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી, અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી જે ગૃહ વિભાગનો હવાલો સંભાળે છે એવી અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા કેબિનેટે મંજૂર કરેલું આ બિલ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક ૨૦૨૧ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી પરેશભાઇ, શ્રી શૈલેષભાઇથી માંડીને વિપક્ષના ધારાસભ્યશ્રીઓએ જુદી–જુદી રીતે હળવાશથી, ગમ્મતમાં, ઉગ્રતાથી, કટાક્ષમાં ઘણી ઘણી વાતો કરી. માનનીય શૈલેષભાઇએ જે વાત કરી, અમે એમ કહીએ છીએ જેને શ્રી શૈલેષભાઇએ પણ સમર્થન આપ્યું. અમે પહેલેથી એમ કહીએ છીએ કે આ બિલની અંદર ક્યાંય હિન્દુ, મુસ્લિમ શબ્દ લખ્યો હોય તો તમે બતાવો. શ્રી શૈલેષભાઇએ પણ સ્વીકાર્યું કે આવો કોઇ શબ્દ લખવામાં આવ્યો નથી અને હકીકત છે કે નથી લખ્યો. ફક્ત ૬ પાનાનું આ સુધારા વિધેયક છે. પુરવણી સાથે ગણીએ તો સાત પાનાનું થાય. ગઇકાલે, પરમ દિવસે ખૂબ લાંબી ચર્ચા શ્રી પરેશભાઇએ અને શ્રી શૈલેષભાઇએ કરી કે અમને સમયસર બિલ અપાતા નથી. અમે અભ્યાસ કરી શકતા નથી, અમારે કંઇ બોલવું હોય તો શેના ઉપર બોલીએ? માનનીય પરેશભાઇને અને માનનીય શૈલેષભાઇને પણ સાંભળ્યા. આ ૭ પાનાના બિલની અંદર પાંચમાં પાના ઉપર દરેક બિલમાં હોય છે. સરકાર જે કાયદો લાવે, બિલ લાવે, એના લાવવાના ઉદ્દેશો, હેતુઓ અને કારણો એ સરકાર વિધાનસભામાં આપ સૌ માનનીય સભ્યશ્રીઓ સમક્ષ રજૂ કરતી હોય છે અને પછી કઇ કલમ કઇ રીતે બદલાશે, એનું કાયદાકીય ભાષામાં વિવરણ થતું હોય છે. શક્ય છે કે કાયદાકીય ભાષામાં બધા લોકો ના સમજે કે ના વાંચી શકે કે ના અભ્યાસ કરે એ બની શકે. એમાં હું પણ આવી ગયો, પણ ઉદેશો અને કારણો બહુ સરળ ગુજરાતી ભાષામાં દશમાં ધોરણનો વિદ્યાર્થી પણ સમજી શકે એવી સાદી ભાષામાં લખાયેલા છે. માનનીય પ્રદીપસિંહે ખૂબ સુંદર રીતે છણાવટપૂર્વક કોઇ પણ ધર્મ સામે આક્ષેપ કર્યા સિવાય કોઇની ધાર્મિક લાગણી દુભાવ્યા સિવાય ફક્ત આખી વાતનું જે વિવરણ કર્યું, એમાં ચોક્કસ એમણે નામ આપ્યાં છે, પણ કોઇ પણ વ્યક્તિ હોય, ગુનેગાર હોય, આરોપી હોય એ કોઇ ગુનામાં પકડાય, તેના ઉપર કોઇ પોલીસ ફરિયાદ દાખલ થાય, તો એનું નામ બોલીએ. હિન્દુ હોય તો તમે એમ કહો કે હિન્દુ ઉપર સરકાર કેસ કરે છે. કોઇ જ્ઞાતિનો હોય તો તમે કહો કે એક જ્ઞાતિ ઉપર જ તમે કેસ કરો છો. એ કેવી રીતે બની શકે? આપણા આટલા મોટા દેશમાં કે ગુજરાતમાં વ્યક્તિના નામ હોય તો નામનો ઉલ્લેખ થવો જોઇએ. હવે કમનસીબ એવું છે કે બંધબેસતી પાઘડી કૉંગ્રેસના મિત્રો એટલા માટે પહેરી લે છે કે એમના મત બેન્કમાં એમણે જવાબ આપવો પડે તેવી સ્થિતિ થાય છે. માનનીય શૈલેષભાઇ બહુ ખખડાઇને બોલ્યા હું વિરોધ કરું છું, વગેરે વગેરે. હું બીજી વાત નહિ કરું, મત ક્ષેત્રમાં કોના કેટલા મતદારો આવે છે? કોને સાચવવાના છે? એટલે કોણે કેટલી હિંમત કરે છે, કોણ હિંમત નથી કરતું. અમને બધાને ખબર છે. શ્રી ગ્યાસુદ્દીનભાઇ હોય, શ્રી ખેડાવાલા હોય સ્વાભાવિક છે કે એમના મત વિસ્તાર ૯૦થી ૯૫ ટકા સંબંધિત જે વ્યક્તિઓ છે, જે આવા કૃત્યો સાથે સંકળાયેલા છે, એમનાં નામ માનનીય પ્રદીપસિંહ બોલ્યા. એટલે એમનો બચાવ કરવો પડે એવી સ્વાભાવિક સ્થિતિ છે, પણ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અમારા શ્રી ભૂપેન્દ્રસિંહજીએ બહુ સાચું કહ્યું કે કૉંગ્રેસ એવી દિશામાં અને દશામાં છે કે આગળ કૂવો અને પાછળ ખાઈ. આમ જાય તો કૂવામાં પડે અને ડૂબી જાય અને આમ ખાઇમાં પડે તો હાડકા તૂટી જાય અને મરી જાય. શ્રી પરેશભાઇ સહિત બાકીના ત્રણ–ચાર સિવાયના કોઇ એક લઘુમતી વિસ્તારમાં જેની બહુ મતદારોની સંખ્યા છે. જેમને સાચવ્યા સિવાય જેના રાજકીય જીવનને કોઇ જીવનદાન મળવાની શક્યતા નથી. ના બોલે તો ત્યાં જઇને જવાબ આપવો પડે, એટલા માટે મને કે કમને અહીંયા કેટલાક લોકોને બોલવું પડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇને અભિનંદન આપવા છે કે એટલું ગૂંથીગૂંથીને બોલ્યા કયાંય કોઇ જગ્યાએ પકડાય એવું ન રાખ્યું. અમરેલીમાં જઇ એમને એમ નહિ કહે કે તમે આ કાયદાનો વિરોધ કેમ કર્યો? બહુ હોંશિયાર છે. હું એમને વર્ષોથી ઓળખું છું. એમણે કહ્યું હું કાયદાનો વિદ્યાર્થી નથી. કાયદાના વિદ્યાર્થી કરતા હોંશિયાર છે. લોજીકલી દલીલ એમની સારી છે. ત્યાં જઇને કહેશે આ મારો વીડિયો જુઓ એક શબ્દ કાયદાની વિરુદ્ધમાં બોલ્યો હોય તો કહો. હું તો સરકારની ટીકા કરતો હતો. હું તો વિપક્ષનો નેતા છું. મારે સરકારની ટીકા કરવી પડે. એવું ગૂંથીગૂંથીને બોલ્યા કયાંય પકડાય એવું રાખ્યું નથી. શ્રી પરેશભાઇ રિસેસમાં મને મળ્યા ત્યારે મેં પૂછ્યું જો તમને કોઇ એવોર્ડ આપવો હોય તો શ્રી જીતુભાઇએ આપને ચિઠ્ઠી લખી એ સાચી લખી. હું એમ માનું છું દરેકને યુવાની કાળમાં જુદા જુદા પ્રકારના સાહિત્ય, પુસ્તકો વાંચવાનો શોખ હોય. મને ઐતિહાસિક પુસ્તકો, રાજકીય પુસ્તકો, વિશ્વના મહત્ત્વના બનાવોના પુસ્તકો વાચવાનો શોખ હતો પણ હું એવું અનુમાન કરું છું અને મારું અનુમાન બિલકુલ પાકું અને સાચું હશે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે કાલની હેડલાઇન બનાવવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના, હું કોઇ હેડલાઇન બનાવવા માગતો નથી. આમાંથી હેડલાઇન કઇ લેવી એ તો પત્રકાર મિત્રો નક્કી કરશે, આપણું ક્યાં કાંઇ ચાલે છે. એ છાપે તો બધું જ છાપે અને ના છાપે તો કશું જ ન છાપે, એ આપણા હાથમાં ક્યાં છે? એ તો એમણે નક્કી કરવાનું છે. પણ સાહેબ, શ્રી પરેશભાઇને ગમ્મત થઇ કે તમે યુવાન હશો, કોલેજમાં ભણતા હશો ત્યારે દરેક છાપાઓમાં દર અઠવાડિયે ફિલ્મની એક આવૃત્તિ આવે છે, કોઇ રમત ગમતની આવૃત્તિ આવતી હોય, કોઇ બહેનોની પ્રવૃત્તિની આવૃત્તિ આવતી હોય, કોઇ ધર્મને લગતી પ્રવૃત્તિની આવૃત્તિ આવતી હોય હું સો ટકા ગેરંટીથી કહું છું કે, જે રીતે એમણે ધર્મેન્દ્રનું, મધુબાલાનું બીજા બધા એક્ટરોને બધાનું વર્ણન કર્યું એ સો ટકા ભણવાનું નહીં વાચતા હોય પણ પિક્ચરોનું જ વાંચતા હશે. હું તો સાંસ્કૃત્તિક મંત્રીશ્રીને વિનંતી કરું કે તમે કોઇ જગ્યાએ ફિલ્મી જગતના કાર્યક્રમમાં પ્રતિનિધિ તરીકે કોઇ ધારાસભ્યશ્રીને મોકલવાના થાય તો આપણા માનનીય કનોડિયાની સાથે માનનીય પરેશભાઇને પણ મોકલજો તો આપણને ફાયદો થાય. માનનીય અધ્યક્ષશ્રી, આવો ગંભીર કાયદો આવી હળવાશથી લેવાનો, કેવી કેવી ટીકા કરવાની, ના કોઇ બંધબેસતી કે ના કોઇ લાગુ પડતી ચર્ચાઓ કરવાની! માનનીય અધ્યક્ષશ્રી, હું ટીકાઓ નથી કરતો મને પણ સ્વ.ઇન્દિરાજી માટે ખૂબ જ માન છે પણ માનનીય શૈલેષભાઇએ જે વાત કરી ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે, અત્યારે સોશિયલ મિડિયા ખૂબ મજબૂત થઇ ગયું છે, હું બધા સભ્યોને વિનંતી કરું છું. અત્યારે સોશિયલ મિડિયામાં યુ ટ્યુબ ઉપર બી.બી.સી.ની એક સ્ટોરી દરરોજ આવે છે એમાં જૂના પ્રસંગો આપેલા હોય છે. ભારત શ્રીલંકા અંગે, ભારત પાકિસ્તાન અંગે, ભારત ચીન યુદ્ધ અંગે, જવાહરલાલ નહેરુ જ્યારે વડાપ્રધાનશ્રી હતા ત્યારે આપણા દેશની લશ્કરી સ્થિતિ શું હતી? એવી અનેક બાબતો આવે છે. ત્રણ ચાર દિવસ પહેલા યોગાનું યોગ મને તો ખબર પણ ન હતી અને હું આજે બોલવાનો પણ ન હતો પણ માનનીય પ્રદિપસિંહજીને મેં વિનંતી કરી કે, માનનીય પરેશભાઇ બોલતા હોય, માનનીય શૈલેષભાઇ બોલતા હોય તો મારે કંઇક બોલવું જોઇએ એટલે હું બોલવા ઊભો થયો છું.

સાહેબ, ત્રણ ચાર દિવસ પહેલા હજુ યુ ટ્યુબ ઉપર છે આપને બધાને કૉંગ્રેસના નેતાને જોવું હોય તો જોઇ શકો છે. માનનીય પરેશભાઇ, માનનીય શૈલેષભાઇ આપને જોવું હોય તો જોઇ શકો છો, ભીંદરાનવાલેની આખી જીવન કથા એમાં છે. અમૃતસરનો સુવર્ણ મંદિર ઉપરનો બનાવ, સ્વ.ઇન્દિરાજીનું એમના અંગરક્ષકો દ્વારા એમના જ બંગલામાં ખૂન થયું એનું આખું વર્ણન છે. એ ઇતિહાસકાર જે રેહાન સુલ્તાન બી.બી.સી.ના છે એ પત્રકારનું નામ છે એનું રિપોર્ટીંગ છે, એમણે સ્પષ્ટ કહ્યું છે કે, જયારે પંજાબમાં અકાલીદળની બોલબાલા હતી, શ્રી પ્રકાશસિંગ બાદલ અકાલીદળની સરકારના મુખ્યમંત્રી હતા. કૉંગ્રેસ પંજાબમાં જીતી શકતી ન હતી ત્યારે કૉંગ્રેસે નક્કી કર્યું કે, આ શ્રી પ્રકાશસિંગ બાદલ અને અકાલીદળની સરકારને તોડવા માટે શીખોમાંથી જ કોઇ એવા વ્યક્તિને તૈયાર કરો, પસંદ કરો, આગળ કરો, નેતા બનાવો જેના દ્વારા આપણે અકાલીદળને તોડી અને પંજાબમાં કૉંગ્રેસની સરકાર બનાવી શકીએ. બી.બી.સી.ના એ રિપોર્ટ પ્રમાણે એ વખતના સ્વ. ઇન્દિરાજીના દીકરા સ્વ.સંજય ગાંધીએ કૉંગ્રેસના નેતાઓની એક ટીમ પંજાબ મોકલી અને પંજાબમાં જઇને એ ટીમ સરવે કરવામાં આવી અને સરવેમાં એવું નીકળ્યું કે ભીંદરાનવાલે નામના જે શીખ ધર્મના એક પ્રચારક છે કે જે ખાલિસ્તાનવાદી મૂવમેન્ટ ચલાવે છે અને શીખોને ભારતથી અલગ કરવાની મૂવમેન્ટ ચલાવે છે જે ઉશ્કેરણીજનક હિન્દુ ધર્મ વિરોધી પ્રવૃત્તિઓ કરે છે એને જો આપણે હાથ ઉપર લઇને આગળ વધારીએ તો આપણે અકાલીદળની સરકાર તોડી શકીએ અને સાહેબ, એ રિપોર્ટ એવું કહે છે કે, આ કૉંગ્રેસના નેતાઓના સહયોગથી, કૉંગ્રેસની નાણાકીય મદદથી, કૉંગ્રેસના પ્લેટફોર્મ ઉપર સભાઓ કર્યા બાદ અકાલીદળને પાછું પાડવા માટે આ ભીંદરાનવાલેનું ભૂત કોઇએ ઊભું કર્યું હોય તો એ કૉંગ્રેસે ઊભું કર્યું અને આપણા ગુજરાતીમાં કહેવત છે કે "હાથના કર્યા હૈયે વાગે " એ ભીંદરાનવાલેને તમે એટલો બધો ચગાવ્યો, એટલો બધો એને મોટો નેતા

બનાવ્યો કે એને દેશના ભાગલા કરવાનું, ખાલિસ્તાની પ્રવૃત્તિ કરવાનું એ જે કૃત્ય કર્યું એ ફક્ત તમારી રાજકારણની, કૉંગ્રેસની નેતાગીરીની એ વખતની ટૂંકી દ્રષ્ટિ એ અકાલીઓની સરકાર તોડી કૉંગ્રેસની સરકાર બનાવવી હોય તો ભીંદરાનવાલેને આગળ કરો અને ભીંદરાનવાલેને તમે આગળ કર્યા અને તમારું, હું શબ્દ નહિ વાપરું એ, પણ તમારી એ ભૂલ હમણાં નડી અને સ્વ. ઈન્દિરા જેવા મહાન નેતાને આપણે ગુમાવવા પડ્યા. હવે આમાં આ બધી વાતો કયાં આવે છે? તમારી ભૂલ, તમે ભૂલ કરો હાથના કર્યા હૈયે વાગે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રીલંકાની પણ વાત કરવી છે. તમે વિદેશ નીતિમાં ગોથું ખાઇ ગયા, તામિલના ટાઇગર્સ, હું એક ભારતીય તરીકે કહું છું જેમ આપણા લાખ્ખો લોકો અમેરિકા, ઇંગ્લેન્ડ, દુનિયાભરમાં વસે છે. આ મારા વિચારો છે, આ મારી સરકારના વિચારો નથી. આ શ્રી નીતિનભાઇના પર્સનલ વિચારો કહું છું, એટલે કોઇ એને જુદી રીતે ના લેતા. વર્ષોથી તામિલનાડુના આપણા લાખ્ખો ભાઇઓ જે શ્રીલંકામાં રહેતા હતા એ લોકો પોતાનું સ્વતંત્ર રાજ્ય બનાવવાની માગણી કરતા હતા, શ્રીલંકાએ નહોતું આપવું એ એમનો આંતરિક વિષય હતો. આપણે લેવા દેવા નહોતી ત્યાં આગળ પ્રભાકરન કરીને જે તમિલ નેતા હતો, તમિલ ટાઇગર એણે આંતરયુદ્ધ ચાલુ કર્યું, એ ભલે કર્યું. આપણે એમાં કોઇ લેવા દેવા નહોતી, પણ જે ભૂલ કરી, શ્રીલંકાના એ વખતના નેતાઓએ ચાલાકી કરી કે સામસામે લોઢું અથડાઇ દો અને આપણે છટકી જાઓ, એમણે એ વખતના વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધીજીને, મારી દૃષ્ટિએ કહું છું હું ખોટો પણ હોઇ શકું છું, હું સાચો છું એમ નથી કહેતો, મારું અનુમાન કહું છું. વડાપ્રધાનને વિનંતી કરી કે તમે ભારતીય લશ્કર લઇને ત્યાં આવો, મેં જે ઐતિહાસિક પુસ્તકો વાંચ્યા છે, મોટા મોટા લેખકો, ઈતિહાસકારો, લશ્કરના સેનાપતિઓના પુસ્તકો વાંચ્યા છે, આપણી ભારતીય સેનાએ સલાહ આપેલી કે આપણે પરદેશમાં ના જવું જોઇએ, તામિલ ટાઇગર્સવાળા આપણા ભાઇઓ છે, તામિલનાડુ આપણાં અખંડ ભારતનું એક રાજ્ય છે, આપણા લોકોને મારી નાંખવા માટે આપણે લશ્કર ના મોકલવું જોઇએ. છતાં પણ સેનાપતિઓની, વિદ્વાનોની, સલાહકારોની સલાહને બાજુમાં રાખીને અને ભારતનું લશ્કર જે શ્રીલંકામાં મોકલ્યું અને આપણા લશ્કર દ્વારા તામિલનાડુમાં રહેતા હિંદુઓ જ હતા મને કહેવામાં કોઇ વાંધો નથી, તામિલનાડુમાં રહેતા હિંદુઓ જે દાયકાઓથી, સદીઓથી શ્રીલંકામાં રહેતા હતા, એને આપણા જ સૈનિક દ્વારા જે મારી નાંખવાનું અપકૃત્ય થયું, સાહેબ, કમનસીબે એ પણ એક ઐતિહાસિક ભૂલ છે એ તમે નહિ સમજી શકો. તો  આ બધી ભૂલો કરો અને પછી તમે કહો કે અમારા નેતા શહીદ થઇ ગયા, અમારા નેતાને ભા.જ.પ.વાળાએ આમ કર્યું એ વખતે તો જનસંઘ પણ નહોતું અમે એ સ્થિતિમાં પણ નહોતા.

માનનીય અધ્યક્ષશ્રી, બાંગ્લાદેશની વાત કરી. અમારી ઉદારતા, ભારતીય જનતા પક્ષના નેતાઓની, રાષ્ટ્રની દૃષ્ટિ તમે જૂઓ, અમારા મોટામાં મોટા નેતા માનનીય સ્વર્ગસ્થ ભારત રત્ન અટલ બિહારી બાજપાઇજીએ ત્યાં સંસદમાં પ્રવચન કરેલું અને ઇન્દિરા ગાંધીજીના વખાણ કરેલા, બાંગ્લાદેશના ભાગલા પાડ્યા, દુશ્મનના ભાગલા પાડ્યા, આતંકવાદીઓના ભાગલા પાડ્યા, એટલે દુર્ગાનું સ્વરૂપ સ્વ. ઈન્દિરાજીને આપવામાં અમારા નેતા પાછા નહોતા પડ્યા, આ રાષ્ટ્રવાદી પક્ષ છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, રેકર્ડ ઉપર વાત ચોખ્ખી રહે એટલા માટે કહું છું કે ભૂતકાળમાં કોઇ માનનીય સભ્ય એવું બોલેલા કે સ્વ. ઇન્દિરાજીને દુર્ગાનું સ્વરૂપ માનનીય બાજપાઇજીએ આપેલું. આ વાત વખતે કોઇએ વાંધો પણ લીધેલો અને એ વાત મેં પણ ચકાસી લીધેલી અને ક્યારેય બાજપાઇજીએ ઇન્દિરાજીને દુર્ગાનું સ્વરૂપ નહોતું કહ્યું એવું બાજપાઇજીની પોતાનો વિડીયો છે અને પછી એ વાતને રેકર્ડ ઉપરથી દૂર કરી અને ફરી આ રેકર્ડ પર ન રહે એટલા માટે હું આ કહું છું.

નીતિનભાઇ ર. પટેલ : છતાં પણ અમે એમને હજી પણ અભિનંદન આપીએ છીએ કે પાકિસ્તાન આપણો દુશ્મન દેશ એ પૈકીના આટલા લોકો હજી આ દેશમાં વસે છે. અહીંયા કોઇએ કહ્યું કે તમે શું કર્યું ? આ કાશ્મીરી પંડિતોનો પ્રશ્ન આઝાદી મળી ત્યારથી ભારતના હિન્દુ કાશ્મીરીઓ, પંડિતો, જવાહરલાલ નહેરૂ પણ પંડિત હતા. વાત જરા જુદા પાટે લઇ જાઉં છું પણ તમારા નેતાઓની ભૂલ તમને બતાવવી છે. ઇતિહાસ કહે છે આખા દેશને અખંડ કરવાનું, બધા રજવાડાઓને ભેગાં કરવાનું કામ સરદાર વલ્લભભાઇની જવાબદારી નક્કી થઇ અને સરદાર વલ્લભભાઇએ આખા દેશના બધા રજવાડાઓને એક કર્યા પણ જવાહરલાલ નહેરૂએ એમ કહેલું અમે ઇતિહાસી પુસ્તકોમાં વાંચેલુ છે કે, હું કાશ્મીરી છું કાશ્મીરનો પ્રશ્ન ભારતમાં જોડવાનો મારા ઉપર છોડો, એ ફાંસ છે તે હમણાં સુધી નહોતી નીકળી આ તો આપણાં ભારતનું નસીબ કે માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યાં, માનનીય અમિતભાઇ શાહ ગૃહમંત્રી બન્યાં, ૩૭૦ની કલમ વગેરે વગેરે કર્યું. હવે કાશ્મીરી પંડિતોની ત્યાં જવાની શરૂઆત થઇ પણ ૪ દિવસ પહેલાં હુમલો કર્યો. આવી ગંભીર પરિસ્થિતિમાં જયારે દેશ ચાલતો હોય ત્યારે અમે અહીંયા હું મૂળ મુદ્દા ઉપર આવું આ કૉંગ્રેસના લોકોની માનસિકતા હું પામી ગયો. બધા લોકો જે બોલ્યા એમાં એક વિષય આવી અને ઊભો રહેતો હતો કે વર્ષ ૨૦૨૨ની ચૂંટણી જીતવા માટે તમે આ કાયદો લાવી રહ્યા છો. માનનીય પરેશભાઇ પણ બોલ્યા છે અને માનનીય શૈલેષભાઇ પણ બોલ્યા છે. બધું રેકર્ડ ઉપર છે અને ઘણા બોલ્યા છે. અમે વિકાસથી ચાલનારા લોકો છીએ, પ્રગતિથી ચાલનારા લોકો છીએ.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન કે પોઇન્ટ ઓફ ઓર્ડર ?

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**કાશ્મીર અંગેના ઉલેખો બાબત**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ અમારા મુરબ્બી છે, વડીલ છે, વિદ્વાન છે અને સારા વાચક પણ હશે. સરદાર મેમોરીયલ અમદાવાદની અંદર પુસ્તકો વેચાય છે અને ત્યાંથી ખરીદેલા પુસ્તક એ પૈકી સરદારના પત્રો ભાગ–૧ અને ભાગ–૨ મેં સંપૂર્ણ વાંચ્યા છે. સરદારજીના સ્વહસ્તે લખાયેલા પત્રો, સરદારજી અને જવાહરલાલજી વચ્ચે થયેલો પત્ર–વ્યવહાર. માનનીય નીતિનભાઇએ જે વાત કરી કે કાશ્મીરની બાબતમાં તો કાશ્મીરની બાબતમાં પણ કાશ્મીરની આઝાદીની લડાઇમાં મહારાજા હરિસિંહજીની સાથેનું કો–ઓર્ડિનેશન સરદાર સાહેબ જોતા હતા અને સરહદના ગાંધી અબ્દુલ ગફારખાન તેની સાથે પણ ટ્યુનીંગ શ્રી જવાહરલાલજી જોતા હતા અને ડિપ્લોમેટીક રીતે કાશ્મીરને પાકિસ્તાનના હિસ્સામાં જતું બચાવવામાં આવ્યુ હતું એટલે માનનીય નીતિનભાઇએ જે વાત ગૃહ સમક્ષ મૂકી છે ત્યારે રેકર્ડ ઉપરના શબ્દોથી કયાંય ગૃહ ગેરમાર્ગે ના દોરાય તે માટે હું આપને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : હું ચેક કરી લઇશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨ની ચૂંટણીને લગતી અને અમે આ સત્રમાં ૧૮ કાયદા લાવ્યા. અમે ગુંડા એક્ટ લાવ્યા એમાં સરકારી જમીન પચાવી પાડે એવા લોકો સામે કડક પગલાં લો તેનો કાયદો લાવ્યા. અગાઉ જે દીકરીઓ ઉપર બળાત્કાર થયા પછી બળાત્કાર કરનારને ફાંસીની સજા સુધીનો કાયદો અગાઉના સત્રોમાં અમે લાવ્યા. સાબરકાંઠામાં એક નાની બાળકી ઉપર બળાત્કાર થયો તેને અમારી સરકારે, અમારા કાયદા વિભાગે, અમારા પોલીસ વિભાગે જયુડીશીયરી મારફત કડકમાં કડક સજા અપાવી દીધી એવું પણ બધું થઇ ચૂકયું. આમાં શ્રી શૈલેષભાઇએ નાની નાની વાતો ઉમેરી છે કે, આમાં  કેટલા પકડયાં, આમાં કેટલા પકડયાં આ બધી વાતો સાચી અનેક વિધાનસભાના પ્રશ્નોમાં આના જવાબ અપાયા છે, ચર્ચાઓ થઇ છે, આવનારા સમયમાં થશે. કાયદો બનાવવો એ અગત્યની કામગીરી છે. અહીંયા શ્રી શૈલેષભાઇએ કહ્યું કે એક્ટ અને એકશન પણ એકશન કયારે થાય કે જયારે તમારી પાસે એક્ટ હોય તો તમે એકશન કરી શકો. તમારી પાસે કાયદાની સત્તા હોય તો તમે એકશન કરી શકો. તમે કોર્ટમાં કોઇની ઉપર કેસ કરો અને આરોપીનો વકીલ કોર્ટમાં એમ કહે કે આવી કાયદામાં કોઇ જોગવાઇ જ નથી શા માટે આને પકડયો ? તો પછી કોર્ટ તરત જ એમ કહે કે કાયદામાં આવી જોગવાઇ નથી માટે આ આરોપીને છોડી દો. ભૂતકાળમાં આવા ઘણાં બનાવો બન્યા. અનેક વખત સરકારે ફોજદારી અને રેવન્યુના કાયદાઓ સુધાર્યા છે. આઝાદી પછી પણ રેવન્યુના અનેક કાયદાઓ સરકારે સુધાર્યા છે. ખેડૂતો, આદિવાસીઓ, જમીન માલિકો અને સીમાંત ખેડૂતોના હિત માટે જેમ જરૂર પડે તેમ કાયદા સુધારવાનું કામ સરકાર કરતી હોય છે. દા.ત., સાયબર ક્રાઇમનો કાયદો. ૧૫–૨૦ વર્ષ પહેલાં જ્યારે ટેકનોલોજી ન હતી, ઓનલાઇન ટ્રાન્ઝેક્શન થતું જ ન હતું તો સાયબર ક્રાઇમનો કાયદો બનાવવાની સ્વાભાવિક રીતે જરૂરિયાત ન હતી. આપણો સાયબર ક્રાઇમનો કાયદો હવે પાસ થઈ ગયો છે અને ફોરેન્સિક યુનિવર્સિટી સુંદર રીતે કામગીરી કરી રહી છે. આ બધું પહેલાં ટેકનોલોજી ન હતી એટલે બનતું ન હતું. હવે ટેકનોલોજી આવવાથી ચોર પણ આનો ઉપયોગ કરે છે. આપણા ગુજરાતીમાં કહેવત છે કે ચોર પણ કાયદાની છટકબારીનો ઉપયોગ કરે છે. આપણે સી.સી.ટી.વી. મૂકીએ તો સી.સી.ટી.વી.માં મોં ઢાંકવા બુકાનીનો ઉપયોગ કરે. આ તો બધું ચાલ્યા જ કરે એટલે કાયદા લાવવાના બંધ કરી દેવાના? કાયદા એટલા માટે લાવવા પડે કે નામદાર કોર્ટ હોય, કાયદામાં જેને જજ તરીકે જજમેન્ટ આપવાનો અધિકાર છે એ વ્યક્તિ સમક્ષ પૂરતા પુરાવા આધાર સાબિતી સાથે સરકાર, પોલીસ કે સરકારી વકીલ રજૂ કરી શકે એ માટે એના હાથમાં કાયદાનો આધાર તો આપવો પડે ને. વકીલ ખાલી હાથે જશે? સમજી લો કે આ કાયદો ન લાવ્યા તો વકીલ શું દલીલ કરવાના? બધાંની વાત બિલકુલ સાચી છે કે, આ કાયદામાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, શીખ, ઈસાઈ એવાં કોઈ શબ્દનો ઉલ્લેખ કર્યો નથી. આ કાયદો કોઈ એક સમાજ માટે નથી. અમારા સભ્યશ્રી હર્ષભાઈએ સાચું કહ્યું કે, કોઈ મુસ્લિમ બહેન હિંદુને પરણી હોય અને એ બેન એમ ફરિયાદ કરે કે આ હિંદુએ હું મુસ્લિમ છું એમ કહી મારી સાથે છેતરપિંડી કરી. દરગાહ ઉપર કે મસ્જિદમાં લઈ જઈ નમાજ પઢાવીને મને છેતરીને મુસ્લિમ બતાવી અને મારી સાથે લગ્ન કર્યા તો એની સામે કેસ કરવાની આ કાયદા હેઠળ એ બહનને પણ સત્તા મળવાની છે પછી એનો આરોપી ભલે હિંદુ હોય એમાં કોઈ ના નથી. હિંદુઓ સામે કેસ નહિ થાય અને મુસ્લિમો સામે કેસ થશે એવી આ કાયદામાં ક્યાંય કોઈ જોગવાઈ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના સભ્યો આ વાત તમે બંધબેસતી પાઘડી કેમ પહેરી લીધી છે? તમારે જ એનો જવાબ આપવો પડે, તમારે જ એનો ખુલાસો કરવો પડે એવું તમે શા માટે વાતાવરણ ઊભું કરો છો? ચાર–પાંચ વખત માનનીય શૈલેષભાઈ બોલ્યા કે દીકરી કાળજાનો કટકો. જેના પગ નીચે રેલો આવે એને ખબર પડે શું સ્થિતિ છે? પછી ભલે તે ગમે તેટલા હોદ્દા ઉપરનો અધિકારી હોય, ગમે તેવા મોટા જ્યુડિશરીવાળા હોય, ગમે તેવા મોટા પોલીસતંત્રવાળા હોય કે ગમે તેવા ધાર્મિક કે રાજકીય પક્ષના નેતા હોય. હું નામ નહિ આપું પણ આપણા બધાં પાસે એવા કેટલાંય કેસ આવતા હશે કે, દીકરી જતી રહી હોય, માતા–પિતા જમતાં ન હોય, એમને ઊંઘ આવતી ન હોય, આપણે મદદ કરીએ. પોલીસને અને માનનીય પ્રદીપસિંહજીને ફોન કરીએ. માનનીય પ્રદીપસિંહજી મદદ કરે. તે વખતે આપણે  વ્યક્તિ, જાતિ કે સમાજ કશું જોતાં નથી. આપણા બંધારણની જોગવાઈ, આપણી માનવતા અને આપણા હિંદુ શાસ્ત્રો અને અંગ્રેજીમાં પણ એમ કહે છે કે Ladies first. શા માટે આમ કહ્યું છે? કારણ કે દીકરીની શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક બધી જ રીતે મર્યાદાઓ હોય છે. દીકરી અમુક હદ સુધી જ

લાગણી કે માગણી વ્યક્ત કરી શકે. આ બધું એના વતી કરવાની જવાબદારી આપણા ભાઈઓની છે, જ્યારે અમે તો સરકાર છીએ. સરકાર તરીકે આ અમારી જવાબદારી છે કે કોઈ પણ નિર્દોષ દીકરી જેને છેતરી હોય. કાયદામાં બહુ સ્પષ્ટ છે છતાં કેમ અભ્યાસ ન કર્યો? મારો મૂળ પ્રશ્ન તો માનનીય પરેશભાઈ આપને જ છે કે બહુ તમે કહેતા હતા કે મુકી દેવું જોઇએ, સાહેબે ઠપકો પણ આપ્યો વિભાગોને કે સભ્યોને તમે ચાર દિવસ પહેલા બિલ કેમ ના પહોંચાડ્યું? એક પાનાનું બિલ પહોંચી ગયેલું હતું, બે પાનાના ઉદ્દેશો અને કારણો લખેલા છે, ખાલી ગુજરાતીમાં વાંચવાનું હતું આટલું વાંચ્યું હોત તો તમારે આ કોઈ પોલિટીકલ ઍંગલથી જેને લોકો સામાન્ય ભાષામાં વોટબેંક કહે છે, એ વોટબેંકના બચાવ માટે આ કોઇ, મને તો એવું લાગે છે કે કોગ્રેંસે તો આને જીવન મરણનો પ્રશ્ન બનાવી દીધો છે. કોગ્રેંસવાળા એ ફકત એમ જ વિચારે છે અમારે ફલાણા સમાજના, ફલાણા ધર્મના લોકોના જ વોટ લેવાના છે, બાકીના લેવાના નથી પણ હું ચોકકસ કહીશ કે, અહીંયા જે બોલો છો એ બહાર જઇને તમે બોલશો તો પ્રજાનો સાચો અવાજ એ પ્રજાની હૃદયની સાચી ભાવના કોઇ પણ નાત–જાત ઇવન કૉંગ્રેસનો ચુસ્તમાં ચુસ્ત કાર્યકર હશે એ પણ હૃદયથી કબૂલ કરશે કે ભાજપની શ્રી વિજયભાઇ રૂપાણીની, શ્રી પ્રદિપસિંહની આ સરકાર, આ ગૃહ વિભાગ, આ કાયદા વિભાગ આ કાયદો લાવ્યો છે એ લાવવાની જરૂર હતી. આ બધા જ સ્વીકારશે અને આજે સત્ર પૂરું થાય છે, હું બધા જ કૉંગ્રેસના સભ્યોને વિનંતી કરું છું કે અહીંયા ભલે તમારૂ રાજકીય કંપલઝન હોય, પોલિટીકલી તમારે બોલવાની જરૂર હોય પણ ઘરે જઇને પુછજો તમારા પત્નીને, દીકરીને, આડોશી–પાડોશીને, સગાંવહાલાંને, કાર્યકરોને કે આ કાયદો લાવવો જોઇએ કે નહીં? હું ગેરંટીથી કહું, કોઇનું નામ મારે નથી લેવું. હું ગેરંટીથી કહું કે આ ગુજરાતની અંદર કોઇ વ્યકિત એવો નહીં મળે કે જે આ કાયદાનું સમર્થન ન કરે. વર્ષ ૨૦૨૨ની ચૂંટણી એ તો અમારે માટે કંઇ મોટી વાત નથી. અમે ભલભલા કોઠા, ભલભલા કિલ્લા પસાર કરી દીધા તો આ કાયદાથી અમે આ બધું કરશું. ના, ના શ્રી પરેશભાઇ, મને વાંધો નથી. તમે અમરેલીમાં જઇને કાલે જ સભા કરો, હું શ્રી પ્રદિપસિંહને વિનંતી કરું કે એમને સ્પેશિયલ કેસમાં આ અંગે સભા કરવાની મંજૂરી આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સાહેબ, હું એમના મોટા હોર્ડિંગ્સ છપાવીને આપું, આખા અમરેલીમાં મોટા હોર્ડિંગ્સ, શ્રી પરેશભાઇ આ કાયદાનો વિરોધ કરે છે અને શ્રી પરેશભાઇની સભાની પણ સંપૂર્ણ વ્યવસ્થા કરાવી આપું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : નહીં નહીં, શ્રી પરેશભાઇ ત્યાં સભા કરે કે હું આ કાયદાનો વિરોધ કરું છું. આવી છોકરીઓને ભોળવી, લલચાવી, ખોટી રીતે ગેરમાર્ગે દોરી અને એને ધર્માંતર કરી, એક ધર્મમાંથી બીજા ધર્મમાં ભલે લઇ જાય. પરેશભાઇ તો એવું બોલ્યા મને તો બહુ આંચકો લાગ્યો છે કે આવા તો કરોડ કેસ આવે, શું તમારે આવા કરોડ કેસ લાવવાના છે? હું રેકર્ડ ઉપર કાઢીશ, લાવીશું લાવીશું, હું લાવીશ, લાવીશ. કરોડો લોકોની લાગણી દુભાય એવું કંઇક તમે બોલ્યા છો, કરોડો શબ્દ તમે બોલ્યા છો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમને કહેવા તો દો. જોઇ લેશું, જોઇ લેશું , શું કહો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કરોડો લોકોના હૃદય તોડ્યા, હું પાકુ કરું, એમણે એમ કહ્યું કે, તમે કાયદો લાવીને કરોડો લોકોના હૃદય તોડ્યા છે. આ કરોડો નહીં, આ હજારો નહીં, આ સેંકડોના કેસ છે. આ ગુજરાતની જનતા, ગુજરાતનો ધર્મ સ્વાતંત્ર્ય, અમારા ભા.જ.પ., અમારો પરિવાર એવો નમાલો નથી કે આવા મોટા કેસો અમે થવા દઇએ, અમારી જાણકારી આવે તો અમે જેટલું સમજાવવાનો પ્રયત્ન કરીએ, વાળવાનો પ્રયત્ન કરીએ અને સમાધાન કરી અને ગેરમાર્ગે દોરાયેલી કેટલીય દીકરીઓને અમે પાછા લાવ્યા છીએ. મારે ખેડાવાલાને પ્રશ્ન પુછવો છે, શ્રી ગ્યાસુદ્દીનભાઇ જતા રહ્યા, એમને પ્રશ્ન પુછવો છે, પ્રશ્ન મારે એ પુછવો છે કે કોઇપણ સમાજમાં..

અધ્યક્ષશ્રી : એ બંને નથી એટલે હવે એમના નામજોગ ન કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ના, ધારાસભ્ય છે એટલે કહેવાય સાહેબ, આ ગૃહના સભ્ય હાજર હોય તો કહેવાય, એ કહેવાય જ સાહેબ, એના વિશે, એટલા માટે કહેવું છે, શ્રી બાબુભાઇ, સાંભળોને હવે, પ્લીઝ હવે, કોઇપણ જ્ઞાતિ જાતિમાં કોઇ વિવાદ થાય, શ્રી બાબુભાઇ, સાંભળોને હવે, પછી કહેશો મને કહે છે. શાંતિથી સાંભળો કંઇક જાણવા મળશે. કોઇ જ્ઞાતિમાં બે જૂથ પડ્યા હોય તો આપણે સમાધાન કરાવીએ છીએ, એક કુટુંબની છોકરી બીજા કુટુંબમાં જતી રહી હોય તો આપણે ભેગા કરી સમાધાન કરાવીએ છીએ. કોઇના પૈસા બાકી હોય, ઝઘડો થયો હોય, કોઇના ખેતરની જમીનનો ઝઘડો હોય તો આપણું કામ સમાધાન કરાવવાનું છે. મારે આ સમાજના લોકોને પૂછવું છે કે તમે મને બે–પાંચ કિસ્સાઓ બતાવો તો મને આનંદ થશે. કોઇ હિન્દુની છોકરી કોઇ વિધર્મી, હું બીજા ધર્મનું નામ નહીં આપું, ડરાવી, ફોસલાવી, લલચાવી, છેતરી અને ગેરમાર્ગે દોરી. શ્રી ઇમરાન ખેડાવાલાએ કહ્યું કે અમારે ત્યાં તો બહુ સાદું છે, બે જણા હાજર હોય, હાજર પણ એમનાને એમના જ માણસો હોય. કબૂલ હૈં તો કહે કબૂલ હૈ. વાત પૂરી થઇ ગઇ. બહાર બેસીને બધું સાંભળે છે. આ લોકો બધા હોંશિયાર છે. (અંતરાય) શ્રી ગ્યાસુદ્દીનભાઇ બહુ હોંશિયાર છે, મને વિશ્વાસ છે એમના પર, એ બહુ સામાજિક સમરસતાવાળા છે. એમના બન્ને માટે મને માન છે. તમામ સભ્યો માટે માન છે. હું જે વાત કરું છું એ જાહેર જીવનની વાત કરું છું. સાહેબ, એક–બે બનાવ શ્રી ગ્યાસુદ્દીનભાઇ, તમે મને બતાવો કે કોઇ ગાય કપાતી હોય અને તમે પોલીસને ખબર આપી અને રેડ પડાવી અને કસાઇ ઉપર કેસ કરાવ્યો હોય, મુદ્દામાલ જપ્ત કરાવીને એના ઉપર ખાલી બાતમી આપીને નહીં, પોલીસમાં અને કોર્ટમાં સાક્ષી આપી હોય અને પેલાને નશ્યત કરાવી હોય તો તમને સાચા બિન–સાંપ્રદાયિક અમે માનીશું. કોઇ હિન્દુની છોકરીને કોઇ ખોટી રીતે લોભ, લાલચ, લલચામણ, દેખાવ આવું બધું કાયદામાં જે જોગવાઇ છે, એ કરીને મુલ્લા તો તૈયાર જ બેઠા હોય છે. જે મુલ્લા હોય કે શું

હોય મને ખબર નથી. કબૂલ તો કહે કબૂલ, વાત પૂરી બરોબર. આ પેલી છોકરીને સાહેબ શું બોલ્યા અને શું ના બોલ્યા એ બધું થઇ જાય, આ બધું થાય ત્યારે મા–બાપને ખબર પડે. સાહેબ, સામાજિક રીતે પ્રયત્નો થતા હોય આ છોકરી ગઇ છે એના સગા–વ્હાલાઓને સમજાવો, એના આડોશી પાડોશીને સમજાવો. મને તમે લોકો દાખલા આપો. આવું સમજાવીને તમારા ધર્મમાંથી તમે છોકરીને હેમખેમ, કોઇ પણ રીતે એની કોઇ પણ રીતે હાનિ ન થાય એવી રીતે સન્માનભેર પેલો માણસ તમારો જેણે લુચ્ચાઇ કરી છે, બદમાશી અને ગુંડાગીરી કરી છે, નફટાઇ કરી છે, કાયદાનો ભંગ કર્યો છે, તમારા મુસ્લિમ ધર્મનું અપમાન કર્યું છે, ફકત એને લગ્ન કરવા માટે ધર્મનો દુરુપયોગ કર્યો છે, એવા માણસને તમે નશ્યત કેમ નથી કરતા? અમારી છોકરીઓને હેમખેમ પાછી કેમ નથી આપતા? ઉપરથી અમારી પાસે તો એવા દાખલા છે કે મને કહેતાં દુઃખ થાય છે કે, સમજાવટ કરવાના બદલે દિકરીના મા–બાપને મદદરૂપ થવાના બદલે એ છોકરાને કેમ ભગાડી દેવો, કેમ સંતાડી દેવો, એને કેમ સગેવગે કરી દેવો. પેલી છોકરી આગલા દિવસ સુધી ખુલ્લા મોંએ ફરતી હોય, આધુનિક રીતે ફરતી હોય, શાકાહારી છોકરી હોય, ધર્મમાં માનતી છોકરી હોય એને પછી તમે સીધો બુરખો પહેરાવી અને સંતાડી દો, મા–બાપને મળવા ન દો. સગાં–વહાલાંને મળવા ન દો, તો તમે આમાં સહભાગી છો કે નથી? તમે સહભાગી ન હોવ તો હું સામાજિક સમરસતા માટે કહું છું કે સામાજિક સમરસતા કોને કહેવાય? એક જ્ઞાતિની છોકરી બીજી જ્ઞાતિમાં જાય તો હજારો દાખલા મળે છે કે જ્ઞાતિના લોકો માનભેર એ છોકરીને એના મા–બાપના ઘરે પાછી આપી આવે છે.

સાહેબ, પાંચ–પચ્ચીસ દાખલા તો મુસ્લિમ સમાજ આપે, એટલા માટે મારે સમાજનું નામ આપવું પડયું, આ કાયદો સમાજ માટે નથી. તમે માની લીધું છે કે તમારા પ્રવચનોમાં તમારા નેતા, તમારા ઉપનેતાના પ્રવચનમાં તમે માનસિક રીતે સ્વીકારી લીધું છે કે આ ફકત મુસ્લિમો માટે લાગુ પડે છે, એમના માટેનો કાયદો છે, માટે હું કહું છું. અમે આ મુસ્લિમ માટેનો કાયદો માનતા જ નથી. પરંતુ તમે કેમ એવું નક્કી ન કરો કે તમારી જમાત કેમ એવું નક્કી ન કરે. આમ તો વારે વારે ફતવા બહાર પાડો છો, ચૂંટણીઓમાં ફતવા બહાર પાડો, ફલાણાનો ફતવો બહાર પાડો. સીએએ વિરૂદ્ધ ફતવો બહાર પાડો, દિલ્હીનો ચાંદની ચોક મહિનાઓ સુધી બ્લોક કરી આખા દિલ્હીની એક કરોડની વસતિને પરેશાન કરો, ના કરવાના ફતવા તમે બહાર પાડો છો. સાહેબ, મારી તમને વિનંતી છે. (અંતરાય) મારી વાત સાંભળો માનનીય પરેશભાઇ. તમે જાહેર આગેવાનો છો. તમે તમારા સમાજને વિનંતી કરો, તમારા ધર્મગુરુઓને, તમારા મૌલવીઓને વિનંતી કરો, એમની પાસે ફતવા કેમ બહાર પડાવતા નથી કે કોઇ હિન્દુની છોકરીને પરણીને લાવશે તો અમે એમને ઇસ્લામમાં નહિ ગણીએ, સમાજ બહાર મૂકીશું, એનો અમે બહિષ્કાર કરીશું . કેમ આનો ફતવો બહાર નથી પાડતા? તમારા મનમાં જો સાચી બિનસાંપ્રદાયિકતા હોય, સાચી સામાજિક સમરસતા હોય, સાચી રાષ્ટ્રીય ભાવના હોય હિન્દુ દીકરીઓને તમે તમારી દીકરીઓ તરીકે જોતા હોય કોઇ બદ ઇરાદાથી જોતા ના હોય, કોઇ લાલસાથી જોતા ન હોય તો ફતવો બહાર પાડો હું તમને અભિનંદન આપીશ, કાલે જ મિટિંગ બોલાવો મને લાગે છે કે આજે જ ગુરુવાર છે કાલે શુક્રવાર છે. કાલે જુમ્માની મસ્જિદ બોલાવાશે, તમે જઇને મારા વતી વિનંતી કરજો કે, ભાઇ હિન્દુ સમાજ આવું ઇચ્છે છે કે આપણે આવું કરીએ, આપણે આવો ફતવો બહાર પાડીએ. સાહેબ, કોરોનાની રસી લેવા માટે સમજાવવા પડે. સાહેબ, હું તો આરોગ્ય મંત્રી તરીકે અનુભવથી કહું, ભાઇ શ્રી ખેડાવાલા બપોરે મને મળ્યા મેં એમને અભિનંદન આપ્યા. એમણે ખૂબ સુંદર કામ કર્યું. બે દિવસ પહેલા એમનો વિડિયો જોયો. બધાએ પણ જોયો હશે કે હું વેકસીન લઇશ એવું લઘુમતી સમાજને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા માટે હું વેકસીન લઇ રહ્યો છું એવું શ્રી ખેડાવાલાએ ટીવી મિડિયામાં નિવેદન આપ્યું. હું એમને અભિનંદન આપુ છું. એમણે ઘણું સારું કામ કર્યું છે. એ જ રીતે શ્રી ગ્યાસુદ્દીનભાઇએ કોરોનામાં મદદરૂપ થવાનું સારું કામ કર્યું છે. આ રીતે જો કોરોના જેવા ગંભીર રોગમાં પણ દિલ્હીના મુંબઇના મૌલવીઓ ફતવો બહાર પાડે તો આ સમાજ કયાં જઇને અટકશે? આજે આખી દુનિયા કયાં પહોંચી અને હજી આપણે ૨૧મી સદીમાંથી કોઇને ૧૮મી સદીમાં જવું છે તો કોઇ એવા સ્વપ્ના જોવે છે કે અમે ૭૦૦ વર્ષ રાજય કર્યું. અમારી બહુમતી થઇ જશે, લોકશાહીમાં અમારી ફરી સત્તા આવી જવાની છે. આવું બધું વિચારે છે. અરે મને તો ચિંતા છે અને હું તો જાહેરમાં કહેવા માગું છું કે, આ દેશની લોકશાહી, આ દેશનું જે બંધારણ માનનીય શૈલેષભાઇએ જુદી જુદી કલમો વાંચી, જુદા જુદા આર્ટિકલો બંધારણ વાંચ્યા, પૂજય ડૉ. બાબાસાહેબ આંબેડકર જેના નેતૃત્વમાં જે બંધારણ બન્યું છે હું તો એમ કહું છું કે આ બંધારણ પણ ત્યાં સુધી જ સલામત છે કે જયાં સુધી સાચા દેશભકતો ભારત ભકત, ભારત માતાના નાગરિકોની બહુમતીવાળી સાચી સરકારો હશે. કમનસીબે ભગવાન ન કરે કોઇ આવનારી સદીમાં એવો કાળો દિવસ આવશે કે આવું નહિ થાય એ દિવસે આ હિન્દુસ્તાન સાચું ભારત નથી રહેવાનું, લોકશાહી નથી રહેવાની. જુદા જુદા કાયદાની અહીંયા બધાએ વાત કરી. શ્રી ગ્યાસુદ્દીનભાઇએ વાત કરી, શ્રી ખેડાવાલાએ કહ્યું કે ફાંસીના માચડે ચડાવી દો, હું એની વાત કરતો નથી, હું તો સાદો કાયદો માગું છું. શરિયતનો અમલ માગોને તમે કે જે કાયદાનો ભંગ કરે. શરિયતનમાં લખ્યું છે કે કોરડા મારવા, જાહેરમાં ફાંસી કરવી, જાહેરમાં પથ્થરો મારવા, જે બહેન દીકરીઓની આબરુ લે, જે બળાત્કાર કરે એને શરિયતનો કાયદો લાગુ કરવાની માગણી કરો ને? શા માટે નથી કરતાં? તમને ખબર છે કે ભારતના કાયદા એવા છે, કોર્ટોમાં પુરાવા એવા જોઇએ કે ફાંસી થવાની નથી. કમનસીબે ૧૮ વર્ષથી નીચેનો હોય. સાહેબ, નિર્ભયા કેસ હું યાદ કરું છું. આપ તો વકીલ છો બધાને ખબર છે. નિર્ભયા કેસમાં મોટા આરોપીઓ પુખ્ત વયના હતા એને તો ફાંસીની સજા થઇ ગઇ. કમનસીબે હું કોઇ જ્ઞાતિ જાતિ જોતો નથી. અમે હંમેશા કહીએ છીએ કે ગુંડા, દેશ વિરોધીઓ,

આતંકવાદીઓ, આર્થિક ગેરપ્રવૃત્તિ કરનારા એને કોઇ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમાજ હોતો નથી. દરેક જ્ઞાતિ જાતિ ધર્મમાં અસામાજિક પ્રવૃત્તિ કરનારા છે જ.

પણ સાહેબ, કાયદાને કેમ મજબૂત કરવા પડે એના માટે હું કહું છું. સાહેબ, નિર્ભયા કેસમાં કમનસીબે એક સગીર વયનો છોકરો હતો અને કમનસીબે એ મુસ્લિમ હતો. હિંદુઓ બધા જે હતા એ પુખ્ત વયના હતા. એ બધાને સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા કરી. પેલો નાબાલિગ હતો, સગીર હતો, ૧૮ વર્ષથી નીચેનો હતો એટલે તેને છોડી દીધો. રીમાન્ડ હોમમાં મોકલી દીધો. હવે સાહેબ, ૧૮ વર્ષથી ૧૯મા વર્ષનો થાય એટલે એ રાક્ષસ. એને હું રાક્ષસ જ કહીશ, તમે તેને હેવાન કહેતા હો ઇસ્લામમાં તો હેવાન કહીશ. એ ૧૮ વર્ષથી ૧૯નો થાય એટલે સજ્જન થઇ જશે? એના સંસ્કાર બદલાઇ જશે? સાહેબ, ઉંમરને અને ગુનાને કોઇ લેવા–દેવા જ નથી. આ તો હવે બનાવેલા કાયદા છે એટલે આપણે સ્વીકારવા પડે છે. સાહેબ, મેં વિગત માગી. અહીંયા શ્રી શૈલેષભાઇએ કહ્યું કે કાયદા બદલો છો, કાયદા બદલો છો. કાયદા બદલવા પડે. જોગાનુજોગ સંજોગ પ્રમાણે, પરિસ્થિતિ પ્રમાણે, જરૂરિયાત પ્રમાણે દરેક સરકારો કાયદા બદલે છે. તમારી સરકારો વખતે તમે કાયદા બદલ્યા હતા. ભવિષ્યમાં આપણે નહીં હોઇએ તો આવનારી સરકારો પણ કાયદા બદલશે. જે પવિત્ર બંધારણનો, બાબાસાહેબ આંબેડકરના બંધારણનો માનનીય શૈલેષભાઇએ ઉલ્લેખ કર્યો. સાહેબ, મેં વિગત મેળવી. સ્વ. ઇંદિરા ગાંધીથી માંડીને દરેક સરકારોએ અત્યાર સુધી બંધારણમાં પણ ૧૦૪ સુધારા કર્યા છે. જો બંધારણમાં સુધારો થતો હોય તો કાયદામાં સુધારો કેમ ન થાય માનનીય શૈલેષભાઇ? જરૂરિયાત પ્રમાણે આપણને લાગે, પહેલાં મોટરસાઇકલો નહોતી, હવે તો મોટરસાઇકલને સ્હેજ પીકઅપ આપો તો ૧૦૦ની સ્પીડ ઉપર પહોંચે. પોલીસની જીપ ૬૦ કિલોમીટરની ઝડપે જાય. તો ૧૦૦ કિલોમીટરની ઝડપે દોરો તોડનાર ભાગતો હોય તો તેને પકડવા કાયદો સુધારવો પણ પડે. સી.સી.ટી.વી.માં પકડાય તો સી.સી.ટી.વી.ને પુરાવો ગણવો પડે. વીડિયો કોન્ફરન્સથી કોર્ટને પુરાવો લેવો હોય, કેદી ભાગી જતા હતા. સાબરમતી જેલમાંથી લઇ જાય. વચમાં પોલીસવાળા તેને હોટલમાં જમવા લઇ જાય. પેલો આ બારણેથી પેલા બારણે ભાગી જાય. ભલભલા ગુનેગારો ભાગી ગયા. તો કાયદો નહીં બદલવાનો? આપણે જોયા કરવાનું? જેમ જેમ જરૂરિયાત પડે, આપણને ખ્યાલ આવે, પરિસ્થિતિ થાય એમ કાયદા બદલાય. હું તો એમ માનું છું સાહેબ, આ પણ મારો અંગત વિચાર છે કે આવા ગુના કરનારને બંધારણ–બંધારણ કરી કાયદામાં જોગવાઇ છે, બંધારણે હક્ક આપ્યો છે. એમ કરીને બેસી ન રહેવાય. હવે જરૂરિયાત પડે આવા દેશ વિરોધીઓ, કટ્ટરવાદીઓ, આતંકવાદીઓ, દીકરીઓની આબરૂ લૂંટનારા આવા લોકોને ગંભીરમાં ગંભીર સજા કરવા, જરૂર પડે તો બધા પક્ષોએ ભેગા થઇને બંધારણમાં પણ સુધારો કરવો જોઇએ. તમે કટોકટી નાંખી હતી. શ્રી ઝૈલસિંઘ રાષ્ટ્રપતિ હતા. સહી કરાવી દીધી. રાતોરાત કટોકટી નાંખી દીધી અને બંધારણ સુધારી દીધું. જો દેશમાં કટોકટી નાંખવા અલ્હાબાદ હાઇકોર્ટે માનનીય ઇંદિરાજી ગાંધીને વડાપ્રધાન તરીકે દૂર કરતો આદેશ કર્યો હતો. તેમાંથી બચી જવા જો તમે કટોકટી નાખી શકતા હો, કટોકટી નાંખવા બંધારણ બદલી શકતા હો તો આ આપણાં દેશની કોઇ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મની જે સગીર કન્યાઓ છે તેમના ઉપર બળાત્કાર થતો હોય, તેમના ઉપર અત્યાચાર થતો હોય, એમને વિધર્મીઓ દ્વારા કોઇ પણ રીતે છેતરી, ફોસલાવી, લગ્ન કરી અને આખી જિંદગી નર્કમાં થાય એટલું પાપ કરતા હો તો બંધારણ શું કરવા ન બદલાય? આ મારો બધાને પ્રશ્ન છે. આપણે બધાએ ભેગા થઇને બંધારણ બદલવાની પણ જરૂરિયાત હોય તો બદલવું જોઇએ. પણ આ કાયદો બધી દીકરીઓ માટે છે. કોઇ જ્ઞાતિ, જાતિ, સમાજ માટે નથી. શીખ ધર્મની દીકરીને કોઇ લઇ જશે તો કાયદાનો અમલ થશે. મુસ્લિમ હશે, ખ્રિસ્તી હશે, પારસી હશે, જૈનને તો આપણે હિંદુ ધર્મનો ભાગ જ ગણીએ છીએ પણ એ હોય તો પણ ગણાશે. સાહેબ, દીકરીઓ માટે છે. તો આમાં શા માટે આટલો બધો તમે આનો બચાવ કરો છો? મને તો એ ખબર જ પડતી નથી. કેટલાક સભ્યશ્રીઓ તો એવી જોરજોરથી પાટલીઓ થપથપાવતા કે જાણે આ પાટલી થપથપાવી એટલે વર્ષ ૨૦૨૨માં એમનો પટ્ટો રીન્યુ એવું સમજતા હતા, પણ હું એવું સમજું છું કે આપને વિનયથી કહું છું કે આજના બધા ધારાસભ્યોના પ્રવચનો જેમ તમે ૬.૩૦થી ૭.૦૦ 'વિધાનસભાના ઝરૂખે' આપણો કાર્યક્રમ છે, મારી વિનંતી છે કે બધાના પ્રવચન આજના ૮ વાગ્યા સુધીના આપ ખુલ્લા મૂકી મિડિયાને આપો. સોશિયલ મિડિયામાં આપો, વોટ્સએપ ઉપર આપો. દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે અને કાયદો કોણ ઇચ્છે છે અને કોણ નથી ઇચ્છતું. હું ગેરન્ટીથી કહું છું કે ૪–૫ જણા સિવાય, એ કોણ છે એ ખબર છે, એમની મજબૂરી શું છે એ ખબર છે. એ સિવાય હું અભિનંદન આપીશ માનનીય ગેનીબેનને. એમણે સાચી વાત કરી, એમણે સુધારો કર્યો છે. એમણે કાયદાનો વિરોધ કર્યો નથી. એમણે સારું કહ્યું છે. ઘણા લોકોની લાગણી છે કે દીકરી જતી રહે. કોર્ટમાં વકીલ બેઠો હોય, આવારા તત્ત્વો નોટરી કરવા તૈયાર હોય અને મા–બાપની પરવાનગી સિવાય કોર્ટ મારફત, નોટરી મારફત કે મેરેજ એક્ટ મારફત લગ્ન ના કરી શકાય એવો કાયદામાં સુધારો લાવો એવી ગેનીબેને માગણી કરી. આ સાચું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મા–બાપ દીકરીને ભણાવે–ગણાવે, મોટી કરે, દીકરાને ભૂખ્યો રાખે પણ દીકરીને જમાડે. સારામાં સારા કપડાં નવરાત્રી અને દિવાળીના તહેવારમાં અપાવે, દીકરીને દર–દાગીના આપે. હવે જોખમ વધી ગયું. આપ વકીલ છો. નામદાર સુપ્રીમ કોર્ટે હમણાં જજમેન્ટ આપ્યું કે હવે બાપની મિલકત હોય એમાં દીકરીઓ પણ સમાન હક્કે ભાગીદાર રહેશે. મને તો હવે ચિંતા એ છે કે આવા નરાધમો, આવા લુખ્ખા તત્વો કોઇની મિલકત પચાવી પાડવા આ છોકરીને ફસાવીએ, આ છોકરીને લલચાવીએ તો છોકરીના મા–બાપની મિલકતમાં મને બેઠો ભાગ મળી જાય. એકવાર છોકરી ફસાઇ ગઇ એટલે એના મા–બાપની મિલકતમાં પણ ભાગીદાર થઇ ગઇ. આવા નીચ ઉદ્દેશથી કાયદાનો દુરુપયોગ કરે. છોકરીની

મિલકતનો ભાગ પચાવી પાડવા માટે પણ કેટલાક નરાધમો આ કાયદાનો, આ સત્તાનો દુરુપયોગ કરશે. એટલે મારે વધારે નથી કહેવું પણ જે બીજી વાત છે એ માનનીય પ્રદિપસિંહજી સ્પષ્ટતા કરશે પણ શ્રી પરેશભાઇ, આપ સૌ વિપક્ષના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ એક ઐતિહાસિક કાયદો છે. આપણે આજે છીએ, ૫–૧૦ વર્ષ પછી ન હોઇએ, કોઇ ૧૦૦ વર્ષ નથી જીવવાનું. આપણો ધર્મ, આપણી સંસ્કૃતિ, આપણી દીકરીઓની આબરુ, આપણા મા–બાપની શાંતિ, સલામતી જો કાયમ રાખવી હોય, દેશમાં કાયમ એકતા, સંવેદનાપૂર્ણ વાતાવરણ, હિન્દુ–મુસ્લિમના ઝઘડા કેમ થાય છે? આવા ઘણા કારણો હોય છે. છોકરીને ઉપાડી ગયા એનો ઝઘડો થાય. પાંચ આમથી આવ્યા અને પાંચ તેમથી આવ્યા અને એ ઝઘડો થયા પછી તોફાનો થઇ ગયા. આ બધું નિવારવું હોય તો આવો કડક કાયદો જરૂરી છે. એટલે કોંગ્રેસ પક્ષને મારી વિનંતી છે કે ચૂંટણીઓ આવશે અને ચૂંટણીઓ જશે. આપણે અહીંયા છીએ, પૃથ્વી ઉપર છીએ પછી નહીં હોઇએ. કોઇ કદી રહ્યું નથી કે કોઇ કદી રહેવાનું નથી પણ દેશ છે, સંસ્કૃતિ છે, માનવજાત છે. આપણી બહેન દીકરીઓની સલામતી માટે ટૂંકી દ્રષ્ટિના રાજકારણમાં આવ્યા સિવાય આજે સર્વાનુમતે આ કાયદો મંજૂર કરી આખા દેશમાં એવો સંદેશો આપો કે ગુજરાત એ કાયમ એકતા માટે, કાયમ સંવાદ માટે, દીકરીઓની સલામતી માટે હંમેશા એક છે અને એક રહ્યું છે એવી સાબિતીરૂપે આ કાયદો તમે બધા સર્વાનુમતે મંજૂર કરો એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાના સંદર્ભમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે રીતે આજ દિવસ સુધીના એમના અનુભવો પ્રવર્તમાન કાયદાની કેમ આવશ્યકતા છે? અને કોંગ્રેસના મિત્રો પાસે રાજનીતિથી ઉપર ઊઠીને સમાજ માટે ખૂલ્લાં મને આ કાયદાને સમર્થન આપવા માટેની જે વાત કરી. એ વાતના સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે જ્યારે ગુજરાતની વિધાનસભાની અંદર એકબાજુ આ કાયદાની ચર્ચા ચાલતી હતી અને કાયદાની ચર્ચામાં બહારના લોકોએ ગુજરાતની વિધાનસભામાં હાલ શું ચાલી રહ્યું છે? અને ગુજરાતની એ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીના સભ્યો શું બોલે છે? કોંગ્રેસના સભ્યો શું બોલે છે? કોંગ્રેસના સભ્યો કેમ બોલે છે? કોંગ્રેસના કયા સભ્યો બોલ્યા હતા? કોંગ્રેસના કયા સભ્યો બોલ્યા? આજે મીડિયાના માધ્યમથી આપણા સૌની ઉપર આખો સમાજ નજર નાખીને બેઠો છે. એમાં માનનીય અધ્યક્ષશ્રી, મને એક ફોન આવ્યો અને એ ફોનમાં પોતાની જે વાત કરી એ આખેઆખા શબ્દો હું બોલતો નથી. પરંતુ તમે ગુજરાતની વિધાનસભાની અંદર જે કામ કરી રહ્યાં છો એમાં તમે જે વિરોધ કરે એને કહેજો કે તમે આવી દીકરીઓની હાય ના લેશો નહીં તો ખાલી જગ્યા બરબાદ થઇ જશો. આ અક્ષરશ: એ શબ્દો આની પાછળ એની કેટલી પીડા હશે? કેટલી વેદના હશે? ત્યારે એણે ફોન કરીને આ સંદેશા મારા સુધી પહોંચાડ્યો છે. એણે કીધું કે ''તમે આ કાયદો નથી બનાવતા. પરંતુ પારેવાની જેમ ફફડતી દીકરીઓને તમે બચાવવા માટેનું કામ કરો છો.'' એ પ્રમાણેના ઉદ્ગારો આમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા જે મેસેજ આવે છે અને આપણા જુદા જુદા સભ્યોએ આ મુદ્દાને પણ ઉમેરવો જોઇએ. મેં કહ્યું તેમ મેં સવારના પણ મારા પ્રવચનમાં કહ્યું હતું અને માનનીય ગ્યાસુદ્દીનભાઇને કે ઇમરાનભાઇને વ્યક્તિ સ્વરૂપમાં નહીં. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, ચિંતા એ છે કે પાકિસ્તાન અને ભારત છૂટા થયા ત્યારે પાકિસ્તાનમાં કેટલા હિન્દુઓ હતા? આજે કેટલા છે? ભારતની અંદર એ વખતે કેટલા મુસલિમો હતા? આજે કેટલા છે? ક્રમશ: ધર્માન્તરણની અંદર વસ્તી વધારો કરીને આ જે હિડન એજન્ડા છે એ હિડન એજન્ડાના માધ્યમથી ભારતની રાષ્ટ્રીયતાની સામે પણ અનેક પ્રશ્નો ઊભા થાય છે. આ દીકરી બચાવવાની તો આવશ્યકતા છે જ. પરંતુ દેશ બચાવવા માટે પણ આ કાયદાની ઉપયોગીતા છે. માનનીય અધ્યક્ષશ્રી, હું હજી કહું છું અને સવારે પણ કહ્યું હતું આ દીકરી એ કાળજા કેરો કેટકો છે, છે અને છે જ. આ હિન્દુ સંસ્કૃત્તિ છે અને અમારી આ દીકરીઓ પ્રત્યેની ભાવના છે. આ દીકરીઓ પ્રત્યેનું અમારું કર્તવ્ય છે. અમે રાજકારણમાં એટલા માટે આવ્યા છીએ કે આવી દીકરીઓના હકોનું રક્ષણ થાય એટલા માટે અમે રાજકારણમાં આવ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મેં સવારે કહ્યું હતું. મારે રિપીટ કરવું છે ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં ૧૩મી નવેમ્બરે એક આખું દશ્ય છે અને એમાં પહેલા એનું બ્લેકમેઇલ પછી એની એટ્રોસિટી પછી એનું કન્વર્ઝન અને પછી ખરાબ ધંધામાં એનો પ્રવેશ કરાવવો અને ના માને તો એનું મર્ડર કરવું. ''લવ જેહાદ'' શબ્દ ક્યાંથી આવ્યો? માનનીય અધ્યક્ષશ્રી, હું આ દેખાડવા માગું છું લવ એટલે પ્રેમ. પરંતુ જેહાદી માનસિકતાના આધાર ઉપર જે કરે એને ''લવ જેહાદ'' કહેવાય. એટલા માટે તમે ધર્મ સ્વાતંત્ર્યતાના કાયદામાં ''લવ જેહાદ''નો શબ્દ તમે કેમ ઉલ્લેખ કર્યો? એના ઉપર તમે ડિબેટ કરો છો. તમે સ્વીકારો કે છળકપટના આધાર ઉપર ધર્માન્તરણ કરાવીને જે દીકરીનું શોષણ કરવામાં આવે છે. તમે એના સમર્થનમાં છો કે નહીં તમે એના માટેની વાત કરો. પરેશભાઇએ બહુ જ વિસ્તૃત વાત કરી અને ''મઝહબ નહીં સીખાતા આપસ મેં બૈર રખના'' એવા પણ ઉલ્લેખો થયા. ૧૭ વર્ષ બાદ એવી શું પરિસ્થિતિ થઇ? હા, ૧૭ વર્ષ બાદ ઉભી થયેલી પરિસ્થિતિના આધાર ઉપર મેં તમને ઓફીશીયલ રેકર્ડવાળા સવારે દેશના દાખલા આપ્યા છે, રાજયના દાખલા આપ્યા છે અને અમદાવાદ શહેરના પણ દાખલા આપ્યા છે. કોઇ બહેન, દીકરીઓનું આ રીતે શોષણ થતું હોય તો ભારતીય જનતા પાર્ટીની આ સરકાર આંખમિંચામણા કરીને જોવાવાળી સરકાર નથી એટલા માટે અમે ૧૭ વર્ષ પછી લાવ્યા છીએ. કાલ્પનિક ભેદરેખા, મેં સંસદના દાખલા આપ્યા, લોકસભાના, રાજયસભાના, વિધાનસભાના દાખલા આપ્યા. એમણે એમ કહ્યું કે આવું કરશો તો દેશના ભાગલા થઇ જશે હું ઉલ્લેખ કરવા માગું છું કે નરેન્દ્રભાઇ મોદી ધર્મ સ્વાતંત્ર્યનો કાયદો ૨૦૦૩માં લાવ્યા હતા. દેશના કરોડો લોકોનું આશાનું કિરણ બન્યા હતા. જેને તમે દેશના ભાગલા કરવાની

વાત કરો છો, એક દેશ થયો હોય તો એ નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ થયો છે. મેં મારા ઉલ્લેખોમાં, પરેશભાઇની વાતમાં એ પણ કહું છું કે આ સભાગૃહને લેજીસ્લેટીવ કોમ્પીટન્સી છે. કેટલાક સભ્યો પાટલીઓ થપથપાવતા હતા.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ :(મુખ્ય દંડકશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ તમામ કામકાજ બિલો સહિત પૂરું થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : નક્કી થયા મુજબ એ પ્રમાણે ગૃહનો સમય લંબાવવામાં આવે છે. આજની યાદીમાં દર્શાવેલ તમામ કામકાજ પૂર્ણ કરવાનું રહેશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક કૉંગ્રેસના ધારાસભ્યશ્રીઓ જયારે ગ્યાસુદ્દીનભાઇ, ઇમરાનભાઇ કે પરેશભાઇ બોલતા હતા ત્યારે પાટલીઓ થપથપાવતા હતા. મને નીતિનભાઇના એ વિચાર માટે આદર થયો કે આ સભાગૃહનું વિડિયો રેકોર્ડીંગ એમણે એમના વિસ્તારોમાં બતાવવું જોઇએ. અહીંયા જેટલા પાટલી થપથપાવતા હતા, હિંમત હોય તો સામે ચાલીને આપની પાસે માંગે અને મૂકી દે યુ–ટયૂબમાં કે અમે આ કાયદાનો આ રીતે વિરોધ કર્યો છે. રાજનીતિ કેટલી હલકી કક્ષાની થઇ ગઇ છે! એક મતોની રાજનીતિ માટે બહેન, દીકરીઓની ઇજ્જતનું લિલામ થાય, આપણો અંતરઆત્મા ના જાગે એવા રાજનીતિના પદો હાંસલ કરીને શું કરવાનું? અમે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ વર્ષ ૧૯૮૦માં જયારે ભા.જ.પા.ની અંદર જોડાયા ત્યારે કોઇ સત્તાના સૂત્રો હાંસલ કરવા માટે નહોતા આવ્યા. અમને કયારેય ખબર નહોતી કે આમાંથી સત્તા મળે. અમે રામમંદિર માટે આવ્યા, અમે હિન્દુ ધર્મની માન, રક્ષા માટે આવ્યા, અમે ૩૭૦ ની કલમ દૂર કરવા માટે આવ્યા, અમે ગૌહત્યામાં ગાયોની કતલ રોકવા માટે આવ્યા, અમે પાકિસ્તાનના હિન્દુની સલામતી માટે સિટીઝન એમેડમેન્ટ એકટ લઇને આવ્યા. અમે ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક લઇને આવ્યા. અમે દીકરીને છળકપટ કરીને બદનામ કરવાવાળા લોકોની સાન ઠેકાણે લાવવા માટે આ ગુજરાતની વિધાનસભાની અંદર આવ્યા છીએ. આ પબ્લીસીટી સ્ટંટ નથી, આ અમારું કમિટમેન્ટ છે. આ બિલ નથી, ભારતીય જનતા પાર્ટીનું વીલ છે. એવું કહેવામાં આવ્યું કે ૧૦૦ જેટલી દીકરીઓએ, હિન્દુ દીકરીઓએ મુસ્લિમ સાથે લગ્ન કર્યા. મારી પાસે વર્ષ ૨૦૧૯થી ૨૦૨૦ના કલેકટરના પ્રમાણિત આંકડા છે અને પ્રમાણિત આંકડામાં લગ્નનું કારણ આપીને માત્ર ૨૫ જ લોકોએ ધર્માંતરણ માટે અરજી કરી છે અને એમાંય એ અમદાવાદની વાત કરે છે. અમદાવાદમાં માત્રને માત્ર એક જ લગ્નના કારણે અરજી થઇ છે. હું આપને વિનંતી કરું છું કે એમણે આ ભળતી વાત કરીને આ વિધાનસભાના રેકર્ડ ઉપર ખોટી વાત મૂકી છે. આ રેકર્ડમાંથી દૂર કરવું જોઇએ. એમણે આર્ટીકલ–૨૫ના ધર્મ, પ્રચાર, પ્રસારની વાત કરી. શ્રી ગ્યાસુદ્દીનભાઇ, હું સ્વીકારું છું કે ધર્મનો પ્રચાર, પ્રસાર કરવો જોઇએ. પરંતુ ધર્મના પ્રચાર, પ્રસાર પછી ધર્માંતરણની માનસિકતા છે. અમારો એની સામેનો વિરોધ છે. કોઇ મુસ્તફા શા માટે મહેશ ઠાકોર બને છે કે કોઇ સલીમ શા માટે સુરેશ બનીને હાથે નાડાછડી બાંધીને અમારી બહેન દીકરીઓને, સમાજની બહેન દીકરીઓને છેતરવા માટે આવે છે. તમારામાં તાકાત હોય તો કૉંગ્રેસ પક્ષ અમારો આ કાયદો છે એના માટે ફાંસીની સજા લાવે, સુધારો મૂકો, અમારા દંડક સુધારો મૂકવાના છે. તમે પણ સુધારો મૂકો. અમારી તૈયારી છે. હું કૉંગ્રેસના નેતાને ખુલ્લી ચેલેન્જ કરું છું કે તમારા પક્ષના ધારાસભ્યએ કહ્યું કે આવું કરવાવાળાને ફાંસીની સજા આપવી જોઇએ. અમારા દંડક પ્રસ્તાવ મૂકે તમે સમર્થન આપવા તૈયાર હોય તો આવી દંભી રાજનીતિ બંધ કરો અને સત્યની પડખે ઊભા રહો. મેં જે તબલીગી સમાજનો ઉલ્લેખ કર્યો. આ મારા પોતાના શબ્દો નથી. કૉંગ્રેસના સમર્થ નેતા શ્રી અમૂલભાઇ દેસાઇના શબ્દનો ઉલ્લેખ છે અને એવું કહે કે સુપ્રીમની અંદર ચેલેન્જ થઇ છે તમે રાહ જુઓ. આ સમાજની બહેન દીકરીઓ છળકપટ, લોભામણી જાહેરાતથી એક પછી એક ધર્માંતરણની પ્રક્રિયા ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે અને સુપ્રીમના ચુકાદાની રાહ જુએ ત્યાં સુધી ગુજરાતની વિધાનસભાએ કાંઇ જ નહિ કરવાનું? અમે રાહ જોવાવાળા માણસો નથી. અમે અમારા બહેન દીકરીઓની આબરું બચાવવા વાળા છીએ. ભારતીય બંધારણના સ્વાતંત્ર્યના હક્કને અમે માન આપીએ છીએ. માનનીય પરેશભાઇ, તમે જે ઉલ્લેખો કર્યા એ બધા જ મારા પ્રવચનમાં ઉલ્લેખો કર્યા છે. હું એટલું કહેવા માગું છું કે આ સમાજ વ્યવસ્થામાં આપણે ગુજરાતની ભાજપની રાષ્ટ્રીય સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસને વરેલી આ સરકાર છે. અમે કયારેય મતોના તૃષ્ટીકરણની રાજનીતિ કરી નથી. અમે વિકાસની રાજનીતિ કરી છે. આ સમાજ વ્યવસ્થા, લો એન્ડ ઓર્ડર, પબ્લિક ઓર્ડર માટે બચાવવા માટેનું આ એક બ્રહ્માસ્ત્ર છે, આ એક દિવ્યાસ્ત્ર છે અને આ સુદર્શન ચક્રના માધ્યમથી આવું કરવાવાળા લોકોની શાન ઠેકાણે લાવવા માટેનું આ બિલ છે. આજના દિવસે મેં સવારે પણ કહ્યું હતું અને અત્યારે પણ કહું છું કે આજનો દિવસ એ ગુજરાતની વિધાનસભા માટે બનતા સરકારી વિધેયકો માટેનો ઐતિહાસિક દિવસ છે. લેન્ડ માર્ક દિવસ છે. ગુજરાતની ભાજપની શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારની પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના આધાર ઉપર લવ જેહાદ એને ત્રાસવાદનું સ્વરૂપ અટકાવવા માટેનો આ કાયદો છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાને તોડવાનું એને ખોખલું કરવાનું આપણી સંસ્કૃતિ ઉપરનું પરોક્ષ રીતે આક્રમણ કરવાનું આ કાયદાની અંદર કાયદાના માધ્યમથી આપણે તે બચાવી શકીશું. જ્યારે કોઇ દીકરીનું છળકપટથી ધર્માંતર કરાવી લગ્ન થાય અને એ હેરાન થાય અને એ હદે હેરાન થાય કે એને આત્મહત્યા કરવી પડે. એ આત્મહત્યા કરે અમે એની વેદના

હાઉસમાં કહીએ છીએ અને *(xxx) આ અમારી વેદના છે અને આ વેદનાના આધાર ઉપર સરકાર વ્યવસ્થાના સ્વરૂપે આ બિલ લાવી છે. રાજનીતિથી ઉપર ઉઠીને માનનીય નીતિનભાઇ સાહેબે આપણને આખા પ્રશ્નના હાર્દ સાથે સમજાવ્યું છે. હું વિનંતી કરું છું કે, આ બિલને સમર્થન કરીને ગયા દિવસોમાં લોકસભામાં તમે ૪૪૪ હતા અત્યારે ૪૪ રહ્યા છો, અત્યારે હાઉસમાં છો. આવીને આવી માનસીકતા રાખશો તો આમાંથી અહીંયા અડધા પાછા ફરી નહીં આવી શકો. એટલે માનસીકતા સુધારવા માટેની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકોર્ડ ઉપરથી કાઢી નાંખવામાં આવે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભા. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨થી ૫ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૬ પરનો સુધારો**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે સુધારો રજૂ કરું છું.

"in section 4C proposed to be inserted by clause 6, in sub-section (2),

substitute the words "From the date of filing a charge sheet, such institution or the organisation" for the words "Such institution or the organisation".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ ૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ ૬ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૭ અને ૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૧નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૧**

**ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧**

**વિદ્યમાન ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ને રદ કરવા અને વધુ સમય લેતી હોય તેવી કેટલીક પ્રક્રિયાઓ દૂર કરીને અને તેમાં આયુર્વેદ યુનિવર્સિટી અને કોલેજોના વહીવટમાં નવી પદ્ધતિનો સમાવેશ કરીને, નવા ગતિશીલ માળખામાં તેને પુનઃ અધિનિયમિત કરવા બાબત.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવવાનો હેતુ એક અગત્યનો છે કે આપણી ગુજરાતની જામનગરની પ્રખ્યાત, પ્રતિષ્ઠિત આયુર્વેદિક યુનિવર્સિટી, એમાં હવે ભારત સરકાર દ્વારા તાજેતરમાં લોકસભામાં કાયદો પસાર કરી અને આયુર્વેદને વધુ મહત્ત્વ આપવા માટે, આયુર્વેદિક યુનિવર્સિટીને અને આયુર્વેદિક અભ્યાસક્રમોને વધુ પ્રોત્સાહન આપવા માટે અને વિશ્વકક્ષાની આ બધી સેવાઓ, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે એ માટે તાજેતરમાં ભારત સરકાર દ્વારા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્સ ઇન આયુર્વેદ, ઇટ્રા નામની સંસ્થા ૨૦૨૦થી આ કાયદો બનાવી અમલમાં મૂકવામાં આવી છે અને એમાં ગુજરાત સરકારની સંમતિથી, મંજૂરીથી ભારત સરકારે ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદિક, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક મહાવિદ્યાલય અને ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ, ઇટ્રા ફાર્મસી યુનિટ સાથે, હવે ભારત સરકારને સુપ્રત કરવાની થાય છે એ થઇ ચૂક્યું છે અને એનો વટહુકમ આપણે આ કાયદા

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• વિધેયક તા.૨૦મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

અગાઉ બહાર પાડેલો છે. હવે બાકીની જે આપણી ગુજરાતની સંસ્થાઓ છે એની ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી એ નામની સંસ્થા નવી યુનિવર્સિટી રાખવા માટેનું આ બિલ છે.

મેં અગાઉ કહ્યું એમ મિલકતો સિવાય સમગ્ર જામનગરમાં આયુર્વેદિક કેમ્પસમાં આવેલી મિલકતો જે આપણી ગુજરાત સરકારની છે. આપણે ભારત સરકારને ઇટ્સાને જે સંસ્થાઓ સોંપવાના છીએ એ સંસ્થાઓના નામ તો મેં અગાઉ બતાવ્યા પણ એની સાથે જોડાયેલી સરવે નંબર–૧૯૯૪ની જમીન જે વોર્ડ નંબર–૧૦માં છે, સરવે નંબર–૧૯૯૫ની જમીન, સરવે નંબર–૨૦૦૭ની જમીન, સરવે નંબર–૨૦૭૨ની જમીન, આ બધી જમીનો આપણે ભારત સરકારને સોંપીએ છીએ. બાકી આ બધી મિલકતો અગાઉ પણ ભારત સરકારની વિવિધ ગ્રાન્ટોમાંથી એ બનાવવામાં આવી છે. હવે બાકી રહેતું જે આખા ગુજરાતની આયુર્વેદિક કોલેજો, એની જે વ્યવસ્થાઓ એ બધું જ આપણી ગુજરાતની આ જે મેં નવી સૂચિત કરી છે એ ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીના હસ્તક રહેશે. અત્યારે આપણા ગુજરાતમાં જુદી જુદી આયુર્વેદિક સરકારી કોલેજો, સેલ્ફ ફાઇનાન્સ કોલેજો છે એ આમાં એફિલિએશનથી જોડાશે, વિવિધ અભ્યાસક્રમો પણ આપણે આમાં ચલાવીશું એટલે ભારત સરકાર પોસ્ટ ગ્રેજ્યુએશન અને અન્ય ઉચ્ચ કક્ષાનું જ્ઞાન આપશે. બાકીની બધી સંસ્થાઓ એ આપણી ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી દ્વારા ચલાવવાની છે એટલે આ નવી યુનિવર્સિટી સ્થાપવાની છે એમાં માનનીય રાજ્યપાલશ્રી એના કુલાધિપતિ રહેશે. વાઇસ ચાન્સેલરની નિમણૂક રાજ્ય સરકાર કરશે. સંચાલક મંડળમાં નિષ્ણાતો, સરકાર નિયુક્ત નિષ્ણાતો, જુદા જુદા પ્રતિનિધિઓ એ પણ જે સૂચિત કર્યા છે એ પણ આ બિલમાં દર્શાવેલું છે, એટલે બધી જ વિગતો આ બિલમાં જુદી જુદી કલમો, એનો વહીવટ કેવી રીતે થશે, કોને કેટલી સત્તા પ્રાપ્ત થાય છે, જેમ બધી જ યુનિવર્સિટીઓનું વહીવટી માળખું હોય છે, એ રીતે આપણી આ ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીનું માળખું પણ કાયદા પ્રમાણે આ બિલમાં કલમો પ્રમાણે સૂચવ્યું છે એ પ્રમાણે રહેવાનું છે પરંતુ સમયની મર્યાદામાં હું એની ખૂબ લાંબી વાત નહિ કરું. પણ એટલી માહિતી આપને આપું છું કે આ નવી આપણે જે આયુર્વેદિક યુનિવર્સિટી થશે. તેમાં ૫ સરકારી, ૧ ગ્રાન્ટ ઇન એઇડ અને ૧૮ સેલ્ફ ફાયનાન્સ તેમ કુલ–૨૪ આયુર્વેદિક કોલેજો રહેશે. યુનિવર્સિટીનું વડુ મથક કયાં રાખવું તે રાજ્ય સરકાર અલગથી નક્કી કરશે. હાલના વાઇસ ચાન્સેલર જે ઇન્ચાર્જ છે તેમને અત્યારે આપણે વી.સી. તરીકે ચાલુ રાખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે નાણાકીય વ્યવસ્થા છે તેમાં ભારત સરકાર અને રાજ્ય સરકાર બન્ને દ્વારા નાણાકીય વ્યવસ્થા કરવામાં આવશે. હાલમાં આ યુનિવર્સિટીનો જે સ્ટાફ છે તે સ્ટાફમાં ૮૬ જગ્યાઓ પૈકી ૨૬ જગ્યાઓ ભરેલી છે અને આ યુનિવર્સિટીમાં યુ.જી.ના ૧૬૩૭ વિદ્યાર્થી છે તથા પી.જી.ના ૫૬ વિદ્યાર્થી છે અને નેચરોપેથી તે પણ આમાં આવી જાય છે તેના ૩૦ વિદ્યાર્થી છે. અત્યારે ચાર હોસ્ટેલ છે તેમાં બોયઝ અને ગર્લ્સ માટેની જુદી જુદી છે તે પ્રમાણે આ એક યુનિવર્સિટી આપણી આયુર્વેદિક યુનિવર્સિટી ગુજરાતની રચના માટે સન્માનનીય વિધાનસભાની મંજૂરી માટે હું બિલ લઇને આવ્યો છું જે ગુજરાતના હિતમાં છે. આપણી હજારો વર્ષ જૂની આયુર્વેદિક પદ્ધતિના હિતમાં છે, ગુજરાતના વિદ્યાર્થીઓના હિતમાં છે, દર્દીઓના હિતમાં છે અને આયુર્વેદિક દવાઓનો ઉપયોગ વધે, તેનું જ્ઞાન વધે, તેનું માર્ગદર્શન વધે તે રીતે ઉપયોગી છે તો બધા જ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે સર્વાનુમતે આ બિલ મંજૂર કરો.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધાનસભાની અંદર લવ જેહાદ, સંવેદનશીલતા, માનવતાની બહુ લાંબી વાતો થઇ પણ આજે આ વિધાનસભાની અંદર સાચો માનવતાનું અને સંવેદનશીલતાનું જે ઉદાહરણ બન્યું છે તે હું બધા સભ્યોના ધ્યાને મૂકવા માગું છું.

કાલે વિધાનસભાની અંદર યુનિવર્સિટી બિલ ઉપર ચર્ચા હતી ત્યારે મારી ચર્ચાની અંદર મેં એક વાત કરેલી કે ઉચ્ચ અભ્યાસ કરેલી, એમ.એ.બી.એડ. થયેલી એક દીકરીને સફાઇનું કામ કરવું પડે છે. આ બાબતની માનનીય અધ્યક્ષશ્રીએ તરત જ તે નોંધ લીધેલી અને મને એક ચિઠ્ઠી લખીને આપેલી કે દીકરીને મારી પાસે લાવજો. હું આજે દીકરીને માનનીય અધ્યક્ષશ્રી પાસે લાવ્યો અને તેમણે તાત્કાલિક તેમના સ્ટાફને સૂચના આપી કે દીકરીએ જે પ્રમાણે અભ્યાસ કરેલો છે તે પ્રમાણે તેમને નોકરી મળવી જોઇએ અને તેનું માન–સન્માન જળવાવવું જોઇએ એટલે હું માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપી સલામ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય આરોગ્ય મંત્રી જે ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી વિધેયક લઇને આવ્યા છે તેને અમે સમર્થન કરીએ છીએ. સમયાંતરે કાયદાની અંદર સુધારો થવો જોઇએ. વર્ષ ૧૯૬૫ની અંદર જયારે કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઇ દેસાઇ હતા અને આરોગ્ય મંત્રીશ્રી મોહનલાલ વ્યાસ જે ગુજરાતના જાણીતા વૈદ્ય હતા તેમને આ વિધાનસભાની અંદર ગૌરવ સાથે કહી શકાય કે માત્ર ભારતની અંદર નહીં પણ વિશ્વની અંદર સૌથી પહેલાં સન ૧૯૬૫ની અંદર આયુર્વેદિક યુનિવર્સિટીની સ્થાપના કરેલી હતી. માનનીય નીતિનભાઇએ કહ્યું તેમ કે વર્ષ ૨૦૧૨ પહેલાં ૫ સરકારી અને ૪ ગ્રાન્ટેબલ એમ કરીને ૯ કોલેજો હતી. તેમાંથી ૩ ગ્રાન્ટેબલ કોલેજો બંધ થઇ ગઇ. અત્યારે જયારે વિશ્વની અંદર આયુર્વેદ પદ્ધતિની ભારે માગ ઉઠી છે. ભારતની જે જૂની આયુર્વેદ પદ્ધતિ હતી તે પદ્ધતિ પણ અત્યારે વિશ્વની અંદર લોકો અપનાવી રહ્યા છે ત્યારે ગુજરાતમાં પણ આયુર્વેદિક યુનિવર્સિટી સારી અને મજબૂત બને અને એની પ્રસિદ્ધિ વિશ્વમાં થાય એના માટે હંમેશા સમર્થન કરીએ છીએ પરંતુ આ યુનિવર્સિટી બનાવી અને માત્ર ને માત્ર ખાનગી કૉલેજોને પ્રોત્સાહન આપવાનું હોય તો એની સામે અમારો વાંધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી ૨૦ થી વધુ ખાનગી કૉલેજોમાં આયુષ વિભાગની ગાઇડલાઇન પ્રમાણે એનો સ્ટાફ છે કે નહિ, વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળે છે કે નહિ? જે પ્રમાણે ઊંચી ફી લેવામાં આવે છે

એ પ્રમાણે એમને સારું શિક્ષણ મળે એ જોવાની આપણાં સૌની ફરજ છે. ૫૫ વર્ષ સુધી આ આયુર્વેદિક યુનિવર્સિટી સારી રીતે, લોકશાહી રીતે ચાલી. એનું માળખું બહુ સારી રીતે ગોઠવાયેલું હતું. મને લાગે છે કે ૫૫ વર્ષ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ ફરિયાદ આ સરકારને મળી નહિ હોય પણ આ નવા કાયદાની જોગવાઈમાં લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સેનેટ અને સિન્ડિકેટને દૂર કરવાની વાત કરી છે. ગુજરાતમાં ૨૨ હજાર કરતાં વધુ આયુર્વેદના રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ છે તે પૈકી એક કે બેને ગવર્નિંગ બોડીમાં પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવે તો એ લોકોની જે વાત છે એ વહીવટ સુધી પહોંચી શકશે અને ૨૦ જેટલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજના એક પણ પ્રતિનિધિ રાખવાની આ કાયદામાં કે સંચાલન મંડળમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. આ જે ૨૦ સભ્યોનું નવું સંચાલક મંડળ બનાવવામાં આવ્યું છે તેમાં સેલ્ફ ફાઈનાન્સ અને રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટની નિમણૂક કરવામાં આવે. કાયદાની કલમમાં ૨૯ સુધી તમે સબ સેક્શન આપી છે તેમાં ૩૦ નંબરમાં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટની જોગવાઇ કરવામાં આવે તો તેમને ફાયદો થશે. કલમ–૪ માં વડુ મથકની વાત કરવામાં આવી છે. આપે સ્પષ્ટતા કરી કે હજુ વડુ મથક નક્કી કર્યું નથી. મારી આપશ્રીને વિનંતી છે કે વડુ મથક એ રીતે નક્કી કરીએ કે સમગ્ર ગુજરાતને તેનો લાભ મળે. આ કાયદાની કલમ–૭ (૧૪)માં દાન આપવાની વાત કરી છે, ખર્ચ કરવાની વાત કરી છે તો આ કાયદામાં કઈ જગ્યાએ કયો અધિકારી કેટલો ખર્ચ કરી શકશે તેની કોઈ જોગવાઈ નથી. કુલપતિ અથવા રજિસ્ટ્રાર કેટલા રૂપિયા સુધીનો ખર્ચ કરી શકશે એની પણ જોગવાઇ આ કાયદામાં કરવામાં આવે. સેક્શન–૭(૨૪)માં જે પણ નાણાં હોય એ નાણાં કોઈ પણ જગ્યાએ મૂકી શકશે એવી જોગવાઈ કરી છે. ડાયરેક્ટર ઓફ ફાઈનાન્સનો તા.૨૪/૦૧/૨૦૧૯ અને સી.એ.જી.નો તા.૨૧/૦૮/૨૦૧૯ નો એક પરિપત્ર છે કે આવા જે પણ જાહેર નાણાં હોય એ કોઈ પણ સરકારી બેંકમાં મૂકવા. અમારી યુનિવર્સિટીમાં આવો બનાવ બનેલો છે કે જે નાણાં છે એ ૦.૧ ટકા ઊંચા વ્યાજે પ્રાઈવેટ બેંકમાં મૂકવામાં આવે છે. જ્યારે પ્રાઈવેટ બેંક ઉઠી જાય તો એ નાણાં સલવાઈ જાય છે. આથી કાયદામાં એવી જોગવાઈ કરવામાં આવે કે, કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારનું જે પણ ફંડ કે નાણાં હોય તેને રાષ્ટ્રીયકૃત બેંકમાં જ મૂકવામાં આવે. આપે વાત કરી કે ત્રણ સંસ્થાઓ કેન્દ્ર સરકાર સાથે જોડાઈ જશે. તો હાલનો જે સ્ટાફ છે તેનું શું થશે તેની પણ કોઈ જોગવાઈ નથી. આપે જણાવ્યું કે, યુનિવર્સિટીમાં હાલ ૨૬ વ્યક્તિનો સ્ટાફ છે પણ મેં જે પ્રમાણે માહિતી લીધી એ રીતે ૧૪ વ્યક્તિનો કાયમી સ્ટાફ છે. બાકીના બધા હંગામી છે. રજિસ્ટ્રાર હોય, વી.સી. હોય, પરીક્ષા નિયામક, ચીફ એકાઉન્ટન્ટ ઓફિસર આ તમામ લોકો અત્યારે ઈન્ચાર્જ છે તો એમની પણ તાત્કાલિક નિમણૂક કરવામાં આવે. કલમ –૭(૨૯)ની અંદર કાયદામાં એવું ઠરાવ્યું છે કે કોઇપણ અધ્યાપક હોય, રીડર હોય, પ્રોફસર હોય એની નિમણૂક એ સંચાલક મંડળ નક્કી કરશે પણ જયારે એના રજિસ્ટ્રાર કે આ બધાની નિમણૂકની કવોલિફિકેશન યુ.જી.સી. નક્કી કરતા હોય છે એટલે એની અંદર કોઇ કન્ફયુઝન ન થાય એ જોવા માટે પણ હું સૂચન કરૂ છું. કલમ –૭(૨) ની અંદર નવી જગ્યાઓ ઊભી કરવાની વાત છે કે કોઇપણ નવી જગ્યાઓ રાજય સરકારની મંજૂરી સિવાય ઊભી કરી શકાશે નહીં. થોડા સમય પહેલા જ શિક્ષણ વિભાગે એક પરિપત્ર કર્યો કે રાજ્ય સરકારની મંજૂરી સિવાય તમામ સરકારી યુનિવર્સિટીની અંદર કોઇ જગ્યા ઊભી કરી શકાશે નહીં કે નિમણૂક કરી શકાશે નહીં અને જો કરી હશે તો એની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટીની રહેશે. તો આની અંદર એવું બને છે કે, યુનિવર્સિટી સરકારની મંજૂરી લીધા સિવાય ભરતી કરી દે, એને એની એપોઇન્ટમેન્ટ આપી દે અને એનો પ્રોબેશન પિરીયડ કલીયર થઇ જાય પછી સરકાર એને મંજૂરી આપતી નથી એટલે હાઇકોર્ટની અંદર કેસ થાય છે અને ઘણા બધા આવા ખોટા લિટીગેશન યુનિવર્સિટીમાં ચાલે છે અને એના લીધે કર્મચારી પણ હેરાન થાય અને યુનિવર્સિટીને ખોટું આર્થિક નુકસાન થાય છે એ પણ જોવા માટે હું આપને વિનંતી કરુ છું. કલમ–૮ની અંદર સરકારી કોલેજોને તબદીલ કરવાની વાત કરી છે. તો સરકારી કોલેજો તબદીલ થાય તો એના સ્ટાફની પણ વ્યવસ્થા થાય એ વિનંતી કરૂ છું. કલમ–૧૦ (૫) માનનીય મંત્રી સાહેબ, જે લખ્યું છે એ કલમ સ્પષ્ટ થતી નથી કે રાજ્ય સરકાર પોતાને જયારે પણ યોગ્ય જણાય ત્યારે પેટા કલમો ૧થી ૩માં ઠરાવેલી રીતે કરવાની તપાસની અથવા તપાસ કરાવી શકશે અને તેને આવી તપાસને અને તપાસના હેતુઓ માટે સદરહુ પેટા કલમો ૧થી ૩ હેઠળની કુલાધિપતિની તમામ સત્તા રહેશે એટલે આ કલમ શું કહેવા માગે છે એ સ્પષ્ટ થતી નથી, એટલે આપ માનનીય મંત્રી સાહેબ, એ પણ જરા કલમ સાથે સ્પષ્ટ કરો એટલે ભવિષ્યની અંદર કોઇ કોમ્પ્લીકેશન ઊભા ન થાય. કલમ–૧૧(૪)ની અંદર એને જે પણ લોકોના નામ નિયુક્ત કરવામાં આવે એની ઉંમર ૬૫ વર્ષની કરી છે જયારે યુ.જી.સી.એ આ તમામની ઉંમર ૬૨ વર્ષ સુધી કરેલી છે એટલે એ પણ મારૂં સૂચન છે. કલમ–૧૨(૪)ની અંદર કુલપતિને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે, બીજી યુનિવર્સિટીની અંદર કલમ–૧૧(૪) પ્રમાણે આપી હોય છે, આની અંદર ૧૨(૪) માં આપી છે પણ એ કુલપતિ ૧૧(૪) કે ૧૨(૪)ની અંદર કેવા પ્રકારના નિર્ણય લઇ શકશે, એની કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી નથી એટલે ઘણીવાર કુલપતિઓ પોતાની સત્તાનો દુરુપયોગ કરી અને ખોટા નિર્ણયો લેતા હોય છે અને એના લીધે યુનિવર્સિટીને એના કર્મચારીઓને કે વિદ્યાર્થીઓને મોટું નુકસાન થતું હોય છે એટલે કુલપતિ ૧૨(૪) નીચે કેવા પ્રકારનો નિર્ણય આકસ્મિક સંજોગોમાં લઇ શકે એ પણ હું આપશ્રીને વિનંતી કરૂ છું. કલમ–૧૫ ની અંદર જે ગવર્નીંગ બોડી બનાવી છે એની અંદર સરકારના સચિવ, સરકારના નાણાં સચિવ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણના સચિવ, કમિશનર, આરોગ્ય નિયામક તમામ યુનિવર્સિટીની અંદર આવી જોગવાઇ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અંદર પણ ત્રણ કમિશનરની જોગવાઇ કરવામાં આવી છે પણ એક પણ દિવસ આ અધિકારીઓ ગવર્નીંગ બોડીની અંદર હાજર રહેતા નથી એટલે ઘણી વાર જે સ્થાનિક લોકો હોય એ ખોટા

નિર્ણય લે છે એટલે ભલે એમની નિમણૂક કરી એનો વાંધો ન હોઇ શકે પણ આ અધિકારીઓ જયારે પણ એની એકઝીકયુટીવ કાઉન્સિલની મિટિંગ હોય એની અંદર ફરજિયાત હાજર રહે અને સાચા નિર્ણયો લે એના માટે સૂચના આપવા વિનંતી છે. અત્યાર સુધી મેં મારી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો રેકર્ડ તપાસ્યો. છેલ્લાં ૨૬ વર્ષની અંદર માત્ર ત્રણ વાર આવા સચિવો મિટિંગની અંદર હાજર રહ્યા છે એટલે માનનીય મંત્રી સાહેબ, આ સ્પષ્ટ સૂચના આપવા પણ વિનંતી છે. જે કલમ-૧૫(૧૦)થી (૧૩)ની અંદર જે જોગવાઇઓ કરવામાં આવી છે એમાં જે સંલગ્ન કોલેજો છે, ગ્રાન્ટેડ અથવા સરકારી એના અધ્યાપકોને કોઇ જગ્યાએ સ્થાન આપવામાં આવ્યું નથી એટલે એમને પણ સ્થાન આપવામાં આવે. કલમ-૧૮માં જોગવાઇ કરવામાં આવી છે કે સભ્યોની જગ્યા ખાલી પડે ત્યારે. ગુજરાત કે ઉત્તર ગુજરાત યુનિર્સિટીનો એક્ટ હોય શ્રી નીતિનભાઇ, એમાં સ્પષ્ટ જોગવાઇ છે કે કોઇ પણ સત્તા મંડળની જગ્યા વધુમાં વધુ ૬ મહિનાથી વધુ ખાલી રાખી શકાશે નહીં. આ કાયદાની અંદર એવી કોઇ સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી નથી. આથી આવી જોગવાઇ કરવામાં આવે તો સંચાલક મંડળની જગ્યાઓ વધુ સમય સુધી ખાલી રહેશે નહીં, એટલે એની સમય મર્યાદા નક્કી થાય. કલમ-૨૦માં એકેડેમિક કાઉન્સીલની સત્તાઓ આપવામાં આવી છે. એકેડેમિક કાઉન્સીલ એ એકઝિવકયુટીવ કાઉન્સીલ પછીની બહુ મહત્ત્વની કાઉન્સીલ હોય છે. એકેડેમિક કાઉન્સીલ એ એકેડેમિક બાબત જોતી હોય છે. ઘણી વાર એકેડેમિક બાબતો એકેડેમિક કાઉન્સીલમાં ફરજિયાત મંજૂર કરાવવાની હોય છે પણ ઘણી વાર એકેડેમિક કાઉન્સીલના નિર્ણયોને અવગણી અને એકઝીકયુટીવ કાઉન્સીલ જે સંચાલક મંડળ છે, એ નિર્ણયો લેતું હોય છે. એટલા માટે આની અંદર સ્પષ્ટ એવું અન્ય કાયદાઓની અમારી એચ.એન.જી.યુ.ના કાયદાઓની અંદર પણ આવી જોગવાઇ છે. એકેડેમિક કાઉન્સીલે જે કાયદા કે નિર્ણયો લીધા હોય એ એકઝીકયુટીવ કાઉન્સીલ રદ કરી શકશે નહીં. એનો પણ આ કાયદાની અંદર સુધારો થાય. આની અંદર એકેડેમિક કાઉન્સીલ અને અનુસ્નાતક અભ્યાસ માટેની કાઉન્સીલ આ બે કાઉન્સીલો શ્રી નીતિનભાઇ, અલગ અલગ રાખવામાં આવી છે. એટલે મને સમજાતું નથી કે શા માટે આ બે અલગ અલગ રાખવામાં આવી છે. આ બન્ને વચ્ચે કોઇ કોન્ફલીટ ઊભી ન થાય, બન્ને વચ્ચે વિવાદ ન થાય એના માટે કાયદાની અંદર સ્પષ્ટ જોગવાઇ કરવા માટે હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૨૬માં યુનિવર્સિટીની અંદર રમતગમતના વિદ્યાર્થીઓ માટેની વાત કરવામાં આવી છે. કોઇ જગ્યાએ સ્પોર્ટસ ડાયરેકટરની વાત કરવામાં આવી. કારણ કે દરેક યુનિવર્સિટીમાં સ્પોર્ટ ડાયરેકટર હોય છે. આ યુનિવર્સિટીમાં સ્પોર્ટ ડાયરેકટર કે પરીક્ષા નિયામક બન્નેની નિમણૂકની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. એટલે પરીક્ષા નિયામક, માત્ર રજિસ્ટ્રારની જોગવાઇ કરવામાં આવી છે. એટલે પરીક્ષા નિયામક અને સ્પોર્ટસ ડાયરેકટર આ બન્ને યુનિવર્સિટી માટે બહુ મહત્ત્વના અધિકારીઓ છે એટલે બન્નેની પણ વ્યવસ્થા કરવામાં આવે. કલમ-૩૦માં જોડાણની વાત કરવામાં આવી છે. તો આ જોડાણની અંદર પણ એવું લખ્યું છે કે કોઇ પણ નીડ કમિટી બનાવી અને એક કોલેજ અને બીજી કોલેજનું અંતર જોવું. ઘણીવાર એવું થતું હોય છે કે નજીકના અંતરે ઘણી બધી કોલેજો ઊભી થતી હોય છે, એટલે દરેક કોલેજને વિદ્યાર્થીઓ મળતા નથી. દરેક કોલેજની એપ્રુવ્ડ મંજૂર થયેલી સંખ્યા ૬૦ હોય, તો એક એક કોલેજને ૧૦-૧૦ વિદ્યાર્થી મળે એના લીધે સારા આદ્યાપકો રાખી ન શકાય, વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળતું નથી. એટલે આની અંદર પણ કલમ -૩૦માં પણ એવી જોગવાઇ કરવામાં આવે કે એક કોલેજ અમુક સીટીમાં આવેલી હોય તો તેના અમુક અંતરે ૧૦ કે ૧૫ કિલોમીટરના અંતર સુધી બીજી કોલેજ નહીં આપવી. એની કિલોમીટરની મર્યાદા નક્કી કરવામાં આવે, તો એ સારું રહેશે. કલમ-૩૦(૫)ની અંદર કોઇ પણ નિર્ણયની સામે અપીલ કરવાની જોગવાઇ કરી છે. કોઇ પણ નિર્ણય લીધેલો હોય તો તેની સામે સંચાલક મંડળને અપીલ કરી શકશે. પરંતુ સંચાલક મંડળે લીધેલા નિર્ણયની સામે અપીલ કરવાની રાજય સરકારને સત્તા આપવામાં આવી છે. સંચાલક મંડળને જે અપીલ કરવાની હોય છે એની સમય મર્યાદા ૩૦ દિવસ નક્કી કરવામાં આવી છે. પરંતુ સરકારને જે અપીલ કરવામાં આવે તેની સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. એટલે માનનીય નીતિનભાઇ મારી વિનંતી છે કે સરકારમાં કોઇ નિર્ણયો લેઇટ ન થાય એના માટે જે રીતે ૩૦ દિવસની મર્યાદા છે તેવી જ મર્યાદા સરકારની અંદર અપીલમાં થાય તો એના માટે તમે આની અંદર સુધારો કરશો તો મને લાગે છે કે કાયદો વધુ ઈફેક્ટિવ બનશે. કલમ-૩૧ અને ૩૨માં શરત જોડાણ આપવાની વાત છે. એની અંદર કોઇ જગ્યાએ શરતી કે કાયમી જોડાણની વાત નથી તો એની સ્પષ્ટતા કરવામાં આવે. કલમ ૩૨(૨)માં કોઇપણ કોલેજની તપાસ માટે સંચાલક મંડળની સત્તા છે અને સંચાલક મંડળ ગમે ત્યારે એની તપાસ કરાવી શકશે. પણ માનનીય નીતિનભાઇ મારો અનુભવ છે એ પ્રમાણે આપને કહું છું કે દરેક યુનિવર્સિટીમાં જે કારોબારી સમિતિના સભ્યો હોય એ મેં માનનીય બાપુને પણ વાત કરી હતી કે એ.એલ.આઇ.સી. એટલે ઇન્કવાયરી કમિટીમાં તપાસ કમિટીમાં જતા હોય છે. એ તપાસ કમિટીમાં જાય, કોલેજો જોડે સેટીંગ કરે એનું સેટીંગ ન થાય તો એ કૉલેજોની માન્યતા રદ કરે. પાછા એ કારોબારીમાં આવે એટલે માનનીય મંત્રીશ્રી એવું થાય છે કે ફરિયાદી પણ એ અને તપાસ કરવાવાળા પણ એ જ અને જજ પણ એ જ. એટલે એવું નક્કી કરવામાં આવે કે સંચાલક મંડળના સભ્યો હોય એ આવી કોલેજોની તપાસ કમિટી નીમી શકશે પણ એ તપાસની અંદર જઇ શકશે નહિ, તો કોલેજોની સાચી તપાસ થશે અને જે કોલેજોના સંચાલકો છે એને સાચો ન્યાય મળશે એટલે એની અંદર સુધારો કરવા માટે હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૩૪ની અંદર જોડાણ પાછું ખેંચવાની વાત છે. કોઇપણ કૉલેજને જોડાણ આપેલ હોય તો એ પાછું ખેંચવા માટે એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની જરૂરિયાત છે. આ કાયદામાં એની જોગવાઇ કરવામાં આવી નથી

એટલે એવી પણ જોગવાઇ કરવામાં આવે કે કોઇ કોલેજ બરાબર ચાલે છે કે નહિ એકઝીકયુટીવ કાઉન્સીલ નહિ પણ એકેડેમિક કાઉન્સીલ તપાસ કરે એ રિપોર્ટ આપે પછી પરત ખેંચવામાં આવે તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૪૦ની અંદર યુનિવર્સિટીના સભ્યપદેથી દૂર કરવાની વાત કરવામાં આવી છે. એમાં લખ્યું છે કે કોઇપણ વ્યકિતને નૈતિક અધઃપતન એટલે કે મોરલ ટર્પીટયુડના ગુનામાં સંડોવાયેલો હોય તો એને દૂર કરી શકાશે. આપણા ધારાસભ્ય હોય, ઇલેકશન કમિશન હોય કે બીજા કાયદાઓ હોય એની અંદર એવું લખેલું છે કે કોઇપણ વ્યકિત મોરલ ટર્પીટયુડના કિસ્સામાં એને સજા થયેલી હોય અને બે વર્ષથી વધુ સજા થયેલી હોય તો એને તમે દૂર કરી શકો પણ આની અંદર સજાની સમય મર્યાદા આપેલી નથી એટલે એ પણ ચેક કરી લેવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૪૩ની અંદર વાર્ષિક અહેવાલ રજૂ કરવાની વાત કરી છે. મેં મારા ૨૦ વર્ષના સમય દરમિયાન એવું જોયું છે કે યુનિવર્સિટી એના વાર્ષિક અહેવાલ પાંચથી છ વર્ષ મોડા રજૂ કરતી હોય છે. જે એકેડેમિક કાઉન્સિલ હોય કે કારોબારી સમિતિ હોય એની સમય મર્યાદા ત્રણ વર્ષ હોય છે એટલે જૂની કારોબારી સભ્યોએ શું નિર્ણય લીધા હોય એ નવી કારોબારીને ખબર પડે નહિ. કારણ કે પાંચ–છ વર્ષે એના રિપોર્ટ રજૂ થતાં હોય એટલે મારી આપને વિનંતી છે કે જે વાર્ષિક રિપોર્ટ કે અહેવાલો રજૂ થતાં હોય એ ચાલુ વર્ષ સુધીમાં વધુમાં વધુ મોડામાં મોડા એક વર્ષના અંત સુધીમાં રજૂ થશે એવી જોગવાઇ કરવામાં આવે તો ઘણી વાર ખોટું થતું અટકી જશે આ પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી છેલ્લી વિનંતી એવી છે કે સંચાલક મંડળ છે એને એના વિનિમયો એટલે સ્ટેચ્યુટ અને ઓર્ડિનન્સ બનાવવાની સત્તા આપવામાં આવી છે પણ કોઇ જગ્યાએ એવું લખ્યું નથી કે જે સ્ટેચ્યુટ કે ઓર્ડિનન્સ બનાવવામાં આવે એ કયારે ઇફેકટીવ બનશે. બીજી જે યુનિવર્સિટીઓ છે એની અંદર એવું છે કે કોઇ પણ યુનિવર્સિટીની કારોબારી સમિતિ એટલે કે ગવર્નિંગ બોડી એ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ કે ઓર્ડિનાન્સ બનાવે એની ઉપર જયાં સુધી રાજયપાલની સહી ન થાય ત્યાં સુધી એ ઇફેકટીવ બનતા નથી એવી જોગવાઇ છે. એટલે આ કાયદાની અંદર પણ આવી જોગવાઇ કરવામાં આવે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અધ્યાપક તરીકેના અને યુનિવર્સિટીના અનુભવના આધારે મારા સૂચનો માનનીય મંત્રીશ્રી આપને યોગ્ય લાગે તો એની અંદર તમે સુધારા વધારા કરવા મારી વિનંતી છે. આયુર્વેદિક યુનિવર્સિટી અને એની સાથે જે કૉલેજો જોડાય અને એની અંદર સારું ઉત્તમ આયુર્વેદિકનું નોલેજ મળે અને ગુજરાતની ભારતની પુરાણની આયુર્વેદિકની સારવાર સિસ્ટમ છે એનો વિશ્વની અંદર સારો ફેલાવો થાય એના માટે શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : માનનીય કીરીટભાઇ, કલમવાર ખૂબ જ અભ્યાસપૂર્ણ વકતવ્ય.

શ્રી રાઘવજીભાઇ પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આ સભાગૃહમાં આયુર્વેદિક યુનિવર્સિટી વિધેયક–૨૦૨૧ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલના ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અધિનિયમ–૧૯૬૫ને રદ કરવાની પ્રક્રિયા અને વધુ સમય લેતી હોય તેવી પ્રક્રિયા દૂર કરી અને તેમાં આયુર્વેદ યુનિવર્સિટી અને કોલેજોના વહીવટમાં નવી પદ્ધતિનો સમાવેશ કરીને નવા ગતિશીલ માળખામાં તેને પુનઃ અધિનિયમિત કરવા બાબત વિધેયક માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આ સભાગૃહમાં લાવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૧૯૬૭માં ગુજરાત રાજ્યમાં કરવામાં આવેલ. આ ભારત વર્ષમાં એક માત્ર આયુર્વેદ યુનિવર્સિટી જામનગર ખાતે આવેલ છે અને ભારતના ટોચના આયુર્વેદના મૂર્ધન્ય વિદ્વાનો આપવાનો યશ પણ આ આયુર્વેદ યુનિવર્સિટીને જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે આયુર્વેદિક શાસ્ત્ર ભારતીય સંસ્કૃતિના ચાર વેદ પૈકી અથર્વવેદનો ઉપવેદ ગણાય છે. આયુર્વેદ એ માત્ર ચિકિત્સા જ નહીં, પરંતુ જીવન જીવવાના શાસ્ત્ર તરીકે પણ ઓળખાય છે. આયુર્વેદમાં શરીરના શુદ્ધિકરણ માટે પંચકર્મ અને મનના શુદ્ધિકરણ માટે યોગ જેવી વિશિષ્ટ ચિકિત્સા પદ્ધતિ બતાવેલ છે. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનું પ્રયોજન સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું અને રોગીના રોગને દૂર કરવો એટલે કે કોઇ વ્યક્તિ બિમાર જ ન થાય તે પ્રકારની જીવનશૈલી આ ચિકિત્સા પદ્ધતિમાં અપનાવેલ છે. આપણે બધા જાણીએ છીએ કે વૈશ્વિક મહામારી કોરોના, કોવિડ–૧૯ના આ સંકટના સમયમાં કોરોનાને હરાવવા માટે અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે રાજ્ય સરકાર અને ભારત સરકાર દ્વારા આયુર્વેદિક પદ્ધતિના ઉપયોગ માટે લોકોને પ્રોત્સાહિત કરી ગુજરાતના ઘર ઘર સુધી ઉકાળો અને ધન્વંતરી રથની સેવાઓ કોરોના વોરિયર્સ દ્વારા પહોંચાડી છે. ગુજરાતની જનતાએ આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિમાં વિશ્વાસ મૂકી કોરોનાના દર્દીઓને એલોપથી સારવાર સાથે આયુર્વેદિક ઇમ્યુનિટી બૂસ્ટર ઔષધો આપવામાં આવેલ અને તેના સારા પરિણામોથી આપણે લોકોના જીવન બચાવી શક્યા છીએ. વિશ્વના બીજા ક્રમની વસતિ ધરાવતા હોવા છતાં આપણે આપણાં દેશના લોકોને બીજાં દેશના લોકોની સરખામણીમાં આયુર્વેદિક ચિકિત્સાના કારણે કોરોના સંક્રમણની દૃષ્ટિએ ઓછા સંક્રમિત થયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ દર્દીના રોગને જડમૂળથી આડઅસર વિના દૂર કરે છે. આ પદ્ધતિનો ગુજરાતની પ્રજાને વધુમાં વધુ લાભ મળે તે માટે ગુજરાતને રાષ્ટ્રની મહત્ત્વની સંસ્થા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચીંગ એન્ડ રીસર્ચ ઇન આયુર્વેદની ભેટને આવકારવાની રહે છે. આ ઇન્સ્ટિટ્યૂટને આવકારવા માટે રજૂ થયેલ ગુજરાત આયુર્વેદિક

યુનિવર્સિટીના હાલના માળખામાં નવીન સુધારો કરવાનો થતો હતો અને નવીન બિલમાં ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી સાથે જોડાયેલ ત્રણેય સંસ્થાઓ ઇટ્રામાં સમાવેશ થતાં હવે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનું મુખ્ય કાર્ય તેની સાથે સંકળાયેલા કોલેજોના જોડાણ ધરાવતી કોલેજો પર વધુ અસરકારક દેખરેખ રાખી શકશે. આમ, આયુર્વેદિક અભ્યાસક્રમોના શિક્ષણના સ્તરને ઉંચુ લાવવામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતને ખ્યાતિ આપવામાં મદદરૂપ થશે. માટે ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી બિલને પસાર કરવા આ સભાગૃહના સર્વે સભ્યોને હું અનુરોધ કરું છું અને મારું સમર્થન આપું છું.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી માનનીય નીતિનભાઇ પટેલ ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીનું જે બિલ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને એના અંગેના મારા કેટલાક વિચારો વ્યક્ત કરું છું.

માનનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિમાં ચાર વેદો મહત્ત્વના ગણાય છે. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એમાં પાંચમો વેદ એ આ આયુર્વેદ છે. આયુર્વેદની અંદરના જે ગુણો છે, જે શક્તિ પડી છે, જે એલોપેથીમાં નથી એ આયુર્વેદમાં ધરમૂળથી રોગને મટાડવાની શકિત અને તાકાત પડી છે. અનેક ઉદાહરણો હું આયુર્વેદિક હોસ્પિટલ સાથે સંકળાયેલ હોવાથી આપી શકું એમ છું. હું એક દાખલો આપવા માગું છું કે મારા ગામે એક ભરવાડ બહેનને કિડનીની તકલીફ હતી. અઠવાડિયામાં બે વાર ડાયાલિસિસ કરાવવું પડતું હતું. છેલ્લે ડોકટરે કહ્યું કે કિડની ફેઇલ છે, બદલવી પડશે. ગરીબ પરિવાર મારી પાસે રડતો આવ્યો અને કહ્યું કે મારે આ તકલીફ છે. કિડની બદલવાની છે. મેં કહ્યું કે તમે કાલે રાજકોટ આવો. રાજકોટમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલ છે ત્યાં તમને લઇ જઇને ડોકટર સલાહ આપશે એ પ્રમાણે કરીશું. બીજા દિવસે એ બહેન આવ્યા. સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં ડોકટરને બતાવ્યું. એને નાડ જોઇને કહ્યું કે તમારી કિડની સારી થઇ શકે એમ છે. દોઢ મહિનો દવા કરવી પડશે. એક દવા અહીંથી આપીશ અને બીજી દવા ગામથી મળી શકશે. ગામમાંથી દવા મળવાની વાત કરી તો એ મકાઇના ડોડાની મૂંછોનો દિવસમાં ત્રણ વાર ઉકાળો લો અને હું દવા આપીશ એ લો.

અધ્યક્ષશ્રી : એનાથી પથરી પણ નીકળી જાય છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે બહેનને દોઢ મહિનામાં બન્ને કિડની કામ કરતી થઇ ગઇ. ત્યારબાદ એ બહેન ૧૦ વર્ષ જીવ્યા. આ એક તાકાત આયુર્વેદમાં પડેલી છે. એવો જ બીજો આયુર્વેદની અંદર આપણે ત્યાં મેડિકલ ટૂરિઝમ પણ વિકસી શકે એમ છે. નડિયાદમાં આપણી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ છે. હોસ્પિટલમાં હું જોવું છું કે જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં આખી હોસ્પિટલ ધોળિયાઓથી ભરાયેલી હોય છે. જર્મનીના પેશન્ટ ટ્રીટમેન્ટ કરવા આવે છે. અહીંના ડોકટર વર્ષમાં બે વાર જર્મની જાય છે અને એ લોકોને આયુર્વેદિક ટ્રીટમેન્ટ શીખવે છે. આ તાકાત આયુર્વેદમાં પડી છે. આપણે ત્યાં ગુજરાત આયુર્વેદ મંડળ દવા બનાવતું હતું. કાળક્રમે એ બંધ થઇ ગયું. ફરીથી આજે વૈશ્વિક માહામારીમાં આડઅસર વગરની દવા માત્ર આયુર્વેદમાં બને છે. વિશ્વની માંગ છે ત્યારે આ બિલના આધારે જે સંશોધન થશે, નવી દવાઓ મળશે જેના કારણે વિશ્વને ફાયદો થવાનો છે ત્યારે આ બિલને હું મારું સમર્થન આપું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી આરોગ્યની ચિંતા કરતાં એવા શ્રી નીતિનભાઇ પટેલ આયુર્વેદિક યુનિવર્સિટી સ્થાપવા માટેનું જે બિલ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ સંસ્કૃતિનો દેશ છે. ભારત દેશ એ આધ્યાત્મિકતાનો દેશ છે. જો દુનિયાના કોઇ દેશે આધ્યાત્મિકતાની તાકાત મેળવવી હોય તો ભારત આવવું પડે એવો આ દેશ છે. ગુજરાત એક મહત્ત્વનું રાજય, સંતો-મહંતોની ભૂમિનું રાજ્ય છે. આ રાજયમાં આયુર્વેદ સાથે જોડાણ માટે એક ઉમદા આશય સાથે યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય થઇ રહયો છે ત્યારે સૌરાષ્ટ્રના ધારાસભ્ય તરીકે મારે કહેવું છે કે એમના ઉદ્દેશોમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે હાલમાં જાહેર અને ખાનગી એમ બે ક્ષેત્રો દ્વારા આરોગ્ય સંભાળ અને વિતરણ વ્યવસ્થા લોકોને પૂરી પાડવામાં આવતી સેવાની ગુણવત્તાની દેખરેખ રાખવા અને તેનું નિયંત્રણ કરવાને લગતી બાબત મહદ્અંશે વિવાદાસ્પદ રહી છે એ સ્વીકાર્યું છે, ગમ્યું છે. તેથી વણઉકલ્યો પ્રશ્ન બની ગયેલ આરોગ્યની સંભાળ, વિતરણ વ્યવસ્થાનું હાલનું માળખું કાર્યક્ષમતા સુધારવા માટે પુરતું પ્રોત્સાહન પૂરું પડાતું નથી. રાજયની ખાનગી ક્ષેત્રને આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થા મહદંશે અનિયંત્રિત અને નિરંકુશ રહી છે. અપુરતી અને અયોગ્ય સારવાર ઉંચી કક્ષાની ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ અને મર્યાદિત સાધનોની દુર્વ્યવસ્થાની સમસ્યાથી માંડીને તબીબી ગેરરીતિ બેદરકારી જેવી ગંભીર સમસ્યાઓ ઉદ્ભવે છે અને ત્યારે માનનીય મંત્રીશ્રી આ ઉદ્દેશ લઇને આવ્યા છે. આયુર્વેદ એટલે બહુ મહત્ત્વની બાબત છે. એલોપેથીક દવા એટલે તાત્કાલીક તમને એની સારવાર મળી શકે. આપણને ટેમ્પરેચર આવે કે માથુ દુઃખે એટલે આપણે પેરાસીટામોલ લઇએ એટલે તાત્કાલિક સારવાર થઇ શકે પણ એ કાયમી ઉપાય નથી. કાયમી ઉપાય હોય તો એ આયુર્વેદિક છે. મારે તો આપને પણ અભિનંદન એટલા માટે પાઠવવા છે, મને પણ નીચલું બી.પી. ઉપર રહેતું હતું. અહીંયા આપણા જ વિધાનસભા ક્ષેત્રમાં ડો. ભટ્ટ બેઠા છે એમને હું મળવા ગયો એમણે નાડી તપાસીને મને જે દવા આપી, આજે પણ દવા હું લઇને જવાનો છું કારણ કે વિધાનસભા સત્ર પૂરું થાય છે. બધા ડોકટરો કહેતા હતા કે નીચલું બી.પી. કયારેય મટી નહીં શકે. બે અઢી વર્ષથી હું દવા લઉં છું. મારું નીચલું બી.પી. જતું રહ્યું છે. આ આયુર્વેદને આભારી છે. હું એક વખત આપની ચેમ્બરમાં પણ કહેવા આવ્યો હતો.

## તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧

અધ્યક્ષશ્રી : મારી વિધાનસભાના વખાણ કર્યા એટલે મેં એકલાએ પાટલી થપથપાવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : બે દિવસ આ ડોકટર બેસે છે અને અમે વચ્ચે કયારેક આવીએ છીએ ત્યારે અમારે સચિવાલયમાં નંબર-૧માં દવા લેવા જવી પડે છે પરંતુ એમને મંગળ, બુધ અને ગુરુ એમ ત્રણ દિવસની મેં પોતે આપની પાસે માગણી કરી હતી. બહુ જરૂરી છે. મારી ૬૧ વર્ષની ઉંમર ચાલે છે. મોટા ડોકટરો કહેતા હતા કે બી.પી.નો કાયમી ઉકેલ નથી. તમારું નીચલું બી.પી. વધ્યું છે તમારે ટેલમીરાઇટ ૪૦ લેવી પડશે. ટેલમીરાઇટ ૪૦માંથી હું ૨૦ ઉપર આવ્યો. અત્યારે હું ટેલમીરાઇટ ન લઉં તો પણ મારું બી.પી. વધતું નથી. ગમે તેટલું ચાલું તો પણ વધતું નથી. (અંતરાય) લાગતું નથી?

અધ્યક્ષશ્રી : ઉંમરની બાબતમાં પૂછે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સારી બાબત છે. એટલા માટે આયુર્વેદ જેવી બાબતો માટેની યુનિવર્સિટી સ્થાપવા માટેનો એક સરસ વિચાર લઇને આવ્યા છે. મેં અગાઉ પણ કહ્યું કે મારા સમર્થન સાથે મારા સૂચનો રજૂ કરવા હું આવ્યો છું. માનનીય મંત્રીશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે યુનિવર્સિટી સ્થાપી રહ્યા છીએ. અમારા શ્રી કીરીટભાઇએ તો બધી કલમો સાથે વાત કરી એ તો યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ મેમ્બર તરીકે પણ હું રહી ચૂકયો છું. પરંતુ શ્રી કીરીટભાઇ જેટલો સંકળાયેલો નથી. એક એક કલમો સાથે એમણે વાત કરી છે. આ વિધાનસભાગૃહના સભ્ય જયારે અનુભવી છે, વાંચવા કરતા અનુભવ બહુ મોટો છે. અનુભવના આધારે નાના-મોટા સૂચનો રજૂ કર્યા છે ત્યારે મારે આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે શ્રી કીરીટભાઇએ જે સુચનો રજૂ કર્યા છે, તેઓ યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે. એ સૂચનોની અમલવારી સાથે કામ કરવામાં આવે તો આયુર્વેદ માટેની મોટી વ્યવસ્થા થઇ શકે તેવી જગ્યા હોય તો અમારું સૌરાષ્ટ્ર છે. ગરવો ગિરનાર છે ત્યાં અનેક પ્રકારના ઝાડ છે. એ ઝાડમાંથી એટલી બધી દવાઓ મળી શકે તેમ છે. આયુર્વેદિકમાં નાડી તપાસીને દવા આપે છે એના આધારે એલોપથીક દવાઓ સારવાર આપી શકતી નથી. માનનીય ગોવિંદભાઇએ હમણાં દાખલો આપ્યો. હું એમની વાતને સમર્થન આપું છું. એક ભરવાડ સમાજની બહેન એની પોતાની કિડની માટે આયુર્વેદ સાથે વળ્યા અને એની કિડની બરાબર થઇ શકી. કિડનીનો કોઇ રોગી બને છે ત્યારે એમનું ડાયાલીસીસ કરવા માટેની જે પરિસ્થિતિનું નિર્માણ થાય છે એમાંથી બચવું મુશ્કેલ છે અને એ મુશ્કેલીમાંથી બચવા માટે આયુર્વેદ છે. થોડો લાંબો ટાઇમ થાય છે પણ આયુર્વેદ બહુ મહત્ત્વનું છે અને આયુર્વેદ જયારે મહત્ત્વનું છે ત્યારે આ બિલ લઇને એ આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ ૨-૩ બાબતમાં વાત કરી એ બાબતમાં મારે થોડું ધ્યાન ખેંચવું છે. મંત્રીશ્રી હાજર નથી. સરવે નંબર ટાંકીને કહ્યું, એ સરવે નંબરની જગ્યા અત્યાર સુધી આપણી હતી પરંતુ એ ભારત સરકારને આપણે આપી દેવાની રહેશે. ભારત સરકારને આપણે વિનંતી કરીએ. ભારત સરકાર એટલે બહુ મોટી સરકાર છે. ગુજરાતને ન્યાય આપી શકે એવી તાકાતવાળી સરકાર આજે બેઠી છે ત્યારે આપણી જમીન ભારત સરકારને હવાલે કરવાને બદલે યુનિવર્સિટીની જ આ જમીન છે અને જે મિલકતો છે એ યુનિવર્સિટીની રહે અને ગુજરાત આયુર્વેદમાં નંબર-૧ બને તેના માટે ભારત સરકારની સહાય મેળવીને આયુર્વેદિક ક્ષેત્રે આગળ વધે તેવી મારી વિનંતી છે. એનું વડું મથક ક્યાં રાખવું એના માટે નિયમો બનાવ્યા નથી.

માનનીય રાઘવજીભાઇએ બહુ સરસ વાત કરી, તેઓ જામનગરના ધારાસભ્ય તરીકે સંકળાયેલા છે. જામનગરમાં સૌ પ્રથમ વખત યુનિવર્સિટી સ્થાપવા માટેનું તે વખતનું સ્વપ્નું તે વખતના આગેવાનોએ સાકાર કર્યું છે ત્યારે આનું વડું મથક પણ અમારા સૌરાષ્ટ્રમાં જ રાખવામાં આવે એવી મારી લાગણી વ્યક્ત કરું છું. આયુર્વેદિકનું આવું સરસ મજાનું કાર્ય કર્યું છે ત્યારે એનો યશ ભૂતકાળમાં પણ સૌરાષ્ટ્રને મળ્યો છે ત્યારે વડું મથક પણ સૌરાષ્ટ્ર ખાતે રાખવામાં આવે એવી વિનંતી કરું છું. મારા જે સૂચનો છે એ માનનીય મંત્રીશ્રીને હું કહીશ કે, મારા સૂચનોની થોડી ઘણી અમલવારી થાય, હું કહું છું કે બધું થઇ જાય એવું કહેવા માગતો નથી પરંતુ જમીન તબદીલ કરવાના બદલે પોતાની પાસે રાખવામાં આવે અને આ યુનિવર્સિટી નીચે ડોકટરો, નાડી ડોકટરો ઊભા કરવામાં આવે. આ નાડી ડોકટરો ઊભા થશે તો આપે જોયું હશે કે આપણે નાના હતા ત્યારે આપણી મા આપણને કડવાણી આપતી હતી. આજે પણ આપણે મુખવાસ બનાવીએ છીએ ત્યારે આપણે સુવા-અજમા વગેરેનો ઉપયોગ કરીએ છીએ અને સુવા-અજમાનો મુખવાસ ખાનાર વ્યક્તિઓ હશે એને કબજિયાત ક્યારેય નહીં હોય. કબજિયાત માટેની એલોપેથિક દવાઓ લેવાના બદલે આ આયુર્વેદ બાબતની જે વાતો છે એ વાતો લઇને માનનીય આરોગ્ય મંત્રી ગુજરાતની ચિંતા કરે છે, આરોગ્યની ચિંતા કરે છે અને આજે આયુર્વેદની ચિંતા કરીને આવ્યા છે ત્યારે આ યુનિવર્સિટીની સ્થાપના માટેના મારા જે સૂચનો છે, મંત્રીશ્રીના અધિકારીશ્રીઓએ નોંધ લીધી હશે. મારા જે બે ત્રણ સૂચનો છે એ સ્વીકારશે એવી મને આશા છે. જામનગર, આ આયુર્વેદ માટે એક મહત્ત્વનું સ્થળ છે એને હજુ પણ વધારે મહત્ત્વનું બનાવીને યુનિવર્સિટી સ્થાપે છે એને મારું અનુમોદન આપું છું અને મારા સૂચનો સ્વીકારે એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આયુર્વેદિક હોસ્પિટલની વાત છે તો ફરીવાર હું કહું કે, આયુર્વેદનું જે મહત્ત્વ છે એ માનનીય બાપુ અત્યારે હાજર છે અને આપ વચ્ચે ગેરહાજર હતા ત્યારે મેં વાત કરેલી સિંધવાય માતા રોડ પરના માનનીય શીવપ્રસાદ વૈદ્યની આયુર્વેદિક હોસ્પિટલ ખરેખર ક્યારેય કોઇને વડોદરા આવવાનો મોકો મળે તો જજો, પરદેશમાં અને આ દેશમાં સ્ટીમ બાથ બધા જ લે છે, પંચકર્મમાં સ્ટીમ બાથ બહુ જ મહત્ત્વનું છે. એક માત્ર એ હોસ્પિટલ કે જેણે સાચું સ્ટીમ બાથ કેવી રીતે લેવાય એ શીખવ્યું. લોકો સ્ટીમ આખા માથા સહિત લે છે, જ્યારે ત્યાં આગળ સ્ટીમમાં ખાલી ગળાનો ભાગ બહાર રાખવાનો, નાકમાં ઘી લગાડવાનું અને માથે ભીનું ઠંડું કપડું મૂકવાનું અને થોડી થોડીવારે બદલવાનું, જેથી આખા શરીરને જે ઉષ્ણતા મળે એ

મગજમાં કોઇ જગ્યાએ નુકસાન ન કરે લોહી ગરમ થઇને ગયું હોય તો, અને આયુર્વેદમાં આપણે બધા જાણીએ છીએ કે ઋષિ ચરકને જ્યારે કહેવામાં આવ્યું કે જંગલમાંથી તમે કોઇ એવી વનસ્પતિ લઇ આવો કે જેમાં કોઇ દવાનો ગુણ ન હોય. એવું કહેવાય છે કે એમના ચેલા ગયા અને આકડો લઇને આવ્યા, આકડાના ફૂલ જે હનુમાનજીને આપણે ચડાવીએ છીએ, એ આકડો લઇને આવ્યા અને કહે આ કોઇ જગ્યાએ દવા તરીકે ઉપયોગમાં આવતું નથી. ત્યારે એમણે કહ્યું કે, આકડો અને એના ફૂલ પણ જ્યારે અત્યંત તીવ્ર જ્વર હોય એની અંદર એ કામ લાગે છે. એટલે દુનિયામાં જે પણ વનસ્પતિ ઉગે છે એ તમામ દવા સ્વરૂપે છે. માનનીય મંત્રીશ્રી ખૂબ સારું બિલ લઇને આપ આવ્યા છો એ બદલ આપને પણ ખૂબ ખૂબ ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી બનાવવા માટેની મંજૂરી માટેનું આ બિલ જે મેં વિધાનસભામાં રજૂ કર્યું એમાં માનનીય કિરીટભાઇ, માનનીય રાઘવજીભાઇ, માનનીય ગોવિંદભાઇ અને માનનીય વિરજીભાઇએ એમના સુંદર સૂચનો રજૂ કર્યા છે. અમારા અધિકારીશ્રીઓએ દરેક સૂચનની નોંધ લીધી છે. આમ તો કાયદાનું બિલ એ પ્રપોઝ થઇ ચૂક્યું છે, રજૂ થઇ ચૂક્યું છે પણ વહીવટી રીતે રુલ્સ બનાવતી વખતે જે જરૂરી વાજબી હશે એ સૂચનો આપણે સ્વીકારીશું. કારણ કે સારું કરવું, લાંબાગાળાના હિતવાળું કરવું, દર્દીઓનું, વિદ્યાર્થીઓનું અને બધાનું બધું જ સારું થાય એ પ્રમાણેનું કરવું એ જ આપણી આ ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટીનો હેતુ છે એટલે બધા જ સૂચનોમાં જેટલા શક્ય, વાજબી અને જરૂરી હશે એ ચોક્કસ સરકાર તરફથી અમે સ્વીકારીશું અને બધાએ સમર્થન આપ્યું છે એ બદલ પણ આભાર માનુ છું. હું માનુ છું કે આપણી બધાની પણ લાગણી છે અને માનનીય અધ્યક્ષશ્રી પણ જે રીતે ઉત્સાહપૂર્વક આમાં સૂચનો અને માર્ગદર્શન આપી રહ્યા છે. એટલે આપણે સમજી શકીએ છીએ કે, બીજી બધી યુનિવર્સિટીની જેમ આ યુનિવર્સિટી પણ અતિ ઉપયોગી, અતિ પ્રતિષ્ઠાપાત્ર ગુજરાત માટે થવાની છે. એટલે ભારત સરકારનો પણ જેટલો બને એટલો વધુ સહયોગ મેળવી ઉત્તમ કક્ષાની યુનિવર્સિટી બને એવો સંપૂર્ણ આપણે પ્રયત્ન કરીશું. તો બધાએ સમર્થન આપ્યું છે એ બદલ બધાનો આભાર માનું છું અને ફરીથી સર્વાનુમતે આ બિલ મંજૂર કરો એવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૫૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને ઉપનેતાશ્રીનો અને સૌ સભ્યશ્રીઓનો હું આભાર માનું છું કે, ગુજરાતને પ્રતિષ્ઠા અપાવનારી આ યુનિવર્સિટીનું બિલ આપે સર્વાનુમતે મંજૂર કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૨૧નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી વિધેયકનું સર્વાનુમતે ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક–૯**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૨૧**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા **(**મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧ના ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા)વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧ના ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની

---

* વિધેયક તા.૧૫મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૨૧

જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા)વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, યોગાનુયોગ છે કે જુલાઇ, ૨૦૧૯માં જે તે વખતે પણ માનનીય કૌશિકભાઇની તબીયત સારી ન હોવાથી હવાલો મારી પાસે હતો અને મૂળ બિલ પણ મૂકવાનો મને અવસર મળેલો. આજે પણ એવું જ છે. યોગાનુયોગ છે અને સુધારો પણ મારા દ્વારા જ મૂકવામાં આવ્યો છે. એ પરફેક્ટ સુધારો હતો. મહામહિમ્ રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી એ બિલમાં તારીખ ૧૫/૧૦/૨૦૨૦માં આપણને મળી ગઇ છે. આપના દ્વારા સન્માનનીય ગૃહનું મારે નમ્રતાપૂર્વક ધ્યાન દોરવું છે કે મૂળ કાયદામાં કોઇ પણ પ્રકારનો ફેરફાર નથી, આશય કે અર્થમાં પણ કોઇ ફેરફાર નથી, હેતુ પણ ફરતો નથી, કંઇ પણ નવી વાત ઉમેરતા નથી કે સુધારતા નથી મૂળ અર્થ જે છે તેનો તે જ રહે છે માત્ર પ્રૂફ રીડીંગ વખતે પ્રિન્ટીંગમાં રહી ગયેલી ભૂલ સુધારવા માટેનું જ આ સુધારા બિલ છે. મૂળ બિલમાં નાનો મોટો કંઇ પણ ફેરફાર હોય તો નિયમાનુસાર વિધાનસભામાં આવવું જોઇએ એટલા માટે હું આ સન્માનનીય ગૃહની જાણ માટે આ સુધારા રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા અધિનિયમની કલમ-૯થી મૂળ કાયદામાં નવી ઉમેરવામાં આવેલી કલમ-૧૬ (બી)ની પેટા કલમ-૧, ૨ અને ૪માં in the specified area શબ્દો છપાયેલા છે ત્યાં ખરેખર in the disturbed area શબ્દો હોવા જોઇએ આટલો જ સુધારો છે કોઇ નવી વાત ફેરફાર કંઇ નથી આઇ રીપીટ. in the specified area ની જગ્યાએ in the disturbed area આટલું જ છે. બીજું, તે જ રીતે કલમ-૧૬ (બી)ની પેટા કલમ-૪ અને કલમ-૧૬(ડી) અનુસૂચિના કલમ-૨માં the Indian Registration Act, 1908 શબ્દોને બદલે the Registration Act,1908 શબ્દો હોવા જોઇએ આટલા માત્ર શબ્દોના જ ફેરફારથી હું આ સુધારા બિલ લાવ્યો છું એટલે વિશેષ ટાઇમ પણ નથી અને જરૂર નથી. ટાઇમ હોય તો પણ મને જરૂર લાગતી નથી કે માત્ર શબ્દોમાં જ ફેરફાર પ્રિન્ટીંગમાં જે તે વખતે રહી ગયેલી ક્ષતિને સુધારવા માટેનું આ સુધારા બિલ હોઇ આપ સૌ સર્વાનુમતે આ મારું સુધારા બિલ મંજૂર કરશો એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓ કે જેઓ આ વિષય ઉપર બોલવાના હોય તે ખૂબ ટૂંકમાં બોલે. કારણ કે સુધારો ખૂબ ટૂંકો છે. એટલે ચર્ચાનો અવકાશ થોડો ઓછો રહેશે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન-૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક-૯ ગુજરાત અશાંત વિસ્તારમાંની સ્થાવર મિલકતની તબદીલી પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત સુધારા વિધેયક જે લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સંગીતાબેન, બહેનોને બોલી લેવા દઇએ છેલ્લો દિવસ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ ડિસ્ટર્બન્સ એરીયા માટે જે સુધારા બિલ લઇને આવ્યા છે તેમાં હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાલી એક જે સૂચન કરવા માગું છું કે, અશાંત ધારા વિસ્તારમાં અમુક મહોલ્લા કે ગલી જે ૫૦૦ મીટરની અંદર આવેલી છે તે જમીનને અશાંત ધારો લાગુ પડતો નથી અને કલેકટર દ્વારા એમના માટે પરમિશન લેવી પડે છે તો ૫૦૦ મીટરનો જે એરીયા હોય છે જે બીજી ગલી કે મહોલ્લામાં આવતો નથી તો એમાં થોડું ધ્યાન દોરવા માગું છું કે તેનામાં પ્રેકટીકલ પ્રોબ્લેમ આવી રહ્યો છે તેમાં થોડો સુધારો કરે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા અંગેનું જે (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં કલમ-૧૬(ક) ના પેટા કલમ-૧, ૨ અને ૪ અશાંત વિસ્તાર એ શબ્દોને બદલે નિર્દિષ્ટ વિસ્તાર એ શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અશાંત વિસ્તાર ધારો એ રાજ્ય સરકાર દ્વારા અમુક ભેદભાવ ઊભો કરવા માટેનું એક શસ્ત્ર ન બને તેની ચિંતા છે. ભૂતકાળમાં વર્ષ ૧૯૮૬માં અશાંત વિસ્તાર ધારો લાગુ કરવામાં આવ્યો. ત્યાર બાદ વર્ષ ૧૯૯૧માં અશાંત વિસ્તાર ધારામાં જરૂરી સંશોધન કરી નવો કાયદો લાવવામાં આવ્યો છે. જેના વડે રાજ્ય સરકારને એવો અધિકાર બક્ષવામાં આવ્યો છે કે સંભવિત તોફાનગ્રસ્ત વિસ્તારોને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે. જેથી કરીને એક સમુદાય દ્વારા બીજા સમુદાયના લોકોને સ્થાવર મિલકત ખરીદ વેચાણ ઉપર જિલ્લા કલેક્ટર કચેરીમાં મંજૂરી લેવાની ફરજિયાત જવાબદારી થઈ પડે. આ અશાંત વિસ્તાર ધારાનો ઉદ્દેશ સ્થાવર મિલકતોને મજબૂરીવશ અથવા તો સુરક્ષાના કારણે થતી ખરીદ વેચાણ પ્રક્રિયાને રોકવાનું હોય એવું મને લાગી રહ્યું છે. ગમે ત્યારે ગમે તે કારણોસર સમાજ-સમાજ વચ્ચે વયમનસ્યની સ્થિતિ ઊભી થાય ત્યારે એક સમાજની વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા બીજા સમાજની વ્યક્તિ કે વ્યક્તિઓ વચ્ચે સ્થાવર મિલકતોનું વેચાણ કરતાં અટકાવી શકાય તેવો ઉદ્દેશ છે પરંતુ છેલ્લા ત્રણ દાયકાથી અશાંત વિસ્તાર ધારો અમલમાં આવ્યો છે ત્યારે વાસ્તવિક હકીકત કંઈક અલગ હોય એવું મને લાગી રહ્યું છે. ગુજરાતમાં કેટલાંય ગામડાઓ અને શહેરો એવા છે જ્યાં હજુ પણ બંને

## ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૨૧

સમાજના લોકો કોઈ પણ પ્રકારની કટુતા વગર ભાઈચારાની ભાવનાથી હળીમળીને રહે છે પરંતુ રાજ્યના કેટલાંક પંકાયેલા અસામાજિક તત્ત્વો કે જે ચોક્કસ ધર્મના લોકોને અલગ પાડવા માટે રાજકીય ઉદ્દેશથી આ અશાંત ધારાનો ઉપયોગ કરે છે. આ સભાગૃહના સભ્યોની જાણ બહાર નથી જ. આમ છતાં રાજ્ય સરકાર કંઈક ને કંઈક રીતે આ બાબતમાં છુપાવી રહ્યાં હોય એવું મને લાગે છે. ઘણા લાંબા સમયથી જાણું છું, ભૂલતો ન હોઉં તો અમદાવાદ શહેરના પાલડી વિસ્તારનો એક કિસ્સો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો છે. લાઈફ ઈન્સ્યોરન્શ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલ.આઈ.સી.)માં ફરજ બજાવતાં મુનિશ શેખ નામના વ્યક્તિએ લોન લઈને વર્ષ ૧૯૯૫માં પાલડી વિસ્તારમાં એક ફ્લેટ ખરીદ્યો હતો. ત્યાંના રહીશો માટે ખૂબ ઊંચી રાજકીય મહત્ત્વકાંક્ષા ધરાવતી વ્યક્તિઓએ અને આ બેઠક ઉપર ચૂંટણી લડવા માટે તેમના મતોના રાજકારણ માટે આ સામાજિક ધ્રુવીકરણનો એક મોટો મુદ્દો ઊભો કર્યો. તેમણે અશાંત વિસ્તાર ધારા માટે મુનિરભાઈ શેખને કનડગત અને હેરાનગતિ કરી ધાક–ધમકી આપવાનું શરૂ કર્યું. તેમના ઉપર હુમલો પણ કરવામાં આવ્યો અને આગ લગાવવાની કોશિશ કરી એ પણ રેકર્ડમાં નોંધાયેલું છે. મુનિરભાઈ શેખ અને તેમનો પરિવાર ક્યારેય આ ફ્લેટમાં રહેવા જઈ શક્યો નહિ. આખરે એમને આ ફ્લેટ સસ્તા ભાવે વેચી દેવો પડ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માધ્યમથી રાજ્ય સરકારને પૂછવા માગું છું કે, આ અશાંત વિસ્તાર ધારો એ રાજકીય ઉપયોગ તો નથી ને? અને જો રાજકીય ઉપયોગ થતો હોય તો ગુજરાત એક ગરિમાનું રાજ્ય છે ત્યારે આપણી ગરિમા તૂટી ન જાય. ગાંધીના વિચારોના ગુજરાતમાં મુશ્કેલીમાં ન આવે એટલા માટે આવા અસંખ્ય કિસ્સાઓનો હું ઉલ્લેખ કરતો નથી પરંતુ આવા મુદ્દાઓ સિધ્ધ કરવા માટે જો આ બિલ આવ્યું હોય તો આ ગુજરાતની શાંતિ ડહોળાય નહિ તેના માટે સરકારે તાત્કાલિક ચિંતા કરવાની અને આવી બાબતોથી બહાર રહેવા માટે અને લોકો શાંતિથી ભાઈચારાની ભાવનાથી રહી શકે એવી મારી આપના માધ્યમથી ગૃહના મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક ક્રમાંકઃ ૯ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. સમયની મર્યાદા હતી, આપનો આદેશ હતો, વિસ્તૃત ચર્ચા પણ થઈ હતી ત્યારે મારી પણ ઈચ્છા હતી કે હું સમયની મર્યાદામાં કામ પૂરું કરી દઈશ પણ જે રીતે માનનીય વિરજીભાઈએ એને રાજકીય રંગ આપ્યો છે એ રીતે કદાચ ભૂતકાળમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, બિલ એમણે રજૂ કર્યું હતું તો એ વખતની ચર્ચામાં એમણે ભાગ લીધો હોત અથવા એ વખતની ચર્ચા અંગે એમણે અભ્યાસ કર્યો હોત તો આજે એમણે જે શબ્દો વાપર્યા એ શબ્દો એમણે વાપર્યા ના હોત.

માનનીય અધ્યક્ષ મહોદય, મારે એટલું જ કહેવું છે કે પહેલી વાત તો આજે સભાગૃહનો આખરી દિવસ છે નવા વર્ષનો પહેલો દિવસ છે, આજનો દિવસ આમ જોવા જઈએ તો ભારતીય સંસ્કૃતિ પ્રમાણે અને માનવસેવા માટે માર્ગદર્શક અમારા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના આદરણીય સ્થાપક ડૉ. કેશવરાવ બલીરાવ હેડગેવાલજીનો જન્મ દિવસ તો છે જ સાથે શીખ ગુરૂ ટેકબહાદુરનો પણ જન્મ દિવસ છે અને પ્રખર સમાજ સેવક શિવકુમાર સ્વામીનો જન્મ દિવસ છે. આજે સવારથી લવ જેહાદ ચાલે છે, લવ જેહાદ અને આ બીજુ બિલ અશાંત ધારામાં સુધારાનું બિલ બંનેમાં આમ જોવા જોઈએ તો ગંભીર રીતે ખૂબ સામ્યતા છે એનો તાર્કિક રીતે જો અભ્યાસ કરીશું તો સરકાર જે ચિંતા કરીને આ બિલ લાવી છે, આ બિલ તો માત્ર સુધારવાનું છે પણ શ્રી વિરજીભાઈએ જે રીતે વાત કરી હતી, હું એમને ખાલી એક મિનિટમાં વાત કરું.

અધ્યક્ષશ્રી : મેં એટલે જ એમને અટકાવ્યા.

શ્રી રાકેશભાઇ જ. શાહ : સાહેબ, હું એક જ મિનિટમાં પૂરું કરી દઈશ, મારે કોઈ રાજકીય ભાષણ કરવું નથી પણ એમના ધ્યાનમાં રહે એટલા માટે કે આ જે બિલ જે તે સમયે સરકાર લાવી એના કારણો કે વર્ષ ૧૯૬૯, વર્ષ ૧૯૯૦ કે વર્ષ ૧૯૯૫ માં જે કોમી રમખાણો શહેરોએ જોયા છે, આપ પણ એક મહાનગરના રહેવાસી છો, ભૂતકાળમાં જે ઘટનાઓ બની છે, ગુજરાતના સમગ્ર મહાનગરના કોટ વિસ્તારો ખાલી થઈ રહ્યા છે ત્યાં રહેલા ધાર્મિક સ્થાનો, ત્યાં રહેતા અત્યારની લઘુમતીના લોકોની જે હાલત છે, વસ્તીનું ઈન બેલેન્સ ન થાય એ મોટો હાર્દ હતો, માત્ર આજનું બિલ એ સુધારા ટાઈપિંગ મિસ્ટેકનું લાવ્યા છે, તો હું એટલા માટે રજૂઆત કરું છું કે જે રીતે ભૂતકાળમાં સરકાર આ વસ્તીનું ઈન બેલેન્સ ના થાય, અસામાજિક તત્ત્વોના હાથમાં વિસ્તાર આવી ના જાય અને એના કારણે એ વિસ્તારની જોખમદા, એની મિલકત, એમાં રહેતા માનવીઓ એ લોકોને સમસ્યા ન થાય એના માટે લાવ્યા હતા. ખૂબ લાંબી વાત કરી શકું છું. ભૂતકાળમાં જયારે માનનીય મંત્રીશ્રીએ બિલ રજૂ કર્યું હતું ત્યારે પણ મેં મારા વિચારો રજૂ કર્યા હતા, આજે પણ હું રજૂ કરી શકવાનો હતો પણ મને આનંદ છે કે, લવ જેહાદનું બિલ અને આજે સુધારાવાળા બિલ સાથે અને પરમ પૂજ્ય અમારા ડૉ. હેડગેવારજીનો જન્મ દિવસ હોય ત્યારે આજના સુંદર દિવસે આજના આ બિલમાં હું મારુ સમર્થન કરું છું અને સમગ્ર માસ દરમિયાન આપની સાથે રહેતા આખા હાઉસ દરમિયાન કદાચ કોઈ અમારાથી નાની મોટી ભૂલ થઈ ગઈ હોય તો માફ કરજો, એ જ, અસ્તુ. વંદે માતરમ, ભારત માતા કી જય.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઈ, તમે કોઈ ભૂલ કરી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાપુ જે સુધારક વિધેયક લઈને આવ્યા છે ગુજરાત અશાંત ધારા વિસ્તારમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારમાંથી જવામાંથી ભાડૂતોને ખાલી કરવામાંથી

## તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

## ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા)વિધેયક, ૨૦૨૧

રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા સુધારા વિધેયક ૨૦૨૧ લઇને આવ્યા છે. બાપુ સમર્થન સાથે આપની સાથે વાત કરૂ છું. બે જ મુદ્દા આપના ધ્યાન ઉપર મૂકવા છે. સ્વાભાવિક છે કે, મોટા શહેરોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા અશાંત ધારા લાગુ કરવામાં આવે છે. શ્રી રાકેશભાઇએ જે રીતે વાત કરી કે કોઇ પણ ધર્મનો હોય, જે ધર્મનો જથ્થો હોય એ ધર્મના લોકો ત્યાં રહી શકે બીજા ધર્મના લોકો ત્યાં ના આવે એ અનુસંધાનમાં ભૂતકાળમાં આ બિલ લાવ્યા હતા. આજે બાપુ પરિસ્થિતિ બે જ ખરાબ છે ત્યાં, કોઇપણ ધર્મનો વ્યકિતનું જે પોતાનું મકાન છે ત્યાં, આપણે અશાંત ધારામાં એને બાંધી લીધા પછી એ લોકોની મિલકતના જે ભાવ આવવા જોઇએ, બીજા કોઇને બિચારાને વેચીને જવું છે પછી મિલકતના ભાવ આવવા જોઇએ, એ કોઇપણ ધર્મમાં બની શકે છે એક તો એ ભાવ એ લોકોને મળતા નથી, કારણ કે અશાંત ધારાનું ટાઇટલ લાગ્યા પછી જે ધર્મનો જથ્થો હોય તે ધર્મનો વ્યકિત ત્યાં લઇ શકે છે એ અનુસંધાનમાં એવા લોકો છે કે જે લોકો મકાન ઉપર જ પોતાની જિંદગી આખી ગુજારવાની છે, બીજે જવાની એમની પરિસ્થિતિ નથી અને કાઢીને જાય તો એટલા પૈસા પણ મળતા નથી. એક આ મુદ્દો છે અને બીજો અશાંત ધારાનો કાયદો લાગુ પડયા પછી મેં ભૂતકાળમાં પણ કીધું છે અને અત્યારે પણ સરકારનું ખાસ ધ્યાન દોરું છું કે અશાંત ધારાના વિસ્તારને તમે પ્રતિબંધ કર્યા પછી એ વિસ્તારની અંદર આવેલી જે બેંકો છે એ અશાંત ધારામાં રહેતા કોઇ પણ ધર્મનો વ્યકિત હોય એ લોકોને બેંકમાંથી લોન પણ મળતી નથી, કારણ કે એમને ત્યાં ટાઇટલ મારી દેવામાં આવ્યું છે અશાંત ધારો, એટલે મારા ખાલી આ બે સૂચનો છે, એ સૂચનો માનનીય બાપુ આપ ધ્યાનમાં લો, બાકી બિલને અમારું સમર્થન છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી સીમાબેન, શ્રીમતી સંગીતાબેન તથા શ્રી વિરજીભાઇ, શ્રી રાકેશભાઇ અને શ્રી શૈલેષભાઇએ ચર્ચામાં ભાગ લીધો છે તેમને હું આભાર સાથે અભિનંદન આપું છું. શ્રીમતી સંગીતાબેને જે સૂચન કર્યું છે. (અંતરાય) શ્રીમતી સંગીતાબેન, તમારા સૂચનનો જવાબ આપું છું. કલેકટરશ્રીઓને એની સૂચના આપવામાં આવી છે, જરૂર પડે તો ત્યાં સંપર્ક કરશો. શ્રી વિરજીભાઇ કયાં ગયા? ત્રણેય મિત્રોના ભાષણ મૂળ બિલને અનુરૂપ હતાં. માનનીય રાકેશભાઇ, શ્રી વિરજીભાઇ અને શ્રી શૈલેષભાઇનું ભાષણ પણ મૂળ બિલની ચર્ચા વખતે એકદમ અનુરૂપ અને ફિટ હતાં. આજે તો મેં કહ્યું માત્ર શબ્દનો ફેરફાર છે. છતાં માનનીય રાષ્ટ્રપતિની પણ સહી થઇ ગઇ છે, પણ અમલીકરણમાં હજુ સુધી સામાજિક ભેદભાવ કે રાજકીય દુરુપયોગ, માનનીય શૈલેષભાઇ, સામાજિક ભેદભાવ કે રાજકીય દુરુપયોગ હજુ સુધી કરવામાં આવ્યો નથી, અમે કરવા માગતા પણ નથી. રાજકીય, સામાજિક ભેદભાવ કે તેનો દુરુપયોગ નહીં થાય, માત્રને માત્ર વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને એનો ઉપયોગ થશે. બેંકની જે વાત કરી છે એને હું વિભાગને અને માનનીય કૌશિકભાઇના ધ્યાનમાં ચોક્કસ મૂકીશ. વ્યકિતગત જયારે હું જવાબ આપું છું ત્યારે હું વ્યક્તિગત રીતે એમાં ઉંડો ઉતરીને જે કાંઇ શકય હશે એ ધ્યાનમાં લઇશું. હું આપ સૌને સર્વાનુમતે બિલ પસાર કરવા માટે વિનંતી કરું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચૂડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧ નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચૂડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧ નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૧નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

શ્રી વિરજીભાઈ ઠુમ્મર **:** બાપુ, અમે બિલનો વિરોધ નથી કર્યો, સૂચનો જ કર્યાં હતાં.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચૂડાસમા: મેં એવું કહ્યું જ નથી. તમારા ભાષણ પછી શ્રી રાકેશભાઇ જે કોમેન્ટ કરી તમારું ભાષણ મૂળ વિધેયકને અનુરૂપ હતું, મેં એની પુષ્ટિ જ કરી છે, વિરોધ નથી કર્યો. સર્વાનુમતે પસાર કરવા માટે હું આભાર માનું છું.

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક, ૨૦૨૧

**સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૦**

**ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક, ૨૦૨૧**

**ગુજરાત રાજયમાં ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવા અને તેનું નિયમન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૨૧નું વિધેયક ક્રમાંક–૨૦, સન ૨૦૨૧નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૦ –સન ૨૦૨૧નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કે દેશમાં કોઇપણ વ્યકિત સંસ્થા કે કંપની કે કોઇપણ ધંધો કરે તો મોટે ભાગે એ ધંધાઓનું કયાંકને કયાંક રજિસ્ટ્રેશન કરાવવાનું થતું હોય છે. હોટલ હોય સિનેમા ગૃહ હોય કે કોઇપણ જાતની દુકાન હોય કે વ્યવસાય હોય તો એનું રજિસ્ટ્રેશન થાય છે. અત્યાર સુધી ગુજરાતમાં આપણે ત્યાં જૂનો જે એક્ટ હતો એ પ્રમાણે હોસ્પિટલો, દવાખાના હોય કે ડિસ્પેન્સરી જે નર્સિંગ હોમ એ બધા આવી જાય છે. એમાં ગુજરાત નર્સિંગ હોમ રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૪૯ ચાલતો હતો. અતિ પુરાણો, બિન ઉપયોગી એવો કાયદો રદ કરીને ભારત સરકારે વર્ષ ૨૦૧૦માં દેશના બધા જ રાજયોને એક ડ્રાફ્ટ મોકલી આપેલ હતો એ પ્રમાણે દેશના રાજયો કિલનિકલ એસ્ટાબ્લીસમેન્ટ એકટ બનાવે. હોસ્પિટલો, નર્સિંગ હોમ, દવાખાના, કિલનિક જયાં પણ તબીબી વ્યવસાય થતો હોય સારવાર અપાતી હોય એ બધા ઉપર દેખરેખ રહે એનું રજિસ્ટ્રેશન થાય અને જયારે જરૂર પડે ત્યારે એનો ઉપયોગ કરી શકાય તેવી ભલામણ ભારત સરકારે સન ૨૦૧૦માં દેશના બધા રાજયોને કરી હતી. કોઇ પણ કારણોસર આખા દેશમાં હવે ફકત આપણું ગુજરાત રાજય અને જમ્મુ–કાશ્મીર અને લદ્ધાખ રાજય જે નવું બન્યું છે એમાં આ કિલનિકલ રજિસ્ટ્રેશન રેગ્યુલેશન એકટનો કાયદો બનાવવાનો બાકી હતો. નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પણ એક વ્યકિત તરફથી આ કાયદો ગુજરાત રાજયમાં લાગુ કરવા માટે એકટ બનાવવા માટે રીટપિટિશન દાખલ કરવામાં આવેલ હતી. એમાં પણ નામદાર ગુજરાત હાઇકોર્ટે રાજય સરકારને સૂચિત કર્યું કે વહેલી તકે ગુજરાત સરકાર આ કાયદો બનાવે અને સાથે સાથે ભારત સરકારની પણ લાગણી હતી. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધનજીના ગુજરાત સરકાર ઉપરના પત્રો એ બધું ધ્યાનમાં રાખી આજે આ કાયદો બનાવવા માટે આ નવું બિલ સન્માનનીય ગૃહમાં હું રજૂ કરી રહ્યો છું. આ કાયદાનું નામ ગુજરાત કિલનિકલ એસ્ટાબ્લીસમેન્ટ રજિસ્ટ્રેશન અને રેગ્યુલેશન રહેશે. રાજયની અંદર જે પણ હોસ્પિટલો અત્યારે ચાલે છે કે ભવિષ્યમાં બનશે એ બધી હોસ્પિટલો, નર્સિંગ હોમ, લેબોરેટરી, એક ડોકટરથી ચાલતા દવાખાનાથી માંડીને મોટા દવાખાના એ બધાએ ફરજિયાત રજિસ્ટ્રેશન કરવાનું રહેશે અને રજિસ્ટ્રેશન કરવાની કાર્યવાહી કરવા માટે આ કાયદામાં જુદી જુદી પદ્ધતિઓ જુદી જુદી કલમોથી નિશ્ચિત કરવામાં આવી છે. આપણને બધાને ખબર છે કે કેટલાંક ડિગ્રી પ્રાપ્ત કર્યા વગરના ડોકટરો કહેવાતા હોય તેવા લોકો ગેરકાયદેસર રીતે દર્દીઓની સારવાર કરતા હોય છે, દવા આપતા હોય છે અને કયાંકને કયાંક ઓપરેશન પણ કરતાં હોય છે, પ્રસુતિ પણ કરાવતા હોય છે. તો આવું કરીને દર્દીની માનવીની જિંદગી જોખમમાં ન મૂકાય અને અધિકૃત ડિગ્રી પ્રાપ્ત અનુભવી કવોલિફાઇડ વ્યકિત જ દર્દીઓની સારવાર કરી શકે અને આવા ગેરકાયદેસર પ્રેકટિસ કરતાં લોકો ઉપર આ નવા કાયદા પ્રમાણે આપણે નિયંત્રણ રાખી શકીએ એની પણ જોગવાઇ આ નવા કાયદામાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કોરોના વખતે આપણને ખૂબ ધ્યાનમાં આવ્યું કે રાજયમાં ડૉક્ટરોની જયારે જરૂર પડે ત્યારે ફિઝિશિયન કેટલા છે? બીજા પ્રકારની સારવાર આપતા ડોકટરો કેટલા છે? આપણા ટી.બી.ના, ચેસ્ટના, નિષ્ણાત ડોક્ટરો કેટલા છે? એનેસ્થેટીસ્ટ ડોક્ટરો ક્યાં કયાં કેટલા છે? આ બધું જરૂરિયાત પ્રમાણે આપણે મેળવવા હોય તો ઇન્ડિયન મેડિકલ એસોશિએશનનો આપણે સહકાર લેવો પડ્યો અને એસોશિએશને તેમના ડોક્ટરોને સરકારની આ કામગીરીમાં સેવા આપવા માટે જણાવવું પડ્યું. આપણે સીધેસીધું કોઇ નિયંત્રણ અત્યાર સુધી ધરાવી શકતા નહોતા. કારણ કે આ પ્રકારે

• વિધેયક તારીખ ૩૦મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કાયદાની જોગવાઇ જ નહોતી. પ્રાઇવેટ ડોકટરો, પ્રાઇવેટ નર્સિંગ હોમ કે હોસ્પિટલો તેમાં પણ દર્દીની સારવાર કરવા માટે, દર્દીને દાખલ કરવા માટે કયા કયા પ્રકારના સાધન, સગવડ, સુવિધા, મશીનરી, ઇક્વિપમેન્ટ જોઇએ, કેવા ડોક્ટર છે અને કેવા પ્રકારની સાધન સામગ્રી રાખવી પડે એ જોવાની, નિયંત્રણ કરવાની પણ અત્યાર સુધી સરકાર પાસે કોઇ વ્યવસ્થા નહોતી. એવી જ રીતે દવાખાનાની અંદર સ્વચ્છતા, નર્સીંગ સ્ટાફ, તે યોગ્ય લાયકાત ધરાવે છે, અનુભવ ધરાવે છે કે કેમ એ બધું જોવાની કોઇ બહુ મોટી વ્યવસ્થા આપણી પાસે નહોતી. આ બધી ઉણપો દૂર કરીને કોઇ પણ દવાખાનામાં દર્દી દાખલ થાય તો તેની સારી, ઝડપી સેવા થાય, સારવાર મળે, પૂરતી સગવડો પ્રાપ્ત થાય. ચોખ્ખું વાતાવરણ દર્દીને પ્રાપ્ત થાય, દર્દીને નિયમિત જે સેવા આપવાની હોય એ સેવા આપવામાં આવે છે કે નહીં, તેનું પણ ઓબ્ઝર્વેશન કરી શકાય. હોસ્પિટલ સામે, ડોક્ટર સામે કોઇને કોઇ રજૂઆત હોય તો એ સાંભળીને ડોક્ટર કે તેના સ્ટાફની કોઇ ભૂલ હોય તો તેની સામે કાર્યવાહી કરી શકાય. આ બધી જ વ્યવસ્થા કરવા માટે આ નવા કાયદામાં જોગવાઇ કરવામાં આવી છે. જુદા જુદા પ્રકારની બિમારી હોય એ બિમારીના તજજ્ઞ ડોક્ટરો પણ એ દર્દીઓને વધુ સારી સેવા આપી શકે તે માટે જેને સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ કહેવાય અને ટ્રીટમેન્ટ માટેની કિંમત–ભાવ એ પણ વ્યાજબી નક્કી થાય. ચાર્જ અંગેના બોર્ડ, સારવાર માટે શું શું દર લેવામાં આવશે. દા.ત. એકસરે કરાવવો છે તો તેનો શું દર, એવી જ રીતે એમ.આર.આઇ., સીટી સ્કેન કે સોનોગ્રાફી કરાવવી છે તો ક્યાંથી ક્યાં સુધીના દર લઇ શકાશે વગેરેની પણ વ્યવસ્થા થઇ શકે અને જેને આપણે રૂઢ શબ્દ નહીં વાપરું પણ સામાન્ય સંજોગોમાં બધા એમ કહે છે કે ખૂબ મોટો ખર્ચ હોસ્પિટલોમાં જવાથી દર્દીઓને થાય છે. એવું ન થાય અને દર્દીને, સગા–વ્હાલાને ખબર પડે કે આ સારવાર માટે, આ ચેકઅપ માટે અથવા લેબોરેટરીમાં આ ટેસ્ટ કરવા માટે મારે લગભગ આટલી રકમનો ખર્ચ થશે. તો લોકોને ખ્યાલ આવે કે મને પરવડશે કે કેમ? એ પ્રમાણે નક્કી કરી શકાય. આવું બધું નિયંત્રિત કરવા માટે આ કાયદો દાખલ કરવાનું બિલ હું આ સન્માનનીય સભાગૃહમાં લાવ્યો છું. દર્દીની સેવા, દર્દીની સગવડ, દર્દીની સુરક્ષા અને ડોક્ટર અને દર્દી વચ્ચે કોઇ કલહ કે વિવાદ ન થાય. ઘણી વખત એવું જોવા મળે છે કે ગેરસમજ થવાને કારણે હોસ્પિટલમાં તોડફોડ થાય, સરકારી અને ખાનગી ડોક્ટરો ઉપર હુમલા થાય, આવું બધું ન થાય અને યોગ્ય ઓથોરિટીની નિમણૂક થાય કે કોઇને કોઇ ફરિયાદ હોય કે આ ડોક્ટરને ત્યાં મારે આ તકલીફ થઇ તો એને યોગ્ય સત્તાધિકારીને એની રજૂઆત કરે તો એની યોગ્ય તપાસ થાય, યોગ્ય ન્યાય થાય અને ડોકટર અને દર્દી વચ્ચે કોઇ વિવાદ ન થાય અને આ રીતે ડોકટર અને દર્દીનું સંકલન જળવાઇ રહે. સ્ટાફમાં નર્સિંગ સ્ટાફ હોય, પેરા મેડિકલ સ્ટાફ હોય, સફાઇ કામદાર હોય એમની પણ સંવાદિતા ડોકટર અને દર્દી સાથે, અધિકારી અને તંત્ર સાથે જળવાઇ રહે એ બધું જોવાનું કામ કરવા માટે આ નવો કાયદો અમે દાખલ કરીએ છીએ. મેં અગાઉ કહ્યું એમ દેશના લગભગ તમામ રાજયો આ કાયદો પસાર કરી ચૂક્યા છે. આપણે આજે આ કાયદો પસાર કરીશું એટલે ગુજરાત પણ દેશના બાકીના રાજ્યોની હરોળમાં આવી જશે અને કોઇ તકલીફ કે વિવાદ કે કોઇ પ્રશ્ન ડોક્ટર અને દર્દી કે સગાવ્હાલા વચ્ચે થાય તો એનું યોગ્ય લવાદ વ્યવસ્થા મારફતે નિરાકરણ થાય એ રીતની જોગવાઇઓ કાયદાની વિવિધ કલમોમાં રાખી છે. તો આ કાયદો પ્રજા હિતમાં, દર્દીઓના હિતમાં, મેડીકલ જગતના હિતમાં બધાના હિતમાં છે એટલે સર્વાનુમતે મંજૂર કરવા સર્વેને વિનંતી કરું છું.

ડો. નીમાબેન ભા. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન બિલ લઇને આવ્યા છે. સમયની આ માંગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેડીકલ પ્રોફેશન એ માનવ સેવા સાથે જોડાયેલ સીધો પ્રોફેશન છે. એમાં ક્લિયારિટી હોય, દર્દી અને ડોકટર વચ્ચે, દર્દી અને મેડીકલ સ્ટાફ, પેરા મેડીકલ સ્ટાફ વચ્ચે એ ખૂબ જ જરૂરી છે. આજે કાયદો જે લાવવામાં આવ્યો છે એ વર્ષ ૨૦૧૦માં કેન્દ્ર સરકારે આની રૂપરેખા આપેલી. રાજ્ય સરકાર પોતે પોતાની અનુકૂળતા પ્રમાણે અને જરૂરિયાત પ્રમાણે આમાં સુધારા–વધારા કરીને આ કાયદો આપણે અહીંયા લાવ્યા છીએ. આરોગ્ય મંત્રીશ્રીએ ખૂબ સારી રીતે આમાં સમજાવ્યું છે. સમય ઓછો છે. એટલું જ કહીશ કે આરોગ્ય વિભાગ આપણા માટે, ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં સર્વ પ્રથમ પ્રાયોરિટી છે એ જ એક સંવેદનશીલ સરકારનો નમૂનો છે એમ કહું તો ખોટું નથી. આ રજિસ્ટ્રેશન એક્ટના લીધે આપણો આરોગ્ય વિભાગ છે એ પારદર્શક બનશે. જે રજિસ્ટ્રેશન થશે એમાં તમામ માહિતી હશે. જેથી કરીને એ માહિતીના લીધે ૧૫ દિવસમાં એનું રજિસ્ટ્રેશન આ કાયદો અમલમાં આવ્યા પછી કરવાનું રહેશે. એમાં પહેલા કામચલાઉ રજિસ્ટ્રેશન થશે. ત્યાર પછી પૂરી તપાસ થયા પછી હોસ્પિટલ અને સ્ટાફની સુવિધા વગેરેની પૂરી તપાસ થાય પછી એને કાયમી રજિસ્ટ્રેશન આપવામાં આવશે. રજિસ્ટ્રેશન એક વર્ષનું હોઇ શકે, પાંચ વર્ષનું હોઇ શકે અને આ રજિસ્ટ્રેશન કરાવ્યા પછી પોતાનું પત્રક ડોકટરે પોતાની હોસ્પિટલમાં રેગ્યુલર મોકલવાનું રહેશે. ખૂબ સારું બિલ છે. આના લીધે આપણો જે આરોગ્ય વિભાગ છે, એટલો બધો એણે વિકાસ કર્યો છે. ક્યારેય ન થયો હોય એટલો આપણા આરોગ્ય વિભાગે વિકાસ કર્યો છે. આપણે પહેલા કહેતા હતા કે મેડીકલ પ્રોફેશન એવો બનાવીએ, એવી સારવાર અહીં થાય કે ગુજરાત મેડીકલ ટુરિઝમનું હબ બને. આજના દિવસે આપણે એ પ્રતિપાદિત કર્યું છે. આપણી એ ગ્રેડની હોસ્પિટલો તમામ સુવિધાઓથી સજ્જ છે. લેટેસ્ટ સર્જરી લેપ્રોસ્કોપિક સર્જરી હોય કે રોબોટિક સર્જરી હોય ત્યાં સુધી આપણે ત્યાં સર્જરી થાય છે અને દેશ–વિદેશના દર્દીઓ ગુજરાતમાં પોતાની સારવાર કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપણે મહારાષ્ટ્ર અને પુના જતા હતા. એના બદલે ગુજરાતમાં સારવાર થાય છે. આ રીતે આપણા આરોગ્ય વિભાગે માત્ર હોસ્પિટલો અપડેટ કરી એવું નથી પણ દરેક દર્દીને સારવાર મળે, ગરીબ હોય કે અમીર ગમે તે હોય એકસરખી સારવાર મળે એ માટે મા કાર્ડ, મા-વાત્સલ્ય, પ્રધાનમંત્રી જન આરોગ્ય કેન્દ્રો, આયુષ્યમાન કાર્ડ અને સરકારનો એક જ હેતુ છે કે કોઇપણ દર્દી દવા વગર કે સારવાર વગર મૃત્યુ ન પામે, એને પૂરેપૂરી સારવાર મળે એ દ્રષ્ટિથી જે કાંઇ આયોજનો કરવામાં આવ્યા છે એમાં હું ચોકકસ કહીશ કે મેડિકલ એજયુકેશનમાં ડોકટરો અને પેરામેડિકલ સ્ટાફ, લેબોરેટરી આ બધું જ આપણને મળી રહે એના માટે રાજય સરકારે ૫૭૦૦ મેડિકલની સીટો કરી છે. ૩૧ મેડિકલ કોલેજ, ૧૩ ડેન્ટલ કોલેજ, ૭૩ ફીઝીયોથેરાપી કોલેજ અને આયુર્વેદિક કોલેજ આ બધી જ સુવિધાઓ કરી છે. જેથી આપણને પૂરેપૂરો ટ્રેઇન સ્ટાફ મળી જાય અને આ પ્રમાણે જે આપણા પેરીફેરી સુધી, ગામડાં સુધી આરોગ્યની સેવા જનજનને મળે એના માટે આપણા ૯૨૦૦ પેટા આરોગ્ય કેન્દ્રો છે. પી.એચ.સી. સેન્ટરો આપણી પાસે ૧૨૦૦ થી પણ વધારે છે અને આપણા અર્બન હેલ્થ સેન્ટર ૩૨૪ છે અને સી.એચ.સી. પણ ૩૫૦ જેવી આપણા રાજયની અંદર છે. સબડિસ્ટ્રીકટ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ અને આ બધી હોસ્પિટલો જે છે એ સુવિધાયુકત છે. એમાં સોનોગ્રાફી મશીન પણ છે. જરૂર હોય ત્યાં સિટીસ્કેન પણ છે. એમ.આર.આઇ. મશીન પણ છે ફુલ ફલેજ લેબોરેટરી છે. જયારે કોરોના આવ્યો ત્યારે આપણને સમજ પડી ગઇ કે બધાનું જો રજિસ્ટ્રેશન થયેલું હોય તો જયારે આવી મહામારી આવે ત્યારે આ બધી જ માહિતી આપણી પાસે હોય તો સરકાર તાત્કાલિક એ બધાનો પૂરેપૂરો ઉપયોગ કરી શકે અને આયોજન ખૂબ સારી રીતે ગોઠવી શકે. હું અભિનંદન આપીશ સરકારને ખાસ કરીને કે જે રીતે કોરોનામાં આપણે સ્લોગન આપી કે હારશે કોરોના અને જીતશે ગુજરાત અને એને માટે જે આયોજન કર્યું પહેલા દિવસથી મુખ્યમંત્રીશ્રી, આરોગ્ય મંત્રીશ્રી, આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી અને તમામ આરોગ્યની ટીમ ડેઇલી મિટિંગો કરીને એના અપડેટ કરીને જે કાંઇ નિર્ણયો લેવાના હતા એ લઇને લોકોમાં જાગૃતિ લાવીને, લોકોને પૂરેપૂરી સારવાર મળે એવી તમામ સુવિધાઓ ઊભી કરી અને આપણે ચોકકસ કહી શકીએ કે હજારો બેડની જરૂર પડી તો બધી જ સુવિધા પૂરી કરી અને એની અંદર આઇ.સી.યુ. સેન્ટર, વેન્ટીલેટર જે કંઇ જરૂર પડી એ બધી જ સુવિધાયુકત હોસ્પિટલો કરી અને આપણે આટલું જબરજસ્ત રીતે આયોજન કર્યું, મેરેથોન મિટિંગો કરી ડેઇલી ટી.વી. પ્રેસ મિડિયાને અભિનંદન આપીશ કે રોજેરોજની માહિતી લોકોને પણ મળતી હતી અને આરોગ્ય વિભાગ તરફથી રોજ એનો ડેટા આપવામાં આવતો હતો. આ આપણી પારદર્શક સરકાર છે. જે રીતે કોરોનામાં લોકોની સારવાર થઇ અને જે રીતે કોરોના વોરિયર્સ જે જે લોકોએ કોરોનામાં કામ કર્યું છે એ તમામ કોરોના વોરિયર્સ પછી એ આરોગ્ય વિભાગ હોય, પોલીસ વિભાગ હોય, અન્ન અને પુરવઠા વિભાગ હોય, એ તમામ લોકોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું આજે એટલું જ કહીશ કે જે રીતે આપણે સારવાર કરીએ છીએ અને છેલ્લી વાત એ કરીશ કે રજિસ્ટ્રેશનથી એ ફાયદો થશે કે હોસ્પિટલમાં ખૂબ સારી સુવિધાઓ રહેશે, બધા ડોકટરો સજાગ રહેશે. દર્દીઓને સારી રીતે સેવા આપશે અને દર્દીઓને કોઇ તકલીફ ન પડે એની પૂરેપૂરી તકેદારી હોસ્પિટલો કરશે અને એ ઉપરાંત અત્યારે જે રીતે મેડિકલ પ્રોફેશન એ અત્યારે અમુક લોકોને લીધે બદનામ થઇ ગયો છે. જે રીતે માલપ્રેક્ટિસ થાય છે એને બચાવવા માટે થઇને આ રજિસ્ટ્રેશન ખૂબ જ જરૂરી છે. જે રીતે ડોકટરો અમુક માલ પ્રેક્ટિસ કરીને દર્દીઓનું એકસપ્લોઇટેશન થાય છે એ ન થાય એના માટે આ રજિસ્ટ્રેશન ખૂબ જ અગત્યનું છે એટલે સરકાર આ જે કાયદો બનાવે છે એનું પૂરેપૂરું અમલીકરણ કરે. હું મારું પૂરેપૂરું સમર્થન આપું છું અને અભિનંદન આપું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ રજિસ્ટ્રેશન વિધેયક ક્રમાંક-૨૦ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

ગુજરાત રાજયમાં ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરાવવા, તેનું નિયમન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને આનુષંગિક બાબતોની જોગવાઇ કરવા બાબતનું આ વિધેયક છે. આ વિધેયક લાવવા પાછળ સરકારની જે ઇચ્છા છે કે આ રાજયમાં ખાનગી ક્ષેત્રની (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, મેં એમને એવું કહ્યું કે તમારું નામ અંદર નથી.

ડો. અનિલ જોષિયારા : ખાનગી ક્ષેત્રની આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થા મહદ અંશે અનિયંત્રિત અને નિરંકુશ રહી છે. અપૂરતી અને અયોગ્ય સારવાર અને ઉચ્ચ કક્ષાની ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ અને મર્યાદિત સાધનોના દુરુપયોગની સમસ્યાથી માંડીને તબીબી ગેરરીતિ અને બેદરકારી જેવી ગંભીર સમસ્યા ઊભી થઇ છે એવું ઉદેશમાં જણાવ્યું છે. કોઇ પણ ડોકટર એની પોતાની ડિગ્રી મેળવે છે, મેડિકલ કાઉન્સિલમાં પણ એનું રજિસ્ટ્રેશન કરાવે છે અને પછી એ પ્રેક્ટિસ કરતો હોય છે. રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે કારણ કે, આપણને ખ્યાલ આવે કે કેટલા ડોકટરો કઇ જગ્યાએ પ્રેક્ટિસ કરે છે. મને એમ લાગે છે કે, રજિસ્ટ્રેશનની પદ્ધતિઓમાં એક તો કાઉન્સિલની રચના કરવાની એ આરોગ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે એમાં ૧૦ જેટલા સભ્યો હશે અને આ સભ્યો એમની હોસ્પિટલની શું વ્યવસ્થા હોવી જોઇએ, દર્દીઓની પણ ચિંતા એ કરશે અને સાથે સાથે જિલ્લા લેવલે જે તમે સત્તામંડળ રચવા જઇ રહ્યા છો એ સત્તામંડળના હાથ નીચે એટલે કલેકટરશ્રીના હાથ નીચે પણ લગભગ ૧૦ જેટલા અધિકારીની નિમણૂક તમે કરવાના છો. ખાસ બાબત એ છે કે, કોઇ પણ હોસ્પિટલ ચાલુ કરતા પહેલા એણે રજિસ્ટ્રેશન મેળવી લેવું જોઇએ, એ અરજી કરે એટલે ૧૫ દિવસમાં પહેલા કામચલાઉ રજિસ્ટ્રેશન મળી જાય પણ

કામચલાઉ રજિસ્ટ્રેશન મળ્યા પછી એને સઘળી વ્યવસ્થા શું છે એ એણે સત્તામંડળને જણાવવાની રહે પણ જો કાયમી રજિસ્ટ્રેશન કરાવવાનું એ કદાચ ભૂલી જાય કારણ કે કોઇક સંજોગોમાં એવું થાય છે કેમ કે હોસ્પિટલના ડોકટરો દર્દીઓ સાથે એટલા ઓતપ્રોત રહે છે અને સમય ચૂકી જાય છે. આવો એક બનાવ હમણા જ અમારે ત્યાં બન્યો. જેમાં સોનોગ્રાફી મશીનનું રજિસ્ટ્રેશન કરાવવામાં ૧૫ દિવસ જતા રહ્યા તો એ એટલો હેરાન થયો કે છેક અહીં સુધી આવવું પડ્યું. આવી નાની નાની બાબતોમાં ઉપર સુધી આવવું પડે એ યોગ્ય નથી. એટલે આ જે રજિસ્ટ્રેશનની બાબત છે એમાં સરળતા હોવી ખૂબ જ જરૂરી છે અને દરેક વખતે ફી, તમે કાચું સર્ટીફિકેટ લેશો ત્યારે ફી, પરમેનન્ટ સર્ટિફિકેટ લેશો ત્યારે પાછી ફી અને જ્યારે એ પરમેનન્ટ સર્ટિફિકેટ મળ્યા પછી એ પાંચ વર્ષ માટેનું મળવાનું છે અને પાંચ વર્ષ પૂરાં થાય એના એક મહિના પહેલા તમારે અરજી કરી દેવાની. કદાચ ક્યાંય ચૂક થાય અને એ અરજી ના પણ કરી શકે તો એમાં પણ થોડુંક રીલેક્સેશન હોવું જરૂરી છે એવું મને લાગે છે અને એમાં દંડની જોગવાઇ પણ ન હોવી જોઇએ. સરકારી તંત્ર, જિલ્લાનું તંત્ર હોસ્પિટલમાં તપાસ કરવા આવે કે તમારે ત્યાં શું સુવિધા છે, જે ડોકટર છે એનાથી પોતાની સુવિધાઓ બતાવવામાં ક્યાંક ચૂક થાય અથવા બંને વચ્ચે કોઇ બાબતે ગરમા ગરમી થાય તો આ સંજોગોમાં જે અધિકારીઓ છે એ એમ કહે કે તમે સરકારી કામગીરીમાં દખલગીરી કરો છો એના લીધે એ ૫ લાખ રૂપિયાનો દંડ ફટકારે એ યોગ્ય નથી અને એને વસૂલ કરવાની પદ્ધતિ છે એ મહેસૂલી રાહે વસૂલ કરવાની પદ્ધતિ છે એ પણ વાજબી નથી. મારી માનનીય મંત્રીશ્રી નીતિનભાઇને વિનંતી છે કે થોડુંક લિબરલ રહો, રજિસ્ટ્રેશન કરવું જરૂરી છે કારણ કે આપે જે કહ્યું તે પ્રમાણે એવા ઘણા બધા ડોકટરો માલ પ્રેક્ટિસ કરતા હોય છે, ડિગ્રી વગરના ડોકટરો છે એના ઉપર બેન આવી જશે એટલે આ રજિસ્ટ્રેશન જરૂરી છે. બીજું આ પ્રાઇવેટ હોસ્પિટલોની ચિંતા કરીએ છીએ પણ આપણી જે હોસ્પિટલો છે, સરકારી હોસ્પિટલો છે એમાં પણ આવી જ જોગવાઇ હોવી જોઇએ કારણ કે આપણે રેડિયોલોજીસ્ટની મોટા ભાગની હોસ્પિટલોમાં જગ્યા ખાલી છે એટલે એમાં કામ કરે છે એ ટેકનિશિયનો જ કામ કરતા હોય છે, પેથોલોજીમાં પણ ટેકનિશિયનો જ કામ કરતા હોય છે કેમ કે, પેથોલોજીસ્ટ હોતા નથી. એટલે આવા સંજોગોમાં આપણે આની પણ ચિંતા જરૂર કરવી જોઇએ એમ મને લાગે છે. એટલે આ રજિસ્ટ્રેશનવાળી બાબત જે છે એ યોગ્ય છે પણ સાથે સાથે જે શિક્ષાની જોગવાઇ છે એ વધુ પડતી છે એમ લાગે છે કારણ કે, અધિનિયમની જોગવાઇનું ઉલંઘન થાય તો પ્રથમ વખતે ૧૦ હજાર રૂપિયા દંડ, બીજી વાર થાય તો ૫૦ હજાર રૂપિયા દંડ અને ત્રીજી વખતે ૧ લાખ રૂપિયા દંડ અને (અંતરાય) ૧૦ હજાર સુધી અને રજિસ્ટ્રેશન ન કરાવેલ હોય તો રૂપિયા ૨૫ હજાર, ૫૦ હજાર અને ૧ લાખ સુધી એટલે ઓછો પણ કરી શકો.

અધ્યક્ષશ્રી : એટલે ત્યાં સુધી પણ એનાથી ઓછો પણ કરી શકે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, તો વાંધો નથી. પણ રજિસ્ટ્રેશન થાય એ ખૂબ જરૂરી છે. અત્યારે કોરોના મહામારીમાં ડોકટરોને તકલીફ થોડી વધી ગઇ છે. જાતજાતના રજિસ્ટ્રેશન મેળવવા પડે છે, ફાયર સેફ્ટીનું પણ સર્ટિફિકેટ લેવું પડે છે પણ સાથે સાથે નાની હોસ્પિટલ હોય, મોટી હોસ્પિટલમાં આ જરૂરી છે ત્યાં ફાયર સેફ્ટી હોવી જોઇએ કારણ કે, ઘણા એવા કેસો આ વખતે કોરોનામાં બન્યા છે પણ નાના એવા ડોકટર હોય ઇ.એન.ટી. હોય કે આંખના ડોકટરની હોસ્પિટલ નાની એવી હોય તો એમાં એવી જરૂરિયાત દેખાતી નથી. તો આમાં ફરજિયાત તમે એને દબાણ કરો કે આ તમારે ફરજિયાત રજિસ્ટ્રેશન હોવું જોઇએ અથવા એની વ્યવસ્થા હોવી જોઇએ એ કદાચ મને એમ લાગે છે કે યોગ્ય નથી. એટલે આમાં થોડોક ફેરફાર કરો. આ બિલને અમે સમર્થન જ આપીએ છીએ, નથી આપતા એવું નથી પણ સાથે થોડું લિબરલ રહો, જિલ્લા લેવલના અધિકારીઓ રહે એટલું પણ જરૂરી છે, આ વાત સાથે આપના બિલને સમર્થન આપીને વિરમું છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આ ગૃહના બન્ને સન્માનનીય સભ્યશ્રી બહેન અને જોષીયારા સાહેબે સમર્થન આપ્યું એ રીતે, માનનીય નીતિનભાઇ એવું ન કહેતા કે દરેકમાં ખાંચા કાઢો છો, અમે તમને સમર્થન આપીએ છીએ. બહુ સારું બિલ છે. આ બિલ કદાચ વહેલું લાવ્યા હોત તો ગુજરાતના મેડિકલની અંદર ઘણો બધો ફાયદો થયો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કહીએ છીએ કે મેડિકલ પ્રોફેશન ઇઝ એ નોબલ પ્રોફેશન. સૌથી જો ઉમદા અને સારો વ્યવસાય હોય તો એ ડોકટરનો છે. એ ડોકટરને આપણે ભગવાનનું સ્વરૂપ પણ આપ્યું છે. આ બિલથી જે રીતે જોષીયારા સાહેબે કહ્યું એ રીતે કે આ બિલના લીધે જે સારા ડોકટરો છે, સારી હોસ્પિટલો છે અને જે સારી રીતે ગરીબોની અને મધ્યમવર્ગના લોકોની સેવા કરે છે એમના માટે આ બિલ એ ફરીથી લાયસન્સરાજ ન બની જાય અને અધિકારીઓ ખોટી રીતે એમને હેરાનગતિ ન કરે એના માટે થોડી સાવચેતી રાખવાની જરૂર છે. આ બિલની અંદર ડો.જોષિયારા સાહેબે કહ્યું એમ કે શ્રી નીતિનભાઇને અભિનંદન આપીશ કે એમના ઉદ્દેશોની અંદર એમણે સ્વીકાર્યું છે કે, ગુજરાતની અંદર આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થા એ મહદ્અંશે વિવાદાસ્પદ રહી છે. આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થાના હાલના માળખાની કાર્યક્ષમતામાં સુધારા માટે પૂરતા પ્રોત્સાહનની જરૂર છે અને એ રાજ્યની અંદર ખાનગી ક્ષેત્રની આરોગ્ય સંભાળ વિતરણ વ્યવસ્થા મહદ્અંશે અનિયંત્રિત અને નિરંકુશ રહી છે અને તબીબી સારવારની અંદર ઘણીબધી ગેરરીતિઓ થતી હોય છે અને એનું પરિણામ કોરોનાની અંદર ઘણી બધી હોસ્પિટલોમાં આપણે જોયું છે અને એના લીધે સરકાર ઘણીવાર બદનામ થતી હોય છે અને જે રીતે શ્રી જોષીયારા સાહેબે કહ્યું, એ રીતે આ બિલથી ગુજરાતની જનતાને, ગરીબ લોકોને ફાયદો થવાનો છે પણ ખરેખર જે લોકો સારી હોસ્પિટલો ચલાવે છે, ગામડાની અંદર ચલાવે છે, નાના શહેરોની પેરીફરીની અંદર જે હોસ્પિટલો ચલાવે છે એના માટે જો

કડક નિયમો ન રાખવામાં આવે અને એમના માટે થોડીક છૂટછાટ આપવામાં આવે એ એટલા માટે કે ગામડાની અંદર, અથવા પેરીફરીની અંદર જો આ તમે બધા નિયમો ક્વોલિફાઇડ નર્સ, સ્ટાફ આ બધું રાખવાનું નક્કી કરશો તો એ સારવાર મોંઘી બનશે અને ઘણા બધા ગામડાની અંદર, સીટીની અંદર તો દરેકને મેડિક્લેઇમ હોય છે, પણ ગામડાની અંદર ગરીબ વર્ગના, મધ્યમવર્ગના લોકો મેડિક્લેઇમ લઇ શકતા નથી એટલે આ જે સારવાર, આ જે નિયંત્રણો છે એ ગામડાના અથવા પેરીફરીના ડોકટરો માટે હળવા કરવામાં આવે, કેમકે જોષીયારા સાહેબે કહ્યું એમ એકવાર એક હોસ્પિટલ આપણે શરૂ કરીએ તો સાતથી વધુ જુદા જુદા સર્ટીફિકેટો લેવા પડે છે અને પહેલાં મેડિકલની અંદર, એમ.સી.આઇ.ની અંદર રજિસ્ટ્રેશન કરાવવું પડે, મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર 'સી' ફોર્મનું રજિસ્ટ્રેશન કરાવવું પડે, જો સોનોગ્રાફી મશીન હોય તો સોનોગ્રાફી માટેનું અલગ રજિસ્ટ્રેશન કરાવવું પડે. બાયોમેડિકલ વેસ્ટ માટે પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડમાંથી પણ એનું પ્રમાણપત્ર લેવું પડે. ફાયરસેફ્ટીનું રજિસ્ટ્રેશન, એ.આર.ટી. એટલે કે આઇ.વી.એફ. માટેનું રજિસ્ટ્રેશન અને જે રીતે સરકારે છેલ્લાં ચાર વર્ષની અંદર આ રજિસ્ટ્રેશન ફીની અંદર વધારો કર્યો છે. વર્ષ ૨૦૧૬ની અંદર જી.પી.સી.બી. બોર્ડમાંથી બાયો મેડિકલ વેસ્ટ માટેનું રજિસ્ટ્રેશન હતું એની આજથી ત્રણ વર્ષ પહેલાં ત્રણ વર્ષ માટેની ફી રૂપિયા ૨,૦૦૦થી ૩,૦૦૦ હતી. અને અત્યારે જે પાંચ વર્ષ માટેની ફી કરવામાં આવી છે તે રૂપિયા ૨૦ હજારથી ૩૫ હજારની ફી કરવામાં આવી છે. એટલે આ અલગ અલગ ફી ભરી અને ડોકટરોએ જો જુદા જુદા રજિસ્ટ્રેશનો લેવાના હોય તો આ બધી જે રજિસ્ટ્રેશનની વ્યવસ્થા છે તે આ એક કાયદાની અંદર આવી જાય અને તેનાથી લોકોને ફાયદો થાય. આ કાયદાની અંદર હું બહુ લાંબી વાત નહીં કરું પણ જે ચાર-પાંચ સૂચનો મેં જોયા છે, મેં આખો કાયદો વાંચ્યો છે તેની અંદર બહુ સારા સેક્શન છે પણ બે-ચાર સૂચનો માનનીય નીતિનભાઇ મારા ધ્યાનમાં આવ્યા છે તે કલમ-૩ની અંદર તમે જે કાઉન્સિલની જે ઓથોરિટી બનાવવાની વાત કરી છે તેની અંદર જુદા જુદા ક્ષેત્રની અંદરથી ડોકટરોને લેવાની વાત કરી છે પણ આખા ઇન્ડિયામાં મોટામાં મોટું ઇન્ડિયન મેડિકલ એસોસિએશન ચાલે છે. આમાં બહુ સારા ડોકટરો અને સારું સંગઠન વર્ષોથી ચાલે છે એટલે પ્રતિનિધિ તરીકે આઇ.એમ.એ.ના એક અથવા એમનું જે એસોસિએશન નક્કી કરે એ આઇ.એમ.એ.ના પ્રતિનિધિને જિલ્લા કક્ષાએ અથવા રાજ્ય કક્ષાએ સમાવવામાં આવે તો ખરેખર જે ડોકટરોની તકલીફો છે, ડોકટરોની સમસ્યાઓ છે તે સુધી આપણે પહોંચી શકીશું અને સારી રીતે આ સેવાઓ આપી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૪ની અંદર વાત કરી છે તેના સંકલન માટે ડિજિટલ સ્વરૂપે માસિક પત્રકો મોકલવાની રાજ્ય કાઉન્સિલની જવાબદારી રહે છે. હમણાં જ શ્રી જોષીયારાજીએ કહ્યું કે આપણે ડિજિટલાઇઝેશનની વાત કરીએ છીએ પણ આપણી પાસે હોસ્પિટલોમાં સ્ટાફ નથી. જેમાં પણ સૌથી વધુ આઉટ સોર્સીંગ અથવા કોન્ટ્રાકટ બેઇઝથી ચાલતા હોય તો એ આરોગ્ય વિભાગની અંદર ચાલે છે અને ગઇ વિધાનસભાની અંદર પણ માનનીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે અમે સીધો તેમના ખાતામાં પગાર આપીશું તો આ ભરતી કરવામાં આવે અથવા આના માટે સ્પેશિયલ સ્ટાફની નિમણૂક કરવામાં આવે તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૫ની અંદર માનનીય નીતિનભાઇ મને થોડી ભૂલ લાગે છે. આપની જોડે હોય તો આપ જરા જુઓ, કલમ-જ, જ અને મોટો જ બન્ને એક જ છે એટલે પ્રિન્ટિંગ ભૂલ થઇ ગઇ છે કે કેમ ? કલમ-૫, નાના જ ની અંદર લખ્યું છે કે, સંબંધિત જિલ્લામાં હકુમત ધરાવતી યુનિવર્સિટીના તબીબી વિદ્યાશાખાના એક ડીન અને મોટા જ ની અંદર પણ એવુ જ લખ્યું છે કે, સંબંધિત જિલ્લામાં હકુમત ધરાવતી યુનિવર્સિટીના તબીબી વિદ્યાશાખાના એક ડીન એમ કરીને આપે ટોટલ-૧૨ જણાંનું જે મંડળ બનાવ્યું છે એટલે કદાચ આમાં ભૂલ છે કે શું છે તે તમે જોઇ લેજો અને તેની અંદર સ્થાનિક સંસદ સભ્ય અથવા વિધાનસભાના સભ્ય તે વ્યવસાયે તબીબ હોય તો જ લેવાની વાત થઇ છે એટલે એક તરફ આપણને હોસ્પિટલોમાં ડોકટરો મળતાં નથી. આપણી આખી વિધાનસભામાં બે ધારાસભ્યો ડોકટર છે એટલે આ જોગવાઇ દૂર કરી અને જે રીતે રોગી કલ્યાણ સમિતિની અંદર દરેક ધારાસભ્યનો સમાવેશ થાય છે તો એ ડોકટરનું જે કવોલિફીકેશન રાખ્યું છે તેના બદલે જે જે તાલુકાના કે જે જે જિલ્લાના સ્થાનિક હેડ ક્વાર્ટરના ધારાસભ્યો હોય તેની જોગવાઇ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૯ની અંદર રજિસ્ટ્રેશનની વાત થઇ છે અને તેની અંદર ત્રણ પ્રકારે રજિસ્ટ્રેશન થઇ શકે. અરજીથી, રૂબરૂ, પોસ્ટ મારફત અથવા ઓનલાઇન. એટલે જયારે અમે ડિજિટલાઇઝેશનની વાત કરીએ છીએ એન.એ. ઓનલાઇન કર્યું તો માત્ર અને માત્ર આ ત્રણ પ્રોવિઝન છે એટલે કોઇ ઓનલાઇન અરજી કરશે તો કહેશે કે ના, ઓનલાઇન નહીં તમે રૂબરૂ આપી જાવ, રૂબરૂ કરશે તો કહેશે નહીં, પોસ્ટથી મોકલો એટલે માત્ર અને માત્ર એક જ સીસ્ટમ રાખીએ કે ઓનલાઇન અરજી કરવાની તો મને લાગે છે કે તે સારું પ્રોવિઝન રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૧ની અંદર લખ્યું છે કે, રજિસ્ટ્રેશનનું કામચલાઉ પ્રમાણપત્ર કાઢી આપ્યું હોય તેમ છતાં સત્તા મંડળે કામચલાઉ રજિસ્ટ્રેશન આપ્યાના ૪૫ દિવસની મુદ્દતની અંદર આ રીતે કામચલાઉ ધોરણે રજિસ્ટર થયેલી ચિકિત્સા સંસ્થાની તમામ વિગતો ઠરાવવામાં આવેલ રીતે પ્રસિદ્ધિ કરવી જોઇશે, એટલે કયાં પ્રસિદ્ધ કરવાની? આપણી કોઇ વેબસાઇટ છે કે આરોગ્ય વિભાગની કે સરકારની કઇ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવાની તે લખ્યું નથી. પ્રમાણપત્ર કાઢવાની સમય-મર્યાદા છે તે ૩૦ દિવસની નક્કી કરી છે. જો એ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર ખોવાઇ જાય તો એ ખોવાઇ ગયેલા રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર કાઢવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવે. સેક્શન-૧૫માં લખવામાં આવ્યું છે કે, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર બિનતબદીલીપાત્ર રહેશે. એટલે ઘણી વાર એવું થાય કે, જે પ્રમાણપત્ર આપવાના એ પ્રમાણપત્ર કોના નામે

આપવાના? ડૉક્ટરના નામે આપવાના કે હોસ્પિટલના નામે આપવાના? ઘણી વાર એવું થતું હોય છે કે, એક હોસ્પિટલમાં મુખ્ય ડૉક્ટર હોય અને એની અંદર બે કે ત્રણ ડૉક્ટર હોય અને એક ડૉક્ટરના નામે પ્રમાણપત્ર લીધું હોય અને આ ડૉક્ટરની બદલી થાય કે પોતાનું પ્રાઈવેટ દવાખાનું શરૂ કરે તો નવેસરથી રજિસ્ટ્રેશન ન કરવું પડે એટલે બીજા ડૉક્ટરના નામે તબદીલ કરી આપવામાં આવે એવું મારું સૂચન છે. કલમ-૧૯માં એકસમાન રજિસ્ટ્રેશન ફીની વાત થઈ છે. ઘણી વાર મોટા શહેરોમાં મોટી કોર્પોરેટ હોસ્પિટલને ફાયદો થાય અને ગામડામાં જે હોસ્પિટલ હોય તેને નુકસાન થાય. આથી તેની રજિસ્ટ્રેશન ફી એકસમાન રાખવાના બદલે અલગ-અલગ રાખવામાં આવે એવું મારું સૂચન છે. કલમ-૨૧માં વાંધા રજૂ કરવાની વાત છે. જો તમે રજિસ્ટ્રેશન માટે અરજી કરી હોય અને રજિસ્ટ્રેશન ના મળે તો વાંધો રજૂ કરી શકાશે પણ વાંધો કોને રજૂ કરી શકશે અને વાંધા કોણ સાંભળશે? દા.ત., મેં હોસ્પિટલ શરૂ કરવા માટે અરજી હોય તો તે વાંધો મારી આજુબાજુના રહીશો વાંધો રજૂ કરી શકશે? કે બીજા ગામના લોકો એનો વાંધો લેશે? એટલા માટે કે જેને કોઈ લેવા દેવા નથી એવા લોકો વાંધા અરજી કરશે તો એના લીધે હોસ્પિટલના ડૉક્ટરને રજિસ્ટ્રેશન નહિ મળે. જે લોકો વાંધા રજૂ કરવાના હોય તેના માપદંડો નક્કી કરવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૨૪(૪) માં રજિસ્ટ્રેશન પૂરું થઈ ગયું હોય તો છ મહિનાની મુદત આપવામાં આવશે પણ છ મહિના પછી કદાચ રજિસ્ટ્રેશન કરવાનું ભૂલી ગયા તો ઓથોરિટી નક્કી કરે એટલી ફી ભરી ફરીથી નવેસરથી પ્રમાણપત્ર આપવાની જોગવાઈ છે. તો ફરીથી છ મહિના, ૧૨ મહિના કે બે વર્ષ માટેની એવી જોગવાઈ નથી. ઘણીવાર એવું બનશે કે ઈરાદાપૂર્વક લોકો રજિસ્ટ્રેશન કરાવશે નહિ એટલે આ બાબત પણ વિચારણામાં લેવામાં આવે એવી વિનંતી. કલમ-૨૮ બહુ ડેન્જરસ છે. અમારા ડૉ. જોશિયારા સાહેબે કહ્યું એ રીતે કોઈ પણ ડૉક્ટરને ત્યાં આ સત્તામંડળના સભ્યોને તપાસ કરવાની છૂટ આપવામાં આવી છે. આના લીધે એવું બનશે કે અગાઉ **PC-PNDT Act** હેઠળ DHOને તપાસ કરવાની સત્તા આપવામાં આવી હતી. બનાસકાંઠામાં DHO વારંવાર ડૉક્ટરને ત્યાં જાય, ચાલુ OPDએ એમને હેરાન કરે અને એના હપ્તા ચાલુ થઈ ગયા હતાં એટલે આ જે તપાસ કરવાની સત્તા છે તેમાં તે તપાસ ક્યારે કરી શકે? સીધેસીધા ચાલુ ઓ.પી.ડી.માં જઈ શકે? કે નોટિસ આપીને જાય એવી જોગવાઈ કરવામાં આવે. કોઈને એવું લાગે કે આ હોસ્પિટલમાં ગેરરીતિ ચાલી રહી છે તો એ હોસ્પિટલને નોટિસ આપી અને એની તપાસ કરવામાં આવે તો ડૉક્ટરને પણ ફાયદો થશે. ડૉક્ટર સાહેબે જે દંડની વાત કરી તેમાં હું સંમતિ આપું છું કે કોઈ પણ કાયદામાં દંડ અથવા સજાની જોગવાઈ હોવી જ જોઈએ જ્યાં સુધી દંડ અથવા સજા ન હોય ત્યાં સુધી એ કાયદો અસરકારક બનતો નથી પરંતુ કલમ-૩૪ અને ૩૫ માં તમે રજિસ્ટ્રેશન લીધું નથી અથવા રજિસ્ટ્રેશન લીધા પછી એની અંદર કાંઈ ભૂલો છે એ બંનેની અંદર સરખી છે. એટલે જેને રજિસ્ટ્રેશન લીધું નથી એના માટે પણ સરખી અને જેને રજિસ્ટ્રેશન લીધા પછી એના માટે કંઈ ભૂલ હોય તો બંને માટે. એટલે ખરેખર તો એવું હોવું જોઇએ કે જેને રજિસ્ટ્રેશન લીધું નથી અને પોતાની હોસ્પિટલ ચલાવે છે તો એના માટે દંડની જોગવાઈ વધું હોવી જોઇએ અને જેને રજિસ્ટ્રેશન લીધું છે પણ એની અંદર કોઇ ભૂલ છે તો એની સજાની જોગવાઇ ઓછી હોવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ -૪૧ની અંદર છેલ્લે કે કોઇપણ અધિકારી શુધ્ધબુધ્ધિથી કામ કરશે તો એની સામે કાર્યવાહી થઇ શકશે નહી. પરંતુ અત્યાર સુધીમાં એવું બન્યું છે કે આરોગ્યના અધિકારીઓ ઘણીવાર નિર્દોષ હોસ્પિટલના ડોકટરોને વારંવાર જઇ અને હેરાનગતિ કરતા હોય છે. એટલે આ બોડીનો કોઇ અધિકારી અથવા કોઇપણ મેડીકલ અધિકારી વારંવાર ખોટી રીતે ડોકટરને હેરાન કરે, એના ઉપર ખોટા કેસ કરે, લીટીગેશન થાય, કોર્ટની અંદર કેસ ચાલે અને ડોકટર નિર્દોષ છૂટી જાય તો આવા બદઇરાદાથી કોઇ કેસ કરવામાં આવે અથવા ડોકટરને હેરાન કરવામાં આવે તો એના અધિકારીના વિરુધ્ધમાં પણ કોઇ એકશન લેવાય, એના વિરુધ્ધમાં કાર્યવાહી થાય એવી કાર્યવાહી કરવામાં આવે તો અમે આને સમર્થન કરીએ છીએ. ફરીથી, આ જે એક સારૂ બિલ લાવ્યા પણ જે રીતે અમે બધાએ ચિંતા વ્યકત કરી કે બિલના લીધે નિર્દોષ અને સારા ડોકટરો છે, જે ખરેખર લોકોની સેવા કરે છે એમને હેરાનગતિ ન થાય અને ખરેખર શ્રી નીતિનભાઇએ કહ્યું એ રીતે ઘણા બધા ડોકટરો હોસ્પિટલો લૂંટે છે, એને આના લીધે કડક સજા થાય અને ત્રીજી બાબત કે, તમે આની અંદર શ્રી નીતિનભાઇ, જોગવાઇ કરી છે કે કોઇ કંપની હોય અને કંપની હોસ્પિટલ ચલાવતી હોય તો એના ડાયરેકટર માટે, પેઢી હોય તો એના માલિક અથવા ભાગીદાર માટે પણ કોઇ જગ્યાએ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ માટે જોગવાઇ કરી નથી. ગુજરાતની અંદર મોટા ભાગે જે હોસ્પિટલો ચાલે છે, એ ટ્રસ્ટી મંડળ ચલાવે છે એટલે કોઇ ટ્રસ્ટી મંડળની ભૂલ થાય તો એના માટે ટ્રસ્ટી જવાબદાર રહેશે કે નહી, એની આ કાયદાની અંદર કોઇ જગ્યાએ જોગવાઇ કરવામાં આવી નથી એટલે આ તમામ જોગવાઇ કરવામાં આવે અને અમે એનું સમર્થન કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય પરેશભાઇનો આભાર માનું છું કે, એમને સમયદાન આપ્યું છે. સમયદાન આપ્યું છે. તમારી પાંચ મિનિટ પૂરી નહી થાય, પર થઇ છે જોઇ લો, ૫૭ એ પૂરુ.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, માનનીય પરેશભાઇ.

શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી, કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે સરકારી અને ખાનગી જે ચિકીત્સા સંસ્થાઓ છે, એનું રજિસ્ટ્રેશન અને નિયમન વિધેયક-૨૧ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે,

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયક, ૨૦૨૧

અધ્યક્ષશ્રી : વીસ, વીસ.

શ્રી પરેશ ધાનાણી : વિધેયક–૨૦૨૦, વિધેયક ક્રમાંક–૨૦ જે લઇને આવ્યા છે અને મારા પક્ષના બે વિદ્વાન સાથીઓ માનનીય ડો.અનિલ જોષિયારા અને ડો. કીરીટભાઇ પટેલે વિસ્તૃત રીતે વાત કરી છે. બંને સભ્યોએ …

અધ્યક્ષશ્રી : માનનીય કીરીટભાઇએ ગુજરાતી અને અંગ્રેજી બંને બિલ વાંચીને કમ્પેર કર્યા છે, એ મેં જોયું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિષયનો જે ઉદ્દેશ છે, ભાવ છે એ ખૂબ સારો છે પણ કાયદાથી જે ભયસ્થાનો ઉભા થવાના છે, શ્રી કીરીટભાઇએ વિગતવાર કલમો સાથે એની છણાવટ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા મંત્રીશ્રીને મારે ખાલી એટલી વિનંતી કરવી છે કે, જે પ્રકરણ –૫ એની કલમ–૩૪,૩૫(૧)(૨) ૩૬ (૧)(૨)૩૭, ૩૮ (૨)૩૯(૧) અને કલમ ૪૦માં જે દંડ અને શિક્ષાની જોગવાઇઓ છે, આપણે જે વ્યવસ્થાતંત્ર ઉભું કરી રહ્યા છીએ આરોગ્યની સેવાઓ સુદ્રઢ થાય, નિયમિત થાય, એમાં સારવાર આપનારા, વ્યવસ્થાનું સંચાલન કરનારા અને એનો લાભ લેનારા બધા જ લોકોના હીતો જળવાય, એવી માનનીય આરોગ્ય મંત્રી પાસે અપેક્ષા છે. આ કોરોનાના કપરા કાળમાં એક નવો વિષય લઇને સરકાર ગૃહ સમક્ષ આવી છે પણ કયાંય આનાથી એવો અંદેશો પેદા થાય કે જે કોરોનાની વૈશ્વિક મહામારીમાં જે કોરોના વોરિયર્સ તરીકે કામ કરનાર ડોકટરો છે, એમાં ભય પેદા થાય.મારી આપના મારફત મંત્રીશ્રીને વિનંતી છે કે રાજય અને જિલ્લા સ્તરે વિવિધ ક્ષેત્રની અંદર કામ કરતા જે ડોકટર મંડળો છે તેમની સાથે પરામર્શ કરવામાં આવે. એમની પણ લાગણી અને માગણીઓને સમાવી કાયદાનો અતિરેક કરવાનો કોઇને પણ અવકાશ પ્રાપ્ત ન થાય એવી જોગવાઇ અને નિયમો કરવા માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ બિલમાં જેમાં મારા બન્ને સભ્યશ્રીઓએ ભયસ્થાન સાથે સૂર પૂરાવ્યો છે વિપક્ષ વતી સરકારને આ બિલમાં અમે સમર્થન આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : આભાર, માનનીય મંત્રીશ્રી, એમણે આ વખતે વચન પાળ્યું. અંગ્રેજી ગુજરાતીમાં કલમ– ૮ માટે કાંઇક છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજના આ બિલ માટે ડો.નીમાબેન, ડો.અનિલ જોષિયારા, શ્રી કીરીટભાઇ અને વિપક્ષના નેતા શ્રી પરેશભાઇએ સમર્થન સાથે એમના વિચારો અને સૂચનો વ્યકત કર્યાં છે. એ રીતે મૂળ બિલની જે ભાવના છે એનાથી બધાએ આને સમર્થન આપ્યું છે. ત્યારે સ્વાભાવિક શ્રી પરેશભાઇએ જે છેલ્લી વાત કરી અત્યારે કોરોનાના સંદર્ભમાં કોઇ એવું વાતાવરણ ઉભું ન થાય જે સરકાર એકદમ બધું અમલમાં મૂકશે. તો અમે તબક્કાવાર આને અમલમાં મૂકીશું, જોષિયારા સાહેબે જે વાત કરી એ up to એની પણ કાળજી રાખશું. શ્રી કીરીટભાઇએ પેલી જે ગુજરાતી નકલ છે એમાં વાત સાચી છે એક વાકય બે વખત લખાઇ ગયું છે. અંગ્રેજીમાં એક જ વખત છે. એ પણ સુધારો કરી દઇશું.

અધ્યક્ષશ્રી : અંગ્રેજીમાં જે હોય તે જ સાચું મનાય. ગુજરાતીમાં ફકત ટાઇપ મિસ્ટેક જેવું ગણાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ જ સાચું ગણાય. છતાં સાહેબ, અમે સુધારો કરી લઇશું. બાકી બધાની જે લાગણી છે હોસ્પિટલ સર્વિસ સારી થાય, ગુજરાતનું ટૂરિઝમ મેડિકલ હબનો આપણો બધાનો જે લક્ષ છે એ વધું આગળ વધે અને દર્દીની સેવાનું સ્ટાન્ડર્ડ ગુજરાતમાં સરકારી હોય કે બિન–સરકારી હોય હોસ્પિટલનું ઉંચું આવે. એ લક્ષ સાથે આપણે આગળ વધીશું. મેડિકલ એસોસિએશન ના પ્રતિનિધિઓ કિરીટભાઇ તમે જે વાત કરી રાજય કક્ષાની જે કમિટી છે એમાં આઇ.એમ.એ.ના પ્રતિનિધિનું પણ સમાવેશ આપણે કર્યો છે,નિષ્ણાતોનો પણ સમાવેશ કર્યો છે. ધારાસભ્ય અથવા સંસદ સભ્ય ડોકટર હોય તો એમની પણ વિશિષ્ટ સેવાનો લાભ મળે,ડોકટરો હોય એવા ધારાસભ્યોને પણ ચાર પ્રતિનિધિત્વ રાજય સ્તરની કમિટીમાં લેવાનો પણ નિર્ણય કર્યો છે. આ બધું યોગ્ય રીતે કર્યું છે. છતાં જે સૂચનો આવ્યાં છે, રૂલ્સ બનાવતી વખતે કાળજી રાખીશું, આપ સૌએ સર્વાનુમતે સમર્થન આપ્યું છે, એ માટે આભાર માનું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૦ –સન ૨૦૨૧ના ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૪૭, કલમ–૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૦ –સન ૨૦૨૧ના ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રીઃ સન–૨૦૨૧ના વિધેયક ક્રમાંક–૨૦ –સન ૨૦૨૧ના ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ – માનનીય સભ્યશ્રી ગેરહાજર**

## સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭–ક)

નાયબ સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હવે જેના લેખિત જવાબ સત્ર દરમિયાન મળ્યા પણ સમયના અભાવે સભ્યશ્રીને મોકલી શકાયા નથી તેવા ૧૫૫ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**કૌલગી સમિતિના રીપોર્ટ મુજબ રાજ્યના પછાત તાલુકાઓ**

અતારાંકિતઃ ૮૦૮૪ (૦૪–૦૧–૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ કૌલગી સમિતિના રીપોર્ટ મુજબ જાહેર થયેલા પછાત તાલુકાઓ પૈકી રાજ્યના કેટલા તાલુકાઓ પછાત તાલુકા તરીકે ચાલુ છે.

(૨) તેને પછાત તાલુકામાંથી બહાર લાવવા શું આયોજન થયું છે, અને

(૩) ક્યાં સુધીમાં તેને પછાત તાલુકામાંથી ઉપર લાવવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૨૩–૦૩–૨૦૨૧)

(૧) તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ કૌલગી સમિતિના રીપોર્ટ મુજબ જાહેર થયેલા ૩૦ વિકાસશીલ તાલુકાઓ પૈકીના તમામ ૩૦ તાલુકાઓ વિકાસશીલ તાલુકા તરીકે ચાલુ છે,

(૨) રાજ્ય સરકાર દ્વારા વિકાસશીલ તાલુકાના આયોજન સંદર્ભે વિકાસશીલ તાલુકાઓના સર્વાંગી અને ઝડપી તથા અસરકારક વિકાસ થાય તે માટે તાલુકાની જવાબદારી સચિવશ્રી કક્ષા કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવે છે. સદરહુ તાલુકાઓને વિકાસશીલ તાલુકા યોજના હેઠળ તાલુકા દીઠ વાર્ષિક રૂ.૨.૦૦ કરોડ અને એ.ટી.વી.ટી. યોજના હેઠળ વધારાના વાર્ષિક રૂ.૧.૦૦ કરોડ એમ કુલ રૂ.૩.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૩) વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે અને કૌલગી સમિતિએ સૂચવેલ સૂચકાંકોની અદ્યતન માહિતી જોતા વિકાસશીલ તાલુકાઓમાં મોટા ભાગના સૂચકાંકોમાં સુધારો પણ જણાયેલ છે.

--------

**કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર પ્રશ્નો**

અતારાંકિતઃ ૯૦૩૦ (૨૭–૦૧–૨૦૨૧) **ડો. અનિલ જોષિયારા** (ભિલોડા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારના કેટલા પડતર પ્રશ્નોનો નિકાલ થવાનો બાકી છે,

(૨) તે અંગે ક્યારે ક્યારે રજૂઆતો કરાઈ, અને

(૩) કેન્દ્ર સરકારના શા પ્રતિભાવો મળ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૧૬–૦૩–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના ૨૧ પ્રશ્નોનો નિકાલ થવાનો બાકી છે,

(૨) આ પ્રશ્નોના ઉકેલ માટે સરકારશ્રીના સંકળાયેલા વિભાગો દ્વારા આ સાથે સામેલ "પત્રક અ" મુજબ રજૂઆતો કરવામાં આવેલ છે.

(૩) કેન્દ્ર સરકાર દ્વારા ૩ પ્રશ્નોમાં મંજૂરી આપેલ છે તેમજ બાકી પ્રશ્નો કેન્દ્ર સરકારમાં વિચારણા હેઠળ છે.

**પત્રક–અ**

| **અ.નં.** | **વિભાગ** | **પડતર પ્રશ્નો** | **કેન્દ્ર સરકારને પડતર પ્રશ્નો અંગે નીચે મુજબ રજૂઆતો કરેલ છે.** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧. | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૧૦ | તા.૧૨–૦૭–૨૦૧૬, તા.૦૭–૧૨–૨૦૧૮, તા.૧૭–૦૬–૨૦૨૦, તા. ૦૮–૦૭–૨૦૨૦, તા.૨૨–૦૭–૨૦૨૦, તા.૨૩–૦૭–૨૦૨૦, તા.૧૩–૦૮–૨૦૨૦ |
| ૨. | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨ | તા.૨૧–૧૧–૨૦૧૬, તા.૨૪–૦૩–૨૦૧૭, તા.૦૨–૧૧–૨૦૧૭, તા.૧૩–૦૭–૨૦૧૮, તા.૨૨–૧૧–૨૦૧૮, તા.૨૮–૧૧–૨૦૧૮, તા.૧૨–૦૨–૨૦૧૯, તા.૦૨–૧૨–૨૦૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૩. | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૧ | તા.૨૧-૧૨-૨૦૧૬, તા.૦૨-૦૨-૨૦૧૭, તા.૦૫-૦૬-૨૦૧૭ |
| ૪. | આદિજાતિ વિકાસ વિભાગ | ૨ | તા.૨૪-૦૯-૨૦૧૮, તા.૩૦-૧૦-૨૦૧૮, તા.૦૭-૦૨-૨૦૨૦, તા.૧૯-૦૯-૨૦૨૦ |
| ૫. | ગૃહ વિભાગ | ૧ | તા.૨૦-૦૯-૨૦૧૮, તા.૨૭-૦૨-૨૦૧૯ |
| ૬. | માર્ગ અને મકાન વિભાગ | ૫ | તા.૦૧-૦૨-૨૦૧૭, તા.૦૪-૦૫-૨૦૧૭, તા.૦૧-૦૯-૨૦૧૭, તા.૦૪-૦૧-૨૦૨૦ |
| ઉક્ત ૪ માં દર્શાવેલ તારીખોથી રાજ્ય સરકારના વિભાગો દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે. ઉપરાંત સમયાંતરે મૌખિક, ટેલિફોનિક અને ઈ-મેઈલ મારફતે રજૂઆત કરવામાં આવેલ છે. | | | |

--------

**રાજ્યમાં એસ.પી.સી.એ.માં આઉટસોર્સિંગથી ડોક્ટરોની નિમણૂક**

અતારાંકિતઃ ૭૯૭૩ (૦૨-૧૨-૨૦૨૦) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં પ્રત્યેક જિલ્લાની એસ.પી.સી.એ.માં આઉટ સોર્સિંગથી એક વેટરનરી ડોક્ટરની નિમણૂક કરવા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે તા.૪-૬-૨૦૨૦ના રોજ આદેશ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૧૦-૨૦૨૦ની સ્થિતિએ કયા જિલ્લાની એસ.પી.સી.એ.માં આવી નિમણૂંકો કરવામાં આવી છે, અને

(૩) બાકી રહેલ જિલ્લાની એસ.પી.સી.એ.માં આવી નિમણૂંકો ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૬-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) કચ્છ, દાહોદ અને સાબરકાંઠા

(૩) નિમણૂકની કાર્યવાહી પ્રગતિમાં છે.

--------

**અમદાવાદ શહેરમાં ગધેડા પર ક્રૂરતા આચરવા બાબત**

અતારાંકિતઃ ૮૩૧૬ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ભાર ખેંચતા ગધેડાના આગળ-પાછળના પગને દોરી અથવા લોખંડના ટૂંકા વાળાથી બાંધી દઇ ભારે ક્રૂરતા આચરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સને ૨૦૧૮ અને ૨૦૧૯માં પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા આચરવા કેટલા શખ્સો પકડાયા, અને

(૩) ઉક્ત ગુનાહિત પ્રવૃત્તિ કરનારા સામે થી કાર્યવાહી કરવામાં આવી ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૬-૦૩-૨૦૨૧)

(૧) અમદાવાદ શહેરમાં આ પ્રકારની કોઇ ફરીયાદ મળેલ નથી તથા આ પ્રકારની ઈજાની સારવારનો પણ કોઇ કેસ પશુ દવાખાના ખાતે નોંધાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બનાસકાંઠા જિલ્લાના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે મળેલી ફરિયાદો**

અતારાંકિતઃ૯૦૦૭ (૨૮-૦૨-૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા:૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) આ ફરિયાદો અનુસાર કેટલા પરવાનેદારો સામે પગલાં લેવાયા,

(૩) કેટલા પરવાનેદારોના પરવાના રદ થયા, અને

(૪) કેટલા પરવાનેદારોને બ્લેકલિસ્ટ કરાયા?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૦૩ (ત્રણ) વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના જળાશયોના મત્સ્યોદ્યોગના પરવાનેદારો સામે ૦૨ (બે) ફરિયાદો મળી.

(૨) વર્ષ ૨૦૨૦માં મુક્તેશ્વર જળાશયના મત્સ્યોદ્યોગના પરવાનેદાર સામે થયેલ ફરિયાદ અન્વયે તા:૧૭/૦૮/૨૦૨૦ ના રોજ મત્સ્યોદ્યોગ ખાતાની જિલ્લા કચેરી દ્વારા મુક્તેશ્વર જળાશયમાં પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ, આ કામગીરી દરમિયાન પરવાનેદાર દ્વારા ગેરકાયદે માછીમારી કરવામાં આવી રહેલ ન હોવાનું જણાતાં પરવાનેદાર સામે કોઈ પગલાં લેવામાં આવેલ નથી. જ્યારે, વર્ષ ૨૦૨૦ માં દાંતીવાડા જળાશયના પરવાનેદાર સામે થયેલ ફરિયાદ અન્વયે મત્સ્યોદ્યોગ ખાતાની જિલ્લા કચેરીની ટીમ, તથા દાંતીવાડા પોલીસની ટીમ સાથે તા:૩૧/૧૨/૨૦૨૦ના રોજ દાંતીવાડા ડેમના ૧૬૦૦૦ પોઈન્ટથી ડેમના કિનારા આસપાસ સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવેલ જે દરમિયાન પરવાનેદાર દ્વારા ગેરકાયદે માછીમારી કરાતી હોવાની ફરિયાદમાં કોઈ તથ્ય જણાતું ન હોઈ, પરવાનેદારને તાકીદ કરી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ અને તેઓનો રૂબરૂ ખુલાસો મેળવી ચોરી ન થવા પામે તે માટેની બાંહેધરી લેવામાં આવેલ છે.

(૩) કોઈ પરવાનેદારના પરવાના રદ થયેલ નથી.

(૪) કોઈ પરવાનેદારને બ્લેકલિસ્ટ કરાયેલ નથી.

--------

**રાજ્યમાં ઉંટોની વસતી ઘટવા બાબત**

અતારાંકિતઃ ૯૦૩૨ (૨૨-૦૧-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં છેલ્લી ત્રણ વસતી ગણતરી દરમ્યાન ઉંટોની વસતી સતત ઘટી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઊંટની વસતી ટકાવી રાખવા અને વસતી વધારવા શું આયોજન થયું છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૬-૦૩-૨૦૨૧)

(૧) હા,જી.

વસતી ગણતરી-૨૦૦૭ = ૩૮,૪૫૪ ઊંટ
વસતી ગણતરી-૨૦૧૨ = ૩૦,૪૧૫ ઊંટ
વસતી ગણતરી-૨૦૧૯ = ૨૭,૬૨૦ ઊંટ

(૨) વર્ષોથી ઊંટ વર્ગના પશુઓનો ઉપયોગ માલવાહક પશુ તરીકે થયેલ છે અને તે મુજબ ગુજરાત રાજ્યમાં ઊંટપાલન કરતા માલધારીઓ/પશુપાલકો દ્વારા તેઓના ઉંટોનો માલસામાનનું એક સ્થળેથી બીજા સ્થળે વહન કરવા માટે ઉપયોગમાં કરવામાં આવે છે. પરંતુ સમય જતાં માલસામાનની અવર જવર કરવા માટે યાંત્રિક સાધનોનો વ્યાપ વધતાં ઉંટોનો માલવાહક તરીકે ઉપયોગ ઘટેલ છે. જેના કારણે ઉંટોની વસતીમાં ઘટાડો થયેલ છે.

(૩) ઊંટ વર્ગના પશુઓનું આરોગ્ય સચવાઇ રહે તે માટે પશુપાલન ખાતા દ્વારા રાજ્યમાં ઊંટ વર્ગના પશુઓને ઝેરબાઝ અને ખસ વિરોધી સારવાર આપવા માટેની યોજના અમલમાં છે. જે અંતર્ગત ઊંટ વર્ગના પશુઓમાં જીવલેણ રોગ “Surra” (ચકરી/ઝેરબાઝ) અને ખસ નિવારણ માટે ક્ષેત્રિય કક્ષાએથી નિઃશુલ્ક સારવાર કેમ્પનું આયોજન કરી તમામ ઉંટોને સારવાર હેઠળ આવરી લઇ ઉંટોને જીવલેણ રોગોથી રક્ષણ આપવામાં આવે છે. ઉક્ત યોજના હેઠળ વર્ષ-૨૦૧૮-૧૯માં ૨૧,૯૮૭ ઊંટ અને વર્ષ-૨૦૧૯-૨૦માં ૨૪,૨૩૮ ઊંટને સારવાર આપેલ છે.

પશુપાલન ખાતા હસ્તક કચ્છ જિલ્લાનાં ઢોરી ખાતે ઊંટ ઉછેર કેન્દ્ર ઢોરી કાર્યરત છે. જ્યાં વૈજ્ઞાનિક ઢબે ઉંટોનો ઉછેર કરી ઉંટોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય તે હેતુસર શુદ્ધ સંવર્ધન થકી ઉંચી ઓલાદના નર ઊંટ પેદા કરી ફાર્મ ખાતે જરૂરિયાત કરતાં વધારાના નર-ઊંટ સીમા સુરક્ષા દળ, પોલીસ ખાતું તથા ઊંટ પાલકોને સંવર્ધન હેતુ માટે જાહેર હરાજીથી પૂરા પાડવામાં આવે છે.

--------

**રાજ્યમાં પાંજરાપોળમાં મૂકેલ ગૌવંશ અંગે કોર્ટ કેસ લડવાનો ખર્ચ**

અતારાંકિતઃ ૯૦૭૬ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ કતલખાનામાં લઇ જવાતા અને પોલીસ દ્વારા બચાવી લેવાયેલા ગૌવંશ તથા અન્ય પ્રાણીઓ પાંજરાપોળમાં મૂકવામાં આવે ત્યારે પાંજરાપોળ તરફથી કોર્ટમાં કેસ લડવાનો ખર્ચ પાંજરાપોળ ઉપર આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જીવદયાનું કામ કરતી આવી સંસ્થાનો આર્થિક બોજો ઘટાડવા સરકારનું આયોજન છે કે કેમ ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૬-૦૩-૨૦૨૧)

(૧) આવી કોઇ ફરીયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### રાજ્યમાં માનવ વસાહતથી ૫૦૦ મીટર અંદર પોલ્ટ્રી ફાર્મ

અતારાંકિતઃ ૯૧૮૧ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત પોલ્ટ્રી ફાર્મ રજીસ્ટ્રેશન પોલીસી-૨૦૧૩ મુજબ સન ૨૦૧૩ પછી સ્થપાયેલ પોલ્ટ્રી ફાર્મ-હેચરી ફાર્મ માનવ વસાહતથી ૫૦૦ મીટર દૂર રાખવાની જોગવાઈ કરાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જિલ્લાવાર ૨૦૧૩ પછી સ્થપાયેલ કેટલા પોલ્ટ્રી ફાર્મ/હેચરી ફાર્મ માનવ વસાહતથી ૫૦૦ મીટર અંદર ગેરકાયદે ચાલી રહ્યા છે, અને

(૩) આવા ગેરકાયદે પોલ્ટ્રી ફાર્મ/હેચરીને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૬-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) એક.

(૩) નામ. ગુજરાત હાઈકોર્ટમાં કેસ પડતર છે.

--------

### અમદાવાદ શહેરમાં ખાનગી શાળાઓમાં વાહનો પાર્કીંગની સુવિધા

અતારાંકિતઃ ૨૮૨૩ (૦૧-૧૧-૨૦૧૮) **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટે જુલાઈ અને ઓગસ્ટ-૨૦૧૮માં આપેલ ચૂકાદા મુજબ તમામ ખાનગી શાળાઓએ તેમના વિદ્યાર્થીઓના સાયકલ, સ્કૂટર સહિતના તમામ વાહનો માટે શાળાની અંદર પાર્કીંગ વ્યવસ્થા ઉભી કરવા આદેશ આપ્યો છે તે હકીકત ખરી છે કે કેમ,

(૨) જો હા, તો અમદાવાદ શહેરમાં તા.૧૫-૦૮-૨૦૧૮ની સ્થિતિએ કઈ ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળાની અંદર વિદ્યાર્થીઓના વાહનો પાર્કીંગ કરવાની સુવિધા નથી, અને

(૩) આવી શાળાઓને સરકાર તરફથી શાં આદેશ આપવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ખાનગી પ્રાથમિક શાળાઃ *પત્રક-૧ મુજબ.
ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઃ *પત્રક-૨ મુજબ.

(૩) તમામ શાળાઓને પાર્કીંગ સુવિધા ઉપલબ્ધ કરાવવા આદેશ કરેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

### રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી

અતારાંકિતઃ ૫૮૯૪ (૨૭-૦૮-૨૦૧૯) **શ્રી અંબરીશભાઈ ડેર** (રાજુલા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર કેટલી નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાઓ | સરકારી શાળાઓ | | | ગ્રાન્ટેડ શાળાઓ | | | નોન-ગ્રાન્ટેડ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) |
| ૧ | અમદાવાદ | ૩૬ | ૦૬ | ૦૫ | ૨૩૫ | ૩૫૮ | ૦૨ | ૨૦૬ | ૨૫૧ | ૧૫૩ |
| ૨ | અમરેલી | ૩૧ | ૦૬ | ૦૫ | ૫૪ | ૭૭ | ૦૧ | ૪૯ | ૬૬ | ૨૦ |
| ૩ | આણંદ | ૧૩ | ૦૧ | ૦૧ | ૬૭ | ૧૪૯ | ૦૩ | ૩૫ | ૪૩ | ૧૨ |
| ૪ | અરવલ્લી | ૦૨ | ૦૧ | ૦૧ | ૯૭ | ૧૦૬ | ૦૦ | ૨૬ | ૧૨ | ૦૫ |
| ૫ | બનાસકાંઠા | ૯૭ | ૨૧ | ૦૭ | ૨૪ | ૧૬૪ | ૦૧ | ૮૯ | ૧૨૮ | ૨૭ |
| ૬ | ભરૂચ | ૨૩ | ૦૪ | ૦૪ | ૪૭ | ૮૯ | ૦૧ | ૬૧ | ૬૦ | ૧૯ |
| ૭ | ભાવનગર | ૫૨ | ૧૪ | ૧૦ | ૩૫ | ૧૦૧ | ૦૧ | ૭૦ | ૧૧૬ | ૪૮ |

| ક્રમ | જિલ્લાઓ | સરકારી શાળાઓ | | | ગ્રાન્ટેડ શાળાઓ | | | નોન-ગ્રાન્ટેડ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) |
| ૮ | બોટાદ | ૨૭ | ૦૬ | ૦૧ | ૧૦ | ૨૧ | ૦૧ | ૨૯ | ૩૧ | ૨૪ |
| ૯ | છોટાઉદેપુર | ૨૫ | ૦૪ | ૦૬ | ૨૦ | ૪૧ | ૦૨ | ૧૨ | ૧૧ | ૦૧ |
| ૧૦ | દાહોદ | ૩૧ | ૦૬ | ૦૩ | ૪૯ | ૧૪૩ | ૦૩ | ૪૯ | ૩૭ | ૧૯ |
| ૧૧ | ડાંગ | ૨૦ | ૦૭ | ૦૨ | ૦૩ | ૧૩ | ૦૦ | ૦૬ | ૦૧ | ૦૨ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૨૬ | ૦૮ | ૦૩ | ૨૩ | ૨૧ | ૦૦ | ૨૫ | ૪૮ | ૦૯ |
| ૧૩ | ગાંધીનગર | ૦૧ | ૦૦ | ૦૧ | ૭૦ | ૧૨૨ | ૦૨ | ૬૨ | ૫૭ | ૪૬ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨૨ | ૦૫ | ૦૧ | ૪૪ | ૪૫ | ૦૦ | ૪૯ | ૬૮ | ૨૧ |
| ૧૫ | જામનગર | ૧૯ | ૧૧ | ૦૬ | ૭૭ | ૨૯ | ૦૧ | ૬૯ | ૮૦ | ૨૦ |
| ૧૬ | જૂનાગઢ | ૦૫ | ૦૯ | ૦૨ | ૧૩૮ | ૯૮ | ૦૦ | ૫૫ | ૮૭ | ૩૭ |
| ૧૭ | ખેડા | ૧૭ | ૦૧ | ૦૧ | ૧૧૫ | ૧૪૩ | ૦૦ | ૩૭ | ૨૯ | ૦૬ |
| ૧૮ | કચ્છ | ૧૦૯ | ૩૬ | ૧૦ | ૪૫ | ૫૦ | ૦૦ | ૮૦ | ૭૦ | ૨૩ |
| ૧૯ | મહીસાગર | ૦૩ | ૦૫ | ૦૩ | ૮૬ | ૧૦૩ | ૦૦ | ૨૮ | ૦૭ | ૦૪ |
| ૨૦ | મહેસાણા | ૦૭ | ૦૪ | ૦૦ | ૯૨ | ૧૬૭ | ૦૦ | ૪૫ | ૩૫ | ૨૧ |
| ૨૧ | મોરબી | ૨૩ | ૦૪ | ૦૬ | ૫૨ | ૨૩ | ૦૧ | ૪૩ | ૬૫ | ૧૨ |
| ૨૨ | નર્મદા | ૨૫ | ૦૬ | ૦૫ | ૨૭ | ૨૩ | ૦૦ | ૧૦ | ૦૬ | ૦૩ |
| ૨૩ | નવસારી | ૦૫ | ૦૧ | ૦૩ | ૨૩ | ૯૮ | ૦૧ | ૧૯ | ૩૮ | ૧૯ |
| ૨૪ | પંચમહાલ | ૦૩ | ૦૮ | ૦૪ | ૯૨ | ૧૦૭ | ૦૧ | ૩૭ | ૩૦ | ૧૬ |
| ૨૫ | પાટણ | ૩૪ | ૦૬ | ૦૪ | ૬૫ | ૭૭ | ૦૨ | ૨૨ | ૨૭ | ૧૩ |
| ૨૬ | પોરબંદર | ૧૩ | ૦૫ | ૦૩ | ૨૧ | ૨૨ | ૦૦ | ૨૦ | ૩૧ | ૦૭ |
| ૨૭ | રાજકોટ | ૨૬ | ૧૧ | ૦૬ | ૧૪૮ | ૧૦૪ | ૦૨ | ૧૮૧ | ૨૩૨ | ૧૨૪ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૯ | ૦૦ | ૦૩ | ૯૩ | ૧૪૩ | ૦૦ | ૩૭ | ૨૪ | ૧૫ |
| ૨૯ | સુરત | ૧૫ | ૦૬ | ૦૧ | ૪૯ | ૧૪૯ | ૦૦ | ૨૩૯ | ૨૯૫ | ૧૪૫ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૫૬ | ૦૯ | ૧૦ | ૬૧ | ૬૫ | ૦૦ | ૫૧ | ૭૪ | ૨૦ |
| ૩૧ | તાપી | ૨૨ | ૦૪ | ૧૦ | ૧૭ | ૪૪ | ૦૦ | ૦૯ | ૦૯ | ૦૫ |
| ૩૨ | વડોદરા | ૧૩ | ૦૧ | ૦૩ | ૭૬ | ૧૫૨ | ૦૦ | ૧૦૦ | ૧૦૫ | ૩૮ |
| ૩૩ | વલસાડ | ૨૩ | ૧૨ | ૦૧ | ૨૫ | ૮૫ | ૦૦ | ૩૪ | ૫૪ | ૨૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં (તા.૦૧-૦૭-૨૦૧૪ થી તા.૩૦-૦૬-૨૦૧૯) જિલ્લાવાર મંજૂરી આપવામાં આવેલ નવી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાઓ | સરકારી શાળાઓ | | ગ્રાન્ટેડ શાળાઓ | | નોન-ગ્રાન્ટેડ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | માધ્ય અને ઉ.મા.(સંયુક્ત) | ઉ.મા. |
| ૧ | અમદાવાદ | ૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૮૩ | ૨૦ | ૨૩ |
| ૨ | અમરેલી | ૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૮ | ૦૫ |
| ૩ | આણંદ | ૧૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૦ | ૦૮ | ૧૦ |
| ૪ | અરવલ્લી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૩ | ૦૪ |
| ૫ | બનાસકાંઠા | ૫૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૫૨ | ૦૯ | ૧૩ |
| ૬ | ભરૂચ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪ | ૦૧ | ૦૮ |
| ૭ | ભાવનગર | ૨૭ | ૦૨ | ૦૦ | ૦૦ | ૩૨ | ૧૫ | ૧૪ |
| ૮ | બોટાદ | ૨૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦ | ૦૫ | ૦૬ |
| ૯ | છોટાઉદેપુર | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ | ૦૪ | ૦૨ |
| ૧૦ | દાહોદ | ૨૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૩ | ૦૭ |
| ૧૧ | ડાંગ | ૦૯ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૧૬ | ૦૩ | ૦૮ |
| ૧૩ | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૫ | ૧૦ | ૧૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૩ | ૦૪ |
| ૧૫ | જામનગર | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૭ | ૧૧ | ૧૧ |
| ૧૬ | જૂનાગઢ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૩૧ | ૧૬ | ૧૨ |
| ૧૭ | ખેડા | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૯ | ૦૮ | ૦૬ |
| ૧૮ | કચ્છ | ૭૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૪ | ૦૭ | ૧૨ |
| ૧૯ | મહીસાગર | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૫ |
| ૨૦ | મહેસાણા | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૩ | ૧૭ |

| ક્રમ | જિલ્લાઓ | સરકારી શાળાઓ | | ગ્રાન્ટેડ શાળાઓ | | નોન-ગ્રાન્ટેડ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | માધ્ય અને ઉ.મા.(સંયુક્ત) | ઉ.મા. |
| ૨૧ | મોરબી | ૧૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૮ | ૧૦ |
| ૨૨ | નર્મદા | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૧ | ૦૧ |
| ૨૩ | નવસારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨ | ૦૭ | ૧૧ |
| ૨૪ | પંચમહાલ | ૧૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૮ | ૦૫ | ૦૨ |
| ૨૫ | પાટણ | ૨૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ | ૦૧ | ૦૮ |
| ૨૬ | પોરબંદર | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૨ | ૦૨ |
| ૨૭ | રાજકોટ | ૧૬ | ૦૨ | ૦૦ | ૦૦ | ૬૭ | ૪૧ | ૨૨ |
| ૨૮ | સાબરકાંઠા | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨ | ૦૪ | ૦૬ |
| ૨૯ | સુરત | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૯૨ | ૩૩ | ૩૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૨૯ | ૦૩ | ૦૦ | ૦૦ | ૨૩ | ૦૭ | ૧૧ |
| ૩૧ | તાપી | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૩૨ | વડોદરા | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૨૭ | ૧૨ | ૧૧ |
| ૩૩ | વલસાડ | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦ | ૦૭ | ૦૭ |

--------

**રાજ્યમાં સરકારી, ખાનગી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓને મંજૂરી**

અતારાંકિતઃ ૫૯૩૩ (૨૭-૦૮-૨૦૧૯) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી, ખાનગી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ નવી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાઓ | સરકારી શાળાઓ | | | ગ્રાન્ટેડ શાળાઓ | | | નોન-ગ્રાન્ટેડ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) |
| ૧ | અમદાવાદ | ૩૬ | ૦૬ | ૦૫ | ૨૩૫ | ૩૫૮ | ૦૨ | ૨૦૬ | ૨૫૧ | ૧૫૩ |
| ૨ | અમરેલી | ૩૧ | ૦૬ | ૦૫ | ૫૪ | ૭૭ | ૦૧ | ૪૯ | ૬૬ | ૨૦ |
| ૩ | આણંદ | ૧૩ | ૦૧ | ૦૧ | ૬૭ | ૧૪૯ | ૦૩ | ૩૫ | ૪૩ | ૧૨ |
| ૪ | અરવલ્લી | ૦૨ | ૦૧ | ૦૧ | ૯૭ | ૧૦૬ | ૦૦ | ૨૬ | ૧૨ | ૦૫ |
| ૫ | બનાસકાંઠા | ૯૭ | ૨૧ | ૦૭ | ૨૪ | ૧૬૪ | ૦૧ | ૮૯ | ૧૨૮ | ૨૭ |
| ૬ | ભરૂચ | ૨૩ | ૦૪ | ૦૪ | ૪૭ | ૮૯ | ૦૧ | ૬૧ | ૬૦ | ૧૯ |
| ૭ | ભાવનગર | ૫૨ | ૧૪ | ૧૦ | ૩૫ | ૧૦૧ | ૦૧ | ૭૦ | ૧૧૬ | ૪૮ |
| ૮ | બોટાદ | ૨૭ | ૦૬ | ૦૧ | ૧૦ | ૨૧ | ૦૧ | ૨૯ | ૩૧ | ૨૪ |
| ૯ | છોટાઉદેપુર | ૨૫ | ૦૪ | ૦૬ | ૨૦ | ૪૧ | ૦૨ | ૧૨ | ૧૧ | ૦૧ |
| ૧૦ | દાહોદ | ૩૧ | ૦૬ | ૦૩ | ૪૯ | ૧૪૩ | ૦૩ | ૪૯ | ૩૭ | ૧૯ |
| ૧૧ | ડાંગ | ૨૦ | ૦૭ | ૦૨ | ૦૩ | ૧૩ | ૦૦ | ૦૬ | ૦૧ | ૦૨ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૨૬ | ૦૮ | ૦૩ | ૨૩ | ૨૧ | ૦૦ | ૨૫ | ૪૮ | ૦૯ |
| ૧૩ | ગાંધીનગર | ૦૧ | ૦૦ | ૦૧ | ૭૦ | ૧૨૨ | ૦૨ | ૬૨ | ૫૭ | ૪૬ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨૨ | ૦૫ | ૦૧ | ૪૪ | ૪૫ | ૦૦ | ૪૯ | ૬૮ | ૨૧ |
| ૧૫ | જામનગર | ૧૯ | ૧૧ | ૦૬ | ૭૭ | ૨૯ | ૦૧ | ૬૯ | ૮૦ | ૨૦ |
| ૧૬ | જૂનાગઢ | ૦૫ | ૦૯ | ૦૨ | ૧૩૮ | ૯૮ | ૦૦ | ૫૫ | ૮૭ | ૩૭ |
| ૧૭ | ખેડા | ૧૭ | ૦૧ | ૦૧ | ૧૧૫ | ૧૪૩ | ૦૦ | ૩૭ | ૨૯ | ૦૬ |
| ૧૮ | કચ્છ | ૧૦૯ | ૩૬ | ૧૦ | ૪૫ | ૫૦ | ૦૦ | ૮૦ | ૭૦ | ૨૩ |
| ૧૯ | મહીસાગર | ૦૩ | ૦૫ | ૦૩ | ૮૬ | ૧૦૩ | ૦૦ | ૨૮ | ૦૭ | ૦૪ |
| ૨૦ | મહેસાણા | ૦૭ | ૦૪ | ૦૦ | ૯૨ | ૧૬૭ | ૦૦ | ૪૫ | ૩૫ | ૨૧ |
| ૨૧ | મોરબી | ૨૩ | ૦૪ | ૦૬ | ૫૨ | ૨૩ | ૦૧ | ૪૩ | ૬૫ | ૧૨ |
| ૨૨ | નર્મદા | ૨૫ | ૦૬ | ૦૫ | ૨૭ | ૨૩ | ૦૦ | ૧૦ | ૦૬ | ૦૩ |
| ૨૩ | નવસારી | ૦૫ | ૦૧ | ૦૩ | ૨૩ | ૯૮ | ૦૧ | ૧૯ | ૩૮ | ૧૯ |
| ૨૪ | પંચમહાલ | ૦૩ | ૦૮ | ૦૪ | ૯૨ | ૧૦૭ | ૦૧ | ૩૭ | ૩૦ | ૧૬ |
| ૨૫ | પાટણ | ૩૪ | ૦૬ | ૦૪ | ૬૫ | ૭૭ | ૦૨ | ૨૨ | ૨૭ | ૧૩ |

| ક્રમ | જિલ્લાઓ | સરકારી શાળાઓ | | | ગ્રાન્ટેડ શાળાઓ | | | નોન-ગ્રાન્ટેડ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) | માધ્યમિક (ધો.૯,૧૦) | માધ્ય અને ઉ.મા. (૯ થી ૧૨) | ઉ.મા. (ધો.૧૧, ૧૨) |
| ૨૬ | પોરબંદર | ૧૩ | ૦૫ | ૦૩ | ૨૧ | ૨૨ | ૦૦ | ૨૦ | ૩૧ | ૦૭ |
| ૨૭ | રાજકોટ | ૨૬ | ૧૧ | ૦૬ | ૧૪૮ | ૧૦૪ | ૦૨ | ૧૮૧ | ૨૩૨ | ૧૨૪ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૯ | ૦૦ | ૦૩ | ૯૩ | ૧૪૩ | ૦૦ | ૩૭ | ૨૪ | ૧૫ |
| ૨૯ | સુરત | ૧૫ | ૦૬ | ૦૧ | ૪૯ | ૧૪૯ | ૦૦ | ૨૩૯ | ૨૯૫ | ૧૪૫ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૫૬ | ૦૯ | ૧૦ | ૬૧ | ૬૫ | ૦૦ | ૫૧ | ૭૪ | ૨૦ |
| ૩૧ | તાપી | ૨૨ | ૦૪ | ૧૦ | ૧૭ | ૪૪ | ૦૦ | ૦૯ | ૦૯ | ૦૫ |
| ૩૨ | વડોદરા | ૧૩ | ૦૧ | ૦૩ | ૭૬ | ૧૫૨ | ૦૦ | ૧૦૦ | ૧૦૫ | ૩૮ |
| ૩૩ | વલસાડ | ૨૩ | ૧૨ | ૦૧ | ૨૫ | ૮૫ | ૦૦ | ૩૪ | ૫૪ | ૨૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં (તા.૦૧-૦૭-૨૦૧૪ થી તા.૩૦-૦૬-૨૦૧૯) જિલ્લાવાર મંજૂરી આપવામાં આવેલ નવી સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાઓ | સરકારી શાળાઓ | | ગ્રાન્ટેડ શાળાઓ | | નોન-ગ્રાન્ટેડ શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | માધ્ય અને ઉ.મા.(સંયુક્ત) | ઉ.મા. |
| ૧ | અમદાવાદ | ૧૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૮૩ | ૨૦ | ૨૩ |
| ૨ | અમરેલી | ૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૮ | ૦૫ |
| ૩ | આણંદ | ૧૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૦ | ૦૮ | ૧૦ |
| ૪ | અરવલ્લી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૩ | ૦૪ |
| ૫ | બનાસકાંઠા | ૫૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૫૨ | ૦૯ | ૧૩ |
| ૬ | ભરૂચ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪ | ૦૧ | ૦૮ |
| ૭ | ભાવનગર | ૨૭ | ૦૨ | ૦૦ | ૦૦ | ૩૨ | ૧૫ | ૧૪ |
| ૮ | બોટાદ | ૨૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦ | ૦૫ | ૦૬ |
| ૯ | છોટાઉદેપુર | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ | ૦૪ | ૦૨ |
| ૧૦ | દાહોદ | ૨૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૩ | ૦૭ |
| ૧૧ | ડાંગ | ૦૯ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૧૬ | ૦૩ | ૦૮ |
| ૧૩ | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૫ | ૧૦ | ૧૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૩ | ૦૪ |
| ૧૫ | જામનગર | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૭ | ૧૧ | ૧૧ |
| ૧૬ | જૂનાગઢ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૩૧ | ૧૬ | ૧૨ |
| ૧૭ | ખેડા | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૯ | ૦૮ | ૦૬ |
| ૧૮ | કચ્છ | ૭૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૩૪ | ૦૭ | ૧૨ |
| ૧૯ | મહીસાગર | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૫ |
| ૨૦ | મહેસાણા | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૩ | ૧૭ |
| ૨૧ | મોરબી | ૧૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૮ | ૧૦ |
| ૨૨ | નર્મદા | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૧ | ૦૧ |
| ૨૩ | નવસારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨ | ૦૭ | ૧૧ |
| ૨૪ | પંચમહાલ | ૧૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૮ | ૦૫ | ૦૨ |
| ૨૫ | પાટણ | ૨૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ | ૦૧ | ૦૮ |
| ૨૬ | પોરબંદર | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૨ | ૦૨ |
| ૨૭ | રાજકોટ | ૧૬ | ૦૨ | ૦૦ | ૦૦ | ૬૭ | ૪૧ | ૨૨ |
| ૨૮ | સાબરકાંઠા | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨ | ૦૪ | ૦૬ |
| ૨૯ | સુરત | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૯૨ | ૩૩ | ૩૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૨૯ | ૦૩ | ૦૦ | ૦૦ | ૨૩ | ૦૭ | ૧૧ |
| ૩૧ | તાપી | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૩૨ | વડોદરા | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૨૭ | ૧૨ | ૧૧ |
| ૩૩ | વલસાડ | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૦ | ૦૭ | ૦૭ |

--------

**અમરેલી અને ગાંધીનગર જિલ્લામાં રમતગમતનાં મેદાનો વગરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ**

અતારાંકિતઃ ૭૦૬૪ (૨૪-૦૮-૨૦૨૦) **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી અને ગાંધીનગર જિલ્લામાં સરકારે ઠરાવેલ ધોરણ મુજબના શાળા/ટ્રસ્ટની માલિકીના રમતગમતના મેદાન વગરની કેટલી નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨–૦૩–૨૦૨૧)

(૧) તા.૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી અને ગાંધીનગર જિલ્લામાં સરકારે ઠરાવેલ ધોરણ મુજબના શાળા/ટ્રસ્ટની માલિકીના રમતગમતના મેદાન વગરની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પ્રાથમિક | માધ્યમિક (ધો.૯ થી ૧૦) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (ધો.૯ થી ૧૨) | ઉચ્ચતર માધ્યમિક (ધો.૧૧ થી ૧૨) | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧ | ૨૬ | ૩૩ | ૧૦ | ૭૦ |
| ૨ | ગાંધીનગર | ૫૯ | ૨૭ | ૨૫ | ૧૭ | ૧૨૮ |
| | **કુલ** | **૬૦** | **૫૩** | **૫૮** | **૨૭** | **૧૯૮** |

(૨) પ્રાથમિક શાળાઓ માટે તા.૨૦–૧૨–૨૦૧૯ના જાહેરનામા મુજબ રમત–ગમતનું મેદાન માલિકીનું અથવા ૧૫ વર્ષના રજિસ્ટર્ડ લીઝથી મેળવવા શાળાઓને સૂચના આપવામાં આવેલ છે. તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જે ટ્રસ્ટની માલિકીનું કે ભાડાનું મેદાન ધરાવતી નથી તેવી શાળાઓને મેદાનની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા બાબતે સૂચના/કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે.

--------

**પાટણ અને અમદાવાદ જિલ્લામાં રમતગમતનાં મેદાનો વગરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ**

અતારાંકિતઃ ૭૦૬૬ (૨૪–૦૮–૨૦૨૦) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં સરકારે ઠરાવેલ ધોરણ મુજબના શાળા/ટ્રસ્ટની માલિકીના રમતગમતના મેદાન વગરની કેટલી નોન ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૩–૦૩–૨૦૨૧)

(૧) તા.૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં સરકારે ઠરાવેલ ધોરણ મુજબના શાળા/ટ્રસ્ટની માલિકીના રમતગમતના મેદાન વગરની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પ્રાથમિક | માધ્યમિક (ધો.૯ થી ૧૦) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (ધો.૯ થી ૧૨) | ઉચ્ચતર માધ્યમિક (ધો.૧૧ થી ૧૨) | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૭ | ૦૫ | ૦૩ | ૦૨ | ૨૭ |
| ૨ | અમદાવાદ | ૬૮૬ | ૧૪૬ | ૧૮૫ | ૧૨૦ | ૧૧૩૭ |
| | **કુલ** | **૭૦૩** | **૧૫૧** | **૧૮૮** | **૧૨૨** | **૧૧૬૪** |

(૨) પ્રાથમિક શાળાઓ માટે તા.૨૦–૧૨–૨૦૧૯ના જાહેરનામા મુજબ રમત–ગમતનું મેદાન માલિકીનું અથવા ૧૫ વર્ષના રજિસ્ટર્ડ લીઝથી મેળવવા શાળાઓને સૂચના આપવામાં આવેલ છે. તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જે ટ્રસ્ટની માલિકીનું કે ભાડાનું મેદાન ધરાવતી નથી તેવી શાળાઓને મેદાનની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા બાબતે સૂચના/કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે.

--------

**મોરબી, રાજકોટ અને કચ્છ જિલ્લામાં નોનગ્રાન્ટેડ કોલેજોને ગ્રાન્ટેડમાં ફેરવવા બાબત**

અતારાંકિતઃ ૮૮૩૮ (૦૭–૦૧–૨૦૨૧) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મોરબી, રાજકોટ અને કચ્છ જિલ્લાની કેટલી નોનગ્રાન્ટેડ કોલેજો ગ્રાન્ટેડમાં ફેરવવાની દરખાસ્તો સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કઇ કોલેજોને ગ્રાન્ટેડમાં ફેરવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટેડમાં ફેરવેલ કઇ કોલેજને વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી કોલેજને ગ્રાન્ટ ફાળવવાની બાકી છે અને ગ્રાન્ટ ન ફાળવવાના કારણો શાં છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪-૦૩-૨૦૨૧)

(૧) કચ્છ જિલ્લાની એક કોલેજની દરખાસ્ત મળી.

(૨) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લાની જી.એમ.ડી.સી. સ્પોન્સર્ડ એમ.વી.રામાણી & એમ.પી.રામાણી આર્ટસ કોલેજ અને આર.કે.ખેતાણી કોમર્સ કોલેજ, નખત્રાણાને ગ્રાન્ટેડમાં ફેરવવાની સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ સદરહુ કોલેજને ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.

(૪) શિક્ષણ વિભાગના તા.૧૬-૦૧-૨૦૨૧ના ઠરાવથી સદરહુ કોલેજને ગ્રાન્ટેડ ગણવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ગ્રાન્ટ મેળવવા નિયત પત્રકો રજૂ થયેથી ગ્રાન્ટ ફાળવી શકાશે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં શાળાઓમાં ઓરડાની ઘટ**

અતારાંકિતઃ ૮૯૮૭ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે,

(૨) ઉક્ત ઘટ રહેવાનાં શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઓરડાની ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૯-૦૩-૨૦૨૧)

(૧)

| તાલુકા | ખૂટતા ઓરડાવાળી શાળાની સંખ્યા | ખૂટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| અમીરગઢ | ૨૭ | ૫૯ |
| ભાભર | ૧૧ | ૨૩ |
| દાંતા | ૮૩ | ૧૬૯ |
| દાંતીવાડા | ૩૪ | ૯૧ |
| ડીસા | ૮૬ | ૨૩૨ |
| દિયોદર | ૪૯ | ૧૨૬ |
| ધાનેરા | ૨૭ | ૭૩ |
| કાંકરેજ | ૯૬ | ૨૪૧ |
| લાખણી | ૪૫ | ૯૨ |
| પાલનપુર | ૩૭ | ૯૬ |
| સુઇગામ | ૧૪ | ૨૪ |
| થરાદ | ૭૪ | ૧૭૭ |
| વડગામ | ૧૮ | ૬૦ |
| વાવ | ૩૭ | ૯૨ |

(૨) - ધોરણ-૮ નો પ્રાથમિક વિભાગમાં સમાવેશ થવાને કારણે
- વિદ્યાર્થી-શિક્ષકોના માપદંડ બદલાવાને કારણે શિક્ષકોની સંખ્યા વધતા
- ઓરડા જર્જરિત થવાને કારણે

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

--------

**રાજ્યમાં રૂ. ૧૦ લાખથી વધુ વેટની રકમ માફ કરેલ એકમો**

અતારાંકિતઃ ૯૪૫૬ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રૂ.૧૦ લાખથી વધુ વેટની રકમ માફ કરવામાં આવી હોય તેવા કયા એકમો છે,

(૨) વેટની રકમ માફ કરવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત વેટની રકમ માફ કરવાથી સરકારને કેટલી રકમનું નુકસાન થયું?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) **:** (૧૮-૦૩-૨૦૨૧)

ચૈત્ર ૧૧, ૧૯૪૩ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭-ક)

(૧) યાદી સામેલ છે.

(૨) વેરા માફી યોજના હેઠળ

(૩) રૂ.૧૬૯.૦૪ કરોડની વ્યાજ અને દંડની રકમ માફ કરવામાં આવી.

| તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૮ | | |
|---|---|---|
| **અનુ.નં** | **જિલ્લાનું નામ** | **વેપારીશ્રીનું નામ** |
| ૧ | સાબરકાંઠા | શ્રી ટુડોર ઇન્ડીયા પ્રા.લી |
| ૨ | બનાસકાંઠા | લીંક પ્રૂફ એંજીનીયરીંગ પ્રા.લી. |
| ૩ | પાટણ | પટેલ હર્ષદકુમાર બેચરભાઇ |
| ૪ | સુરત | ઇન્દુ પ્રોજેક્ટ લી. |
| ૫ | સુરત | નરેશ કેમિકલ |
| ૬ | સુરત | વારી એનર્જીસ લીમીટેડ |
| ૭ | સુરત | પ્રિયંકા પ્રોસેસર્સ પ્રા.લી. |
| ૮ | સુરત | રચના આર્ટ પ્રિન્ટર્સ પ્રા.લી. |
| ૯ | સુરત | શ્રીજી પ્રિન્ટર્સ પ્રા.લી |
| ૧૦ | સુરત | જી ઇમ્પેક્ષ |
| ૧૧ | સુરત | જોતુન ઇન્ડિયા પ્રા.લી |
| ૧૨ | સુરત | કલરટેક્ષ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. |
| ૧૩ | વલસાડ | મે. દમણગંગા પેપર મીલ લી. |
| ૧૪ | ભાવનગર | સંજય સેલ્સ |
| ૧૫ | ભાવનગર | ખોડીયાર રોલીંગ મીલ |
| ૧૬ | ભાવનગર | ગુડવીલ એન્ટરપ્રાઇઝ |
| ૧૭ | રાજકોટ | ગણેશ બાયો કન્ટ્રોલ સીસ્ટમ |
| ૧૮ | રાજકોટ | ખેડૂત ફીડ્સ એન્ડ ફૂડસ પ્રા.લી. |
| ૧૯ | રાજકોટ | વૈભવ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ |
| ૨૦ | રાજકોટ | જયશ્રી ઇન્ટરનેશનલ |
| ૨૧ | રાજકોટ | હિતેષ ઇન્ડસ્ટ્રીઝ |
| ૨૨ | સુરેન્દ્રનગર | કિસ્મત ટ્રેડીંગ કું. |
| ૨૩ | સુરેન્દ્રનગર | લક્ષ્મી મેટલ વર્કસ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ડી.એમ.એન્ટરપ્રાઇઝ |
| ૨૫ | સુરેન્દ્રનગર | અલંકાર ટ્રેડર્સ |
| ૨૬ | મોરબી | નેલ્કો સીરામીક્સ |
| ૨૭ | મોરબી | કલ્યાણ ગ્લેઝ ટાઇલ્સ |
| ૨૮ | મોરબી | ગોલ્ડ કોઇન સીરામીક |
| ૨૯ | મોરબી | દિવ્યેશ ઇન્ડસ્ટ્રીઝ |
| ૩૦ | મોરબી | મેજર સીરામીક |
| ૩૧ | મોરબી | કાવેરી સીરામીક |
| ૩૨ | મોરબી | સંતોષ સેરા ટાઇલ્સ |
| ૩૩ | મોરબી | સુનોરા ઇલેક્ટ્રોનીક્સ ઇંડ |
| ૩૪ | મોરબી | સ્ટોનેક્ષ ઇન્ટરનેશનલ |
| ૩૫ | મોરબી | ઇન્ડીયન સીરામીક |
| ૩૬ | મોરબી | સાયબર સીરામીક્સ |
| ૩૭ | મોરબી | સીમ્ફોની સીરામીક પ્રા.લી. |
| ૩૮ | મોરબી | સોલીડ જોન્સન ફ્લોર ટાઇલ્સ પ્રા.લી. |
| ૩૯ | મોરબી | નાઇસ સીરામીક પ્રા.લી. |
| ૪૦ | મોરબી | રાજ ટ્રેડ લીંક |
| ૪૧ | મોરબી | વિલસન પેપર મીલ્સ પ્રા.લી. |

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | |
|---|---|---|
| **અનુ.નં** | **જિલ્લાનું નામ** | **વેપારીશ્રીનું નામ** |
| ૧ | મહેસાણા | ક્રિસ્ટલ સિરમિક ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી. |

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭-ક)

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | |
|---|---|---|
| અનુ.નં | જિલ્લાનું નામ | વેપારીશ્રીનું નામ |
| ૨ | ભરૂચ | મે.કોહલર ઇન્ડિયા કોર્પોરેશન પ્રા.લીમીટેડ |
| ૩ | ભરૂચ | મે. ગુજરાત બોરોસિલ લિમિટેડ |
| ૪ | ભરૂચ | લુપીન લીમીટેડ |
| ૫ | સુરત | રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ |
| ૬ | સુરત | જવેલ ગોલ્ડી ઇન્ડિયા |
| ૭ | રાજકોટ | હાઇ ટેક ટ્રાન્સપાવર |
| ૮ | મોરબી | સુઝલોન સીરામીક્સ |
| ૯ | મોરબી | ઝીલટોપ ગેનેટા પ્રા.લી. |
| ૧૦ | મોરબી | કોસ્મો સીરામીક |
| ૧૧ | મોરબી | દિવ્યેશ ઇન્ડસ્ટ્રીઝ |
| ૧૨ | મોરબી | મેટ્રીક્ષ સીરામીક |
| ૧૩ | મોરબી | ઉદય ઇન્ડ. |
| ૧૪ | મોરબી | સીગ્મા સીરામીક ઇન્ડ. |
| ૧૫ | મોરબી | શીવ સીરામીક્સ |
| ૧૬ | મોરબી | કોસ્મો સીરામીક્સ |
| ૧૭ | મોરબી | સોલાર સીરામીક્સ પ્રા.લી. |
| ૧૮ | મોરબી | એક્ટીવ સીરામીક્સ પ્રા.લી. |
| ૧૯ | મોરબી | ઇસ્કોન સીરામીક્સ પ્રા.લી. |
| ૨૦ | મોરબી | ઉત્તમ સીરામીક્સ પ્રા.લી. |
| ૨૧ | મોરબી | સેફાયર સીરામીક્સ પ્રા.લી. |
| ૨૨ | મોરબી | સનફીલ્ડ સીરામીક |
| ૨૩ | મોરબી | હેમ સીરામીક |
| ૨૪ | મોરબી | સલોન સીરામીક્સ પ્રા.લી. |
| ૨૫ | મોરબી | શ્રીજી ગોલ્ડ સીરામીક્સ પ્રા.લી. |
| ૨૬ | મોરબી | સેરોન સીરામીક્સ પ્રા.લી. |
| ૨૭ | મોરબી | પલ્સર સીરામીક |
| ૨૮ | મોરબી | ફેવરીટ સીરામીક |
| ૨૯ | મોરબી | વેનીસ સીરામીક્સ |
| ૩૦ | મોરબી | કોસ્મો સીરામીક |
| ૩૧ | મોરબી | ઉદય ઇન્ડ. |
| ૩૨ | મોરબી | અમર સીરામીક ઇન્ડ. |
| ૩૩ | મોરબી | સીમ્ફોની સીરામીક પ્રા.લી. |
| ૩૪ | મોરબી | કમાંડર સીરામીક ઇન્ડ |
| ૩૫ | મોરબી | ફેશન સીરામીક |
| ૩૬ | મોરબી | ઓપ્શન સીરામીક્સ |
| ૩૭ | મોરબી | કોરલ સીરામીક પ્રા.લી. |
| ૩૮ | મોરબી | ગ્લોરી સીરામીક પ્રા.લી. |
| ૩૯ | મોરબી | ઉદય ઇન્ડ. |
| ૪૦ | મોરબી | બેલ બાથવેર |
| ૪૧ | મોરબી | ઉદય ગોલ્ડ સીરામીક |
| ૪૨ | મોરબી | કેપ્સન ટાઇલ્સ |
| ૪૩ | મોરબી | ટાઇલગ્રેસ સીરામીક્સ |
| ૪૪ | મોરબી | સોરીસો સીરામીક પ્રા.લી. |
| ૪૫ | મોરબી | ન્યુ રોયલ સીરામીક પ્રા.લી. |
| ૪૬ | મોરબી | લ્યુમેન સીરામીક પ્રા.લી. |
| ૪૭ | મોરબી | બેલેઝા સીરામીક પ્રા.લી. |
| ૪૮ | મોરબી | ઓમ સીરામીક પ્રા.લી. |
| ૪૯ | મોરબી | ગ્રેટા સેરાટેક પ્રા.લી. |
| ૫૦ | મોરબી | સેગા સીરામીક પ્રા.લી. |
| ૫૧ | મોરબી | મીરિકલ સીરામીક |
| ૫૨ | મોરબી | અમૃત સીરામીક |
| ૫૩ | મોરબી | સનબીમ સીરામીક |
| ૫૪ | મોરબી | વિનમેક્સ પ્લસ સીરામીક પ્રા.લી. |

ચૈત્ર ૧૧, ૧૯૪૩ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭-ક)

| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | | |
|---|---|---|
| **અનુ.નં** | **જિલ્લાનું નામ** | **વેપારીશ્રીનું નામ** |
| ૫૫ | મોરબી | લેક્સો સીરામીક |
| ૫૬ | મોરબી | સ્પા સીરામીક્સ પ્રા.લી. |
| ૫૭ | મોરબી | સોલારીસ સીરામીક્સ પ્રા.લી. |
| ૫૮ | મોરબી | ફેમસ વિટ્રીફાઇડ પ્રા.લી |
| ૫૯ | મોરબી | જયકો સીરામિક |
| ૬૦ | મોરબી | કાસા ટાઇલ્સ પ્રા.લી. |
| ૬૧ | મોરબી | રામોજી ગ્રીનાઇટ પ્રા.લી. |
| ૬૨ | મોરબી | સનગ્લેર વિટ્રીફાઇડ પ્રા.લી. |
| ૬૩ | મોરબી | એવરસાઇન સીરામીક પ્રા.લી. |
| ૬૪ | મોરબી | લીવોન સીરામિક |
| ૬૫ | મોરબી | સીગ્નેચર સીરામીક પ્રા.લી. |
| ૬૬ | મોરબી | ગ્લોસી ટાઇલ્સ |
| ૬૭ | મોરબી | હિલટોપ સીરામીક |
| ૬૮ | મોરબી | આઇનોક્સ સીરામીક |
| ૬૯ | મોરબી | ઓઝોન વિટ્રીફાઇડ |
| ૭૦ | મોરબી | રામકો સીરામીક પ્રા.લી. |
| ૭૧ | મોરબી | ન્યુ પર્લ વિટ્રીફાઇડ પ્રા.લી. |
| ૭૨ | મોરબી | ગ્લોસી સીરામિક |
| ૭૩ | મોરબી | બ્લુલેક સીરામીક |
| ૭૪ | મોરબી | અલ્કોરા સીરામીક |
| ૭૫ | મોરબી | સેવીયોન સીરામીક |
| ૭૬ | મોરબી | ફેવરીટ પ્લસ સીરામિક પ્રા.લી |
| ૭૭ | મોરબી | લુનાર સીરામીક |
| ૭૮ | મોરબી | લેન્ડગ્રેસ સીરામીક પ્રા.લી. |
| ૭૯ | મોરબી | સીગ્મા સીરામીક ઇન્ડ. |
| ૮૦ | મોરબી | મેપ્સ લેબોરેટરી પ્રા.લી. |
| ૮૧ | મોરબી | હિલટોપ સીરામીક |

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | |
|---|---|---|
| **અનુ.નં** | **જિલ્લાનું નામ** | **વેપારીશ્રીનું નામ** |
| ૧ | આણંદ | ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક કો.ઓ.યુ.લી.આણંદ |
| ૨ | ભરૂચ | લુપીન લીમીટેડ |
| ૩ | સુરત | સત્યમ બીલ્ડર્સ |
| ૪ | સુરત | રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ |
| ૫ | સુરત | મે.આર.પી. બિલ્ડીટેક કોન પ્રા.લી. |
| ૬ | સુરત | મે.કીનારા ટેકનો ટેક્ષ |
| ૭ | મોરબી | સીરામીક સેંટર |
| ૮ | મોરબી | મોનાર્ક સીરામીક |
| ૯ | મોરબી | કોરલ પ્લસ સીરામીક પ્રા.લી |
| ૧૦ | મોરબી | શ્રીજી સીરામીક ઇન્ડ |
| ૧૧ | મોરબી | સોમેક્ષ સીરામીક પ્રા.લી. |
| ૧૨ | મોરબી | દીપસન સીરામીક |
| ૧૩ | મોરબી | સોબર સીરામીક્સ |
| ૧૪ | મોરબી | સોનેક્ષ ટાઇલ્સ પ્રા.લી. |
| ૧૫ | મોરબી | સમય સેનેટરી વેર્સ |
| ૧૬ | મોરબી | સેન્ટ્રો સીરામીક્સ |
| ૧૭ | મોરબી | સનવેર સીરામીક |
| ૧૮ | મોરબી | સુરાની સીરામીક |
| ૧૯ | મોરબી | ઓપ્ટેક સીરામીક્સ પ્રા.લી. |
| ૨૦ | મોરબી | ક્રિષ્ના સીરામીક ઇન્ડ |
| ૨૧ | મોરબી | જયદીપ ટાઇલ્સ પ્રા.લી. |
| ૨૨ | મોરબી | હિમસન સીરામીક |
| ૨૩ | મોરબી | લીઝા ટાઇલ્સ પ્રા.લી. |
| ૨૪ | મોરબી | ડેકો ગોલ્ડ ગ્લેઝડ ટાઇલ્સ લી. |

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | |
|---|---|---|
| **અનુ.નં** | **જિલ્લાનું નામ** | **વેપારીશ્રીનું નામ** |
| ૨૫ | મોરબી | આઇકોન સીરામીક લી. |
| ૨૬ | મોરબી | હિટકો સીરામીક ઇન્ડીયા પ્રા.લી. |
| ૨૭ | મોરબી | ફેશન સીરામીક |
| ૨૮ | મોરબી | વેરોના ગેનીટો પ્રા.લી. |
| ૨૯ | મોરબી | એવલોન સીરામીક પ્રા.લી. |
| ૩૦ | મોરબી | આઇકોન સીરામીક લી. |
| ૩૧ | મોરબી | લેમન સીરામીક પ્રા.લી. |
| ૩૨ | મોરબી | આઇડીયલ સેરા પ્રોડક્ટ |
| ૩૩ | મોરબી | ઓપ્વેલ સીરામીક પ્રા.લી. |
| ૩૪ | મોરબી | ડેલ્ટા ટાઇલ્સ લી. |
| ૩૫ | મોરબી | વીંટિલ સીરામીક્સ ઇન્ડ. |
| ૩૬ | મોરબી | કોરલ ગેનીટો પ્રા.લી |
| ૩૭ | મોરબી | અમર સીરામીક ઇન્ડ. |
| ૩૮ | મોરબી | વેનીસ સીરામીક્સ |
| ૩૯ | મોરબી | ઓપ્વેલ સીરામીક પ્રા.લી. |
| ૪૦ | મોરબી | વ્હાઇટ સીટી સીરામીક પ્રા.લી. |
| ૪૧ | મોરબી | સંતોષ સેરા ટાઇલ્સ |
| ૪૨ | મોરબી | ઇટાલીકા ફ્લોર ટાઇલ્સ લી. |
| ૪૩ | મોરબી | વીટા ગેનીટો પ્રા.લી. |

--------

**વ્યાજબી ભાવની બંધ દુકાનો ફરી શરૂ કરવા અંગે**

અતારાંકિતઃ ૮૪૪૬ (૨૩-૧૨-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનો બંધ છે,

(૨) તેના કારણો શા છે,

(૩) દુકાનો બંધ રહેતા તેના કાર્ડ ધારકોને અનાજનો પુરવઠો આપવા શી વૈકલ્પિક વ્યવસ્થા કરાઇ છે, અને

(૪) બંધ દુકાનો ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે?

**અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૨૬-૦૩-૨૦૨૧)

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૪૫૫ વ્યાજબી ભાવની દુકાનો બંધ છે. જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ બંધ વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ (શહેર) | ૧૧૭ |
| ૨ | અમદાવાદ | ૫૧ |
| ૩ | અમરેલી | ૧૫૯ |
| ૪ | આણંદ | ૨૨ |
| ૫ | અરવલ્લી | ૧૫ |
| ૬ | બનાસકાંઠા | ૨૭ |
| ૭ | ભરૂચ | ૭ |
| ૮ | ભાવનગર | ૬૧ |
| ૯ | બોટાદ | ૧ |
| ૧૦ | છોટાઉદેપુર | ૧૬ |
| ૧૧ | દાહોદ | ૨૧ |
| ૧૨ | ડાંગ | ૩ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૩૨ |
| ૧૪ | ગાંધીનગર | ૪૦ |
| ૧૫ | ગીર સોમનાથ | ૧૧ |
| ૧૬ | જામનગર | ૨૬ |
| ૧૭ | જૂનાગઢ | ૩૨ |
| ૧૮ | ખેડા | ૧૭ |
| ૧૯ | કચ્છ | ૯૯ |

| અ.નં. | જિલ્લાનું નામ | તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ બંધ વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૨૦ | મહીસાગર | ૬ |
| ૨૧ | મહેસાણા | ૭૩ |
| ૨૨ | મોરબી | ૫૯ |
| ૨૩ | નર્મદા | ૫ |
| ૨૪ | નવસારી | ૨૦ |
| ૨૫ | પંચમહાલ | ૬ |
| ૨૬ | પાટણ | ૩ |
૧૯) વખતો-વખત સુરક્ષા સેતુ કાર્યક્રમ યોજી અને લોકોને પોતાના બેંકની ડીટેલ તેમજ એટીએમના પાસવર્ડ તેમજ ડીજીટલ આંકડા કે આધારકાર્ડની કોઇ માહિતી ફૉન દ્વારા કોઇ માંગે તો ન આપવી તેવી સૂચના તેમજ સલાહ આપવામાં આવે છે તેમજ અવાર-નવાર સોશિયલ મિડીયા તેમજ પ્રેસ નૉટના માધ્યમથી લોકોને સાવધાનીપૂર્વક રહેવા સલાહ-સૂચન આપવામાં આવે છે.

--------

**રાજ્યમાં ગૌવંશની કતલ કરતાં ગેરકાનૂની કતલખાનાઓને આઇડેન્ટીફાય કરવા બાબત**

અતારાંકિતઃ ૮૩૬૩ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ગૌવંશની કતલ કરતાં કેટલા ગેરકાનૂની કતલખાના આઇડેન્ટીફાય કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત કતલખાના તથા તેના સંચાલકો સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૪-૦૩-૨૦૨૧)

(૧) ફક્ત કચ્છ-ભુજમાં જિલ્લામાં ૪(ચાર) ગેરકાનૂની કતલખાના આઇડેન્ટીફાય કરવામાં આવેલ છે. અન્ય જિલ્લાઓની માહિતી "નીલ" છે.

(૨) સદર ૪ (ચાર) કતલખાનાના સંચાલકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ શાહપુર વિસ્તારમાં પ્રાણીઓની ગેરકાયદે બલી**

અતારાંકિતઃ ૮૪૪૫ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદના શાહપુરના ધોબીઘાટ નજીક અનવરનગર ચાલીમાં આવેલ મસાણ મેલડી માતાના મંદિરમાં પ્રાણીની બલી અપાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવી કેટલી ગુનાહીત ઘટનાઓ બની, અને

(૩) તે અન્વયે કેટલા ઇસમો પકડાયા અને તેમના પર શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નવા જિલ્લાઓમાં સ્થળ પર ગૌમાંસની નિરીક્ષણ કરવા મોબાઇલ વાન**

અતારાંકિતઃ ૮૫૫૧ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં નવા રચાયેલા ૭ જિલ્લાઓ (૧) અરવલ્લી (૨) બોટાદ (૩) છોટાઉદેપુર (૪) દેવભૂમિ દ્વારકા (૫) ગીર સોમનાથ (૬) મહીસાગર અને (૭) મોરબી જિલ્લામાં ગૌમાંસ (બીફ)ના સ્થળ પર પરિક્ષણ માટે સ્વતંત્ર મોબાઇલ વાન શરૂ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) તે ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) હાલમાં રાજ્યમાં ચાર પ્રયોગશાળાઓ (૧) ગાંધીનગર (૨) અમદાવાદ (૩) સુરત અને (૪) રાજકોટ ખાતે કાર્યભારણને લક્ષમાં લઇ ગૌમાંસ પરીક્ષણ મોબાઇલવાન શરૂ કરવામાં આવેલ છે. જેના મારફતે સદરહુ જિલ્લાઓની ગૌમાંસ પરીક્ષણની કામગીરી કરવામાં આવે છે. હાલમાં ઉક્ત સુવિધા પૂરતા પ્રમાણમાં જણાય છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગુજરાત રાજ્ય પોલીસ કંપલેઇન્ટ ઓથોરીટીમાં ઓનલાઇન ફરિયાદ કરવા બાબત**

અતારાંકિતઃ ૮૬૩૧ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ પોલીસ કંપલેઇન્ટ ઓથોરીટીમાં ઓનલાઇન ફરિયાદ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઉકત સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગુનાહિત કૃત્યો કરતી 'ચીકલીગર ગેંગ' ના સભ્યોને પકડવા બાબત**

અતારાંકિતઃ ૮૬૩૩ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં અમદાવાદ જિલ્લા સહિત વાહન ચોરી, ચોરી તથા ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ 'ચીકલીગર ગેંગ' કાર્યરત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગેંગના સભ્યોને પકડવા શા પગલાં લેવાયા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) આ ગેંગના સભ્યો વિરુદ્ધ ગુના દાખલ કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ મીરઝાપુર મીટ માર્કેટમાં ગૌમાંસ (બીફ)નું ગેરકાયદે વેચાણ**

અતારાંકિતઃ ૮૬૮૦ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૧૮, સને ૨૦૧૯ના વર્ષમાં અમદાવાદના મીરઝાપુર મીટ માર્કેટમાં વેચાઇ રહેલ ગેરકાયદે ગૌમાંસ (બીફ) અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) દરોડામાં કેટલું ગૌમાંસ (બીફ) મળી આવ્યું અને તે ક્યા કતલખાનામાંથી મેળવાયું હતું,

(૩) આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૬-૦૩-૨૦૨૧)

(૧) અને (૨) પત્રક-અ મુજબ

(૩) આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક-અ**

| **વર્ષ** | **અમદાવાદના મીરઝાપુર મીટ માર્કેટમાં ગેરકાયદે ગૌમાંસ (બીફ) વેચાણ અંગે પાડવામાં આવેલ દરોડાની સંખ્યા** | **ગૌમાંસ (બીફ)નો જથ્થો (કિ.ગ્રા.)** | **કતલખાનાનું નામ** |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૦૧ | ૭૦ | સુંદરમનગર બાપુનગર ખાતે આવેલ નામ વગરની દુકાન |
| ૨૦૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ |

--------

**ધોલેરાના મંગલપુર વિસ્તારમાં બકરાની ગેરકાયદે બલી**

અતારાંકિતઃ૮૭૦૨ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ધોલેરાથી ૨૦ કિ.મી. દૂર ભાણગઢથી મંગલપુર વિસ્તારમાં ભાઠાના મેલડી માતાના મંદિરમાં મંગળવારે બકરાની બલી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવી પ્રવૃત્તિ બંધ કરાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિ કરતી ફ્રેકચર ગેંગ**

અતારાંકિતઃ ૮૭૧૦ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં લૂંટના ઇરાદે નાગરિકોને ફ્રેકચર કરી ઇજા પહોંચાડતી ‘‘ફ્રેકચર ગેંગ’’ કાર્યરત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગેંગને પકડી પાડવા શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ શહેરમાં મોટરના કાચ તોડનારી ગેંગો**

અતારાંકિતઃ ૮૭૧૬ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭–ક)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં મોટરોના કાચ તોડનારી ગુનાહિત ગેંગો કાર્યરત છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી મોટરોના કાચ તોડવાના બનાવો બન્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ગુનાહિત ગેંગના કેટલા સભ્યો પકડાયા અને કેટલા પકડવાના બાકી છે, અને

(૪) પકડાયેલા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૦૩–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ૧૨૨

(૩) ગુનાહિત ગેંગના ૮૩ સભ્યો પકડાયેલ છે, એકપણ આરોપી પકડવાનો બાકી નથી.

(૪) પકડાયેલ આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદમાં બ્યુટી પાર્લર તથા મસાજ પાર્લરમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ**

અતારાંકિતઃ ૮૭૩૯ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં બ્યુટી પાર્લર તથા મસાજ પાર્લરની આડમાં અનૈતિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ઉક્ત અનૈતિક પ્રવૃત્તિઓ રોકવા કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૩) કેટલા બ્યુટી પાર્લર /મસાજ પાર્લરો આવી ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયા હતા,

(૪) આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૫) આવી અનૈતિક પ્રવૃત્તિઓ બંધ કરવા શી કાર્યવાહી થઇ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૦૩–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ૧૫ દરોડા પાડવામાં આવ્યા,

(૩) ૧૫

(૪) આરોપીઓની અટક કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૫) આવા બનાવ બનતા અટકાવવા માટે ખાનગી રાહે વીઝીટ કરી આવા બનાવો ન બને તે સારૂ જરૂરી પગલા લેવા નોંધ રાખવામાં આવેલ છે. ડમી ગ્રાહક મોકલી આવી પ્રવૃત્તિ અંગે ખરાઇ કરવામાં આવી છે. તેમજ બાતમીદારો મારફતે આવી જગ્યાઓની માહિતી મેળવી સી.સી.ટી.વી. કુટેજ ચકાસી અનૈતિક પ્રવૃત્તિઓ બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદમાં ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તાંત્રિકોની અટકાયત**

અતારાંકિતઃ ૮૭૫૪ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગુનાહિત તાંત્રિક વિધિ કરતા કેટલા તાંત્રિકોને પકડવામાં આવ્યા, અને

(૨) તેઓ પર શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૦૩–૨૦૨૧)

(૧) ૦૨

(૨) કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ–વડોદરા–સુરતમાં પાગલ સ્ત્રીઓને અસામાજિક તત્વો દ્વારા ગર્ભવતી બનાવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૮૭૭૩ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના અમદાવાદ–વડોદરા અને સુરત સહિતના શહેરી વિસ્તારોમાં જાહેરમાં ફરી રહેલ પાગલ સ્ત્રીઓને અસામાજિક તત્વો ગર્ભવતી બનાવી દેવાની ઘટના વારંવાર બને છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં આવી કેટલી ઘટનાઓ બની, અને

(૩) આ સમસ્યાના ઉકેલ માટે પાગલ સ્ત્રીઓને સલામત સ્થળે મૂકવા શા પગલાં લેવાયા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦–૦૩–૨૦૨૧)

(૧) અને (૨) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યના અમદાવાદ-વડોદરા અને સુરત સહિતના શહેરી વિસ્તારોમાં જાહેરમાં ફરી રહેલ પાગલ સ્ત્રીઓને અસામાજિક તત્વો ગર્ભવતી બનાવી દેવાની ઘટના વારંવાર બને છે તે હકીકત સાચી નથી. તા.૦૧-૧૦-૨૦૧૮ થી તા.૩૦-૦૯-૨૦૧૯ સમયગાળામાં ફક્ત ૧ ઘટના અમદાવાદ શહેરમાં નોંધાયેલ છે. અન્યત્ર આવી કોઇ ઘટના નોંધાયેલ નથી.

(૩) માનસિક આરોગ્યની હોસ્પિટલમાં માનસિક રોગના ડોક્ટર પાસે તપાસ કરાવવામાં આવે છે, ડોક્ટર દ્વારા નિયમિત દેખરેખ રાખવામાં આવે છે. તેમજ તેણીને નારી સંરક્ષણ ગૃહોમાં રાખી પૂરતી સાર સંભાળ રાખવામાં આવે છે.

--------

## અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ બોક્સમાં મળેલ ફરિયાદો

અતારાંકિતઃ ૮૭૭૪ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવેલ ફરિયાદ બોક્સમાં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી આ ફરિયાદો મુખ્યત્વે કયા પ્રકારની હતી, અને

(૩) કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૪) બાકીની ફરિયાદોના નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) અમદાવાદ શહેર ખાતેના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ બોક્ષ મુકવામાં આવતા નથી. પરંતુ અમદાવાદ શહેરના પોલીસ સ્ટેશન ખાતે કોઇ ફરિયાદ નોંધાવવા જાય ત્યારે પોલીસ સ્ટેશન ખાતે હાજર અધિકારી/કર્મચારી દ્વારા તેઓની ફરિયાદ તુરંતજ નોંધી તે અંગે આનુષંગિક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. દરેક પોલીસ સ્ટેશન ખાતે આ વ્યવસ્થા ૨૪ કલાક કાર્યરત હોય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## રાજ્યમાં પોલીસ અધિકારીઓ/કર્મચારીઓની અપ્રમાણસર મિલકતો

અતારાંકિતઃ ૮૭૭૬ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યના કેટલા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ કેટલી અપ્રમાણસર મિલકતો ધરાવતા હોવાનું ધ્યાન પર આવ્યું,

(૨) તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) અપ્રમાણસર મિલકતો ધરાવતા પોલીસ કર્મચારીને શોધી કાઢવા શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨-૦૩-૨૦૨૧)

(૧) કુલ-૫ પોલીસ અધિકારી/કર્મચારીઓની રૂ. ૧,૦૩,૭૬,૧૮૪/- રકમની અપ્રમાણસર મિલકતો ધરાવતા હોવાનું ધ્યાને આવેલ છે.

(૨)

- કુલ-૫ પોલીસ અધિકારી/કર્મચારી વિરૂધ્ધ અપ્રમાણસરની મિલકતના કેસો દાખલ કરવામાં આવેલ છે અને તમામને ફરજ મોકુફ કરવામાં આવેલ છે, તે પૈકી ૩ ની ધરપકડ કરવામાં આવેલ છે.
- ૫ પોલીસ અધિકારી/કર્મચારીઓ પૈકી ૧ પોલીસ અધિકારી/કર્મચારી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે તેમજ અન્ય ૪ પોલીસ અધિકારી/કર્મચારી વિરૂદ્ધ તપાસ ચાલુ છે.

(૩) લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના અધિકારી/કર્મચારીઓ બાતમીદારો થકી માહિતી મેળવે છે. ફળદાયક હકીકત મળ્યા બાદ ગુપ્ત રીતે પુરાવા મેળવે છે અને તે બાદ અપ્રમાણસરની મિલકત જણાય તો જે તે અધિકારી/કર્મચારી વિરૂધ્ધ અપ્રમાણસરની મિલકત વસાવ્યા અંગેનો ગુનો દાખલ કરવામાં આવે છે.

--------

## ગૃહ વિભાગની સ્વયં સંચાલિત ટેલીફોન હેલ્પલાઇનમાં મળેલ ફરિયાદો

અતારાંકિતઃ ૮૭૮૧ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭-ક)

(૧)સને ૨૦૧૮ અને ૨૦૧૯માં ગૃહ વિભાગની સ્વયં સંચાલિત ટેલીફોન હેલ્પલાઇનમાં જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી,

(૨)તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩)બાકી ફરિયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) પત્રક મુજબ

(૨) તમામ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **અ.નં.** | **શહેર/જિલ્લો** | **ફરિયાદોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૪ |
| ૨ | રાજકોટ શહેર | ૧ |
| ૩ | સુરત શહેર | ૩ |
| ૪ | વડોદરા શહેર | ૨ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૦ |
| ૬ | ખેડા | ૧ |
| ૭ | આણંદ | ૧ |
| ૮ | ગાંધીનગર | ૧ |
| ૯ | સાબરકાંઠા | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૦ |
| ૧૧ | મહેસાણા | ૦ |
| ૧૨ | જામનગર | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૨ |
| ૧૫ | મોરબી | ૧ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૭ | બનાસકાંઠા | ૦ |
| ૧૮ | કચ્છ | ૧ |
| ૧૯ | પાટણ | ૧ |
| ૨૦ | અમરેલી | ૫ |
| ૨૧ | ભાવનગર | ૧ |
| ૨૨ | બોટાદ | ૦ |
| ૨૩ | જૂનાગઢ | ૨ |
| ૨૪ | ગીર સોમનાથ | ૦ |
| ૨૫ | પોરબંદર | ૦ |
| ૨૬ | વડોદરા ગ્રામ્ય | ૦ |
| ૨૭ | છોટાઉદેપુર | ૦ |
| ૨૮ | ભરૂચ | ૨ |
| ૨૯ | નર્મદા | ૦ |
| ૩૦ | પંચમહાલ | ૧ |
| ૩૧ | મહીસાગર | ૦ |
| ૩૨ | દાહોદ | ૦ |
| ૩૩ | સુરત ગ્રામ્ય | ૩ |
| ૩૪ | તાપી | ૦ |
| ૩૫ | વલસાડ | ૩ |
| ૩૬ | નવસારી | ૦ |

| અ.નં. | શહેર/જિલ્લો | ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૩૭ | ડાંગ | ૦ |

---------

**જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ખાતે પ્રાણીની ગેરકાયદે બલી**

અતારાંકિતઃ ૮૭૯૨ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ખાતેના સંગીતાઈ માતાના મંદિરમાં પ્રાણીના બલી આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં બલી આપનારા તથા મદદ કરનારા સામે શા પગલાં લેવાયા, અને

(૩) આ જગ્યામાં બલી બંધ કરવા શા પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં જાહેર થયેલ ભાગેડુ આરોપીઓ**

અતારાંકિતઃ ૮૭૯૮ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા આરોપીઓ ભાગેડુ જાહેર થયા છે,

(૨)આ તમામ આરોપીઓની મિલકત ક્રિમિનલ પ્રોસીજર કોડની જોગવાઈ મુજબ ટાંચમાં લેવા શી કાર્યવાહી થઈ છે, અને

(૩) કેટલા ભાગેડુ આરોપીઓની મિલકત ઉક્ત સ્થિતિએ ટાંચમાં લેવાઈ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧)પત્રક મુજબ

(૨)ભાગેડુ આરોપીઓની મિલકત ટાંચમાં લેવા ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૮૩ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩)૨

**પત્રક**

| અ.નં. | શહેર/જિલ્લો | આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૦ |
| ૨ | રાજકોટ શહેર | ૦ |
| ૩ | સુરત શહેર | ૦ |
| ૪ | વડોદરા શહેર | ૦ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૦ |
| ૬ | ખેડા | ૦ |
| ૭ | આણંદ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૦ |
| ૧૧ | મહેસાણા | ૦ |
| ૧૨ | જામનગર | ૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૧૨ |
| ૧૫ | મોરબી | ૯ |

| અ.નં. | શહેર/જિલ્લો | આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| ૧૬ | સુરેન્દ્રનગર | ૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૦ |
| ૧૮ | કચ્છ પૂર્વ | ૦ |
| ૧૯ | કચ્છ પશ્ચિમ | ૪ |
| ૨૦ | પાટણ | ૦ |
| ૨૧ | અમરેલી | ૧૬ |
| ૨૨ | ભાવનગર | ૦ |
| ૨૩ | બોટાદ | ૧ |
| ૨૪ | જૂનાગઢ | ૦ |
| ૨૫ | ગીર સોમનાથ | ૩ |
| ૨૬ | પોરબંદર | ૦ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૦ |
| ૨૮ | છોટાઉદેપુર | ૦ |
| ૨૯ | ભરૂચ | ૦ |
| ૩૦ | નર્મદા | ૩ |
| ૩૧ | પંચમહાલ | ૦ |
| ૩૨ | મહીસાગર | ૦ |
| ૩૩ | દાહોદ | ૦ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૦ |
| ૩૫ | તાપી | ૦ |
| ૩૬ | વલસાડ | ૦ |
| ૩૭ | નવસારી | ૦ |
| ૩૮ | ડાંગ | ૦ |
| ૩૯ | પ.રે. વડોદરા | ૦ |
| ૪૦ | પ.રે. અમદાવાદ | ૦ |

--------

**વડોદરા ખાતે બળજબરીપૂર્વક કિન્નર બનાવાની ગુનાહિત પ્રવૃત્તિઓ**

અતારાંકિતઃ ૮૮૧૪ (૧૬-૦૧-૨૦૨૧) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા ખાતે આવેલા હીજડાઓના એક મોટા મઠમાં તંદુરસ્ત બાળકો/યુવાનોને લાવી બળજબરીપૂર્વક હીજડા બનાવવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૩ વર્ષમાં આ મઠમાં કેટલીવાર રેડ પાડી આવી કેટલી ગુનાહીત ઘટનાઓ પકડી પાડવામાં આવી,

(૩) મઠના સંચાલકો સામે શી કાર્યવાહી થઈ, અને

(૪) આ ગુનાહિત પ્રવૃત્તિઓ રોકવા શી વ્યવસ્થા કરાઈ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડનગરમાં તેલના વેપારીઓ પાસેથી લૂંટની ઘટનાઓ**

અતારાંકિતઃ ૮૮૪૫ (૧૩-૦૧-૨૦૨૧) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં ક્યા ગામમાં તેલના વેપારીઓ પાસેથી લૂંટની કેટલી ઘટનાઓ નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૩–૨૦૨૧)

(૧) તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ ના વર્ષમાં વેપારીઓને લૂંટવાની ૦૧ ઘટના વડનગર શહેરમાં નોંધાયેલ છે. જ્યારે તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૧૨–૨૦૧૯ના સમયગાળામાં એક પણ ઘટના નોંધાયેલ નથી.

(૨) ૦૪

(૩) ૦૫

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ–૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**વડનગરમાં બનાવટી ફુડ ઈન્સ્પેકટરો બનીને નાણાં પડાવવાની ઘટના**

અતારાંકિતઃ ૮૮૪૮ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં બનાવટી ફુડ ઈન્સ્પેકટર બનીને મેડીકલ સ્ટોર્સ માલિકો પાસેથી નાણાં પડાવવાની કેટલી પોલિસ ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૦૩–૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડનગરમાં બનાવટી તોલમાપ અધિકારી બનીને વેપારીઓ પાસેથી નાણાંની ઉઘરાણીની ઘટના**

અતારાંકિતઃ ૮૮૫૦ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં તોલમાપ ખાતાના બનાવટી અધિકારીઓ બની વેપારીઓના વિડીયો ઉતારી વજનમાં ઓછું આપવાના બહાને નાણાં ઉઘરાવવાની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૦૩–૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડનગર તાલુકામાં વેપારીઓને લૂંટવાની તથા ખૂનની ઘટના**

અતારાંકિતઃ૮૮૫૪ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭-ક)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના વેપારીઓને લુંટવાની અને વેપારીઓને લુંટીને ખૂન કરવાની કેટલી ઘટનાઓ નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૩-૨૦૨૧)

(૧) તા.૦૧-૦૧-૨૦૨૦થી તા.૩૧-૧૨-૨૦૨૦ના વર્ષમાં વેપારીઓને લૂંટવાની ૦૧ ઘટના નોંધાયેલ છે. જ્યારે તા.૦૧-૦૧-૨૦૧૮થી તા.૩૧-૧૨-૨૦૧૯ના સમયગાળામાં એક પણ ઘટના નોંધાયેલ નથી અને વેપારીઓને લૂંટીને ખૂન કરવાની એક પણ ઘટના નોંધાયેલ નથી.

(૨) ૦૪

(૩) ૦૫

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ-૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**વડનગરમાં બનાવટી પોલીસ સબ ઈન્સ્પેક્ટર દ્વારા નાણાં પડાવવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૮૮૫૭ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં બનાવટી પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનીને દારૂના અડ્ડાઓના માલિકો તથા તેમના સગા-સંબંધીઓ પાસેથી નાણાં પડાવવાની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડનગરમાં બનાવટી એ.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર બનીને નાણાં પડાવવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૮૮૬૦ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં એ.સી.બી.ના બનાવટી પોલીસ ઈન્સ્પેક્ટર બનીને અધિકારીઓ અને પોલીસ કોન્સ્ટેબલ પાસેથી નાણાં પડાવવાની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગૌવંશની કતલ રોકવા લીધેલ પગલાં**

અતારાંકિતઃ ૮૮૯૯ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ગૌવંશની વારંવાર કતલ થતી હોય તેવી કેટલી જગ્યાઓ આઇડેન્ટીફાઈ કરવામાં આવી, અને

(૨) આવી આઈડેન્ટીફાય થયેલ જગ્યાઓમાં ગૌવંશની કતલ રોકવા શાં પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૦૩–૨૦૨૧)

(૧) ૨ (બે)

(૨) આઈડેન્ટીફાય થયેલ વિસ્તારમાં અવાર–નવાર પેટ્રોલીંગ રાખવામાં આવે છે તેમજ અવાર–નવાર રેઈડ કરી કાયદેસરની કાર્યવાહી કરી આવા ગુનામાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ વોચ રાખવામાં આવે છે.

––––––––

**રાજ્યમાં પ્રાણીની કસ્ટડી સંબંધમાં પોલીસ તરફથી આપેલ એન.ઓ.સી.**

અતારાંકિતઃ ૮૯૦૬ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં પ્રાણીની કસ્ટડી સંબંધી નો–ઓબ્જેક્શન સર્ટિફિકેટ પોલીસ તરફથી અદાલતમાં આપવાની જોગવાઈ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જોગવાઈ ન હોવા છતાં પણ તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ૩ વર્ષમાં પોલીસ તરફથી કેટલા નો–ઓબ્જેક્શન સર્ટિફિકેટો આપવામાં આવ્યા,

(૩) તેના શા કારણો છે, અને

(૪) જવાબદારો સામે શા પગલાં લાવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૦૩–૨૦૨૧)

(૧) હા જી.

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––

**પોલીસ કર્મચારીઓના તણાવને દૂર કરવા કરેલા કાર્યક્રમો**

અતારાંકિતઃ ૮૯૨૦ (૧૩–૦૧–૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ કર્મચારીઓને થતા તણાવ (સ્ટ્રેસ) ને દૂર કરવા કાર્યક્રમોનું આયોજન થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર કયા પ્રકારના કાર્યક્રમો યોજાયા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૧૮–૦૩–૨૦૨૧)

(૧) હા જી,

(૨)

| **અ.નં.** | **જિલ્લો** | **પોલીસ કર્મચારીઓના તણાવ દુર કરવા માટે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં યોજાયેલ કાર્યક્રમોનો પ્રકાર** |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | સમર્પણ ધ્યાનયોગ શિબિર, વિપશ્યના શિબિર, યોગ શિબિર, યોગ ડેમોસ્ટ્રેશન, હાર્ટફુલનેશ મેડીટેશન સેશન, હાસ્ય સાથે ફરજ, હકારાત્મક વિચારસરણી, સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૨ | ગાંધીનગર | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ, યોગા, હાસ્ય સાથે ફરજ, હકારાત્મક વિચારસરણી. |
| ૩ | વડોદરા | સ્ટ્રેસ મેનેજમેન્ટ, યોગા, હાસ્ય સાથે ફરજ, હકારાત્મક વિચારસરણી, સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ, ધ્યાન મહાશિબિર, વિપશ્યના ધ્યાન શિબિર, યોગ શિબિર. |
| ૪ | ખેડા | સ્ટ્રેસ મેનેજમેન્ટ, યોગા, હાસ્ય સાથે ફરજ, હકારાત્મક વિચારસરણી, પ્રાણાયામ તથા ધ્યાન મેડીસીન. |
| ૫ | અમદાવાદ | સ્ટ્રેસ મેનેજમેન્ટ, પોલીસ ફીટનેશ અને રીફોર્મ કાર્યક્રમ, વિશ્વ યોગ દિવસ યોગ કાર્યક્રમ અને ક્રિકેટ ટુનામેન્ટ તથા નવરાત્રી આયોજન, ધ્યાન શિબિર. |
| ૬ | સુરત | સ્વસ્થ રહો મસ્ત રહો. સેમીનાર, મેટાસ હોસ્પિટલ સ્ટ્રેસ મેનેજમેન્ટ, આર્ટ ઓફ લીવીંગ પ્રશાંત લાલચંદાની દ્વારા સ્ટ્રેસ મેનેજમેન્ટ. |

તા. ૧લી એપ્રિલ ૨૦૨૧

સભાગૃહના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો(૮૭-ક)

| અ.નં. | જિલ્લો | પોલીસ કર્મચારીઓના તણાવ દુર કરવા માટે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં યોજાયેલ કાર્યક્રમોનો પ્રકાર |
|---|---|---|
| ૭ | રાજકોટ | ''ગુરુત્વ'' વૈશ્વિક મંચ દ્વારા ધ્યાન યોગ, શિબીર કાર્યક્રમ, વિશ્વ યોગ દિવસ, સ્ટ્રેસ મેનેજમેન્ટ. |
| ૮ | સાબરકાંઠા | સુરક્ષા સેતુ અંતર્ગત સ્ટ્રેસ મેનેજમેન્ટ, માનસિક રોગ વિભાગ જનરલ હોસ્પિટલના સહયોગથી શિબિર. |
| ૯ | મહેસાણા | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૧૦ | પાટણ | યોગાનું આયોજન તથા સ્ટ્રેસ મેનેજમેન્ટ |
| ૧૧ | બનાસકાંઠા | સુરક્ષા સેતુ અંતર્ગત સ્ટ્રેસ મેનેજમેન્ટ. |
| ૧૨ | મહીસાગર | સ્ટ્રેસ મેનેજમેન્ટ. |
| ૧૩ | આણંદ | સ્ટેટ મેનેજમેન્ટ, યોગ શિબિર, મુવી શો, ડાયરા કાર્યક્રમ, મેજીશીયન શો, વોલીબોલ ટુનામેન્ટ. |
| ૧૪ | દાહોદ | સ્ટ્રેસ મેનેજમેન્ટ, અને બ્રહ્માકુમાર દ્વારા યોગ શિબિર. |
| ૧૫ | પંચમહાલ | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૧૬ | નર્મદા | વિશ્વ યોગ દિવસ, દર શનિવારે યોગાનો પ્રોગ્રામ. |
| ૧૭ | ભરૂચ | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૧૮ | તાપી | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૧૯ | વલસાડ | યોગ કાર્યક્રમ પ્રોગ્રામ. |
| ૨૦ | ડાંગ-આહવા | યોગ કાર્યક્રમ, કબડ્ડી વોલીબોલ બ્રહ્માકુમાર દ્વારા યોગ કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ. |
| ૨૧ | નવસારી | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૨૨ | સુરેન્દ્રનગર | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૨૩ | ભાવનગર | યોગાનો કાર્યક્રમ/સ્ટ્રેસ મેનેજમેન્ટ. |
| ૨૪ | અમરેલી | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, બ્રહ્માકુમાર યોગ શિબિર, રીલેક્ષ મેડીટેશન, શુધ્ધીકરણ વિધિ, પ્રાર્થના અને ધ્યાન, સ્ટ્રેસ મેનેજમેન્ટ. |
| ૨૫ | જામનગર | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ |
| ૨૬ | પોરબંદર | રીલેક્ષ અને મેડીશન, શુધ્ધીકરણ અને ધ્યાન, પ્રાર્થના અને ધ્યાન શિબિર. |
| ૨૭ | બોટાદ | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ |
| ૨૮ | કચ્છ | સ્ટ્રેસ મેનેજમેન્ટ, મેડીટેશન અને યોગ, વિશ્વ યોગ દિન યોગ કાર્યક્રમ. |
| ૨૯ | ગીર-સોમનાથ | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ. |
| ૩૦ | મોરબી | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ |
| ૩૧ | દેવભુમિ દ્વારકા | સ્ટ્રેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ |

--------

**રાજ્યમાં ગૌવંશ કતલ તથા તેની હેરાફેરી રોકવા ટાસ્ક ફોર્સની રચના**

અતારાંકિતઃ ૮૯૩૯ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ગૌવંશ કતલ અને હેરાફેરી રોકવા કયા જિલ્લામાં ટાસ્ક ફોર્સની રચના થઈ છે, અને

(૨) બાકીના જિલ્લામાં તેની રચના ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) કોઈ જિલ્લામાં ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ નથી.

(૨) ગૌવંશની કતલ અને હેરાફેરી રોકવા પો.સ્ટે. તથા શાખાઓ દ્વારા કાયદાને અનુલક્ષીને કામગીરી કરવામાં આવી રહેલ છે. આથી ટાસ્ક ફોર્સની રચના કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ-મીરઝાપુર મટન માર્કેટમાં ગેરકાયદે ગૌમાંસનું વેચાણ**

અતારાંકિતઃ ૮૯૪૬ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદના મીરઝાપુર મટન માર્કેટમાં અનેક વેપારીઓ ગેરકાયદે ગૌમાંસ (બીફ) વેચી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કેટલા ચેકીંગ/ઈન્સ્પેક્શનો કરવામાં આવ્યા,

(૩) કેટલા વેપારીઓ ગેરકાયદેસર ગૌમાંસ/બીફ વેચાણ કરતા પકડાયા,

(૪) આવા ગુનાહિત વેપારીઓ સામે શી કાર્યવાહી થઈ, અને

(૫) આ માર્કેટમાં ગૌમાંસનું વેચાણ બંધ કરવા શા પગલાં લેવાયા છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) ના, જી/-

(૨), (૩) અને (૪) પરંતુ તા.૦૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૦૯-૨૦૨૦ સુધી આ પ્રવૃત્તિઓ ન થાય તે માટે ૨૭ ચેકિંગ/ઈન્સ્પેક્શનો કરવામાં આવ્યા જેમાં ૦૩ આરોપીઓ ગેરકાયદેસર ગૌમાંસ/બીફ વેચાણ કરતાં પકડવામાં આવ્યા જેમની વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૫) આ માર્કેટમાં ગેરકાયદે ગૌમાંસ (બીફ)નું વેચાણ સદંતર બંધ કરાવવા આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને અગાઉ આવા ગુનામાં પકડાયેલ આરોપીઓની પ્રવૃત્તિ ઉપર સતત વોચ રાખવામાં આવે છે, અને વાહન પેટ્રોલીંગ દરમ્યાન માર્કેટમાં અવાર નવાર પેટ્રોલીંગ કરી ચેકીંગ કરવામાં આવે છે.

--------

### અમદાવાદમાં ગેરકાયદે ગૌમાંસના વેચાણની મળેલ ફરિયાદો

અતારાંકિતઃ ૮૯૯૯ (૨૦-૦૧-૨૦૨૧) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેરમાં ગૌમાંસ (બીફ)ના થઈ રહેલા ગેરકાયદે વેચાણ સંબંધી વર્ષ ૨૦૨૦માં કેટલી ફરિયાદો પોલીસ તંત્રને મળી,

(૨) ગૌમાંસ (બીફ)ના ગેરકાયદે વેચાણ કરનારા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) અમદાવાદ શહેરમાં ગેરકાયદે ગૌમાંસ (બીફ)ના વેચાણ બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) ૧૪ (ચૌદ)

(૨) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) અમદાવાદ શહેરમાં ગેરદાયદે ગૌમાંસ (બીફ)ના વેચાણ બંધ કરાવવા આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને અગાઉ આવા ગુનામાં પકડાયેલ આરોપીઓની પ્રવૃત્તિઓ ઉપર સતત વોચ રાખવામાં આવે છે, અને વાહન પેટ્રોલીંગ દરમ્યાન સંભવિત સ્થળોએ અવાર નવાર ચેકિંગ કરવામાં આવે છે.

--------

### વડનગરમાં બનાવટી એ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર બનીને નાણાં પડાવવાની ઘટના

અતારાંકિતઃ ૯૦૦૯ (૨૭-૦૧-૨૦૨૧) **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં એ.સી.બી.ના બનાવટી પોલીસ ઈન્સ્પેક્ટર બનીને અધિકારીઓ અને પોલીસ કેન્સ્ટેબલ પાસેથી નાણાં પડાવવાની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### વડનગરમાં બનાવટી પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનીને નાણાં પડાવવાની ઘટનાઓ

અતારાંકિતઃ ૯૦૧૪ (૨૭-૦૧-૨૦૨૧) **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં બનાવટી પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનીને દારૂના અડ્ડાઓના માલિકો તથા તેમના સગા-સંબંધીઓ પાસેથી નાણાં પડાવવાની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડનગરમાં બનાવટી ફુડ ઈન્સ્પેક્ટર બનીને નાણાં પડાવવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૯૦૧૯ (૨૮-૦૧-૨૦૨૧) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં બનાવટી ફુડ ઈન્સ્પેક્ટર બનીને મેડીકલ સ્ટોર્સ માલિકો પાસેથી નાણાં પડાવવાની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડનગરમાં બનાવટી તોલમાપ અધિકારી બનીને વેપારીઓ પાસેથી નાણાંની ઉઘરાણીની ઘટનાઓ**

અતારાંકિતઃ ૯૦૨૦ (૨૭-૦૧-૨૦૨૧) **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં તોલમાપ ખાતાના બનાવટી અધિકારીઓ બની વેપારીઓના વિડીયો ઉતારી વજનમાં ઓછું આપવાના બહાને નાણાં ઉઘરાવવાની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડનગરમાં તેલના વેપારીઓ પાસેથી લૂંટની ઘટનાઓ**

અતારાંકિતઃ ૯૦૨૪ (૨૭-૦૧-૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાના વડનગર તાલુકા અને શહેરમાં કયા ગામમાં તેલના વેપારીઓ પાસેથી લુંટની કેટલી ઘટના નોંધાઈ,

(૨) તે પૈકી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા,

(૩) કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ)**:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ના વર્ષમાં વેપારીઓને લૂંટવાની ૦૧ ઘટના વડનગર શહેરમાં નોંધાયેલ છે. જ્યારે તા.૦૧-૦૧-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૧૯ના સમયગાળમાં એક પણ ઘટના નોંધાયેલ નથી.

(૨) ૦૪

(૩) ૦૫

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ-૮૨,૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર દારૂ પીવાની પરમીટ**

અતારાંકિતઃ ૯૦૪૨ (૨૭-૦૧-૨૦૨૧) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર દારૂ પીવાની કેટલી પરમીટો આપવામાં આવી છે,

(૨) દારૂની પરમીટ આપવા માટેના માન્યતા પ્રાપ્ત શરતો શી છે,

(૩) દારૂની પરમીટની સમીક્ષા ક્યારે કરવામાં આવે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં દારૂની પરમીટના ભંગના કેટલા કિસ્સા બન્યા અને પરમીટ હોલ્ડરને શી શિક્ષા કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) પત્રક-૧ મુજબ

(૨) મુંબઇ વિદેશી દારૂ નિયમો ૧૯૫૩ના નિયમ-૬૪ તેમજ ગૃહ વિભાગના તા.૧૮-૦૨-૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ વદર-૧૧૨૦૧૨-૧૯૧-ઈ-૧ મુજબ

- છેલ્લા પાંચ વર્ષના ઇન્કમ ટેક્ષ રીટર્નની નકલ (માસિક ૨૫૦૦૦/- કે તેથી વધુ આવક ફરજીયાત)
- ઉંમરનો પુરાવો (૪૦ વર્ષથી વધુ ઉંમર હોવી જરૂરી)
- રહેઠાણનો પુરાવો
- એરિયા મેડીકલ બોર્ડનો અભિપ્રાય

(૩) પ્રથમ વખત વિદેશી દારૂની નવી પરમીટની સમીક્ષા સામાન્ય રીતે એક વર્ષ બાદ તેમજ રીન્યુ પરમીટની સમીક્ષા પરમીટની મુદત પૂર્ણ થયેથી

(૪) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં દારૂની પરમીટના ભંગના કુલ-૪૪ કિસ્સા બન્યા. જે અન્વયે પરમીટ હોલ્ડરને કરવામાં આવેલ શિક્ષાની વિગતો નીચે મુજબ છે.

- ૦૯ (નવ) હેલ્થ પરમીટ રદ કરેલ છે.
- ૩૧ (એકત્રીસ) હેલ્થ પરમીટ ખાતારાહે નિયમાનુસારનો દંડ વસૂલ કરી માંડવાળ કરેલ છે.
- ૦૩ (ત્રણ) હેલ્થ પરમીટ મોકુફ કરેલ છે.
- ૦૧ કેસમાં પરમીટ હોલ્ડર પર પોલીસ કેસ થતા પરમીટ રીન્યુ કરેલ નથી.

**પત્રક-૧**

**સ્વાસ્થ્ય પરમીટ**

| **જિલ્લાનું નામ** | **૦૧-૧૦-૨૦૧૮ થી ૩૦-૦૯-૨૦૨૦** | |
|---|---|---|
| | **નવી** | **રીન્યુ** |
| અમદાવાદ | ૧૬૮૩ | ૬૦૮૩ |
| ગાંધીનગર | ૩૬૬ | ૪૨૩ |
| સુરત | ૨૩૫ | ૩૨૯૮ |
| તાપી | ૩ | ૧૨ |
| ભરૂચ | ૯૫ | ૫૭૦ |
| વડોદરા | ૪૬૦ | ૧૯૪૨ |
| ભાવનગર | ૧૮૫ | ૩૯૧ |
| નવસારી | ૧૧ | ૬૬ |
| રાજકોટ | ૨૮૮ | ૧૪૨૫ |
| વલસાડ | ૧૩ | ૯૪ |

| જિલ્લાનું નામ | ૦૧-૧૦-૨૦૧૮ થી ૩૦-૦૯-૨૦૨૦ | |
|---|---|---|
| | નવી | રીન્યુ |
| ડાંગ | ૦ | ૧ |
| નડિયાદ | ૧૭ | ૨૩૧ |
| આણંદ | ૨૩૯ | ૪૨૬ |
| નર્મદા | ૧૦ | ૨૨ |
| ગોધરા | ૧૩ | ૭૮ |
| સાબરકાંઠા | ૩૭ | ૩૭ |
| બનાસકાંઠા | ૮૬ | ૧૨૩ |
| પાટણ | ૨૦ | ૭૦ |
| મહેસાણા | ૧૦૮ | ૨૨૭ |
| દાહોદ | ૧૦ | ૩૯ |
| કચ્છ-ભુજ | ૮૩ | ૮૩૭ |
| જામનગર | ૩૭ | ૪૬૧ |
| જૂનાગઢ | ૧૨૪ | ૧૪૭ |
| અમરેલી | ૨૮ | ૩૬ |
| પોરબંદર | ૨૧૯ | ૯૧૮ |
| સુરેન્દ્રનગર | ૩૮ | ૧૯૩ |
| અરવલ્લી | ૧૩ | ૧૬ |
| મોરબી | ૨૫ | ૧૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦ | ૧૦૭ |
| ગીર સોમનાથ | ૭૧ | ૨૭ |
| બોટાદ | ૮ | ૩૪ |
| મહીસાગર | ૧ | ૧૫ |
| છોટાઉદેપુર | ૧૯ | ૩૬ |

--------

**અમદાવાદ-કાલુપુર રેલ્વે સ્ટેશનેથી પકડાયેલ ગૌમાંસ (બીફ)**

અતારાંકિતઃ ૯૧૭૮ (૩૦-૦૧-૨૦૨૧) **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશનેથી ટ્રેનોમાંથી કેટલું ગૌમાંસ (બીફ) પકડાયું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તમામ સંડોવાયેલા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) નીલ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ શહેરમાં કૂતરાઓને ખોરાક આપતા નાગરિકોને હેરાન કરવાની મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૯૧૮૯ (૩૦-૦૧-૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ શહેરમાં સન ૨૦૧૯ના વર્ષમાં કૂતરાઓ પર અત્યાચાર તથા તેને ખોરાક આપતા લોકોને હેરાન પરેશાન કરવાની કેટલી લેખિત ફરિયાદો મળી અને કેટલી એફ.આર.આઇ. થઇ, અને

(૨) આવા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩-૦૩-૨૦૨૧)

(૧) ૧ લેખિત ફરિયાદ મળી અને ૧ એફ.આર.આઇ. થઇ

(૨) ગુનેગારો વિરૂદ્ધ ગુનો દાખલ કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરેલ છે.

--------

**ગૃહ વિભાગ દ્વારા પ્રકાશિત ''સુવાસ સુરક્ષા અને સંવેદના''**

અતારાંકિતઃ ૯૨૧૬ (૩૧-૦૩-૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગૃહ વિભાગ દ્વારા પ્રકાશિત ગૃહ વિભાગની ગૌરવપૂર્ણ કામગીરી ''સુવાસ સુરક્ષા અને સંવેદનાની'' અમારા ખભે આપની સુરક્ષા નામના પુસ્તકની કેટલી નકલો છપાવવામાં આવી,

(૨) ઉક્ત પુસ્તકો કઇ એજન્સી પાસે છપાવવામાં આવેલ,

(૩) તે અન્વયે કઇ એજન્સીને કયા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત પુસ્તકો ખાનગી એજન્સી પાસે છપાવવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૧-૦૩-૨૦૨૧)

(૧) ૫૦૮૮

(૨) ગુજરાત ઓફસેટ પ્રાઇવેટ લિમિટેડ, અમદાવાદ

(૩) કોઇ રકમ ચૂકવવામાં આવેલ નથી.

(૪) સમય-મર્યાદામાં તૈયાર કરવાની હોવાથી.

--------

**રાજ્યમાં ગૌમાંસ એક્સપોર્ટ કરનારા આરોપીઓ સામે કાર્યવાહી કરવા બાબત**

અતારાંકિતઃ ૯૩૨૩ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાંથી સને ૨૦૨૦ના વર્ષમાં પ્રતિબંધિત ગૌમાંસ તથા ગૌમાંસ મિશ્રીત ભેંસના માંસના નિકાસ માટે લઇ જતા કેટલા કંટેનરો પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત પ્રતિબંધિત ગૌમાંસ નિકાસ કરનારા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) પકડાયેલ કંટેનરો સામે તથા ગૌમાંસનો નાશ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ગૌમાંસ નિકાસ કરનાર આરોપીઓ સામે કાર્યવાહી કરવા બાબત**

અતારાંકિતઃ ૯૩૨૬ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાંથી સને ૨૦૧૯ના વર્ષમાં પ્રતિબંધિત ગૌમાંસ તથા ગૌમાંસ મિશ્રીત ભેંસના માંસના નિકાસ માટે લઇ જતા કેટલા કંટેનરો પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત પ્રતિબંધિત ગૌમાંસ નિકાસ કરનારા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) પકડાયેલ કંટેનરો સામે તથા ગૌમાંસનો નાશ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં બાળકીઓ પર રેપ/દુષ્કર્મની ઘટનાઓ**

અતારાંકિતઃ ૯૩૨૭ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ૩ વર્ષમાં બાળકીઓ પર રેપ થવાની/દુષ્કર્મ થવાની કેટલી ગુનાહિત ઘટનાઓ બની,

(૨) કેટલા આરોપીઓ પકડાયા, કેટલા પકડાવાના બાકી છે, અને

(૩) બાકી રહેલા આરોપીઓને ક્યાં સુધીમાં પકડવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) પત્રક-૧

(૨) પકડાયેલ આરોપીઓની સંખ્યા - ૫૪૧૯

પકડવાના બાકી આરોપીઓની સંખ્યા – ૧૨૩

(૩)

- આરોપીઓને સત્વરે પકડવા સારૂ CRPC ૭૦,૮૨,૮૩ મુજબનું વોરંટ મેળવી કાર્યવાહી કરેલ છે.
- આરોપી પકડવા માટે ફરિયાદમાં જણાવેલ સરનામે તથા તેમના તથા તેમના મુળ વતનના સરનામે તપાસ કરવામાં આવે છે.
- સી.સી.ટી.વી. ફુટેજ આધારે અને મોબાઇલ નંબરના સી.ડી.આર. આધારે મળી આવેલ લોકેશનની તપાસ કરવામાં આવે છે. તેમજ આરોપીના સગા સબંધીના ઘરે તેમજ મિત્રોને ત્યાં ખાનગી રાહે વોચ રાખી પકડવા અંગે સઘન કામગીરી કરવામાં આવે છે.

**પત્રક-૧**

| અ.નં. | શહેર/જિલ્લો | તા.૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૯-૨૦૨૦ |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૬૯૪ |
| ૨ | રાજકોટ શહેર | ૧૮૪ |
| ૩ | સુરત શહેર | ૫૦૭ |
| ૪ | વડોદરા શહેર | ૧૭૨ |
| ૫ | અમદાવાદ-ગ્રામ્ય | ૧૩૫ |
| ૬ | ખેડા | ૩૦ |
| ૭ | આણંદ | ૨૭ |
| ૮ | ગાંધીનગર | ૧૫ |
| ૯ | સાબરકાંઠા | ૯૫ |
| ૧૦ | અરવલ્લી | ૨૪ |
| ૧૧ | મહેસાણા | ૧૭૧ |
| ૧૨ | જામનગર | ૧૦૩ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૬૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૧૮૧ |
| ૧૫ | મોરબી | ૧૧૩ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧૦૪ |
| ૧૭ | બનાસકાંઠા | ૮૫ |
| ૧૮ | કચ્છ પશ્ચિમ | ૫૧ |
| ૧૯ | કચ્છ પૂર્વ | ૮૭ |
| ૨૦ | પાટણ | ૧૩૩ |
| ૨૧ | અમરેલી | ૬૭ |
| ૨૨ | ભાવનગર | ૨૯૧ |
| ૨૩ | બોટાદ | ૬૫ |
| ૨૪ | જૂનાગઢ | ૪૭ |
| ૨૫ | ગીર સોમનાથ | ૩૯ |
| ૨૬ | પોરબંદર | ૨૬ |
| ૨૭ | વડોદરા રૂરલ | ૮૨ |
| ૨૮ | છોટા-ઉદેપુર | ૧૧૩ |
| ૨૯ | ભરૂચ | ૭૧ |
| ૩૦ | નર્મદા | ૬૨ |
| ૩૧ | પંચમહાલ | ૩૮ |
| ૩૨ | મહીસાગર | ૭૫ |
| ૩૩ | દાહોદ | ૪૩ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૧૧૫ |

| અ.નં. | શહેર/જિલ્લો | તા.૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૯-૨૦૨૦ |
|---|---|---|
| ૩૫ | તાપી | ૩૭ |
| ૩૬ | વલસાડ | ૪૧ |
| ૩૭ | નવસારી | ૭૨ |
| ૩૮ | ડાંગ | ૭ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૫ |
| ૪૦ | પ.રે અમદાવાદ | ૭ |

--------

**રાજ્યમાં ગૌમાંસ નિકાસ કરનારા આરોપીઓ સામે કાર્યવાહી કરવા બાબત**

અતારાંકિતઃ ૯૩૩૧ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાંથી સને ૨૦૧૮ના વર્ષમાં પ્રતિબંધિત ગૌમાંસ તથા ગૌમાંસ મિશ્રીત ભેંસના માંસના નિકાસ માટે લઇ જતા કેટલા કંટેનરો પકડવામાં આવ્યા,

(૨) ઉક્ત પ્રતિબંધિત ગૌમાંસ નિકાસ કરનારા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) પકડાયેલ કંટેનરો સામે તથા ગૌમાંસનો નાશ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૩-૨૦૨૧)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં હથિયાર વિવાદની પડતર અરજીઓ**

અતારાંકિતઃ ૯૩૪૯ (૦૨-૦૨-૨૦૨૧) **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગૃહ વિભાગ સમક્ષ હથિયાર વિવાદ અરજીઓ કેટલી પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી હથિયાર અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ વિવાદ અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને

(૪) હથિયાર વિવાદ અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૪-૦૩-૨૦૨૧)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગૃહ વિભાગ સમક્ષ હથિયાર વિવાદની ૬૯૦ અરજીઓ પડતર હતી.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મંજૂર-નામંજૂર કરવામાં આવેલ હથિયાર વિવાદની અરજીઓ નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮ | ૯૮ | ૫૮૧ |
| ૨ | ૨૦૧૯ | ૧૧૪ | ૬૬૧ |
| ૩ | ૨૦૨૦ | ૦૦ | ૫૩ |
| | **કુલ** | **૨૧૨** | **૧૨૯૫** |

(૩) ઉપર્યુક્ત પ્રશ્ન નં.(૧)ના જવાબમાં દર્શાવેલ અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છેઃ

(અ) કોરોના મહામારીને કારણે

(બ) સુનાવણીની તારીખ આપી હોવા છતાં અરજદાર હાજર રહેલ ન હોવાથી

(ક) સુનાવણીની તારીખ આપ્યા બાદ અરજદારે બીજી મુદતની માંગણી કરી હોવાને કારણે

(ડ) અરજીની સુનાવણી ક્રમાનુસાર થતી હોવાથી અરજદારશ્રીનો ક્રમ ન આવવાના કારણે

(૪) હથિયાર વિવાદ અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે કોરોના મહામારી દરમિયાન લોકડાઉનનો સમયગાળો પૂર્ણ થતાં અને વિડિયો કોન્ફરન્સિંગ મારફત સુનાવણીની સગવડ શરૂ થતાં વિડિયો કોન્ફરન્સિંગ મારફત

સુનાવણી શરૂ કરવામાં આવેલ. પરંતુ અનુભવે જણાયેલ કે, વિડિયો કોન્ફરન્સિંગથી અપીલ અરજી સાંભળવામાં અરજદારોને કનેક્ટિવિટીના કારણે તકલીફ પડતી હોવાથી પુનઃ રૂબરૂ સુનાવણી હાથ ધરી અપીલોનો નિકાલ કરવામાં આવે છે.

---------

**રાજ્યની ગૌચર જમીનમાંથી ગેરકાયદે ખનન**

અતારાંકિતઃ ૮૧૬૨ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સન ૨૦૧૮ અને ૨૦૧૯ માં રાજ્યમાં જિલ્લાવાર ગૌચરની જમીનમાંથી ગેરકાયદે ખનિજ ખોદકામ કરવાની કેટલી ગેરકાયદે પ્રવૃત્તિ પકડાઇ,

(૨) ઉક્ત ગેરકાયદે પ્રવૃત્તિ કરનારા સામે શી કાર્યવાહી થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) **:** (૨૪-૦૩-૨૦૨૧)

(૧) પત્રક-અ મુજબ.

(૨) પત્રક-બ મુજબ.

(૩) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદે પ્રવૃત્તિ બંધ કરાવવા તપાસ ટીમો દ્વારા આકસ્મિક ચેકિંગ તથા આવી ગૌચરની ફરિયાદો મળ્યેથી તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે છે. કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ જણાયેથી નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવે છે. ઉપરાંત સંબંધિત સત્તાધિકારીને જરૂરી કાર્યવાહી માટે સૂચના આપવામાં આવે છે અથવા જાણ કરવામાં આવે છે.

**પત્રક-અ**

| **અનુ. નં.** | **જિલ્લાનું નામ** | **કેસની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **વર્ષ-૨૦૧૮** | **વર્ષ-૨૦૧૯** |
| ૧ | વડોદરા | શૂન્ય | ૨ |
| ૨ | અમરેલી | ૪ | શૂન્ય |
| ૩ | પંચમહાલ | ૧ | ૧ |
| ૪ | જૂનાગઢ | ૧ | ૧ |
| ૫ | વલસાડ | ૧ | શૂન્ય |
| ૬ | સાબરકાંઠા | શૂન્ય | ૨ |
| ૭ | કચ્છ-ભુજ | ૧ | શૂન્ય |
| ૮ | બનાસકાંઠા | શૂન્ય | ૧ |
| ૯ | દેવભૂમિ દ્વારકા | શૂન્ય | ૧ |
| ૧૦ | ભરુચ | ૧ | ૨ |
| ૧૧ | ગીર સોમનાથ | ૧ | ૧ |
| ૧૨ | સુરત | શૂન્ય | ૧ |
| ૧૩ | અરવલ્લી | શૂન્ય | ૧ |
| | **કુલ** | **૧૦** | **૧૩** |

**પત્રક-બ**

| | **વર્ષ-૨૦૧૮** | | | **વર્ષ-૨૦૧૯** | | |
|---|---|---|---|---|---|---|
| **જિલ્લો** | **કેસની સંખ્યા** | **સમાવિષ્ટ રકમ (રૂ. માં)** | **કાર્યવાહીની વિગત** | **કેસની સંખ્યા** | **સમાવિષ્ટ રકમ (રૂ. માં)** | **કાર્યવાહીની વિગત** |
| વડોદરા | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | ૨ | ૬૮૬૯૩૬ | ૦૧(એક) કેસમાં રૂ.૪,૫૦,૪૫૦/- ની વસૂલાત કરવામાં આવેલ છે. તેમજ ૦૧(એક) કેસમાં વસૂલાત માટે કાર્યવાહી કરવા તલાટી કમ મંત્રીશ્રી, શિનોર ગ્રામ પંચાયતને તા.૦૯-૧૧-૨૦૨૦ના પત્રથી જણાવેલ છે તેમજ તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા મામલતદારશ્રીને |

| | વર્ષ-૨૦૧૮ | | | વર્ષ-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | કેસની સંખ્યા | સમાવિષ્ટ રકમ (રૂ. માં) | કાર્યવાહીની વિગત | કેસની સંખ્યા | સમાવિષ્ટ રકમ (રૂ. માં) | કાર્યવાહીની વિગત |
| | | | | | | સદર પત્રથી નકલ આપવામાં આવેલ છે. |
| અમરેલી | ૪ | ૩૧૩૩૯૧૬૦ | ૦૪(ચાર) કેસોમાં દંડકીય હુકમ સામે અધિક નિયામકશ્રી (અપીલ) કક્ષાએ અપીલ નં.(૧) ૨૨/૧૮, તા.૧૫-૦૨-૨૦૧૮, (૨) ૨૧/૧૮, તા.૧૫-૦૨-૨૦૧૮, (૩) ૨૭/૧૮, તા.૧૫-૦૨-૨૦૧૮, (૪) ૨૫/૧૮, તા.૧૫-૦૨-૨૦૧૮ દાખલ કરેલ. ત્યારબાદ રિવીઝન અરજી નં.૪૮/૧૯, તા.૨૫-૦૬-૨૦૧૯, (૨) ૫૧/૧૯, તા.૨૫-૦૬-૨૦૧૯, (૩) ૫૩/૧૯, તા.૨૫-૦૬-૨૦૧૯, (૪) ૫૨/૧૯, તા.૨૫-૦૬-૨૦૧૯ દાખલ કરેલ છે. | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| પંચમહાલ | ૧ | ૩૭૦૨૩૦૦ | દંડકીય રકમની વસૂલાત માટે તા.૧૮-૧૨-૨૦૧૮ થી નોટીસ આપવામાં આવેલ છે તેમજ તા.૦૨-૦૧-૨૦૨૦ થી દંડકીય હુકમ કરવામાં આવેલ છે. | ૧ | ૧૧૨૧૩૩ | રકમ રૂ.૧,૧૨,૧૩૩/- ની વસૂલાત કરવામાં આવેલ છે. |
| જૂનાગઢ | ૧ | ૧૫૨૦૪૨૨૦ | રેન્જ સાઈબર ક્રાઈમ પો.સ્ટે.જૂનાગઢ ના પો.સ.ઈ.શ્રી દ્વારા FIR NO 105/2018 તા.૧૧-૦૯-૨૦૧૮થી જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે દાખલ કરવામાં આવેલ છે. જે નામ. કોર્ટ ખાતે કેસ પડતર છે. | ૧ | ૨૬૮૨૭૦ | રકમ રૂ.૨,૬૮,૨૭૦/- ની વસૂલાત કરવામાં આવેલ છે. |
| વલસાડ | ૧ | ૬૭૧૦૬૫૦ | દંડકીય રકમની વસૂલાત માટે તા.૦૪-૦૫-૨૦૧૮ થી નોટીસ આપવામાં આવેલ છે તેમજ તા.૦૭-૦૭-૨૦૨૦ થી દંડકીય હુકમ કરવામાં આવેલ છે. | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| સાબરકાંઠા | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | ૨ | ૩૩૮૨૧૩ | દંડકીય રકમ રૂ.૬૫,૦૭૫- ચલણ નં.૩૧૧, તા.૧૨-૧૨-૨૦૧૯ થી અને દંડકીય રકમ રૂ.૨,૭૩,૧૩૮/- ચલણ નં.૧૧૩, તા.૧૯-૦૭-૨૦૧૯ થી ભરપાઇ કરેલ છે. |
| કચ્છ-ભુજ | ૧ | ૪૮૦૨૫૦૧ | ગુના રજી. ૧૭/૧૮, તા.૨૪-૦૪-૨૦૧૮ થી કોઠારા પો.સ્ટે. ખાતે પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે. | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| બનાસકાંઠા | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | ૧ | ૭૬૩૫૩૫ | દંડકીય રકમ ચલણ નં.૩૭ થી ૪૦, તા.૩૧-૦૫-૨૦૧૯ થી ભરપાઇ કરેલ છે. |
| દેવભૂમિ દ્વારકા | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | ૧ | ૬૦૨૭૬૬ | દંડકીય રકમની વસૂલાત કરવામાં આવેલ છે. |
| ભરુચ | ૧ | ૭૭૧૬૨૨૦ | પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે તલાટી કમ મંત્રીશ્રી, સીતાપોણ ને તા.૩૦-૦૫-૨૦૧૯ ના રોજ સ્મૃતિપત્ર-૧ થી પત્ર લખેલ છે. | ૨ | ૪૬૭૪૩૪૬ | ૦૧(એક) કેસમાં FIR NO. 11199038210, તા.૦૮-૦૧-૨૦૨૧ અને અન્ય ૦૧(એક) કેસમાં i/51/19 તા.૨૧-૦૬-૨૦૧૯ થી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. |
| ગીર સોમનાથ | ૧ | ૨૩૫૦૦૦૦ | તા.૧૮-૬-૨૦૧૮, ગુ.ર.નં.આઇ/૫૦/૨૦૧૮ થી તાલાલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. | ૧ | શૂન્ય | તા.૦૭-૧૧-૨૦૧૯ થી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. |
| સુરત | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | ૧ | ૩૮૭૩૪૪૭ | દંડકીય રકમની વસૂલાત માટે તા.૨૬-૦૭-૨૦૧૯ થી નોટીસ આપવામાં આવેલ છે. |
| અરવલ્લી | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | ૧ | ૪૫૭૦૦૦ | દંડકીય રકમ ચલણ નં. ૨૧૭૬, |

| | વર્ષ-૨૦૧૮ | | | વર્ષ-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | કેસની સંખ્યા | સમાવિષ્ટ રકમ (રૂ. માં) | કાર્યવાહીની વિગત | કેસની સંખ્યા | સમાવિષ્ટ રકમ (રૂ. માં) | કાર્યવાહીની વિગત |
| | | | | | | તા.૦૨/૦૧/૨૦૧૯ થી વસૂલવામાં આવેલ છે. |

--------

**રાજ્યમાં બાંધકામ મજૂરોના વેલફેર ફંડમાં સેસની રકમ**

અતારાંકિતઃ ૯૨૧૨ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૩૦-૯-૨૦૨૦ની સ્થિતિએ બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલફેર ફંડમાં સેસની કેટલી રકમ જમા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા સાત મહિનામાં ઉપરોક્ત ફંડમાંથી કેટલી રકમ કયા હેતુસર વાપરવામાં આવી, અને

(૩) જો આ રકમ ફાળવાઇ ન હોય તો તેના કારણો શા છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૬-૦૩-૨૦૨૧)

(૧) રૂ.૩૧૮૦.૧૧ કરોડ

(૨) પત્રક મુજબ.

(૩) ધારણા કરતાં ઓછા બાંધકામ શ્રમિકોએ લાભ લેવાના અને કોવિડ-૧૯ ના કારણે ખર્ચ ઓછો થવા પામેલ છે.

**પત્રક**

**કચેરીનું નામઃ- ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ**

**માસઃ- માર્ચ-૨૦૨૦ થી સપ્ટેમ્બર-૨૦૨૦ (યોજનાકીય ખર્ચ)**

**ભાગ-૧**

| ક્રમ | યોજનાનું નામ | માર્ચ-૨૦૨૦ | એપ્રિલ-૨૦ | મે-૨૦ | જૂન-૨૦ |
|---|---|---|---|---|---|
| ૧ | શિક્ષણ સહાય યોજના | ૧૧૮૬૫૬૯૯ | ४६६४६ | ૧૪૩૫૭૭૪૦ | ૧૪૩૦૦૦૦ |
| ૨ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | ૯૦૦૦૦૦ | ૦ | ૬૦૦૦૦૦ | ૦ |
| ૩ | અંત્યેષ્ઠી સહાય યોજના | ૦ | ૦ | ૩૫૦૦૦ | ૦ |
| ૪ | પ્રસુતિ સહાય/ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | ૫૨૫૦૦૦ | ૦ | ૨૦૦૨૫૦૦ | ૬૫૫૦૦૦ |
| ૫ | બાંધકામ શ્રમિકો માટે તબીબી સહાય યોજના | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | વ્યાવસાયિક રોગની બીમારીમાં સહાય યોજના | ૨૧૦૦૦ | ૦ | ૨૧૦૦૦ | ૪૨૦૦૦ |
| ૭ | સ્માર્ટ કાર્ડ/ઓળખ કાર્ડ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | માહિતી શિક્ષણ અને પ્રસારણ પ્રોગ્રામ | ૦ | ૦ | ૦ | ૦ |
